
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર
શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

ભાગ
૫



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૫

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ-૪૦૦૦૫૬

વિક્રમ સંવત ૨૦૭૯ | વીર સંવત ૨૫૪૯ | ઈ. સન ૨૦૨૩

: પ્રકાશન પ્રસંગ :
માગશર વદ ૮, ૧૬-૧૨-૨૦૨૨;
ભરતક્ષેત્રના સમર્થ શ્રી કુંદકુંદાચાર્યદેવનો આચાર્ય પદવી આરોહણ દિન

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

ૐ

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા-ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યાં હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૫માં અત્રે (૯) પરમ સમાધિ અધિકાર અને (૧૦) પરમ ભક્તિ અધિકાર પરના સળંગ ૨૭ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના "ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : "શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ..."

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર "અભિનંદન ગ્રંથ" આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | (૯) પરમ સમાધિ અધિકાર | | | | |
| ૧૩૨ | ૨૨-૦૯-૧૯૭૧ | આસો સુદ ૩ | બુધવાર | ૧૨૨ | - | ૧-૧૩ |
| ૧૩૩ | ૨૩-૦૯-૧૯૭૧ | આસો સુદ ૪ | ગુરુવાર | ૧૨૩ | ૨૦૦ | ૧૪-૨૫ |
| ૧૩૪ | ૨૪-૦૯-૧૯૭૧ | આસો સુદ ૫ | શુક્રવાર | ૧૨૪ | ૨૦૧ | ૨૬-૩૮ |
| ૧૩૫ | ૨૫-૦૯-૧૯૭૧ | આસો સુદ ૬ | શનિવાર | ૧૨૪-૧૨૫ | ૨૦૨ | ૩૯-૪૯ |
| ૧૩૬ | ૨૬-૦૯-૧૯૭૧ | આસો સુદ ૭ | રવિવાર | ૧૨૫-૧૨૬ | ૨૦૩ | ૫૦-૬૦ |
| ૧૩૭ | ૨૭-૦૯-૧૯૭૧ | આસો સુદ ૮ | સોમવાર | ૧૨૬ | ૨૦૪-૨૦૮ | ૬૧-૭૨ |
| ૧૩૮ | ૨૮-૦૯-૧૯૭૧ | આસો સુદ ૯ | મંગળવાર | ૧૨૭ | ૨૦૯-૨૧૧ | ૭૩-૮૩ |
| ૧૩૯ | ૨૯-૦૯-૧૯૭૧ | આસો સુદ ૧૦ | બુધવાર | ૧૨૭ | - | ૮૪-૯૪ |
| ૧૪૦ | ૩૦-૦૯-૧૯૭૧ | આસો સુદ ૧૦ | ગુરુવાર | ૧૨૮ | ૨૧૨-૨૧૩ | ૯૫-૧૦૫ |
| ૧૪૧ | ૦૧-૧૦-૧૯૭૧ | આસો સુદ ૧૧ | શુક્રવાર | ૧૨૯-૧૩૦ | ૨૧૩-૨૧૪ | ૧૦૬-૧૧૬ |
| ૧૪૨ | ૦૨-૧૦-૧૯૭૧ | આસો સુદ ૧૨ | શનિવાર | ૧૩૦ | ૨૧૫ | ૧૧૭-૧૨૮ |
| ૧૪૩ | ૦૩-૧૦-૧૯૭૧ | આસો સુદ ૧૪ | રવિવાર | - | ૨૧૬-૨૧૭ | ૧૨૯-૧૪૦ |
| ૧૪૪ | ૦૪-૧૦-૧૯૭૧ | આસો સુદ ૧૫ | સોમવાર | - | ૨૧૭ | ૧૪૧-૧૫૨ |
| ૧૪૫ | ૦૫-૧૦-૧૯૭૧ | આસો વદ ૧ | મંગળવાર | ૧૩૧-૧૩૨ | ૨૧૮ | ૧૫૩-૧૬૩ |
| ૧૪૬ | ૦૬-૧૦-૧૯૭૧ | આસો વદ ૨ | બુધવાર | ૧૩૩ | - | ૧૬૪-૧૭૬ |
| | | (૧૦) પરમ ભક્તિ અધિકાર | | | | |
| ૧૪૭ | ૧૦-૧૦-૧૯૭૧ | આસો વદ ૭ | રવિવાર | ૧૩૪ | ૨૧૯ | ૧૭૭-૧૮૮ |
| ૧૪૮ | ૧૧-૧૦-૧૯૭૧ | આસો વદ ૮ | સોમવાર | ૧૩૪ | - | ૧૮૯-૧૯૯ |
| ૧૪૯ | ૧૨-૧૦-૧૯૭૧ | આસો વદ ૯ | મંગળવાર | ૧૩૫ | ૨૨૦ | ૨૦૦-૨૧૦ |
| ૧૫૦ | ૧૫-૧૦-૧૯૭૧ | આસો વદ ૧૨ | શુક્રવાર | - | ૨૨૧-૨૨૬ | ૨૧૧-૨૨૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૫૧ | ૧૬-૧૦-૧૯૭૧ | આસો વદ ૧૩ | શનિવાર | ૧૩૬ | - | ૨૨૩-૨૩૩ |
| ૧૫૨ | ૧૭-૧૦-૧૯૭૧ | આસો વદ ૧૪ | રવિવાર | ૧૩૭ | ૨૨૭ | ૨૩૪-૨૪૪ |
| ૧૫૩ | ૧૮-૧૦-૧૯૭૧ | આસો વદ ૧૪ | સોમવાર | ૧૩૭ | ૨૨૮ | ૨૪૫-૨૫૫ |
| ૧૫૪ | ૧૯-૧૦-૧૯૭૧ | આસો વદ ૧૫ | મંગળવાર | ૧૩૮ | - | ૨૫૬-૨૬૬ |
| ૧૫૫ | ૨૦-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૧ | બુધવાર | ૧૩૯ | ૨૨૯ | ૨૬૭-૨૭૭ |
| ૧૫૬ | ૨૧-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૨ | ગુરુવાર | ૧૩૯-૧૪૦ | ૨૩૦ | ૨૭૮-૨૮૮ |
| ૧૫૭ | ૨૨-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૩ | શુક્રવાર | ૧૪૦ | ૨૩૧-૨૩૪ | ૨૮૯-૨૯૯ |
| ૧૫૮ | ૨૫-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૬ | સોમવાર | - | ૨૩૪-૨૩૭ | ૩૦૦-૩૦૯ |
| (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર | | | | | | |
| ૧૫૯ | ૨૬-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૭ | મંગળવાર | ૧૪૧ | ૨૩૭ | ૩૧૦-૩૧૯ |

**આસો સુદ ૩, બુધવાર, તા. ૨૨-૯-૧૯૭૧**
**ગાથા - ૧૨૨, પ્રવચન નં. ૧૩૨**

## (૯) પરમ સમાધિ અધિકાર

નિયમસાર સિદ્ધાંત શાસ્ત્ર છે. જેમાં, અનાદિ બંધનથી છૂટવાનો ઉપાય શું છે એ ચાલે છે. અનાદિથી પોતાનો સ્વભાવ પરમ પવિત્ર ને આનંદ હોવા છતાં એણે અનાદિથી પુણ્ય-પાપ અને એના ફળ તરીકે (મળેલી) ચીજને પોતાની માની છે. એ ભાવ અજ્ઞાનરૂપ અંધકાર છે, એમાં અનાદિથી રખડે છે. એને ટાળવાનો ઉપાય શું એ ચાલે છે. સમાધિ અધિકાર. પરમ-સમાધિ અધિકાર. સમાધિ એટલે? કાલ કહ્યું હતું. શરૂઆત થઈ છેને ત્યાંથી.

આત્મામાં વીતરાગભાવ–સ્વભાવભાવ પડ્યો છે આત્મામાં. વીતરાગભાવની પર્યાય દ્વારા એનો–દ્રવ્યનો આશ્રય કરવો એવી વીતરાગીદશા, એ સમાધિ, એ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. ભારે! અને એ મોક્ષનો માર્ગ. સંસારના દુઃખથી મુક્ત થવાનો આ એક માર્ગ છે. 'સમાહિવરમુત્તમં દિંતુ' આવે છે લોગસ્સમાં. જેને લોગસ્સ મોઢે–કંઠસ્થ હોયને (એને ખબર હોય). આ સ્થાનકવાસી-દેરાવાસીને બહુ. દિગંબરમાં એ નથી. પાઠ છે એ લોગસ્સનો સામાયિકમાં. એમાં આવે છે 'સમાહિવરમુત્તમં દિંતુ' લોગસ્સમાં. હે પરમાત્મા! મારી વીતરાગી શાંતિ(રૂપી) મને વર નામ ફળ મને આપો. એ ભગવાન પાસે માગે. ભગવાન કાંઈ આપતા નથી. ભગવાન તો તીર્થંકર કેવળી છે. પણ પોતામાં એ પ્રાર્થના છે.

અરે! રઝળતો–રખડતો દુઃખી પ્રાણી ચોર્યાસીના અવતારના અંધકારમાં અટવાયો છે. સમજાણું કાંઈ? એને અજ્ઞાન અને મિથ્યાત્વભાવથી છૂટવાનો ઉપાય સમાધિ છે. સમાધિ એટલે આત્મા આનંદસ્વરૂપ એને લક્ષમાં લઈ અને એમાં સ્થિર થવું, એનું નામ સમાધિ છે. લોકો કહે, આ બાવા-બાવા સમાધિ સાધે છે—એ નહીં. એ તો બધી કૃત્રિમ, અજ્ઞાન દશા છે. આ તો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત તે સમાધિ. આધિ નામ સંકલ્પ-વિકલ્પો—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પો કે હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ-વાસનાના વિકલ્પો, એ વિકલ્પ નામ રાગ એને આધિ કહે છે. શરીરના રોગને વ્યાધિ કહે છે અને બહારના સંયોગો આ બધી ધમાલ, ધંધા ને વેપાર એ બધાને ઉપાધિ કહે છે. શિવલાલભાઈ! સમજાણું કાંઈ?

આધિ, વ્યાધિ ને ઉપાધિ—ત્રણથી રહિત છે. સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, સ્ત્રી, પુત્ર, કુટુંબ, વેપાર-ધંધા આદિ એ બધી ઉપાધિ છે. અને એના લક્ષે થતાં પુણ્ય ને પાપના ભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના કે હિંસા, જૂઠ આદિના બેય ભાવો આધિ એટલે કે રાગ

છે–વિકલ્પ છે. અને શરીરમાં રોગ તે વ્યાધિ છે. એટલે ઉપાધિ, વ્યાધિ અને આધિ—એનાથી રહિત આત્માની શાંતિ પ્રગટ કરવી એનું નામ સમાધિ છે. આહાહા! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. અનંત કાળમાં અભ્યાસ કર્યો નથી. સમજાય છે કાંઈ?

કાં ધર્મને નામે આવ્યો હોય પણ એ વ્રત, નિયમ અને અપવાસ અને એ કરે. એ બધી વિકલ્પની–રાગની લાગણી છે. એ ધર્મ નથી, એ પુણ્ય છે. સમજાણું કાંઈ? પુણ્યને કારણે આ દુનિયા કહે એ અનુકૂળ સંયોગો મળે, ઉપાધિના. ભગવાન આત્મા એ ઉપાધિ, વ્યાધિ અને આધિ—ત્રણથી અંતરમાં ચિદાનંદસ્વરૂપ ભગવાન તીર્થંકરદેવ પરમેશ્વરે જે કહ્યો આત્મા, ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ અરિહંત એણે જે આત્મા અંદર જોયો, એ આત્મા આનંદ ને જ્ઞાન ને વીતરાગની મૂર્તિ આત્મા છે. આહા! એનો આશ્રય કરતાં, એનું અવલંબન લઈને, જે વીતરાગી નિર્દોષદશા પ્રગટ થાય એને અહીંયા સમાધિ કહે છે, એને સંસારના અજ્ઞાન ને મિથ્યાત્વના નાશનો ઉપાય કહે છે. આહાહા! કહો, પાટણીજી! આવી ઝીણી વાત છે. તારી ચીજને તેં કદી ઓળખી નથી. એ ગાથા. ૧૨૨ ગાથા છે.

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स ॥१२२॥**

નીચે હરિગીત છે. એ મૂળ શ્લોક છે (એનું) નીચે હરિગીત છે.

**વચનોચ્ચરણકિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

દેખો! ઓહોહો! લ્યો, સમાધિ, વાસ્તુ આ કહેવાય. આ મકાનના વાસ્તુ એવા તો અનંત વાર કર્યા. એ ભીમજીભાઈ! પાંચ-પાંચ કરોડના મકાનો એમાં અનંત વાર રહ્યો અને અનંત વાર મનુષ્યપણું એવું પામ્યો. ધૂળ હતી બધા અંધારા. આહાહા! દુઃખના દરિયે ડૂબકી મારતો અનાદિથી. ભગવાન આત્મા આનંદનો સાગર જેમાં અતીન્દ્રિય આનંદ છલોછલ–લબાલબ ભરેલો છે. આહાહા! એવા અતીન્દ્રિય આનંદમાં અંતરમાં ડૂબકી મારવી, એવા અતીન્દ્રિય ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ એમાં એકાકાર થવું, એને પરમાત્મા ધર્મ કહે છે. આહાહા! એ ધર્મને સમાધિ કહે છે, એ સમાધિને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ?

**ટીકા : આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.** ટીકા છે ને! હવે, **ક્યારેક** ધર્મી જીવને **અશુભવંચનાર્થે**–પાપથી બચવા માટે **વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક...** સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કે પંચ પરમેષ્ઠી, વીતરાગી સંતો અને વીતરાગી અરિહંત ને સિદ્ધ એનું સ્તવન, પ્રશંસા આદિનો ભાવ ધર્મીને પણ અશુભભાવથી બચવા આવે છે. સમજાય છે કાંઈ? ભાષા એમ છે જુઓ! **અશુભવંચનાર્થે**... પાપના ભાવથી

બચવા ભગવાન પંચપરમેષ્ઠી—સાચા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ, જે પાંચેય વીતરાગી મૂર્તિ છે એનું સ્તવન, વંદન, ગુણગ્રામ, શ્રવણ એમનું કરવું વગેરે ભાવ, પાપથી બચવા શુભભાવ હોય છે. પણ એ સમાધિ નહીં, એ ધર્મ નહીં. સમજાણું કાંઈ?

**શોભતું**... વચનવિસ્તારથી આમ. પરમાત્મા ત્રિલોકનાથ.... લોગસ્સમાં આવે છેને એમાં. 'એવં મએ અભિથુઆ વિહુયરયમલા' અભિ (એટલે) સ્તવન કર્યું એમ આવે છે. સ્તુતિ કરીશ. પણ એ સ્તુતિની આ ભાષા બોલે એમાં ગડિયાની ખબરેય ન મળે. કોની સ્તુતિ કરું છું ને શું ભાવ છે?

શ્રોતા : બધાને આગળ બેસવું ગમેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આમાં આગળ આવતો નથી, માળો અનાદિથી ધર્મની આગળ આવતો નથી.

કહે છે, ભગવાન વીતરાગ પરમ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે, જેને એક સમયમાં અનંતો આનંદનો વૈભવ ઉત્પન્ન થયો છે, જેને અનંતું જ્ઞાન (છે કે જે) એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો જ્ઞાનવૈભવ અરિહંત પરમાત્માને પર્યાયમાં ઉત્પન્ન થયો છે સમજાણું કાંઈ? એવા **વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું**.... જુઓ! ભાષા. મુનિ એ વીતરાગ જ હોય છે. જેને સાચા વીતરાગી મુનિ કહે, એ તો અંદર આનંદમૂર્તિ ને આનંદને અનુભવતો હોય છે. એ વીતરાગી જ છે, પણ અરિહંત ને સિદ્ધાદિ જે એ તો પરમવીતરાગ છે. સમજાણું કાંઈ?

એવા પરમવીતરાગ સર્વજ્ઞદેવ એનું સ્તવન, વંદન વિગેરે **પરમ જિનયોગીશ્વરે...** પરમ જિન સંતોએ... જેને આત્માનો અનુભવ છે, આત્મા અતીન્દ્રિય આનંદમય પ્રભુ છે એવા આત્માનો જેને અનુભવ આનંદનો છે અને પ્રચુર સ્વસંવેદન આનંદ જેણે પ્રગટ થયો છે, એને અહીં મુનિ કહેવામાં આવે છે. એવા પરમજિનયોગીશ્વરે **પણ કરવાયોગ્ય છે,** એમ કહે છે. લ્યો, વ્યવહાર આવ્યો. એય ભીખાભાઈ! આહાહા! જેણે ભગવાન આત્મામાં જોડાણ—અંદર એકાગ્ર થઈને જેને ઘણી જ શાંતિ અને વીતરાગતા પ્રગટ થઈ છે એવાને જિનયોગીશ્વર, જિનસંતો-મુનિઓ એને કહેવામાં આવે છે. આહાહા! એવા સંતોને પણ સર્વજ્ઞ વીતરાગને વચનના વિસ્તારથી શોભતું સ્તવન, ગુણગ્રામ પણ કરવાનો (ભાવ) આવે છે. શુભભાવ કરવાયોગ્ય છે એમ કહ્યું છે. આહાહા!

**પરમાર્થથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.** વાણી, એ ભગવાનનું સ્વતન એ પ્રશસ્ત છે. એ પણ પુણ્યબંધનું કારણ છે. પરમાર્થે તો એ પણ કરવાલાયક છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહો, મૂલચંદભાઈ! આવું કહે છે, કરવાયોગ્ય નથી. એકકાર કહે કે કરવાયોગ્ય છે ને પાછું કહે કે કરવાયોગ્ય નથી. એ તો અશુભને ટાળવા

માટે એ ભાવ હોય છે, એટલી વાત કરી છે. ધર્મ-બર્મનો પ્રશ્ન અહીં છે જ નહીં. એ ધર્મ છે જ નહીં. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ ભાવ એ ધર્મ નથી, એ તો રાગનો અંશ છે, પણ પાપના અંશથી બચવા એવા પુણ્યનો અંશ મુનિઓને પણ આવે છે એટલી વાત છે. સમજાણું કાંઈ? પરમાર્થથી તો શુભ ને અશુભ **સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી**. આહાહા!

આમ હોવાથી... **આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને...** વચન-રચના પરિત્યાગીને... વાણીનું બોલવું છોડીને અને વાણી તરફના રાગને પણ છોડીને, **જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત છે...** કોણ? આત્મા. **અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે એવા ભાવે—પરમ વીતરાગભાવે...** હવે આ પર્યાયમાં લે છે. જેમાં કર્મકલંક કાદવથી મુક્ત પરિણામ છે. સમાધિ ને મોક્ષમાર્ગ એને કહીએ કે સમસ્ત કર્મકાદવથી વિમુક્ત છે. પુણ્યપરિણામ પણ કાદવ છે. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ ભગવાનની સ્તુતિ, વંદન એવો જે ભાવ...

લોગસ્સમાં આવ્યુંને 'એવં મએ અભિથુઆ..' એની અર્થની ખબર ન મળે. 'અભિથુઆ' એટલે શું હશે? કીધું નહોતું એક ફેરી? 'વિહુયરયમલા..' એમાં આવે છેને બીજું પદ. 'વિહુયરયમલા' એનાય અર્થની ખબર ન મળે. 'વિહુયરયમલા' એટલે શું હશે. હાંક્યે જાય ગડિયો, (પાઠ) પૂરો કરી, ૪૮ મિનિટ થઈ (એટલે) પથરણું સંકેલીને ભાગ્યા. થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને! સમજાણું કાંઈ? સામાયિકમાં તો આત્માની વીતરાગદશાની પ્રગટતાનો અનુભવ હોય, એને સામાયિક કહીએ, જે અહીં વીતરાગભાવ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

જરી મુનિરાજ તો એમ કહેવા માગે છે કે આત્મા તો ત્રિકાળ કર્મકલંક રહિત જ છે, પણ એના જે પરિણામ–આત્માના ધર્મના પરિણામ એ પણ કર્મકાદવથી વિમુક્ત છે. આહાહા! એ શુભભાવ ને અશુભભાવ એ બેય કર્મકાદવ છે. સમજાણું કાંઈ? કાદવમાં જેમ ખૂંચી જાય, એમ આ ખૂંચી જાય છે એમાં, કહે છે. **અને જેમાંથી ભાવકર્મ**—પુણ્ય ને પાપના વિકલ્પોની શુભ-અશુભ લાગણી છૂટી ગઈ છે. **નષ્ટ થયેલા છે એવા ભાવે**–એવી પર્યાયે... રાગ ને દ્વેષના વિકલ્પથી રહિત. આહાહા! **પરમ વીતરાગભાવે**... પરમ નિર્દોષદશા, જેમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો પણ અભાવ છે એવા આત્માના સ્વભાવની સન્મુખના... અખંડાનંદ પ્રભુ આત્મા.. આહાહા! સચ્ચિદાનંદ આત્મા છે. (સચ્ચિદાનંદ) = સત્ નામ શાશ્વત, અને જ્ઞાન ને આનંદની મૂર્તિ અવિનાશી પ્રભુ આત્મા છે. ત્રિકાળ એવો આત્મા અંદર છે. આહાહા! એવા આત્માને **પરમ વીતરાગભાવે**... આરે, આરે! ભાષાય સાંભળી ન હોય.

કહે છે કે ભગવાન આત્મા કેવો છે? કે **ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્મા** આ આત્મા. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા બિરાજે છે અંદર. એ આત્મા એને કહે છે કેવળી. તીર્થંકરદેવ આત્મા આને કહે છે. કોને? કે જે ત્રિકાળ નિરાવરણ અંદર વસ્તુ છે અને નિત્ય-શુદ્ધ છે. ત્રિકાળ શુદ્ધનો કંદ પ્રભુ છે. આહાહા! વસ્તુ પોતે આત્મા પદાર્થ જેને કહીએ... આ શરીર-વાણી-મન એ તો જડ અજીવ છે અને પુણ્ય-પાપના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી અને આત્મતત્ત્વ તે આસ્રવતત્ત્વ નથી. આહાહા! ભગવાન આત્મા અંદર જેને આત્મતત્ત્વ કહીએ, એ તો શરીર, કર્મ અજીવતત્ત્વથી જુદી ચીજ છે. અને અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે, કાદવ છે, મલિનભાવ છે. આહાહા! એ આસ્રવતત્ત્વથી ભગવાન આત્મા અંદર ભિન્ન તત્ત્વ છે. કોણ જાણે ક્યાં હશે? આહાહા!

**ત્રિકાળ-નિરાવરણ** પરમાત્મા પોતે છે. આ આત્મા હોં આ આત્મા. અને **નિત્ય-શુદ્ધ** છે. ત્રિકાળ શુદ્ધ પવિત્રધામ આત્મા છે. આહાહા! કેમ બેસે? જે વિષયના રસમાં ખૂંચી ગયા, રળવાના રાગમાં રસ પડી ગયો. શિવલાલભાઈ! રળવાના રાગમાં રસ હોં. જેને આબરૂ ને કીર્તિ મેળવવાના પ્રેમમાં પડ્યા, એને આવો આત્મા કેમ બેસે? સમજાય છે કાંઈ? ત્રિકાળ નિરાવરણ પરમાત્મા.... કર્મનો સંબંધ તો એની રાગની પર્યાય સાથે સંબંધ છે, પણ રાગ ને (જડ)વસ્તુ જ જેમાં નથી. આહાહા! કર્મ જેને કહીએને આઠ કર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ (આઠ કર્મ) આવે છે ને! એ જડવસ્તુ છે માટી. જેમ આ માટી જાડી છે, એમ એ ઝીણી માટી છે અંદર. 'વિહુયરયમલા' ન કહ્યું? વિહુય નામ વિ–વિશેષે ટાળ્યા છે. હે નાથ! રય એટલે રજકણ–ઝીણી રજ છે કર્મની, એને રય કહીએ અને મળ, રયમળા... મળ એટલે પુણ્ય ને પાપના વિકલ્પો તેને મળ કહીએ. આહાહા!

આ બધું, આત્મા એના વિનાનો છે એમ જાણવા માટે છે. ભીમજીભાઈ! લોગસ્સ કર્યો છે? નથી કર્યો, ઠીક. વેપાર કર્યો છે. લોગસ્સ આવે છે સામાયિકમાં. પહેલું ણમો અરિહંતાણં, પછી તિક્ખુત્તો, પછી ઇચ્છામિ પડીક્કમણું, તસ્સઉત્તરિ, પછી લોગસ્સ, પછી ..., પછી નમોત્થુણં. ગડિયા હાંક્યે જાય. પૂરું કરવું શબ્દોનું. વસ્તુ શું છે અંદર આત્મા અને આત્માની કઈ દશા વડે એને ધર્મ થાય, કઈ દશા વડે એને શાંતિ મળે, એને મુક્તિનો માર્ગ થાય? કે આ દશા વડે. પુણ્ય-પાપના વિકલ્પ... છે ને? **ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્મા...** આહાહા! ભગવાન આત્મા ત્રિકાળ નિરાવરણ અંદર વસ્તુ પડી છે, એ નિત્ય–ત્રિકાળ–સદા શુદ્ધ છે. સદા શુદ્ધવસ્તુ છે, પવિત્ર છે. આસ્રવ અને કર્મ રહિત એ પવિત્ર ચીજ છે અંદર. આહાહા!

**ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્મા**... ભગવાન ત્રિકાળીસ્વરૂપ પોતાનું એને કારણપરમાત્મા કહે છે, કારણ કે એમાંથી ધર્મપર્યાય ને કેવળજ્ઞાનપર્યાય (રૂપી) કાર્ય પ્રગટ થાય છે. આહાહા! એને વ્યવહાર દયા, દાન ને વ્રતના વિકલ્પમાંથી કેવળજ્ઞાન થતું નથી. એને

કેવળજ્ઞાન થાય એ ત્રિકાળી ભગવાન આત્મા અનંત જ્ઞાન ને આનંદના રસનો કસ પડેલો છે એમાં એકાગ્ર થતાં (થાય). છે ને? **સ્વાત્માશ્રિત...** દેખો! શબ્દ એ વચ્ચે વિશેષ પડ્યો છે. ધર્મધ્યાન એને કહીએ કે **ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ...** નિત્ય-શુદ્ધ કારણપરમાત્મા પોતાનું કાયમી અસલી સ્વરૂપ ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, શુદ્ધ પવિત્રસ્વરૂપ એવો જે કારણપરમાત્મા એને **સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનથી....** આહાહા! ધ્યાવે છે એમ કહેવું છે. આહાહા! વીતરાગનો સર્વજ્ઞદેવનો માર્ગ અપૂર્વ અલૌકિક છે. લોકોને મળ્યો નથી સાંભળવા. સમજાણું કાંઈ?

એવો જે ભગવાન પોતાનો ત્રિકાળી કારણપ્રભુ એને સ્વાત્માશ્રિત–એને આશ્રિત જે નિશ્ચય ધર્મધ્યાન થાય, સમજાણું કાંઈ? એ ધર્મધ્યાન તે પરમવીતરાગભાવ છે. ભાઈ! આ લોકો કહે છેને કે ધર્મધ્યાન તો, શુભભાવ એ ધર્મધ્યાન અને શુદ્ધભાવ તે શુક્લધ્યાન. ભાઈ! તને ખબર નથી. જુઓને! અહીં શું કહ્યું છે? એવા ભાવે, જેમાંથી ભાવકર્મ નષ્ટ થયા છે, વિકલ્પો શુભરાગ જેમાંથી નષ્ટ થયા છે અને આત્મા સ્વાત્માશ્રિત જેણે પરમવીતરાગદશા પ્રગટ કરી છે. ચોથે ગુણસ્થાને પણ સમકિત થયું એ વીતરાગદશા સહિત છે આહાહા! પાંચમે ગુણસ્થાને પણ વીતરાગની શુદ્ધિની વૃદ્ધિ થઈ છે અને મુનિ સાચા હોય એને તો વીતરાગની શુદ્ધિ વિશેષ વધી ગઈ છે.

એવો જે પરમવીતરાગભાવ એ **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મ-ધ્યાન...** દેખો! ધર્મધ્યાનની વ્યાખ્યા કરે છે ઓલા રતનચંદજી. ધર્મધ્યાન તો શુભભાવવાળાને હોય. અહીં કહે છે કે સ્વ-આત્મા ત્રિકાળી એને આશ્રયે પ્રગટેલી જે નિશ્ચય એકાગ્રતા એને પરમવીતરાગભાવ, એને સમાધિ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આરે! આવું ધર્મધ્યાન. ધર્મધ્યાન કરો છોને? ઓલાને પૂછે. હા. શું? આ સામાયિક કરીએ, ચોવિહાર કરીએ એ ધર્મધ્યાન. સાંભળને હવે! એવા ક્રિયાકાંડ અનંતવાર અભવિએ પણ કર્યાં. એ તો રાગની ક્રિયા છે. એ ધર્મધ્યાન કેવું? એ તો આર્તધ્યાન છે. પંડિતજી! ઐસા સમજા જાતા હૈ. આહાહા!

અહીં તો કહે છે કે જે ભાવમાંથી પુણ્ય-પાપના વિકલ્પો નાશ થયા છે અને એવો પરમ વીતરાગભાવ કે જે ત્રિકાળ નિરાવરણ ને નિજ શુદ્ધ એક કારણ-આત્મા એને આશ્રિત થયેલી દશા છે એને પરમવીતરાગભાવ કહેવામાં આવે, એને સમાધિ કહેવાય છે. ઓલા બાવા સમાધિ લગાવે ઓમ આદિ—એ સમાધિ નહીં. સમજાણું કાંઈ? સમાધિ લગાવી છે, ઓમ.. ઓમ થયો. ધૂળેય નથી ત્યાં. આત્મા કોણ છે, વીતરાગ સર્વજ્ઞ કોને કહે છે આત્મા? એની હજી વીતરાગ પરમેશ્વરની શ્રદ્ધાના ઠેકાણા ન મળે, વીતરાગે કહેલી સામાયિક અને એ સામાયિક

કોને આશ્રયે પ્રગટે એવા આત્માની પણ જેને ખબર ન મળે, એને સમાધો ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવો માર્ગ!

કહે છે, એક તો જે પરિણામમાંથી–ભાવમાંથી પુણ્ય-પાપના ભાવનો નાશ થાય. એક વાત. અને જે ભાવ ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માના આશ્રયે પ્રગટે એવું સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન એને અહીંયા સમાધિ, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને પરમવીતરાગભાવ, એને મોક્ષનો માર્ગ ત્રિલોકનાથ તીર્થંકર ફરમાવે છે. સમજાણું કાંઈ? આહાહા! નિશ્ચય-ધર્મધ્યાનથી... **સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનથી**... ભાઈ! આવ્યું આ. ઓલા (કહે), ધર્મધ્યાન શુભભાવને આશ્રિત હોય છે. આવા ને આવા.

શ્રોતા : શુભનો અર્થ મંદકષાય....

પૂજ્ય ગુરૂદેવશ્રી : મંદકષાય એ શુભ ક્યાં હતો? શુભ તો આ છે. રાગની મંદતા એ તો અશુભ છે–અશુદ્ધ છે. આહાહા! અરે પ્રભુ! વિકલ્પ ઉઠે કે આ કરું ને આ કરું—એ બધો વિકલ્પ અશુદ્ધભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન, આહાહા! ત્રિકાળી પરમેશ્વરનું તેજ જે અંદર આનંદનું છે એને આશ્રિત જે એકાગ્રતા થઈને ધર્મધ્યાન થાય, તે ધર્મધ્યાનને અહીંયા સમાધિ અથવા પરમ વીતરાગભાવ (કહે છે). એ સમાધિથી અજ્ઞાન ને મિથ્યાત્વનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ?

વ્યવહાર કરવાથી વ્યવહારનો નાશ થાય એમ છે નહીં. આહાહા! ભારે વાતું ભાઈ! ભગવાન પરિપૂર્ણ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. એનો સ્વાદિયો જીવ ધર્મધ્યાનવાળો છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ત્રિકાળ ચેતનતત્ત્વ ભગવાન અવિનાશી અનાદિ-અનંત તત્ત્વ છે. એમ એનું જ્ઞાન ને આનંદ પણ અવિનાશી શક્તિરૂપ ત્રિકાળ છે. એ શક્તિ અને શક્તિવાનનો જેણે આશ્રય લીધો (અને) પરદ્રવ્યનો આશ્રય છોડી દીધો. આ ત્રણ લોકના નાથ તીર્થંકર હોય તો એનો આશ્રય કરવો એ રાગ છે.

શ્રોતા : તીર્થંકરનો પણ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : તીર્થંકર (ક્યાં), સિદ્ધનો. તીર્થંકર સિદ્ધ થાયને? તીર્થંકર તો હજી અરિહંત હોય અને એ સિદ્ધ થાય 'ણમો સિદ્ધાણં', પણ એ પરદ્રવ્ય છે. એ ક્યાં સ્વદ્રવ્ય છે? આહાહા! આકરું કામ ભાઈ! વીતરાગ માર્ગને સમજવો. હજી તો સમજણના ઠેકાણા ન મળે. આહાહા! સમજાય છે કાંઈ? એ સિદ્ધનું લક્ષ કરે અને આશ્રય કરવા જાય તો શુભ વિકલ્પ ઉઠે. કહો, વજુભાઈ! શું છે આ? આ ભક્તિ કરવા બેસે ત્રણ-ત્રણ કલાક, ટોકરીયું વગાડે—એ બધો શુભભાવ છે એમ કહે છે, પુણ્ય છે, રાગ છે, બંધનનો ભાવ છે, મેલ છે, પવિત્રતાને રોકનાર છે.

શ્રોતા : પુણ્ય કહે એટલે શક્તિ આવે સાંભળવામાં....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ વધારે ખુલાસો થાય ત્યારે તેને સમજાયને. નહીંતર માળા સમજે નહીં. વાણિયા પકડીને બેઠા હોયને બીજું. ઊંચા થાતા નથી માળા. કહે છે, એ પુણ્ય પરમાત્મા આત્માની પવિત્રતાને રોકનાર કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

એવો **સ્વાત્માઆશ્રિત**... 'સ્વાત્માશ્રિત'માં સ્વ-આત્મા કોને કહ્યો? 'આશ્રિત' ભાવ છે, પણ સ્વ-આત્મા કોને કહ્યો? કે ત્રિકાળ નિરાવરણ શુદ્ધ કારણપરમાત્માને આત્મા કહ્યો. એવો સ્વ-આત્મા એને 'આશ્રિત' એ પર્યાય થઈ. સમજાય છે કાંઈ? આહાહા! એવો જે સ્વ-ભગવાન આત્મા, પૂર્ણાનંદનો કંદ પ્રભુ, અવિનાશી ભગવાન આત્મા, એનો જે આશ્રય કરવો એ સમાધિ, એનું નામ વીતરાગભાવ, એનું નામ મોક્ષમાર્ગ, એનું નામ સમકિત, જ્ઞાન ને ચારિત્ર. સ્વ-આત્માનો આશ્રય કરીને જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એને સમકિત (કહે). સમકિત પણ સ્વ-આત્માને આશ્રિત પ્રગટે છે. પહેલું સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, એ સમ્યગ્દર્શન પણ સ્વ-આત્મા જે ત્રિકાળી એને આશ્રિત પ્રગટ થાય છે, તે સમ્યગ્દર્શન પણ સમાધિ છે. આહાહા! એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી પ્રગટ થતું નથી, એમ કહે છે. આહાહા! સાચું હશે આ દિલીપ? સો ટચનું સોનું. તારો દાદા કહેતો હતોને બીજું સવારમાં...? એ શુભભાવ હતો, ધર્મ નહીં, પુણ્ય હતું.

શ્રોતા : શુભભાવ હોય તો ખરાને?

પૂજ્ય ગુરુદેવશ્રી : કીધુંને, આવે એ કીધું, પણ ધર્મ નહીં એમ કીધું. ન્યાં તો ધર્મ માનતા હતા કે આ ધર્મ છે. એ તો પહેલું આજ આવ્યું. એ તો પહેલી વાત આવી ગઈ. શુભભાવ સ્તુતિ આદિનો હોય છે, પણ છે એ બંધનું કારણ. પરમાર્થે તો શુભ ને અશુભ બેય વચનની રચના રહિત થઈને, પુણ્ય-પાપના પરિણામથી રહિત થઈને જે પરિણામ પ્રગટ્યા કે જે પરિણામ ત્રિકાળ-નિરાવરણ આત્માને આશ્રયે પ્રગટ્યા, એ આશ્રયે પ્રગટ થયો એ વીતરાગતા, એ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? આહાહા! આકરી વાત ભાઈ!

શ્રોતા : એ પણ સ્વતંત્રપણે થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : સ્વતંત્ર કીધુંને. સ્વાત્માશ્રિત થાય છેને? દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે ન થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરતા શ્રદ્ધા થાય તે રાગની થાય. આહાહા! ભારે માર્ગ! વીતરાગમાર્ગ છે આ. કેટલું સ્પષ્ટ કર્યું છે!

એને નિશ્ચય-ધર્મધ્યાન કહ્યું, એને પરમ વીતરાગભાવ કહ્યો, એને સમાધિ કહી અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યો. કોને? કે જે ત્રિકાળ નિરાવણ નિત્ય-શુદ્ધ આત્મા એને આશ્રિત જે પર્યાય પ્રગટ થાય, એને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આહાહા! પુસ્તક-બુસ્તક વાંચો છો કે નહીં? રાખ્યું નથી ભીમજીભાઈ? એને આપ્યું નથી. અહીં તો દ્યો. ઓલા ન્યાં ચોપડાને ફેરવે

છે. આપ્યું. પણ અત્યાર સુધી આ વખત તો ગયો. પણ ક્યા શબ્દનો ક્યો અર્થ થાય એ ખ્યાલ આવેને. ચોપડામાં સાંભળવામાં કરતા હશે. તારે ત્યાં આટલા લેણા પાંચ હજાર ને પાંત્રીસ. ઓલો કહે, ના, પાંચ હજાર છે. કાઢ ત્યારે, જુઓ! પાંચ હજાર ને પાંત્રીસ છે. ચોપડામાં જુઓ કે નહીં? ભીમજીભાઈ! આમ નરમ માણસ છે હોં. ત્યાં બોટાદમાં શબ્દ બહુ બોલ્યા હતા. ભૂલી ગયા, બહુ મીઠો હતો. નરમાશનો શબ્દ હતો, નહીં? આહાહા! છોકરાઓ કેમ આવતા નથી? એલા! એનો બાપ નથી આવતો... આમ નરમ માણસ છે. આહાહા!

અહીંયા કહે છે... આ એક કળશમાં, ગાથામાં તો ઘણું ભર્યું છે! સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ! પહેલું એમ કહ્યું કે પાપના ભાવથી બચવા શુભભાવ આવે છે. પણ એ શુભ ને અશુભ બેય કર્મકલંક છે. એ આત્માનો સ્વભાવ ને ધર્મ નહીં. આહાહા! અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયા છે. જુઓને! એ પરિણામને સમાધિ અને ધર્મ કહીએ કે જેનાથી પુણ્ય-પાપના ભાવની ઉત્પત્તિ નષ્ટ થઈ ગઈ છે. આહાહા! આ વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એ વાત આમાં રહેતી નથી. કારણ કે વ્યવહારરત્નત્રય શુભરાગ વિકલ્પ છે. એનો જે ભાવમાં નાશ થયો છે.... જે ભાવ શુભ છે એનાથી શુદ્ધ થાય છે એમ ન આવ્યું આમાં. પણ શુભના નાશથી આત્માના આશ્રયે જે શુદ્ધભાવ પ્રગટ્યો એ નિશ્ચય ધર્મધ્યાન–સાચું ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ? આહાહા!

આવા સમાધિમાં આવવું એ નિજઘરનું વાસ્તુ કહેવામાં આવે છે. પરઘરમાં વસ્યો કે દિ'? ત્રણ કાળમાં વસ્યો નથી. આહાહા! કહો, મૂલચંદભાઈ! આનું નામ વાસ્તુ છે. વસ્તુ આત્મા, એમાં અનંત ગુણો વસેલા માટે વસ્તુ. એમાં પર્યાયથી વસવું એનું નામ વાસ્તુ. સમજાણું કાંઈ? આહાહા! વસ્તુ... ગોમ્મટસારમાં પાઠ છે. વસ્તુ એટલે આત્મા. એટલે? કે જેમાં અનંત ગુણ વસ્યા છે. ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ શક્તિઓ–ગુણ વસેલી છે. એવી વસ્તુમાં, એ વસ્તુનો આશ્રય લેવો, એ વસ્તુમાં રહેવું, એનો આશ્રય, એકાગ્રતા કરવી, એનું નામ ધર્મધ્યાન ને આત્મામાં વસેલો ભાવ એને સમાધિ ને મોક્ષમાર્ગ કહે છે. આહાહા!

આવી સ્પષ્ટ વસ્તુ! જિંદગીયું એળે ગુમાવે. પાછા થયા ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ. ધર્મ કોને કહેવો એ સાંભળ્યુંય ન હોય. જિંદગી જેમ ઢોરની પેઠે છે. પશુ અને એમાં—બેમાં ધર્મના ભાન વિના કોઈ ફેર નહીં. આવ્યું હતુંને કાલે, નહીં? મૂરખ. ઓલો સૂંઘાને પણ મૂરખ કહ્યો. આહાહા! કાલ બપોરે આવ્યું હતું. ધર્મ સાંભળે, હૃદયમાં દુષ્ટતા ન હોય અને એને એ વાતની સમજણ ન હોય, ભાન ન હોય, એને પણ મૂરખ કહેવામાં આવે છે. આહાહા! કષાયની મંદતા શુભભાવ હોય, મૂરખ છે. આહાહા! શુભભાવ રાગ છે અને રાગથી રહિત મારી ચીજ ભિન્ન છે એવું જેને ભાન નથી, એને તો મંદરાગ શુભભાવ હોય છતાં તેને તો મૂરખમાં નાખ્યા છે.

'મૂરખ માથે શીંગડા નહીં નિશાની હોય' આવે છેને કાંઈ? મૂરખ માથે કાંઈ શીંગડા ન ઉગ્યા હોય કે આ મૂરખને શીંગડા હોય માથે. બાવળીયો ન ઉગ્યો હોય માથે કાંટાનો. બાવળિયા સમજતે હૈં? બબૂલ. મૂરખને માથે બબૂલ ઉગ્યો હોય તો જ મૂરખ કહેવાય, એમ નથી. 'મૂરખ માથે શીંગડા..' એવું આવે છે, 'નહીં નિશાની હોય'. એને કાંઈ નિશાની નથી. મૂરખની નિશાની એ કે જે કાંઈ શુભરાગને પોતાનો માનીને ધર્મ માને, એ મૂરખનો સરદાર છે. આહાહા! સમજાણું કાંઈ? અને જેને પાપના પરિણામનો રસ–પાવર ચડી ગયો છે, એને પણ અહીં મૂરખ કહેવામાં આવે છે. આહાહા!

કહે છે, એવા કારણપ્રભુ જેમાં અનંત-અનંત કેવળજ્ઞાન ને અનંત આનંદના પર્યાયોનો વાસ છે અંદરમાં, એવો જે આ ભગવાન એને આશ્રિત.. એને આશ્રિત, એને અવલંબે, એના ધ્યેયે પ્રગટેલી વીતરાગીદશા, નિર્દોષ–પવિત્ર દશા, નિત્ય શુદ્ધાત્માને આશ્રયે શુદ્ધ પ્રગટેલી દશા એ ધર્મધ્યાન. આહાહા! અહીં તો ધર્મધ્યાન (એટલે) પાંચ સામાયિક કરી, પંચરંગી કરી, ઢીંકણું કર્યું, આઠ અપવાસ કર્યા, થઈ ગયા ધર્મ. લાંઘણું છે બધી. સમજાણું કાંઈ? ત્રાગા નથી કરતા? ત્રાગા સમજાય છે?

ઓલા બાવા આવેને બાવા. માગવા આવેને પછી પૈસો ન આપે તો છરી વડે આમ કરે, ત્રાગું કરે, લોહી કાઢે. દુકાન ઉપર આવે. પછી એ પૈસો આપે ખરો ઓલો. એના ઉપર નાખી દે. ઉપર નાખે, દ્વેષ થઈ ગયો એને. નળીયામાં નાખી દે. અમારે ન્યાં પાલેજમાં પતરા હતા. એવાય બાવા આવતા ત્યાં દુકાન ઉપર. એક તો એવો ફકીર આવ્યો હતો મહા.... અમારા શિવલાલભાઈ જરીક ચડ્યા ઓલે (જીદે). હવે દ્યોને ભાઈ! દઈ દો. નહીં. અંતે લૂગડું બાળ્યું. જૂનું હતું. એક પૈસાના આઠ આના દીધા ત્યારે ઉઠ્યો. આ તો સંવત ૧૯૬૪-૬૫ની વાત છે. માગણ બીજા આવે, જો તરત ન આપો તો ત્રાગાં કરે. પણ ભાઈ! અહીં ઘરાક છે, પછી આપીએ. નહીં, લાવો. પહેલાં હું...... આહાહા!

અહીં કહે છે કે ઓહોહો! કેટલું સમાડ્યું છે અંદર! ભાઈ! જેમાંથી તારે પવિત્રતા કાઢવી છે, ધર્મ એટલે પવિત્રતા, ધર્મ એટલે વીતરાગીદશા, ધર્મ એટલે નિર્દોષ દશા. એ જેમાંથી કાઢવી એ કોણ છે આત્મા તે? એ નિત્ય નિરાવરણ શુદ્ધ પ્રભુ છે. એમાં એકાગ્ર થતાં એ નિર્દોષતા ને વીતરાગતા પ્રગટ થાય. આહાહા! સમ્યગ્દર્શન પણ સ્વ-આત્માને આશ્રયે પ્રગટ થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર ને પાના ને પુસ્તકના જ્ઞાનના લક્ષે પણ ન થાય, એમ કહે છે. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રે સમજાવ્યું એવું જે જ્ઞાન, એ જ્ઞાનને લક્ષે પણ સમકિત ન થાય, એમ કહે છે અહીં તો. અમરચંદભાઈ! પરલક્ષી છે એ તો. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રયે તો સમકિત થાય નહીં, પણ એણે કહ્યું કે જુઓ, ભાઈ! આત્મા આવો.. આત્મા આવો.. એવું જ્ઞાન થયું લક્ષ. પણ એ

પરલક્ષી જ્ઞાન છે, એને આશ્રયે પણ સમકિત ન થાય. આહાહા! એમ કોઈ ક્ષયોપશમ–જ્ઞાનનો વિકાસ વિશેષ ઉઘડેલો હોય પર્યાયમાં, એને આશ્રયે પણ સમકિત ન થાય. આહાહા! (શ્રોતા : એક ત્રિકાળને આશ્રિત થાય). આ એક જ વાત. આહાહા!

કેટલો ક્ષયોપશમ શાસ્ત્ર ભણી ભણીને કર્યો હોય... સમજાણું? નિગોદમાંથી નીકળ્યો હોય જીવ. બટાટા ને સક્કરકંદમાંથી સક્કરકંદમાંથી માણસ થાય. એકેન્દ્રિયમાંથી માણસ થાય. ન્યાં તો કાંઈ નહોતું, અહીં પછી ભણીને અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો. અરે! એને ભણ્યો, પણ તારા આત્માને તેં ન ભણ્યો. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, એવું **સ્વાત્માશ્રિત**... એક જ સિદ્ધાંત. આહાહા! 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' ભગવાન અંતર પરમાત્મા એની દૃષ્ટિ ક્યાં મૂકવાથી... એની દૃષ્ટિ પર્યાય ને રાગ ને નિમિત્ત ઉપર છે. દૃષ્ટિના આધાર તરીકેનો ભગવાન એનો આશ્રય લેવાથી સાચું સમકિત–મોક્ષના માર્ગનો અવયવ (પ્રગટ થાય).

મોક્ષનો માર્ગ સમકિત, જ્ઞાન ને ચારિત્ર ત્રણ છે. ત્રણમાં એક અવયવ સમ્યગ્દર્શન એ પણ સ્વ-આત્માના આશ્રયે થાય છે. બીજું જ્ઞાન. મોક્ષના માર્ગનું જ્ઞાન અથવા મોક્ષના માર્ગમાં આવતું જ્ઞાન, એ જ્ઞાન પણ સ્વ-આત્માના આશ્રયે થાય છે. શાસ્ત્ર આધારે પણ એ જ્ઞાન થતું નથી. આહાહા! અને ચારિત્ર. એ ચારિત્ર પણ આત્મા ત્રિકાળી કારણપરમાત્મા નિત્ય-શુદ્ધ નિરાવરણ કારણપરમાત્માના આશ્રયે ચારિત્ર થાય છે. અંદરમાં દ્રવ્યમાં લીનતા થાય એને ચારિત્ર થાય છે. આ પંચમહાવ્રતના પરિણામ ને લૂગડાં છોડી સાધુ થયા, એ ચારિત્ર-ફારિત્ર નથી. સમજાણું કાંઈ? આહાહા!

એવું પરમ નિશ્ચય-ધર્મધ્યાન અથવા.. હવે શુક્લધ્યાન લેશે. હવે આગળ વધે છે. **અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન...** ભારે ભાષા વાપરી છે! એકરૂપ ભગવાન આત્મા જ્ઞાયક એકસ્વરૂપ ત્રિકાળી અણઘડેલી ચૈતન્યમૂર્તિ, અણઘડેલો જ્ઞાન જ્ઞાયકઘાટ.. આહાહા! **એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાન...** લ્યો, એ શુક્લધ્યાન. બેય સ્વાત્માશ્રિત થાય એમ સિદ્ધ કર્યું છે. ધર્મધ્યાન શુભભાવથી થાય ને શુક્લધ્યાન આત્માને આશ્રિત શુદ્ધથી થાય—(એમ નથી). આહા! અરેરે! આવો મનુષ્યદેહ અનંતકાળે મળે. માંડ નિગોદમાંથી નીકળીને આવ્યો. પાછા એના એ મિથ્યાત્વના સેવન એ પાછા નિગોદમાં જવાના પંથ છે બધા. આહાહા!

ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા એનું ફરમાન છે. એકેન્દ્રિયમાંથી નીકળ્યો ને ત્રસમાં આવ્યો, તો માંડ માંડ એમાં હજાર સાગર (અથવા) બે હજાર સાગર રહે. ત્રસમાં (વધારેમાં વધારે) બે હજાર સાગર રહે. એની સ્થિતિ પૂરી થઈ ત્યાં નિગોદમાં જવાનો. આહાહા! પણ એ સ્થિતિ પૂરી થયા પહેલાં જેણે આત્માનો આશ્રય લઈને અનુભવ ને સમકિત પ્રગટ કર્યું, એને ભવનો અંત આવી ગયો. મોક્ષના પાટણને માથે પગ મૂક્યો. આંગણે પગ મૂક્યો એણે.

આહાહા! અરે! એને આંગણે આવ્યો નહીં પર્યાયમાં. પર્યાય એનું આંગણું છે. અંદર એકાગ્ર થાય છેને એ આંગણું. વસ્તુ તો ત્રિકાળ છે એમાં પ્રવેશ કરવો છે. આહાહા!

અરે! આવી ધર્મની વાત કેવી? આવું બધું સાંભળ્યું નહોતું. અમે તો એમ કરીએ કે ચોવિહાર કરવો, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર કરવો, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, કાયોત્સર્ગ કરવો તાવ કાયં ઠાણેણં મોણેણં... આહાહા! અરે, ભગવાન! તને કાયોત્સર્ગની ખબર નથી, તને સામાયિકની ખબર નથી, તને પ્રૌષધ કેમ થાય એની ખબર નથી. ભગવાન ત્રિકાળી આનંદકંદ પ્રભુ નિરાવરણ એને આશ્રયે શુદ્ધિ પ્રગટે તેને સામાયિક કહીએ, એને પ્રૌષધ કહીએ. એ આત્મા શુદ્ધથી પોષાણો માટે પ્રૌષધ. ક્રિયાકાંડના વિકલ્પમાં પૌષધ ને સામાયિક છે નહીં. સમજાણું કાંઈ?

એવું **જે પરમવીતરાગ... શુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં...** તપ એટલે મુનિપણું, સંયમ આહાહા! પોતાનો ભગવાન... પણ એ માહાત્મ્ય તો ક્યાં માહાત્મ્ય? ભાઈ! જેને રાગના, પુણ્યના ને એક સમયની વિકાસદશાના માહાત્મ્ય વર્તે, એને આ માહાત્મ્ય ક્યાંથી આવે? આહાહા! સમજાણું કાંઈ? અંદરના માહાત્મ્ય આવ્યા વિના એ અંદરમાં એકાગ્ર થઈ શકે નહીં. એકાગ્ર થયા વિના એને સમકિત ન થાય. સમજાણું કાંઈ? એવો **પરમવીતરાગ તપશ્ચરણ...** તપશ્ચરણ એટલે મુનિપણું, સંયમ, પરમવીતરાગી સંયમદશા. **નિરુપરાગ** એવો **નિર્વિકારી સંયમી...** આહાહા! એ ધ્યાવે આવા આત્માને, એમ કહે છે. સમજાણું કાંઈ?

રાગના વિકલ્પની ઉપાધિ વિનાનો જે પરિણામ... ઓલામાં એમ કહ્યું હતુંને, ભાવકર્મ નષ્ટ થયેલા એવા ભાવે.... આમાંય, રાગનો જેમાં અભાવ છે એવો નિર્વિકારી સંયમી આવા નિજ પરમાત્માને અંદર ધ્યાવે છે, ધ્યાવે છે–ધ્યાન કરે છે. આહાહા! એવા આત્માને જેણે જ્ઞાન ને શ્રદ્ધામાં વિષય કર્યો છે, પોતાના જ્ઞાન ને શ્રદ્ધામાં જેણે ધ્યેય બનાવ્યો ભગવાનને. આહાહા! એને એમ કે ભગવાન આત્મા આવો? અમે તો રાંકા છીએને. રાંકા તેં પર્યાયમાં હીનપણું માન્યું છે ભગવાન! એ ભગવાન છે એ ક્યાંથી આવ્યા? કંઈ અધ્ધરથી આવે છે? કેવળી થયા, તીર્થંકર થયા, સર્વજ્ઞ થયા, એ દશાઓ ક્યાંથી આવી? કાંઈ બહારમાં લટકે છે તે આવે? નિમિત્તમાં છે એ દશા? દયાના વિકલ્પમાં છે? એની વર્તમાન પર્યાયમાં એ દશા છે કે એમાંથી આવે? ત્રિકાળી ભગવાન આત્મામાં એ શક્તિ પડી છે એને આશ્રયે (આવે). આહાહા!

**તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર...** આહાહા! અસંખ્ય પ્રકારના શુભભાવ ને અસંખ્ય પ્રકારના અશુભભાવ—મોટી સેના છે. આહાહા! **દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર સંયમીને...** એવા સંયમીને **ખરેખર પરમ સમાધિ છે.** એને સમાધિ કહેવામાં આવે છે. બાવા ને જોગી આમ સમાધિ લે, એ સમાધિ નહીં. સમજાણું કાંઈ? લોગસ્સમાં એ માગે છે

'સમાહિવરમુત્તમં દિંતુ...' મને સમાધિ જોઈએ. ધર્મી (માગે છે કે) મારો આશ્રય થઈને (મને) મારી સમાધિ, મને પૂર્ણ શાંતિ જોઈએ. મારે બીજું કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ? આવા જીવને સમાધિ હોય છે. આહાહા! 'સમાહિવરમુત્તમં દિંતુ..' આવ્યુંને? 'એવંમયે અભિથુઆ...' એનો અર્થ એ છે કે એવંમયે.. માતા! હું અભિથુય—ઊભો થાઉં છું, હવે એમાં એકરસ થયો છું. અર્થ ન આવડે શું કરે ત્યારે. એવં મયે.. માતા! અભિથુઆ—લ્યો, ઊભો થાઉં છું. એમ (અર્થ) નથી. ત્યાં તો પોતાનો ભગવાન આત્મા એની અભિ (અર્થાત્) સન્મુખ થઈને અંદર એકાગ્રતાની સ્તુતિ, એનું નામ અભિથુઆ છે. આહાહા! આને પરમ સમાધિ અને શાંતિ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૪, ગુરુવાર, તા. ૨૩-૯-૧૯૭૧**
**શ્લોક - ૨૦૦, ગાથા - ૧૨૩, પ્રવચન નં. ૧૩૩**

આ નિયમસાર (અર્થાત્) મોક્ષનો માર્ગ, દુઃખથી મુક્ત થવાનો ઉપાય. ૨૦૦ કળશ છે.

**समाधिना केनचिदुत्तमात्मनां**
**हृदि स्फुरन्तीं समतानुयायिनीम् ।**
**यावन्न विद्मः सहजात्मसंपदं**
**न मादृशां या विषया विदामहि ॥२००॥**

કહે છે કે... **શ્લોકાર્થ : કોઈ એવી (અવર્ણનીય, પરમ) સમાધિ વડે...** આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ અતીન્દ્રિય રસનો કંદ છે. એની સન્મુખમાં–અંતર્મુખ થઈને જેણે વીતરાગી પરિણતિ નામ સમાધિ પ્રગટ કરી છે એ વડે **ઉત્તમ આત્માના હૃદયમાં સ્ફુરતી, સમતાની...** આ સમતા પછી આવે છેને. શું નાખે છે? સમતા છેને, આવી ગયુંને. સમ... સમાધિ... સમતા આવે છેને આગળ? ૧૨૪માં આવે છે એટલે આહીંથી ઉપાડ્યું છે. ૧૨૪માં સમતા... સમતાની વ્યાખ્યા? કહે છે કે જે આ આત્મા અતીન્દ્રિય આનંદની સમાધિસ્વભાવમય છે. અતીન્દ્રિય આનંદનું શાંતસ્વરૂપ એવું સમાધિ નામ સુખરૂપ આત્માનું સ્વરૂપ છે, એની અંતરમાં થઈને–અંતર્મુખ થઈને એટલે પુણ્ય-પાપ ને નિમિત્તનું લક્ષ છોડી દઈને, અંતર્મુખ ભગવાન આત્માને વર્તમાન શુદ્ધ શાંતિ અને વીતરાગી પરિણતિરૂપ સમાધિ એ વડે **ઉત્તમ આત્માઓના હૃદયમાં** (એટલે) ધર્માત્માના હૃદયમાં **સ્ફુરતી, સમતાની અનુયાયિની = અનુગામિની, સાથે સાથે રહેનારી, પાછળ પાછળ આવનારી.**

**(સહજ આત્મસંપદા સમાધિની અનુયાયિની છે**). શું કહે છે? ઝીણું તત્ત્વ છે. અનંત કાળથી એનો અભ્યાસ નહીં, સાંભળવામાં મળ્યું નહીં. કહે છે કે આ ભગવાન આત્મા નિત્ય જે ધ્રુવસ્વરૂપ છે એમાં અનંત આનંદરૂપી સમાધિ પડી છે અંદર. એને જે કોઈ અંતર્મુખ થઈને સમતાની સાથે સ્વભાવિક આત્મસંપદાને અનુભવે છે તેને સમાધિ છે. એને **(અમે) અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે તેને અમે અનુભવતા નથી**. ભારે અધ્યાત્મ વાત છે. સમાધિ વડે અંતરની શાંતિ... પુણ્ય-પાપના વિકલ્પો–રાગરહિત આત્માની નિર્વિકારી શુદ્ધ ઉપયોગરૂપી સમાધિ વડે અંતરમાં સ્ફુરતી સમતાની અનુયાયીની–વીતરાગપર્યાયની સાથે રહેનારી આત્મસંપદા પ્રગટરૂપ... આહાહા! આ ધર્મનું આવું સ્વરૂપ છે. આહા! સુખી થવાનો આ રસ્તો છે, બાકી બધા દુઃખી થવાના રસ્તા છે. આહાહા!

**સહજ આત્મસંપદા**–સ્વભાવિક આનંદરૂપી દશા એ વડે **જ્યાં સુધી અમે અનુભવતા નથી...** આહા! મુનિરાજ આમ કહે છે. સમતાની સાથે રહેનારી, વીતરાગી પરિણતિના શુદ્ધ-ઉપયોગ સાથે થનારી–રહેનારી આત્મસંપદા, શુદ્ધતાની પરિણતિને અહીં આત્મસંપદા કહે છે. આહા! ભાષા સમજવી કઠણ. સમજાણું કાંઈ? જ્યાં સુધી સહજ આત્મસંપદાને... આ પ્રગટ દશાની વાત છે. પૂર્ણ નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે ધ્રુવ. એ ધ્રુવનો આશ્રય લેનાર સમાધિ નામ વીતરાગી પરિણતિ છે. વીતરાગીદશા તેનો આશ્રય લઈ અને અંતરમાં સંપદા પ્રગટ કરે છે. આહાહા!

એવો જે અમારો વિષય... આહાહા! **અમારા જેવાઓનો વિષય...** એમ કહ્યું, જોયું! મુનિ તો એને કહીએ, ધર્માત્મા એને કહીએ કે જેની વીતરાગી પરિણતિનો વિષય તે ત્રિકાળ ધ્રુવ છે. આહાહા! સમજાણું કાંઈ? **એને અમે અનુભવતા નથી.** ત્યાં સુધી એણે વિષયને પકડ્યો નથી. આહાહા! પુણ્ય ને દયા, દાન, વ્રત ને મહાવ્રતના વિકલ્પમાં પડેલા છે એમ કહે છે. એને છોડીને અમારો સમ્યગ્દર્શન-જ્ઞાનનો વિષય, ધ્યેય ધ્રુવ ભગવાન આત્માને અનુભવતા નથી, ત્યાં સુધી અમે રાગમાં છીએ ને અસમાધિમાં છીએ, એમ કહે છે. આહાહા! એ ૨૦૦ (કળશ). અવર્ણનીય સમાધિ. આહા! આ બાવા-બાવા સમાધિ કરે એ અહીંયા નથી. આ તો વીતરાગમાર્ગની સમાધિ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્મા આનંદનો નાથ (કહ્યો), જેના એક અંશના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલા તરણા ને સડેલા ઉકરડા લાગે. એવો જે આત્મધર્મની સંપદા.. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, આ સંપદા. આ પૈસા ને છોકરાઓ એ બધી આપદા. સમજાણું કાંઈ?

વિપત્તિ ને આપત્તિ. આપત્તિ ને વિપત્તિ રહિત થઈ જાય એનું આમ છે. ક્યાંક છે ભાઈ! ત્યાં કોઈક હશે મુંબઈમાં ટેક્સીવાળો. અહીંનું સાંભળ્યું હશે નામ. ત્યાં ઘણીવાર આપણે ગયા છીએને. નાગરભાઈનો જીતુ છેને આપણો? ગયોને કાલ. ક્યાં ગયા નાગરભાઈ? તમારો જીતુ કહેતો હતો કે હું ટેક્સીમાં બેસવા ગયો... અહીં આવ્યો ને કાલ ગયોને. એણે એમ કહ્યું કે ક્યાં જાઓ છો? કે સોનગઢ. ઓલાએ આને પૂછ્યું. અરે! એ તો કાનજીસ્વામી! જ્યાં જતાં જેને આપદા ને વિપદા ન રહે એ. એમ ભાઈ બોલ્યો. ટેક્સીવાળો બોલ્યો. હશે કોઈક જાણીતો. જીતુ કહેતો હતો. ત્યાં ઓલી ટેક્સીમાં બેસવા ગયોને. ટેક્સીવાળાએ પૂછ્યું, ક્યાં જાઓ છો? સોનગઢ. અરે! વે કાનજીસ્વામી એ? એની પાસે જાય ને એનો સંગ કરે, એને તો આપદા ને વિપદા રહે નહીં. એ તો બહારનું માનતો હશે.

શ્રોતા : ઉસકી શ્રદ્ધા.....

પૂજ્ય ગુરુદેવશ્રી : આ તો અંતરની ઊંધી આપદા ન રહે એની વાત છે અહીં તો. ઓલી બહારની. હા, એમ કે કરોડપતિ થાય. એમના ભક્તો ગૃહસ્થો મોટા છે, આમ છે ને તેમ છે. એ

કહેતો હતો જીતુ. આહાહા! આ આત્માની અંદર સમીપમાં જાય તેને આપદા ને વિપદા રહે નહીં. એને આત્માની સંપદા પ્રગટે. સમજાણું કાંઈ? અરે! આવો વસ્તુનો સ્વભાવ. પોતે આનંદમય પ્રભુ છે એના સમીપમાં જતાં... એ સમીપમાં કોણ જાય? કે જે રાગ વિનાની નિર્દોષ અવસ્થા પરિણતિ પ્રગટ કરે એ એના સમીપમાં જાય. આહાહા! એ બધી વાત તો મોક્ષના માર્ગની બધી જુદી-જુદી શૈલીની વાત કરી છે. સમજાવવાની ઢબ છે, શું થાય?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના સમીપે ગયો ત્યારે એ થયું છે, એમ કહે છે. આ મોક્ષમાર્ગ છેને અહીં. નિયમસાર છે ને! આહાહા! એ સમાધિ કહો, મોક્ષમાર્ગ કહો, આત્મસંપદા પ્રગટ થયેલી કહો. ગિરધરભાઈ! આવો મોક્ષમાર્ગ. વાડામાં તો સાંભળવા મળે નહીં. બસ! આહાહા! 'વાડા બાંધી બેઠા રે, પોતાનો પંથ કરવાને' અખો ભગત કહે છે. 'વાડા બાંધી બેઠા, પોતાનો પંથ કરવાને.' વાડા ચલવવા. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એની સમીપમાં જાવું, એ તો વીતરાગ નિર્દોષ દશા કરે એ સમીપમાં જઈ શકે છે. સમજાણું કાંઈ? આહાહા! સમ્યગ્દર્શન એ પણ વીતરાગી નિર્દોષ પર્યાય છે. એ નિર્દોષ પર્યાય તે દ્રવ્યના અવલંબે પ્રગટે છે. આહાહા! સમજાણું કાંઈ?

ચોર્યાસી લાખના અવતારની આપદાઓ વિપત્તિ, દુઃખ છે. ભાઈ! તને ખબર નથી. કહે છે, ઓહોહો! **સમતાની અનુયાયિની**... સમાધિની સહજ આત્મસંપદા... પ્રગટેલીની આ વાત છે હોં. સહજ આત્મસંપદા મુનિઓનો વિષય છે, સમકિતીનો વિષય છે. અહીં તો ઉત્કૃષ્ટ મુનિપણું લેવું છેને. એને મુનિ કહીએ કે જેને પોતાના વીતરાગપરિણતિમાં આત્મા વિષયપણે વર્તે ધ્યેયપણે. આહાહા! આવું મુનિપણું સાંભળ્યું નથી એણે. આ લૂગડાં ફેરવ્યા ને કાંઈ નગ્ન થયા ને થઈ ગયા સાધુ. આહાહા! ભાઈ! તને સાધુની ખબર નથી. સાધુ તો,અંતર આનંદની સંપદાને સાધે અને પૂર્ણ સંપદાની પ્રાપ્તિ–સિદ્ધ(દશા) માટે પ્રયત્ન કરે એને સાધુ કહીએ ભાઈ! સમજાણું કાંઈ? એ કહેશે પછી. આહાહા!

અહીં મુનિ શું કહે છે? કે જ્યાં સુધી અંદર પંચમહાવ્રતાદિના વિકલ્પ ઉપર લક્ષ છે, ત્યાં સુધી અંતરના વિષયમાં જવાતું નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે ત્રિકાળી આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદનું સરોવર એમાં ડૂબકી મારવી અને પ્રતીત કરવી એનું નામ સમકિત છે. આહાહા! હજી તો શ્રાવક થવા પહેલા સમકિતની આવી વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આ તો સમજ્યા વિનાના થઈ ગયા શ્રાવક અને થઈ ગયા સાધુ. એકડા વિનાના મીંડા છે સબ. સમજાણું કાંઈ? હવે ૧૨૩. બહુ સરસ ગાથા છે. ૧૨૩.

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण ।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स ॥१२३॥**
**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

તેને ધર્મ હોય એમ જાણવું, એમ કહે છે. **ટીકા : આ ગાથામાં સમાધિનું લક્ષણ કહ્યું છે.** એકલા અમૃતના દરિયા ઉછાળે છે. આહાહા! કહે છે કે સંયમ.. સંયમની સામગ્રીવાળો આત્માની સમાધિ વડે અંદરમાં ધ્યાન કરી શકે છે. આહાહા! **સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.** આ સંયમની વ્યાખ્યા. પાંચે ઇન્દ્રિયોનો વેપાર... જોયું! ભગવાનની વાણી સાંભળવી કે એના ઉપર વિકલ્પ એ બધો છોડીને... સમસ્ત ઇન્દ્રિયો... કાન, આંખ, આ ભગવાનની મૂર્તિ આમ જોવી—એ પણ ઇન્દ્રિયનો વિષય છે, દેવ-ગુરુના દર્શન કરવા એ પણ ઇન્દ્રિયનો વિષય છે, સર્વજ્ઞદેવ સાક્ષાત્ પરમાત્મા એના દર્શન કરવા ઇન્દ્રિયનો વિષય છે, એ આત્માનો વિષય નથી. આહાહા! અંદર જવાય તો (દર્શન કરવા) ન આવવું. અંદર ન જઈ શકે ત્યારે શુભભાવ તરીકે આવે છે. એ તો પહેલી વાત થઈ ગયેલી 'અશુભવંચનાર્થં.' અંદરમાં જઈને ઠરી શકે તો તો ક્યાંય જાવું-આવવું નથી. આહાહા! સમજાણું કાંઈ? એની વ્યાખ્યા આ છે.

**સમસ્ત ઇન્દ્રિયો**... કાન, આંખ, નાક, સ્પર્શ... અરે! પાંચ ઇન્દ્રિયો જડ-ઇન્દ્રિય અને ખંડ ભાવેન્દ્રિય અને એનો વિષય—એ બધાને ઇન્દ્રિય કહેવામાં આવે છે. ભગવાનની વાણી ઇન્દ્રિયનો વિષય છે એમ કહે છે. આહાહા! ગજબ વાત કરે છે! ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા, જેના સો ઇન્દ્રો તળીયા ગલુડિયાની જેમ ચાટે. મોટા સિંહ ને ઇન્દ્રો અર્ધલોકના સ્વામી. કહે છે કે એ પરમાત્મા અને એની વાણી એ ઇન્દ્રિયો છે. બેય ઇન્દ્રિયો કહેવાય. **સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ**.. આહાહા! એવી અંતરદશાને સંયમ કહે છે. સમાધિની આ બધી સામગ્રી છે, એમ કહે છે. અધિકાર છેને સમાધિનો. આ બધી અંતરંગ સાજ–સામગ્રી છે. શરીર ને ઇન્દ્રિયો ને આ બહારના સાધન સાંભળવા—એ અંતર સમાધિની સામગ્રી નહીં, એમ કહે છે. આહાહા!

**સમસ્ત ઇન્દ્રિયો**... ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ છે એમાં, ઇન્દ્રિયો તરફના વલણનો–વિકલ્પનો ત્યાગ કરી અને અંતરમાં એકાગ્ર થાય એને સંયમ કહે છે. સમ્યગ્દર્શન સહિત અંતરમાં લીનતા તેને સંયમ કહે છે. એ સંયમની સાધનની સામગ્રી સહિત અંતરમાં ધ્યાનમાં ઉતરવું એવી દશાને અહીં સમાધિ કહે છે. આહા! છેને સમાધિનું સાધન. પહેલા આમ કરવું ઓમ.. ઓમ.. આમ કરવું પછી કુંભક ને રેચક... આવે છે ને. એ તો બધી વાતું નિમિત્તની. આ તો એકલી સમાધિ કે આમ કરો ઓમ. સમાધિની સામગ્રી, કહે છે, એ નહીં.

જ્ઞાનાર્ણવમાં આવે છે બધું. આવું કરવું મુનિઓએ. એ વિકલ્પ હોય છેને, ક્યારેક હોય છે, પણ એ સમાધિનો વિષય નહીં. એ સમાધિની સામગ્રી નહીં. ધર્મને પ્રગટ કરવાની એ સામગ્રી નહીં. આહાહા! ભારે વાત ભાઈ!

**એને સંયમ છે**. આવા સંયમના અંતરંગ સાધનથી–સમાધિથી, સમાધિનો વિષય જે દ્રવ્ય એને આવા સાધન દ્વારા પકડવો, એનું નામ સમાધિ, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું નામ દુઃખથી મુક્ત થવાનો ઉપાય. આહાહા! હજી કઈ રીત છે એની ખબર ન મળે અને થઈ ગયા ધર્મી. ધર્મ કરીએ, સામાયિક કરી પાંચ ને દસ, પોષા ને પડિકમણા. આઠ દિ'ના ચોવિહારા અપવાસ, થઈ ગઈ તપસ્યા. ધૂળેય નથી, એ તો બધી લાંઘણું છે. એય! એ આવશે હમણાં. **નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.** લ્યો, આ નિયમની વ્યાખ્યા. આહાહા! આમાં મુંઝાવાનું નથી એમ કહે છે. એ કહે, આવી વાત સમજ્યા પછી મને ચેન પડતું નથી. **નિજ આત્માની આરાધનામાં**... જુઓ! તીર્થંકરદેવ પરમેશ્વરની આરાધના એ તો વિકલ્પ છે, એ તો પુણ્યપરિણામ છે. પણ વાંચ્યું એ આમાં છે ક્યાં? ક્યાં ગયા હીરાભાઈ? છેટે બેઠા છે.

કહે છે, ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ દળ આનંદનું દળ પ્રભુ છે. આહાહા! પહેલા થતાં દળના લાડવા, દિવાળીમાં દળના લાડવા, આમ ધોળા. એમ આત્મા આનંદનું દળ છે, દળનો લાડવો છે. આહાહા! શિયાળામાં સાલમપાક ને એ ખાય. સમજાણું કાંઈ? મૂસળીપાક ને આવે છેને. સાલમપાક નથી આવતો? પંજાવાળો સાલમપાક ઊંચો. અમારા દુકાનમાં બધું હતું. અમે ઓળખતા બધું. સાલમ, મૂસળી. કાળી, ધોળી બે પ્રકારની મૂસળી આવતી. બદામ-પિસ્તા આ બધું રાખતાને દુકાનમાં. ધૂળેય સુખ એમાં ક્યાં? એ મેવો કહેવાય જગતનો. આ મેવો તો આ કે નિજ-આત્માનું આરાધન કરવું તે નિયમ ને તે મોક્ષનો માર્ગ. આ સમાધિની અંતરંગ સાધનની વાત છે. સમજાણું? આહાહા!

ભગવાન આત્મા... 'નિજ' શબ્દ વાપર્યો છેને? ભગવાનનો આત્મા નહીં, સિદ્ધનો આત્મા નહીં, એ તો પર-આત્મા છે. **નિજ-આત્માની આરાધના**–સેવા, ભગવાન આત્મા આનંદનો નાથ એની સેવા... એની આરાધના કહો કે સેવા કહો. એની તત્પરતા અંદરમાં, એને નિયમ કહેવામાં આવે છે. બહારથી આ નિયમ લઈને બેઠા અને નિયમ છે, એમ નહીં. એ બધા નિયમ ખોટા છે એમ કહે છે. આહાહા! બીજો બોલ થયો.

ત્રીજો ઝીણો આવ્યો. હવે તપ કોને કહેવો? કે જે સમાધિ આત્માની શાંતિનું સાધન છે, શાંતિની સાથે આ સામગ્રી છે. તપ, કોને કહેવો તપ? કે **આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે**... આહાહા! ભગવાન અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ એવો આત્મા, એ **આત્મામાં**–

એવા આત્માને પોતામાં, **આત્માથી** (એટલે) નિર્વિકલ્પ સમાધિ–નિર્વિકલ્પદશાથી **ધારી-ટકાવી-જોડી રાખે** અંતરમાં તેને અધ્યાત્મ કહીએ અને એ અધ્યાત્મ તે તપ કહીએ. આહાહા! લ્યો, આ તપ કહે છેને લોકો. અનશન ને અપવાસ કરવો, ઉણોદરી કરવી ને ઢીકણું કરવું. આહાહા! અહીં તો ભગવાન **આત્માને આત્મામાં** (અર્થાત્) પોતાનું કાર્ય કરવામાં આત્મામાં, **આત્માથી**—નિર્વિકલ્પ સમાધિથી–નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગથી ધારી-ટકાવી-જોડી રાખવું, એને અધ્યાત્મ કહીએ. આત્માશ્રિત દશા થાય તેને અધ્યાત્મ કહીએ. પુણ્ય-પાપના વિકલ્પો પરાશ્રય છે. એ અધ્યાત્મ નહીં.

**એ અધ્યાત્મ તે તપ છે.** આવા અધ્યાત્મને ભગવાને તપ કહ્યો છે. આહાહા! આ બધી બાઈયું દસ અપવાસ (કરે) દસલક્ષણીમાં. ... કરે ને પછી ઉજવણા કરે. ..... તમારે ઘરેથી મોઢા આગળ પડે. આવો ભાઈ! આગળ. હુશિયાર હોય એ મોઢા આગળ જાયને. કહે છે, આ હુશિયારી છે આ. અરે! એણે તપની વ્યાખ્યાય સાંભળી નહીં. તપ તો પ્રગટ્યો નહીં, પણ તપ કોને કહેવો? કૌનસા તપ વહ? પ્રભાવના તો અંદરમાં થાય કે બહારમાં થાય? એ તો બહારની વાત શુભવિકલ્પ હોય. એની–બહારની વાત સાથે સંબંધ શું છે? એ આત્મામાં છે જ ક્યાં? બહારની પ્રભાવનાનો વિકલ્પ અને બહારની પ્રભાવના—એ આત્માની મર્યાદામાં છે જ નહીં. એ તો આત્માની બહાર છે. આહાહા! સમજાણું કાંઈ?

**આત્માને આત્મામાં આત્માથી...** નિર્વિકલ્પ વીતરાગદશાથી આત્માને ધારી-ટકાવી-જોડી રાખે (અર્થાત્) આત્મામાં આત્માને રાખે. આત્માને રાગમાં આવવા દે નહીં, પુણ્યમાં આવવા દે નહીં. આત્માને આત્મામાં–વીતરાગી પરિણતિમાં રાખે, એને અધ્યાત્મ કહીએ અને તે અધ્યાત્મને તપ કહીએ. આને ભગવાને તપ કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? મંદ રાગથી એવી તપસ્યા હોય, એથી પુણ્ય બાંધે. પુણ્ય બંધાય અને એમાં ધર્મ માને તો મિથ્યાત્વ સાથે લાગે. આહાહા! સમજાણું કાંઈ? આ તપ તે નિર્જરાનું કારણ છે. સમજાણું કાંઈ? પોતે કોણ છે એની એને મહિમા જ આવી નથી. આ ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર પૂર્ણ પોતે છે. એક સમયની પર્યાય ને વિકલ્પની આડમાં અંદર ભિન્ન પડ્યો છે. આહાહા! અનાદિ-અનંત રહેનારું તત્ત્વ.... સમજાણું કાંઈ? આવશે આમાં. નિશ્ચય-ધર્મધ્યાનની વ્યાખ્યામાં આવશે.

ભગવાન આત્માને–વીતરાગી આત્માને વીતરાગી પરિણામથી–વીતરાગભાવથી આત્માને ધારી રાખે, એને અધ્યાત્મ કહીએ. જેમાં રાગ ને વિકલ્પ ને નિમિત્તનો આશ્રય નહીં. એને–આત્મા આશ્રિત ભાવને અધ્યાત્મ કહીએ અને એને તપ કહીએ. અંતરસ્વરૂપના સમાધિના સાધનમાં અંતરંગ સાધન આવા હોય છે. બહારના સાધન કહે છેને કે આમ કરવું ને પછી આમ કરવું, પછી શ્વાસ આમ કરવો ને ઢીકણું. ઓમ.. ઓમ.. ઓમ એમ કરવું. એ બધી બહારની વાતું છે, એ અંતરનું સ્વરૂપ નહીં. આહાહા!

તપ. ત્રીજો બોલ થયો. સંયમ, નિયમ ને તપ. છેને પાઠમાં? **संजमणियमतवेण**.. ત્રીજો શબ્દ છે એની આ વ્યાખ્યા. આકરું લાગે આ ઓલા બધા.... એટલે રતનચંદજીએ કાઢી નાખ્યું. પાઠમાં તપ નાખ્યો. તપમાં તો આ લેવાનું છે, એને ઠેકાણે કહે કે આ લેવું. આહાહા! બાપુ! તપ તો નિર્જરા થાય, નિર્જરા તો શુદ્ધતાનો આશ્રય લઈ ત્રિકાળીદ્રવ્યનો આશ્રય લઈને શુદ્ધતા–પવિત્રતા, આનંદ પ્રગટ કરે, એને દુઃખની પર્યાયનો નાશ થાય, એને નિર્જરા થાય દુઃખની. આહાહા! (શ્રોતા : એની આપદા ટળે). એની આપદા ને વિપદા બેય ટળે. ઓલાને આપદા ને વિપદા બેય જાગે. આહાહા! ભગવાન આત્મસંપદાવાળું તત્ત્વ, એનો આશ્રય નથી એને તો આપદા ને વિપદા પ્રગટ થાય. એ અપવાસ કરે દસ-દસ મહિનાના ને બાર-બાર મહિનાના તો એ આપદા ને વિપદા છે. એમાં આત્મસંપદા નથી. ભારે વ્યાખ્યા આવી તે ભાઈ આ!

હવે, નિશ્ચય-ધર્મધ્યાનની વ્યાખ્યા. સાચું ધર્મધ્યાન કોને કહીએ? સંયમ, નિયમ ને તપ—ત્રણની વ્યાખ્યા થઈ. હવે સાચું ધર્મધ્યાન, નિશ્ચય નામ સત્ય ધર્મધ્યાન કોને કહીએ? કહ્યું હતુંને એક ફેરી છેલ્લી.... ૯૦માં મળ્યા, બધા ભેગા થયા બોટાદ. પછી ઓલા એક હતાને ઉજમશીભાઈ. ઉજમશીભાઈ ને? એય પાનાચંદ! પાણવી. શું નામ ડોસો હતોને? ઉજમશી? પાનાચંદ હતો? પાણવીનો. ઉજમશી નહીં હોં. ઉજમશી તો આ ગોશાળાવાળો. એનો મામો હતો. ગયા હતાને એક દિ'. બધા ભેગા થયેલા ૯૦ની સાલમાં.

તેને પૂછ્યું, કેમ ભાઈ! ધર્મધ્યાન કરો છો? સામાયિક કરો છો? અપવાસ કરો છો? પોષા કરો છો? હા, અપવાસ કરીએ છીએ. ધર્મધ્યાન કરીએ. એ ધર્મધ્યાન. પછી વાત ચાલતા-ચાલતા આવી કે ભાઈ! અનંતા રજકણનો પિંડ તે સોનાની કટકી છે. આ (શરીર) તો અનંતા રજકણો પિંડ છે, આ તો જડ-માટી છે. ત્યારે કહે કે મહારાજ! કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? આ બધા ધર્મધ્યાન. આવા ને આવા. નામ હમણાં યાદ આવ્યું હતું રસ્તામાં હોં. નાનચંદ... નાનચંદ.. નાનચંદ. એ સાચી વાત છે. વિસાશ્રીમાળી હતા. પાણવી, બરવાળાની આ બાજુ. બધું ધર્મધ્યાન કરીએ છીએ? કે હા. પછી પૂછ્યું છેલ્લે ત્યારે કહે, આત્મા કેટલા રજકણનો–પરમાણુનો બન્યો હશે? આવું આંધળું ખપાવ્યું છે.

હવે કહે છે કે ધર્મધ્યાન કોને કહેવું? કે જે આત્માની શાંતિની સામગ્રી... શાંતિભાવ, વીતરાગભાવ, ધર્મભાવ એનો વિષય દ્રવ્ય અને એ ધર્મધ્યાનની આ બધી સામગ્રી, સમાધિની સામગ્રી. **સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો...** દેખો! ભાષા. બાહ્યક્રિયાકાંડનો આડંબર છે, કહે છે. આ અપવાસ કર્યા ને તપસ્યાઓ કરી, પ્રભાવના કરી, વરઘોડા કઢાવ્યાને. વરઘોડા કાઢે છેને. તપસીને બહુમાન આપવા, સન્માન દેવા વરઘોડા કાઢે અને મોટા ગૃહસ્થ હોય તો હાથીને હોદ્દે બેસાડે અને ઘોડા ઉપર નગારા... શું કહેવાય એ? નિધાન. ડંકો વાગતો હોય મોઢા

આગળ. એ ગિરધરભાઈ! બધા અગ્રેસરો આવું કરે ન્યાં. ન્યાં શું કરતા બીજું? આવડત ક્યાં હતી કાંઈ ન્યાં? તમારા મોટા કાર્યકર્તા કોઈક આવ્યું હોય એને માન આપવા માટે શણગારે, ગામ શણગારે. ભાઈ! દેશસેવા છેને એક? દેશની ને? એ તો રાગની સેવા. આહીં તો વીતરાગતાની સેવાની વાત ચાલે છે. આહાહા! ધર્મ ક્યાં રહેતો હતો? ધર્મ અહીં રહે કે બહાર રહેતો હશે?

એ તો અહીં કહે છે, સમસ્ત બાહ્ય ક્રિયાકાંડ એનો જે આડંબર... એ.. મોટો આમ જાણે ઓહોહો... વર્ષીતપ કરેને ગૃહસ્થ હોય તો લાખ-લાખ ખરચે. પોણો લાખ ખરચ્યા હતા એકે. અહીં હતીને આ. આ જેસીંગભાઈના દીકરા મંગલભાઈ. જયસંગ ઉજમશી, અમદાવાદ. એના મંગળભાઈ હતા. નવી પરણ્યા હતાને પછી ગુજરી ગયા. અહીં આવતા. કાંઈ ખબર ન મળે. એણે વર્ષીતપ કર્યો હતો. એ ગુજરી ગયા હમણાં થોડા વર્ષ થયા. પોણો લાખ રૂપિયા ખરચીને મોટું સ્પેશ્યલ (ટ્રેન) પાલિતાણા. ઓહોહો... અપવાસ કર્યા એણે ઉજવ્યા! આહાહા!

મરી જાયને માણસ, પછી હાથ ન ઉપડે તો કહે, એલા! લાકડું ભાગ્યું છે આ? હાથ કેમ ઉપડતો નથી? છાતી આમ કૂટેને બાઈયું, એમ કહે એ વાતું. હા, એમ કહે. અમે તો બધું સાંભળેલું નજરે. દડવામાં એક ફેરી ગયા હતા. નાની ઉંમરનો મરી ગયેલો. ૭૬ની સાલ હતી. મરી ગયેલો અને ગાનારી આવી ગાનારી. ગવરાવેને રોવરાવવા. એવી ગાય.. એવી ગાય.. એલા! કેમ હાથ ઉપડતા નથી? આ છાતીએ ઉપડેને. શું લાકડું ભાંગ્યું છે? એમ આ કહે, અમે અપવાસ કરીને બેઠા, કેમ ઉજવણું કરતાં નથી? બધું સરખું છે એ.

આ અપવાસ કરીને... બાર-બાર મહિનાના અપવાસ. એક ટાઈમ ખાવું ને બીજે જિ' અપવાસ. એમ છેને ઘણું કરીને? એક દિ' ખાય, પણ એક વખત નહીં, બે વખત ખાય, બે-ત્રણ વખત. સાંજે ખાય. ટોપરાપાક સરખો ખાયને, ઓલો પચે તો (બીજે દિવસે) અપવાસ સરખો થઈ જાય. એમાં કહે, એલા! ઉજવણા કર્યા નહીં ત્યારે અમે ભૂખ્યા મર્યા? એ ગિરધરભાઈ! એ બધાની એને ખબર હોય. ભૂખે મર્યા શું? પાપ બાંધ્યા મિથ્યાત્વના, સાંભળને હવે! ભગવાન આત્મા આનંદનો નાથ એની સામું તો તેં જોયું નહીં. એનો અનાદર કરીને ક્રિયાકાંડના રાગમાં નાચી રહી ગયો. આહાહા! જુઓ! અહીં ભાષા. બાહ્યક્રિયાનો આડંબર છે એ તો. દળ ખોટો છે. આહાહા!

**એનો પરિત્યાગ જેનું લક્ષણ છે...** શુભપરિણામની ક્રિયાનો પણ જેમાં ત્યાગ છે. આહાહા! **એવી અંતઃક્રિયાના અધિકરણભૂત...** એવી અંતઃક્રિયા જે નિર્મળ વીતરાગી પરિણતિ એનો આધાર **આત્માને કે જેનું સ્વરૂપ અવધિ વિનાના...** દેખો! એ અંતઃક્રિયા જે છે એનો આધાર? બાહ્યક્રિયાના આડંબરનો-વિકલ્પનો ત્યાગ કરીને, અંતર નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ કરી અને આત્મા જેનો આધાર છે... કેવો આત્મા? **જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે**

**નિરુપાધિક છે...** ભગવાન આત્માનું સ્વરૂપ તો અવધિ-મર્યાદા વિના ત્રણે કાળ-અનાદિ-અનંત કાળ સુધી નિરુપાધિક છે. એવા જીવને બાહ્યક્રિયાનો આડંબર છોડીને અંતઃક્રિયાના આધારભૂત આત્માને **જે જીવ જાણે છે...** જે જીવ જાણે છે... આહાહા!

**તે જીવની પરિણતિવિશેષ**, જુઓ! **તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.** આટલો તો ખુલાસો છે. એ ઓલાને ગોઠતો નથી રતનચંદજીને. ધર્મધ્યાન શુભભાવમાં હોય, શુક્લધ્યાનમાં શુદ્ધભાવ હોય (એવી માન્યતા છે) એ માટે ગોઠતી નથી આ ટીકા. સમજાણું કાંઈ? બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે અને અંતરંગ વીતરાગી અંતઃક્રિયાનો આધાર એવો આત્મા કે જેનું ત્રણ કાળે રહેલું નિરુપાધિક સ્વરૂપ છે, તેને જે નિર્મળ પરિણતિ દ્વારા જાણે છે, તે જીવની પરિણતિ નામ વીતરાગી દશાવિશેષ તે સ્વાત્માશ્રિત પોતાનો અનંત આનંદસ્વરૂપ ભગવાન એને આશ્રયે તેને નિશ્ચય-ધર્મધ્યાન હોય છે, એને સાચું ધર્મધ્યાન હોય છે. આહાહા! આવા પુસ્તકો બહાર આવી ગયા, એટલી સ્પષ્ટતા થઈ, તોપણ માણસને શલ્ય છોડવું ભારે આકરું. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું!

આને ધર્મધ્યાન સાચું કહેવાય કે જે વિકલ્પની ક્રિયાઓના ભાવને છોડી અને જેનું લક્ષણ અંતઃક્રિયા છે અને જે અંતઃક્રિયા વીતરાગીદશા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) વીતરાગી પરિણતિ એનો આધારભૂત આત્મા છે કે જે આત્મા ત્રણેકાળે નિરુપાધિ છે, એને જે વીતરાગી પરિણતિ દ્વારા જાણે છે તે જીવની અવસ્થા-પરિણતિવિશેષ-આનંદપર્યાયવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. અહીં કીધુંને, ચોથેથી હોય છે એની વાત ચાલે છે આ.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાં, કોણે લખ્યું છે? ક્યાં લખ્યું છે?

શ્રોતા : સમસ્ત બાહ્યક્રિયાનો ત્યાગ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આડંબર... વિકલ્પનો ત્યાગ. પહેલેથી-ચોથેથી વિકલ્પનો ત્યાગ છે. એ તો સ્થિરતાની અપેક્ષાએ વાત છે. સમસ્ત ક્રિયાના વિકલ્પનો ત્યાગ... એવા સમ્યગ્દર્શનમાં સમસ્ત વિકલ્પનો ત્યાગ છે, એ સમ્યગ્દર્શનનો આધાર આત્મા છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત ધર્મધ્યાન કહેવામાં આવે છે. સાંભળવા મળે નહીં. એ બિચારાના જીવન ચાલ્યા જાય છે. આહાહા! ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦ વર્ષ થઈ ગયા. મરણને સન્મુખ થઈ ગયા હવે, તોય સાંભળવા મળે નહીં. ૫૦થી આમ .. છેને. એ ૧૦-૧૦ વરસનું નથી? સો વર્ષનું આવે છેને એક કેલેન્ડરમાં. આવતું, એ ઘણા વર્ષ પહેલાની વાત છે. અત્યારે પણ આવતું હશે. દસ વર્ષનું, વીસ વર્ષનું, ત્રીસ, ચાલીસ, પચાસ. ચિત્ર.... પછી આમ ઢળે. પછી ૭૦, ૮૦, ૯૦ ને ૧૦૦. મડદું ઉપાડીને આમ લઈ જાય (એવું) ચિત્ર આવતું.

યુરોપમાં છે હોં. હા, એ પ્રમાણે ઓલું છે. છે ત્યાં. આ તો અમે ભણતા ત્યારે વિલાયતથી ચિત્ર આવતું તે દિ'. ૬૦-૭૦ વર્ષ પહેલાની વાત છે.

આમ પહેલો જન્મે, પછી દસ વર્ષ, પછી વીસ વર્ષ, પછી ત્રીસ વર્ષ, ચાલીસ, પચાસ, ને આમ જાય. આ બાજુ સાઈઠ, સિત્તેર આમ નમે ચિત્ર. દામનગરમાં છે સ્મશાનમાં. મર્યે જાયે સો વર્ષે. ઓલું પચાસ પછી, સાઇઠ વર્ષે જરી નમતું ગણે. આ બાજુ હવે ઢળ્યો-મરવા સન્મુખ (થયો). ઓલો મોટા સન્મુખ હતો. આહાહા! એવું આવતું હોં પહેલા. વિલાયતથી આવતું. અમારા ગઢડાવાળા ડોક્ટર હતા, એનો ભાઈનો દીકરો... હતું એની પાસે. આહાહા! એમ આપણે એક અહીં હતું હોં. અંદર ફોટો હતો એક. ક્યાંક ગયો. વયો ગયો હશે. અંદર.. અંદર રાખતા. અરે! એ તો એક બતાવ્યું સો વર્ષમાં. પણ સો વર્ષ જીવે કે નહીં એ કોને ખબર છે? આહાહા! ૨૦-૨૦ વર્ષના આશાના લોઢા.. અંબર-આકાશ જેટલી આશા. હવે આમ કરશું, પછી આમ કરશું, પછી આમ કરશું. ગયા સ્મશાનમાં શરીર. આત્મા ઓલી ગતિએ વયો ગયો. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે આવા ભાવને નિશ્ચયધર્મધ્યાન કહીએ. જુઓ! ચોખ્ખું. આપણે ધર્મધ્યાનની પહેલાં આવી ગઈ છે વાત. આવી ગયુંને પહેલું '**નિરાવરણ નિત્ય-શુદ્ધ.... સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી**' આની પહેલાની ગાથામાં આવી ગયું. પહેલી ગાથામાં આવ્યું. આની વ્યાખ્યા જુઓને! વાસ્તવિક ધ્યાન, ધર્મ એને કહીએ કે જેમાં વીતરાગપરિણતિ હોય. રાગ તો આર્તધ્યાન છે ને આત્માના પ્રાણ પીડાય છે રાગમાં. વિકલ્પ જે શુભરાગ એમાં આત્માની શાંતિ તો પીડાય છે. ઘાણીમાં જેમ તલ પીલાય, એમ આત્માની શાંતિ, રાગનો વિકલ્પ જે છે શુભરાગ... સમજાણું કાંઈ? એ ઝેર અમૃતને નાશ કરે છે. આહાહા! ગજબ વાતું છે આ.

શુભરાગ વિકલ્પ એ તો ઝેર છે. આત્માના અમૃતસ્વરૂપથી ઉલટી દશા છે. એ આત્માના અમૃતને ઉત્પન્ન થવા દેતું નથી. આહાહા! માટે કહે છે કે વિકલ્પનો ત્યાગ કરી... એમ કહે છે. આહાહા! **જેનું લક્ષણ એવી અંતઃક્રિયાના** આધારભૂત... પરિત્યાગ જેનું લક્ષણ છે. રાગનો ત્યાગ જેનું લક્ષણ છે એમ કહેવું છે. એવી અંતઃક્રિયા એનો આધાર... પણ એ નિર્મળક્રિયાનો આધાર કોણ? એમ કે વ્યવહારક્રિયા હતી તો નિર્મળ નિશ્ચયક્રિયા થઈ—એમ છે? બીજા શાસ્ત્રે ક્યાં કીધું? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અહીં ના પાડે છે, જુઓને! અંતઃક્રિયાનો આધાર કોણ? નિર્મળ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એનો આધાર કોણ? પહેલો દયા, દાન ને વ્રતનો વિકલ્પ વ્યવહાર પ્રગટ્યો એ આધાર નહીં. ધર્મધ્યાન વીતરાગીદશાનો આધાર રાગ? (નહીં). એનો આધાર, ત્રિલોકનાથ પરમાત્મા પોતે અનાદિ-અનંત ધ્રુવ એનો એ આધાર છે. આહાહા!

નિયમસારમાં પણ નિયમને ઘૂંટ્યું છે. એકલો કારણપરમાત્માને જ ઘૂંટ્યો છે. એવું એ નિશ્ચય નામ સાચું ધર્મધ્યાન.. એ ચોથો બોલ થયો. પહેલો સંયમ, બીજો નિયમ, ત્રીજો તપ, આ ચોથો ધર્મધ્યાન, હવે પાંચમું શુક્લધ્યાન. અંતર્મુખ થવાની સમાધિના સાધનો આ બધા. ઓલા કહે, વ્યવહાર-વ્યવહાર સાધન ખરા? ભાઈ! એ માટે આ નાખ્યું છે. શરીર સારું હોય તો સાધન ખરું? 'શરીર આદ્યં ખલુ ધર્મસાધનં.' અરે! અંદરની રાગની મંદતા એ સાધન નહીં. આહાહા! અંતર્મુખ થયેલી પરિણતિ, એ પરિણતિનો આધાર ત્રિલોકનાથ આત્મા છે. આહાહા! આ વાત વ્યવહારના આગ્રહીઓને તો એવું લાગે. નહીં? ભગવાનની ભક્તિ કરતાં થઈ જશે જાઓ. લગાવો ધૂન ભગવાનની. ભૂલી જાઓ એવું લગાવો. ભૂલી જાઓ પોતે પોતાને. આ પોપટભાઈ ધૂન લગાવે છેને ભાઈ, નહીં? પોપટભાઇ, આપણે વડવાવાળા. પોપટ ભોગીભાઈ... લગાવે છે. લગાવી હતી અહીં. ઇંદોરમાં લગાવી હતી. અહીં લગાવી હતી, ન્યાં પણ લગાવી હતી. આ દેહની ક્રિયા ને રાગનું કર્તૃત્વ છે એની કાંઈ ખબર રહેતી નથી એમાં. આહાહા!

ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એમાં આવી ક્રિયાના કર્તૃત્વનો તો અભાવ છે. આ ચાર સામગ્રી કીધી. શેની? અંતર્મુખ થવાની, શાંતિની આ સામગ્રી, સમાધિની આ સામગ્રી. આવું કેમ વર્ણન કરવું પડ્યું? અન્યમતિ સમાધિના ઘણા સાધન કહે છે. 'યમ નિયમ' આવે છેને આઠ બોલ? યમ, નિયમ, સંયમ ને પ્રાણાયમ ને ફલાણું—એવા આઠ બોલ આવે છે. આહાહા! એ નહીં (પણ) આ, એમ સિદ્ધ કરવું છે. યોગના આવે છે આઠ બોલ. આપણે આવે છે. સમયસાર નાટકમાં આવી ગયા. એટલે આચાર્ય પોતે કહે છે કે **संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण**. આ પાંચ. **जो झायइ अप्पाणं...** એ વડે કોઈ આત્માનું ધ્યાન કરે, એને પરમસમાધિ હોય છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અકષાયરસ. એ શાંતિમાં સુખી છે. સમજાણું કાંઈ? એ સુખમાં છે હવે. આહાહા!

આ કહે, આટલા પૈસાવાળા ને આટલા મૂડીવાળા, આટલા આબરૂવાળા. એ દુઃખી છે બિચારા. રાગ એના તરફનો આશ્રય છે માટે દુઃખી છે. આ સુખી છે. ભગવાન આત્મા એકલો સુખનો પિંડલો પ્રભુ, આહાહા! એનો આશ્રય કરીને જે દશા શાંતિની, સમાધિની વીતરાગીપર્યાય પ્રગટી તેને સાધનભૂત આ બધી સામગ્રી છે. એને સાધનભૂત આ સામગ્રી છે. આ રાગ ને નિમિત્ત, ફલાણું આ સાધન—એમ નહીં, એ માટે આ ગાથા લીધી છે. સમજાણું કાંઈ? ભાઈ! આ 'વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય' પંચાસ્તિકાયમાં આવે છે. લ્યો. એય! આ હિંમતભાઈએ અર્થ કર્યા છે બધા. આહાહા!

અરે! અનંત આનંદ ને અનંત જ્ઞાનનો નાથ એને પ્રગટ કરવા માટે રાગની અપેક્ષા લેવી પડે, એ આત્મા નહીં. એને આત્મા (માનવાની) ના પાડી છે, એ તો અણાત્મા છે. આહાહા!

પ્રત્યક્ષ સ્વભાવથી જાણવામાં આવે, પોતાના સ્વભાવ જણાય એવો પ્રત્યક્ષ થાય એ આત્મા એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? જેને આત્માના અનુભવ માટે રાગની મંદતા ને નિમિત્તના સાધનની જરૂર પડે—એવો આત્મા છે જ નહીં. એવો આત્મા છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત તો સાંભળવા મળી નહીં. શામળદાસજી! એમને એમ બિચારો હેરાન થઈ ગયો. અળસિયા ને ગલુડિયા મરે એમ આ પણ મરે. મરતા ટળવળ.. ટળવળ, પગ ખેંચાય, આ ખેંચાય. આહા! અરે! આ ધર્મ કર્યો હતોને આટલે સુધી? હતો જ નહીં ધર્મ. સમજાણું કાંઈ? આહાહા! કેટલું સ્પષ્ટ કર્યું છે! તપની વ્યાખ્યા, સંયમની વ્યાખ્યા, નિયમની વ્યાખ્યા અને ધર્મધ્યાનની વ્યાખ્યા. આહાહા!

હવે શુક્લધ્યાન. **ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરે** ભેદના **વિવિધ વિકલ્પોથી વિમુક્ત એવા વિકલ્પો વિનાનું, અંતર્મુખાકાર**—અંતર્મુખ વિશેષ દશા **(અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું)**, આહાહા! એવું **સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર**... શુક્લધ્યાન ઇન્દ્રિયથી અગોચર છે, વિકલ્પથી અગમ્ય છે. **નિરંજન-નિજ-પરમતત્ત્વમાં...** અંજન–મેલ વિનાનો ભગવાન ત્રિકાળી નિજ-પરમતત્ત્વ, પાછું એમ. ભાષા તો જુઓ! પોતાનું પરમતત્ત્વ એક સમયની પર્યાય વિનાનું એવું ત્રિકાળી પરમતત્ત્વ ભગવાન **અવિચળ સ્થિતિરૂપ**—ન ફરે એવી સ્થિતિ અંદરમાં, **એવું જે ધ્યાન તે નિશ્ચયશુક્લધ્યાન છે.** લ્યો, આ ધ્યાનને નિશ્ચય–સાચું શુક્લધ્યાન કહે છે. સમજાણું કાંઈ?

**આ સામગ્રીવિશેષો સહિત...** લ્યો. આ સામગ્રી છે. **(આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત)...** હવે **अप्पाणं** શબ્દ છેને છેલ્લો? **जो झायइ अप्पाणं...** આત્મા કેવો? એમ હવે લે છે. કે **અખંડ** છે ભગવાન તો પ્રભુ. ધ્રુવ નિત્યાનંદ અવિનાશી એનું દળ એમને એમ અનાદિ-અનંત છે. **અદ્વૈત** છે, એકરૂપ ધ્રુવ આત્મા છે. પરમ **ચૈતન્યમય આત્માને...** એકલો જ્ઞાનમય ભગવાન, જાણક-સ્વભાવના નેત્રવાળો પ્રભુ એવા આત્માને જે **પરમ સંયમી** ઇન્દ્રિયદમન કરીને આવા ભાવ સહિત જે ધ્યાવે છે... **નિત્ય ધ્યાવે છે,** એમ કીધું પાછું. કાયમ એની દૃષ્ટિ ને સ્થિરતા એને લક્ષે જ પડી છે. આહાહા! **તેને ખરેખર પરમ સમાધિ છે.** એને પરમ શાંતિ છે. એને શાંતિવાળો કહીએ, બાકી બધા દુઃખી અને અશાંતિવાળા છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૫, શુક્રવાર, તા. ૨૪-૯-૧૯૭૧**
**શ્લોક - ૨૦૧, ગાથા - ૧૨૪, પ્રવચન નં. ૧૩૪**

પરમ શાંતિ–સમાધિ અધિકાર છે. એનો ૨૦૧ કળશ છે.

**હવે આ ૧૨૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये ।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम् ॥२०१॥**

**શ્લોકાર્થ : જે** આ આત્મા **સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે...** આ આત્મા વસ્તુ છે આ આત્મા, એ તો સદાય ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં જ રહેલો છે.

શ્રોતા : નિર્વિકલ્પ ને સમાધિ એનો અર્થ શું થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ આત્મા જે વસ્તુ દેહથી, પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે, એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે, એવું આ સદા એટલે ત્રિકાળ ચૈતન્યમય–જ્ઞાનમય, નિર્વિકલ્પ એટલે અભેદ, સમાધિ એટલે શાંતિ એમાં ત્રિકાળ સ્થિત છે. પ્રગટતાની આ વાત નથી. પ્રગટમાં **नमाम्यहम्** આવશે. સમજાય છે કાંઈ ?

જે વર્તમાનમાં નિર્વિકલ્પ–રાગ વિનાની શાંતિ અને સમાધિ(રૂપ) મોક્ષનો માર્ગ, એ અંતરમાં ત્રિકાળ જ્ઞાન, આનંદસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિથી સ્થિત દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? ત્રણે કાળ એ તો ચૈતન્યમય–જ્ઞાનમય-સ્વરૂપ ત્રિકાળ નિર્વિકલ્પ અભેદ સમાધિ–શાંતિ સ્વરૂપ જ એ છે. આહાહા! શૈલી એવી રીતે કરી છે કે જે પર્યાય પ્રગટ કરવાની છે એવું એનું સ્વરૂપ જ ત્રિકાળ છે, કહે છે. આહાહા! 'સમાહિ' વીતરાગ પરિણામ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિયમસાર છેને આ! આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની પ્રતીત અને એનું જ્ઞાન ને એની રમણતા એ સમાધિ, શાંતિ, મોક્ષનો માર્ગ. પણ કહે છે કે એ માર્ગ કોને આશ્રયે પ્રગટ્યો ? કે જે નિર્વિકલ્પ સદા ચૈતન્યમય સમાધિસ્વરૂપ જ છે એ તો. સમજાણું કાંઈ ?

સદા નામ નિત્ય... જે, તે, એમ આવશેને આગળ? જે આત્મા પોતાનો નિજસ્વભાવ અભેદ સદા ચૈતન્યમય, અભેદ ચૈતન્ય-જ્ઞાન-દર્શન-આનંદ આદિ, એવું નિર્વિકલ્પ સમાધિ, અભેદ શાંતિ, અભેદ વીતરાગભાવ એમાં રહેલું તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ ? જે પોતાનો સ્વભાવ પરમ સમાધિ, પરમ શાંતિ, પરમ આનંદથી નિર્વિકલ્પ સ્વભાવથી જે અભેદ આત્મા છે, એમ કહે છે. પ્રાપ્તની પ્રાપ્તિ–છે એમાંથી આવશે, એમ કહે છે. વર્તમાન મોક્ષનો માર્ગ એ ક્યાંથી આવશે ? એ ત્રિકાળી સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એની સમાધિથી ભરેલો પદાર્થ જ છે. આહાહા! એને આત્મા કહીએ. સમજાણું કાંઈ ? જેમાં શરીર-કર્મ નથી, પુણ્ય-પાપના રાગ નથી

અને જે સદા અભેદસ્વરૂપ છે, જેમાં એક સમયની પર્યાય પણ નથી. એમ ટીકાકારની શૈલી જ જુદી છે. સમજાણું કાંઈ?

એવો જે ભગવાન પોતાની ત્રિકાળ હયાતીવાળું તત્ત્વ, એવો જે આત્મા **તે દ્વૈતાદ્વૈતવિમુક્ત** છે. હું એક છું કે અનેક છું—એવા વિકલ્પથી તે રહિત વસ્તુ છે. આહાહા! આવો આત્મા! આ ધર્મકથા કેવી થાય છે? એ કહે છે. જે ભગવાન પૂર્ણ આનંદ ને પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિથી ભરેલો જ પદાર્થ છે. તે આત્મા દ્વૈતાદ્વૈતવિમુક્ત છે. એમાં હું એકરૂપ છું કે ગુણથી અનેકરૂપ છું—એવી વૃત્તિ–વિકલ્પની વાસનાથી એ ત્રણે કાળે મુક્ત છે. આહાહા! સમજાણું કાંઈ? આવો આત્મા એને **હું નમું છું.** એ પ્રગટ સમાધિ છે. એવો જે ભગવાન આત્મા એને હું નમું છું એટલે કે મારો ઝોંક આવા દ્રવ્ય ઉપર છે. મારું વલણ આવું જે દ્વૈત-અદ્વૈતથી મુક્ત પ્રભુ સદા નિર્વિકલ્પ સમાધિથી સ્થિત નિત્ય ધ્રુવ શાશ્વત એ ચીજમાં મારું વલણ પરિણમન છે. એના તરફ હું ઝુકેલો છું. એવી જે નિર્વિકલ્પ શાંતિ એને એટલે કે એ વડે હું ત્રિકાળ નમું છું. આહાહા! નિર્વિકલ્પ સમાધિની પરિણતિ વડે હું ત્રિકાળી સત્ તત્ત્વ તરફ ઢળ્યો છું. ભારે! કહો, સમજાણું કાંઈ?

એ **નમામ્યહમ્**—નમું છું એ ધર્મ છે. ઓલો ધર્મી છે. ત્રિકાળી વસ્તુ શાંતિ ને સમાધિનો તો આખો દરિયો છે. અરે! એ આત્મા કેવો, કેમ છે—એને સાંભળવા મળે નહીં, એના ખ્યાલમાં આવે નહીં, ત્યાં સુધી એના માહાત્મ્યથી અંદર ઢળે કેમ? સમજાય છે કાંઈ? લ્યો, આમાં તો કર્મ માર્ગ આપે તો નમું છું એવું કાંઈ ન આવ્યું. નહીં? રાગ મંદ થાય... વ્યવહાર.. ગોમ્મટસારમાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુ તો આવી છે ભાઈ! પર્યાયમાં વિકાર થાય એ કાંઈ નિમિત્તથી નથી, નિમિત્તને આધિન થવાથી થાય છે. એ તો એની સ્વતંત્રતા છે, પણ એ પોતે એ સ્વરૂપે નથી. પોતે તો નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકાર આત્મા વીતરાગભાવ, વીતરાગભાવ ત્રિકાળ સમતાભાવ, ત્રિકાળ સામાયિકભાવ, એવો આત્મા... અરે! એ આત્મા આવો (એમ) એની દ્રષ્ટિમાં આવે, એ દ્રષ્ટિમાં સમાધિ થાય, એમ કહે છે. એ દ્રષ્ટિમાં સમાધિ થાય છે. દ્રષ્ટિ પોતે સમાધિ શાંતસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

ચાહે તો વિકલ્પ હો, એ વસ્તુમાં એ નથી. અને ગુણો ને ગુણની પર્યાયનો આ આત્મા ગુણ-પર્યાયરૂપ છે (એમ) કહેવો, એવું અનેકરૂપ કહેવું એવો વિકલ્પ પણ એનામાં નથી અને હું ગુણ-પર્યાયનો પિંડ એકલો એક છું એવો પણ વિકલ્પ જેની ચીજમાં નથી. આહાહા! ઓહોહો! સંતોએ સાદી ભાષામાં જગતને આત્મા પીરસ્યો છે! આ તારો ખોરાક તે આ છે ભાઈ! આહાહા! દિગંબર સંતોએ મોક્ષના માર્ગ... આ તો નિયમસાર છે ને! મોક્ષનો માર્ગ તો પર્યાય છે. પણ, કહે છે કે એ પર્યાયવાન જે આત્મા એમાં આ મોક્ષમાર્ગની પર્યાય નથી, તો વિકલ્પો

તો ક્યાંથી હોય? આહાહા! એ તો નિર્વિકલ્પ અભેદ ચીજ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. એના જ્ઞાનમાં આવો જ્ઞેયરૂપ આત્મા છે એમ એને બેસવું જોઈએ પહેલું. સમજાય છે કાંઈ?

એવા આત્માને... ત્યાં સુધી ધ્રુવની વાત કરી. શાશ્વત વસ્તુ આવી છે. એને **નમામ્યહમ્...** આમ જે અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પને અને નિમિત્તમાં નમ્યો–વળ્યો હતો, એ હવે આમ વળું છું. આહાહા! ગજબ વાત કરી છે! દેવ-ગુરુ-શાસ્ત્રને હું નમતો, કહે છે, પણ એ બધો પર તરફના નમનનો વિકલ્પ હતો. કહો, જેઠાભાઈ! આવું આ બધું માને માણસ? આ તો (માન્યે) છૂટકો છે. આહાહા! ભાઈ! આવો તો તું છો. અનાદિ-અનંત છો, ભગવાને તને એવો ભાળ્યો છે–જોયો છે. તારો આત્મા આવો છે એમ ભગવાને જોયો છે. તું એમાં જો એટલે નમ એટલે તને ખબર પડે કે આવો આત્મા છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા ભાઈ!

આ વીતરાગમાર્ગ... ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના ઇન્દ્રો ચરણ ચાટે, જેના પગ નીચેની ધૂળ માથે ઉપાડે, જેના ચરણના રજના સેવક–ચરણરજ સેવક. એવા ઇન્દ્રો જેને નમે, કહે છે કે નમે (એવો) એને જે વિકલ્પ આવ્યો આને નમવાનો, એ વસ્તુમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુમાં તો હું પોતાને નમું એવો કાયમનો ત્રિકાળી ભાવ ભરેલો છે. આહાહા! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને નમું, જાત્રામાં જાઉં (એવા) વિકલ્પ એ બધું મારા સ્વરૂપમાં નથી, મારો સ્વભાવ નથી, કહે છે. આહાહા! આ આત્મા. એને કહીએ આત્મા, એને કહીએ પરમાત્મા. એના સાધનથી પોતે પર્યાયમાં પરમાત્મા થાય. લોકોને ભારે કઠણ પડે હોં. આ વ્યવહાર ... એમાં એકલો નિશ્ચય.. નિશ્ચય (લાગે). બાપુ! સાચેસાચું. નિશ્ચય એટલે સાચું. આહાહા! ભાઈ! આ તો પરમેશ્વર છો તું. પહેલો દ્રષ્ટિમાં પરમેશ્વર સ્થાપ તો પર્યાયમાં પરમેશ્વરતા આવશે. આહાહા! કહો, હીરાભાઈ! એય ભીખાભાઈ! આ બધું ઉડી જાય છે. એકલો રહે છે એકલો. એને બોલવા ન દીધા તે... આહાહા!

ભાઈ! તને તારી શાશ્વત ચીજની ખબર નથી. શાશ્વત ચીજ જે છે પોતે અવિનાશી તત્ત્વ ભગવાન આત્મા, જેની શરૂઆત નથી, જેનો અંત નથી એવું અનાદિ-અનંત તત્ત્વ ભગવાન, કહે છે, એ તો ત્રિકાળ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ જ છે. આહાહા! અને એ સવિકલ્પ ને અવિકલ્પ એટલે આ વિકલ્પવાળો છું, નિર્વિકલ્પવાળો છું—એવા વિકલ્પથી પણ એ તો રહિત છે. આહાહા! એવા **આત્માને હું નમું છું**. ભાષા જુઓ! પરમાત્મા, અરિહંત પરમાત્માને નમું છું એમ ન આવ્યું અહીંયા. ભગવાનની એમ આજ્ઞા નથી, કહે છે. ભગવાનની એમ આજ્ઞા છે કે અમને નમવા કરતાં તારા સ્વરૂપને નમ. એ અમારી આજ્ઞા છે. આહાહા! સમજાણું કાંઈ? ન્યાલભાઈનો જમાઈ છે. આપણા ન્યાલભાઈ, નહીં? કહે છે કે ભગવાન! એકવાર સાંભળ, ભાઈ! **જે સદા...** કળશ છેને કળશ. દુનિયાના ભણતર કરતાં આ ભણતર જુદી જાતનું છે.

શ્રોતા : પહેલા એમ કહો કે સુખી થવાશે કે નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી : સુખી થવાનું આ ભણતર છે, બાકી બધા ભણતર દુઃખી થવાના છે. સુખી થવાનો આ માર્ગ છે. આહાહા! કહે છે... બહુ ગાથા અલૌકિક છે હોં! **જે સદા... જે** એટલે આ આત્મા જે વસ્તુ અંદર છે... **જે**... જે આ અંદર વસ્તુ છે એ શરીર, વાણી, મનથી જુદી ચીજ છે અને પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓથી પણ એ જુદી ચીજ છે.

શ્રોતા : જુદી એટલે કોણ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આ આત્મા. જે એટલે આ આત્મા અંદર ત્રિકાળ શાશ્વત પ્રભુ. જે ત્રિકાળ શાશ્વત... જુઓને! **જે સદા... જે સદા**–ત્રણે કાળ ચૈતન્યમય નિર્વિકલ્પ... એ તો જ્ઞાન ને આનંદમય, નિર્વિકલ્પ નામ એકરૂપ સમાધિમાં રહે છે. એનું ત્રિકાળ સ્વરૂપ જ વીતરાગ ને સમાધિમાં રહેવું, એવો જ એનો સ્વભાવ છે. આરે, આ વાત કાંઈ! સમજાણું કાંઈ? આહા!

ભગવાન ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ એ સત્ છે, એની શરૂઆત ન હોય. છે એની શરૂઆત હોય નહીં, છે એનો નાશ ન હોય. એટલે છે એ સદા... એમ શબ્દ વાપર્યો. **જે સદા**... આ કાંઈ ચોપડીની વાત નથી કે એક અક્ષરમાં સમજાઈ જાય. **જે સદા**... જે એટલે આત્મા. **જે સદા**... સદા એટલે ત્રણે કાળ. ચૈતન્યમય–જ્ઞાન ને આનંદમય. એ તો જ્ઞાનમય છે. જેમ અફીણ કડવાશમય છે, સાકર ગળપણમય છે, એમ ભગવાન આત્મા ચૈતન્યમય છે. 'મય' શબ્દે અભેદ બતાવે છે. ચૈતન્યવાળો એમ નહીં. ચૈતન્ય–જ્ઞાનવાળો એ તો ભેદ પડી ગયો, પણ ચૈતન્યમય એ ભગવાન આત્મા ચૈતન્ય નામ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવમય નિર્વિકલ્પ છે. એકરૂપ અભેદ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ આત્મા આવો છે એણે કોઈ દિ' સાંભળ્યો નથી. વેઠું કરી-કરીને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. મલૂકચંદભાઈ! આહાહા! વેઠ્યું હશે આ બધું? દુઃખી હશે આ બધા? ન્યાલભાઈ દુઃખી? મોટા દુઃખના પોટલામાં છે. ભાઈ! પૈસાવાળા કહેવાય. છોડી એકની એક ને રૂપિયા કેટલા કહેવાય, લ્યો. ધૂળમાંય નથી હવે. અહીં તો કહે છે કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ કહ્યું કે તારું તત્ત્વ આવું છે. અરિહંત પ્રભુ સર્વજ્ઞ જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. એવો આત્માનો સ્વભાવ શક્તિરૂપે હતો એ પ્રગટ કર્યો. પ્રગટતાથી એણે ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞાનમાં જાણ્યા. આ આત્મા આવો છે એમ એણે જાણ્યો, એવું કહ્યું. સમજાણું કાંઈ?

કે **જે** ભગવાન આત્મા **સદા ચૈતન્યમય**... આ તો અલૌકિક શબ્દો–મંત્રો છે. આહાહા! એ ત્રિકાળ નિર્વિકલ્પ સમાધિમાં જ રહેનારો છે. પર્યાયની વાત નથી–અવસ્થાની વાત નથી. પોતે નિર્વિકલ્પ સમાધિ આનંદમય જ છે. આહાહા! વસ્તુ ભગવાન આત્મા આનંદમય ત્રિકાળ છે. સમાધિ–શાંતિ.. શાંતિ–સમતા–વીતરાગતા–નિર્દોષતાના સ્વભાવથી ભરેલું એ તત્ત્વ જ છે.

આહાહા! કહો, મૂલચંદભાઈ! ભારે વાત ભાઈ! આવો આત્મા! અહીં તો એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, સરખી અડદની દાળ સદડી ન થઈ હોય તો ઢીંચણીયું ઉડે. એ.. સરખું આવડ્યું નથી. આ કહે કે આ. અરે ભગવાન! તને ખબર નથી, નાથ! તારી ચીજ શું છે?

ભગવાન આત્મા નિર્વિકલ્પ શાંતિમાં રહે છે. પર્યાયની આ વાત નથી, અવસ્થાની વાત નથી. ત્રિકાળ સ્વરૂપ છે એવું. શાંત સરોવર.. શાંત.. જેમ જળથી ભરેલો સરોવર, મીઠા પાણીથી ભરેલો મહેરામણ–સમુદ્ર હો, એમ ભગવાન આત્મા મીઠી શાંતિ ને આનંદથી ભરેલો સાગર છે. આહાહા! થાય છેને. મીઠો મહેરામણ, એમ. આ ખારા પાણીનો મહેરામણ નહીં. તેથી 'મીઠો' એમ વિશેષણ આપ્યું. આ મહેરામણ, આ લવણસમુદ્ર મહેરામણ કહેવાય છે ને! ખારું પાણી છે એમાં. આ તો મીઠો મહેરામણ. આહાહા! અરેરે! એને ખબર ન મળે.

એમ તો કહો કે જેને આનંદ પ્રગટ કરવો છે અને એ આનંદ તે પણ પૂર્ણ પ્રગટ કરવો છે. થોડો પ્રગટ કરવાનો ભાવ હોય એને? આનંદ, અતીન્દ્રિય આનંદ જેને પ્રગટ કરવો છે અને તે પણ અતીન્દ્રિય પૂર્ણ પ્રગટ કરવો છે, તે પૂર્ણ અતીન્દ્રિય આનંદ આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? બહારમાંથી આવે એવો છે? અંદરમાં ભગવાન આત્માના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદની પૂર્ણ.. પૂર્ણ શક્તિ પડેલી છે. આહાહા! એવા અતીન્દ્રિય આનંદના અંદરમાં એકાગ્ર થતાં એની વર્તમાનદશામાં અતીન્દ્રિય આનંદ થાય, એને ભગવાન ધર્મ કહે છે. લોકો વાતું કરતા હોય કે આમ ધર્મ થાય, દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી ને પૂજા કરવી. સમજાણું કાંઈ? એય મલૂકચંદભાઈ! તમારો ન્યાલ તો રૂપિયા આડે ધંધાથી નવરો પડતો નથી. કહો, સમજાણું કાંઈ? આ ન્યાલનો રસ્તો છે, એમ કહે છે. આ બધા ધંધા ખોટના રસ્તા છે એમ કહે છે. આહાહા! મુનિઓ શું, માર્ગ એવો છે. એ વકીલ છેને. કહો, સમજાણું કાંઈ? આહાહા!

પણ એક સિદ્ધાંતથી, લોજીકથી લઈએ કે માણસને સુખ જોઈએ છે. ખરું? હવે સુખ જોઈએ છે તો એના સુખના ઉપાય પણ કરવા માગે છે. પણ સુખ ક્યાં છે ને સુખનો ઉપાય શું છે—એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એ સુખ શું આ ધૂળમાં–શરીરમાં છે? આ તો માટી છે. વાણીમાં છે? પૈસામાં છે? બાયડીમાં છે? હજીરામાં છે? હજીરો એટલે મકાન. મોટું દસ લાખનું, વીસ લાખનું મકાન હોયને મોટો હજીરો. છે એમાં સુખ?

શ્રોતા : એમાં સુખ નથી, પણ એમાં રહેવાથી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એમાં રહ્યો છે જ ક્યાં? પોતે પોતામાં રહ્યો છે. માને કે ઘરમાં રહું છું. એ તો જડ છે. આહાહા! કંઈક મૂકીને ચાલ્યા ગયા દસ-દસ લાખના મકાન. અરે! સાડા ત્રણ કરોડનું મકાન, નહીં ભાઈનું? જ્યોર્જ મરી ગયોને જ્યોર્જ. વિલાયતમાં–લંડનમાં. સાડા ત્રણ કરોડનું મકાન હતું. ક્યારે મરી ગયો એની ખબર ન પડી. એના દસ-દસ હજારના મહિનાવાળા (ડોક્ટરો) હતા. ક્યારે મરી ગયા, ખબર ન પડી. બોલશો નહીં... રાતે જ્યારે

ઉઘાડવા ગયા, ત્યાં મરી ગયો, મડદું. આમ જ્યોર્જ છે... હવે એની સાથે સંબંધ શું છે? ઘરમાં, દેહમાં રહ્યો નથી. દેહ તો જડ, માટી–ધૂળ છે. આ તો માટી જડ છે, અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વમાં જીવતત્ત્વ રહે? જીવ જીવમાં રહે છે, જીવ અજીવતત્ત્વમાં રહેતો નથી ત્રણ કાળમાં. સમજાણું કાંઈ?

શ્રોતા : હજી પાકી ખાતરી કરાવી દ્યો.....

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ કરે એ? જેને કરવું એ કરે કે કરાવનારો કરે? કોણ કરાવે? ભગવાન! તું પોતે ભૂલ્યો તે ભૂલને તું ભાંગ. બાકી કોઈ ભાંગી દે એવી તાકાત છે નહીં. આહાહા!

કહે છે... એક જ શ્લોકમાં તો કેટલું ભર્યું છે! એક સદા સમાધિમાં રહેનારો એનું સ્વરૂપ જ.... જે સમતા ને સુખ કાઢવા માગે છે, એ સુખથી ભરેલો તત્ત્વ છે. નિર્વિકલ્પ સમાધિ કહો કે સુખ કહો. નિર્વિકલ્પ સમાધિ એટલે આનંદસ્વરૂપ જ એનું છે. એ સચ્ચિદાનંદ છે. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન.. જ્ઞાન લીધુંને! આ ચૈતન્યમય એ જ્ઞાન અને નિર્વિકલ્પ સમાધિ એટલે સુખ.—બેય સમાડી દીધા. સમાધિનું સુખ. એ ભગવાન આત્મામાં ચૈતન્યમય અને નિર્વિકલ્પ સુખ છે. આહાહા! એ રહે છે એને આત્મા કહીએ. એ આત્મા પુણ્ય-પાપમાં રહેતો નથી, ઘરમાં તો રહેતો નથી. એની ધૂળની લક્ષ્મી હોય બે-પાંચ કરોડની એમાંય રહેતો નથી. એ તો માટી જડ ધૂળ છે. ન્યાં ગરી ગયો છે અંદર? ન્યાં ગરી જાય તો જડ થઈ જાય એ. આ તો જડ છે બધું. સમજાણું કાંઈ? એ તો ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ છે. જે સુખને શોધવા માગે છે તે સુખથી ખાલી નથી. સમજાણું કાંઈ?

જે સુખને શોધવા માગે છે આમ, એ પોતે સુખથી ખાલી નથી. એનું ભાન નથી એને. આહાહા! સમજાણું કાંઈ? 'કાંઈ સમજાણું' એમ કહેવાય છે ને? બધું સમજાણું (એમ) કોણ કહે છે? બધું સમજાય તો થઈ રહ્યું. કેમ હીરાભાઈ? આહાહા! આ શું ગંધ આવે છે (એટલે) શું કહેવા માગે છે એ સમજાય છે? શું કહેવા માગે છે? આહાહા! ભગવાન આત્મા... **જે** એટલે આત્મા, **સદા** એટલે ત્રિકાળ, **ચૈતન્યમય** એટલે જ્ઞાનમય અને દર્શનમય ભેગું આવી ગયું. **નિર્વિકલ્પ**–અભેદ **સમાધિ** એટલે સુખ. અભેદ સુખમાં બિરાજમાન પ્રભુ અનાદિ-અનંત છે. આહાહા! **તે દ્વેતાદ્વૈત વિમુક્ત**... એવો ભગવાન આત્મા... હું જ્ઞાન ને આનંદમય છું એવો ભેદનો વિકલ્પ પણ જેમાં નથી. વિકલ્પ નામ વાસના–વૃત્તિ–રાગ. હું જ્ઞાન ને આનંદ છું.... બે આવ્યાને ગુણ, ભાઈ! તેથી કહ્યું કે હું જ્ઞાન ને આનંદ છું એવો ભેદ, વિકલ્પ–રાગ પણ એમાં નથી અને હું જ્ઞાન ને આનંદમય છું એવો અભેદ વિકલ્પ પણ એનામાં નથી. આહાહા! વિકલ્પ નામ રાગ.

આ છું તે છું. **તે દ્વૈતાદ્વૈત મુક્ત**... એવો જે આત્મા. (**દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી રહિત**)... અદ્વૈત એટલે બધા થઈને અદ્વૈત એ આહીં વાત નથી. આહીં તો ભગવાન આત્મા... બે બોલ

કીધા ખરાને. જે આત્મા સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહેલો છે. તો એને અંદર સ્પષ્ટ કર્યું કે તે આત્મા એવો હું, એ ગુણના ભેદવાળો વિકલ્પ રાગ મારામાં નથી. તેમ અભેદ કીધો એવો 'હું અભેદ છું, અદ્વૈત છું, અંદરમાં એકરૂપ છું' એવી રાગની વાસના પણ એનામાં નથી. ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયથી વાત ચાલે છેને! 'નિ' ધાતુ ચાલે છે ન્યાયમાં. ન્યાયમાં 'નિ' ધાતુ આવે છે. 'નિ' (એટલે) દોરી જવું. જેવી વસ્તુ છે તેમ જ્ઞાનમાં દોરી જવું, એનું નામ ન્યાય. સમજાય છે કાંઈ?

કહે છે, અરે... આહા! ભારે ભાઈ! ઊંચું ... હોં. મુનિરાજ વનમાં રહ્યા, જંગલવાસી. **દ્વૈત-અદ્વૈત**. પહેલું દ્વૈત નાખ્યુંને! **ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ**—બે કહ્યું ખરુંને! આહાહા! મુનિરાજની એક શૈલી તો જુઓ! આવી વાત ક્યાંય છે નહીં. દ્વૈત ને અદ્વૈત એટલે જેમાં રહ્યો છે એવો હું ને આ રહેનાર ગુણો—એવા ભેદ નથી, તેમ 'અભેદ હું છું' એવો રાગ પણ નથી. એવા **આત્માને**... એવા આત્માને... એ ત્રિકાળીની વાત કીધી. હવે, **હું નમું છું**. આહાહા! એવો ભગવાન આત્મા એમાં મારો ઝુકાવ છે. આમ અનાદિથી જે રાગ ને પુણ્ય-પાપના વિકલ્પમાં ઝુકાવ હતો, એ મિથ્યા ઝુકાવ પરિભ્રમણનું કારણ હતું. સમજાય છે કાંઈ?

આવો જે ભગવાન **હું**... '**હું**' કીધુંને! **આત્માને હું**... એવો આત્મા હું... એવા **આત્માને હું નમું છું.** એટલે કે વસ્તુનું ત્રિકાળી આવું સ્વરૂપ છે એમાં મારો વિનય થઈને આદર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! આનું નામ ધર્મ. બહુ વ્યાખ્યા ભાઈ! ધર્મની ઝીણી. દુનિયા તો કંઈનું કાંઈ પૂજા કરો, ભક્તિ કરો, વ્રત પાળો, આ કરો ને તે કરો, મંદિર બનાવો ને ધર્મ થાય. ધૂળેય ધર્મ નથી, સાંભળને! એ શુભરાગ-શુભભાવ હોય પુણ્ય. ધર્મ નહીં, એ ધર્મ નહીં. ધર્મ તો અલૌકિક શાંતિ પ્રાપ્ત થાય એને ધર્મ કહેવાય. એ અલૌકિક શાંતિનો સાગર ભગવાન છે. શાંતિના સુખથી મીઠા મહેરામણ એવી આનંદની મીઠાશથી ભરેલો મહેરામણ છે આત્મા. અરે! પણ કેમ બેસે? બીડી વિના ચાલે નહીં, સરખી સદડી અડદની દાળ ન થાય ત્યાં ઢીંચણીયું ઉડે. એય.. ધાનના ધૂળ કરી નાખ્યા. ધાન માગો ત્યારે લાવીએ છીએ. આવા કષાયમાં એણે આવો.... પંડિતજી!

આવા **આત્માને હું નમું છું**. એનો અર્થ જ, મારી નિર્મળ પર્યાય છે મારા આત્માની, એના વડે હું અંદર નમું છું. આહાહા! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો આત્માની ભગવત શાસ્ત્રની કથા છે. ભાગવતશાસ્ત્ર એટલે આત્મા, ભગવાનસ્વરૂપ આત્મા. એને-આવા આત્માને નમું છું, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. આવા આત્મામાં અંદરમાં જાઉં છું એવી જે દશા એનું નામ શાંતિ, સુખ ને મોક્ષનો માર્ગ. કહો, સમજાણું કાંઈ? આહાહા! ચંદુભાઈ! જુઓ! ૧૨૩ થઈ ગઈ, હવે ૧૨૪. ૧૨૪ ગાથા માથે છે ને.

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो ।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स ॥१२४॥**

નીચે એનું (હરિગીત).

**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

**ટીકા : આ ગાથામાં...** આ ચોપડું તો કોઈ દિ' જોયું ન હોય એણે. બહાર પરદેશમાં આ હતું ત્યાં? આમ આફ્રિકા, જાપાન ને બધી હોળી હોય ચારેકોર. આ તો ભગવાનની કોલેજ છે બાપા! આ તો ભગવાન થવાની દશા છે. ઓલી તો રખડવાની બધી દશા છે. પચ્ચીસ કરોડ ને પચાસ કરોડ ને સો કરોડ ને અબજ ને બે અબજ. ધૂળધાણી ને વાપાણી. ન્યાં તો દુઃખી.. દુઃખી.. દુઃખી. આહાહા! ત્યાં નથી આપણે મોરબીમાં? એક છેને? દુર્લભજી ઝવેરી, અબજપતિ. આમ મોરબીના, અત્યારે જયપુર છે. હમણા આપણે ગયા હતાને. જયપુર આપણે ગયા હતાને. અબજ રૂપિયા. ઓલા ગોદિકાને મેં પૂછ્યું ત્યારે કે બે અબજ છે. પણ અબજ તો હશે, એમ લાગે છે. આપણા વાણિયા અહીના દશાશ્રીમાળી મોરબીના.

પછી આવ્યા હતા પગે લાગવા બિચારા. આમ મારું નામ તો પ્રસિદ્ધ છેને. પહેલા તો આમાં (-સંપ્રદાયમાં) હતાને ત્યારે. એવા તો ભગત ઘણા હતા એ વખતે–મુહપત્તિમાં ત્યારે. પછી આવ્યા હતા. એના દીકરાનો દીકરો–છોકરો થયો અઢાર વર્ષનો. પૈસાવાળા માણસ. દીકરો નહોતો. મહારાજ આવ્યા છે એટલે આપણે પગે લગાડવો મહારાજને એટલે આપણો દીકરો સરખો રહે. સૌને એવી છેને છાપ થોડી. ઘરે ગયા હતા. ..... એની પાસે ઘણા રૂપિયા છે, ઘણા છે. સાઈઠ-સિત્તેર લાખ કે એંસી લાખ. બે કરોડ કહે છે, પણ એટલા તો નહીં હોય. આવ્યા બધા ભેગા થયા. સંભળાવો, કીધું. ન્યાં વ્યાખ્યાનમાં આવો. ઘરે શું તમને મળે છે? પા કલાક રહ્યા, એક હજાર મૂક્યા જ્ઞાન ખાતે. દસ મિનિટ બેઠા ખરાને ઘરે. પણ ક્યાંય શાંતિ ન મળે એવડી ધૂળ છે. આહાહા! એય! આહાહા!

અહીં તો કહે છે કે **સમતા વિના...** છે ? પહેલો શબ્દ છે. 'સમતા વિના' એટલે શું? એમ ભાષા ન ચાલે. સમતા એટલે આત્મા આનંદસ્વરૂપ છે એનું અંતર ભાન થઈને જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એને અહીંયા સમતા કહેવામાં આવે છે. વીતરાગભાવને અહીંયા સમતા કહેવામાં આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય છે, એ અસમતા છે. હિંસા, જૂઠું, ચોરી વિષયભોગ, વાસના એ ભાવ તે વિષમભાવ, દુઃખરૂપભાવ છે, એ અસમતાનો ભાવ છે. આ સમતાનો ભાવ કહેવો છે. આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પોતે અનાદિ શાશ્વત એનો આશ્રય લઈને વીતરાગદશા જેણે પ્રગટ કરી નથી, જે પુણ્ય ને પાપના વિકલ્પથી ભિન્ન પડીને ત્રિકાળી આનંદકંદ ભગવાન આનંદકંદમાં

ઢળ્યો નથી અને જેને વીતરાગભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રગટ થયો નથી, એવા દ્રવ્યલિંગી જૈનના સાધુ થાય, નાગા થાય, બાયડીયું-છોકરા છોડે, કરોડો પૈસા છોડે. એ બધા દ્રવ્યલિંગીઓ મિથ્યાદ્રષ્ટિ છે.

શ્રોતા : ધર્મ તો થાયને એને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એકલો અધર્મ થાય. આ ભગવાન આત્મા જે ત્રિકાળી આનંદમૂર્તિ તેને કહ્યું, એના તરફનો આશ્રય કરીને જેને સમતા નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ નિર્મળ પર્યાય, એવી નિર્મળપર્યાય નિર્મળ આત્માને આશ્રયે પ્રગટ કરી નથી એવા દ્રવ્યલિંગી સાધુઓ **શ્રમણાભાસ...** દ્રવ્યલિંગી એટલે દ્રવ્ય(લિંગ)–નગ્નપણું ધારણ કર્યું અને પંચમહાવ્રતના વિકલ્પ કદાચિત્ પાળતો હોય, પણ એ મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી છે. ભગવાન આત્માના ભાન વિનાના એ બધા મિથ્યાદ્રષ્ટિ પાપીઓ છે એમ કહે છે. આરે! ભારે કરી.

શ્રોતા : મિથ્યાદર્શનનું પાપ ક્યું આવતું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી : જગતમાં એ જ મોટું પાપ. જુઓને! પાછળ શું કહ્યું?

જુઓ! **સમતા વિના દ્રવ્યલિંગધારી...** નગ્નપણું ધારણ કર્યું, સાધુનો ભેખ ધારણ કર્યો. પણ **શ્રમણાભાસ** છે. શ્રમણ નહીં, પણ શ્રમણાભાસ છે. શાહુકાર નહીં, પણ શાહુકારાભાસ છે. આહાહા! ભીખાભાઈ! નગ્ન થઈને સાધુ નામ ધરાવે (અને માને કે) મુનિ અમે થઈ ગયા. માથા મુંડાવીને, બાયડી-છોકરા છોડીને બેઠા. ભાન ન મળે, અંદર આત્મા શું છે એની તો ખબર ન મળે. એ બધા બુદ્ધિ વિનાના બાવા થાય, એ ભવસાગરમાં ડૂબી મરે. સમજાણું કાંઈ? પંડિતજી! શ્રમણાભાસ છે. શ્રમણ નથી, પણ શ્રમણ જેવો લિબાસ છે. એમ આભાસ છે ને? આભાસ છે. પાણી નથી, પણ મૃગજળ જેવું છે.

આ મૃગજળ થાયને ખારીલી જમીનમાં. ખારીલી જમીનમાં સૂર્યના કિરણને કારણે મૃગજળ દેખાય. પાણી કે દિ' ન્યાં હતું? ન્યાં તો ખારીલી જમીનમાં વરાળ દેખાય છે. એમ સાધુ નામ ધરાવે અને ક્રિયાકાંડ કરે પંચમહાવ્રતની, તપસ્યાની, અપવાસની, વનવાસ–જંગલમાં રહે, પણ જેને આ આત્મા શરીરની ક્રિયાથી રહિત, પુણ્ય દયા-દાનના રાગથી રહિત અને આનંદ સહિત છે એવી જેને અંતર્દ્રષ્ટિનું આત્માનું જ્ઞાન ને શ્રદ્ધા થયા નથી, એ બધા દ્રવ્યલિંગી શ્રમણાભાસોને **કિંચિત્ પરલોકનું કારણ નથી...** મોક્ષને માટે એનું સાધન બિલકુલ નથી. આહાહા! સમજાણું કાંઈ?

બિચારા દ્રવ્યલિંગ ધારણ કરે, બાયડી-છોકરા છોડે, ધંધા છોડે, વેપાર છોડે, પણ ઓલો આત્મા શું છે એનું જ્ઞાન ને સમ્યગ્દર્શનનું ભાન નથી. એને આવા સાધન, કિંચિત્ મોક્ષના કારણરૂપે એના સાધન થતા નથી, એ બધા બંધના સાધન છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે આકરું ભાઈ! સાધુ સાંભળે તો એને એવું લાગે કે.... કાયક્લેશ છે તારો બધો, કહે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, સમાધિનો સાગર એને તો તેં અનુભવમાં લીધો નથી, એની સન્મુખ જોઈને આનંદની સેવા કરી નથી, અતીન્દ્રિય આનંદનું ભાન થયું નથી અને આવા દ્રવ્યક્રિયાકાંડમાં પડ્યો, એ ક્રિયાકાંડ મોક્ષના કિંચિત્ કારણ નથી.

શ્રોતા : આ ચોથા કાળની વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અત્યારની વાત છે. શેની ચાલે છે? કોણ કહે છે આ? આ ખુલાસો કરાવે છે. ખીમચંદભાઈ! અમારે ... ખુલાસો કરાવે છે. ........

શ્રોતા : ગૃહસ્થો માટે આ વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે! આત્મા માટે છે આ વાત. આત્મા હોય એને માટે આ વાત છે. આત્મા છે કે કોણ જડ છે અંદર? આહાહા!

જુઓને! કેવું લખ્યું છે! **સમતા વિના**... 'સમતા' શબ્દ આમ હોં. કોઈ લાકડી મારે ને ક્રોધ ન કરે એ સમતા—એમ નહીં. એ સમતા નહીં. આત્માના આનંદસ્વરૂપ ને અખંડ અક્રિય આનંદપ્રભુ એનો અનુભવ થવો, એના સન્મુખ થઈને શાંતિની દશા પ્રગટવી, એને અહીંયા સમતા કહેવામાં આવે છે. સમતા તો વાચક શબ્દ છે, પણ એનું વાચ્ય સમતા આ છે. સમજાણું કાંઈ? 'સાકર' શબ્દમાં કાંઈ સાકર પડી છે? સાકર શબ્દ સા-ક-ર એમાં સાકર છે? અને સાકરમાં–સાકર ગાંગડો છે એમાં 'સાકર' શબ્દ છે? એમ આ સમતા શબ્દ થયો. શબ્દમાં સમતા છે? સમતા તો, આત્મામાં પુણ્ય ને પાપના વિકલ્પથી રહિત થઈ અને આત્માનો આશ્રય લઈને જે વીતરાગદશા પ્રગટ થાય, નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય, નિશ્ચય આત્મજ્ઞાન પ્રગટ થાય, સ્વરૂપમાં લીનતાનું ચારિત્ર પ્રગટ થાય, એને અહીંયા સમતા કહેવામાં આવે છે. એમાં કાંઈ ગરબડ-ફરબડ ચાલે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા!

**સમતા વિના દ્રવ્યલિંગધારી**... દ્રવ્યલિંગ એટલે મુનિપણું લિંગ ધારણ કરે, નગ્ન થાય, બાવા થાય, સાધુ થાય. **શ્રમણાભાસને**... શ્રમણ નહીં, પણ શ્રમણાભાસને આવી ક્રિયાઓ જે દ્રવ્યલિંગની, પંચમહાવ્રતની ક્રિયા, અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય શરીરથી પાળે એ બધો વિકલ્પ ને રાગ છે. એવા શ્રમણાભાસને જરીએ **પરલોકનું સાધન નથી...** લ્યો, ભઈ! વ્યવહાર જરીએ મોક્ષનું કારણ નથી (એમ) અહીં ઉડાવ્યું. આ બધા શેઠીયાઓ હતા એમાં. જય નારાયણ કરે ન્યાં. ભાન ન મળે તો શું કરે એ? દુનિયાની વાત કરવા બેસે તો ડાહ્યા બહુ દેખાય. આમાં આમ કરવું, આનું આમ કરવું, આનું આમ કરવું. દેવના દીકરા ઉતર્યા જાણે મોટી વાતું કરતા. બધામાં લપટે... બધામાં લપટે એટલે બધું જાણે, એમ. એક આ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

એક લીટીમાં કેટલું નાખ્યું, દેખો! જરાય મોક્ષનું સાધન નથી. હવે બાયડી-છોકરા છોડી, દુકાન છોડી સાધુ થયા અને પંચમહાવ્રત પાળે, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય. એ બધા વિકલ્પની

ક્રિયા છે. આહાહા! એવી સમતા, અંતર સ્વરૂપમાં જે સમતાનો પિંડ પ્રભુ છે એનું અવલંબન લઈને, એને આશ્રયે જે પુણ્ય ને પાપના ભાવ રહિત અરાગી સમતા પ્રગટ થાય, એને અહીંયા મોક્ષનો માર્ગ ને ધર્મ કહે છે. આવા ધર્મના ભાન વિના દ્રવ્યલિંગધારી પંચમહાવ્રત પાળે, તડકે સુકાય, જંગલમાં રહે, મહિના-મહિનાના અપવાસ (આદિ) કાયક્લેશ કરે, તો કિંચિત પણ પરલોકનું કારણ નથી, જરીય એને ધર્મનું કારણ નથી. આહાહા! ભારે આકરું!

**કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...** એ શું કહ્યું? આત્માનું ભાન, અંદર આત્મા આનંદ છે એવી વેદનદશા પ્રગટ થઈ છે અને પછી દ્રવ્યલિંગ ધારક હો તો નિમિત્તરૂપ કહેવામાં આવે. પણ **કેવળ દ્રવ્યલિંગ...** આત્માના અનુભવના ભાન વિના, નિર્વિકલ્પ શાંતિનો સાગર આત્મા એની દશા પ્રગટ કર્યા વિના **શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...** સમતાની વ્યાખ્યા કરી ભાઈ! કોને સમતા કહેવી? કે **સમસ્ત કર્મકલંકરૂપ કાદવ**... પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ કર્મરૂપી કાદવનો કલંક છે. ઠીક! અમરચંદભાઈ! પાપ જે હિંસા-જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, ક્રોધ, માન, માયા, લોભ એ તો પાપરૂપી કાદવ છે, પણ દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ એ શુભરૂપી પુણ્યનો કાદવ છે. એમ કહ્યુંને જુઓ!

**સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...** એવા શુભાશુભભાવથી રહિત અને **મહા આનંદના હેતુભૂત...** દેખો! મહા આનંદ... મોક્ષનું કારણ. મહા આનંદ એ મોક્ષ, એનો હેતુ **પરમસમતાભાવ...** આહાહા! નિર્મળાનંદ પ્રભુ એના સન્મુખમાં અનુભવ થાય અને એના સન્મુખમાં શાંતિ ને વીતરાગતા પ્રગટે, એને અહીંયા પરમસમતાભાવ કહેવામાં આવે છે. એ પુણ્યના દયા, દાન, વ્રતના પરિણામથી મિશ્રિત નહીં. સમજાણું કાંઈ? આવો માળો ધર્મ હશે? સુધરેલ લોકોમાં આમ કરવું, આમ કરવું, ફલાણા આમ સુધારા કરવા. ફેંકાફેક કરે મહા થોથા. આ આત્માને સુધાર, એ વિના મરી જાય તોય તારો સુધારો ક્યાંય નથી લ્યે. સમજાણું કાંઈ?

કરોડોના અબજોના દાન આપે અને કલ્યાણ થઈ જાય (એમ) ત્રણ કાળમાં નથી. પૈસા ક્યાં તારા બાપના હતા? એ તો જડ છે. એમાં રાગ મંદ કર્યો હોય કદાચિત્, આબરૂ માટે દુનિયાને આપતો હોય તો એ પાપ છે. એય મલૂકચંદભાઈ! તેથી નહીં આપતા હોય અહીંયા? શું હશે હિંમતભાઈ? આહાહા! અહીં તો કહે છે કે એ રાખવાનો ભાવ પણ પાપ અને દાનમાં દેવાની રાગની મંદતા કરે પુણ્ય એ પણ કાદવ છે. પુણ્ય ને પાપના ભાવ બેય કાદવ છે. ખૂંચી જઈશ ત્યાં, એમ કહે છે. ભારે કામ ભાઈ!

**શ્રમણાભાસને સમસ્ત કર્મકલંક**... કર્મકલંક છે દેખો! એ શુભભાવ પણ કલંક છે. અરે! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, માથે વર્ણવ્યો એવો સમાધિ આનંદનો નાથ, એમાં પુણ્યભાવ એ કલંક છે, મેલ છે. એવા પુણ્ય-પાપના કલંકરૂપ કાદવથી રહિત... વિમુખ એટલે રહિત. અને મહા-આનંદ પરમાત્માપદ સિદ્ધપદ થવું, 'ણમો સિદ્ધાણં' એવું સિદ્ધપદ પ્રાપ્તિ એનું નામ મહા

આનંદ, એનો હેતુ એટલે કારણ પરમસમતાભાવ. આહાહા! ઓલી સમતા કૃત્રિમ છે. કોઈ મારે ને ક્રોધ ન કરે એ સમતા નહીં, એ તો પરલક્ષી છે. આ તો સ્વલક્ષી એટલે પરમસમતા કીધી. આત્માને આશ્રયે–આધારે–અવલંબીને પ્રગટેલી પુણ્ય-પાપના વિકલ્પ વિનાની શાંતિ, એને અહીં પરમસમતા કહે છે. એવા પરમસમતા વિનાના જીવને **(૧) વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે...** વનવાસે રહે જંગલમાં. દિગંબર મુનિઓ તો જંગલમાં જ રહેતા. કહે છે, પણ આવા આત્માના સમતાના અનુભવ વિના તારા વનવાસમાં રહેવું, એ રણમાં પોક મૂકવા જેવું છે. એમાં કાંઈ ધર્મ-બર્મ છે નહીં. આહાહા!

શ્રોતા : બંગલામાં રહેતો હતો, એમાં રહે.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાં રહેતો હતો બંગલે? ધૂળમાંય રહેતો નથી. આહાહા! સારા બંગલામાંથી નીકળવું આકરું પડે.

કીધું હતું એક ફેરી. આપણે છેને રાજકોટ? ઓલા છબીલભાઈ, નહીં? પણ ....નહોતા, છબીલભાઈ હતા. વહોરવા ગયા વહોરવા. ગયા હતાને પહેલીવાર. ત્યાં બધું પોલીશ... શું કહેવાય તમારે? નિસરણી. શું કહેવાય? દાદરો. બધા પોલીશ. પાથરેલું પોલીશ લાકડું મોટું. એના ઉપર લૂગડું લટકે. ઓલા બેસેને પગથી ... એકલું પોલીશ આમ. વહોરવા ગયા, મેં કીધું, આમાંથી નીકળવું કઠણ પડશે હોં. બધું સાફ ચોખ્ખું લાકડા સુંવાળા. હવે તો ઘણે ઠેકાણે છે. આ તો ઘણા વરસની વાત છે. ....ભાઈને બહુ શોખ હતો. આ ૩૦-૩૫ વર્ષ પહેલાની વાત છે, ૪૦ વર્ષ. ત્યારે અમે વહોરવા ગયાને આમ... અહીંથી જ્યારે મરણ આવશે, આકરું પડશે આ લોકોનેં હોં. ..... આ કર્યું.. આ કર્યું.. આ કર્યું. ક્યાં કર્યું? ધૂળ? તું ક્યાંનો રહેનાર ક્યાં આવીને વસ્યો—એનું ભાન નથી. આહા!

આહીં કહે છે કે વનવાસમાં વસે, વર્ષાઋતુમાં વૃક્ષની નીચે સ્થિતિ કરે, **ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યનાં કિરણો...** ઉનાળે પ્રચંડ સૂર્યના કિરણોથી **સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર** બેસે, **અને હેમંત** નામ ટાઢમાં **ઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી...**

શ્રોતા : લોકોમાં તો બહુ મહિમા આમ.

પૂજ્ય ગુરુદેવશ્રી : ગાંડા તો પાગલ એવા હોયને બધા. પાગલ પાગલને વખાણે. જેઠાભાઈ! અહીં તો એવું છે ભઈ. આવું કરે તો, આહાહા.. મહારાજે ભારે સહન કર્યું હોં. ભારે ત્યાગી ધર્મના. ધર્મના ત્યાગી. ધર્મ શું ચીજ છે એનું તો ભાન નથી. એ તો ક્રિયાકાંડ છે બહારની. સમજાણું કાંઈ? આહાહા! ઝેર પીતા-પીતા અમૃતનો ઓડકાર આવેને? લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે કે નહીં? ન આવે. એમ આ પુણ્યની ક્રિયા કરતા-કરતાં ધર્મ થાય કે નહીં? ધૂળેય ન થાય, સાંભળને! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. ભીખાભાઈ!

કહે છે કે આવું કરીને શું છે તારે? ક્યાંય ઉપાદેય ફળ નથી, એમ કહે છે છેલ્લે. મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી. એ તો બધી ક્રિયાકાંડ છે બહારની. અંતર ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ એનો અનુભવ ને એની દ્રષ્ટિ ને એના વેદન વિના આ બધી ક્રિયાકાંડમાં મોક્ષનું કાંઈ કારણ નથી. આહાહા! વિપરીત છે, એમાં મોક્ષનું કારણ ક્યાંથી (હોય)? બાપા! તને મોક્ષના માર્ગની ખબર નથી. અનંત કાળ થયો, ચોરાશીના અવતાર... આહાહા! આદિ વિનાનો કાળ (એમાં) રહ્યો ક્યાં? આત્મા કાંઈ નવો થાય છે? આત્મા છે સત્.. સત્.. સત્ છે. કહો, સમજાણું?

વળી આ રાજુલ ઉપર નજર ગઈ. સુશીલભાઈને કીધું. કહે, નથી આવી. આપણે અહીં છોકરી છેને એક. જાતિસ્મરણ છે એને. પૂર્વનું જાતિસ્મરણ થયું છે. આપણે ઝાઝા માણસમાં બતાવવી હતી હોં. એય મલૂકચંદભાઈ! તે દિ’ બધા ઘણા નવા હતા. ઉદાણી ને બધા ઘણા હતા. ......ત્યારે તો. છોકરી છે. ભાઈએ તો સાંભળ્યું હશે. નથી ....? દક્ષાબેન તો જાણે. મોઢા આગળ બહુ રહી છેને. ઓલી છોડીની નથી તમને ખબર? બેન! આ રાજુલ. સામે રહે છે. બહેનશ્રીના ભાઈના દીકરાની દીકરી. આઠ વર્ષની ઉંમર છે. અઢી વર્ષે થયું પૂર્વભવનું (જ્ઞાન). અહીં જુનાગઢના લુહાણા હતા. પૂર્વભવનું જ્ઞાન છે. .... બપોરે આવશે કે કાલે સવારે આવશે. કાલે શનિવારે..... કહે છે કે આત્માના ભાન વિના, આત્માના અનુભવ સમ્યગ્દર્શન વિના આવા કાયક્લેશથી ધર્મનો લાભ જરીય છે (નહીં). વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૬, શનિવાર, તા. ૨૫-૯-૧૯૭૧
## ગાથા - ૧૨૪-૧૨૫, શ્લોક - ૨૦૨, પ્રવચન નં. ૧૩૫

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. અહીંયા ગાથામાં એમ છે કે સમતા વિનાનું જે કાંઈ એકલી ક્રિયાકાંડનું આચરણ છે એ બધા મોક્ષને માટે જરાય કારણ નથી. સમતા એટલે કોઈ મારે એને ક્રોધ ન કરવો, બધા ધર્મ સરખા ને સમભાવે માનવું.—એ સમતા થઈ કે નહીં? બધા ધર્મ સરખા છે જગતમાં (એમ) સમતા, એ સમતા નહીં, એ તો વિષમતા છે. સમજાણું કાંઈ? તેમ કોઈ મારે, ગાળ્યું દે, પ્રતિકૂળતા કરે ને (તો પણ) ક્રોધ ન કરે—એ કાંઈ સમતા નથી. એ તો કૃત્રિમ રાગવાળી સમતા છે. આ સમતા તો, આત્મા શુદ્ધ ધ્રુવ પવિત્રનું ધામ એનો આશ્રય લઈને જે વીતરાગી નિર્વિકલ્પ શાંતિ પ્રગટ થાય એને અહીંયા સમતા કહેવામાં આવે છે.

એ સમતા વિના **કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના...** દેખો! આનું નામ સમતા કે જેના પરિણામમાંથી શુભ ને અશુભભાવ છૂટી ગયા છે. સમજાણું કાંઈ? જેના સ્વભાવમાં–આત્મામાં એકલી વીતરાગતા ભરી છે, એથી એનો આશ્રય લઈને પુણ્ય-પાપના રાગ વિનાના જે પરિણામ (થાય) એને અહીંયા સમતા કહેવામાં આવે છે. એ વિના શ્રમણાભાસ દ્રવ્યલિંગીને ક્રિયાકાંડ પંચમહાવ્રત, અપવાસ આદિ એ કાંઈ ધર્મનું કારણ નથી. (૧) **વનવાસે વસીને**–વનમાં રહીને, **વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, ગ્રીષ્મઋતુમાં**–ઉનાળામાં **પ્રચંડ સૂર્યનાં કિરણોથી, સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી** કાંઈ લાભ નથી. આવી ક્રિયાથી આત્માને મોક્ષનો કાંઈ લાભ નથી. આહાહા!

**(૨) ત્વચા અને અસ્થિ...** જેના હાડકા ને ચામડાં–ત્વચા અસ્થિરૂપ **થઈ ગયેલા આખા શરીરને...** શરીરમાં અપવાસ કરી-કરીને, જંગલમાં રહીને, તડકા સહન કરીને, શિયાળામાં નદીને કાંઠે બેસીને ઠંડી હવાના ઝાપટા આવે, એનાથી ચામડી લુખ્ખી, ઝીર્ણ થઈ જાય, છતાં એને આત્મદર્શન ને આત્મજ્ઞાન ને આત્મશાંતિ નથી તો એ જરીયે આત્માને ધર્મનું કારણ નથી. **આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી...** મહા ઉપવાસ–છ-છ મહિનાના ઉપવાસ કરતો હોય, શરીર ઝીર્ણ થઈ ગયું હોય, ચામડાં લટકતા હોય, હાડકા પાતળા પડી ગયા હોય, એને કાંઈ ધર્મનો લાભ નથી. સમજાય છે કાંઈ? જેણે જ્ઞાનાનંદ આત્મા અનુભવમાં લીધો નથી, સમ્યગ્દર્શનના ભાનમાં આખો આત્મા પરિપૂર્ણ છે એનો અનુભવ થયો નથી. એના વિનાની આ બધી ક્રિયાઓ ધર્મરૂપે નથી. સમજાણું કાંઈ?

કહે છે, **ક્લેશદાયક મહા ઉપવાસ,** એમ પાછું. એટલા ઉપવાસ કરે કે અંદર આમ ખેદ આવી જાય, સહન ન થાય એટલા ઉપવાસ–આહાર-પાણી ત્યાગે. એ ક્રિયા કાંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં, 'આ ધ્રુવ ચિદાનંદ આત્મા છે' એવો જેને દૃષ્ટિમાં

આત્માનો અનુભવ થયો નથી, એ વિના આ બધી ક્રિયાઓ એની નિષ્ફળ છે. એ ક્રિયાઓ કરતાં કરતાં શુદ્ધ થાશે, એમ આમાં ના પાડે છે. સમજાણું કાંઈ? એવી બધી ક્રિયાઓ કરવી જોઈએ અને જ્યાં સુધી શુદ્ધતા ન હોય તો એને શુભ કરવું. નથી આવતું આમાં–દોલતરામમાં? આવે છે. એ આવી ગયું આપણે દોલતરામમાં. જેને શુદ્ધ કિંચિત્ નથી તો એને શુભ કરવું, એવું આવે છે. ભજન એમ આવે છે. એટલે કે શુદ્ધનો અનુભવ છે, સમજાણું કાંઈ? પણ શુદ્ધોપયોગ જ્યાં સુધી અંદર ન જામે, ત્યારે તે કાળે એને શુભભાવ હોય છે, પણ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ બંધનું કારણ જ સેવે છે.

ધ્રુવમાં અંતર્દૃષ્ટિ–દૃષ્ટિ નહીં કરે, દૃષ્ટિમાં, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આખો ભગવાન જ્યાં સુધી જ્ઞેયરૂપે નહીં બનાવે, ત્યાં સુધી બધા શુભભાવ એકલા સંસારનું કારણ છે. પછીના શુભભાવ એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ છે એ બંધના કારણ. આહાહા! **ક્લેશદાયક મહા ઉપવાસ...** જોયુંને! **विचित्रोपवासः** છેને શબ્દમાં? **कायक्लेशो विचित्रोपवासः**, એમ. અને **अध्ययनमौनप्रभृतयः**.. (૩) **સદા અધ્યયનપટુતા...** શાસ્ત્ર પઠન કરે આખો દિ' ને રાત. અધ્યયનપટુતા એટલે અધ્યયનમાં–શાસ્ત્રપઠન કરવામાં હુશિયાર. સમજાણું? પટુતા એટલે એમાં હુશિયાર છે, એમ. શાસ્ત્ર અધ્યયન કરવામાં ઘણો પ્રવીણ છે. છે વિકલ્પ, રાગ છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા દેવીલાલજી? તમારો પ્રશ્ન આવ્યો હતો રાત્રે આ ભાઈનો. સંસારના કામમાં જ્ઞાતા-દ્રષ્ટા રહીએ તો મંદ આકુળતા દેખાય છે, ભણવામાં તીવ્ર આકુળતા દેખાય છે. કહો! ઊંધી છેને દૃષ્ટિ. અહીં તો કહે છે કે જેને આત્માનો આનંદ અને ધ્રુવતા જેની દૃષ્ટિમાં આવી નથી, જેની પર્યાયમાં દ્રવ્યનું પરિણમન થયું નથી. એ વિનાના આવા ક્રિયાકાંડના શુભભાવ જરીયે આત્માને લાભનું કારણ નથી, નુકશાનનું કારણ છે. ભારે વાત ભાઈ!

શ્રોતા : સંસાર તો ન વધેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ પોતે જ સંસાર છે. એનું વધવું હતું ક્યાં? એ પોતે જ સંસારભાવ છે. સ્વાધ્યાયનો ભાવ, આહાહા! અપવાસનો ભાવ—પોતે જ રાગ છે ને સંસાર છે. રાગ વિનાની ચીજ છે એવું સ્વરૂપ આત્મા એનો જેને અનુભવ, જેને આનંદનો સ્વાદ આવ્યો નથી, આહાહા! આનંદના ભાવને ચાખ્યો નથી જેણે એટલે કે એને આત્મામાં વિશ્વાસ આવ્યો નથી કે આ આનંદ તે આત્મા. એટલે એની દૃષ્ટિ એકલી ક્રિયાકાંડમાં જ વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

**આખા શરીરને ક્લેશદાયક,** એમ કહ્યુંને? **મહા ઉપવાસ**... જુઓને! અત્યારે કેટલા મહિના-મહિનાના ઉપવાસ, પણ મરી ગયા ... હમણાં. સહન ન થાય, સમ્યગ્દર્શન તો છે નહીં, ધર્મ તો છે નહીં કાંઈ. આ અપવાસ કરીને ખેંચીને ખેંચાય, ન ખેંચાય તો મરી જાય–દેહ છૂટી જાય, થઈ રહ્યું. આહાહા! અરે! એણે જીવને પોતાનું શું કરવું જોઈએ એની ખબર ન મળે. અરે! સંથારા કરો, કહે છે. શેના સંથારા (જ્યાં) ભાન ન મળે આત્માનું? મૂલચંદભાઈ! પણ બધા

મુંબઈ નગરી એ.. હો-હા, હો-હા કરે. આહાહા! એ જુદું, એ તો આત્માનો અનુભવ થઈ... એ તો શ્વેતામ્બરે કલ્પિત વાત બનાવી છે. કોઈના એવા હોય, પણ એને આત્માનો આનંદનો અનુભવ ઉગ્ર હોય છે એને તપસ્યા ને ધર્મ કહે છે.

આપણે આવી ગયુંને. તપની વ્યાખ્યા ન આવી? સંયમ, નિયમ, તપ. આવી ગયું કે નહીં? આ તપ. **આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે તે અધ્યાત્મ ને એ અધ્યાત્મ તે તપ છે**. હાડકાં સુકાઈ ગયા ને ખડકે એમાં શું? અમારા સુખલાલજી તપ ને અપવાસ બહુ કરતા. અઠ્ઠમ-અઠ્ઠમના પારણા હોં. અઠ્ઠમ-અઠ્ઠમના ચોવિહારા. સોળ મહિના. ત્રણ દિ' ને ચાર રાત પાણીનો બિંદુ ન નહીં. સુખલાલજી તપસી હતા સંપ્રદાયમાં. પહેલા ચૌદ મહિના છઠ—બે દિ' ને ત્રણ રાત પાણીનો બિંદું નહીં. એવા ચૌદ મહિના. પછી ત્રણ દિ' ને ચાર રાત, એવા સોળ મહિના પાણીનું બિંદુ નહીં. ૮૦માં ગુજરી ગયા. સુખલાલજી હતા.

પછી નરસીભાઈ આવ્યા હતા. નરસી ડોક્ટર આવ્યા, દર્શન કરી વયા ગયા. તે દિ' બહુ માહાત્મ્ય હતુંને, ઉપવાસ બહુ કરેને. અને બેસે, વિચારવું હોં, પણ વસ્તુની ખબર નહીં એટલી. બેસે વિચારમાં અંદર. કોઈ તોફાન બીજું કાંઈ નહીં. લોકો બહુ આવતા. ૮૦ની સાલની વાત છે. નરસીભાઈ આવ્યા હતા. પછી પૂછ્યું સુખલાલજીએ. કેમ ડોક્ટર! આમાં કેટલો વખત લાગે છે દેહની સ્થિતિમાં? ત્યારે નરસીભાઈ જરી.... હમણા પૂછ્યુંને ધન્ના અણગારનું. હા, એમ. આમ આમ જોઈને કહ્યું, આમ ખડખડ થાય, કોલસાના ગાડાની જેમ ખડખડ થાય, એવું ખડખડ થાય ત્યારે આ દેહ છૂટશે, કહે.

આ કોલસાનું ગાડું હોયને! દાખલો લીધો છે ધન્ના અણગારનો. ... કોલસા સમજેને? કોયલા. એ દસ-વીસ મણ ભર્યું હોય ગાડામાં, ગાડું હાલે તો કેવું થાય અંદર? ખડખડ. ખડખડ. થાય. કોલસો હોયને કાં તલસરાના ગાડાં. તલસરા.. તલના. તિલકા હો ન. એવા દાખલા દે છે. તલ થાયને, એનો છોડ હોયને, એને ઊંચા રાખે પહેલા. ઓલા ઉપર રાખે (જેથી) કાંઈ સુકાઈ જઈને હેઠે ન પડી જાય. સુકાઈ ગયા હોય, તલ કાઢી નાખ્યા હોય અને એ ગાડાં ભરીને આવતા હોય, એ ખડખડ થાય. ખકડાટ. તલના છોડ હોયને સૂકા. તલ કાઢી લે, પછી કાંઈ ગાડામાં ન નખાય કાંઈ. હમણાં જોયું નહીં આપણે? તલ કાઢેને, મોઢા ઊંચા રાખે. નહીં તો સુકાઈને હેઠે પડી જાય. કાઢી લે પછી ગાડું ભરે. આખું ગાડુ ભર્યું, ખડ ખડ (થાય).

એમ શરીર ઝીર્ણ થાય, ત્યારે કહે કે દેહ છૂટશે. એમ કહે છે. આ ૮૦ની વાત છે. ૪૭ વર્ષ થયા. હવે દેહ છૂટે એનાથી (શું થાય)? આ વસ્તુમાંથી રાગ છૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય, એને સમ્યગ્દર્શન થાય ને એને ધર્મ થાય. બાકી બધા થોથેથોથા છે. એય! પાછું માને એ કે આ બધું કરીએ છીએને, કરતાં-કરતાં થાશે. એટલે મિથ્યાત્વને વધારે પોષે. સમજાણું કાંઈ? આહાહા! એ રાગની ક્રિયા કરતાં-કરતાં શુદ્ધ-ઉપયોગ થશે. સમૂળગું મિથ્યાત્વને પોષે છે. આહાહા! આકરું કામ. એણે જીવને છેતર્યો છેને અનંત કાળથી. દુનિયાને છેતરવાના ધંધા કર્યા,

એવા પોતાને છેતરવાના ધંધા કર્યા. મૂલચંદભાઈ! કહે છે, આવા તપવાથી અને આવા અધ્યયનપટુતા–સદા શાસ્ત્રપઠન કરે, એમ. છતાં એને ધર્મ નથી આહાહા! શાસ્ત્ર-અધ્યયન કરે તો ધર્મ નથી, અપવાસ કરે તો ધર્મ નથી. આત્માને જ્ઞાનની પર્યાયમાં સમીપ બનાવે એને ધર્મ છે. આકરી વાત. સમાજમાં તો મોટો .... પ્રગટે જો આ બાહ્યનો... આહાહા!

**(૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ સતત મૌનવ્રતથી...** મૌન લઈ લે ચોવીસ કલાક, અડતાલીસ કલાક. ચોવીસના બે વ્રત. **શું જરાય ઉપાદેય ફળ છે?** ...... આ તો જૈનમાં પણ બે-બે વર્ષ મૌન, છ મહિના મૌન. મૌન, એકેન્દ્રિય તો મૌન જ છે. આહાહા! આગળ તો આવી ગયું છે કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની બોલે તોય મૌન છે, ચાલે તોય સ્થિર છે. સમયસાર નાટકમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? કારણ કે ક્રિયા ક્રિયાના સ્થાનમાં છે, આત્માના સ્થાનમાં એ નથી. **વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ** નિરંતર મૌનવ્રત, એમ પાછું. આ બધા બોલ કહ્યાને માથે. જરાય ઉપાદેય ફળ છે નહીં. જરીય એમાં શાંતિ ને આનંદ, ધર્મ થાય એવું કંઈ છે? જરીયે નથી.

પાઠમાં આવી ગયુંને **किं काहदि...** શું થાય એને? એટલે ધૂળેય ન થાય, એમ. એ 'શું થાય' એનો અર્થ એ. **किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो । अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स...** સમકિતદર્શન ને અનુભવની દ્રષ્ટિ વિના... અનુભવ, સમકિત એ જ સમતા છે. જેમાં પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન એવો ભગવાન આત્મા વીતરાગીપરિણતિમાં–પરિણામમાં જેને પ્રગટ થયો છે આ આત્મા. એવી વીતરાગી પરિણતિને સમાધિ કહીએ. એ સમાધિ કહો કે સમતા કહો. એવી સમાધિ ને સમતા વિના આવા સંથારા બબ્બે મહિનાના કરે, સમજાય છે કાંઈ? અપવાસ છ-છ મહિનાના કરે, જિંદગીપર્યંત મૌન રહે—એમાં જરીએ આદરણીય ફળ નથી.

**અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.** એમાં મોક્ષને કાંઈક.. કાંઈક મદદ મળે (એમ) જરીએ નથી. આહાહા! ભગવાન પોતે શાંત સમાધિનું સ્વરૂપ જ છે. એવા સમાધિ ભગવાન આત્મા... પહેલું આવી ગયું છે. એ નિશ્ચય સમાધિસ્વરૂપ જ છે, સમતાસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. એવા આત્માને અનુભવ્યા વિના, એવા આત્માને અંતરમાં દૃષ્ટિમાં લીધા વિના, એવા આત્માને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ્યા વિના, જે કાંઈ ક્રિયાકાંડ કરવામાં આવે એ બધું નિરર્થક છે. આત્માને જરીએ ધર્મનું કારણ નથી.

ચોવીસ છેને. ૧૨૪ ગાથા ચલતી હૈ. સૂક્ષ્મ બાત હૈ. કહતે હૈં, જબ લગ આત્મામેં.... શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા હૈ. ઉસકા, પુણ્ય ને પાપકે વિકલ્પ–રાગસે રહિત, પરસે રહિત ઔર અપને અતીન્દ્રિય આનંદ સહિત ઐસા દૃષ્ટિમેં સમ્યક્ અનુભવ ન હો, ઐસી સમ્યક્-દ્રષ્ટિ જબ લગ ન હો, તબ લગ જિતની ક્રિયા કરનેમેં આવે પંચમહાવ્રત, છ-છ મહિનાના અપવાસ, શાસ્ત્ર-અધ્યયન—એ બધું ધર્મને માટે નિરર્થક છે. એ ધર્મ નહીં. હૈ ન? આ

ગયા ન. **મૌનવ્રતસે ક્યાં કિંચિત્ ભી ઉપાદેય ફલ હૈ?** લ્યો, કિંચિત્. **(મોક્ષકે સાધનરૂપ કિંચિત્ નહીં).** આત્મા અંતર જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. ચૈતન્યબિંબ પ્રભુ ઉસકા અનુભવ ને દૃષ્ટિ, આશ્રય બિના જિતની ક્રિયાકાંડ શુભપરિણામકી, પંચમહાવ્રતકી, અપવાસકી, મૌનવ્રતકી—યે સબ ક્રિયા બંધનકે કારણ હૈં. મોક્ષકા કારણ બિલકુલ હૈ નહીં. ભગવાન કુંદકુંદાચાર્યદેવ ઐસા ફરમાતે હૈં. સમજમેં આયા? હવે યોગીન્દ્રદેવનો દાખલો આપે છે.

**(એવી રીતે શ્રી યોગીન્દ્રદેવકૃત અમૃતાશીતિમાં ૫૯મા શ્લોક દ્વારા કહ્યું છે કે :)**

**गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-**
**स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा- ।**
**प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः**
**मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः ॥**

આમાં **गुरुभ्यः** શબ્દ છેને. ઓલામાં બીજો શબ્દ છે. 'સ્વસારં' શબ્દ છે. એ કાલ જોયું હતું કે આમાં શું છે. એનો શ્લોક છે એ મૂળ શ્લોક. **गुरुभ्यः** છે આમાં અને 'સ્વસારં' છે. શ્લોક હોં. ક્યા કહતે હૈં? દેખો! ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ સંવત ૪૯મેં હુએ, વે કહતે હૈં ઔર ઉનકી પુષ્ટિમેં આચાર્યકા દૃષ્ટાંત હૈ. **गुरुभ्यः...** સ્વસારં છે. **गुरुभ्यः** નથી. ઓલામાં છે મૂળમાં 'સ્વસારં'. એમાં નથી, આમાં છે. નિયમસારના મૂળ... ઓલા શીતલપ્રસાદજી એમાં 'સ્વસારં' છે.

**પર્વતકી ગહન ગુફા આદિમેં રહનેસે અથવા વનકે શૂન્ય પ્રદેશમેં રહનેસે...** ઉસસે ક્યા લાભ? જિસકો આત્મદર્શન, આત્મજ્ઞાન, અનુભવ નહીં... જંગલમેં રહે પશુ, ગાંવમેં રહે ઢોર—સરિખે હૈં, એમ કહતે હૈં. આહાહા! અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ—સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદકી ચીજ આત્મા હૈ, અતીન્દ્રિય જ્ઞાન ઔર અતીન્દ્રિય આનંદ. ઉસકી જિસકો દૃષ્ટિ, અનુભવ નહીં ઔર અનુભવ બિના અકેલી ક્રિયાકાંડ કરે, તો કહતે હૈં કિ **ઇન્દ્રિયનિરોધસે, ધ્યાનસે...** ધ્યાન લગાવે, પણ કિસકા ધ્યાન? ભાન તો હૈ નહીં વસ્તુકા. રાગકા ધ્યાન કરે ક્રિયાકાંડમેં.

**તીર્થસેવા...** તીર્થસ્થાનમેં વાસ કરનેસે ક્યા લાભ? તીર્થ તો યહાં હૈ ભગવાન! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા સ્વયં નિજસ્વરૂપ તીર્થ હૈ. ઉસકા તો અનુભવ ને દૃષ્ટિ નહીં, ઉસકા તો સ્વીકાર નહીં ને બહારકી તીર્થસેવાસે આત્માકો કુછ ધર્મ નહીં. એ મૂલચંદભાઈ! પાઠ હૈ કિ નહીં અંદર? **તીર્થસેવાસે**... તીર્થકે સ્થાનમેં વાસ કરનેસે, **પઠનસે...** શાસ્ત્રકે ભણતરસે, **જપસે...** જપ.. જપ.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. અરિહંત.. અરિહંત.. અરિહંત.. ઔર **હોમસે બ્રહ્મકી (આત્માકી) સિદ્ધિ નહીં...** અને હોમ કરનેસે .... સ્વાહા. યે સબ ક્રિયાકાંડમેં શુભરાગકા વિકલ્પભાવ હૈ, યે ધર્મ નહીં. આહાહા! ભારે કઠણ. લોગોંકો સત્ય વસ્તુ ક્યા હૈ ઉસકી ખબર નહીં ઔર બાહરમેં માની બૈઠે કિ હમ ધર્મ કરતે હૈં, ધર્મ કરતે હૈં. ઐસા

તો અનંતબૈર કિયા. સમજમેં આયા? **પઠનસે, જપસે તથા હોમસે... સિદ્ધિ નહીં** હૈ. ઉસસે મુક્તિ હોતી નહીં.

**હે ભાઈ! તું ગુરુઓ દ્વારા ઉસસે અન્ય પ્રકારકો ઢૂંઢ.** ભગવાન! એ બધી ક્રિયાકાંડો, મહાવ્રતો, જાત્રા, ભક્તિ, પૂજા, દાન, દયા—યે તો સબ શુભરાગકી ક્રિયા હૈ. ઉસસે મુક્તિ નહીં, ઉસસે ધર્મ નહીં. આહાહા! યોગીન્દ્રદેવ કહતે હૈં ન. યોગીન્દ્રદેવ મુનિ હુએ હૈં દિગંબર સંત. **ઇસલિયે, હે ભાઈ! તું ગુરુઓ દ્વારા**... ધર્મી દ્વારા... ધર્માત્મા ઐસે કહેંગેં કિ રાગસે રહિત તેરી ચીજ ભિન્ન હૈ. આહાહા! સમજમેં આયા? મૂલચંદભાઈ! આ બધું અત્યાર સુધી આમને આમ જીંદગી વઈ ગઈ. શેઠીયા દાંત કાઢે છે. પણ આમને આમ ગુમાવ્યું ને એનું અનુમોદન કર્યું ઓહોહો.. કહો, સમજાય છે કાંઈ?

હે પ્રભુ! ભાઈ! કહ્યું. ખુલાસો કર્યો છેને! **તું ગુરુઓ દ્વારા...** ગુરુ ધર્માત્મા જ્ઞાની ઐસે કહેંગેં કિ પુણ્યકી ક્રિયાસે પાર આત્મા ભિન્ન હૈ ઉસકા તું અનુભવ કર, તો તુજે ધર્મ હોગા. નહીં તો તુજે ધર્મ-બર્મ હોગા નહીં. આહાહા! 'યમ-નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો..' શ્રીમદ્‌ને બનાયા હૈ. 'યમ નિયમ સંયમ...' પાંચ મહાવ્રત પાલે, નિયમ લિયા, ઇન્દ્રિયકા દમન કિયા. 'વહ સાધન બાર...' 'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો...' આવ્યુંને વનવાસ?

'વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો,
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યોંહી તપે, ઉરસેંહી ઉદાસી લહી સબપેં,
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો,
અબ ક્યોં ન બિચારત ન હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે?

બિન સદ્‌ગુરુ... જુઓ! આવ્યું ગુરુ. 'બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, ...' એવી વાત છે. 'બિન સદ્‌ગુરુ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે?' ભીખાભાઈનું કાંઈ આવ્યું નથી. અહીં તો કહે છે કે ધર્માત્મા સંતો ઐસા ઉપદેશમેં કહતે હૈં કિ ઐસી પંચમહાવ્રતકી, તીર્થકી સેવા આદિ, ભક્તિ, પૂજા, દાન, વ્રત, દયાભાવ આદિ સબ રાગભાવ હૈ. યે ધર્મ નહીં. ધર્મ (તો), રાગસે ભિન્ન આત્મા ચિદાનંદ પ્રભુ ઉસકા નામ અનુભવ દૃષ્ટિ કરના વહ ધર્મ હૈ. સમજમેં આયા? આહાહા! લ્યો.

**૧૨૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.** આકરી વાત છે. મૂલ ઉસને અપની ચીજકી મહત્તા કભી જાની નહીં અને બાહ્યલક્ષી સબ ક્રિયાકાંડ, બસ યે કિયા ઔર મૈં નિવૃત્ત હુઆ, સ્ત્રી-કુટુંબ છોડ દિયા, નગ્ન હો ગયા, પંચ મહાવ્રત પાલતે હૈં. યહાં તો કહતે હૈં કિ વહ સબ ક્રિયાકાંડ ધર્મ નહીં. ધર્મ તો, અપના આત્મા અખંડાનંદકી મૂર્તિ

વીતરાગસ્વરૂપ ઉસકા અંતરમેં આશ્રય કરકે, ધ્યેય બનાકર વીતરાગપર્યાય પ્રગટ હો, ઉસકા નામ જૈનદર્શનમેં ધર્મ કહનેમેં આતા હૈ. ઉસકો–રાગકી ક્રિયાકો કોઈ ધર્મ કહે, તો જૈનદર્શનકી માન્યતા ઉસકો નહીં, મિથ્યાદૃષ્ટિ હૈ. વીતરાગભાવસે ધર્મ કહે વહ જૈનદર્શન હૈ. રાગકી ક્રિયાસે ધર્મ કહે વહ જૈનદર્શન હૈ? ભીખાભાઈ! આવી વાત છે હોં. આ તમારા ચિરંજીવી છેને? આહાહા! અહીં કહે છે... આહાહા!

**अनशनादितपश्चरणैः फलं**
**समतया रहितस्य यतेर्न हि ।**
**तत इदं निजतत्त्वमनाकुलं**
**भज मुने समताकुलमंदिरम् ॥२०२॥**

આહાહા! પદ્મપ્રભલમધારિદેવ મુનિ–દિગંબર સંત, જંગલમેં વસનેવાલે–વનવાસી સંત ઔર અંદરમેં આનંદકંદમેં રહનેવાલે.. આહાહા! મુનિ એમ કહતે હૈં, **વાસ્તવમેં સમતા રહિત યતિકો અનશનાદિ તપશ્ચરણોસે ફલ નહીં...** અપવાસ કરના, ઉણોદરી કરના, રસપરિત્યાગ કરના, ભગવાનની ભક્તિ ને વિનય—સબ ઉસમેં આયા. કેમ અનશન, ઉણોદરી આવ્યુંને એમાં? પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય સજ્ઝાય, ધ્યાન—બધું આવ્યું. આત્મા વીતરાગસ્વરૂપ આત્મા હૈ ઐસી દૃષ્ટિમેં–પર્યાયમેં વીતરાગતા પ્રગટ ન હો, તબ લગ અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, વિનય, વૈયાવૃત્ય, સજ્ઝાય આદિ એનું ફળ.... અનશનાદિ, તપશ્ચર્યાદિસે ફલ નહીં. એમાં ધર્મનું ફળ કાંઈ છે નહીં. લ્યો, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સજ્ઝાય, ધ્યાન ને વ્યુત્સર્ગ. આહાહા!

વીતરાગ જૈનધર્મ અલૌકિક હૈ. ઉસકે સિવા કહીં હૈ નહીં. દિગંબર સંત મુનિ કહતે હૈં, જિસકો, આત્મા પુણ્ય-પાપકા રાગસે રહિત હૈ ઐસી સમતા અંતરકે આશ્રયસે પ્રગટ હુઈ નહીં, ઐસે જીવકો અનશનાદિ બારહ પ્રકારકે તપકા ફલ નહીં, ઉસકે કુછ લાભ–ધર્મ હૈ નહીં. આહાહા! ભારે કામ ભાઈ આકરું! એક અપવાસ કરે ત્યાં થઈ ગયો ધર્મ, નિર્જરા. 'તપસા ચ નિર્જરા.' એ તપસ્યા નથી, એ તો લાંઘણ છે. તપસ્યા તો ઉસકો કહતે હૈં કિ આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમેં આત્મા રહતા હૈ ઐસા જો અધ્યાત્મભાવ ઉસકો ભગવાન તપ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ભારે કઠણ જગતને એવું લાગે કે અરર! ત્યારે વ્યવહાર કરીએ છીએ... અરે! નિશ્ચય વિના વ્યવહાર હતો જ ક્યાં? આ તો અજ્ઞાનીનો વ્યવહાર એ એકલું બંધનું જ કારણ છે, ધર્મનું કિંચિત્ કારણ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**હે મુનિ!** મુનિ મુનિને કહે છે. મુખ્ય મુનિ હૈં ન. ગૌણમેં સબ જૈન શ્રાવક આદિ. **સમતાકા કુલમંદિર...** આહાહા! ક્યા કહતે હૈં? શુભ-અશુભ જો વિકલ્પ–રાગભાવ હૈ, શુભરાગ ને અશુભરાગ—ઉસસે રહિત અપની પર્યાયમેં વીતરાગતા પ્રગટ હો યે સમતાભાવ હૈ, યે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ, યે મોક્ષકા માર્ગ હૈ. **સમતાકા કુલમંદિર...** ઐસી સમતાકા મૂલ

મંદિર ભગવાન આત્મા હૈ. આહાહા! **ઉત્તમ ઘર, વંશપરંપરાકા ઘર**, દેખો! ઐસા યે અનાકુલ નિજતત્ત્વ ઉસે ભજ. આહાહા! ભાઈ! તારું અંતર સ્વરૂપ તેરી ચીજ ત્રિકાળી અવિનાશી આનંદ ને અવિનાશી જ્ઞાનસે ભરા હુઆ આત્મા હૈ. ઐસે આત્માકો ભજ. લ્યો, ભગવાનકો ભજ ને નવકારકો ભજ એમ નહીં કહા. વહ તો સબ વિકલ્પ હૈ. હો, આતા હૈ. અશુભસે બચનેકો આતા હૈ, પણ ધર્મ નહીં. આહાહા! જેઠાભાઈ! આ બધા શ્વેતામ્બર (આદિ) હમણાં રાડ નાખી જાય.

વિધિથી કરના, વિધિથી આરાધવું... આહાહા! ભાઈ! તને તારી ચીજ અંદર પુણ્ય ને પાપના શુભ-અશુભ ઉપયોગથી રહિત અનાદિ-અનંત અવિનાશી આનંદતત્ત્વ છે. આવું આનંદતત્ત્વ વર્તમાન વીતરાગીપર્યાયનું કુળમંદિર છે. યે વીતરાગીપર્યાયકા ઘર હૈ. દયા, દાન, મહાવ્રતનો વિકલ્પ એ સમતાનું ઘર નહીં, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? **સમતાકા કુલમંદિર**... પરંપરાએ વીતરાગભાવ અંદર, અકષાયસ્વભાવ ત્રિકાળી ભગવાનભાવ, યે સમતા નામ નિજઘર હૈ. સમતા ત્યાંથી પ્રગટ થાય છે, એમ કહતે હૈં. કોઈ નિમિત્તસે ને વ્યવહારકી ક્રિયાસે સમતા ઉત્પન્ન નહીં હોતી. ઓહોહો! મુનિરાજે કેટલી સ્પષ્ટ કરી છે! સમજમેં આયા? ભગવાન આત્મા ભગવાનસ્વરૂપ અંદર હૈ. ભગ નામ આનંદ ને જ્ઞાનકી લક્ષ્મીસે ભરા હુઆ હૈ. સમતારૂપી વીતરાગી પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો નિશ્ચયપરિણામ—યે પરિણામકા નિજઘર આત્મા હૈ, ઉસકા કુલમંદિર હૈ. પરિણામનું કુળ એ છે. કુલકી પરંપરામેંસે વહ પર્યાય આતી હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! સમજમેં આયા?

થોડા, પણ સત્ય હોના ચાહિયે. અસત્યના મોટા ઢગલા કરે, ઉસમેં કયા કામ તુજે હુઆ? નવમી ગ્રૈવેયક... 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' છ ઢાળામેં આતા હૈ. મુનિવ્રતધાર... નગ્ન દિગંબર અનંતબૈર હુઆ, પંચ મહાવ્રત અનંતબૈર પાલે. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' નવવી ગ્રૈવેયક હોતી હૈ. 'પૈ નિજ આતમજ્ઞાન બિના..' પણ રાગકી ક્રિયાસે ભિન્ન આત્માકે ભાન બિના, આત્માકે અનુભવ બિનાકી વહ ક્રિયા ચાર ગતિમેં રુલનેકી હુઈ. સમજમેં આયા?

કહતે હૈં, **વાસ્તવમેં સમતારહિત યતિ**... જિસે વીતરાગભાવ અંદરમેં પ્રગટ હુઆ હી નહીં ને અકેલી ક્રિયાકાંડમેં મશગૂલ હૈ. યે અનશનાદિ તપશ્ચરણાદિસે કુછ ફ્લ નહીં. ઉસસે ધર્મકા કિંચિત્ લાભ નહીં. **ઇસલિયે, હે મુનિ!..** સમતા કહો કિ સ્વભાવ ત્રિકાળી ભગવાન ઉસકા સમકિત, ઉસકા જ્ઞાન ને ઉસકા ચારિત્ર યે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ સમતા. ઔર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા ઘર દ્રવ્ય, ઉસકા મૂલ ઘર આત્મા. આહાહા! સત્યાર્થ–સત્ય સમ્યગ્દર્શન ઉસકા ઘર આત્મા–નિજઘર આત્મા. આહાહા! નિશ્ચય સમ્યક્–સત્યદર્શન ઉસકા ઘર વ્યવહાર સમકિત કિ રાગકી મંદતા નહીં. આહાહા! ભારે કામ આવું. ઓલા ભાઈ ગયા ભીલવાડાવાળા? ગયા હશે. સમજમેં આયા? બહોત સૂક્ષ્મ બાત થોડેમેં કહ દી હૈ.

ભગવાન! તેરી ચીજમેં તો, અંતર અકેલા જ્ઞાનકા પિંડ પ્રભુ તું ઔર અતીન્દ્રિય આનંદકા કંદ તું હૈ. ઉસ ચીજકા અવલંબન લેકર જો સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર હુઆ, ઉસકા નામ સમતા અને યે સમતાકા કુલમંદિર દ્રવ્ય. આહાહા! સમજમેં આયા? એ સ્થાન એ. ઉસ સ્થાનમેંસે સમતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર પકતે હૈં. નિમિત્તકી અનુકૂલતાસે ઔર રાગકી મંદતાકી ક્રિયાસે સમતા નામ મોક્ષમાર્ગ પકતા નહીં. મોક્ષમાર્ગકા વહ ઘર નહીં. આહાહા! યે દેહ તો માટી હૈ ધૂલ, યે પુદ્ગલ હૈ. યે આત્મા હૈ? કર્મ જડ હૈ, વાણી જડ હૈ. અંદર દયા, દાન, ભક્તિ, વ્રતકા પરિણામ હોતા હૈ વહ શુભપરિણામ વિકાર હૈ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ-વાસના યે પાપ વિકાર હૈ. દોનોંસે રહિત આત્મા હૈ.

ઐસા વીતરાગી પરિણામસ્વરૂપ—વીતરાગી ભાવસ્વરૂપ ઉસકે આશ્રયસે જો મોક્ષમાર્ગ(રૂપ) પરિણામ પ્રગટ હો, ઉસકા વંશપરંપરાકા ઘર દ્રવ્ય હૈ. 'વંશપરંપરાકા ઘર' લિખા હૈ. એના વંશપરંપરાનું ઘર એ છે. તારી પરંપરાનું ઘર મંદરાગના વ્યવહાર અને એમાંથી નિશ્ચય સમકિત થશે–હોગા—ઐસા વંશપરંપરાકા ઘર હૈ હી નહીં. ભાષા કેવી લીધી દેખો! સમજમેં આયા? અરેરે! એણે કોઈ દિ' પોતાની નિજદયા કરી નહીં. અનંત કાળ થયો ચોરાશીના અવતારમાં રખડતાં, અનંત બૈર દિગંબર દ્રવ્યલિંગી સાધુ ભી હુઆ ઔર બારહ વ્રતધારી શ્રાવક અજ્ઞાની અનંતબૈર હુઆ. ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય અનાકુળ શાંતરસકા પિંડ આત્મા હૈ ઉસકા અવલંબન આશ્રય કભી લિયા નહીં. ઉસકે અવલંબન ને આશ્રય બિના સમ્યગ્દર્શન–ધર્મકી દશા કભી પ્રગટ હોતી નહીં. યે ધર્મકી દશા પ્રગટ હોનેકા મૂલ કુલ... મૂલ કુલ... મૂલ–એની વંશપરંપરા આત્મા દ્રવ્ય હૈ. આહાહા!

**યહ અનાકુલ નિજતત્ત્વ**... આહાહા! એમ કહીને શું કીધું? પંચમહાવ્રત, દયા, દાન, વ્રત આદિકે વિકલ્પ તો આકુલતા હૈ. તો આકુલતામેંસે અનાકુલપર્યાય કૈસે પ્રગટ હો? ધર્મકી પર્યાય તો અનાકુલ હૈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આનંદમય હૈ. આનંદમયકી પર્યાય ધર્મ અને મોક્ષકા કારણ હૈ. યે આનંદમય પર્યાયકા કુલમંદિર–મૂલ મંદિર–મૂળ ઘર–વંશપરંપરાકા સ્થાન આત્મા હૈ. આહાહા! એ ભીખાભાઈ! આ વાસ્તુ-બાસ્તુ ઘર નહીં, એમ કહે છે. આહાહા! ભાઈ! તેરા ઘર તો અંદર હૈ ન! તું શાશ્વત ચીજ આત્મા હો. આત્મા કોઈ નયા ઉત્પન્ન નહીં હોતા ઔર આત્માકા નાશ કભી નહીં હોતા. ઐસા આત્મા ત્રિકાળી અવિનાશી ધ્રુવ વહ વર્તમાન ધર્મકી પર્યાયકા કુલમંદિર—વંશપરંપરાકા મંદિર હૈ. આહાહા! સમજમેં આયા?

ભાઈ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ હૈ. અનંત કાલમેં એક સેકંડમાત્ર કિયા નહીં. એક સેકંડમાત્ર ધર્મ હો (તો) જન્મ-મરણ રહે નહીં. મૂલચંદભાઈ! આહાહા! થોથા ઉપરથી કર્યા ને માન્યા કે અમે ધર્મ કરીએ છીએ. રાજમલજી! ક્યા હૈ યે? ..લાલજી ગયા? આહાહા! તેરા નિજઘર ક્યા હૈ (ઐસી) તેરી ખબર નહીં અને પરઘરકી ક્રિયાકાંડમેં મશગુલ (હૈ તો) કુછ લાભ નહીં ધર્મકા. આહાહા! એમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ ધર્મસભામાં—સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા. એ વાત અહીં આચાર્ય મહારાજ પોતે કહે છે.

આહાહા! સમજમેં આયા? પંચમહાવ્રત ને અનશન આદિ ક્રિયા તો બહિર્મુખી દશા હૈ અને વીતરાગી પરિણામ જો સમ્યગ્દર્શન આદિ હો યે તો અંતર્મુખ તત્ત્વકા પરિણામ હૈ. સમજમેં આયા?

ઐસા **અનાકુલ નિજ તત્ત્વ**... ભગવાન! (બાહ્ય) તત્ત્વ વહ તેરા નિજ તત્ત્વ નહીં. અનશન, અપવાસ, રાગાદિ મંદતા, પઠન-પાઠન આદિ યે કોઈ નિજતત્ત્વ નહીં, યે તો રાગ હૈ. રાગ તો આસ્રવ હૈ, આહાહા! **અનાકુલ નિજતત્ત્વ ઉસે ભજ.** ભગવાન! તેરી ચીજ તેરે પાસ હૈ. તું હી હૈ અનાકુલ. ઉસકે સન્મુખ હોકર ઉસકી સેવા કર, ઉસકો ભજ. અનાકુલ નિજ તત્ત્વ યે વસ્તુ અને ભજન કરવું એટલે એકાગ્ર થવું એ ધર્મ. આહાહા! એ પર્યાય છે. અનાકુલ નિજ તત્ત્વ એ ત્રિકાળી વસ્તુ અને એમાં એકાગ્ર થવું આનંદમાં, નિર્મળ પર્યાય પ્રગટ થાય એને અહીં 'ભજ' કહેવામાં આવે છે. એને ભજ તો નિર્મળ પર્યાય થાય એમ કહે છે. ભગવાનને ભજે કાંઈ નિર્મળ પર્યાય થતી નથી. આહાહા! ભારે કામ ભાઈ આકરું. ત્યારે અમારે આમ કાંઈ કરવું નહીંને આવું? કોઈ એમ પૂછે છે. અશુભભાવસે બચનેકો ઐસા ભાવ આતા હૈ, પણ વહ ધર્મ નહીં. ઉસકો ધર્મ માનના છોડ દે. ધર્મ આત્માકે આશ્રયસે હોતા હૈ વહ નિર્ણય કર. સમજમેં આયા? ઓહોહો! અત્યારે તો પ્રરૂપણા બધી ફરી ગઈ છે. ભગવાનના વીતરાગમાર્ગના ઠેકાણે રાગમાર્ગમાં ધર્મ. મૂલચંદભાઈ! ૧૨૪ થઈ, લ્યો. ૧૨૫.

**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ ।**
**तस्स समाइगं ठाइ इदि केवलिसासणे ॥१२५॥**

હવે સામાયિક કોને હોય એની વાત કરે છે. આ સામાયિક... સામાયિક કરતે હૈં ન. બે ઘડી બેસેને, 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.' સામાયિક હો ગઈ. યે સામાયિક નહીં. સામાયિકમેં તો... ભજન કરના, બોલના, અંદર સ્મરણ કરના (ઐસા) વિકલ્પ વહ ભી રાગ હૈ. ઉસસે રહિત આત્મા આનંદમૂર્તિમેં એકાગ્ર સ્થિર હો જાય ઔર વીતરાગ પરિણામ પ્રગટ હો, ઉસકા નામ પરમાત્મા સામાયિક કહતે હૈં. ઉસકે સિવા સબ અસામાયિક હૈ. દો ઘડી બેસીને કહે 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.' હો ગઈ સામાયિક, લ્યો બે ઘડી થઈ ગઈ. પંડિતજી! યહાં કહતે હૈં, યે સામાયિક નહીં.

**સાવદ્યવિરત, ત્રિગુપ્તિમય અરુ પિહિતઇન્દ્રિય જો રહે,**
**સ્થાયી સામાયિક હૈ ઉસે, યોં કેવલીશાસન કહે. ૧૨૫.**

કેવળી પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન સમવસરણમેં ઐસી સામાયિક કહતે હૈં. **ટીકા : સર્વ સાવદ્ય વ્યાપારસે રહિત...** પુણ્ય-પાપકે જો પરિણામ હૈં વે સબ સાવદ્ય હૈ–દોષ હૈ. ઔર **ત્રિગુપ્તિ દ્વારા ગુપ્ત...** મન, વચન ને કાયાકા લક્ષ છોડકર, **સમસ્ત ઇન્દ્રિયોંકે વ્યાપારસે વિમુખ...** પાંચે ઇન્દ્રિય તરફના ઝુકાવનો રુકાવ, પાંચે ઇન્દ્રિય તરફનો ઝુકાવ, એનો રુકાવ... આહાહા! **ઉસ મુનિકે સામાયિક વ્રત સ્થાયી હૈ.** ઐસા ધર્માત્મા અંતર જ્ઞાયકસ્વભાવ

ભગવાન ઉસમેં લીન રહતા હૈ, વીતરાગભાવ પ્રગટ કરકે દ્રવ્યકા આશ્રય કિયા હૈ, ઉસકો ભગવાન ત્રિલોકનાથ 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં'... 'કેવળી પણ્ણત્તો ધમ્મો' યહ. મંગળિકમાં હાંક્યે જાય બોલે. 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલી પણ્ણત્તો... અરિહંતા લોગુત્તમા... અરિહંતા શરણં..' અરિહંતનો કહેલો ધર્મ (એટલે) 'કેવલી પણ્ણત્તો ધમ્મો.'

'કેવળી પણ્ણત્તો ધમ્મો' હૈ ક્યા? કેવળી ભગવાનને કહા ધર્મ વહ તો, શુભ-અશુભ ક્રિયાકાંડકે રાગસે રહિત અપને ત્રિકાળી દ્રવ્યસ્વભાવકે આશ્રયસે વીતરાગતા પ્રગટ હો, ઉસકા નામ 'કેવલી પણ્ણત્તો ધમ્મો' કહનેમેં આતા હૈ. વ્યવહારના ક્રિયાકાંડીને તો એવું લાગે કે આ તો બધું ઉથાપે છે, કહે છે. આહાહા! અત્યાર સુધી શું કર્યું? આ બધું વ્યવહારનું પોષણ કર્યું હશે કે નહીં? એ ક્યાં ખબર હતી? એમ કહે છે. આહાહા! અંદર આત્મા વહ તો સ્વભાવિક–સહજ સ્વરૂપ આનંદ ને જ્ઞાન ને શાંતિકા સાગર હૈ. ઉસકા અંતર આશ્રય કરકે, અંતર્મુખ હોકર જો દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ પ્રગટ હો, ઉસકા નામ ભગવાનને સામાયિક કહી હૈ. યે સામાયિક સચ્ચી, બાકી સામાયિક જૂઠી. આહાહા! સામાયિક તો બહુ કરી હશે તમે? ઊંધું? આહાહા!

ભાઈ! તને ખબર નથી. તેરી ચીજ ક્યા હૈ અને ચીજકે અવલંબનસે ક્યા પ્રગટ હોતા હૈ ઔર પરકે અવલંબનસે ક્યા પ્રગટ હોતા હૈ—કોઈ ચીજકી ખબર નહીં. બાહરકે અવલંબનસે તો રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા! સ્ત્રી-કુટુંબ-પરિવાર, ધંધાકે આશ્રયે અશુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર-પૂજાકે આશ્રયસે શુભરાગ. બેય રાગ છે.

શ્રોતા : બેમાંથી ક્યો રાગ....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : રાગરહિત આત્માકે આશ્રય જો વીતરાગ પર્યાય ઉત્પન્ન હો, ઉસકો યહાં સમાધિ કહતે હૈં, ઉસકો યહાં સામાયિક કહતે હૈં, ઉસકો યહાં મોક્ષમાર્ગ કહતે હૈં, ઉસકો તપ કહતે હૈં, ઉસકો સમતા કહતે હૈં. આહાહા! એકેએક વાતમાં...

તથા **સમસ્ત ઇન્દ્રિયો વ્યાપારસે વિમુખ હૈ, ઉસ મુનિકો સામાયિક વ્રત સ્થાયી હૈ...** સ્થાયી નામ સાચી સામાયિક છે. બાકી સબ જૂઠ હૈ. અપને ભગવાન આત્મામેં સન્મુખ, અંદર વીતરાગભાવમેં સન્મુખ હોકર જો પરિણામ શાંતિ, વીતરાગતા, સમતાકા પ્રગટ હો, ઉસકા નામ ભગવાન સચ્ચી સામાયિક કહતે હૈં. સત્ય સામાયિક. સ્થાયી એટલે સત્ય. સમજાય છે કાંઈ? ઓલો અસત્ય, એમ. સ્થાયી એટલે સત્ય સામાયિક, સાચી સામાયિક. એ સિવાય જૂઠી સામાયિક છે. એવો માર્ગ વીતરાગનો છે. તીન લોકકે નાથ તીર્થંકરદેવ કેવળીપરમાત્માકા યે હુકમ હૈ. એ ન સમજે અને ધર્મ માની લ્યે, અનાદિથી રખડે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૭, રવિવાર, તા. ૨૬-૯-૧૯૭૧**
**ગાથા - ૧૨૫-૧૨૬, શ્લોક - ૨૦૩, પ્રવચન નં. ૧૩૬**

નિયમસાર, પરમ-સમાધિનો અધિકાર. સમાધિ કહો કે મોક્ષનો માર્ગ કહો કે સામાયિક કહો—બધું એક જ ચીજ છે. સામાયિકની વ્યાખ્યા કરે છે. કેવળી ભગવાનના શાસનમાં સામાયિક કોને કહી છે અને સામાયિક કેવી હોય, એનું સ્વરૂપ છે.

**અહીં (આ લોકમાં)...** બીજો પેરેગ્રાફ. (ગાથા) ૧૨૫. **જે એકેન્દ્રિયાદિ પ્રાણીસમૂહને...** એકેન્દ્રિયાદિ પ્રાણી, એના સમૂહને એટલે ઘણા એકેન્દ્રિય, બે ઇન્દ્રિયાદિ. **ક્લેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના વ્યાસંગથી વિમુક્ત છે...** એકેન્દ્રિયાદિ પ્રાણીને મારવાના પરિણામ એનાથી રહિત (અને) એની આસક્તિથી પણ રહિત... દૃષ્ટિમાં તો એનાથી રહિત છે.... પરપ્રાણીને મારવાનો જે સાવદ્યભાવ નિમિત્ત, એથી સમ્યગ્દૃષ્ટિ રહિત જ છે. આત્મા... સમ્યગ્દર્શન પણ એક સામાયિક છે, સમ્યગ્જ્ઞાન પણ એક સામાયિક છે. અને પછી સાવદ્યયોગની નિવૃત્તિ અને શુભભાવની પણ નિવૃત્તિ એટલે કે આસક્તિની નિવૃત્તિ, આહાહા! એનું નામ સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં? પહેલી સામાયિક તો એને એ હોવી જોઈએ કે આત્મા તદ્દન વીતરાગમૂર્તિ સમતાનો પિંડ છે. એવી દૃષ્ટિમાં સમભાવની સમ્યગ્દર્શનદશા પ્રગટ થાય, તેને સમ્યગ્દર્શન સામાયિક કહેવામાં આવે છે અને તેનું—આત્માનું જ્ઞાન એ પણ સમ્યગ્જ્ઞાન સામાયિક કહેવામાં આવે છે. અહીં એથી ઉપરાંતની વાત છે.

**જે કોઈ એકેન્દ્રિયાદિ પ્રાણીના ક્લેશ**નું નિમિત્ત... સમસ્ત સાવદ્યયોગ નિમિત્ત છે ને? **વ્યાસંગથી વિમુક્ત છે**... ગાઢ સંગ—આસક્તિથી છૂટી ગયો છે. **પ્રશસ્ત-અપ્રશસ્ત કાય-વચન-મનના સમસ્ત વ્યાપારના અભાવને લીધે**... ત્યાં અશુભ તો છૂટ્યો છે, પણ શુભ ને અશુભ વિકલ્પ નામ રાગ એના વેપારના **અભાવને લીધે ત્રિગુપ્ત છે**. મન-વચન ને કાયા, એના લક્ષે થતાં શુભાશુભભાવ એનાથી સમ્યગ્દૃષ્ટિ રહિત જ છે, પણ સામાયિકમાં એની આસક્તિથી રહિત છે એમ કહેવું છે. શું કહ્યું સમજાણું આમાં? સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણ આનંદ ને સમતાનો સ્વભાવ એવી જે અનુભવ થઈને પ્રતીતિ (થઈ), એ દૃષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપના આસક્તિના ભાવ એનાથી રહિત જ છે. સમજાણું કાંઈ?

હવે અહીંયા સ્થિરતાની અપેક્ષા લેવી છે. પોતાનો જે સમભાવ એવું ત્રિકાળી સ્વરૂપ, એને અવલંબીને થયેલું દર્શન-જ્ઞાન અને એનો ઉગ્ર આશ્રય લઈને શુભ-અશુભ પરિણામનો સંગ નામ આસક્તિ છૂટી ગઈ છે અને અસંગ પરિણમન જેનું સામાયિકનું થયું છે, એને સામાયિક જૈનશાસનમાં કહેવામાં આવે છે. શબ્દો સમજવા કઠણ છે, કહે છે. આ તો સીધી સાદી ભાષા છે. જુઓને! વ્યાસંગ કહ્યો છેને એનો અર્થ નીચે છેને. **ગાઢ સંગ, સંગ, આસક્તિ.**

ગાઢ સંગ કહો કે આસક્તિ કહો કે એકલો સંગ કહો. એટલે કે વસ્તુ ભગવાન પૂર્ણ આનંદ ને જ્ઞાયક સ્વભાવ એની સન્મુખ દૃષ્ટિ થઈને રાગ-દ્વેષના વિકલ્પોથી વિમુક્ત દૃષ્ટિ થઈ છે, એને પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે અહીંયા તો એ દૃષ્ટિ અને જ્ઞાન સહિત, જ્યારે પુણ્ય-પાપના પરિણામમાં આસક્તિ હતી, અસ્થિરતા હતી, એનો સંગ હતો, એ સંગ છોડીને આત્મામાં અસંગપણે પરિણમવું એનું નામ સામાયિક કહેવામાં આવે છે. મૂલચંદભાઈ! આ કેટલી સમાયિક કરી અત્યાર સુધી? ઘણી કરી. આ બધી કરી હશેને વાડાની. આહાહા! વાત તો ન્યાયથી છેને! આત્મા જે વસ્તુ છે એ તો વીતરાગસ્વરૂપ જ છે. સામાયિકમાં 'સમતાનો આય–લાભ' એમ છે ને! સમ-આય, 'ઇક' તો પ્રત્યય છે. સમતાનો લાભ એટલે શું? સામાયિકનો અર્થ, સમતાનો લાભ, અસમતાનો નાશ. એટલે શું? કે આ આત્મા તદ્દન અકષાયસ્વભાવ, અકષાયસ્વભાવરૂપ સમતાના સ્વભાવથી ભરેલું તત્ત્વ આત્મા છે. એવા તત્ત્વને... પર નિમિત્તની, રાગની ને એક સમયની પર્યાયની રુચિ છોડીને, ત્રિકાળ વસ્તુ એની રુચિ થવી અને એનું પરિણમન જ્ઞાનનું થવું. ઓલું જે રાગનું પરિણમન એકત્વમાં હતું એ છૂટીને જ્ઞાનનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાનપણે થવું, એ તો પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાનની સામાયિક થઈ. સમજાણું કાંઈ?

પછી સ્વરૂપમાં દ્રષ્ટિ હોવા છતાં, શુદ્ધસ્વરૂપનો સ્વીકાર હોવા છતાં, આસક્તિનો ભાવ જે રહ્યો છે એ દ્રષ્ટિની અપેક્ષાએ તો એનાથી મુક્ત છે, પણ સ્થિરતાની અપેક્ષાએ ત્યાં અસ્થિરતા કીધી છે. આહાહા! એ આસક્તિનો અભાવ અને સ્થિરતાનો ભાવ એને સામાયિક કહે છે. આ સામાયિક તો બધી શબ્દો ગોખેલી છે. સંપ્રદાયમાં સામાયિક કર્યા ને પોષા કર્યા ને પડિકમણા કર્યા. એક સેકંડ પણ સામાયિક કરે એને જન્મ-મરણ રહે નહીં, એમ કહે છે. સામાયિક કહેવી કોને એની ખબર ન મળે. સમજાણું કાંઈ? સામાયિક એટલે સમ-આય (અર્થાત્) સમતાનો લાભ. વીતરાગીભાવનો લાભ એનું નામ સામાયિક. હવે એ વીતરાગીભાવનો લાભ કઈ રીતે થાય? કે આત્મા જે વસ્તુ છે પોતે ત્રિકાળી અવિનાશી આત્મા, એનામાં અવિનાશી વીતરાગસ્વભાવ ભર્યો છે. સમજાણું કાંઈ? આવી સામાયિક તો સાંભળી ન હોય એણે. સામાયિક કર્યા, પાંચ-આઠ વર્ષનો છોકરો પંચરંગી કરી લ્યો, પાંચ સામાયિક એક પથરણે લ્યો. આપો ભાઈ હવે એને પેંડા અધશેર કે શેર. આહાહા!

ભાઈ! સામાયિક કોને કહેવી? અહીં જુઓને! **इदि केवलिसासणे भणियं**.. કેવળીના શાસનમાં–ભગવાનના માર્ગમાં એમ કહ્યું છે. 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં.' મંગલિકમાં આવે. ગડિયો આવેને, શબ્દો તો આવે. ભાવ સમજે નહીં કાંઈ. કહે છે કે જે એકેન્દ્રિય આદિ પ્રાણીને મારવાનો ભાવ... મારી શકે એ પ્રશ્ન અહીં નથી. એનો જે પાપભાવ હતો એનાથી તો સમ્યગ્દષ્ટિ મુક્ત જ છે દ્રષ્ટિની અપેક્ષાએ, પણ હવે ન્યાં સ્થિરતા આત્મામાં કરવી છે, તેથી સાવદ્યયોગથી નિવર્તેલો અને **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવ...**

શુભભાવ ને અશુભ બેયનો અભાવ. શુભ-અશુભભાવની આસક્તિ છે. (આસક્તિ) હોવા છતાં સમ્યગ્દર્શનને બાદ નથી. આહાહા! સમજાય છે કાંઈ? આ તો 'વ્યાસંગ' શબ્દ ઉઠ્યોને એમાંથી બધું ઉઠ્યું. આસક્તિ છેને આ! સમ્યગ્દર્શનમાં રાગની આસક્તિ હોય, એકત્વબુદ્ધિ ન હોય. પણ સામાયિકમાં તો રાગની એકત્વબુદ્ધિ તૂટવા ઉપરાંત આસક્તિનો પણ જેમાં અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ભીખાભાઈ!

શ્રોતા : જીવદયાના પરિણામ એ આસક્તિમાં જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : આસક્તિમાં જાય. જીવદયાના ભાવ, સાચું બોલવાના ભાવ, બ્રહ્મચર્યના ભાવ એ બધા શુભભાવની આસક્તિમાં જાય. ...ભાઈ! કેવી સામાયિક સાંભળી હતી? કેવી સાંભળી હતી? મેં તો એમ પૂછ્યુંને.

કેવળીશાસન એટલે કેવળીની શિખામણમાં, કેવળીના માર્ગમાં, આના–કેવળીના ઉપદેશમાં સમાયિક આવી કહેવામાં આવી છે. આહાહા! પહેલી ગાથા છેને. હજી પહેલી ગાથા છે 'કેવળીશાસન'ની. પછી હજી આવે છે હવે. સમજાણું કાંઈ? આ તો સવાર-સાંજ સામાયિક કરવા બેઠા. શેની? શુભભાવ કદાચિત્ હોય અને એની સાથે એકત્વબુદ્ધિ પડી છે, તો મિથ્યાત્વનો ભાવ છે. સમજાણું કાંઈ? દેહની ક્રિયાઓ હું કરી શકું છું (એમ માને) ત્યાં સુધી અજીવને જીવ માને છે. હજી જીવને જીવ માનતો નથી, ત્યાં જીવમાં ઠરવાની ક્રિયા એને હોય ક્યાંથી? સમજાય છે કાંઈ? જીવને જીવ માનતો નથી. જીવ એટલે શું? જીવ એટલે આનંદ ને જ્ઞાનનો વીતરાગી સ્વભાવનો પિંડ એ જીવ. હવે આ જીવની જ્યાં સુધી ખબર નથી, ત્યાં સુધી એમાં ઠરવાની ક્રિયા સામાયિક આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

**ત્રિગુપ્ત અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયોને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી...** ઇન્દ્રિયો અટકી ગઈ છે બધી, એમ. **पिहिद** શબ્દ છેને? **पिहिदिंदिओ...** ઇન્દ્રિયો કામ કરતી બંધ થઈ ગઈ છે. વિકલ્પો અને ઇન્દ્રિય તરફનું લક્ષ બંધ થઈ ગયું છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? શાંતિભાઈ! કેવી આવી સામાયિક? આ બધા સામાયિક કરે છેને? ખોટી કરે છે. ૫૦-૫૦ વર્ષ સુધી સામાયિક કરી ને પાથરણા ફાડ્યા. (તે) સામાયિક અમારી ખોટી હશે? પથરણા ફાડ્યા ને ચડી-ઉતરીને પગથિયા ઘસાઈ ગયા. ખબર ન મળે કે હજી સામાયિક કોને કહેવી. આહાહા! કહે છે કે એ પાંચે ઇન્દ્રિય **पिहिद** થઈ ગઈ છે–બંધ થઈ ગઈ છે. અશુભજોગનો ત્યાગ થયો, શુભની આસક્તિનો ત્યાગ, ઇન્દ્રિયો તરફના વલણનો ભાવ અટકી ગયો છે.

**તે મહામુમુક્ષુ...** આહાહા! **તે મહામુમુક્ષુ...** અહીં તો સામાયિકવાળો લેવો છે ને. સમ્યગ્દ્રષ્ટિ મુમુક્ષુ છે, પણ આ તો સામાયિકવાળો .... આહાહા! **પરમવીતરાગ સંયમીને...** પરમ રાગરહિત–વીતરાગી સંયમી જીવને **ખરેખર સામાયિકવ્રત શાશ્વત સ્થાયી છે.** સ્થાયી એટલે સામાયિક તો પર્યાય છે, પણ એ સત્ય સામાયિક છે, એમ. સ્થાયી શાશ્વત એટલે સત્ય

સામાયિક છે. બાકી બધી ખોટી સમાયિક છે, એમ. આહાહા! સમજાણું કાંઈ? પાઠ એ છેને? 'સ્થાયી' એમ શબ્દ છે. છે તો સામાયિક પરિણામની વાત, પણ એ સામાયિક સ્થિર છે, સ્થાયી છે, સત્ય છે, સનાતન છે, એ જ શાશ્વત સામાયિકનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે આકરું લાગે માણસને.

પણ એ આવું પછી થાય ક્યારે? આવી સામાયિક કરતાં કરતાં, વ્યવહારે કરતાં કરતાં પછી આવે કે આમને આમ અદ્ધર આવી જતી હશે? કેમ ન થાય? આ બધી સામાયિક પરબારો.... ભાન નથી, પણ પહેલું વ્યવહાર સામાયિક કરે, નવરો થઈને મુનિરાજ સામું જોઈને બેસે. પછી થાયને કે પાધરું થઈ જતું હશે? અહીં તો કહે છે કે એ એનો સ્વભાવ જ પાધરો થવાનો છે. સમજાણું કાંઈ? પાધરો એટલે સીધો આમ જ થાય એવો એનો સ્વભાવ છે. આહાહા! કહો, મલૂકચંદભાઈ! તમારે ...... બહુ સમાયિક થાય. તમે કરી હતી કે નહીં? તમારા મનસુખભાઈ આ બધા ચાર ભાઈ બેઠા છે ને? ....ઉદ્યોગકાર. બધાએ કરી છે, ખોટી. આહાહા!

અહીં તો કહે છે, પ્રભુ! જેમાંથી સમતા પરિણામ પ્રગટ કરવા છે, એ સમતાનો પિંડ ન હોય તો સમતા પરિણામ આવશે ક્યાંથી? એ પહેલું જ્યાં હજી નિર્ણયમાં આવ્યું નથી... ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા અકષાયસ્વભાવ-સ્વરૂપ જ એનું છે. અકષાયસ્વભાવ કહો, વીતરાગસ્વભાવ કહો, સમતાસ્વભાવ કહો કે સમાધિસ્વભાવ કહો. પહેલા આવી ગયું હતું, એ સમાધિસ્વરૂપ જ છે. આવી ગયું છે. ત્રિકાળ સમાધિસ્વરૂપ છે. આહાહા! નિયમસાર તે નિયમસાર છે ને! અમૃત રેડ્યા છે! આહાહા! હવે એ કેટલાકને પસંદ પડતું નથી. ભગવાન! પણ આવું ટાણું આવ્યું. પહેલું પસંદ તો કર કે વાત તો આ સાચી છે, માર્ગ તો આ છે. એ સિવાય માર્ગ બીજો હોઈ શકે નહીં.

કહે છે કે **મહામુમુક્ષુ**... સમ્યગ્દૃષ્ટિ છે એ મુમુક્ષુ છે મોક્ષનો, પણ આ તો સામાયિકવંત પ્રાણી મહામુમુક્ષુ છે, ચારિત્રવંત છે. આમાંય ચારિત્ર આવ્યુંને? મુક્તિનું સાક્ષાત્ કારણ... આહાહા! **મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને**... સમ્યગ્દર્શન છે એ પણ વીતરાગદ્રષ્ટિ છે, સમ્યગ્જ્ઞાન છે એ વીતરાગીજ્ઞાન છે સ્વના આલંબન (સહિત), પણ આ તો ચારિત્ર, પરમવીતરાગ ચારિત્રનું પરિણમન છે. શુભાશુભરાગની આસક્તિ છોડીને સ્વરૂપમાં આસક્ત થવું, સ્થિર થવું, અહીં આસક્તિ છૂટી અહીં આસક્ત–સ્થિર થવું, એને અહીં સામાયિક કહેવામાં આવે છે.

આ બધું 'સામાયિક' શબ્દ પ્રસિદ્ધ છેને એટલે વધારે એનો (ખુલાસો કરે છે). ખુલાસો થાય. આ તો બધા ત્રણે સંપ્રદાયમાં સામાયિક.. સામાયિક. ઓલા તેરાપંથીમાં સામાયિક. અમારી સામાયિક અધ્યાત્મની છે. ધૂળેય નથી. તને વસ્તુ શું છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? તેરાપંથીઓ એમ કહે, અમારો આ માર્ગ અધ્યાત્મમાર્ગ છે, નિવૃત્તિનો માર્ગ છે. એમ કહે, સાધુનો અધ્યાત્મમાર્ગ છે અને વિશેષમાં એ કહ્યું કે બીજાને બચાવવું .... ભાવ નથી એટલે

વિશેષ અધ્યાત્મ છે. બીજાને બચાવવુ ને આ કરવું એ બધો માર્ગ.... પણ તારો પંચમહાવ્રતનો વિકલ્પ જે અજ્ઞાનનો છે એ જ અવ્રતનો માર્ગ છે, સાંભળને! મહાવ્રતના ક્યાં ઠેકાણા છે એના? આહાહા! આકરી વાત ભાઈ! સમજાણું કાંઈ?

જેનો ભક્ત ઠેકાણા વિનાનો દેવ માને એને અહીંયા સાચા સમ-પરિણામ આવે ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા! પરમાત્મા સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એમ ન માને... કંઈક ગોટા ઉઠ્યા છેને અત્યારે. જુઓને! કોઈ (કહે), ભવિષ્યનું ન જાણે, ફલાણું જાણે, ઢીકણું જાણે. અરેરે ભગવાન! એવો જે ભગવાન તારી શ્રદ્ધામાં છે તો તારો આખો વાંધો જ દ્રવ્યનો વાંધો છે. અને ભગવાન આહાર લે, ભગવાનને રોગ થાય, એને રોગ મટાડવા આહાર લેવા જાય, ભલે બીજા લેવા જાય. બીજા લેવા જાય, એ ભગવાન પોતે લેવા ન જાયને. શિષ્યો હોયને.... શેઠીયા કાંઈ શાક લેવા જાય? નોકરને મોકલે શાક લેવા. એમ કાંઈ ભગવાન કાંઈ આહાર લેવા જાય? શિષ્યો લાવે ને ખાય. આહા! ગજબ કર્યું છે ને! આહાહા! બાપુ! એ માર્ગ નથી. આવા જેણે વીતરાગ સ્વીકાર્યા, એનું દાસત્વ (સ્વીકાર્યું), એ દાસ છે રાગનો એમ કહે છે. સમજાણું કાંઈ?

જેની દ્રષ્ટિમાં અરિહંતનું સ્વરૂપ... સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા જેને સો ઇન્દ્રો પણ વંદન કરે એવી તો પ્રકૃતિ પુણ્યની અને મહાપ્રભુને વંદન કરે પર્યાય પોતાની. સ્વભાવ ને પ્રકૃતિ બે પૂરા હોય ભગવાનને. એનો ભક્ત કોને કહેવાય? એનો ભક્ત તો, વીતરાગસ્વભાવનો શ્રદ્ધાવાન એ એનો ભક્ત કહેવાય. રાગની શ્રદ્ધાવાળો વીતરાગનો ભક્ત નહીં. રાગથી લાભ માનનારો એ વીતરાગનો ભક્ત નહીં. એને સામાયિક હોઈ શકે નહીં, એમ કહે છે. ભારે વાત! મહારાજ પ્રત્યેનો રાગ... એ તો ઉપરથી વાતું કરે છે. ભલે હો, પણ એ આવે તો જ લાભ થાય, એમ (અજ્ઞાની) કહે. અહીં કહે છે કે **મહામુમુક્ષુ**... ઓહો! જેણે આત્માના પરિપૂર્ણ સ્વભાવનો તો અનુભવ કર્યો છે, એના ઉપરાંત જેણે આસક્તિ છોડીને અહીં આસક્તિ જામી છે, પુણ્ય-પાપના આસક્તિના ભાવને છોડી... આમ આસક્તિ છોડી છે, અહીં આસક્તિ જામી છે. આહાહા! એવા **મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને ખરેખર**... સાચેસાચી, એમ. સમજાણું કાંઈ? **સામાયિક શાશ્વત–સ્થાયી છે**. અહીં વિકલ્પની વાત નથી. અંદરની વીતરાગ પરિણતિ તે સામાયિક છે, એમ કીધું. સમજાણું કાંઈ?

**૧૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं**
**नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम् ।**
**अन्तःशुद्ध्या परमकलया साकमात्मानमेकं**
**बुद्ध्वा जन्तु स्थिरशममयं शुद्धशीलं प्रयाति ॥२०३॥**

**શ્લોકાર્થ : આ રીતે ભવભયના કરનારા...** પાપના–સાવદ્યના પરિણામ ભવભયના કરનારા છે. આહાહા! હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, કામ, ક્રોધ, માન, માયા લોભ એ તો ભવભય કરનારા—ભય ઉત્પન્ન કરનારા ભાવ છે. આહાહા! હોંશે હોંશે કરે છે. બાયડી માટે, છોકરા માટે, કુટુંબ માટે હોંશે હોંશે પાપ કરે. ફળ ભોગવવા એણે ભવભયના. એના (-બીજા) માટે કરતો નથી, એને એના વિના ગોઠતું નથી એ માટે કરે છે. એ (વાત) ખરી છે? હીરાભાઈ માટે જાય છે ન્યાં બંગડીના બજારે? બે કલાક જઈ આવું નવરા થઈને. એના માટે નથી જતા, પણ એને પોતાને સખ નથી આવતું ત્યાં. આ તો એક દાખલો. તમારો શું, બધાને–ઘણાને એમ છે ને. કેમ મલૂકચંદભાઈ? આ તો દૃષ્ટાંત છે. આહાહા!

પ્રભુ! તું કોના માટે કરે છો, શું કરે છો—એ તને ખબર નથી. આહાહા! એ સાવદ્ય પરિણામ તો ભવભયના કરનારા છે. ઓહોહો! એકલડો જાય અને એકલડો દુઃખને ભોગવે. એવા ભવભયને કરનારા સાવદ્ય યોગ છોડીને... છોડ એ ભાવને. આહાહા! **કાય-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને...** એટલે કે શુભ-અશુભભાવ બેય, એમ. મન-વચન-કાયાના શુભાશુભ પરિણામ(રૂપ) વિકૃતિ નિરંતર નાશ પમાડીને, એમ છે. સતત સ્વભાવમાં એકાગ્રતા દ્વારા... એ શુભના પરિણામનો નિરંતર નાશ કરનારો છે. આહાહા!

ઓલો કહે કે શુભરાગ થાશે તો આપણને ક્યાંક ભગવાન પાસે જવાશે, સ્વર્ગમાં જવાશે. ભાઈ! જે નાશ કરવાલાયક ચીજ છે એને રાખવા જેવી (માને) છે એ તો તારી દ્રષ્ટિ રાગ ઉપર છે, ભગવાન આત્મા ઉપર નથી. ભગવાનની આજ્ઞામાં એ નથી. આહાહા! ભગવાનનું શાસન તો આમ કહે છે. કેવળીની આજ્ઞા એટલે શિખામણ તો આ છે. ભગવાનનું શાસન એટલે શિખામણ, આજ્ઞા તો આ છે. તારો આત્મા એકલો વીતરાગધર્મરૂપી સ્વભાવનો તો ભંડાર છે. એનો અંતર સ્વીકાર કરીને દ્રષ્ટિમાં, 'મોટો હું છું, મારાથી મોટો કોઈ જગતમાં છે નહીં મારે માટે' એવી દ્રષ્ટિ, અનુભવ પ્રગટ કરી પછી, કહે છે કે જ્ઞાનીને પણ સાવદ્યપરિણામ પણ ભવના કારણ છે. અહીં અસ્થિરતા છોડાવવી છેને! શુભભાવ પણ સંસાર છે. મુનિને પ્રમત્તભાવ છે એનેય સંસાર કહ્યો છે. સમજાણું કાંઈ?

છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્તભાવ એટલે આ મહાવ્રત, ન્યાં જાય તો સંસાર છે. અહીં આવે તો મુક્તિ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા! દ્રષ્ટિએ મુક્ત છે, પણ અસ્થિરતાનો ભાવ છે એટલો સંસાર ઊભો થાય છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? મન, વચન ને કાયા... **કાય-વચન-મન** એમ લીધું છે. કાયા પહેલી સદાથી હોય છે, વચન પછી હોય, મન પછી મળે. એટલે ત્રણેની **વિકૃતિને...** ત્રણ પ્રકારના મન-વચન-કાયાથી (થતા) શુભ-અશુભભાવો **નિરંતર નાશ પમાડીને...** આહાહા! જેમાં શુભભાવની પણ ગંધ ન રહે. જાદવજીભાઈ! આ સામાયિક. કેટલી સામાયિક કરી, લ્યો, સમજ્યા વિનાની. સમજ્યા વગરની? તમારે ઘરે બૈરા તો બહુ ડાહ્યા કહેવાય છે. કલકત્તાના શેઠીયાના ઘરેથી હુશિયાર હોય તો બહાર.... ચાલે. પણ સંસારની

ખબર ન મળે. આહાહા! ભાઈ! તારા સ્વરૂપની—તું કેવડો, કેવો એની—ખબર ન મળે, હવે એમાં સ્થિરતા શી રીતે કરવી? સમજાણું કાંઈ?

શુભાશુભના (ભાવ) **નિરંતર નાશ પમાડીને**... આહાહા! ઉપદેશની શૈલી એ જ આવેને. એનો અર્થ કે નિરંતર સ્વરૂપમાં સ્થિર થઈને. દ્રષ્ટિમાં જે આત્માનું ભાન થયું હતું તેમાં નિરંતર સ્થિર.. સ્થિર.. સ્થિર.. સ્થિર અંદર, એટલે શુભાશુભને નિરંતર નાશ કરીને, એમ કહ્યું. **અંતરંગ શુદ્ધિથી**... બે ગયા ને હવે ત્રીજી કળા આવી અંદર. **અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત**... એ જ્ઞાનની કળા–આત્માના સ્વભાવની કળા એને જ્ઞાનકળા કહે છે. ઓલી પુણ્ય-પાપની આસક્તિથી તો નાશ કરીને, એમ કહ્યુંને. હવે ક્યા કળા દ્વારા સ્થિર થવું? સમજાણું કાંઈ? **પરમ કળા સહિત**... પરમ જ્ઞાનકળા એટલે કે આત્માનો સ્વભાવ વીતરાગ છે, એ વીતરાગી પર્યાયરૂપી કળા દ્વારા... વીતરાગની પર્યાય(રૂપ) કળા એ જ્ઞાનકળા. પુણ્ય ને પાપના વિકલ્પની કળા એ વિકારી કળા. આહાહા! કહો, સમજાણું આમાં? આ સામાયિક કોને કહેવી એની વ્યાખ્યા ચાલે છે. કયાં ગયા તમારા શિવલાલભાઈ ગયા? અહીં નથી આવ્યા? કામ હશે. સમજાણું કાંઈ? પહેલું વ્યાખ્યાનનું કામ હોય, પછી બીજું કામ હોયને. કહો, સમજાણું આમાં?

ઓલા બાહ્યના ભાવનો નિરંતર નાશ, અંતરંગ શુદ્ધિની નિર્મળ પરમ જ્ઞાનકળા વડે **એક આત્માને જાણીને...** આહાહા! ભારે વાત ભાઈ! ઓલા અનેક પ્રકારના પુણ્ય-પાપની આસક્તિનો નાશ કરીને અને અંતરંગ શુદ્ધિથી... ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ પરમાત્મા એના આશ્રયે પ્રગટેલી અંતરંગ શુદ્ધિ–શુદ્ધોપયોગ–શુદ્ધભાવ–શુદ્ધપરિણતિ એવી પરમ કળા સહિત, એમ. **અંતરંગ શુદ્ધિથી પરમ કળા**, એ પરમકળા. લ્યો, આ કળાબાજ આત્મા. આહાહા! ભારે વાંધા છે. કહે, આ તો બધું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય (કહે છે). નિશ્ચય.. નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ખોટું, આરોપિત ઉપચાર કથન. આહાહા! સમજાણું કાંઈ?

'અંતરંગ શુદ્ધિથી' એ પર્યાય થઈ. જે શુભાશુભભાવનો વ્યય કરીને, ઉત્પાદ થઈ અંતરંગ શુદ્ધિ એવી પરમ જ્ઞાનકળા. જ્ઞાનસ્વભાવી આત્મા એની જ્ઞાનની કળા એ જ્ઞાનકળા, એમ. **એક આત્માને જાણીને... એક આત્માને જાણીને જીવ**... 'જાણીને' પહેલું કીધું. **જીવ સ્થિર શમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે.** એને જાણીને પછી સ્થિર શમમય સમતા–સામાયિક... સ્થિર શમમય–સ્થિરતા વીતરાગમય, શાંતિ સમતામય, **શુદ્ધ શીલ**... પવિત્રાચાર એ શુદ્ધ શીલ. સામાયિકને શુદ્ધ શીલ કહ્યો છે. સામાયિકને શુદ્ધ શીલ.. શુદ્ધ-શીલ... **એવા આત્માને જાણીને જીવ સ્થિર શમમય**... સ્થિર વીતરાગમય... **શુદ્ધ શીલ**... પુણ્ય-પાપનો ભાવ અશુદ્ધ સ્વભાવ છે, અશુદ્ધભાવ છે, એનાથી રહિત આત્મા શુદ્ધ છે એને જાણી અને સ્થિર શમમય, શીલ નામ સામાયિકને પામે છે એ શીલને પ્રાપ્ત કરે છે. એને સામાયિક હોય છે લ્યો. ભાષા પણ સમજવી કઠણ છે. આ તો બધા આઠ વર્ષથી સામાયિક કરવા બેસી જાય. છોકરો હોય તો મુહપત્તિ બાંધીને જોડે બેસાડી દે. લે, બેસ, સામાયિક કર ચાલ. આહાહા!

આ ભગવાનના ઘરે જાવું છે બાપુ! એની તૈયારી કેટલી જોઈએ? સાધારણ રાજાને ઘરે જાય તોય નાહી, ધોઈ, લૂગડાં ઓલા સરખા પહેરી જાય, ખેસ આમ નાખી, ફલાણું નાખી, લૂગડું-બુગડું બાંધે સરખું. આહાહા! આ તો ભગવાનના ઘરમાં જાવું છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યબિંબ પ્રભુ એમાં જાવું છે. એને તો કેટલા પુરુષાર્થની ઉગ્રતા હોય? આહાહા! એય! સામાયિક-બામાયિક તો કરી હશે ઘણી? નથી કરી. ખોટી પણ કરી હતીને. એ વાત છે. પણ એના ઘરમાં ડોસા બધા જૂની રૂઢીના ધણી. .... ડોક્ટર સેવા કરશે. શામજીભાઈ ડોક્ટર હતા. ખબર છે. ઓળખીતા આવતા અમારી પાસે ત્યાં વ્યાખ્યાનમાં આવતા. સ્કુટરથી રાજકોટ આવતાને.

આહાહા! અરે! સત્ય વાત મળી નહીં હોં. અને સત્ય વાત વિના અસત્યને પંથે માન્યા સત્ય. અરેરે! જિંદગીયું પશુને મળે ને મનુષ્યને (મળે). પણ આ ભાન વિના બેયની ગતિ મળી-ન મળી જેવું થયું. આહાહા! પછી ચાહે તો પૈસા કરોડો ભેગા કરે, શરીર હોય બધા (સરખા, પણ) રાખ થવાની બધી. આહાહા! અવિનાશી તું ભગવાન આત્મા એને પકડ્યા વિના એમાં સ્થિર ન થવાય કોઈ દિ'. સમજાણું કાંઈ? તેથી કહ્યુંને, **એક આત્માને જાણીને...** આહાહા! લાવીને-લાવીને વર પાસે મૂક્યું બધું. 'જીવ' નાખ્યું સમજાવવા. પાઠમાં 'જીવ' નથી, પણ એનામાં નાખ્યું. **जन्तु** છેને એ? એમાં કળશમાં નાખ્યું. **बुद्ध्वा जन्तु...** આવા ભગવાન આત્માને, ભાઈ! **જાણીને જીવ સ્થિર શમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે (અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે).** લ્યો. સમજાણું કાંઈ? શાશ્વત તો આત્મા છે, પણ એને આશ્રયે પ્રગટેલી સમતા પણ શાશ્વત કહેવાણી. કારણ કે એનું ફળ પણ મોક્ષ છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : શાશ્વત બેય પ્રકારના થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : બેય તે. એ પણ શાશ્વત છે, સત્ છે, એ સત્ છે, પર્યાય સત્ છે. શુદ્ધ તે હોં. ઓલી તો અશુદ્ધ છેને. શુદ્ધનું ફળ પણ શાશ્વત આવે છે. પૂર્ણ શુદ્ધતા પછી પૂર્ણ શુદ્ધતા. એ શુદ્ધતા શાશ્વત રહે છે. શુદ્ધ પર્યાય કેવળજ્ઞાનની થઈ એ શાશ્વત રહે છે, એમ. સમજાણું કાંઈ? એનું કારણ પણ આત્માની શાંતિ, સામાયિક એ પણ શાશ્વત થયું, એમ. આહાહા! ૨૦૩ થઈ ગયો. (ગાથા) ૧૨૬.

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥ १२६ ॥**

કેવળીના માર્ગમાં–ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એના માર્ગમાં સામાયિક આને કહેવામાં આવી છે. આહાહા! કુંદકુંદાચાર્યે ગાથા-ગાથાએ લીધું છે જુઓને! **तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे...** ભગવાન આમ કહે છે ભાઈ! ભગવાનના માર્ગમાં તો આ છે.

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

કુંદકુંદાચાર્ય કહે છે તો ભગવાનનું નામ લઈને કહે છે. આહા! ભાઈ! પરમાત્મા તો આમ કહે છેને. બે ભાઈ હોય તો છોકરાઓને સમજાવેને. ભાઈ! બાપુ તો આમ છે. બાપુજી આમ કહે છે ને તેં આવો ક્યાં દાવો માંડ્યો? એમ કહે છે કે ભાઈ! કેવળી પરમાત્મા તો આને સામાયિક કહે છેને. આહાહા! જેને તું દેવ તરીકે સ્વીકારે છો, એ દેવ તો આને સામાયિક કહે છે. શાંતિભાઈ! આ વાડાવાળાને તો આકરું લાગે હોં. દિગંબર જૈન. આહાહા! લાગણી વિનાનો આત્મા એ દિગંબર આત્મા, જેમાં લાગણી જરીએ નથી. પુણ્ય-પાપના વસ્ત્ર નથી એવો ભગવાન, એવા આત્માને જાણી એમાં ઠર. આસક્તિ છોડી દે એમ કહેવું છે. આસક્તિનો વ્યય અને સ્થિરતાનો ઉત્પાદ, ધ્રુવ ત્રિકાળ. આહાહા!

આવી વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય–તીર્થંકર સિવાય ક્યાંય હોઈ શકે નહીં. જિનેન્દ્રદેવ સો ઇન્દ્રના પૂજનિક... આવે છેને ઓલામાં. જેનું નામસ્મરણ કરવાથી પણ ... હાથ આવેને ભાઈ! પ્રવચનસાર. આહાહા! ઓલું યાદ આવેને એ નામમાંથી. આવો વીતરાગભાવ, આવા કેવળી, એમણે શાસન એટલે શિખામણના ઉપદેશમાં, એના માર્ગમાં આ સામાયિક કહેવામાં આવ્યું છે.

**ટીકા : અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને રહેલા...**, એમ. પરમ મધ્યસ્થભાવ કહો, સામાયિક કહો કે વીતરાગભાવ કહો. એટલે વિકલ્પ–શુભાશુભ વિકલ્પથી રહિત એવો જે આત્માનો મધ્યસ્થભાવ એમાં **આરૂઢ થઈને રહેલાં પરમ મુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે**. એને ઉપદેશ કર્યો છે એમ નહીં, પણ એનું સ્વરૂપ કહ્યું છે, એમ. પહેલામાં એમ આવ્યું કે આ શુદ્ધ ઉપયોગ સન્મુખને આમ કહ્યું છે, શુદ્ધ ઉપયોગવાળાને આમ કહ્યું છે. આવ્યું હતુંને પહેલું. સમજાણું કાંઈ! કહે છે કે સામાયિકવાળો કેવો હોય? **જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...** આહાહા! જેને શુભપરિણામથી પણ વૈરાગ્ય વર્તે છે (અર્થાત્) જેની આસક્તિ છૂટી ગઈ છે. સહજ વૈરાગ્યરૂપી મહેલ... વૈરાગ્યરૂપી બંગલો–મહેલ, એનું શિખર, એનો શિખામણિ. આહાહા!

**પરમ સહજવૈરાગ્યવંત મુનિ...** એમાં એકદેશે શ્રાવકની સામાયિક લેવી. એવો શિખરનો શિખામણિ **વિકારના કારણભૂત સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે...** વિકારનું કારણ તો મોહ ને રાગ-દ્વેષ છે. એના અભાવને લીધે... મિથ્યાત્વ ને રાગ-દ્વેષની આસક્તિના અભાવને લઈને, એમ કહે છે. ઠેઠથી ઉપાડે છે પાછું. પરથી જેને ઉદાસ.. ઉદાસ.. આહાહા! એવો સહજ વૈરાગ્ય, એનો મહેલ, એનું શિખર, એનું શિખામણિ માથે હોય. શિખર ઉપર મણિ. એવો મુનિ. આહાહા! જેને વીતરાગી ભગવાન ઉપરનો આદરભાવ પણ છૂટી ગયો છે, એમ કહે છે. વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આહાહા! સમજાણું કાંઈ?

'મધ્યસ્થ' પહેલું આવે છે, નહીં? એક કળશમાં આવી ગયું છે. કેવળી પ્રત્યે ને દુશ્મન પ્રત્યે બધા પ્રત્યે એ તો મધ્યસ્થ છે. કળશ આવી ગયો છે. ધર્માત્મા સંત-મુનિ સામાયિકવંત જેને કેવળી પ્રત્યે પણ બહુમાનનો વિકલ્પ છે નહીં હવે. આહાહા! એ ક્યાંક આવી ગયું છે પહેલાં. સમજાણું કાંઈ? ધર્માત્મા પ્રત્યેનો પણ પ્રેમ ઊડી ગયો છે. ઊડીને કાંઈ દ્વેષ થયો છે એમ નહીં. આહાહા! ઊડીને સમાણો છે આત્મામાં, એમ. સમજાણું કાંઈ? ભારે! નિયમસાર તો! આહાહા! આ મોક્ષમાર્ગ આમ ખડો કરે છે. જો આ! જો આ! 'મોક્ષમાર્ગ' તો શબ્દ છે, પણ એનું વાચ્ય આ. આ બધી ટીકા કીધું, નહીં? એટલું બધું લાંબું. કાલ કહ્યું નહોતું?

'સ્વમાં વસ, પરથી ખસ, ટૂંકું ટચ.' એ ટૂંકું ને ટચ. એટલેથી ન સમજાય (માટે) એ ટૂંકા ટચની બધી આ વ્યાખ્યા-સ્પષ્ટીકરણ છે. આહાહા! સમજાણું કાંઈ? શું સાંભળ્યું? સ્વમાં વસ—આનંદકંદમાં ઠસ, પરથી ખસ—રાગાદિથી ખસી જા, એ ટૂંકું ટચ. આહાહા! આ બહુ યાદ ન રાખવું હોય એમાં ટૂંકું. આ બધી એની વ્યાખ્યા છે. આહાહા!

શ્રોતા : પછી એનું વ્યાખ્યાન જુદું પડી જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ આવેને. એટલે શું? સ્વ કોને કહેવું? વશ કોને કહેવું? ખસ કોને કહેવું? કોનાથી ખસવું? કઈ ચીજથી? એ ટૂંકું ટચ, પણ આ જેનો વિસ્તાર છે એમાંથી ટૂંકુ ટચ આ કહેવાય. (શ્રોતાઃ ટૂંકું ટચ એ લાંબું થઈ ગયું.) એ લાંબાને ઉકેલવું હોય તો ટૂંકું ટચ અને ટૂંકાને ઉકેલવું હોય તો આ. એવું આવ્યું હતુંને. નિયમસારમાં આવ્યું હતુંને. ટીકા નથી આવતી? એનું આ કર તો આ ટીકા, નહીંતર.... એવું આવ્યું છેને ૫૩માં. ભાઈએ લખ્યું છે ને. ૫૩મી ગાથા ને? ૫૩મી જુઓ આ. આ જવાબમાં લખ્યું છે ભાઈએ.

આ ભગવાનનો ઉપદેશ, મુનિઓનો ઉપદેશ એ એનું અભ્યંતર નિમિત્તકારણ અને એની વાણી બાહ્યકારણ. એને અહીંયા કહ્યું છે એનો વિસ્તાર કરીએ તો આ અને સંકેલીએ તો આ, એમ. શબ્દના અર્થને શબ્દ છે એ આ, વિસ્તાર કરીએ તો એની ટીકા, એમ. આહાહા! શું કીધું? ૫૩માં આવ્યુંને. આમાં લખ્યું છે? એ તો ઓલા કાગળમાં લખેલું છે. ખબર છે. આ ટીકા મૂળમાં નથી... પણ મૂળની આ ટીકા છે. મૂળની આ ટીકા છે, એમ. આવે છેને એ 'અભ્યંતર' છે. 'દ્રવ્યશ્રુત તે તત્ત્વજ્ઞાન છે અને મુમુક્ષુઓ છે તે ઉપચારથી પદાર્થનિર્ણયનો હેતુ એ એની ટીકા છે, એમ. શબ્દ આ છે. વિસ્તાર કરીએ તો આવું થાય, ટૂંકું કરીએ તો આમ થાય. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાનાનંદની લહેરું છે. લહેરને હિલોળે હીંચકા મરાવે છે અંદરથી, લ્યો. ભાઈ! તું પરથી નિરાળો છોને પ્રભુ! એવું ભલે તને ભાન થયું, પણ હવે જ્યારે ચારિત્ર-સામાયિક પ્રગટ કરવી છે ત્યારે તે પરના વિકલ્પોની આસક્તિ છૂટી, અહીં આસક્તિ-લીનતા થશે ત્યારે તને સામાયિક થઈને ચારિત્ર થશે. આહાહા! આમાં વાદવિવાદને સ્થાન જ ક્યાં છે? 'વાદવિવાદ કરે સો અંધા'. માર્ગ આવો છે ત્યાં... તને ન બેસે, ન સાંભળ્યો એટલે સત્ય બીજું થઈ જાય? ત્રણ

કાળનું સત્ય કેવળીઓએ સ્વીકારેલું છે. ઇન્દ્રોએ, ગણધરોએ જેને સ્વીકાર્યું છે. એ કાંઈ મામુલી ભરત(ક્ષેત્ર)ના અમુક માણસોને સ્વીકાર નથી. સમજાણું કાંઈ?

અહો! કહે છે કે સામાયિકવાળો કેવો હોય? મુખ્ય મુનિને ઉદ્દેશીને વાત છેને! **વિકારના કારણભૂત સમસ્ત રાગ-દ્વેષ-મોહના અભાવને લીધે** વૈરાગ્ય છે માટે, એમ. **ભેદકલ્પનાવિમુક્ત...** આહાહા! આ ગુણ-ગુણીના ભેદની કલ્પનાથી પણ વિમુખ. મોહ-રાગ-દ્વેષનો તો અભાવ, પણ ગુણ-ગુણીનો ભેદ એવી જે કલ્પના, એ કલ્પના સન્મુખ ભાવ છે એથી વિમુખ. આહાહા! સમજાણું કાંઈ? એની સામાયિકમાં ગુણ-ગુણીના ભેદની કલ્પનાથી રહિત એવી નિર્વિકલ્પ અનુભવદશા, સ્થિરતા એને સામાયિક કહે છે. આહાહા!

ઓલા પ્રવચનસારમાં લખ્યું છે કે સામાયિકમાં કોઈ વખતે શુદ્ધોપયોગ–ભાવનારૂપ શુદ્ધ પણ આવે છે. ત્યારે કહે છે કે ભાવના (એટલે) કલ્પના કે શુભ આવો હોય, આવો હોય, એમ. શુભભાવ જ એને હોય છે એમ કહે છો. કહો! આ કાંઈ અર્થ? રતનચંદજી એમ કહે છે. શુભભાવમાં જ સામાયિક હોય છે. ત્યારે એમાં કહ્યું છેને કે કોઈ વખતે શ્રાવકને સામાયિકમાં પણ શુદ્ધભાવના હોય છે? એ ભાવના એટલે શુદ્ધ થાઉં એમ ભાવના. લ્યો, હવે આવો (ઉંધો) અર્થ કરે. સામાયિકમાં કોઈ વખતે... ત્રણ કષાયનો અભાવ થઈ ગયો એટલી સ્થિરતા તો છે, પણ કદાચિત્ વિકલ્પમાં ઉભો હોય છે અને સ્થિરતા ન થાય તો એને શુદ્ધોપયોગની એકાગ્રતા થાય ત્યારે ઓલો સામાયિકનો વિકલ્પ છૂટી જાય છે. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગની એકાગ્રતા થઈ જાય છે. એને શુદ્ધોપયોગની ભાવનાવાળો સામાયિકવાળો કહેવાય, લ્યો.

**પરમ સમરસીભાવ સહિત હોવાથી...** હોવાથી, એમ. **ત્રસ-સ્થાવર સમસ્ત જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે...** કોઈને મારવું કે જીવાડવું એવો કોઈ વિકલ્પ છે નહીં. **તે પરમ જિનયોગીશ્વરને...** પરમ જિનયોગીશ્વર એટલે આત્મામાં જોડાણ ઉગ્ર થયું તેને **સામાયિક નામનું વ્રત સનાતન છે એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.** વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં આ સાબિત છે. આ સત્યને સામાયિક કહેવાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૮, સોમવાર, તા. ૨૭-૯-૧૯૭૧**
**શ્લોક - ૨૦૪-૨૦૮, પ્રવચન નં. ૧૩૭**

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. ૧૨૬ ગાથાના આઠ કળશ છે. સામાયિક.. સામાયિક કોને કહેવી?

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम् ।**
**अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमामि स्तौमि संभावयामि ॥२०४॥**

કહે છે કે સામાયિક કેવા ભાવમાં હોય અને કોને હોય? **શ્લોકાર્થ : પરમ જિનમુનિઓનું ચિત્ત** એટલે **ચૈતન્યપરિણમન...** ચેતન જે આત્મા એનો સ્વભાવ ચેતન સર્વસ્વ, એનું જે પરિણમન ચૈતન્યનું... પુણ્ય ને પાપના વિકલ્પ રહિત જે ચૈતન્યસ્વભાવ ત્રિકાળ એનું પરિણમન **નિરંતર ત્રસ જીવોના ઘાતથી વિમુક્ત છે...** જેના પરિણામમાં સામાયિક નામ સમતાભાવનું પરિણમન થયું, એ જીવનું ચૈતન્ય પરિણમન નિરંતર ત્રસના ઘાત-વધથી ભિન્ન છે, તેમ સ્થાવર જીવોના વધથી પણ ભિન્ન છે, અત્યંત ભિન્ન છે. કેમકે ત્યાં પર ઉપર લક્ષ છે નહીં. સામાયિકમાં પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ ને જ્ઞાન એમાં જેની લીનતા શુદ્ધ ઉપયોગની વર્તે છે, એને ત્રસ ને સ્થાવરના ઘાતનો ભાવ હોતો નથી.

**વળી જે અંતિમ અવસ્થાને પામેલું** છે. જેની નિર્મળ દશા અંતિમ સ્થિતિને પામી છે એટલે કે નિર્વિકલ્પદશા થઈ છે. જેવો પોતાનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ છે એવી જ પરિણતિ શુદ્ધ થઈ છે. આહાહા! આ સામાયિક. મુનિની વાત છેને પ્રધાનતાએ. ગૌણપણે શ્રાવક ... (એક)દેશ સમતા હોય છે. અને આ તો ચરમસીમાને પામી છે, એમ કીધું છેને. મુનિ છે એને તો વીતરાગતાનું પરિણમન જોરદાર અંદર થયું છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને નિર્મળ છે...** એ ચૈતન્ય પરિણમન, જે પુણ્ય-પાપના વિકારનું પરિણમન હતું એનો નાશ થઈને શુદ્ધસ્વભાવમાં એકાગ્રતાને કારણે શુદ્ધ પરિણમન(રૂપ) જેની દશા પ્રગટ થઈ છે. લ્યો, આ સામાયિક. પંડિતજી! સામાયિક તો સબ બહોત કરતે હૈં. લાખો માણસ કહે સામાયિક.. સામાયિક. ભગવાન તો આને... એય ભગવાનજીભાઈ! આ સામાયિક આને કહ્યું છે. **અંતિમ અવસ્થાને પામેલું** છે. **चरमगतं** છેને? જેની નિર્મળતા, પુણ્ય ને પાપના રાગરહિત સ્વભાવને આશ્રયે શુદ્ધ પરિણમન-દશા, છેલ્લામાં છેલ્લી-આખિરની વીતરાગતા જેને પ્રગટી

છે, એમ. કેવળજ્ઞાનની નહીં, પણ અહીં એને યોગ્ય છે એ. (શ્રોતા : શુદ્ધોપયોગકી પરાકાષ્ટા). હા, એ.

**તેને હું...** ઓહો! એવા સંતોના પરિણમનરૂપ સામાયિકને મુક્ત થવાને અર્થે નમું છું. આહાહા! **હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું,** લ્યો. જુઓ! પરને નમું છું તો કર્મથી મુક્ત થવાના અર્થે. એનો અર્થ એ છે કે હું મને નમું છું. સમજાણું કાંઈ? મારી વીતરાગતા નિર્વિકલ્પતાના સ્વભાવનો સરોવર દરિયો ભગવાન એમાં ડૂબકી મારતો-એકાગ્ર થતો હું મને જ નમું છું. આહાહા! વાત પહેલી સમજણમાં આવવી કઠણ પડે. આહાહા! આ વીતરાગનો માર્ગ તો આ છે. વીતરાગ માર્ગ કહો કે સામાયિકભાવ કહો—બધું એક જ છે. એને હું **નમું છું- સ્તવું છું...** સ્તવના-ગુણગાન કરું છું. **સમ્યક્ પ્રકારે** એકાગ્રતાથી **ભાવું છું.** ત્રણ બોલ લીધા. લ્યો, આ સામાયિક. જેઠાભાઈ! આ સામાયિક... આ સામાયિકમાં કાંઈ મહેનત પડતી નહોતી. ૪૮ મિનિટ બેસે ને સામાયિક થઈ ગઈ, જાઓ.

અહીં તો કહે છે કે એક મિનિટ પણ—અસંખ્ય સમયની શુદ્ધોપયોગદશા, અંતર સ્વભાવમાં સન્મુખ થઈને જેને વીતરાગી પરિણતિની લીનતા પ્રગટ થઈ છે, એને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્રણે કહ્યું. એને **નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું.** અહો! વીતરાગભાવથી ભરેલો પદાર્થ એવું જે નિજતત્ત્વ, એમાં જે નમી જવું, એનો આદર કરીને એમાં સ્થિર થવું.. આહાહા! એવા વર્તમાન શુદ્ધોપયોગરૂપી પરિણમનની દશા એને અહીંયા ભાવના કહે છે, એને અહીંયા શુદ્ધોપયોગરૂપ ભાવ કહે છે, એને સામાયિક હોય છે. કહો, સમજાણું કાંઈ?

ત્રસ ને સ્થાવર-છ કાયથી નિવર્ત્યો છે એ. દયા પાળું છું એમ આવ્યું નથી, એના તરફનો વિકલ્પ છૂટી ગયો છે. અને સ્વભાવની મહિમા દૃષ્ટિમાં તો પ્રગટી હતી, પણ આસક્તિનો ભાવ છૂટીને હવે આમાં લીન થાઉં છું. એને હું નમું, ... સ્તવું ને પછી એકાગ્ર થાઉં છું. આ નિશ્ચય-સાચી સામાયિક છે, લ્યો. સમજાણું કાંઈ? આહાહા! છતાં એ સામાયિકનો ભાવ, નિજતત્ત્વની અપેક્ષાએ પર્યાય પણ બહિઃતત્ત્વ છે. આરે, આરે! ભારે વાત! સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ નિત્ય ધ્રુવ ચૈતન્ય ને આનંદનું દળ, એમાંથી શાંતિ ને વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા પ્રગટી, એ પણ ત્રિકાળીની અપેક્ષાએ તો... આહાહા! ગજબ વાત છેને આ! સમજાણું કાંઈ? બહિઃતત્ત્વ કહ્યું એને. ત્રિકાળીની અપેક્ષાએ બહિઃતત્ત્વ કહ્યું. બહિઃતત્ત્વ-આવા તત્ત્વને સામાયિક કહીએ. આહાહા! અંતર્તત્ત્વ તો આ સમતાભાવના પિંડરૂપે ત્રિકાળ પડ્યું છે. આ પર્યાયનું જે તત્ત્વ છે... આહાહા! સમજાણું કાંઈ? આ વાત એવી છે કે

ભઈ! આ તો સત્યસ્વરૂપ થાવું છે. જેને એ જાણવું ને પ્રગટ કરવું હોય એની વાત છે. મોંઘું પડે પણ માર્ગ તો આ છે.

શ્રોતા : ....ભેદપના નહીં લિયા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકરૂપ હો ગઈ...? પર્યાય પર્યાયમેં હૈ, સામાન્ય સામાન્યમેં હૈ. અભેદ તો, પરસે હઠકર યહાં (એકાગ્ર) હુઈ ઉસ અપેક્ષાસે અભેદ કહનેમેં આયા હૈ. આવી-આવી તકરાર મોટી.

શ્રોતા : એની અપેક્ષાની એક ડિક્સનરી કરવી પડે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ડિક્સનરી... તૈયાર કરતા હતા, પણ પછી ન કરી. તમારા ગોંડલવાળા પટેલ. પટેલ હતા એક. ગોંડલના રાજના કેવા કહેવાય? કેળવણી અધિકારી. કેળવણી અધિકારી. પાટીદાર હતા. આવતા હતા. આ તો દરેક શબ્દના અર્થ.... આપણે ડિક્સનેરી બનાવો. બનાવતા હતા પણ પછી હાથ ન આવી પૂરી. ગુજરી ગયા. ગોંડલના શું, નામ ભૂલી ગયા? ચંદુભાઈ પટેલ. પટેલ હતા. ત્યાં આખા રાજમાં માન, રાજમાં બહુ માન. એ કહે, આની ડિક્સનરી બનવી જોઈએ જુદી જાતની શબ્દો.... વસ્તુ, આ વસ્તુનું સ્વરૂપ એવું છે. તકરાર આવી છે આમાં. છેને જ્ઞાનચંદ શહાદરાવાળા. કીધું, ઓલા રતનચંદજીનું આલોચન કર્યું હશે શહાદરાવાળાએ. એનું આલોચન કોઈ ... એક પંડિત છે એણે કર્યું. એની સામું વળી આણે માંડી. આવું ને આવું ઝગડા.

આ કહે કે રાગભાવ છે એ આત્માથી તન્મય છે, માટે તે નિશ્ચય છે. ત્યારે ઓલો કહે, તન્મય નથી માટે તે વ્યવહાર છે. એ..ય ઝગડા. આહાહા! એમાં આના નાખ્યા જૈનના.... જૈન શું કીધું? જૈનનુમા. મેં કીધું, જૈનનુમા એટલે શું હશે આ? નકલી જૈન, એમ. કાંઈક વિરોધભાસ થયું હશે. જૈનાભાસ. 'નુમા' આવ્યું છે એ જૈનાભાસ કહો. આ સોનગઢના માણસ કહે એવું તું કહે છે. જૈનાભાસ છે આવા જૈન... એ એમ કહે છે કે રાગ પર છે.. પર છે. આહાહા! એ તો સ્વ પરિણામમાં થાય છે તેથી સ્વની અપેક્ષાએ રાગને નિશ્ચય કહેવામાં આવે છે. અશુદ્ધની વાત છેને. અશુદ્ધ.. અશુદ્ધ.. પણ છે તો પર્યાયનયને એ? એ નહીં, પર્યાય.... વ્યવહારને... પર્યાયનયને સર્વથા વ્યવહાર માનવો એવું નથી. પર્યાય ને વળી શું હશે, દ્રવ્યાર્થિક હશે? આહાહા!

એ તો શુદ્ધતત્ત્વ ત્રિકાળી એ અપેક્ષાએ પર્યાય છે તે બહિઃતત્ત્વ છે. આ અંતઃતત્ત્વ તો, એ બહિઃતત્ત્વ. જ્યારે શુદ્ધ પરિણમન પર્યાય જ્યારે અંતઃતત્ત્વ કહીએ તો રાગ બહિઃતત્ત્વ. રાગને જ્યારે સ્વતત્ત્વ–અંતઃતત્ત્વ કહીએ પર્યાયની અપેક્ષાએ, ત્યારે કર્મને બહિઃતત્ત્વ અને કર્મને જ્યારે અંતઃતત્ત્વ કહીએ... કારણકે આવે છેને, અંતઃતત્ત્વનું કારણ....... અંતરંગ બધા કર્મનું કારણ છે, એમ આવે છેને? અંતરંગ હેતુ. 'કર્મનો અંતરંગનો હેતુ' આવે છેને.

પંચાસ્તિકાયમાં આવે છે, આમાં–નિયમસારમાં આવે છે. બીજી ગાથામાં, ૬૭મી ગાથામાં. ૫૩ ગાથાનો અર્થ કર્યો. કહે, નહીં, અંતરંગ હેતુ કર્મ જોઈએ. અંતરંગ હેતુ સામાનો અભિપ્રાય નહીં. એ..ય વાંધા. આહાહા! અને કર્મને અંતરંગ હેતુ કહીએ તો નોકર્મને બહિઃહેતુ કહેવાય. એમાં શું છે? બહિઃતત્ત્વ કહેવાય. ...સાંભળને! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. સમજાણું કાંઈ?

અહીં તો માલ ઉપર જ્યાં જાવું છે... માલ તો એક સમયની પર્યાય વિનાનું પૂર્ણ તત્ત્વ એ જ અંતઃતત્ત્વ અને એ જ ખરેખર નિશ્ચય છે. પરમ-નિશ્ચયસ્વરૂપ જ એ છે. એના અવલંબનથી સ્થિર થાય છે, એ નિશ્ચય–સાચી સામાયિક છે, પણ ત્રિકાળીની અપેક્ષાએ એ વ્યવહાર છે. આહાહા! શું થાય? વસ્તુની સ્થિતિ જ એવી છે કે આમાં... સમજાણું કાંઈ? કહે છે, ઓહો! જેમાં સારા પ્રાણી છકાયના—નિગોદથી માંડી બધા ઉપર જેનો વિકલ્પ ઉઠી ગયો છે અને જે પોતાના આત્મામાં નિર્વિકલ્પ ઉપયોગે જામી ગયો છે, એવા પરિણામી મુનિને અથવા એવા ભાવવાળા મને હું નમું છું. કર્મથી મુક્ત થવાનો અર્થ કે આ દશામાં કર્મથી મુક્ત થવાય છે, એમ. સમજાણું કાંઈ?

અહીં તો સામાયિક કરવા બેસે એટલે શુભભાવના પણ ઠેકાણા ન હોય. માંડ માંડ નવકાર વાળીને ગણીને પૂરી કરી દે સામાયિક અડતાલીસ મિનિટની. અને ઘડિયાળ સામે જોતો જાય, કેટલા વાગ્યા? (શ્રોતા : કોઈ આવે તો વાતેય કરે.) વાતેય કરે. આહાહા! એ તો છેને મોહનભાઈ..... એ વાત એમ જ હતી બધી. આહાહા! અહીંયા તો, પ્રભુ! તારા ઘરમાં જાવું હોય, પરઘર છોડવું હોય એની વાત છે. આહાહા! તારા ઘરમાં અનંત પરમાત્મા બિરાજે છે ભાઈ!

એવો સ્વભાવ જેનો પોતાનો, એની અપેક્ષાએ રાગ તો વિભાવ છે, પર છે. વિભાવને પણ સ્વભાવ કહેવાય, પોતાની પર્યાય છે માટે, પણ એની તકરાર શું લાંબી? સમજાણું કાંઈ? પોતાથી થાય છે, પોતામાં થાય છે અને પરથી નહીં—એ અપેક્ષાએ એને સ્વભાવ પણ કહેવાય. 'સ્વ-સ્થ ભવનં સ્વભાવ.' એને નિર્મળતાની અપેક્ષાએ આને (-વિકારને) વિભાવ કહેવાય, એને નિર્મળતાની અપેક્ષાએ પરદ્રવ્ય કહેવાય, એને નિર્મળતાની અપેક્ષાએ સંયોગીભાવ કહેવાય. એમાં વાંધો શું પણ? આહાહા! સંયોગસિદ્ધ સંબંધ, પણ એ સંયોગીભાવ જ સંયોગી છે. એ વસ્તુમાં ક્યાં હતા? નિમિત્તને લક્ષે, આશ્રયે ઉત્પન્ન થતા... નિમિત્ત સંબંધ બધો વ્યવહાર છે. આહાહા! એનો ૨૦૫ શ્લોક. ૨૦૪ થયો.

**केचिदद्वैचमार्गस्थाः केचिद्द्वेतपथे स्थिताः ।**
**द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम् ॥२०५॥**

આવું તો સાંભળ્યું જાય નહીં ઓલાને તો. હજી તો રાગમાં વાંધા, ક્રિયામાં વાંધા ને .... વાંધા. **શ્લોકાર્થ : કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે...** એકલો હું અદ્વૈત, અભેદ છું એવો

વિકલ્પ, એમ. રાગેય નહીં અને ભેદેય નહીં, ગુણ-પર્યાયનો ભેદેય નહીં. અભેદ, અદ્વૈત હું છું. બધા થઈને અદ્વૈત એ વાત નથી અહીં. હું પોતે આત્મા અદ્વૈતસ્વરૂપ અખંડ-આનંદ અભિન્ન છું એવો વિકલ્પ... **અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે**... આ દ્રવ્ય ને આ પર્યાય અથવા દ્રવ્ય ને ગુણ—એવા ભેદના વિકલ્પમાં સ્થિત છે. **અને દ્વૈત-અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં અમે વર્તીએ છીએ**. આહાહા!

જુઓ! આ સામાયિક. હું અભેદ ચૈતન્ય અખંડ-આનંદ છું એવો પણ એક વિકલ્પ–રાગ એ સામાયિક નહીં. એમ હું ગુણવાળો છું જેમાં અનંત ગુણ છે એવો ભેદ–વિકલ્પ એ પણ સામાયિક નહીં. ભગવાનજીભાઈ! આ સમાયિક કોઈ દિ' સાંભળીતી ન્યાં? કરી હતી ખોટા... આહા! હણોલ ને ભાવનગર બહુ કરી હતી. એ વખતે ચાલતી હતી. અહીં તો પોતે મુનિરાજ એમ કહે છે.... વીતરાગના ભાવવાળા મુનિ છે આ તો. અમે... પણ વિકલ્પ વર્તે છેને આ લખવા ટાણે? અમે એમાં વર્તતા નથી, એ તો જુદી ચીજ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના એકરૂપમાં જ્યાં લીનતા છે ત્યાં અભેદનો ને ભેદનો વિકલ્પ ને રાગનો અભાવ છે. અરે! આ માર્ગ છે ભાઈ! આ સામાયિક કહો કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, એમાં વિકલ્પ નથી.

એ વાંધો આવ્યો. આ તો ઘણા લખે છે. એ ઓલો હતોને... ચોથે ગુણસ્થાને વ્યવહાર સમકિત જ હોય, નિશ્ચય હોય નહીં. વીતરાગ ચારિત્ર સહિત હોય એને નિશ્ચય સમકિત હોય. આવે છેને. એ બીજી અપેક્ષાએ વાત છે. જયસેનાચાર્યની ટીકામાં આવે છેને એ નાખ્યું છે. અરે! માળા તકરાર... ત્યારે ...ચંદજી કહે છેને કે ચોથા ગુણસ્થાને વ્યવહાર જ હોય. બરાબર... આ જયસેનાચાર્યની ટીકા છે. તમે પણ વાંચીને નક્કી કરો. બધા એવા જ છેને એ જાતના. આહાહા!

કહે છે, શરીર-વાણી તો મન તો ક્યાંય રહી ગયા, એનાથી તો મારી નિર્વિકલ્પ દશા(રૂપ) સામાયિક થાય નહીં, પુણ્યના દયા-દાન ભાવથી પણ સામાયિક થાય નહીં, હું એકરૂપ અદ્વૈત અભિન્ન છું એવો અંદર વિકલ્પ ઉઠે એનાથી પણ સામાયિક ન થાય. તેમ આ ગુણવાળો છું.. આ ગુણવાળો છું એવો જે ભેદનો વિકલ્પ–રાગ એ પણ સામાયિક નહીં. આહાહા! મૂલચંદભાઈ! આવી સામાયિક, લ્યો.

**દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં...** દેખો! વિમુક્ત માર્ગમાં (એટલે) વિકલ્પથી રહિત માર્ગમાં—**જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં અમે વર્તીએ છીએ** એમ કહે છે. આહાહા! સ્વભાવ અમારો શુદ્ધ ચૈતન્ય એના શુદ્ધ પરિણમનમાં વસીએ છીએ, એ સામાયિક છે. શુદ્ધમાં વર્તવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા : નયના વિકલ્પ........

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પવાળી નહીં.. વિકલ્પવાળી નહીં. એ ત્યાં આવ્યું. અદ્વૈત ને દ્વૈતનો વિકલ્પ કીધોને. **અમે વર્તીએ છીએ**. આહાહા! શાંતરસનો ઢીમ ધ્રુવ એના નિર્મળ પરિણામમાં અમે વસીએ છીએ. વર્તવું એટલે પરિણમવું, થવું, એનું નામ સામાયિક ને એનું નામ મોક્ષનો માર્ગ. ૨૦૬.

**कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे ।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम् ॥२०६॥**

**अभिनौम्यहम्...** નમું છું એને. **શ્લોકાર્થ : કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે...** એટલે કે ત્રિકાળી ધ્રુવ ને અભેદ છું એવો વિકલ્પ થાય છે એને. **અન્ય કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે...** બે પ્રકારે અમે છીએ દ્રવ્યે ને ગુણે અથવા દ્રવ્ય ને પર્યાયે. **હું દ્વૈત-અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું.** આવા શાસ્ત્ર સૂર્યના પ્રકાશ જેવા બહાર પડ્યા છે. આગમનો આધાર, સર્વજ્ઞની આજ્ઞા. હું આ.... તકરાર... ભાઈ! અહીં તકરારને સ્થાન નથી. અહીં તો કહે છે કે પહેલું શ્રદ્ધામાં તો લે. અદ્વૈત ને દ્વૈતના વિકલ્પથી રહિત... વિમુક્ત જે માર્ગ અદ્વૈત-દ્વૈતના રાગથી... એવો જે આત્મા એને નમું છું. જાદવજીભાઈ! આવી સામાયિક સાંભળી હતી કલકત્તામાં? ન્યાં શેઠીયા કહેવાય મોઢા આગળ. વાત જ નહોતીને. બહારમાં ગોટાળા... આહાહા!

પહેલા એના સમજણમાં આમ વસ્તુ હોય, એમ એની જ્ઞાનદશા તો થવી જોઈએને. સમજાણું કાંઈ? એ વિના એને સામાયિક આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? સામાયિક—સમ+આય–લાભ+(ઇક). સમતાનો લાભ, વીતરાગતાનો લાભ, નિર્દોષદશાનો લાભ-પ્રાપ્તિ. એ તો દ્રવ્યસ્વભાવમાંથી આવશે. કાંઈ વિકલ્પમાંથી આવતી નથી. વિકલ્પ તો અસમતાભાવ છે. વિકલ્પ છે એ અસમતાભાવ છે. એના માર્ગ રહિત વિમુક્ત આત્મા–એવો ભગવાન આત્મા.... ભેદ-અભેદના વિકલ્પથી રહિત જ છે. ‘હું છું અને આ નથી’ એવો વિકલ્પ પણ જેમાં નથી.

ઓલામાં કહ્યુંને કે કોઈક એમાં સ્થિત છે, કોઈક એમાં ઇચ્છે છે. એમ કીધું. ઇચ્છે છે કે અમારે અદ્વૈતના વિકલ્પ ઠીક છે, એમ. દ્વૈતના વિકલ્પ ઠીક છે એમ કહે છે. ઇચ્છે છે..... વધારે સ્પષ્ટ કર્યું છે. ન્યાં એમ કહ્યું, ‘દ્વૈત-અદ્વૈતથી વિમુક્ત માર્ગ’, અહીં એમ કહ્યું, ‘દ્વૈત-અદ્વૈતથી વિમુક્ત આત્મા’, એમ. ઓલામાં, માર્ગમાં અમે વર્તીએ છીએ એમ કીધુંને? શું કીધું? ઓલામાં એમ કહ્યું કે એના વિમુક્ત માર્ગમાં–પર્યાયમાં અમે વર્તીએ છીએ,. અહીં દ્રવ્યમાં, કહે છે. સમજાણું કાંઈ? એને ને એને સ્પષ્ટ કરીને આમ અભેદમાં લઈ ગયા છે. કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે. એક જ હું છું, હું એક જ છું એવો વિકલ્પ છે. પાછા એમ કહે કે આ અદ્વૈત ને દ્વૈતથી કાંઈ જુદી ચીજ છે. એમ નહીં, આહીં તો અદ્વૈત ને દ્વૈતના વિકલ્પથી જુદી ચીજ છે.

કેટલાક એમ કહે કે જુઓ! માર્ગ તો ભગવાન એમ કહે છે આમાં. નયથી બધું કીધું એવો નથી. એ અગમ્ય છે. એ અગમ્ય છે એનો અર્થ કે વિકલ્પથી અગમ્ય છે. બાકી વસ્તુ તો અદ્વૈત, અભેદ એક જ ચીજ છે. એનો જે વિકલ્પ છે એ રહિત આત્મા છે, એમ કહે છે. ઓલામાં (કીધું કે) 'અભેદથી વિમુક્ત માર્ગમાં અમે વર્તીએ છીએ'. અહીં 'એવા આત્માને અમે નમીએ છીએ' એમ કહે છે. આહા! આ તો આત્મા બસ. જેમાં વિકલ્પ નથી, દ્વૈત-અદ્વૈતનો વિકલ્પ નથી. દ્વૈત-અદ્વૈત એવા રાગવાળો સ્વભાવવાળો નથી એવા આત્માને હું નમું છું. આહાહા! ૨૦૬. હવે ૨૦૭.

**अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम् ।**
**आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः ॥२०७॥**

**अजमच्युतम्** (અર્થાત્) જન્મ ને મૃત્યુ નથી. કેટલાક કહેને, પહેલો માર્ગ બીજો હોય કે પાધરો જ આ એલ.એલ.બી.નો માર્ગ? માર્ગ જ આ છે. આહાહા! જે માર્ગને, અદ્વૈત છું, દ્વૈત છું એવા વિકલ્પની પણ જેને અપેક્ષા નથી. કારણ કે એ વિકલ્પ વિનાની ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? એકલો જ્ઞાયક ચૈતન્યસ્વભાવ નિત્યાનંદ પ્રભુ એનામાં વિકલ્પની તો ગંધેય નથી. એવો જે આત્મા એને હું નમું છું. 'નમું છું' એ સામાયિક છે. આવા આત્મામાં હું નમું છું. મારો આદર એ ત્રિકાળી દ્રવ્યને છે. એવા આત્માને નમું એટલે આદર કરું છું. બસ, એ આદરદશા જે ઉપાદેયબુદ્ધિ થઈ એ સામાયિક થઈ. આહાહા! હવે સાતમો.

**હું—સુખને ઇચ્છનારો આત્મા...** હું.. હું તો આનંદને ઇચ્છનારો આત્મા... હું તો અતીન્દ્રિય આનંદ એનો અભિલાષી. **અજન્મ અને અવિનાશી...** એ ભગવાન આત્મા તો જન્મ ને નાશ વિનાનો છે. જેને ઉત્પત્તિ નથી અને જેનો નાશ પણ નથી, એમ કહે છે. આહાહા! ઉત્પાદ-વ્યય વિનાનો છે. સમજાણું કાંઈ? હું સુખને ઇચ્છનારો ભગવાન, ઉત્પત્તિ અને વ્યય એવા રહિત એ અજન્મ ને અવિનાશી **એવા નિજ આત્માને...** ઉત્પાદ ને વ્યય વિનાનો એવો જે આત્માને **આત્મા વડે**—નિર્મળ પર્યાય દ્વારા **આત્મામાં**—નિર્વિકલ્પ સ્થિતિમાં **રહીને વારંવાર ભાવું છું.** સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા (જેને) જન્મ નથી, તેનો નાશ નથી–મૃત્યુ નથી. એમ **अच्युतम्** કીધોને. **अच्युतम्** કીધો. મૃત્યુ નથી એમ નથી લીધું. **अजम्‌ अच्युतम्.** આહાહા!

વળી એવા આત્માને આત્મા વડે એટલે કે સ્વભાવ વડે... 'સ્વભાવ વડે' એ તો પાછું ઉત્પાદ ને વ્યયવાળો થયો. આવે ખરું, પણ વસ્તુમાં એ નથી એમ કહે છે. ઉત્પાદ ને વ્યય તો વ્યવહારનયનો વિષય છે. આહાહા! બીજું શું થાય? **भूदत्थं अस्सिदो... अस्सिदो**–આશ્રય કરનાર તો પર્યાય છે. આહાહા! પર્યાયને માહાત્મ્ય છે દ્રવ્યમાં. આશ્રય લેનાર પર્યાય છે, પણ આશ્રય જે જેનો લે છે એ તો ધ્રુવ છે. આરે, આરે, ભારે આકરું. સમજાણું કાંઈ? એવા **આત્માને**

**આત્મા વડે**... વળી પાછી પરિણતિ તો લીધી. 'આત્મા વડે' એટલે કાંઈ ધ્રુવ વડે છે? આહાહા! નિર્વિકલ્પ દ્રવ્ય, નિર્વિકલ્પ ગુણ ને નિર્વિકલ્પ પરિણતિ—એ ત્રણેય આત્મા એમ લીધું. આહાહા! સમજાય છે કાંઈ?

**નિજ આત્માને**, પાછું એમ. એવો મારો આત્મા. પર્યાય એમ જાણે છે કે આ મારો આત્મા.. આ મારો આત્મા. આહાહા! એવા **આત્મા વડે જ**... રાગ વડે અને વ્યવહાર વડે નહીં, એમ. **આત્મા વડે જ આત્મામાં**... કાર્ય તો આવે છે, પણ કાર્ય તો પર્યાયમાં છે, પણ એનું વજન નથી, જોર નથી. સમજાણું કાંઈ? કાર્ય તો પર્યાયમાં છે, પણ એનું જોર નથી, જોર દ્રવ્યનું છે. આહાહા! સમજાણું કાંઈ? **આત્મામાં સ્થિત રહીને**... એ પર્યાય આવી. **આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને**... નિર્વિકલ્પ પરિણતિ દ્વારા નિર્વિકલ્પ આત્મામાં સ્થિર રહીને વારંવાર તેમાં મારું વલણ છે (એટલે) એને એકાગ્રપણે ભાવું છું, એમ. 'ભાવું'નો અર્થ વારંવાર એકાગ્રતા કરું છું, એમ. એક સમયે એકાગ્રતા, બીજે સમયે (એકાગ્રતા), એકાગ્રતા એમાં જ વર્તે છે એમ. સમજાણું કાંઈ?

ભાઈ! આ તો શબ્દોના અર્થ જ સમજવા હજી કઠણ લાગે. આવી સામાયિક. આ તો આઠ વર્ષની છોકરી હોય તો પાંચ-પાંચ સામાયિક, આઠ-આઠ પચરંગી ને અઠરંગી ને.. આહા! ઘરમાં વાંધો હશે કાંઈ. એમ કે પ્રતિજ્ઞા એવી લીધી હોય, પછી સામાયિક એને લેવી કે નહીં, પણ પ્રતિજ્ઞા જૂઠી હતી. આહાહા! અમારે દરરોજ સામાયિક આટલી કરવી એમ પ્રતિજ્ઞા લીધી, પણ સામાયિકનું ભાન જ ક્યાં હતું તને? સામાયિક કોને કહેવી? ક્રિયાકાંડવાળાને આકરું પડે. એ તો અનંતવાર એવું તો કર્યું છે, એમાં શું છે? શુભભાવ છે એ તો. એ મિથ્યાત્વ સહિત છે. આહાહા! શુભભાવનું આચરણ કરવા જેવું છે એવી બુદ્ધિ છે ત્યાં મિથ્યાત્વ છે. અને એના આચરણમાં રોકાણો છે એ તો શુભભાવ છે. આહાહા! માર્ગ તો આ છે એનો પહેલો નિર્ણય કરવો પડશે. નિર્ણય કરીને અનુભવમાં આવવું એ માર્ગ છે. આ નિર્ણય કરીને ન્યાં રોકાવું એમ નથી. સમજાણું કાંઈ?

**વારંવાર ભાવું છું** એમ આવ્યુંને? **મુહુર્મુહુ:**.. પરમાત્માએ તો **મુહુર્મુહુ:** વીતરાગપણાનો ઉપદેશ કરવો, એમ આવે છે. એમાં તો એ આવ્યું, હું એક વીતરાગપણાને જ વારંવાર ભાવું છું. મુનિઓએ ઉપદેશમાં એકલો વીતરાગભાવનો ઉપદેશ દીધો. રાગથી આ થાય છે અને રાગ કરવા જેવો છે એ ઉપદેશનો મુનિનો હોઈ શકે નહીં. આહાહા! ભાઈ! ૨૪ વર્ષના એક હમણાં આચાર્ય થયા. એનું લખાણ.... ૨૪ વર્ષનો છે. સાધુ, આર્જિકા ને ..... આચાર્યપદે છે. ૨૪ વર્ષની ઉંમર. નિર્મળસાગર છે ને? હજી ૨૪ વર્ષની ઉંમર... દાખલો એમ કે આઠ વર્ષે કેવળ પામે, એમાં શું છે? પામે. માટે ૨૪ વર્ષે આચાર્યપદ લેવામાં વાંધો શું છે? એમાં આવ્યું છે. ૨૪

વર્ષનો છે નિર્મલસાગર. છેલ્લે બેઠા હતા. અમે સાધુ છીએ ને આર્જિકા છીએ, ક્ષુલ્લક છીએ... મોટું ટોળું છે.

અરે, ભાઈ! સાધુપણું કોને કહેવું હજી? આહાહા! આ સાધુપણાની વ્યાખ્યા ચાલે છે. સામાયિક કહો કે સાધુપણું કહો. શ્રાવક પણ એકદેશે સાધુ છે. સાધક છે એટલે એકદેશ સાધુ. આહાહા! નમુનો એ જાતનો હોય કે સાકરને ઠેકાણે ઝેર બતાવે કે આ નમૂનો છે—એમ હશે? સાકરનો મોટો ઢગલો હોય હજાર મણનો, પછી એમાંથી થોડી કાળીજીરી નીકળતી હશે નમૂનો? ભાઈ! આ લ્યો નમૂનો. રૂના ગાંસડા હોય મોટા. રૂનું મોટું શું કહેવાય? ધોકડું. એમાંથી કાઢી હોય થોડી ઈયળું. લ્યો, આ એનો નમૂનો. એનો નમૂનો હશે? ક્યા કહતે હૈં?

શ્રોતા : વેશકા નમૂના તો હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વેશ જ ક્યાં હતો એમાં? એ જડની પર્યાય છે. આહાહા! શરીરની પર્યાય એ તો માટીની, જડની છે. એમાં આત્મામાં એની પર્યાય ક્યાં આવી? શુભરાગ તો એનામાં થાય છે. એને પોતાનું માને છે ને એને સામાયિક માને છે એ તો મિથ્યાત્વભાવ છે. આકરું કામ છે. આના ઘરમાં બધું ત્રણેય છે. બૈરા બીજા હોય શ્વેતામ્બરના, આ હોય દિગંબર, ભાઈ હોય સ્થાનકવાસી. એક ઘરમાં ત્રણ, સૌ સૌનું તાણે.

શ્રોતા : શ્વેતામ્બર, દિગમ્બરકે બીચ સમભાવ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને સમભાવ કહેતા હશે? સમભાવની વ્યાખ્યા એ (કે) ઝેર ને અમૃત, લાડવા ને અમૃત બેય સરખા છે? ખાવાવાળો સમજશે એમ થયુંને? આહાહા! આકરી વાત છે. ઓલી અનાદિની રૂઢી છેને ચારિત્રની, બીજી વાત સાંભળી છે ક્યાં? દિગંબર કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુના સ્વભાવની વાત છે આ તો. સમજાય છે કાંઈ? શ્વેતામ્બરમાં ને સ્થાનકવાસીમાં એ વસ્તુની સ્થિતિ જ નથી. આ બધા ૪૦-૪૦ વર્ષના, ૫૦-૫૦ વર્ષના સાંભળનારાને પૂછો? સાંભળ્યું હતું કોઈ દિ'? હતું જ ક્યાં? આ પણ મરી ગયા ક્રિયા કરી-કરીને. આ દેરાવાસી, અમારે ભગવાનભાઈ સ્થાનકવાસી, આ ગુલાબચંદભાઈ સ્થાનકવાસી. આ તો અભ્યાસી કહેવાય, હુશિયાર કહેવાયને ચોપડા બહુ ફેરવ્યા ઓલાના.

શ્રોતા : બધાને મુસલમાન બનાવી દેશે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુસલમાન બનાવી દેશે એમ કહ્યુંને?

શ્રોતા : મુસલમાન નહીં પણ એના જેવા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો એક જણે એમ કહ્યું હતું. લાલચંદભાઈ હતા વકીલ વાંકાનેરમાં. લાલચંદભાઈ હતાને વકીલ. બહુ હુશિયાર. શ્વેતામ્બર એના અગ્રેસર, વાંકાનેર, નહીં? વકીલ હતા. ગામમાં સાધુ આવ્યા હશે, શ્વેતામ્બરના સાધુ. એણે (કહ્યું), લાલચંદભાઈ! આવો, કાંઈક પ્રશ્ન-ઉત્તર કરવો હોય તો. આચાર્ય મહારાજ આવ્યા છે. એટલે જરી કહે, જુઓ

ભાઈ! હું તો શ્વેતામ્બર સાધુ–શ્વેતામ્બરને અને મુસલમાનને સરખા ગણું છું. ઓલો રાડ નાખે. 'ગૃહીત મિથ્યાત્વી' આવે છેને? ભાઈ! આમાં મોક્ષમાર્ગ પ્રકાશકના પાંચમા (અધિકાર)માં આવે છે. ઓલો તો કહેવા આવ્યો કે આવોને. હવે હું તો બેયને ગૃહીત મિથ્યાત્વી માનું છું. બેય ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. વાતેય સાચી. માનવી આકરી. અરર! જૈન શ્વેતામ્બર (ને) મુસલમાન એક જેવા હશે? વકીલ શું બોલે? વકીલ હતા. આમ હતા શ્વેતામ્બર. પછી આને લાગી ગયેલું કે માર્ગ આ સાચો છે. એવો માર્ગ (બીજે) છે નહીં, ક્યાંય નથી. એને દુઃખ લાગે એનો પ્રશ્ન નથી. આ તો માર્ગ.... સમજાય છે કાંઈ? આહાહા!

અહીં તો, હું અદ્વૈત, અખંડ, અભેદ છું એવો વિકલ્પ પણ અસમતા છે અને વીતરાગતાને રોકનારો છે. એવી વાત પરમાત્મા સર્વજ્ઞના માર્ગ સિવાય ક્યાંય છે નહીં. સમજાણું કાંઈ? વ્યક્તિ પ્રત્યે વિરોધ ન હોવો જોઈએ. એની માન્યતા હોય, (પણ) એની (-વ્યક્તિ) સાથે દ્વેષ ન હોવો જોઈએ. કોઈપણ વ્યક્તિ હોય એની માન્યતા(ને કારણે) દ્વેષ ન હોય. પણ જેવું સ્વરૂપ છે એવું માનવું તો પડેને. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છે 'આત્મજ્ઞાન સમદર્શીતા..' આવે છેને? 'આત્મજ્ઞાન સમદર્શીતા વિચરે ઉદય પ્રયોગ...' સમદર્શીતાની વ્યાખ્યા કરી છે એમાં. બધા સરખા એમ નહીં. એ તો મૂઢ છે માળા. કુધર્મને કુધર્મ કહે, સુધર્મને સુધર્મ આચરે, સુગુરુને સુગુરુ કહે, માને, મનાવે અને કુધર્મને કુધર્મ કહે, માને, મનાવે, સુધર્મને સુધર્મ (કહે)—એનું નામ સમતા છે. છે બે કડી. છેને અહીં? લાવો, એ પુસ્તક છેને. મોટું.. મોટું પુસ્તક છે.

'આત્મજ્ઞાન સમદર્શીતા..' એમાં નથી. મોટામાં અર્થ છે. 'આત્મજ્ઞાન સમદર્શીતા..' કેટલામી કડી છે? આને મોઢે હશે. 'વિચરે ઉદય પ્રયોગ, અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.' પોતે... શ્વેતામ્બર દિગંબર.... પણ લખાણ આમ કર્યું છે અર્થ કરતાં. અર્થ પોતે ભર્યા છે હોં આત્મસિદ્ધિના. મોટું છેને. આ લ્યો, આ બધા ચિહ્‌ન કર્યા છે હેઠે. 'સમદર્શીપણું એટલે લૌકિકભાવનો સમાનભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિરવિશેષપણું નહીં.' બધા સરખા છે એમ નહીં. કાચ ને હીરો બે સમાન ગણવા, સત્શ્રુત ને અશ્રુત–અસત્શ્રુતમાં સમપણું ગણવું એ સમભાવ નહીં. સત્ધર્મ ને અસત્ધર્મમાં અભેદ માનવો અને સદ્‌ગુરુ ને અસદ્‌ગુરુ વિષે એકસરખી બુદ્ધિ રાખવી, સત્દેવ અને અસત્દેવને વિષે નિરવિશેષપણું દાખવવું, બંનેને એકસરખા ગણવા—ઇત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા છે, વિવેકશૂન્યતા છે, વિવેક-વિકલતા છે.

સમદર્શી એક સત્‌ને સત્ જાણે ને બોધે, અસત્‌ને અસત્ જાણે ને નિષેધે, સત્શ્રુતને સત્શ્રુત જાણે ને બોધે, કુશ્રુતને કુશ્રુત જાણે ને નિષેધે, સત્ધર્મને સત્ધર્મ જાણે ને બોધે, પોતે જાણે ને પ્રરૂપણાય કરે એમ, અસત્ધર્મને અસત્ધર્મ જાણે ને નિષેધે, સદ્‌ગુરુને સદ્‌ગુરુ જાણે ને

બોધે, અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે ને નિષેધે, સત્દેવને સત્દેવ જાણે ને બોધે, અસત્દેવને અસત્દેવ જાણે ને નિષેધે—ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગ-દ્વેષ, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરે, એ પ્રકારે સમદર્શીપણું જાણવું. શ્રીમદ્દનું મોટું (પુસ્તક). ૩૧મા વર્ષમાં છે. મોટા પુસ્તકમાં છે. અર્થ પોતે ભર્યા છે. કુધર્મ ને સત્ધર્મ બધા સરખા, એ વિવેક-વિકલતા છે, મૂઢ છો કહે છે. સમજાણું કાંઈ? એય! શિવલાલભાઈ! આવું કહે છે જુઓ! આ પણ સાચું ને આ પણ સાચું. સમભાવ રાખો ભાઈ! એમ સમભાવ ન હોય. એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ૨૦૭ થયો. ૨૦૮.

**विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः**
**अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः ।**
**अयं द्वैताद्वैतो न भवति ततः कश्चिदचिरात्**
**तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम् ॥२०८॥**

આહાહા! **શ્લોકાર્થ : ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ...** દેખો! હું અભેદ, અખંડ સર્વજ્ઞે કહેલો આત્મા છું, એવો અભેદનો વિકલ્પ એ ભવભયના કરનારા છે. ભવના કરનારા એ વિકલ્પ છે. (શ્રોતા : સમકિત સન્મુખ લઇ જાયને?) ધૂળેય લઈ જાય નહીં. કોણ કહેતું હતું? એય, ચેતનજી! હોય, એ તો પ્રશસ્ત (રાગ છે). આહાહા! ઝેર એ અમૃત સુધી લઈ જાયને? થોડું પીને પછી ઓડકાર એના આવતા હશે કે નહી? **ભવના કરનારા આ વિકલ્પ...** જુઓ! એના કથનો અને ભાવ બેય. અહીં કથનનો મેળ કર્યો છે.

**ભવના કરનારા...** આહાહા! હું પૂર્ણાનંદ શુદ્ધ સર્વજ્ઞ પરમાત્માએ જોયેલો આત્મા એવો છું એવો જે વિકલ્પ–રાગ, ભવનો કરનાર છે રાગ. આહાહા! બીજો સાધારણ શુભભાવ તો ભવનો કરનાર છે જ, પણ એના એકરૂપમાં અદ્વૈત ને દ્વૈતના વિકલ્પો ભવના કરનારા છે. 'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન..' **ભવના કરનારા એવા આ વિકલ્પ–કથનોથી બસ થાઓ, બસ થાઓ. અલમ્...** આ તો ભાઈ! ઠરીને આત્માને પામવો હોય એની વાત છે. રખડપટ્ટી કરવી એવી ઝાળું બહુ છે, રખડવાના ઘણા રસ્તા છે, છૂટવાનો એક રસ્તો આત્મા તરફ ઢળીને વીતરાગતા પ્રગટ કરવી. આહાહા! કહે છે, ભવના કરનારા વિકલ્પથી બસ થાઓ.

**જે અખંડાનંદસ્વરૂપ છે...** ભગવાન આત્મા એકરૂપ અખંડ-આનંદસ્વરૂપ જેનું છે. સમજાણું કાંઈ? જેનો ત્રિકાળી સ્વભાવ એક અખંડસ્વરૂપ છે. અખંડાનંદ... અખંડાનંદનું છાપું આવે છેને અમદાવાદમાં? એ નહીં. અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદસ્વભાવ અખંડ એકરૂપ વસ્તુ છે. એવા **સમસ્ત નયરાશિનો અવિષય છે...** પુણ્યભાવનો તો વિષય નથી, પણ નય આ નિશ્ચય ને વ્યવહાર એવા જે વિકલ્પો એનો એ વિષય નથી. આહાહા! નય સંબંધી જે વિકલ્પ એનો એ વિષય નથી. સમજાણું કાંઈ? નિશ્ચયનયથી હું એકરૂપ અભેદ છું એવો

વિકલ્પનો પણ એ વિષય નથી અને હું ગુણવાળો છું એવો ભેદનો વિકલ્પનો પણ એ વિષય નથી. **નયરાશિ**–નયનો ઢગલો.. ગમે તેટલી નય હોય, એમ કહે છે. અહીં તો વિકલ્પવાળી લેવી છે. **સમસ્ત નયરાશિનો અવિષય છે**... એટલે કે વિકલ્પના પ્રકાર ગમે તેટલા ઉઠે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદવાળા કે અભેદ—એનો એ વિષય જ નથી. એનાથી આત્મા પકડાય એવો નથી.

**માટે આ કોઈ અવર્ણનીય આત્મા...** આહાહા! અવર્ણનીય આત્મા... કથન કરવા જાય ત્યાં બધો વિકલ્પ ને ભેદ ઉઠશે, કહે છે. આહા! અરૂપી આનંદઘન ભગવાન જેના એક સમયના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો ઝેર જેવા દેખાય, આહાહા! આખી દુનિયાના સુખની કલ્પનાની રુચિ જ્યાં ઉડી જાય. આહાહા! અખંડાનંદસ્વરૂપ એવું સ્વરૂપ જ છે, એમ કહે છે. 'અખંડાનંદવાળો' એમ નથી લીધું. ભગવાન વીતરાગ અખંડ આનંદની મૂર્તિ છે. વિશ્વાસ લાવ.. વિશ્વાસ લાવ. ભરોસાની સરાણે ચડાવ એને–આત્માને. ઓહોહો! એ નિર્મળ પર્યાયની વાત છે હોં.

**માટે આ કોઈ (અવર્ણનીય) આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી.** આહાહા! હું દ્વૈત છું કે અદ્વૈત—એવી વાસનાની વૃત્તિ ઉઠે છે, એ વાસના રાગ છે. એનું એ રૂપ નથી. ઓલાને નયરાશિનો વિષય નથી એમ કીધું. આ પોતે દ્વૈત-અદ્વૈતરૂપ નથી એમ કહ્યું. એ **(દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી**–રાગથી **પર છે).** આહાહા! આવો જ એનો સ્વભાવ છે. **તેને એકને હું...** એવા આત્માને એકને હું... બીજો ભગવાન કે તીર્થંકર એને નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત ભાગ્ય વિના સાંભળવા મળે નહીં એવી ચીજ છે. સંયોગ છેને સાંભળવું એ તો. (એ માટે) પુણ્ય જોઈએને. આ વસ્તુ ટૂંકી, સાંભળવાથી પાર.

**તેને એકને હું અલ્પકાળમાં ભવભયનો નાશ કરવા માટે...** પહેલું શરૂ કર્યું હતું કે વિકલ્પ, પુણ્ય ને પાપ નયનો વિષય ઉઠે અથવા દ્વૈત-અદ્વૈતનો વિકલ્પ ઉઠે, એ બધા ભવના કરનારા છે. ભવના અભાવસ્વરૂપ એવો જે ભગવાન આત્મા... આહાહા! એવા એકને હું... 'આ એકને હું' એ તો વિકલ્પ છે, પણ સમજાવવું શી રીતે? સમજાણું કાંઈ? આહાહા! **અલ્પકાળમાં ભવભયનો નાશ કરવા માટે**... ઓહો! અલ્પકાળમાં પુણ્ય-પાપનો અંત લાવવો છે અહીં. આહા! **સતત વંદું છું.** મારો નિરંતર આદર દ્રવ્યસ્વભાવમાં છે. સમજાણું કાંઈ? મારી પર્યાયમાં–નિર્મળદશામાં આદર–વંદન કરવામાં દ્રવ્યને વંદન કરું છું. આહાહા! **સતત**–નિરંતર... સમ્યગ્દૃષ્ટિનું નિરંતર પરિણમન દ્રવ્ય ઉપર જ હોય છે. સમજાણું કાંઈ? **સતત વંદું છું**. ૨૦૮ થયો કળશ. છેને. પાંચ શ્લોક થયાને? ત્રણ બાકી છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૯, મંગળવાર, તા. ૨૮-૯-૧૯૭૧**
**શ્લોક – ૨૦૯-૨૧૧, ગાથા - ૧૨૭, પ્રવચન નં. ૧૩૮**

કળશ ૨૦૯ છે.

**सुखं दुःखं योनौ सुकृतदुरितव्रातजनितं**
**शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च ।**
**यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो**
**य एवं संन्यस्तो भवगुणगणैः स्तोमि तमहम् ॥२०९॥**

શું કહે છે અહીંયા? સામાયિક કહો, સમાધિ કહો—એના સ્વરૂપનું વર્ણન છે. **શ્લોકાર્થ : યોનિમાં**–ચોર્યાસી લાખ અવતારમાં, એમ કહે છે. ચોર્યાસી લાખની ઉત્પત્તિસ્થાન છેને? એમાં **સુખ અને દુઃખ એ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે.** ચોર્યાસીના અવતારમાં કલ્પનાએ સુખ છે અને કલ્પનાએ દુઃખ છે. એવી કલ્પનાનું સુખ-દુઃખ એ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે. શુભભાવ અને અશુભભાવ એનાથી ચોર્યાસીમાં અવતાર સુખ-દુઃખના સ્થાનરૂપ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચોર્યાસીના અવતારમાં ઉપજવાનું કારણ, કહે છે કે એમાં સુખ-દુઃખ થવાનું કારણ, સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ મળે એનું કારણ શુભ અને અશુભ ભાવ છે. **ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે.** અહીં તો શુભ અને અશુભ ભાવ બેય ચોર્યાસીના અવતારમાં ઉપજવાના કારણ કહ્યા છે. આહાહા! સમજાય છે કાંઈ?

**વળી બીજી રીતે (-નિશ્ચયનયે)** જોઈએ તો **આત્માને શુભનો પણ અભાવ છે...** કેમ કે શુભભાવ તો આસ્રવ છે, આસ્રવથી કર્મ આવે અને સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ મળે. આત્મામાં તો એ છે નહીં. **આત્માને શુભનો પણ અભાવ છે, તેમજ અશુભ પરિણતિ પણ નથી, નથી...** બે વાર બતાવ્યું. આવો આત્મા એને જેણે પકડ્યો ને દૃષ્ટિમાં લીધો એને સમાધિ થાય છે, એને શાંતિ અને સામાયિક થાય છે. આહા! **કારણ કે આ લોકમાં એક આત્માને...** ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ આત્મા—શાશ્વત જ્ઞાન ને આનંદનું પૂર એવો જે આત્મા... **એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.** આહાહા! ભવના ભાવરૂપે નથી એથી એને ભવનો પરિચય નથી. આત્મા એને કહીએ, જે જ્ઞાન, આનંદ ને વીતરાગ સ્વભાવથી ભરપૂર ભરેલું તત્ત્વ છે. એવા આત્માને શુભભાવ નથી, અશુભ નથી. અને એનાથી તો અપરાધ થવાનું કારણ હતું, પણ ભગવાન આત્માને–એકરૂપ સ્વરૂપને ભવના ભાવનો અભાવ (છે) તો ભવનો પરિચય તો છે નહીં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ધ્રુવ આનંદસ્વરૂપ એમાં શુભ-અશુભ ભાવનું પરિણમન નથી અને એ શુભ-અશુભભાવ યોનિમાં ઉત્પન્ન થવાનું કારણ હતું. તેથી એકરૂપ આત્માને, પુણ્ય ને પાપના રાગના પરિણમનથી રહિત છે કે જે રાગનું પરિણમન શુભ-અશુભનું સુકૃત ને દુષ્કૃત સંસારના સુખ-દુઃખના સંયોગમાં ઉત્પન્ન થવાનું કારણ છે, એવા આત્માને ભવનો પરિચય નથી. ભવના ભાવનું એમાં સ્વરૂપ નથી (તેથી) ભવનો પરિચય નથી આહાહા! આવો આત્મા એને દૃષ્ટિમાં લઈ એમાં વીતરાગભાવ-સ્વભાવે સ્થિર થાય, એને સામાયિક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? જેમાં ભવના ભાવનો અભાવ છે, ત્યારે એમ થયું કે મોક્ષના સ્વભાવનો એમાં સદ્‌ભાવ છે. સમજાણું કાંઈ?

**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી**. આહાહા! એને આત્મા કહીએ. જે ભાવે દેવનો ભવ મળે, એ ભાવે આત્મા નહીં અને એ ભાવનું પરિણમન દ્રવ્યમાં નહીં, દ્રવ્યમાં એ છે જ નહીં. આહાહા! આવો જે આત્મા એને ચોર્યાસીના ભવનો પરિચય જ નથી. આહાહા! ભવનો એને અભ્યાસ જ નથી, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભવનો એને અભ્યાસ નથી. પોતાના સ્વભાવને પકડીને આત્માનો અભ્યાસ કરે એને સામાયિક થાય. આહાહા! વ્યાખ્યા તો જુઓ! દિગંબર સંતો સિવાય આવી ચોખ્ખી વાત ક્યાંય છે નહીં–હૈ હી નહીં. આહાહા! કેટલું સીધું.. સીધું છેને. ભાઈ! તું આત્મા છો. આત્માને ભવનો પરિચય કેવો? ભવનો અભ્યાસ કેવો એને? આહાહા!

કહે છે કે તારો શુદ્ધ આનંદસ્વભાવ એનો અભ્યાસ થાય, એવો એનો સ્વભાવ છે. એનો અભ્યાસ થાય એવો એનો સ્વભાવ છે એમ કહે છે. ભવના અભાવ-સ્વભાવરૂપે થવું એ તારો સ્વભાવ છે. સામાયિક એ ભવના અભાવસ્વરૂપ થવા માટેની છે. સમજાણું કાંઈ? આહાહા! મૂલચંદભાઈ! આવી સામાયિક. આહાહા! ભાઈ! તારા ઘરમાં તો.... સામાયિક કહો, સમાધિ કહો, વીતરાગતા કહો, મોક્ષમાર્ગ કહો. એ મોક્ષમાર્ગરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? પણ સંસારના ભાવરૂપે થવું એવો એનામાં સ્વભાવ નથી. આહાહા! આ આત્મા. આને કહીએ જૈનશાસનનો આત્મા. આહાહા! સમજાણું કાંઈ? આ ભારે કળશ કરે છેને! ગજબ કરે છેને પરિચયની શૈલી! જેને સામાયિક છે એનો તો સ્વભાવરૂપે પરિણમવું એનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? કારણ કે જે ભવના અભાવરૂપ એવા સ્વભાવરૂપ પરિણમવું એ તો એનો ત્રિકાળીસ્વભાવમાં સ્વભાવ પડેલો જ છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : પરિણમવું એવો એનો સ્વભાવ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સ્વભાવ સન્મુખ પરિણમવું એવો એનો સ્વભાવ છે.

શ્રોતા : પરિણમવું એ તો પર્યાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય છેને પણ એ. શુદ્ધપણે પરિણમવું એની પર્યાય છે. અશુદ્ધપણે થવું એની પર્યાય છે જ નહીં. અહીં દ્રવતિ ઇતિ દ્રવ્ય, તો શુદ્ધપણે જ દ્રવે એમ કહે છે. એ બીજી અપેક્ષા. આહાહા! સમજાણું કાંઈ? પર્યાય એમાં નથી. પર્યાય... એ તો અંશપણું છે ત્રિકાળમાં. પણ જે ત્રિકાળ વસ્તુ જે આનંદસ્વરૂપ, સમાધિસ્વરૂપ, સામાયિકસ્વરૂપ એટલે ત્રિકાળ હોં, એમાં રાગરૂપે થવું એનો સ્વભાવ નથી. ભવનો પરિચય નથી, પણ ભવના અભાવરૂપે પરિણમવું એનો સ્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓને! કઈ શૈલી લીધી છે! નિશ્ચયથી તો જે પરિણમન શુભ-અશુભ થાય છે એ તો અંદર શક્તિરૂપે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં એમ આવ્યું છે કે આ પરિણમન–આ પર્યાય જે છે એ શક્તિનો ભેદ છે એમાંથી આવ્યું છે. ભેદની અપેક્ષાએ હોં, સામાન્યની અપેક્ષા નહીં. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધતામાંથી શુદ્ધતાની ધારા વહે. આહાહા! એ મુક્તસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપ, સમાધિસ્વરૂપ, પ્રાયશ્ચિતસ્વરૂપ આદિ આવ્યુંને? આહાહા!

અરે! ધીરો થઈને કોઈ દિ' જુએ ને તપાસે તો ખરો કે આ કોણ છે, શું છે પણ આ? સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા **ચોકક્સ ભવનો પરિચય બિલકુલ નથી**. એમાંથી ગુલાંટ ખાઈને કાઢ્યું છે. એય! એમાંથી આવ્યું મગજમાં. ભવનો પરિચય બિલકુલ નથી. (તો) છે શું? સમાધિરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. આહાહા! ગજબ વાત છે! આ વાત દિગંબર સંતો સિવાય ક્યાંય સાંભળવા મળે એમ નથી. એક વીતરાગમાર્ગ સનાતન. દિગંબર નગ્ન મુનિ, નાગા તે બાદશાહથી આઘા. આહાહા! આવી ચીજ, જુઓને! ભાઈ! તું કોણ છો? કે તું છો ભવના પરિચય વિનાનો. આહાહા! સમજાણું કાંઈ?

પછી તો આવશેને સન્નિહિત.... ત્યાં તો ભાવી તીર્થંકર લેશે કળશમાં. ભાવી તીર્થંકરના આવા પરિણામ હોય છે. બીજાના ભલે હોય, પણ એને તો એ પરિણામે કેવળ લેવું છે. એ 'ભાવી તીર્થાધિનાથ' આવે છે ને? સમીપ લીધુંને સમીપ? એ ભાવીમાં થનાર તીર્થંકરની પર્યાયમાં વર્તમાનમાં એને આત્મા જ સમીપ સદાય છે. કોઈ દિ' રાગ એને સમીપ થશે એવું એને બનશે જ નહીં, એમ કહે છે. 'સન્નિહો અપ્પા' છે ને? એ શબ્દ આવે છે શ્વેતામ્બરમાં. અનુયોગદ્વારમાં આવે છે, આઠ ગાથા આવે છે. '**जस्स संणिहिदो अप्पा**' (ગાથા ૧૨૭). જેની પર્યાયમાં સમીપપણે દ્રવ્ય છે એને રાગનું સમીપપણું કોઈ દિ' થવાનું નથી. સમજાણું કાંઈ?

કળશકારે 'ભાવી તીર્થંકર' નાખ્યું છે '**संणिहिदो अप्पा**'માં. મેં કીધું, આ કેમ આવ્યું? એનો આત્મા એ ભાવે જ ભવિષ્યમાં તીર્થંકર થવાનો છેને એટલે એ ભાવ એમને એમ જ રહેવાનો એને. દર્શન–સમ્યગ્દર્શનનો, ચારિત્ર નહીં. કહે છે કે આહાહા! ભગવાન! તું કોણ? કે હું એ ભવના પરિચય વિનાનો એ હું. સમજાણું કાંઈ? ત્યારે શેનો પરિચય–અભ્યાસ

પર્યાયમાં એને થાય? આવે છેને ઓલી **सुदपरिचिदाणुभूदा**.. ભાઈ! (સમયસાર) ચોથી ગાથામાં. **सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।** એ સાંભળ્યું નથી, આત્માનો પરિચય કર્યો નથી, અનુભવ્યો નથી. ચોથી ગાથામાં આવે છે. પરિચય કર્યો નથી. આ પરિચય કર્યો એ પરિચય એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા!

શુભ-અશુભરાગ એ સંસારનું મૂળિયું છે, ચોર્યાસીની ઉત્પત્તિનું એ મૂળ છે, જે મૂળ વસ્તુમાં નથી. આહાહા! એવો જે ભગવાન આત્મા શાંતરસનો સાગર અનંત-અનંત–બેહદ શાંતરસથી ભરેલો ભગવાન એને ભવનો પરિચય નથી. ગજબ વાત છે! હજી તો આને દેવ થાવું છે, ફલાણું થાવું છે, પછી ભગવાન પાસે જાવું છે. આહા! અરે, ભાઈ! સમજાણું કાંઈ? આમ પુણ્ય બાંધીએ, દેવમાં જઈએ, ભગવાન પાસે જઈએ. પણ એ તારા સ્વભાવમાં નથી. ભવનો ભાવ જ નથી, ત્યાં ક્યાં જાવું છે તારે? એ બધી ભાવના જ આખી ખોટી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'ચોક્કસ' પાછું એમ શબ્દ છેને? બાઢ. બાઢ નથી એમાં આવતી. શું કહે છે તમારે દરિયામાં? ભરતીને બીજું શું કહે તમારે? જ્વાર. સમજાણું? આત્માના દરિયામાં એ પુણ્ય-પાપનો ભાવની બાઢ છે જ નહીં. ક્યાંથી આવે? એમાં હતું ક્યાં તે આવે? આહાહા! સમજાણું કાંઈ?

**આ લોકમાં એક આત્માને** દ્વૈત–બીજો વિકલ્પ જ નથી એનામાં. આહાહા! **(આત્મા સદા એકરૂપ હોવાથી) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી**. જોરદાર–ચોક્કસ ભવનો પરિચય જરીએ નથી. સર્વાર્થસિદ્ધનો ભવ કરવો કે તીર્થંકરપણાનો ભવ કરવો—એવો ભાવ બિલકુલ આત્મામાં નથી. આહાહા! એમાં સમજાણું કાંઈ? **આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે,** લ્યો. આહાહા! ભવની પર્યાય થઈને એ. 'કામગુણે' આવે છે ને? 'પંચવે કામગુણે' એમ આવે છે. કર્યું હતું શ્રમણસૂત્ર? આવે છેને ચોથા પદમાં. 'પંચવે કામગુણે' એ કામનાનો... અફીણનો ગુણ કડવાશ, સાકરનો ગુણ મીઠાશ, આત્માનો ગુણ આનંદ, એમ. ગુણે ચડીયાતો એ સારો કહેવાય. ... 'કામગુણે' શબ્દ વાપર્યો છે. એમ આ ભવના ગુણો... તમારે શ્રમણસૂત્ર ન હોય દેરાવાસીમાં. સાધુને હોય.

ચોથું શ્રમણસૂત્ર સાંભળ્યું છે ને? સાંભળ્યું તો હશે. 'પડિકમામી ......' એમાં આવે છે. કોઈ વખતે સાધુ પડિકમણું કરાવે તો એમાં–પડિકમણામાં આવે. .... અહીં તો સ્થાનકવાસીને શ્રાવકમાં આવે. એક શ્રમણસૂત્ર હૈ. શ્વેતામ્બરમાં છે. 'શ્રમણસૂત્ર' નામ. સ્થાનવાસી શ્રાવકને એ બોલાવે. દેરાવાસી શ્રાવકને નહીં, સાધુ બોલે. શ્રમણસૂત્ર નામ હૈ ઉસકા. શ્રમણનું સૂત્ર. 'પંચવિહિં કામગુણેહિ' પડિકમામિ–નિવર્તું છું હું પાંચ પ્રકારના કામના ગુણથી એટલે વિષયના ગુણથી નિવર્તું છું. એ એક પણ ગુણ છેને જગતમાં રખડવાનો. સમજાણું કાંઈ?

**આ રીતે જે ભવગુણોના સમૂહ...** દેખો! ચોર્યાસી લાખના કારણ જે શુભાશુભ પરિણામ, અસંખ્ય પ્રકારના શુભ ને અશુભ, એથી સંન્યસ્ત છે. આહાહા! **ગુણોથી રહિત છે તેને હું સ્તવું છું.** આહાહા! 'સ્તવું છું' એ સામાયિક છે. આવો જે ભગવાન આત્મા કે જે ભવના ગુણો શુભ-અશુભ રાગ-દ્વેષ એનાથી પ્રભુ રહિત છે. અરે! સહિત છે એને 'રહિત છે' એમ માનવું એ કાંઈ નહીં? સમજાય છે કાંઈ? વર્તમાનમાં જ એને માનવું કે રહિત છું. એય! રાગ-દ્વેષ પર્યાયમાં સહિત હોવા છતાં વસ્તુ એનાથી રહિત છે, એ તે કાંઈ પુરુષાર્થને હદ છે? અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા! એ પુરુષાર્થની કિંમત નથી આવતી, પણ કાંઈ આમ કરે ને રાગ કરે ને ક્રિયા કરે એની લોકોને કિંમત થાય છે, એટલે આત્માની કિંમત એને આવડતી નથી. રાગની–આસ્રવની કિમત આવડે, જે એનામાં નથી એના ગુણની કિંમત આવડે છે. આહાહા! સમજાણું કાંઈ? ગુજરાતી સમજમેં આતા હૈ ન? હિન્દી હૈ ન? આહાહા!

ગજબ કળશ છે! વીજળી આવેને વિજળી ઉપરથી? તાંબાનો આરથ (-અર્થીંગ) કરે છેને ઓલો તાંબાનો, શું કહેવાય? સરીયો. શું કહેવાય એ? પટ્ટી તાંબાની. એ ઉપરથી ઉતરી જાય ફડાક દઈને વીજળી. એમ કહે છે, એવો પુરુષાર્થની જાગૃતિ કર, દ્રવ્યમાં ઉતરી જા ફડાક દઈને અંદર (કે) જેમાં રાગ-દ્વેષ, સંસાર નથી. આહાહા! સમજાણું કાંઈ? એવો આ ભગવાન આત્મા અનાદિનો એવો એ છે. સમજાણું કાંઈ? જેને ભવનો પરિચય નથી, જેમાં ભવ નથી. આહાહા! જેણે ભવ કર્યા નથી. ભગવાનભાઈ! ચોથું શ્રમણસૂત્ર તો આવડતું હશે? એ તો આવડતું જ હોયને. ...... ચોથું.... પણ અર્થ-બર્થની કાંઈ ખબર ન મળે. આહાહા!

ત્યાં તો ત્યાં સુધી આવે છે એમાં 'પડિકમામિ ચઉવિ.....' આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન—ચારેથી નિવર્તું છું. લ્યો. એ ચર્ચા થઈ ગયેલી સંપ્રદાયમાં મોટી. આહાહા! એ ચર્ચા થઈ ગઈ છે સંપ્રદાયમાં. ..... શુક્લધ્યાનથી નિવર્તવું છે એમ કહે છે. આવેને આ 'ચોવિહં જાણિહં'.. શું પછી નામ? નામ શું? ..... એ નહીં, એ નહીં. પડિકમામી....... પછી અહીં તો પંચ.... આપણે 'પડિકમામી ચોવિહં જાણિહં' ..... ચાર ધ્યાનથી પાછો વળું છું. એ તો આમાં એણે સાધારણ ભાષા કરી છે. પણ આ તો આવો અર્થ કાઢતા. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, પ્રભુ! તું કોણ છો? કે જેનું શરણ લેતાં સમાધિ અને સામાયિક પ્રગટે, એ સામાયિક રૂપે થવાનો, શુદ્ધ પરિણમન થવાનો સ્વભાવ છે. '**सुद्धं तु बियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो**' (સમયસાર ગાથા ૧૮૬) આવે છે ને? એ શુદ્ધ ધ્રુવ ભવના અભાવવાળું તત્ત્વ એ સમાધિ ને ભવના અભાવના પરિણામને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? એવો જે **નિત્ય-શુદ્ધ આત્મા** તેને હું... હું આત્મા... **હું સ્તવું છું.** એટલે આવો હું એને સ્તવું છું, લ્યો. એના ગુણગ્રામ હું કરું છું, એનો અર્થ કે હું એમાં એકાગ્ર થાઉં છું. સમજાણું કાંઈ? લ્યો, ૨૦૯ (થયો). ૨૧૦.

**इदमिदमघसेनावैजयन्तीं हरेत्तां**
**स्फुटितसहजतेजःपुंजदूरीकृतांहः ।**
**प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं**
**जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम् ॥२१०॥**

આવા બધા વખાણ કર્યા તો ઓલાને સારું ન લાગ્યું. આમાં કાંઈ વ્યવહાર આવતો નથી. વ્યવહાર કરે છે, હોયને? વ્યવહાર તો આવું કંઈ કરે તો દેખાય. આ કરે છે, જુઓ! આ વ્રત કરે છે. આ તો શુદ્ધપર્યાય પોતે વ્યવહાર છે. આખો ત્રિકાળી દ્રવ્ય તો એ છે, એને 'સ્તવું છું' એ વ્યવહાર છે. એકાગ્ર થવું એ પર્યાય છે. પર્યાય પોતે વ્યવહાર છે, ત્રિકાળી નિશ્ચય છે. મોક્ષમાર્ગ પોતે વ્યવહાર છે. પર્યાય છેને? મોક્ષમાર્ગ પર્યાય છે. એક દ્રવ્યમાં આમ બે ઉતારશે, ત્યારે નિશ્ચય ને વ્યવહાર ધર્મ આમ ઉતરશે. શુદ્ધ વ્યવહાર પર્યાય.... એ આત્માનો શુદ્ધ વ્યવહાર. રાગાદિ કંઈ આત્માનો વ્યવહાર નથી. એ તો મનુષ્યનું કર્તવ્ય ભવ-ભવવાળાનું છે. આહાહા!

**સદા શુદ્ધ-શુદ્ધ એવું આ...** ભગવાન આત્મા **સદા શુદ્ધ-શુદ્ધ એવું આ પ્રત્યક્ષ...** 'આ' શબ્દ પડ્યો છે ખરોને. **ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...** એમાં તો ચૈતન્યનો ચમત્કાર છે. રાગનો, બાહ્યનો, આનો, ફલાણોનો (છે નહીં). આહાહા! 'ચમત્કાર ત્યાં નમસ્કાર'. આ ચૈતન્યચમત્કાર એને નમસ્કાર કરવા જેવું છે. ઓલા તો કાંઈક કેવા કાઢી આપે, .... ને ઢીકણું કરી આપે. આમ કરે ત્યાં લીંબુ કાઢી આપે. હવે એમાં શું? આ ચમત્કાર બધા. ઓલા સોનાની સાંકળી કાઢે આપે છે સાંઈબાબો. એમાં શું ધૂળમાં? તારા સાંકળામાં શું છે? જંતર ભૂતડું થયો હતો તો એવું અનંત વાર પામ્યો છો. કાઢ્યા હતા બહારથી લાવીને. શું છે પણ? અરે, ગાંડા–પાગલ! એનો ચમત્કાર લાગે એને. આમ કાઢ્યું, કંકુ કાઢ્યું આમથી. કાંઈ હાથમાં નહોતું, આમ આમ કર્યું તો કંકુ. કંકુ નીકળ્યુંને? જડ. જડ નીકળ્યો, એ આત્મા નહીં. આહાહા! અહીં તો શુભાશુભ પરિણામ કાઢે એ આત્મા નહીં એમ કહે છે. અરે, સાંભળને! માળા. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! કુંદકુંદાચાર્યના શ્લોકો, એમાં આવા મુનિઓ મળ્યા ટીકા કરનારા! આહાહા!

અરે! **इदम्..** એ ને? આ (એટલે) **इदम्... इदमिदमघसेना...** આહા! **જગતમાં નિત્ય જયવંત છે કે જેણે પ્રગટ થયેલા...** એણે દૂર કર્યો છે. જુઓ! આવ્યું આ સ્વધર્મત્યાગ. શું કહે છે? **સદા શુદ્ધ-શુદ્ધ...** જોર આપ્યું છે. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, ધ્રુવ શુદ્ધ ત્રિકાળ. એવો ભગવાન આત્મા એ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય એવો એ છે. એનો સ્વભાવ જ પ્રત્યક્ષ, સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જેનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! એ સ્વભાવ આવ્યો કે નહીં? એય! 'પ્રત્યક્ષ' આવ્યો છેને અલિંગગ્રહણમાં. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પર્યાયપણે થાય એવો જ એનો સ્વભાવ છે. શુદ્ધ તે શુદ્ધપણે પરિણમે એ

જ એનું-પર્યાયનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? શુભાશુભપણે તો અવતારના કારણનું પરિણમન છે ભવભવનું. આહાહા! હવે (અજ્ઞાનીને) લાગે, શુભ-પુણ્ય ભવનું કારણ નહીં, શુભ(ભાવ) ભવનું કારણ નહીં. અહીં કહે છે કે શુભ-અશુભ બેય ભવના કારણ છે. સમજાણું કાંઈ?

**શુદ્ધ-શુદ્ધ એવું આ... શુદ્ધ-શુદ્ધ એવું આ પ્રત્યક્ષ ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...** ચૈતન્ય-ચમત્કારમાત્ર તત્ત્વ, જેને અલ્પ કાળમાં જ્ઞાનમાં લોકાલોક જણાય એવું એ ચમત્કારી તત્ત્વ છે. સમજાણું કાંઈ? **ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...** શ્રીમદ્માં આવે છેને? જગતને... શું આવ્યું છે? ગુપ્ત ચૈતન્યચમત્કારની ખબર નથી. ગુપ્ત ચૈતન્યચમત્કાર... પર્યાય ઉપર દૃષ્ટિ, રાગ ઉપર દૃષ્ટિ, એથી ગુપ્ત દ્રવ્યસ્વરૂપનો ચમત્કાર શું છે (એની ખબર નથી). પર્યાયમાં પ્રગટ નહીં, વસ્તુ તરીકે પ્રગટ છે. એવા ગુપ્ત ચમત્કાર ભગવાન આત્માનું તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે. લ્યો, ઠીક! પર્યાયમાં ભાન આવ્યુંને? સામાયિકમાં સમાધિ-શાંતિ થઈને. અહો! જ્યાં અશાંતિનો નાશ થઈને શાંતિ આવે એવું **ચૈતન્યચમત્કાર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે**. એવું ને એવું બિરાજે છે અનાદિ-અનંત.

કે જેણે પ્રગટ થયેલા **સહજ તેજઃપુંજ વડે...** લ્યો, ઠીક! જેણે પ્રગટ થયેલા સ્વભાવીક તેજઃપુંજ વડે... એ તો પ્રગટ થયેલી પર્યાય થઈ. જેણે પ્રગટ થયેલા સહજ જ્ઞાનના પુંજ વડે **સ્વધર્મત્યાગરૂપ...** લ્યો. **(મોહરૂપ)...** સ્વધર્મનો ત્યાગ તે મોહ. **कृतांहः** આહાહા! સ્વધર્મત્યાગ-પોતાના ધર્મનો અભાવ. ઠીક! જેને રાગમાં પ્રેમ છે એને સ્વધર્મનો અભાવ છે, એનો મોહ છે. આહાહા! સમજાણું કાંઈ? બાહ્યમાં ત્યાગ કરી માને છે કે અમે ત્યાગી છીએ. કહે છે કે અંતરમાં સ્વધર્મના ત્યાગી છે, મોહ છે. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ એનો જેને ત્યાગ એટલે એનો અભાવ એટલે મોહનો સદ્ભાવ. આહાહા!

એવો મોહ **અતિપ્રબળ તિમિરસમૂહને...** મોહરૂપ અતિપ્રબળ તિમિરસમૂહ, એમ. **(મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...** શેનાથી? સહજ તેજઃપુંજ વડે. આ વસ્તુમાં જ નથી. સમજાણું કાંઈ? મોહરૂપ પ્રબળ તિમિરસમૂહ વસ્તુમાં જ નથી અને વસ્તુનો આશ્રય લઈને પર્યાયમાં હતો તેનો નાશ કર્યો છે. બેય વાત. વસ્તુમાં જ આ નથી. મોહતિમિરનું પડળ વસ્તુમાં જ નથી. એથી વસ્તુનો આશ્રય લેતાં, સામાયિક ને સમાધિ પ્રગટ થતાં મોહનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

**અને જે પેલી અઘસેનાની ધજાને...** આહાહા! અઘસેનાની ધજા. પાપની સેના એની ધજા. ફરકતી હોયને એની ધજા. એને **હરી લે છે...** વસ્તુમાં અઘ-પાપની સેના છે જ નહીં અને એવી ચીજનો આશ્રય લેતાં જે સામાયિક ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય (થાય) એ અઘસેનાની ધજાને લૂંટી લે છે. ફરકતી હતી પાપની ધજા, એ લૂંટી લે છે. સમજાણું કાંઈ? સેનામાં, એની ધજા લૂંટાઈ ગઈ તો રાજા લૂંટાઈ ગયો એમ મનાય. સેના ઉપર એનો રાજા. માથે

હોયને? રાણપરમાં એવું થયું હતું. રાણપર છેને આ? ઉનારા ગામનું નામ છે. ત્યાં રાજા રહેતો. રાજા હતો. આ ગઢ છેને? 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' ઓલો રાજા હતો એ રમત કરતો હતો. શું કહેવાય? સોગઠાબાજી, તમારે ચોપાટ.

એમાં કોઈએ કહ્યું, કટક આવ્યું લશ્કર. રાણા! હવે રમત મેલ, કટક આવ્યું કિનારે. એકદમ તૈયાર થઈને, રાણી-બાણી એકકોર રાખીને ભાગ્યો. અહીં કહ્યું કે જુઓ! ધજા છે મારી, એ ઊંચી રહે ત્યાં સુધી હું જીતું છું-જીવતો છું. મારી ધજા પડે તો સમજવું કે હારી ગયો. નજીક આવી ગઈ સેના. ત્યાં એમાં એક એવો નીકળ્યો, અટકચાળો કર્યો ને હાર્યા વિના અમથી ધજા પાડી નાખી. રાણીનો કૂવો છે ન્યાં. માથે કૂવો છે, માથે કૂવો છે. એક પછી એક રાણી પડી કૂવામાં. રાજા હારી ગયો એમ થયું. આવીને આપણને પકડશે, લઈ જશે, લૂંટશે. કૂવો છેને ઉપર. જોયો હતો, અમે ગયા હતા. એક પછી એક મરી ગઈ. લ્યો, આ રાજાની ધજા લૂંટાણી. આ અઘની ધજા લૂંટતા પાપનો–બધાનો નાશ થઈ ગયો, જાઓ. આહાહા! આ વાત આવી ભારે. અઘસેનાની ધજા **હરી લે છે.** ઓલો કહે, અરિહંતમાં 'હંત'–'હણવું' ન આવે. અહીં તો હરી લે છે. આહાહા! ૨૧૦ થયો. ૨૧૧.

**जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं**
**महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम् ।**
**विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः**
**सदा निजमहिम्नि लीनमपि सद्दशां गोचरम् ॥२११॥**

**આ અનઘ (નિર્દોષ) આત્મતત્ત્વ...** અઘ એટલે દોષ, પુણ્ય ને પાપ બેય દોષ. અનઘ નામ નિર્દોષ. એવું આત્મતત્ત્વ... ભગવાન આત્મા નિર્દોષ તત્ત્વ જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? નિર્દોષતામાંથી નિર્દોષતા કાઢવી છે. સદોષતાથી નિર્દોષ વિસ્તાર નીકળશે નહીં. ભારે! **(નિર્દોષ) આત્મતત્ત્વ જયવંત છે.** આહાહા! **કે જેણે સંસારને અસ્ત કર્યો છે...** આહાહા! ભગવાન આત્મા નિર્દોષ આત્મતત્ત્વ નિત્યાનંદપણે બિરાજે છે. જેમાં સંસાર બિલકુલ નથી. 'અસ્ત કર્યો છે' એટલે સંસાર એમાં છે નહીં. સંસારના ભવ આથમી ગયા છે, કહે છે, અસ્ત થઈ ગયા છે. આહાહા!

**સંસારને અસ્ત કર્યો છે... संसारकं** છેને? **अस्तसंसारकं... જે મહામુનિગણના અધિનાથના હૃદયારવિંદમાં સ્થિત છે...** અહીં ગણધરને લીધા છે. અહીં ગણધરને લીધા છે, ઓલામાં–પછીની ગાથામાં તીર્થંકરને લેશે. ઓહો! **મહામુનિગણના અધિનાથ...** સંતો–ભાવલિંગી આત્મશાંતિવાળા સંતો, એના જે ગણ એના અધિનાથ–એના ટોળાના નાથ ગણધર. ગણ નામ સાધુ-સંતના સમૂહ એના ધરનારા—અધિનાથ. જેના **હૃદયારવિંદમાં સ્થિત**

**છે**... આહાહા! સમજાણું કાંઈ? જેને ચોક્કસ થઈ ગયું છે કે એની મુક્તિ ચોક્કસ છે, એમ. એવા ગણધરોના હૃદયારવિંદ–હૃદયકમળ–અંદર જ્ઞાનરૂપી કમળ, એમાં સ્થિત છે આત્મા.

**જેણે ભવનું કારણ તજી દીધું છે...** આહાહા! ભવસંસારથી તો આથમી ગયેલો છે. એ સંસારમાં આથમી ગયો છે. એ હવે સંસાર ઉગે એવો નથી. આહાહા! એક તત્ત્વના ગાણા તો જુઓ! એક તત્ત્વની વસ્તુસ્થિતિ. કહેવું છે ટૂંકુ—સ્વમાં આવવું ને પરથી ખસવું. પણ એનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં... આવો સ્વ છે માટે અંદર આવ. **હૃદયારવિંદમાં સ્થિત છે, જેણે ભવનું કારણ ત્યજી દીધું છે**... સમજાણું કાંઈ? આત્મામાં ભવના કારણો નથી અને જેની પર્યાયમાં પણ ભવના કારણો નથી. **જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે** એટલે કે **સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે,** એમ. એકાંતે ત્રિકાળ શુદ્ધ છે એમ જાણવામાં આવે છે (એટલે) એ પ્રગટ થયું છે.

**જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે (અર્થાત્ જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)**... જેમાં ભવનો અંત છે, ભવના કારણનો અભાવ છે. એવું જે એનું સ્વરૂપ ચૈતન્યચમત્કાર સદા સ્પષ્ટ જણાય છે. સ્પષ્ટ જાણવું એ જ એનો સ્વભાવ છે, એમ કહે છે સમજાણું કાંઈ? પરોક્ષ રહેવું એનો સ્વભાવ–વસ્તુનો સ્વભાવ નથી, એમ કહે છે. આહાહા! પ્રત્યક્ષ થાય છે પર્યાયમાં, પણ એનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો હતો તો થાય છેને? સમજાણું કાંઈ? ત્રિકાળ દ્રવ્યસ્વભાવ પ્રત્યક્ષ થવાને લાયક જ છે. પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. આહાહા! આ આત્મા મૂકીને વાત એ 'વર મૂકીને જાન'ની વાત છે. એવો આત્મા, જેને કલ્યાણ કરવું એ કરનારો છે કેવડો? કેવડો, કેમ, ક્યાં, કેમ, શી રીતે છે? ખબર વિના કરો. આહાહા! કહો, ભીખાભાઈ!

**અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ)**–ધ્રુવ **નિજ મહિમામાં લીન હોવા છતાં...** સામાન્યસ્વરૂપ જે ધ્રુવ નિત્ય જયવંત વર્તે એવું તત્ત્વ છે. નિજ મહિમામાં લીન હોવા છતાં એ તો સ્વરૂપમાં જ છે, એમ કહે છે. **સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે. सदृशां गोचरम्**... આહાહા! પોતે પોતામાં વસ્તુપણે રહ્યું છે એમ કહે છે. છતાં સમ્યગ્દર્શનમાં સમ્યગ્દ્રષ્ટિને ગમ્ય છે. લ્યો, 'ચાર ભાવને અગમ્ય' આવ્યું હતુંને? અહીં, સમ્યગ્દર્શનને ગમ્ય છે (એમ કહ્યું). (ત્યાં) ચાર ભાવનો આશ્રય લઈને થતું નથી એ અપેક્ષાએ વાત છે. ત્રિકાળી શુદ્ધસ્વભાવ સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે.

ગોચરમાંથી ગોચર આવ્યું મગજમાં. ગાય ગોચર કરે છે ને? સમ્યદૃષ્ટિ આનંદનો સ્વાદ, આખું કાઢ્યા વિના અંદર સ્વાદ લે છે પર્યાયનો. આ ગોચર નથી કહેતા? ગોચર ગાય. ગોચરી કરીને થોડું થોડું ખાય. ગાય ગોચરી કરે એનો અર્થ, મૂળમાંથી ઉખેડે નહીં. ગધેડા હોય એ મૂળમાંથી ખેંચીને કાઢે, એમ ગાય છે એ ઉપરથી ખાય. ગો-ચર. એમ આખો આનંદકંદને રાખી આનંદની પર્યાયને વેદે, એ ગોચર. સમજાણું કાંઈ? આહાહા! જુદા જુદા કળશો કરી... ગાથા

કરતાં કળશ ઝાઝા છે. આ તો આઠ કળશ છે. એક ગાથાના આઠ કળશ છે. આહાહા! ભગવાનને ભૂલ્યો અને બીજાને તેં સ્મર્યા. ૧૨૬ (ગાથા) થઈ, હવે ૧૨૭.

**जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे ।**

**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१२७॥**

**સંયમ, નિયમ ને તપ વિષે...** આ નિયમસાર છેને! નિયમ પણ આવ્યું ભેગું.

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**

**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

કેવળી ભગવાનના શાસનમાં આને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **આ ગાથામાં પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.** ભગવાન ચૈતન્ય સામાન્ય ધ્રુવ, જ્ઞાનીના ગુણપર્યાયમાં એ આત્મા સમીપપણે વર્તે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં સમીપપણે, સમ્યગ્જ્ઞાનમાં સમીપપણે, સમ્યક્-ચારિત્રમાં સમીપપણે, સમ્યક્ નિયમ ને તપમાં પણ આત્મા સમીપપણે હોય, એને સમાધિ ને તપ કહેવામાં આવે છે. આહાહા! જેણે દૃષ્ટિમાં આત્મા લીધો છે એને દરેક નિર્મળ પર્યાયમાં આત્માનું સમીપપણું વર્તે છે. સમજાણું કાંઈ? રાગમાં વર્તનારને આત્મા દૂર વર્તે છે. સમજાણું કાંઈ? નિર્મળ સંયમ, નિયમ, તપ આદિમાં વર્તનારને આત્મા સમીપપણે છે. તેથી તેને સંયમ, નિયમ ને તપ કહેવામાં આવે છે. જેમાં આત્મા દૂરદૃષ્ટિથી વર્તે છે એની પર્યાયને રાગ અને અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પુણ્યપરિણામમાં જેની દૃષ્ટિ વર્તે છે એને આત્મા દૂર વર્તે છે. પવિત્ર પરિણામ જે થયા તેને આત્મા સમીપ વર્તે છે. આહાહા! નિર્મળપર્યાયનું ધ્યેય એ છે એટલે એની પર્યાયમાં સમીપ છે–નજીકમાં છે. એની સાથે સહવાસ માંડ્યો છે. પુલ એની સાથે માંડ્યો છે કહે છે. પવિત્રતાની પર્યાયનો પુલ દ્રવ્ય સાથે છે, સમીપપણાએ છે. આહાહા! આવો શબ્દ આવે છે શ્વેતાંબરમાં. ..... પણ એ બધું લીધેલું કોઈકનું. બીજી વાતમાં ઠેકાણા ન હોય. આ તો એકધારી વાત. સમજાણું? વળી પાછું એમ ન્યાં કહે, વ્યવહારક્રિયા કરતાં કરતાં નિશ્ચય થાય. તો પછી આ **जस्स संणिहिदो अप्पा** ક્યાં આવ્યું ત્યાં? પહેલા રાગ સમીપ થઈ ગયો, શુભરાગ હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર થાય. પણ આત્મા હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર થાય. સમજાણું કાંઈ? વાત પૂર્વાપર વિરોધ થઈ ગઈ.

આ તો **जस्स संणिहिदो अप्पा...** જેની નિર્મળ ધર્મની પર્યાયોમાં આત્મા જ સમીપ છે, એનો દોર દ્રવ્ય ઉપર છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! આવી ધર્મની વાત કે દિ' હતી? ઓલા કહે, અપવાસ કરવા ને આમ કરવું ને વ્રત પાળવા, એના પછી અતિચાર ટાળવા, એના દોષ લાગે તો પ્રાયશ્ચિત્ત લેવા. લ્યો, એ તો સમજાય છે. પણ 'તું કોણ છે' એને સમજ્યા વિના શું કરીશ તું? આહાહા! સમજાણું કાંઈ? આત્માકો ક્યા કરના હૈ? આત્મા ઐસા હૈ ઐસા નિર્ણય

કરના, પર્યાયમેં કરના હૈ. ધ્રુવમેં ક્યા કરના હૈ? પણ ધ્રુવ હૈ ઐસા સ્વીકાર કિસમેં કરના હૈ? પર્યાયે એનું સમીપપણું કરીને પ્રગટ કરવું છે કે નહીં? પર્યાયને રાગનું સમીપપણું, નિમિત્તનું સમીપપણું પ્રગટ થાતું હશે?

શ્રોતા : એને પ્રગટ કરવાપણું ક્યાં છે? એ તો ત્રણે કાળે છે.....

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણે કીધું પ્રગટ થાય? પણ પર્યાયમાં ભાન થાય ત્યારે પ્રગટ થયો કહેવાય. પર્યાયમાં ભાન નથી ત્યારે દૂર છે એમ કહેવાય.

કીધુંને, 'જ્ઞાયકભાવ' ન કહ્યું અગિયારમી ગાથામાં? આ જ્ઞાયકભાવ આવિર્ભાવ થાય છે, જ્ઞાયકભાવ તિરોભાવ થાય છે. જ્ઞાયકભાવ તિરોભાવ થાય છે? પણ જેની પર્યાયમાં રાગની રુચિ ને પ્રેમ છે એને જ્ઞાયકભાવ તિરોભાવ–દૂર વર્તે છે અને જેને જ્ઞાયકભાવનો આશ્રય લઈને 'આ જ્ઞાયકભાવ' એવું ભાન થયું એને એની પર્યાયમાં જ્ઞાયકભાવ પ્રગટ થયો છે. જ્ઞાયકભાવ પ્રગટ થતો નથી, એ તો દ્રવ્ય છે. પણ ખ્યાલમાં આવ્યું તો ઓહો! આ... એ આ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવો માર્ગ આહાહા! મીઠો મહેરામણ ડોલ્યો છે, ડોલાવ્યો છે. એક આત્મા જેમાં સમીપપણે ઉપાદેય છે એમ કીધું. 'સમીપ'નો અર્થ, ઉપાદેય કહ્યું. ધર્મીને પ્રત્યેક ધર્મની પર્યાયમાં આત્મા જ નજીકપણે વર્તે છે, દોર ત્યાં બાંધ્યો છે. આહાહા! રાગ ને વ્યવહાર ને નિમિત્ત ઉપર દોર હોતો નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૦, બુધવાર, તા. ૨૯-૯-૧૯૭૧**
**ગાથા - ૧૨૭, પ્રવચન નં. ૧૩૯**

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. સમાધિ કહો કે સામાયિક કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો, (કે) જે દરેક પરિણમનમાં ધર્માત્માને આત્મા સમીપ વર્તે છે, એમ અહીંયા કહેવું છે. જુઓ! **ટીકા : અહીં, (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.** આત્મા એટલે કારણપરમાત્મા અંદર..... ગુરૂનો ઉપદેશ પણ એ છે, એમ કહે છે. એ આવશે અંદર. કારણપરમાત્મા ધ્રુવ ચૈતન્ય એની દૃષ્ટિ કર અને તારી પર્યાયમાં એને સમીપ રાખ અથવા તું એના સમીપ જા, એમ કહે છે. સમજાણું કાંઈ? તું એટલે શું? તું એટલે પર્યાય દ્રવ્યના સમીપમાં જાય. અહીં તો કહે છે કે આ પર્યાયમાં આત્મા સમીપ છે. સમજાણું કાંઈ? એ તો સામસામી અપેક્ષા છે. આત્મા અહીં સમીપ છે એ પર્યાય સમીપમાં કહી (અને) આત્મા અહીં સમીપમાં આવ્યો, બીજું શું? અને રાગમાં જે હતો એમાંથી પર્યાયમાં–નિર્મળમાં આવ્યો. '**चरित्तदंसणणाणठिदो**'.

કહે છે કે ધર્મી જીવને ધર્મના વીતરાગ પરિણામમાં આત્મા સમીપપણે છે, ભગવાન કારણપરમાત્મા જ એના દૃષ્ટિ ને જ્ઞાનમાં તરવરે છે એમ કહે છે. અને ગુરુનો, શાસ્ત્રનો ઉપદેશ પણ એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તારો આત્મા કારણપ્રભુ ધ્રુવ ચૈતન્ય એને તારા નિર્મળ પરિણામમાં સમીપ રાખ એટલે ત્યાં દૃષ્ટિ દે. આત્માને તારા વીતરાગ પરિણામમાં મુખ્ય રાખ. પરિણામને મુખ્ય ન રાખતા આત્માને મુખ્ય રાખ એમ કહે છે. સમજાણું કાંઈ? દરેક ધાર્મિક ક્રિયા જેને કહીએ સામાયિક, પ્રૌષધ, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત, આલોચના, સંવર, નિર્જરા વગેરે, એ પરિણામમાં આત્માનું મુખ્યપણું રાખ, ત્યારે તે ધર્મના સાચા પરિણામ કહેવામાં આવે છે. આહાહા! ભારે!

હવે દૃષ્ટાંત આપે છે. એનું સ્પષ્ટીકરણ કરે છે. સંયમ છેને સંયમ. પણ કળશમાં દૃષ્ટાંતમાં ભાવી તીર્થંકરને લીધા છે. કારણ કે જેને સમ્યગ્દર્શન ને ચારિત્રમાં આત્મા સમીપપણે છે, કદી દૂર રહેતો નથી, સદાય સમીપપણે હોય છે. સમજાણું કાંઈ? તીર્થંકરનો આત્મા સમીપ છે, સમકિતથી પડે જ નહીં. એ પહેલું આયુષ્ય બંધાઈ ગયુ હોય અને નરકમાં જાય ને અંતર્મુહૂર્ત પડે, સમજાણું કાંઈ? એ વાત ગૌણ છે. અહીં ચારિત્રભાવ આવે ને ચારિત્રથી પડે, અચારિત્ર થઈ જાય એમ એને ન હોય. સાતમે-છઠ્ઠે ઝૂલે અને પડે એ જુદી વાત છે. એ તો એક વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? તીર્થંકરના જીવને ચારિત્ર આવે અને એ ચારિત્રથી પડી જાય એમ ન હોય. સમજાણું કાંઈ? તેથી અહીં તીર્થંકરના જીવને એના બધા ધર્મમાં આત્મા

સદાય સમીપ જ છે, એમ ટીકાકાર સરવાળો કાઢે છે. સમજાણું કાંઈ? પહેલી સંયમની વ્યાખ્યા. સંયમમાં છે ને!

**બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ...** બાહ્ય વ્યવહારાદિથી પરાઙ્મુખ થઈ ગયો છે. **સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા...** પાંચેય ઇન્દ્રિયના વલણવાળો ભાવ એને જેણે ટાળ્યો છે **એવા જે ભાવી જિનને...** દેખો! ન્યાંથી જ ઉપાડ્યું છે. 'સમીપથી' કીધું છેને? તીર્થંકરના આત્માને એનું સમીપપણું ખસતું નથી, એ વાતે અહીં વાત લીધી. સમજાણું કાંઈ? **બાહ્યપ્રપંચથી પરાઙ્મુખ સમસ્ત ઇન્દ્રિય વ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમ...** પહેલો બાહ્યસંયમ લીધો. એ બાહ્યસંયમમાં પણ આત્મા સમીપમાં છે. છે ભલે વિકલ્પ... સમજાણું કાંઈ? પણ એની મુખ્યતામાં આત્મા મુખ્ય છે. સમજાણું કાંઈ? અભ્યંતર સંયમ પણ બાહ્ય સંયમવાળાને મુખ્ય નથી એમ કહે છે. શું કીધું? અભ્યંતર સંયમ જે છે એને બાહ્યસંયમ વિકલ્પ આદિ હોય, પણ એને મુખ્યપણે તો દ્રવ્ય વર્તે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રાવકને આ બધું એકદેશ હોય છે, પણ સર્વોત્કૃષ્ટ વાત મુનિની અને એમાં પણ તીર્થંકરની (લીધી). સમજાણું કાંઈ? એવા પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમ... બાહ્યસંયમમાં અશુભથી નિવર્ત્યો એટલી વાત. પણ અશુભથી નિવર્ત્યો એમાં મુખ્ય તો આત્મા સમીપમાં છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓને સંતોની કથની! બાહ્યસંયમ... ઓલા 'સંયમ' શબ્દ પડ્યો છેને મૂળમાં, એમાંથી બાહ્યસંયમ પહેલો કાઢ્યો. અને અભ્યંતર સંયમ તો સાથે જ છે. પણ એ બાહ્ય ને અભ્યંતર સંયમમાં આત્મા ત્રિકાળી કારણપ્રભુ મુખ્ય છે એટલે સમીપમાં છે, એમ. સમજાણું કાંઈ? જેને આત્મા ત્રિકાળી ધ્રુવ મુખ્યપણે હોય એને અભ્યંતર ચારિત્ર ને બાહ્યચારિત્ર કહેવામાં આવે છે. જેને આત્મા જ મુખ્યપણે દૃષ્ટિમાં નથી એને તો અભ્યંતર ચારિત્ર ને વ્યવહાર ચારિત્ર હોતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'સંયમ' શબ્દ પડ્યો છેને પહેલો? **संजमे णियमे तवे...** સંયમના બે ભાગ કર્યા. એમાંથી તપ પહેલા ચારિત્ર કાઢશે. ચાર બોલ કાઢશે. સંયમ, નિયમ, ચારિત્ર ને તપ. છે ત્રણ બોલ, પણ એમાંથી ચારિત્ર લેશે. સમજાણું કાંઈ? અને અભ્યંતર સંયમ **કાય-વચન-મનોગુપ્તિરૂપ...** એ અશુભથી પણ ગુપ્ત, શુભથી પણ ગુપ્ત થઈ ગયો. બાહ્યમાં અશુભથી નિવર્ત્યો હતો, આમાં–અભ્યંતર સંયમમાં હવે શુભથી નિવર્ત્યો. પણ એ બધી દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે (અને એ) મુખ્ય છે એની વાત છે. સમજાણું કાંઈ? કારણપરમાત્મા કહે છે. તારણસ્વામી જેવો **अप्पा.. अप्पा**નો અર્થ કારણપરમાત્મા. અને પાછો ગુરુનો ઉપદેશ પણ એ જ છે, એમ કહી સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ જૈનશાસનનો ઉપદેશ જ આ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગપણું પ્રગટ કર એટલે કે કારણપરમાત્માનો આશ્રય લે. સમજાણું કાંઈ?

અને **કાય-વચન-મનોગુપ્તિરૂપ**... ઓલામાં સમુચ્ચય કહ્યું હતું. પાપક્રિયાની નિવૃત્તિ બાહ્યથી... અહીંયા ત્રણેયને ગુપ્તરૂપ **સમસ્ત ઇન્દ્રિયવ્યાપારથી રહિત**... પહેલું લીધું હતું સમુચ્ચયનું (કે) બાહ્યપ્રપંચથી પરાઙ્મુખ સમસ્ત દેહ-વ્યાપારને જીતેલા એવા ભાવી જિન... પછી એના ભાગ પાડીને સમજાવે છે. પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમ અને મન-વચન-કાયાની ગુપ્તિરૂપ સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત અભ્યંતર સંયમ. અતીન્દ્રિય આનંદસ્વરૂપનો વેપાર એવો જે **અભ્યંતર સંયમ...** એમાં પણ મુખ્ય તો કારણપ્રભુ છે. એ કારણપરમાત્મા દ્રવ્યસ્વભાવની મુખ્યતા વિના અભ્યંતર સંયમ ને બાહ્ય સંયમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

એક વાત. અહીં નિયમ.. નિયમ.. બીજો બોલ છેને? **संयमे नियमे... માત્ર પરિમિત મર્યાદિત કાળના આચરણસ્વરૂપ નિયમમાં...** લ્યો, અભિગ્રહ ધારણ કરે છેને? એવો મર્યાદિત વિકલ્પ. પાંચ દિ' સુધી આહાર ન લેવો અને લેવો તો ફલાણાના હાથનો આવો—એવો જે નિયમ. **માત્ર મર્યાદિત કાળના આચરણસ્વરૂપ નિયમમાં** પણ આત્મા સમીપ છે એમ કહે છે. આહાહા! એમાંય મુખ્ય તો આત્મા દ્રવ્ય અંદર વસ્તુ એને સમીપમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં રાખ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, આવું સ્વરૂપ જિનેન્દ્ર સિવાય છે ક્યાંય? અત્યારે એવું કહે છે કે અમારો ધર્મ એક જ (સાચો) ધર્મ છે એમ જે અહંકાર કરે, એ વિશ્વની શાંતિને લૂંટનારા છે, વિશ્વને અશાંતિ કરનાર છે. આહાહા! અનંત કેવળીઓ એમ કહ્યું કે જગતમાં ૩૬૩ પાખંડ છે એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. એમ કહ્યું છે. આ એક જ ધર્મ સત્ય છે એમ કહ્યું છે.

...... આવે છેને પાંચમા શ્રમણસૂત્રમાં. આવે છે ભગવાનભાઈ? મોઢે કર્યું છે કે નહીં? અર્થ-બર્થ ન આવડે. ....... વીતરાગમાં સ્થિત જીવો સિઝંતી—સીઝશે. મુચંતિ... (શ્રોતા : દર્શનથી ભ્રષ્ટ બધા...) દંસણ ભટ્ઠા ભટ્ઠા, જ્ઞાન ભટ્ઠા ને ચારિત્ર ભટ્ઠા—ત્રણેય ભ્રષ્ટ છે એમ કહ્યું. આહાહા! એમાં વીતરાગ એવા સંતો–દિગંબર મુનિઓ એક જ કેવળીના કેડાયત છે. સમજાણું કાંઈ? માર્ગ આવો બાપુ! શું થાય? સર્વજ્ઞ પરમેશ્વર એણે આમ કહ્યું હતું. એણે એમ કહ્યું હતું કે કારણપરમાત્માને પકડ. બધા સારનો સાર એ હતો. એનો અર્થ કે વીતરાગતા પ્રગટ કર એટલે કે નિમિત્ત, વિકલ્પ ને પર્યાયની ઉપેક્ષા કરીને ત્રિકાળની અપેક્ષા કર. આહાહા! સમજાણું કાંઈ?

એમાં ઈશ્વર કર્તાવાળા ઉડી જાય છે, જૈનમાં રાગને ધર્મ માનનારા ઉડી જાય છે. મૂલચંદભાઈ! એકલી પર્યાયને માનનારા ઉડી જાય છે, આહાહા! એકલા દ્રવ્યને જ માને અને પર્યાયને ન માને એ મિથ્યાદૃષ્ટિ પણ ઉડી જાય છે. માર્ગ તો એવો છે ભાઈ! વસ્તુ તો એવી છે, વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? એ મર્યાદા ઓળંગીને બીજી રીતે માને એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. જૈન કોઈ સંપ્રદાય નથી. વીતરાગમૂર્તિ ભગવાન એને મુખ્ય કરીને, આશ્રય લઈને

મિથ્યાત્વની ઉત્પત્તિ ન થાય અને મિથ્યાત્વનો નાશ થાય, સ્વરૂપનો ઉગ્ર આશ્રય લઈને રાગ-દ્વેષનો નાશ થાય આ વસ્તુનું સ્વરૂપ છે, એ જૈનધર્મ છે. સમજાણું કાંઈ?

એ નિયમની વ્યાખ્યા થઈ. હવે તપની વ્યાખ્યા જોઈએ, એ પહેલા ચારિત્રની કરે છે. ચારિત્રની વ્યાખ્યા 'આચાર' શબ્દ કરીને ચારિત્રની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? આહાહા! એકેક ગાથાએ બસ છે. એવી રીતે છે. **નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ**... એ પહેલો નિશ્ચય આચાર લીધો. સંયમમાં બાહ્ય પહેલું લીધું હતું. છે, છતાં સમીપમાં ઓલું છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયા હવે સમજાવીને કહે છે. **નિજસ્વરૂપમાં**... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કુંડ. આ ઉના પાણીમાં નહાવા નથી જાતા માણસ? જ્યાં-ત્યાં હોયને... શું કહેવાય? ઝરા... રાજગૃહી નગરીમાં છેને ઉના પાણીના કુંડ. નહાવા જાય છે ઘણા રોગવાળા. ઘણા જોયા છે, ત્યાં બહાર ઉભા ઉભા જોતા હતા. નહાતા હતા. આ ખસ હોય, ચામડીના રોગવાળા. એમ આ સંસારના રોગવાળા આત્મામાં ન્હાય, એનો રોગ મટી જાય. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

અહીં કહે છે કે નિજસ્વરૂપ... જ્ઞાન ને આનંદ ને શાંતિની સ્વચ્છતાથી ભરેલો પ્રભુ એવું જે **નિજસ્વરૂપ** એમાં **અવિચળસ્થિતિ**—ચળે નહીં એવી રમણતા, ચળે નહીં એવું જેનું સ્વરૂપ. આહાહા! **ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચળ) રહેલા...** ચિન્મય.. ન્યાં તો નિજસ્વરૂપ કહ્યું પણ કેવું? એમ. કે **ચિન્મય-પરમબ્રહ્મ**... જ્ઞાનમય, પરમ આનંદમય. આહાહા! જ્ઞાન અને પરમ આનંદમય બેય લઈ લીધા. **નિશ્ચળ રહેલા એવા**... એમાં નિશ્ચળ રહેલા **એવા નિશ્ચય અંતર્ગત-આચાર...** નિશ્ચય અંતર્ગત આચાર કહો કે ચારિત્ર કહો. સમજાણું કાંઈ? **નિશ્ચય અંતર્ગત આચારમાં** પણ આત્મા આનંદમૂર્તિ તે ધ્રુવ સમીપમાં મુખ્યપણે વર્તે છે. આહાહા! કહો, ભીખાભાઈ! આવો એકેય શબ્દ હતો ક્યાંય આટલા વર્ષમાં સમજવામાં? આ તમારા ઉના પાણી પીવાના પરિણામમાં આત્મા મુખ્ય છે?

ભગવાનને ભૂલીને જે કાંઈ કરવામાં આવે એ બધું એકડા વિનાના મીંડા છે. આહા! કહે છે, એવું નિશ્ચય-અંતર્ગત આચાર અથવા નિશ્ચય-અભ્યંતર ચારિત્ર એમ ખુલાસો કર્યો. તપ પહેલા ચારિત્રની વ્યાખ્યા કરી. સમજાણું? પાઠમાં તો સંયમ, નિયમ ને તપ ત્રણ શબ્દ છે, એમાંથી ચાર કાઢ્યા—સંયમ, નિયમ, ચારિત્ર ને તપ. એમાં સંયમના બે ભેદ લીધા, નિયમનો એક લીધો, સમજાણું કાંઈ? અને ચારિત્રના બે. ચારિત્રના બે નિશ્ચય ને વ્યવહાર. એ નિશ્ચય આચારમાં એટલે સાચા–સત્ અભ્યંતર ચારિત્ર–સ્વરૂપની રમણતા... ચારિત્ર એટલું ચરવું, રમવું, આનંદને વેદવું. આનંદનું વેદન એવું ચારિત્ર એની ધારા દ્રવ્ય ઉપર છે. એની મુખ્યતા અથવા ચારિત્રની પર્યાયમાં મુખ્યતાએ આત્માની સમીપતા વર્તે છે. સમજાણું કાંઈ?

ઓહોહો! નિયમસાર! લ્યો, પાઠમાં એ છે કે નહીં? **जस्स संणिहिदो अप्पा...** સમયસારથી પણ કેટલું ઘણું સ્પષ્ટ. આહાહા! ભગવાન! તું ત્રિકાળી એવું જેણે દૃષ્ટિમાં લીધું નથી અને પોતાની પર્યાયમાં દ્રવ્યને સમીપ રાખતો નથી, એને કાંઈ નથી. ધર્મનું કોઈ લક્ષણ એને પ્રગટ થયું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જેને આવો આત્મા સમીપ નથી એના પરિણામ નિર્મળેય નથી અને એના વિકલ્પ પ્રમાણે વ્યવહાર કહેવો એ એને નથી. સમજાણું કાંઈ? આ શ્લોક આવે છે શ્વેતામ્બરમાં. અર્થ કરતા તે વખતે હોં. આ શ્લોક આવે છે અનુયોગદ્વારમાં **जस्स संणिहिदो अप्पा**... બીજા શબ્દો યાદ નથી, પણ આવો શબ્દ છે પહેલો અનુયોગદ્વારમાં. આખું અનુયોગદ્વાર ફેરવતા રાતે.

જેના પરિણામમાં આત્મા સમીપ છે એટલે કે આત્મા ઉપર જેની દૃષ્ટિ છે અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય એણે આત્માને બનાવ્યો છે... સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે! અપવાસ કરી નાખવા આઠ-દસ દિવસના આઠ-દસ લ્યો, દસલક્ષણી પર્વ કરો દસ દિવસ. મૂલચંદભાઈ! દસ કર કે લાખ કર. એ આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો નથી અને આત્મા જેના જ્ઞાનમાં જ્ઞેયપણે અનુભવમાં આવ્યો નથી એને બધું થોથા છે. બધુંય થોથા. થોથા નહીં, ફળદાયી છે, સંસારમાં દુઃખ મળશે. આહાહા! ગજબ વાત છે. બાહ્યસંયમ એકલો શુદ્ધ પરિણામ વિનાનો અને સમીપતા વિનાનો એ બધા દુઃખ આપશે એને. ચાર ગતિમાં જાશે એટલે દુઃખ છે. સમજાણું કાંઈ? આહાહા! આવો અલૌકિક માર્ગ.

હવે વ્યવહાર-આચાર—વ્યવહારચારિત્રની વ્યાખ્યા. નિશ્ચયચારિત્રની આ વ્યાખ્યા કીધી. એની સમીપમાં પણ ભગવાન આત્મા દ્રવ્ય જ વર્તે છે. ભગવાન દ્રવ્ય ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ કારણપરમાત્મા, કારણજીવ કહો.. સમજાય છે? અથવા એ આત્મા કહો. આત્મા તો એ જ છે આત્મા. ખરેખર તો આત્મા, કારણપરમાત્મા એ જ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા! એવા જીવને બાહ્યસંયમ ને અભ્યંતર સંયમમાં પણ ચૈતન્યમૂર્તિ ભગવાન વર્તતો હોય અંદર. એના સમીપમાં એ (આત્મા) હોય તો ઓલાને નિશ્ચય ને વ્યવહાર કહેવામાં આવે છે. એમ નિયમમાં, અંદર ભગવાન કારણપરમાત્મા શુદ્ધ ચૈતન્યપદાર્થ ત્રિકાળી જેના સમીપમાં નિયમમાં વર્તતો હોય તો તેને નિયમ કહેવામાં આવે છે. જેના ચારિત્રમાં પણ, મુખ્ય નિશ્ચયચારિત્રમાં એટલે નિશ્ચય આચારમાં... સમજાણું કાંઈ?

ન્યાં ખુલાસો ન કર્યો, ઓલામાં ખુલાસો કરશે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય પાંચ, એમ. નિશ્ચયચારિત્ર પાંચ નિશ્ચય-આચાર—સમ્યગ્દર્શન આચાર, સમ્યગ્જ્ઞાન આચાર, સમ્યક્-ચારિત્ર, સમ્યક્ તપ ને સમ્યક્ વીર્ય એવા નિશ્ચય પાંચ આચારમાં કે પાંચ આચારરૂપ અભ્યંતર ચારિત્રમાં ત્રિકાળી જ્ઞાયકભાવ જેની દૃષ્ટિમાં આવ્યો છે અને એનું પરિણમન થયું છે અને એ

પરિણમનમાં દ્રવ્યનું સમીપપણું સદાય નિરંતર વર્તે છે.., સમજાણું કાંઈ? એને અભ્યંતર ચારિત્ર કે અભ્યંતર આચાર કહેવામાં આવે છે.

ઓલા કૈલાસચંદજી કહેતા એકવાર કે નિશ્ચયની વાત આવે તો અમે છોડી દઈએ, વ્યવહારની વાત આવે તો અમે સ્પષ્ટ કરીએ. અહીં પહેલા આવ્યા હતાને વિદ્વત-પરિષદ વખતે. નિશ્ચય એમ કે એ તો ઠીક છે. વ્યવહાર 'કરના' આયા ન? ત્યારે અત્યારે હજી એનું એ જ છે. વ્યવહાર આ.. વ્યવહાર આ. મૂલ બિના વ્યવહાર કૈસા? મૂળ વિના નિશ્ચય નહીં ને મૂળ વિના વ્યવહારેય નહીં. આહાહા! ગજબ વાત છે. એવી સત્ સત્... સમજાણું કાંઈ? આવો માર્ગ એક ભગવાન જિનેન્દ્રદેવનો છે. એ પણ દિગંબર ધર્મમાં એ છે, બીજે ક્યાંય છે નહીં. આહાહા! આવું છે, પણ શું કરે? નામ બધું .... વસ્તુસ્વરૂપ જ આ છે. સમજાણું કાંઈ?

હવે વ્યવહાર આચારની વાત કરે છે. આવો નિશ્ચય આચાર હોય એને આવો વ્યવહાર હોય, પણ એ બેયમાં આત્મા સમીપ હોય. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! આવી વાતું અમૃતના સાગર ઉછાળ્યા છે. એલા! તું પણ પ્રભુ આખો જ્યાં દૃષ્ટિમાં લીધો નથી, જેણે દૃષ્ટિ ને જ્ઞાનમાં સમીપ રાખ્યો નથી, હવે તારા જ્ઞાન ને આચરણ-ફાચરણ ખોટા છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા! દેવીલાલજી! ક્યા હૈ? આવો માર્ગ એક જ સાચો હશે? બીજા ખોટા હશે? આહા! ભાઈ! મધ્યસ્થતાથી વિચાર કર. આ ક્યાં પક્ષની વાત છે? એ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. જે વસ્તુ આખી છે એને જેણે સમીપમાં પરિણામમાં લીધી નથી, ક્યાં જાવું છે તારે? એને મૂકીને શું કરવું છે તારે? સમજાણું કાંઈ? ચેતનજી! અનુયોગદ્વારમાં આ શબ્દ છે હોં. દંસણ ભટ્ઠા... પણ એનો અર્થ સાધારણ કરીને છોડી દીધું. ત્યાં બીજે સાધન બીજું હોય, એનો અર્થ એમ. આહાહા! આ તો એકધારા... આહાહા! સમ્યગ્દર્શનનો કણ ઉત્પન્ન થયો ક્ષયોપમશ, પણ કહે છે કે એના સમીપમાં દ્રવ્ય છે છે. સમજાણું કાંઈ? ક્ષયોપશમજ્ઞાન પ્રગટ થયું, પણ એના સમીપમાં આત્મા છે તો ક્ષયોપશમજ્ઞાન કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા! શું કહે છે?

શ્રોતા : વ્યવહારમાંથી પણ મુખ્ય તો જાણી લીધું છે એમ બચાવ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારે, આને સમીપમાં છે એને આવો વ્યવહાર કહેવાય, એમ. શુભ-અશુભ ટળીને નિશ્ચય થયો, અશુભ ટળીને વ્યવહાર શુભ, પણ દ્રવ્ય સમીપ હોય એને આ કહેવાય છે. વાત એવી છે. અશુભ ટળે એ હતું જ કે દિ'? એને નિશ્ચયે પર્યાય નથી, દૃષ્ટિમાંય નથી, ત્યાં વળી અશુદ્ધ ટળ્યો છે એવું છે ક્યાં? આહાહા! અશુભ ... શુભભાવે નિવૃત્તિ... આવે છેને? એ દાખલા ઘણી વાર આવે આ દ્રવ્યસંગ્રહમાં. અશુભવાળાને નિવૃત્તિ. પણ કોને? આતા હૈ ન વહ દ્રવ્યસંગ્રહમેં? ....ચારિત્ર. વહ વ્યવહાર કહા, પણ યે વ્યવહાર કિસકો હોતા હૈ? કે દ્રવ્યસ્વભાવ અખંડ આનંદકંદ નિષ્ક્રિય પરમબ્રહ્મ પરમાત્મા જિસકે

સમીપમેં હૈ ઉસકો વ્યવહાર હોતા હૈ. આહાહા! ભારે ગાથા પણ હોં. એને સામાયિક કહીએ. ભગવાનભાઈ!

આ મુહપત્તિ બાંધીને બેસી ગયા, ણમો અરિહંતાણં.. બે કલાક, એક કલાક થયો તો ઊભા થઈ ગયા. ત્રણ-ત્રણ ભેગી કરે. સાત-સાત કરે, આઠ-આઠ કરે. એક તો માણસ ત્રીસ કરે. માસખમણ કહેવાય. ત્રીસ સામાયિકનું માસખમણ. અમારે પોપટભાઈ હતા. દો ઘડીકી સામાયિક હોતી હૈ કિ નહીં? ઐસી તીસ-તીસ સામાયિક એક સાથ કરે. એ સામાયિકનું માસખમણ કહેવાય. માસખમણ સમજે? મહિનાના ઉપવાસ. જેમ મહિનાના ઉપવાસ, એમ મહિનાની સામાયિક. એક સાથે ત્રીસ. ચાર વાગ્યે ઉઠે સામાયિક લે, તે બીજે દિ' ચોવીસ કલાકમાં.. ચોવીસ કલાકમાં ત્રીસ થાય. આ તો વધારે કરતા. આ તો ચાર વાગે લેતા તે બીજે દિ' આખો ને ત્રીજે દિ' આઠ વાગ્યે. વ્યાખ્યાન પુરું થાય પછી આવે. અમારે પોપટભાઈ હતા હોંકારો દેનાર. ઓળખતા કોઈ? બોટાદના હતા, પોપટભાઈ હતા. એણે નહોતો દાખલો આપ્યો એક ફેરી? એના છોકરાની છોકરી હતી આઠ વર્ષની. 'સમજાવ્યા સમજે નહીં કરે, કાંઈનું કાંઈ..'

એ અપાસરાની જોડે ડેલામાં રહેતા. મોઢનો ડેલો.. મોઢના ડેલામાં રહેતા. અમૃતલાલના બનેવી અમરશી... એ છોકરી હતી આના દીકરાની દીકરી નાની. શીખવ્યું હતું બહુ આવા. 'સમજ્યા વિના સમજે નહીં કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું નાખ્યું ભડકા માંહી.' ફાનસ સળગાવો. એ છોકરી બોલતી હશે. એમાં સાત વર્ષે ક્ષય થઈને મરી ગઈ. સાત વર્ષે ક્ષય થઈ ગયો. છોકરી નાની રૂપાળી બહુ બોલકી હતી. આવા પચ્ચીસ-પચાસ ઉપર મોઢે કરાવ્યા હતા. એના બાપના બાપ હોંકારા આપતા મોઢા આગળ. જી, હા.. એમ માણસ નરમ બિચારો. વસ્તુ નહીં એ જુદી વાત છે. આમ અપવાસ ઘણા કરે. સાયલાના હતા સાયલાના. ૩૦ સામાયિક એ ઉપરાંત કરે એ તો. ચાર વાગ્યેથી તે બીજે ચાર વાગ્યે ૩૦ થઈ જાય. ત્રીજી રાતના ચાર વાગ્યે પૂરી થઈ જાય, પછી પણ વ્યાખ્યાન સુધી બેસે ને પછી જાય. એવી ૨૮ કલાકની સામાયિક બહુ થયેલી. ધૂળેય ધર્મ નહીં. જ્યાં આત્મા નથી ત્યાં સામાયિક કેવો? એમ કહે છે અહીં. આ અધિકાર શું છે આ? સામાયિકનો અધિકાર છે. સમજાણું કાંઈ? આહાહા!

જેના પરિણામમાં પરિણામી સમીપ નથી, એના પરિણામ કેવા ધર્મના? આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એવા અભ્યંતર ચારિત્રવાળાને પણ સમીપમાં તો આત્મા જ છે. હવે, **વ્યવહારથી પ્રપંચિત... પ્રપંચિત=દર્શાવવામાં આવેલા, વિસ્તાર પામેલા**. પ્રપંચિત=વિસ્તાર. વ્યવહારનો વિસ્તાર છેને ઘણો? જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર— એ પંચાચારમાં.. શુભ વિકલ્પરૂપ વ્યવહાર પંચાચાર, વ્યવહાર ચારિત્રમાં પણ સમીપમાં આત્મા

હોય તો એને વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? આહાહા! સંતોએ તો અમૃત રેડ્યા છે એકલા. ભાઈ નથી કહેતા?

સોગાનીમાં આવે છેને. 'આચાર્યના શાસ્ત્રોમાં શબ્દે-શબ્દે અમૃત ભરેલ છે.' અમૃતના બુંદ ઝરે છે. જેમ ગન્ના–શેરડીનો રસ. એકકોર એમ કહે, આચાર્યના શબ્દો સાંભળવા એ નુકશાનકારક છે (કેમકે) વિકલ્પ છે. એય! બીજે રીતે કહેતા પોતાના સ્વલક્ષે અંદરમાં મંથન કરે છે. એનો ભાવ અંદરનો શું છે એ અંદરમાં એકાગ્ર થતા જાય છે, તો કહે છે કે અમૃતના બુંદ ઝરે છે. આહાહા! સમજાણું કાંઈ? દિગંબર આચાર્યોએ–સંતોએ તો આખો અનાદિનો કેવળીનો ધર્મ થંભાવી રાખ્યો છે. માર્ગ આ છે. એ સિવાય માર્ગ કોઈ માને તે માર્ગ છે નહીં. આવો માર્ગ છે, પણ શું થાય? સમભાવની વ્યાખ્યા જ આ છે. ખોટાને ખોટા જાણે, સાચાને સાચા જાણે.

આવ્યું હતુંને કાલ. શ્રીમદ્ રાજચંદ્ર. સમભાવની વ્યાખ્યા નહોતી કરી પરમ દિ'? 'આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ' આવે છેને. પછી શું આવ્યું? 'અપૂર્વ જ્ઞાન પરમ શ્રુત, સદ્‌ગુરુ લક્ષણ જોગ.' ત્યાં સમદર્શીની વ્યાખ્યા કરી છે. સમદર્શી એમ નહીં કે સાચા અને ખોટા બધાને સરખું માને. એ તો મૂઢ છે. યે તો અજ્ઞાની હૈ. તેરા ભી સચ્ચા ને મેરા ભી સચ્ચા. અહીં તો સત્યને સત્ય કહે, કુદેવને કુદેવ કહે, કુદેવને કુદેવ (કહીને) છોડાવે કે છોડ શ્રદ્ધા એ. સુદેવને સુદેવ કહે, સુદેવને સુદેવ (કહી) પ્રરૂપણા કરે, એમ ધર્મની પ્રરૂપણા કરે, કુધર્મને કુધર્મ બતાવે. બતાયા થા ન? સુજાનમલજી! આયા થા ન પરસો?

આવી કંઈ વીતરાગતા? સત્યને સત્ય કહે. અસત્ ને સત્ બેય સરખું માને એમ સમભાવ હશે? એ તો વિકળતા છે, મૂઢતા છે લખ્યું છેને? ઘણા શબ્દો વાપર્યા છે. એ જાતની દ્રષ્ટિ તે દ્વેષ નથી. પણ એનું સ્વરૂપ જે છે એ રીતે જ્ઞાનમાં જ્ઞાન સાચું જાણે કે જ્ઞાન ખોટું જાણે? આહાહા! સમજાણું કાંઈ? 'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન.' આહાહા! 'સીમંધર ભગવાનના સમવસરણમાં..' અમારા હરિભાઈ ગાય છેને. સીમંધર ભગવાનના સમવસરણમાં આવો માર્ગ ભાખ્યો હતો. સમજાણું કાંઈ? આહાહા!

વ્યવહાર ચારિત્રમાં વ્યવહાર જ્ઞાન, વ્યવહાર દર્શન, વ્યવહાર ચારિત્ર, વ્યવહાર તપ ને વ્યવહાર વીર્યાચાર એટલે વ્યવહાર પંચાચાર થયા એટલે વ્યવહાર ચારિત્ર, એમ. એમાં પણ આત્મા મુખ્ય વર્તે છે. આહાહા! વર વિનાની જાન કોને પરણાવશે? ઓલો અણવર હોય એને કન્યા ન દે. ખાવાનું દે પંચોળામાં બેસવા. ઓલો હોયને થાળ ભેગો. તમારા હોય કે નહીં વરને અણવર? અણવર. આનું કાંઈક કહેતા હશે. હિંદીમાં શું કહે? વરની સાથે હોયને? વિનાયક. વિનાયક કહે. આપણે વિનાયક .... થાય છેને? યંત્ર. વિનાયક યંત્ર. ભગવાનનો આ એક છે ને

ઓલો વિનાયક છે. એ કહે છે બાબુભાઈ, વર- અણવર જાય સાથે, ...એને કન્યા આપે? એમ નિશ્ચય-વ્યવહાર સાથે હોય તો વ્યવહારથી મોક્ષ મળે?

એ દાખલો સંસારનો.... આપણે એવું કરેલું નહીં એટલે ખબર નહીં. પણ મોઢા આગળ દાખલો આપે. કહે છેને? વર ને અણવર બેય જાય જાનમાં, તે અણવરને કાંઈ કન્યા આપતા હશે? એમ નિશ્ચય ને વ્યવહાર બેય સાથે હોય, તે નિશ્ચયથી મોક્ષ થાય, પણ વ્યવહારથી મોક્ષ થાય? વ્યવહાર છે.... .....મળે એમ. વર-વિનાયક. વિનાયકને ઓલું મળે લાડવા ને પેંડા, ભેગા બેસેને. જાનને (થોડું) આપે. ઓલાને બે-પાંચ-દસ સાટા મોળા ને ગળ્યા એવું બધું હોય, બરફી હોય, આ જાંબુડા શું કહેવાય તમારા? ગુલાબજાંબુ એવું આપે. એ કાંઈ જાનને બધાને ન આપે એવું. એમ શુભભાવમાં વ્યવહારમાં સ્વર્ગાદિ મળે, વાણી ભગવાનની મળે એવું આવે લ્યોને. નિશ્ચય જે નિર્મળ પરિણતિ એનું ફળ મુક્તિ છે. અને એ નિશ્ચય ને વ્યવહારમાં સમીપમાં ભગવાન હોય તો નિશ્ચય ને વ્યવહાર કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? એ પંચાચાર. હવે તપ આવ્યું. પાઠમાં છે ને!

**પંચમગતિના હેતુભૂત...** દેખો! ત્યાં એકલો પરમતત્ત્વ નિશ્ચય લેશે. ત્યાં વ્યવહાર નહીં. પંચમગતિ મુક્તિ એનો હેતુ–કારણ **કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** આહાહા! આમ નગ્ન મુનિ દિગંબર બાહ્યથી, અંદરમાં વિકલ્પના પક્ષ રહિત છે. કોઈપણ પકડ વિનાના–સર્વથા રહિત... જોયું! **પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત...** આહાહા! પુણ્ય ને પાપ બેય દુરાચાર છે. આરે, આરે! ભારે આકરું. પુણ્યની એવી મીઠાશ છે ને. અત્યારે તો આ જ હોય, શુદ્ધ તો હોય જ નહીં એમ કહે છે. એમ જ કહે છે આ લોકો. છઠ્ઠે ગુણસ્થાને તો શુભ-ઉપયોગ છે. ધર્મધ્યાન કહ્યું... ભાઈ! અહીં ધર્મધ્યાન તો છઠ્ઠે કીધું, પણ વીતરાગી ધર્મધ્યાન કીધું. આવશે છેલ્લી ગાથામાં. ધર્મ(ધ્યાન) ને શુક્લધ્યાન. આહાહા! એ બેય નિર્વિકલ્પ છે અહીં તો.

પરમ પંચમગતિના કારણરૂપ **કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત** એટલે અભ્યંતર રાગ ને બાહ્યમાં તપનું કાંઈ નહીં. **સકલ દુરાચારની નિવૃત્તિના કારણભૂત**... શુભાશુભ પરિણામ સકળ દુરાચાર છે. એના નિવૃત્તિના કારણભૂત **એવા પરમ તપશ્ચરણ**, લ્યો. પરમ તપશ્ચરણ. સંયમ, નિયમ, ચારિત્ર અને તપ ચાર બોલ આવ્યા. સમજાણું કાંઈ? સંયમના બે ભેદ પાડ્યા, નિયમનો એક રાખ્યો, ચારિત્રના બે રાખ્યા ને તપનો એક રાખ્યો આ રીતે. આચાર બે આવ્યા, સંયમના બે, એ ચારિત્ર કીધું. તપ ને નિયમ એક.

**આ બધામાં**... આ બધી જે પરિણતિ વીતરાગી અને રાગની કહી, એ પરિણતિમાં **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો**... પરમગુરુએ કહ્યું કે કારણપરમાત્મા તે આશ્રય કરવાલાયક છે. એટલે કીધુંને. એમણે કીધું આ એટલે એનો પ્રસાદ થયો કહેવાય. પ્રાપ્ત થયો

એના નિમિત્તથી. એમણે કીધું કે આ કરવા જેવું છે. ભાઈ! આ કરવા જેવું છે. પ્રસાદ એટલે મહેરબાની. પરમગુરુની મહેરબાનીથી પ્રાપ્ત કરાયેલો... એનો અર્થ કે હું પાત્ર હતો એટલે મને આવો ઉપદેશ મળ્યો. પાંચમી ગાથામાં છે સમયસારમાં. પાંચમીમાં હતું સમયસારમાં. કુંદકુંદાચાર્ય (કહે), 'અમારા ગુરુએ અમારા ઉપર અનુગ્રહ કરીને–મહેરબાની કરીને...' પણ અમે પાત્ર હતા એમ કંઈ કહે? અમારા ગુરુએ અમને આ ઉપદેશ આપ્યો. સમજાણું?

પાંચમી. વચમાં છેને? લ્યો, અમારા આત્મામાં... **તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ–સર્વજ્ઞદેવ અને અપરગુરુ–ગણધરાદિથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપ અપાયેલ..** અમને પ્રસાદી આપી મહેરબાની કરીને. **શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ**–કૃપાપૂર્વક ઉપદેશ. ભાઈ! માર્ગ આ છે. ત્રણ લોકનો નાથ પરમાત્મા જેની વાણી વિકલ્પમાં ન જણાય, જે પર્યાયને પહોંચ નથી. પર્યાય જાણે ખરી, પણ પહોંચ–એમાં ગરી જાય અંદર એવી નથી. એવો ભગવાન... સમજાણું? 'શુદ્ધાત્મતત્ત્વ' શબ્દ એમ છે. શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ. શુદ્ધાત્મતત્વ કહો કે કારણપરમાત્મા કહો. ઠીક! **શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ**... જેનાથી અમારો જન્મ છે, અમારી પર્યાય એનાથી પ્રગટી છે. સમજાણું કાંઈ?

ઓહોહો! સમયસાર, અત્યારે ભરતક્ષેત્રમાં કેવળીના વિરહ ભુલાવે એવી વાણી છે. લોકો સમયસાર (સાંભળે) ત્યાં એ નિશ્ચય.. નિશ્ચય. ભડકે છે. ભગવાન! નિશ્ચય તે સાચું... ઉપચાર હોય છે એ વાત તો કરી. ઉપચારમાં ઓલો સમીપ હોય તો ઓલો ઉપચારને નિશ્ચય કહેવામાં આવે છે. પણ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ નથી અને દ્રવ્યનું સમીપપણું પર્યાયે કર્યું નથી, એ બધી પર્યાયો ને વિકલ્પ બધા જૂઠા છે. સમજાણું કાંઈ? પરમગુરુના પ્રસાદથી... એમાં બે લીધા છે—પ્રસાદ અને અનુગ્રહ. પાંચમી ગાથામાં. કૃપા...

**પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજ કારણપરમાત્મા...** આહાહા! લ્યો. નિરંજન–જેને અંજન નથી. ત્રિકાળી ભગવાન નિરાવરણ વસ્તુ પોતાનું પરમાત્મશક્તિસ્વરૂપ તત્ત્વ. ત્રિકાળ નિરાવરણ નિજ કારણપરમાત્મા... પોતાનો કારણપરમાત્મા બધા કાર્યમાં એ મુખ્ય છે. આહાહા! **સદા સમીપ છે (અર્થાત્ જે મુનિને...** મુખ્યપણે મુનિને ઉપદેશીને (વાત) છેને. એના પેટામાં લે છે. **સંયમમાં, નિયમમાં, ચારિત્રમાં અને તપમાં...** લ્યો ચાર લીધા. અર્થમાં છેને ચારેય. **નિજ કારણપરમાત્મા સદા નિકટ છે)...** આહાહા! **તે પરદ્રવ્યપરાઙ્મુખ...** દેખો! સ્વદ્રવ્ય સન્મુખ, પરદ્રવ્ય પરાઙ્મુખ. ભગવાન કારણપરમાત્મા એમાં સન્મુખ (અને) પરદ્રવ્ય પરાઙ્મુખ.

**પરમવીતરાગ-સમ્યગ્દ્રષ્ટિ...** મુનિની અપેક્ષાએ વાત છઠ્ઠે-સાતમે... એને પરમ વીતરાગી કહેવામાં આવે છે. **પરમવીતરાગ સમ્યગ્દ્રષ્ટિ વીતરાગ-ચારિત્રવંતને...** લ્યો, રાગરહિત સ્થિરતા એવી ચારિત્રદશા... **સામાયિકવ્રત સ્થાયી છે.** લ્યો, આ સરવાળો કર્યો. એને સામાયિક સાચી છે. જેના નિર્મળ પરિણામમાં કે મલિન વિકલ્પમાં... નિર્મળ એ સામાયિક સાચી, વિકલ્પ એ

ઉપચારિત, પણ એ બેયમાં જેને દ્રવ્યપણું સમીપમાં છે, એ સામાયિકની સ્થિરતાની દશાને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? અહીં સામાયિક કહી એ વિકલ્પવાળી? કે નહીં. જણાવ્યું– જ્ઞાન કરાવ્યું એને. જ્ઞાનમાં...... વસ્તુ આ. વસ્તુ કારણપરમાત્માને અવલંબીને જે વીતરાગ પર્યાય સામાયિક, સમતા (થાય), જેની સમતામાં સમતાવાન ત્રિકાળી ભગવાન સમીપ છે, એ પરિણામને સાચી સામાયિક કહેવામાં આવે છે. ભારે સામાયિકની વ્યાખ્યા ઓહોહો!

**એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.** છે? 'કેવળીપણ્ણત્તો ધમ્મો શરણં.' સર્વજ્ઞ પરમાત્મા કેવળી તીર્થંકરના ઉપદેશમાં આ આવ્યું છે એમ કહે છે. આહાહા! પહેલું એણે ભાવી જિન કહીને એને સામાયિક કીધી, એમ કીધું છે. સમજાણું કાંઈ? ... સ્થાપી છેને? ભાવી જિનને આવું હોય છે. એને આત્મા સમીપ વર્તે છે. આહાહા! કોઈ દિ' એક સમય પણ જેને સમીપપણું ખસતું નથી એવા જિનનો આધારમાં દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આપ્યું હતું. '**મહામુનિગણના અધિનાથના હૃદયારવિંદમાં સ્થિત છે** આત્મા.' પહેલા કળશમાં. એવું ૧૨૬ના (ગાથાના) કળશમાં છે. ૧૨૬ ગાથાનો છેલ્લો કળશ ૨૧૧. મહામુનિગણના, એમ કહ્યુંને, અધિનાથ–ગણધર. ગણધર નાખ્યું. .......

અરે! આવી વાત પરમ સત્ય સાંભળવા મળે નહીં એ સમજે કે દિ'? આહાહા! ક્યાંય અટકીને પડ્યા બિચારા. સાધુ થાય, નગ્ન મુનિ થાય, પંચમહાવ્રત પાળે એની શક્તિ પ્રમાણે— એ બધું થોથા છે. સમજાણું કાંઈ? માણસને લાગે કે આ કાંઈ જુદી જાત છે. અરર! અમારું આ મુનિપણું અમે ઉત્સાહથી લીધું અને ત્યાગ કર્યા, આવા પરિષહ સહન કર્યા (અને) કહે, એ સાધુ નહીં? ભારે ભાઈ! ....... આત્મા જેવી ચીજ છે એવી જાણી છે, માની છે અને પૂર્ણ કરવાને સાધે છે પર્યાયમાં. હવે એ આત્મા જ નથી દૃષ્ટિમાં આવ્યો એ સાધે ક્યાંથી ને પૂર્ણ ક્યાંથી કરે? આહાહા! સમજાણું કાંઈ? આમ આવી સામાયિકને સ્થાયી એટલે સાચી કીધી છે. એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે. હવે એની ટીકા કરતા....

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧૦, ગુરુવાર, તા. ૩૦-૯-૧૯૭૧
## શ્લોક - ૨૧૨-૨૧૩, ગાથા - ૧૨૮, પ્રવચન નં. ૧૪૦

પરમ-સમાધિ અધિકાર, એનો શ્લોક છે ૨૧૨.

**आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे**
**तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत् ।**
**तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे**
**साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे ॥२१२॥**

અહીં ભાવી તીર્થંકરને યાદ કર્યા છે, કેમકે એ સમતાવંત હોય છે. એમનું સમકિત ને ચારિત્ર એ પડતું નથી. એ અપેક્ષાએ એમને તીર્થંકર ભવમાં... લ્યો. પહેલે વળી તીર્થંકરગોત્ર બાંધ્યું હોય અને થોડું-અંતર્મુહૂર્ત જાય, છતાં એનો ભાવ અપ્રતિહત છે. એને અહીંયા યાદ કર્યા છે. કેમ? **जस्स संणिहिदो अप्पा..** એમ શબ્દ છેને? જેનો આત્મા, જેની દરેક ધર્મપર્યાયમાં સમીપ વર્તે છે, એક સમય પણ જ્યાં દૂર નથી. સમજાણું કાંઈ? **जस्स संणिहिदो अप्पा**– સમીપમાં આત્મા છે, એટલે કે એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા વિગેરે પર્યાયમાં દ્રવ્ય મુખ્ય વર્તે છે. સમજાણું કાંઈ? એના વીતરાગી ધર્મપરિણામ, પરિણામીને છોડીને પરિણામ રહેતા નથી. પરિણામી જ જેનું ધ્યેય છે, એથી એના ધર્મપરિણામમાં આત્મા નિકટ-સમીપ વર્તે છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? જુઓ! અર્થ.

**શ્લોકાર્થ : જો શુદ્ધદૃષ્ટિવંત...** કેમકે સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય ધ્રુવ ત્રિકાળ પરમ સ્વભાવ ઉપર હોય છે, એટલે કે એની દૃષ્ટિમાં આત્મા સમીપમાં વર્તે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદ એવો આત્મા જેની શ્રદ્ધા-જ્ઞાનમાં સમીપ વર્તે છે, એટલે કે શ્રદ્ધા-જ્ઞાન તેના તરફ ઝુકી જાય છે. સમજાણું કાંઈ? 'શુદ્ધદૃષ્ટિ' એમ શબ્દ પડ્યો છે ને? નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ, એમ. અશુદ્ધ વ્યવહાર સમ્યગ્દર્શન એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? 'શુદ્ધદૃષ્ટિવંત' એ શબ્દ છે. એટલે કે આત્મા ત્રિકાળ પરમસ્વભાવભાવ એ જેને નજરમાં નજીક વર્તે છે. સમજાણું કાંઈ? ધર્મની પર્યાયમાં આત્મા મુખ્યપણે વર્તે છે. પર્યાય ને રાગ ને નિમિત્ત તો બધા ગૌણ થઈ ગયા. આરે! આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ?

**શુદ્ધદૃષ્ટિવંત જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં...** પરમ તપસ્યા આવી હતીને? ટીકામાં ચાર બોલ છે તો ચાર બોલ લીધા છે. પરમ તપ એટલે અંતરમાં સ્વરૂપમાં પ્રકૃતિ-સ્વભાવ એવો આનંદ એમાં જેની ઉગ્રતા, ચારિત્ર કરતાં પણ ઉગ્રતા જેમાં વધારે છે, એને અહીંયા તપ કહે છે. એ તપમાં પણ સમીપમાં તો આત્મા છે. સમજાણું કાંઈ? એ તપના પરિણામમાં સમીપ દ્રવ્ય છે-વસ્તુ છે. એ વસ્તુના ધ્યેય-એના સમીપથી ખસી જાય તો ધર્મ રહેતો નથી. સમજાય છે કાંઈ?

એના **નિયમમાં...** મર્યાદિત કાળનો કોઈ નિયમ લીધો હોય, એ નિયમમાં તો આત્મા સમીપમાં છે. સમજાણું કાંઈ? તપ ને નિયમમાં તપ ને નિયમ સમીપમાં છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? આવો ધર્મ-જૈનધર્મ હશે? નિયમ એટલે વીતરાગતા, વીતરાગતાના સમીપમાં તો દ્રવ્ય હોય. વીતરાગી પરિણતિમાં, અભેદપણે પરિણતિ થઈ એથી એના ધ્યેયમાં તો દ્રવ્ય છે. આત્મા પરમસ્વભાવ તે સમીપ છે. આહાહા! સમજાણું કાંઈ? **સંયમમાં**... ઇન્દ્રિય-સંયમ વ્યવહાર હો કે નિશ્ચય હો, એ બેયમાં સમીપ આત્મા છે. વ્યવહારનો વિકલ્પ આદિ હોય સંયમનો કે નિશ્ચયનો નિર્વિકલ્પ પરિણતિ હો, પણ બેયમાં સમીપ આત્મા છે. આત્મા સમીપમાં ન હોય તો એ નિશ્ચય પરિણામ નહીં ને વ્યવહારેય નહીં. સમજાણું કાંઈ? બહુ ઝીણું.

**સત્‌ચારિત્રમાં**... જોયું! સાચું ચારિત્ર, એમ કે નિશ્ચય. નિશ્ચયસ્વરૂપ ભગવાન આત્મા પરમ પ્રકૃતિ સ્વભાવભૂત, પ્રકૃતિ સ્વભાવભૂત, ત્રિકાળ સ્વભાવ-સ્વરૂપ એવો ભગવાન જેના સત્‌ચારિત્રમાં સમીપ છે (અર્થાત્) પર્યાયનો દોર ત્યાં છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ચારિત્રની જ્યાં... સાચું-'સત્' એમ શબ્દ વાપર્યો છેને? વ્યવહાર ચારિત્ર વિકલ્પ... છતાં એ વિકલ્પ ને નિર્વિકલ્પ ચારિત્ર એના સમીપમાં તો દ્રવ્ય છે, ઊર્ધ્વ દ્રવ્ય છે, મુખ્ય દ્રવ્ય છે, પહેલું એ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **સદા આત્મા ઊર્ધ્વ રહે છે...** લ્યો, ભાષા વાપરી. સદા આત્મા ઊર્ધ્વ રહે છે. વીતરાગી પર્યાયના આ બધા ભેદો છે. અથવા એ સામાયિક કહો, સત્‌ચારિત્ર કહો, સંયમ, નિયમ, તપ કહો.

વીતરાગી પરિણામ છે અથવા નિયમસાર છેને આ? (એટલે) નિશ્ચય મોક્ષમાર્ગ છે. નિશ્ચય સમકિત, નિશ્ચય જ્ઞાન ને નિશ્ચય ચારિત્ર—એ ત્રણમાં તો સમીપપણું, એનો દોર ધ્રુવ ઉપર છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! ક્યા હૈ? આનંદના પરિણામમાં આનંદમય આત્મા સમીપ છે એમ કહે છે. પ્રકૃતિમાં આવે છેને? 'પ્રકૃતિ' આવે છેને. પ્રકૃતિભૂત-સ્વભાવભૂત. પછીના ખુલાસામાં. એ સ્વભાવભૂત સમતા-પરિણામ. આમ લઈએ તો પ્રકૃતિભૂત સ્વભાવ-ભાવ ત્રિકાળ. એ પ્રવચનસારમાં આવે છેને, ૧૨૪ ગાથા. સમજાણું કાંઈ? પ્રકૃતિ એટલે સ્વભાવ ત્રિકાળી. ઓલી કર્મપ્રકૃતિ નહીં. એ કર્મ.... એ આવે છેને? પ્રકૃતિ..... આમાં આવી ગયુંને. 'આકાર' લીધો છે ટીકામાં. આમાં નિયમસારમાં આવી જાય છે. ઈષ્વાકાર... આકાર લીધો છે, આકાર. મૂળ એનું સ્વરૂપ છે, એનો સ્વભાવ, એમ (અર્થાત્) પ્રકૃતિ છે. પહેલાં આવી ગયું છે. આ બાજુ પાને છે.

કહે છે કે ભગવાન આત્મા સમ્યગ્દર્શનની પર્યાયમાં મુખ્ય ધ્રુવ ઊર્ધ્વ છે. ઊર્ધ્વ... ઊર્ધ્વ. પંચાસ્તિકાયમાં આવે છેને ઊર્ધ્વ. નિમિત્ત.. નિમિત્ત. નિમિત્તનું આની કોર નાખ્યું છે. આમાં આત્મા ઊર્ધ્વ છે. આહાહા! જેને ધર્મની પર્યાય.... અરે! સામાયિક.... અહીં સામાયિકની

વ્યાખ્યા ચાલે છે. સામાયિકની ગાથા છે. **सामाइगं ठाइ...** તેને સામાયિક સત્ય કહીએ. **ठाइ** એટલે સત્ય-સ્થાયી. **केवलिसासणे**—કેવળી ભગવાનના ઉપદેશમાં, એના જ્ઞાનમાં અને એની શિખામણમાં એમ કહ્યું કે જે સામાયિકમાં ત્રિકાળી આત્મા સમીપ અને ઉર્ધ્વ રહે, એને સામાયિક કહીએ. જાદવજીભાઈ! આવું તો ન્યાં સાંભળ્યું નહોતું. શેઠાઈ કરી હતી, નહીં? સામાયિક એને કહીએ. આ તો બેસે પાથરણું પાથરીને 'ણમો અરિહંતાણં.. ણમો સિદ્ધાણં.' એ તો બધાએ કર્યું છેને.

અહીં પાલેજમાં એમ કરતા હતા પહેલાં. સાંજે પડિકમણા કરીએ, પર્યુષણના આઠ દિ' હોયને. ચાર અપવાસ કરીએ. પહેલેથી હોં એ અપવાસ... આઠ દિ'ના ચાર અપવાસ. એક અપવાસ ને એક દિ' ખાવું. બે દિ'એ ખાવું આવે ત્યારે થયાને ચાર અને પછી સાંજે પડિકમણા. પડિકમણા થઈ રહે એટલે.... માંડે ક્યાંક... થઈ ગઈ સામાયિક, જાઓ. 'જુઓ રે જુઓ રે જૈનો કેવા...' એમ બોલતા. 'જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રતધારી.' જંબુસ્વામી. લ્યો આવ્યો દાખલો. અમે વ્રત કરીએ એવા એ વ્રતધારી હતા. આહાહા! વ્રતધારી પણ, કોને વ્રતધારી કહેવા? જે નિશ્ચય વ્રતસ્વરૂપમાં વીંટાઈ ગયો, સ્થિર થયો છે અને જેને વ્યવહારવ્રતનો વિકલ્પ વર્તતો હો, છતાં એ બેમાં સમીપ તો આત્મા જ છે. જો આત્મા દૃષ્ટિમાં ઉર્ધ્વ ન હોય તો એને નથી નિશ્ચય પરિણમન, નથી વ્યવહાર પરિણમન. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે ધર્માત્મા ને સમકિતી એમ સમજે છે... ચોથાવાળો, પાંચમાવાળો ને છઠ્ઠાવાળો—ત્રણેય એમ સમજે છે. છઠ્ઠાવાળાને વર્તતું હોય છે, પણ સમજે છે ત્રણેય કે તપમાં ઇચ્છાનિરોધ અમૃતનો સાગર જ્યાં ઉછળતો હોય, એવી દશામાં નિયમમાં, કાળથી મર્યાદિત નિયમ કર્યો હોય કોઈ ચીજનો અને સંયમમાં અને સત્‌ચારિત્રમાં સદા આત્મા.. સદા આત્મા ઊર્ધ્વ રહે છે. આહાહા! એ નિર્મળ પર્યાયમાં સદા એનું ધ્યેય ત્યાં પડ્યું છે. એ દ્રવ્યમાં પર્યાય અભેદ થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અભેદપર્યાય દ્રવ્યમાં રહે, પણ એનો અર્થ કે આમ ભેદ હતી એ આમ અભેદ થઈ. એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? ભાષા તો શું, ઉપદેશની શૈલી તો એવી હોય. સમજાણું કાંઈ?

કહે છે કે એનામાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે, એની પર્યાયમાં આત્મા મુખ્ય રહે છે એમ કહે છે. લ્યો, ઠીક. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સંયમ, તપ—એ બધામાં અખંડ આત્મા ધ્રુવ ચૈતન્ય પૂર્ણ પરમાત્મા પ્રકૃતિભૂત-આનંદભૂત... પ્રકૃતિ એની આનંદ(રૂપ) છે (અર્થાત્‌) એવું એનું સ્વરૂપ છે. પ્રકૃતિભૂત ત્રિકાળ... પર્યાયમાં પ્રકૃતિભૂત કહેવાય છે અને સ્વભાવમાં પ્રકૃતિભૂત છે. સમજાણું કાંઈ? (શ્રોતાઃ ઉર્ધ્વતાકા મતલબ સન્મુખ?) મુખ્ય, અગ્રગણ્ય, મોઢા આગળ એ હોય. બાઈઓમાં ઘણી એવી હોય છે. છોકરો નાનો હોય તો મોઢા આગળ એને ચલાવે. સમજાણું કાંઈ? એમ અહીં મુખ્ય ભગવાન આત્મા અનંત ગુણની ખાણ,

અનંત આનંદનો સાગર એવો સચ્ચિદાનંદ પ્રભુ, જેની ધર્મની પર્યાયમાં મુખ્ય હોય તો તેને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? આહાહા!

ભારે આવી વાત છે. સામાયિક કરો ને પડિકમણા કરો ને પોષા કરો, જાઓ અપવાસ દસલક્ષણીના કરી નાખે, થઈ રહ્યું, જાઓ. એ મૂલકચંદભાઈ! આવું આવતું તમારે ત્યાં નાગનેશ? નહીં? આહાહા! કહે છે... એમાં ઓલો તમારે સામેવાળો... ઉપાશ્રય છેને મૂળચંદભાઈ. એ તો વળી ઝોલા ખાય આમ. સવારે વહેલા ઉઠીને આવે, ચાર વાગે આવે, ઉં.. ઉં.. કર્યા કરે, સામાયિક બાંધે. ..... આવા ને આવા બધા. હજી વ્યવહારનાય ઠેકાણા ન મળે. ઝોલા ખાતા હોય. આહાહા! ઝોલા સમજતે હો? ઝોંકા. આહાહા!

અહીં તો કહે છે કે પરિણામનો ઝોંક આખો દ્રવ્યમાં વળેલો છે. આહાહા! કહો, જેઠાભાઈ! આહાહા! એટલે જેની ધર્મદશામાં આત્મા મુખ્યપણે-ધ્રુવપણે-દ્રવ્યપણે-ઉર્ધ્વપણે- ...પણે વર્તે છે, એને ધર્મની પર્યાય હોય છે. સામાયિક એને હોય છે કે જેને દ્રવ્ય-વસ્તુની ઉપર દૃષ્ટિ થઈ અને જેને સમતા પ્રગટી છે. એને સામાયિક હોય છે. સમજાણું કાંઈ? જેને ત્રિકાળી આત્મા શું છે એનું જ્યાં ભાન નથી, એને સામાયિક, પોષા, પડિકમણા કાંઈ છે નહીં. આહાહા!

**(દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે).** લ્યો, ખુલાસો કર્યો છે. દરેક કાર્ય એટલે ધર્મનું પર્યાયરૂપી કાર્ય અથવા એ ધર્મની પર્યાયની સાથે વ્યવહારનો ભલે વિકલ્પ હો.., સમજાય છે કાંઈ? પણ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે. સમજાણું કાંઈ? જેનો દોર દ્રવ્ય ઉપર છે, જેનું લક્ષ વસ્તુ ઉપર છે, જેનું ધ્યેય ધ્રુવ ઉપર છે, એને ધર્મના પરિણામમાં સમીપ આત્મા છે એમ કહેવામાં આવે છે. આહાહા! **તો એમ સિદ્ધ થયું કે રાગના નાશને લીધે...** જે પરિણામમાં દ્રવ્ય સમીપ છે એને રાગનો નાશ છે. **રાગના નાશને લીધે અભિરામ.. અભિરામ= મનોહર; સુંદર. એવા તે ભવભયના હરનારા એવા આ ભાવી તીર્થંકરે રાગનો નાશ કર્યો હોવાથી તે મનોહર છે. અભિરામ એવા તે ભવભયહર ભાવી તીર્થાધિનાથ... અભિરામ એવા તે ભવભયહર ભાવી તીર્થાધિનાથ** એમ કહ્યું છેને? ભાવી તીર્થંકર-તીર્થાધિનાથ કેવા છે? ભવભયહર. એ અભિરામ એવા છે (એટલે) એ સુંદર છે. સમજાણું કાંઈ?

**આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.** લ્યો, ભાવી તીર્થંકરને આ પરિણામ આવા ઉત્પન્ન થાય છે અને એ પરિણામ પાછા પડતા નથી. ભવમાં તીર્થંકર(ગોત્ર) પહેલે પૂર્વે આવી ગયું એ જુદી વાત છે, તોપણ એની ભાવધારા, તીર્થંકરપદ બાંધ્યું ત્યારથી એની ધારા પાછી પડતી નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. એને આધાર ઉપર લીધા. **जस्स संणिहिदो...** દરેકને સમીપ છે, પણ આનું સમીપપણું તો કોઈ દિ' ખસતું નથી. બીજાનું તો પડી જાય પણ ખરું. એટલી વાત છે. સમજાણું કાંઈ? બીજા જીવ કોઈ હોય વળી પામીને પડી પણ જાય, (તો) આત્મા એને સદાય સમીપ રહે એમ (બને) નહીં. પણ સદાય રહે એના દાખલામાં આ કાઢ્યું

એમણે–ટીકાકારે. ટીકામાંય હતું. **જીતેલા એવા જે ભાવી જિનને**... બીજી લીટી ટીકાની. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ!

અપ્રતિહતભાવ વર્ણવે છે હોં. ભગવાન પરમાત્મા પૂર્ણ આનંદ એનું પ્રકૃતિ–સ્વરૂપ જ એવું છે. કુદરત–પ્રકૃતિ એની–આત્માની આનંદમય છે એમ કહે છે. એ આનંદમય સ્વભાવ દરેક પર્યાયમાં સમીપ (રહે એટલે) પાછો ન ફરે એવા તીર્થાધિનાથને આમાં લીધા છે. સમજાણું કાંઈ? આહાહા! **આ સાક્ષાત્ સહજ-સમતા** (એટલે) સામાયિક... મુનિની મુખ્યતાએ (વાત) લીધી છેને? **સમતા ચોક્કસ છે**. ભારે ગાથા. જેટલા પરિણામ ધર્મના કહે છે, એનું સ્વરૂપ.. સ્વરૂપ એમાં એવું છે, એમ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, તપ, નિયમ, પ્રાયશ્ચિત્ત કીધા, પરિણામના–જેટલા વીતરાગ પરિણામના પ્રકાર છે એ બધા સ્વભાવમાં, એનો આખો સ્વભાવ એવો અખંડ છે. સમજાણું કાંઈ?

જેટલા વીતરાગી આનંદ પરિણામ, જ્ઞાન પરિણામ, શાંતિ પરિણામ એટલે ચારિત્ર કહ્યા, એ આખું એનું સ્વરૂપ જ એ છે. શાંતિના પરિણામ કહો તો આખો આત્મા શાંતિસ્વરૂપ છે, પ્રાયશ્ચિત્તના પરિણામ કહો તો આખો આત્મા પ્રાયશ્ચિત્તરૂપ છે, સમતાના પરિણામ કહો તો આખો આત્મા સમતારૂપ–વીતરાગરૂપ છે, સમ્યગ્દર્શનના પરિણામ (કહો) તો આત્મદર્શન સ્વભાવમય છે, ચારિત્રના પરિણામ (કહો) તો આખું વીતરાગ–ચારિત્રમય સ્વરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? તેથી અહીં સમીપપણું લીધું છે. પ્રજાને રાજાનું સમીપપણું ત્રિકાળ છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? એ પર્યાય પ્રજા છેને? માથે રાજા છે, પર્યાયને માથે રાજા છે. ભીખાભાઈ! પાછો પડે જ નહીં, એમ કહે છે.

જે ભાવે... આવે છેને દાખલો સમયસારમાં? (ગાથા ૧૬૮). પરિપક્વ ફળ. ફળ જે પરિપક્વ થયું, ખરે, ફરી ચોંટે નહીં એ ફળ. આંબો પાક્યો હોય, તૂટ્યો એ ફરી ચોંટે? એવો ભાવ લીધો. એવા ભાવમાં દાખલો આમણે આવો આપ્યો છે. સમજાણું કાંઈ? **સાક્ષાત્ સહજ-સમતા**... આ પર્યાયની વ્યાખ્યા છે હોં. **સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.** એ પર્યાયની–વીતરાગતાની વાત છે. એને સામાયિક સમતા છે કે જે આખો સમતારસનો પિંડ જેની સમીપમાં વર્તે છે. ૧૨૭ ગાથા થઈ. ૧૨૭ થઈ. ૧૨૮.

**जस्स रागो दु दोषो दु विगडिं ण जणेइ दु ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१२८॥**

બીજું પદ તો દરેકમાં છે, બીજું પદ આખું.

**નહીં રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

આ સાચી સામાયિક એને કહીએ, બાકી બધી ખોટી. વ્યવહાર કહો કે જૂઠો કહો, અભૂતાર્થ કહો, સમજાણું કાંઈ? પર્યાયની વાત છે હોં. ભૂતાર્થ સામાયિક છે, સાચી સામાયિક છે, એમ. 'ભૂતાર્થધર્મ' એમ આવે છેને બંધમાં, નહીં? ભૂતાર્થધર્મ ને અભૂતાર્થ એ પર્યાયના બે વાક્ય છે. ભૂતાર્થ ત્રિકાળી ચીજ છે એ બીજું. આ તો ભૂતાર્થધર્મ–સાચો ધર્મ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એ સાચો ધર્મ અને વિકલ્પ આદિ જૂઠો ધર્મ. અભવિનો દાખલો આપ્યો છે. અભવિ જૂઠા ધર્મને–અભૂતાર્થધર્મને શ્રદ્ધે છે, ભૂતાર્થધર્મને શ્રદ્ધતો નથી. ઠીક! ભૂતાર્થધર્મને શ્રદ્ધતો નથી એ તો પર્યાય થઈ. એનો અર્થ એ કે એ દ્રવ્યને શ્રદ્ધતો નથી. જ્ઞાનમય આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ જ છે. એ આવે છેને. એ જ્ઞાનને શ્રદ્ધતો જ નથી. ભૂતાર્થધર્મને શ્રદ્ધતો નથી તે જ્ઞાનને શ્રદ્ધતો નથી. જ્ઞાન એટલે આત્મા. આહાહા! ભારે ટીકા. ટીકા ૧૨૮.

**ટીકા : અહીં, રાગદ્વેષના અભાવથી...** દેખો! વ્યવહારનો રાગ છે એના અભાવથી (એટલે) શુભભાવ અને અશુભભાવના અભાવથી. **અપરિસ્પંદરૂપતા હોય છે...** અપરિસ્પંદરૂપતા એટલે સમતા. **અપરિસ્પંદરૂપતા = અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.** અહીં જોગની–કંપનની વાત નથી. જોગનું કંપન ને અકંપન એ વાત નથી. અહીં તો અસમતા એ કંપન છે. સમતાથી અપરિસ્પંદ. સમજાણું કાંઈ? સ્થિરતા. **એમ કહ્યું છે. પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને...** સંયમની વાત લીધી છે. જેણે આત્માને સમીપ કરીને જેની દશા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ–વીતરાગતા, સંયમદશા પ્રગટ કરી છે, એ પાપરૂપી અટવીને બાળવામાં... પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. **પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતા નથી...** તેને રાગ-દ્વેષ વિકાર કરતા નથી. રાગ-દ્વેષ ઉત્પન્ન થતા જ નથી એમ કહે છે.

નીચે અર્થ કર્યો છે. **વિકૃતિ** એટલે **વિકાર; સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ.** પર્યાયની અપેક્ષાએ. સમજાણું? ઓલામાં દ્રવ્ય અપેક્ષાએ વાત હતી. સર્વોત્તમ પ્રકૃતિભૂત, એમ છે. જ્ઞાનપ્રકૃતિ.. ૧૨૪ ને? આમાં કેટલી આવે? ૯૦? આ જ્ઞેય અધિકાર તો છે પણ... (પ્રવચનસાર) ૧૨૪માં. આ છેને. નીચે અર્થમાં છે. **પ્રકૃતિભૂત–સ્વભાવભૂત. સુખ સ્વભાવભૂત છે**. ત્રિકાળની વાત છે આમાં. **કેમ કે ત્યાં સૌખ્યના લક્ષણનો અભાવ છે. પ્રકૃતિભૂત સૌખ્ય છે** ને **વિકૃતિભૂત દુઃખ છે**, એમ કીધું છે. સ્વભાવભૂત–સુખ સ્વભાવભૂત છે ત્રિકાળ. વિકૃતિ વિભાવભૂત છે, સ્વભાવભૂત નથી. અહીં એમ લીધું. **તેનું ફળ અનાકુલત્વલક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે**. એ પર્યાયમાં આમ આવી ગયું અનાકુળત્વ લક્ષણ. પણ એ અનાકુળલક્ષણ છે, એ આખો આત્મા અનાકુળ પ્રકૃતિભૂત લક્ષણ છે, એમ આમાં આવ્યું 'પ્રકૃતિભૂત'માં. સમજાણું કાંઈ? એ આખો આત્મા જ પ્રકૃતિભૂત સુખરૂપ જ છે. એનું સમીપપણું, પ્રકૃતિભૂત જે સ્વભાવપરિણામ પ્રગટ થયા એમાં સ્વભાવભૂત વસ્તુ સમીપ છે. સમજાણું કાંઈ?

દુઃખમાં તો કાંઈ છે જ નહીં, એ વિકૃત છે, એના સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? એના સ્વરૂપમાં–પ્રકૃતિમાં તો એકલો આનંદ જ જેનો સ્વભાવ છે. ભગવાન આત્માનો આનંદ જ સ્વભાવ છે. એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન ને સ્થિરતા થતાં એમાં આનંદની જ પર્યાય આવે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? સામાયિક એ આનંદમય છે. સામાયિકમાં અતીન્દ્રિય આનંદ આવે એમ કહે છે. જાદવજીભાઈ! એને સામાયિક કહે છે. કેમ? કે અતીન્દ્રિય આનંદના પરિણામના સમીપમાં અતીન્દ્રિય આનંદમય ધ્રુવ વસે છે. આહાહા! સમજાણું કાંઈ? એથી સામાયિક એને કહીએ, પર્યાયની સામાયિક હોં કે જેમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે. આહાહા! કેમકે એની–વસ્તુની પ્રકૃતિ–સ્વભાવ જ આનંદમય છે. વસ્તુ એનો સ્વભાવ આનંદમય છે. ...ચીજ પ્રકૃતિભૂત, આનંદરૂપ એનું સમીપપણું કર્યું એટલે પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે જ નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મ એ દુઃખરૂપ નથી. ધર્મમાં કષ્ટ થાય એમ માને, એ દ્રવ્યમાં સ્વભાવભૂત આનંદ છે એ માનતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે જુઓ! **(પરમવીતરાગીસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો...** લ્યો, શું કીધું? **સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્ય**... કેમકે અહીંયા સામાયિક એ સમતા છે, રાગ-દ્વેષ રહિતના પરિણામ છે. તો એને **સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દ્રઢ આશ્રય હોવાથી**... સમતાસ્વરૂપ ભગવાન, વીતરાગસ્વરૂપ કહો કે સમતાસ્વરૂપ કહો, એવો આત્મા જ છે ત્રિકાળી. એનો **દ્રઢ આશ્રય હોવાથી વિકૃતિભૂત (વિભાવભૂત)** લ્યો, **વિષમતા થતી નથી, પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે)**. દેખો! કેમ કે સમતાભૂત જ ત્રિકાળી આત્મા છે. એનો દ્રઢ આશ્રય કરવાથી સમતા પરિણામ પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, આવી સામાયિક છે. સુજાનમલજી! તો આ બધી (બહારની) સામાયિક કરીને અત્યાર સુધી? બડી સાદડી. આહાહા! અહીં તો કહે છે કે એ સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્ય એનો જેને દ્રઢ આશ્રય છે, એનો આશ્રય છે... નિમિત્તનો નહીં, વિકલ્પનો નહીં, એક સમયની પર્યાયનોય નહીં. એવો પ્રકૃતિભૂત આનંદમય ભગવાન એનો દ્રઢ આશ્રય હોવાથી વિકૃતિ ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ?

પણ આવી સામાયિક કરતાં–વ્યવહાર કરતાં-કરતાં થાય કે નિશ્ચય પાધરું થાતું હશે? સૌનો પ્રશ્ન એ છે લ્યો. આમ ચર્ચા કરતાં.... દામોદરભાઈ છેને? ગયા હતા ઓલા અમરચંદજી પાસે. અમરચંદજી સાથે વાત થઈ હતી. એ વ્યવહાર કરતાં-કરતાં થાય કે પાધરા થાતા હશે? હા, આવે છે. અહીં આવી ગયા છે, અહીં આવ્યા છે. એને 'હું જાણું છું.. હું જાણું છું' (એવું) બહુ છે એને. શ્રીમદ્નું જાણું છું, સમયસારનું જાણું છું, શ્વેતામ્બરનું જાણું છું. એવી વાત છે. બાપુ! જેને પોતાના ધર્મપરિણામમાં આત્માની એક જ અપેક્ષા છે, જેને વ્યવહારની પણ અપેક્ષા નથી

એવી ઉપેક્ષા છે. આની અપેક્ષા છે–વસ્તુની અપેક્ષા છે, વિકારની ઉપેક્ષા છે. સહજ એનું સ્વરૂપ એવું છે. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા આવો મુખ્ય વસ્તુ એ તો આખી ગૌણ થઈ ગઈ. થઈ ગયા ક્રિયાકાંડ, આ કરું, આ કરું ને આ કરું. જેની કાંઈ કિંમત છે દુઃખની. ચાર ગતિ દુઃખમાં જાવું. આહાહા! શુભભાવમાં... આવ્યું હતુંને આપણે જુઓને! શુભભાવ એટલે? આવ્યું હતું પહેલા. પ્રવર્તમાન આવ્યું હતું, નહીં? શુભભાવ એવો છે. આમાં જ આવ્યું હતું. **સુખ-દુઃખ સુકૃત-દુષ્કૃતના સમૂહથી થાય છે (અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખ-દુઃખ શુભાશુભ સુકૃતથી થાય છે)**. કળશ છેને ૨૦૯. ૨૦૯ કળશ, ૧૨૬ ગાથામાં આવી ગયું છે. શુભભાવથી તો દુઃખરૂપ–આ કલ્પનાનું સુખ એવી ગતિ મળે છે. હવે જેનાથી એ મળે એનાથી નિશ્ચય મળે? શુભ-અશુભભાવથી ગતિ મળે, વિકૃતભાવનું ફળ. હવે વિકૃતનું ફળ ગતિ (હોય), એના વિકૃતના ફળમાં અગતિ–નિશ્ચય (કેમ હોય)? સમજાણું કાંઈ? આહાહા! શુભનો અભાવ ને અશુભનો પણ અભાવ છે. એક આત્માને ચોક્કસ ભવનો પરિચય છે જ નહીં. ભગવાન આત્માને ભવનો પરિચય નથી. આહાહા! એનો અર્થ કે આત્માને શુભાશુભ પરિણામનો પરિચય જ નથી. કારણ કે એ ભિન્ન તત્ત્વ છે ને આ ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ?

ભગવાનને–ભગવાન આત્મા એને ભવ કર્યો જ નથીને, ભવ છે જ નહીંને, ભવ હોય જ નહીંને. આહાહા! ભવમાં આત્મા કેવો ને આત્મામાં ભવ કેવા? આહાહા! સમજાણું કાંઈ? આ ગયા થા અપને. **ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી**. એકલો પ્રત્યક્ષ આનંદસ્વભાવ એવી વસ્તુ એને ભવ ને ભવના કારણો જ જ્યાં નથી, ત્યાં વળી ભવનો પરિચય ક્યાંથી આવ્યો? આહાહા! કહે છે કે જેને રાગ-દ્વેષ રહિત સમતાપરિણામ સમતાસ્વરૂપ ત્રિકાળ ભગવાન એના દૃઢ આશ્રયે પ્રગટ થયા છે તેને વિકૃતિ ઉત્પન્ન થતી નથી, તેને પ્રકૃતિ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિ એટલે સમતા. સમજાણું કાંઈ? એ બાજુ .. નાખ્યો હતો કોઈકે કંઈક પાને. કૃતિ.. વિકૃતિ.. પ્રકૃતિ, ફલાણું શબ્દ.... પણ એનો ભાવ શું એ સમજ્યા વિના? અહીં આવ્યું હતું પત્રમાં. વિકૃતિ.. કૃતિ.. પ્રકૃતિ ને આકૃતિ—એવા બધા શબ્દ આવે છે ને? ઘણા આવ્યા છે દસ... દસ-બાર હતા. એ શબ્દો, પણ એનો ભાવ શું એ ન સમજાય. સમજાણું?

અહીં કહે છે કે અહો! જ્યાં ભગવાન આત્મા... આ રાગ-દ્વેષ રહિત સિદ્ધ કર્યું છે ને. એનો અર્થ જ કે એ સમતાભૂત જ આત્મા છે. ત્રિકાળ સમતાનો રસકંદ છે. એનો દૃઢ આશ્રય કર્યો એને તો પ્રકૃતિભૂત સ્વભાવ સુખ ને આનંદની પર્યાય પ્રગટ થાય, એને વિકૃતભૂત પર્યાય ઉત્પન્ન થાય નહીં. આ ઉત્પન્ન થાય તો ઓલો ઉત્પન્ન ન થાય એમ કહેવું છે. આત્મા ઉત્પન્ન થયો એટલે આત્મા સમતાભાવનો પિંડ પોતે ઉઠ્યો જાગીને સમતા પરિણામમાં, એને વિકૃત પરિણામ હોય ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ?

**તે મહા આનંદના અભિલાષી જીવને...** મહા આનંદના અભિલાષી જીવને... વળી એક બાજુ કહે કે સમકિતીને કોઈ અભિલાષા હોય જ નહીં. ભાઈ! પંચાધ્યાયીમાં આવે છે. અહીંયા અપેક્ષાથી કીધું. અભિલાષમાં તો મહા આનંદની ભાવના છે. પંચાધ્યાયીમાં આવે છે.... આહીં તો મહા આનંદની અભિલાષ એટલે ભાવના. પૂર્ણાનંદની પ્રાપ્તિ માટે જેની અંતર એકાગ્રતા છે, એમ. સમજાણું કાંઈ? જેઓ પૂર્ણાનંદ છે, મહા આનંદનો પિંડ પ્રભુ છે, મહા આનંદનો સાગર છે. એને દઢ નિશ્ચયે મહા આનંદનો ભાવ એકાગ્ર થઈને.... **કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે.** મુનિની વાત કરીને. મુખ્યપણે મુનિની વાત છેને. એને કે જેને પાંચ ઇન્દ્રિયોનો વિસ્તાર નથી–ફેલાવ નથી, અતીન્દ્રિયપણે છે, એવાને દેહમાત્ર પરિગ્રહ છે. આહાહા!

મુનિને દેહ સિવાય બીજું હોય નહીં. સમજાણું કાંઈ? આ વસ્ત્ર ને પાત્ર ને પોટલા ને એ બધા મુનિને હોય નહીં. સમજાણું કાંઈ? એકલો દેહ. 'દેહમાત્ર' આવે છેને શ્રીમદ્માં? દેહમાત્ર સંયમ હેતુ હોય જો. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' ત્યાં તો એમ નાખ્યું. ન્યાં વેષ ને વાડાની વાત નથી નાખી. આવા વેષ ને આવા... ન્યાં નાખે આત્મસિદ્ધિની વાત. 'જાતિવેષનો ભેદ નહીં કહ્યો માર્ગ જો હોય.' અહીં તો આમ કહ્યું. દેહમાત્ર, સંયમનો હેતુ દેહમાત્ર. 'માત્ર દેહ તે' એમ કહ્યુંને. 'માત્ર દેહ'નો અર્થ શું થયો? એકલો દેહ (હોય), બીજું કાંઈ નહીં. મુનિને વસ્ત્ર, પાત્ર હોઈ શકે જ નહીં. પણ આવા ભાન સહિતવાળાની વાત છે હોં. સંસાર છોડીને બેસે ને આત્મા જ જ્યાં (ઉર્ધ્વ) નથી એને કાંઈ છે નહીં, એ તો સંસારી રખડતા પ્રાણી છે. આહાહા! સમજાણું કાંઈ?

**મહા આનંદના અભિલાષી જીવને—કે જેને પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે તેને—સામાયિક નામનું વ્રત શાશ્વત છે.** એને સમતા, શાશ્વત આત્માની સમતામાંથી પ્રગટેલી છે, માટે એને પણ સ્થિર અને શાશ્વત કહેવામાં આવે છે. આહાહા! નિયમસારની કથની જુદી જાતની ગાથા દીઠ. એક અજીવ અધિકાર ને એક વ્યવહાર અધિકાર નાખ્યા વસ્તુ(સ્થિતિ સમજાવવા), બાકી બધા અધિકારમાં એકદમ ત્રિકાળી સ્વભાવ જેવો, એના પરિણામ એના જેવા. જુદી-જુદી બધી વાત કરી પડિકમણાની, આલોચનાની... આહાહા! એ સામાયિકનું વ્રત એને હોય છે. બહુ શરતું ઘણી મૂકી છે. રાગ-દ્વેષના પરિણામ જ જેને નથી. તો અહીં એમ ઠરાવે છે કે એ તો બારમે નથી. એ અહીં જ નથી, સાંભળને! છટ્ઠે ગુણસ્થાને રાગ-દ્વેષના પરિણામ છે જ નહીં. સમજાણું કાંઈ?

અરે! સમકિતીને રાગ-દ્વેષ પરિણામ નથી. આહાહા! કેમકે વિકારથી તો વિમુક્ત છે (અને) અવિકારી ચીજ સહિત છે. પોતે આત્મા જ અવિકારી મુક્તસ્વરૂપ છે. તેથી એની દૃષ્ટિમાં મુક્તના પરિણામ જ છે. બંધના પરિણામ એના પરિણામમાં છે જ નહીં. આહાહા! સમજાણું? પણ અહીં તો અસ્થિરતાને ટાળવાની અપેક્ષાએ વાત છેને. અસ્થિરતાથી મુક્ત છે એ દૃષ્ટિની

અપેક્ષાએ અને અહીં સ્થિરતાની અપેક્ષાએ અસ્થિરતા ઉત્પન્ન થતી નથી એમ કહેવું છે. આરે! એકકોર જુઓ તો સમ્યગ્દૃષ્ટિને રાગ છે જ નહીં. એને તો શુદ્ધતાનું પરિણામન એકલું છે. એ દૃષ્ટિ દ્રવ્ય-ગુણ-પર્યાયની એકતાની અપેક્ષાએ વાત છે. એ અસ્થિરતા દૃષ્ટિમાં અને દૃષ્ટિમાં વિષયના પરિણામમાં નથી, પણ ચારિત્રની અસ્થિરતાની અપેક્ષાએ જે અસ્થિરતા હતી એ ટળીને જે સમતા થઈ, એને અસ્થિરતા ઉત્પન્ન થતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

એકકોર, દ્રષ્ટિવાળા સમકિતીને અશુદ્ધતા ઉત્પન્ન થતી જ નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? કારણ કે એના દૃષ્ટિમાં દ્રવ્ય છે, ગુણ છે, શુદ્ધ જ છે પરિણમન એનું. અશુદ્ધ પરિણમન એનું નથી. પણ અસ્થિરતા ટાળવાની અપેક્ષાએ–ચારિત્રની અપેક્ષાએ અસ્થિરતા જે ઉત્પન્ન હતી, એ સમતા ભગવાન આત્મા એને ખીલે બાંધ્યો પરિણામને, સમજાણું કાંઈ? તેને અહીંયા સામાયિક શાશ્વત છે. ભાષા 'શાશ્વત સામાયિક' કરી. એ તો પર્યાય છે. એ શાશ્વતમાંથી આવી માટે એને શાશ્વત (કહી). કૃત્રિમ રાગની જે સામાયિક કરીને બેઠા એને સામાયિક નથી એ બતાવવા 'આ શાશ્વત છે' (એમ કહ્યું). એને સત્ સામાયિક છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ સત્-સ્વરૂપ ભગવાન આત્મા એનો જે દ્રઢ આશ્રય કરીને પડ્યો છે એના પરિણામને અહીંયા સત્ સામાયિક કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

આવે છેને ક્યાંક. ઝાડ હેઠે જાઈએ તો ફળ મળે, રાજાની ચાકરી કરે તો ફલાણું મળે. એવું આવે છે એક ભજનમાં. રાજાની ચાકરી સેવક ઘણું મળશે, એવું આવે છે ક્યાંક. આમ તો લૌકિક ભજનમાં કાંઈ .... ઓલા ઝાડની નીચે જાઈએ તો ફળ મળે, રાજાની પાસે નોકરી કરીએ તો મળે, પ્રભુ! તારી પાસે જાઈએ ને આનંદ ન મળે એમ કેમ હોય? સમજાણું કાંઈ? આનંદદાતા એવો ભગવાન આત્મા એને ઘરે જાય ને એ દાતા આનંદ દીધા વિના રહે? એમ કહે છે. પોતે દાતા ને પોતે લેનાર–પાત્રસ્થાન. આહાહા! સમજાણું કાંઈ? એ સમતા સમકિત સામાયિક, એક જ્ઞાન સામાયિક, એક સ્થિરતા સામાયિક. આ સ્થિરતાની સામાયિકની વાત છે. **એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.** લ્યો, એ તો પ્રસિદ્ધ છે. તને ખબર નથી? એમ કહે છે. લ્યો. સમજાણું કાંઈ? નિશ્ચયની વાતમાં એવું લાગે કે આ તો એકાંત.. નિશ્ચય.. નિશ્ચય છે. એ એકાંત નિશ્ચય એ જ સત્ય છે. ત્યારે એને અનેકાંતનું સાચું જ્ઞાન થાય. પર્યાયમાં રાગ આદિ છે એને જાણે છે. આહાહા!

**આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**रागद्वैषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थौ**
**ज्ञानज्योतिःप्रहतदुरितानीकघोरान्धकारे ।**
**आरातीये सहजपरमानन्दपीयूषपूरे**
**तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेधः ॥२१३॥**

આહાહા! આમાં આવ્યું હોં. આમાં આવ્યું. **को विधिः** પરિણામમાં આવ્યું. ૨૧૫ પાને. આમાં ૨૧૫ આવે છેને. ત્યાં દ્રવ્યમાં આવે છે. એવું આવ્યું હતું. ૧૫૫ (કળશ) છે ને. **અતિક્રાંત વચન ને મનના અગોચર છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો? પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે** આત્મા. **તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો?** આ વડે આત્મા... આ છોડે ને મૂકે એવું આત્મામાં છે નહીં. એ આત્મા છે અને રાગરહિત છે એવી વિધિ-નિષેધના વિકલ્પો એના સ્વરૂપમાં ક્યાં છે? સંયમીના પરિણામમાં પણ... એ અહીં આવ્યું જુઓ! આહાહા! **સમરસમય આત્મતત્વમાં વિધિ શો ને નિષેધ શો?** એ આવ્યું. તત્ત્વ આવ્યું આખું. ત્યાં વિધિ-નિષેધ પર્યાયનો લીધો. ત્યાં પરિણામમાં વિધિ-નિષેધનો નાશ આવ્યો, અહીં દ્રવ્યમાં વિધિ-નિષેધ નથી. સમજાણું કાંઈ?

છે ને? **નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો?** આહાહા! એકલો ભગવાન સમરસનો પિંડ પ્રભુ એમાં વિધિ શો, નિષેધ શો? સમજાણું કાંઈ? ઓલામાં પરિણમામમાં હતું કે વિધિ શો ને નિષેધ શો? પણ એ પરિણામમાં નહોતું એ સ્વરૂપમાં હતું તો પરિણામમાં વિધિ-નિષેધ નથી (એમ આવ્યું). સ્વરૂપ તો વિધિ-નિષેધ વિનાનું છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે જ વિધિ-નિષેધ વિનાની છે. એટલે પરિણામમાં એનો આશ્રય થતાં એને વળી આ કરવા જેવું, આ નહીં કરવા જેવું—એમાં છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? એનો અર્થ થશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૧, શુક્રવાર, તા. ૧-૧૦-૧૯૭૧**
**શ્લોક – ૨૧૩-૨૧૪, ગાથા - ૧૨૯-૧૩૦, પ્રવચન નં. ૧૪૧**

૨૧૩ કળશ છે. કૌંસ.. કૌંસનું રહી ગયું અંદર. છેલ્લે શું કહ્યું? જુઓ! **તે નિત્ય સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો?** સામાયિકની વ્યાખ્યા છેને? એટલે પોતે સમરસમય જ આત્મા છે, એમ કહે છે. આત્મા સમરસમય ત્રિકાળી વસ્તુ છે. એને આશ્રયે સામાયિક થાય છે. કહે છે કે એ સમરસમય એવું જે આત્મતત્ત્વ એમાં આ કરવા જેવું કામ (કે) નહીં કરવા જેવું—એ તો વસ્તુના સ્વરૂપમાં નથી. તો એના પરિણામમાં–સામાયિકમાં પણ આ કરવા જેવું-નહીં કરવા જેવું (એવો) વિકલ્પ છે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? **સમરસમય આત્મતત્ત્વ**, એમ અભેદ. સમતારસનો પિંડ આત્મતત્ત્વ, સમભાવ–સ્વભાવ–સ્વરૂપ–સ્વભાવમય તે આત્મતત્ત્વ એમાં વિધિ શો ને નિષેધ શો? આ કરવા જેવું-ન કરવા જેવું (એવા) વિકલ્પનો અવકાશ એમાં નથી. એવા આત્મતત્ત્વને અંતર અવલંબીને, દઢપણે આશ્રય કરીને જે સ્થિર થાય એને સામાયિક કહેવામાં આવે છે. લ્યો. આ સામાયિકની વ્યાખ્યા. કૌંસ.

**(સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં...** ભગવાન સમરસ અકષાયસ્વભાવ–વીતરાગ-સ્વરૂપ ત્રિકાળી એવા સ્વભાવી આત્મતત્ત્વમાં **'આ કરવા જેવું છે (અને) આ છોડવા જેવું છે' એવા વિધિ-નિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...** એવો વિકલ્પનો સ્વભાવ એમાં નહીં હોવાથી... શુભ-અશુભ પરિણામ કે 'આ છે ને નથી' એવા જે વિકલ્પો એના સ્વભાવમાં નહીં હોવાથી... એનો સ્વભાવ જ એ નથી. આહા! **આત્મતત્ત્વને દઢપણે આલંબનાર...** એવું જે સમરસમય ધ્રુવતત્ત્વ આત્મતત્ત્વ એને દઢપણે અવલંબનાર–એનું આલંબન લેનાર **મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે...** શુદ્ધસ્વભાવનું પરિણમન(રૂપ) દશા થવાને લીધે **સમરસરૂપ પરિણામ થાય છે.** જેવો સમરસમય આત્મતત્ત્વ હતું એવા એના પરિણામ થાય છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આનું નામ સાચી સામાયિક કહેવામાં આવે છે.

**વિધિ-નિષેધના વિકલ્પરૂપ—રાગદ્વેષરૂપ પરિણામ થતા નથી).** વસ્તુ પોતે જ સમરસમય હોવાથી, એનો દઢપણે આશ્રય લેનાર એના પરિણામમાં પણ, આ કરવા જેવું-ન કરવા જેવું (એવો) વિકલ્પ એના પરિણામમાં પણ નથી. વસ્તુમાં નથી તો એના પરિણામમાં પણ નથી. એવી સમરસમય પરિણામદશા એને સામાયિક કહેવામાં આવે છે. એ ૨૧૩ (કળશ) થયો. ૨૧૩ કળશ. ૧૨૮નો કળશ. ૧૨૯.

**जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१२९॥**
**જે નિત્ય વર્જે આર્ત તેમજ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.**

**ટીકા : આ આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન** નામ **શાશ્વત** એટલે સાચી **સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.** કેવો છે ભગવાન આત્મા? સનાતન કીધુંને ત્યાં. સામાયિકને સનાતન કીધું છે. તો હવે સનાતન ત્રિકાળી કોણ છે એને પહેલું વર્ણવે છે. **નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં...** વસ્તુ આત્મા એ નિત્ય છે, નિરંજન છે (એટલે) આવરણ ને મેલ વિનાની ચીજ છે. એવો નિજ કારણસમયસાર–નિજ કારણ-આત્મા એના **સ્વરૂપમાં નિયત...** એના સ્વરૂપમાં રહેલાં... શું રહેલા? **શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...** શુદ્ધ નિશ્ચય પરમ વીતરાગ સુખામૃત એના **પાનમાં પરાયણ...** આહાહા! એ સ્વરૂપમાં રહેલા, એમ લખ્યું છેને? ઓલામાં એમ કીધું કે આવા સ્વરૂપમાં સ્થિર થવાથી, એવું લખ્યું છે. ..... પણ આ તો સ્વરૂપમાં જ રહેલા ભાવો... આ તો સ્વરૂપમાં રહેવાથી આવું થાય છે, એમ. પણ આ બરાબર છે. ઓહોહો! નિયમસારમાં આત્માના વાસ્તવિક સ્વરૂપને સેંકડો પ્રકારથી (વર્ણવે છે). મૂળ ચીજ શું છે? ભાઈ! કાયમ રહેનારું તારું તત્ત્વ, કાયમ રહેનારું, એ તું કોણ છો? કાયમ ટકનારું તત્ત્વ તે કોણ છો તું? સમજાણું કાંઈ?

તું નિત્ય છો, એક સમયની પર્યાય પણ નહીં, એમ કહે છે. નિરંજન છો—એમાં રાગ-દ્વેષ આદિ આવરણ (નથી). નિત્યને શું આવરણ હોય? પોતાનો કારણસમયસાર, નિજ–પોતાનું સ્વરૂપ કારણપરમાત્મા, કારણસમયસાર, કારણજીવ એવા સ્વરૂપમાં રહેલાં **શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...** શુદ્ધ નિશ્ચય પરમ વીતરાગ સુખ-અમૃત... આહાહા! ભગવાનમાં પરમવીતરાગ સુખ-અમૃત ભર્યું છે. સમજાણું કાંઈ? કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, કારણસમયસાર કહો, ધ્રુવતત્ત્વ કહો—એમાં શુદ્ધ નિશ્ચય પરમ વીતરાગ સુખ-અમૃત... શુદ્ધ, નિશ્ચય, પરમ, વીતરાગ, સુખ, અમૃત... આહાહા! એના પાનમાં પરાયણ... એવા નિર્વિકલ્પના આનંદના પીવામાં તત્પર છે. ભારે વ્યાખ્યા! આ સામાયિક. કોઈ દિ' સાંભળી નહીં હોય એવી સામાયિક. સામાયિક કરો.. સામાયિક કરો. કહો, ભીખાભાઈ! આહાહા! એમ જ છે, ભાઈ કહે છે. આહાહા!

ભગવાન આત્મા કાયમ રહેનારો, એનો સ્વભાવ નિત્ય નિરંજન, નિજ–પોતાનો સ્વભાવ કારણપ્રભુ.. કારણપ્રભુ ત્રિકાળ, એમાં રહેલાં શુદ્ધ અને સાચું પરમ વીતરાગી સુખામૃત... આહાહા! એના પાનમાં–એને અનુભવવામાં પરાયણ... આહાહા! લ્યો, પંડિતજી! આ સામાયિક કોઈ દિ' સાંભળી નહીં હોય. નહીં? લ્યો, આ પંડિત કહતે હૈં. આ પંડિત છે.

આહાહા! નિત્યબિંબ પ્રભુ એ તો શુદ્ધ નિશ્ચય–સત્ય પરમ વીતરાગ સુખ-અમૃત.. સુખનો–અમૃતનો સાગર છે. આહાહા! આટલામાં કેમ બેસે એને? ભાઈ! સ્વભાવ છેને અને સ્વભાવની મહિમા શું કહેવી! આહાહા! આવ્યું નહોતું કાલ? એની કીર્તિ કહાં નહીં હૈ? ત્રિકાળ કીર્તિથી ભરેલો આનંદસાગર છે. સમજાય છે કાંઈ? જેમાં ઠરવું છે એ ચીજ કેવી છે, એ કહે છે પહેલી.

સામાયિક એ ઠરવાની ચીજ છેને. પરિણામની ચીજ છેને. વીતરાગ પરિણામ છેને. તો એ વીતરાગ પરિણામને ઠરવાનું સ્થાન ક્યું? કે આવો આત્મા જેમાં શુદ્ધ નિશ્ચય પરમ અકષાય–વીતરાગ સુખનો અમૃત, બસ એ વસ્તુ. એ ત્યાં સુધી વસ્તુ. પાનમાં પરાયણ–એના અનુભવમાં તત્પર એ પર્યાય. એ પાનમાં પરાયણ એ સામાયિક. આહાહા! કહો, સુજાનમલજી! સાદડીમાં સાંભળી હતી આ સામાયિક? આહાહા! પહેલો એનો ખ્યાલ તો કરે, એના ખ્યાલમાં તો એ વાત લ્યે કે આ વસ્તુ આવી છે. અને એ વસ્તુમાં એકાગ્ર થવું કહો કે એના પાનમાં પરાયણ કહો. નિર્વિકલ્પરસના પીવામાં પરાયણ છે એમ કહે છે. કહો, જાદવજીભાઈ! લ્યો, આવી સામાયિક હતી ત્યાં? અરે! વાસ્તવિક તત્ત્વ શું છે, એનો ત્રિકાળી સ્વભાવ શું છે અને એના વર્તમાન ધર્મના પરિણામ કેવા હોય—એની પણ જેને ખબર નથી. આહાહા! ક્યાં ઢળવાનું છે અને જ્યાં ઢળવાનું છે એ ચીજ કેવડી છે? આહાહા! સમજાણું કાંઈ?

જેમાં વળવાનું છે... પર તરફ તો વળી રહ્યો છે અનાદિથી. આહાહા! પર તરફ તો વળી રહ્યો છે અનાદિથી. હવે જેમાં વળવું છે એ ચીજ કેવી છે? એ તો નિત્ય-નિરંજન નિજ પ્રભુ તેનું સ્વરૂપ, એમાં રહેલું શુદ્ધ સાચું પરમ વીતરાગ સુખામૃત... આહાહા! એના શબ્દોય ઓછા પડે છે મુનિરાજને. વળી સુખની સાથે અમૃત જોડી દીધું, વળી એની સાથે વીતરાગ જોડ્યું, એની સાથે પરમ જોડ્યું, એની સાથે નિત્ય, એની સાથે શુદ્ધ. આહાહા! સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મામાં અંદર અનાદિ-અનંત સુખરૂપી અમૃત છે. કેવું સુખરૂપ અમૃત છે? કે વીતરાગી સુખરૂપ અમૃત છે. કેવું છે? પરમ વીતરાગ સુખરૂપ અમૃત છે. કેવું છે? નિશ્ચય વીતરાગ સુખામૃત છે અને તે શુદ્ધ છે. આહાહા! સમજાય છે કાંઈ?

ભગવાન અતીન્દ્રિય આનંદની... શું કહેવાય આ બધા ચૂસે એ? કુલ્ફી. કુલ્ફી કરે છેને. બીજું શું? કુલ્ફી નહીં, આખી ... છે. છોકરા ચુસે છેને કુલ્ફી.. કુલ્ફી. એમ આ તો અતીન્દ્રિય આનંદની કુલ્ફી છે કહે છે. એ વીતરાગી અમૃત સુખામૃત... તે પરમ વીતરાગી સુખામૃત... પણ પરિણામમાં, વીતરાગી સુખનો અનુભવ પર્યાયમાં થાય છે. આ તો પરમ વીતરાગી સુખામૃત ત્રિકાળી. સમજાણું કાંઈ? અને તે પણ શુદ્ધ-નિશ્ચય... પવિત્રતાનો એકલો પિંડ પ્રભુ સત્. આહાહા! બસ એવું જે આત્મ ધ્રુવસ્વરૂપ એના પાનમાં–એના રસને પીવામાં તત્પર, પરાયણ–તત્પર છે એને શુદ્ધ નિશ્ચય પરમ વીતરાગ સુખામૃતની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી વાત!

ઓલું તો પહેલું કહ્યું હતું કે નિત્ય-નિરંજન નિજકારણપરમાત્મા... વળી એના સ્વરૂપમાં–ભાવમાં રહેલું, એમ. આવો જે ભાવ શુદ્ધ નિશ્ચય–શુદ્ધ સત્ય પરમ વીતરાગ સુખ અમૃત એ વસ્તુ. તો એનું પીવું–એના તરફની એકાગ્રતા કરવા એમાં તત્પર છે, એનો એને અંશ પરિણામમાં પ્રગટ થાય છે. આ તો મોટો અંશી છે આખી ચીજ. આહાહા! કહો, સમજાણું આમાં? એને પર્યાયમાં શુદ્ધ નિશ્ચય વીતરાગ સુખામૃતની પરિણતિ પ્રગટે છે. સમજાણું કાંઈ? એને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે, એને સમાધિ કહે છે, એને સામાયિક કહે છે. આહાહા! અહીં તો જરીક માખણના, શું કહેવાય? જાંબુ–ગુલાબજાંબુ. ઘીમાં તળેલા ઉપર કાળા, અંદર ધોળા. ઉપર કાળા હોયને. ચાસણી પી ગયેલા. અંદર.... ઉપર તો કાળા છે. આ તો અંદર ને બહાર બેય ધોળા. સમજાણું કાંઈ? આહાહા! ગુલાબજાંબુ, આ તો ગુલાબી ભગવાન આત્મા. આહાહા!

જેના સુખરૂપી અમૃત એમાં જે પ્રાણી પાનમાં પરાયણ... એમ ભાષા વાપરી છેને? 'પાન પરાયણ' પાઠ જ છે. **पानपरायणो**.. આ તો 'પ' ને 'પ' બે ભેગા રહ્યાને. પાન પરાયણ–પીવામાં તત્પર–પીવામાં પરાયણ. અનાદિથી અજ્ઞાની રાગ-દ્વેષને પીવામાં તત્પર હતો. સમજાણું કાંઈ? આ બધા શેઠિયા, રાજા કે દેવો બધા વિકારના પીવામાં તત્પર હતા, દુઃખી હતા બિચારા. મૂલચંદભાઈ! દુઃખી, પણ આ બધા પૈસાવાળા કહેવાય, છોકરાઓ અમેરિકા જાય, ખમ્મા.. ખમ્મા.. માણેકલાલભાઈને ચાલે દવાનું કારખાનું–દુકાન. એમાં સુખ નહીં હોય કાંઈ? આહાહા! અનાદિથી રાગ અને દ્વેષમાં તત્પર, અનુભવી, એ દુઃખી પ્રાણી સંસારી છે. સમજાણું કાંઈ? જેને આત્મા, અરે! અંશે પણ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ પ્રગટી, ભલે ચારિત્રની પૂર્ણતા ન હોય. આહાહા! ભગવાન કહે છે કે એ સુખી થયો છે હોં, એ સુખને પીવે છે હોં. આહાહા! એ સુખના પીણા પીવે છે. આહાહા! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને એ સામાયિક વિકલ્પ ને પડિકમણા ને મહાવ્રત એ વિકલ્પ છે એ ઝેરના પીણા પીવે છે. સમજાણું કાંઈ?

**એવો જે જીવ**, એમ. **એવો જે જીવ** એને **તિર્યંચયોનિ, પ્રેતવાસ**–હલકા દેવાદિ, **નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે,** લ્યો. એને ઉત્પન્ન થતા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ જેને ચૂસણીયું મળી ગયું... ઓલા છોકરા તો લાકડાના ચૂસણા (ચૂસે). છોકરા નાના નહીં લાકડાના ચૂસણીયા ચૂસે છે? પછી છોડી દે ને આ અંગુઠો ચૂસે. આ ધર્મી તો આત્મા ચૂસે. કહો, સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા... આ સામાયિક. જુઓ! શાંતિભાઈ હતી આ મૂળીમાં? નહીં. આહાહા! હજી શું ચીજ છે એની ખબર નહીં, સાંભળી નહીં ને થઈ ગયા ધર્મી, (થઈ ગઈ) સામાયિક. આહાહા!

ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે આવો આત્મા જાણ્યો, જોયો ને કહ્યો, એવા આત્મામાં જે અંદરમાં એકાગ્ર થઈને રમે, એને સામાયિક, એને પ્રૌષધ, એને પ્રતિક્રમણ, એને પ્રાયશ્ચિત્ત, એને સમ્યગ્દર્શન, એને જ્ઞાન, એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! આ પરાશ્રયના ભાવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (કહે) એની વાત તો આમાં કાંઈ લીધી નથી. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્ર, લ્યો, એ ઝેરનું પીણું છે એમ કહે છે. આહાહા! આકરું લાગં. બાપુ! તું પૂરો પડ્યો છોને પ્રભુ! તારામાં ક્યાં કચાશ ને ક્યાં અપૂર્ણતા છે કે જેને પરનો આશ્રય લેવો પડે? આહાહા!

ભગવાન નિત્ય આનંદથી ભરેલો જેનો સ્વભાવભાવ એકલો પરમ વીતરાગ સુખામૃત, ઓહો! એવો જેનો ભાવ જેમાં રહેલો છે એવો આત્મા, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ભાવ જેમાં રહ્યો છે તે આત્મા. એ આત્મા.. પાનમાં પરાયણ એવો આત્મા એટલે એવો જીવ... **તિર્યંચયોનિ, પ્રેતવાસ, નરકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનને** નિત્ય (વસ્તુ)ને આશ્રયે **નિત્ય તજે છે**. સમજાણું કાંઈ? પણ ભાઈ! આ તો નિશ્ચયની વાત થઈ, પણ એનું સાધન? એ બધું કહે છે માણસ. નિશ્ચય વાત બરાબર છે, પણ એનું–નિશ્ચયનું સાધન હશે કે કાંઈ સાધન વિના? સિદ્ધાંતમાં કહ્યું છે કે વ્યવહાર સાધન છે, લ્યો. નિશ્ચય સાધ્ય છે, વ્યવહાર સાધન છે. એ તો સાધન નિમિત્તથી કહ્યું છે. નથી તેને કહ્યું એનું નામ વ્યવહાર. સાધન તો ભગવાન પોતે જ છે. આહાહા! એને પરના આશ્રયે સાધન માનીને આત્મા એવો છે એ માન્યતા જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ આત્મા એવો છે નહીં.

**નારકાદિ ગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત ને રોદ્ર ધ્યાનને ત્યજે છે તેને**—એવા આત્માને... આમાં એમ ન કહ્યું કે ભાઈ! પહેલો વ્યવહાર કરે અને પછી આત્માનો આશ્રય લે એને સામાયિક થાય? અહીં નહીં કહ્યું હોય, પણ બીજે–બીજા શાસ્ત્રમાં કહ્યું હશેને? પણ બીજા શાસ્ત્રમાં કહ્યું હોય તો આનાથી કાંઈ વિરુદ્ધ કહ્યું હોય? ભાઈ! તે આત્મા રાગ–વિકલ્પ... એ તો કહ્યુંને. જે દ્રવ્યમાં વિધિ-નિષેધ નથી, તો પછી એની પરિણતિમાં પણ આ રાગનો અભાવ છે અને રાગથી થાય છે એ વસ્તુ છે નહીં. આવું **કેવળદર્શનસિદ્ધ...** લ્યો, કેવળજ્ઞાની ભગવાનના દર્શનમાં, જ્ઞાનમાં **નક્કી થયેલું** છે. એ **શાશ્વત સામાયિકવ્રત છે.** તેને સાચું સામાયિક કહીએ. આહાહા!

શ્રોતા : આ દુરુતા કરી નાખે છે બધું. આપની વાણી......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવમાં છે કે વાણીમાં? (ભાવમાં). વાણીમાં ભાવ ક્યાં આવ્યો? આ ભાવ તો આત્મામાં છે એમ કહ્યું પહેલું. આત્મામાં એ ભાવ છે એમ કહ્યું જુઓને! કારણસમયસારમાં–સ્વરૂપમાં રહેલા... વાણીમાં નહીં, રાગમાં નહીં, પર્યાયમાંય નહીં. વાણીમાં

વાણીના ભાવ હોય. વાણીમાં આ ભાવ ક્યાં આવે? આહાહા! વાણીના ભાવને આ ભાવની ખબરેય શી? એ જડ છે. સમજાણું કાંઈ?

એવું કેવળદર્શનસિદ્ધ–કેવળીથી નક્કી થયેલું–ત્રિલોકના નાથ તીર્થંકરથી નક્કી થયેલું, લ્યો, આહાહા! સમજાણું કાંઈ? પહેલી એની રીત શું છે એ એના ખ્યાલમાં તો લે. ખ્યાલ વિના પ્રયોગ શી રીતે કરશે? અંતર્મુખ ચીજ શું છે? એને એકાગ્ર થવું–એમાં એકાગ્ર થવું એ બધી વસ્તુ છે. જેટલા ધર્મના પ્રકાર કહેતા હોય એ બધા આ છે. પછી વિવિધ રીતે સમજાવે છે. સમજાણું કાંઈ? કોઈ ટૂંકી ભાષામાં આવે, કોઈ વિસ્તારથી આવે.

**હવે આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે** : ૨૧૪ કળશ.

**इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति ।**
**यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम् ॥२१४॥**

દેખો! પૂર્ણ તો કેવળજ્ઞાન થાય ત્યારે..

**શ્લોકાર્થ : એ રીતે, જે મુનિ** એટલે આત્મા **આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને**... આર્તધ્યાન જેમાં શાંતિ પીલાય, આત્માનો આનંદ આર્તધ્યાનમાં પીલાય. જેમ તલ પીલાય ઘાણીમાં, એમ આર્તધ્યાનમાં આત્માનો આનંદ પીલાય છે. આહાહા! સમજાણું કાંઈ? રૌદ્રધ્યાન–ક્રોધ આત્મા ઉપર ઘા પડે છે. આહાહા! કઠોરઘાત, આનંદ ઉપર રૌદ્રધ્યાનના કઠોર ઘા પડે છે. આહાહા! એવા બે ધ્યાનોને... આમ એકાગ્રતાને એમ કહેવું છે. **નિત્ય તજે છે** એટલે કે સદાય તેને ઉત્પન્ન થતા નથી. **તેને જિનશાસનસિદ્ધ...** લ્યો, **જિનશાસનથી નક્કી થયેલું...** જૈનશાસનથી નક્કી થયેલું **અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે.** આને અણુવ્રત સામાયિક કહ્યું છે. પુરૂં વ્રત તો કેવળ(જ્ઞાન), યથાખ્યાત ચારિત્ર થાય ત્યારે. સમજાય છે કાંઈ? ઓલા શ્રાવકના અણુવ્રત એ નહીં, મહાવ્રતના પરિણામ એ આ નહીં, વ્યવહાર મહાવ્રતના એ આ નહીં. આ તો અણુવ્રત... ભગવાન પૂર્ણ સ્વરૂપ એને અવલંબે પ્રગટ દશા વીતરાગી પર્યાય પૂર્ણ નથી તેથી એને અણુવ્રત કહેવામાં આવે છે. એને હજી અણુવ્રત કીધું છે. સમજાણું કાંઈ?

ઓલાને મહાવ્રત તો આને અણુવ્રત. લે! આહાહા! હજી તો ધ્યાન કરે છેને એનું? 'વર્જે નિત્ય'... એટલે વર્જે છેને. એટલે નીચલી દશા છેને, એમ. સમજાણું કાંઈ? **તેને જિનશાસનસિદ્ધ**... લ્યો, આ જૈનશાસનથી નક્કી થયેલું અનાદિ-અનંત અણુવ્રતનું સામાયિક વ્રત છે લ્યો. આહાહા! મુનિને છઠ્ઠે ગુણસ્થાને, ત્રિકાળ ભગવાન આત્મા સુખામૃતનો સાગર એના પીણાં પીને જે સ્થિરતા, શાંતિ–વીતરાગતા પ્રગટ થઈ તેને અણુવ્રત સામાયિક કહે છે. પંચમહાવ્રતના વિકલ્પને તો એમાં અડતોય નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? જૈનશાસન મૂક્યું આમાં. ઓલામાં કેવળીશાસન... કેવળીથી–કેવળદર્શનથી સિદ્ધ થયેલું... (ત્યાં કહ્યું)

કેવળદર્શનથી, આહીં કહે જૈનશાસનથી, (ત્યાં કહ્યું) કેવળજ્ઞાનથી સિદ્ધ થયેલું છે. આ સત્ય છે અને એ સત્યથી એને પૂર્ણ સત્યતાની પ્રાપ્તિ (થાય છે). બીજી કોઈ રીત નથી.

આમાં કોઈ એમ કહે કે આ એક જ માર્ગ છે સાચો અને બીજો નહીં. તો એ નહીં, ખોટું છે કહે છે. આ તો બીજું નહીં, ઓલો કહે કે બીજું ખરું. બીજો પણ માર્ગ છે. એકલો તમે કહો, આ એક જ માર્ગ છે આ? જેઠાભાઈ! એક જ છે આ. બીજા બધા આથી વિરુદ્ધ કહે એ બધા પાખંડમાર્ગ છે. આહાહા! જૈનશાસન, વીતરાગી શિખામણ જેની સાથે છે. આહાહા! જાણપણું ઓછું હોય કે વધારે હોય એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? ધારણા ઘણી હોય કે ઓછી એની સાથે સંબંધ નથી. દ્રવ્ય સાથે સંબંધ છે અહીં તો. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ સુખામૃત ભગવાન એને કેટલો અવલંબ્યો છે, બસ એ ઉપર ધર્મનું માપ છે. એને અહીંયા આચાર્ય મુનિરાજે અણુવ્રત કહ્યું લ્યો. આહાહા! ત્રિકાળી નિત્યાનંદ સુખામૃત એના અવલંબનથી પ્રગટેલી સામાયિકદશા, કહે છે કે હજી પૂર્ણ વીતરાગતા, કેવળજ્ઞાન નથી (ત્યાં સુધી છે). સમજાણું કાંઈ? આર્ત-રૌદ્ર ધ્યાન ત્યજવાનું સ્થાન છે. અહીં આમ થાય છે એટલે ઉપજતા નથી, એને અણુવ્રત કહેવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તો નિશ્ચયની વાત થઈ, પણ એનો કાંઈ વ્યવહાર હશે કે નહીં? એમ કહે માળા. એય ચેતનજી! નિમિત્ત હોય કે નહીં કોઈક એનું સાધન? નિમિત્ત કહો તોય નિમિત્ત એનું કર્તા નથી કાંઈ, એમ કહે છે. કર્તા છે, કર્તા હોય તો નિમિત્ત કહેવાય નહીં. સમજાણું કાંઈ? દ્રવ્યને આશ્રયે થતી પરિણતિમાં વ્યવહાર એનો કર્તા નથી. વ્યવહાર નિમિત્ત હોય, નિમિત્તનો અર્થ પરચીજ છે જ્ઞાન કરવા માટે. પરથી છે એમ જ્ઞાન કરવા માટે છે. એને આદરણીય છે અને એને મદદકર્તા છે—એમ જ્ઞાન કરવા માટે વ્યવહાર નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ! બસ, તમારો એક જ માર્ગ ભગવાન કહે એ સાચો? આ બધાય ઘણાય કહે છેને? આ એક જ માર્ગ સાચો છે. તેથી આહીં કહ્યું કે **કેવળદર્શનથી સિદ્ધ... જિનશાસનથી નક્કી થયેલું**. જુઓને! વીતરાગભાવવાળામાં નક્કી થયેલું એમ કહે છે. આને સામાયિક કહેવામાં આવે છે. (ગાથા) ૧૩૦.

**जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो**। જુઓ, ખુબી! ઓહોહો! નિયમસારની રચના અને તે પણ પોતે આચાર્ય એમ કહે છે કે મેં મારી ભાવના માટે રચ્યું છે. એમ આવે છેને ભાઈ! છેલ્લું. મારી ભાવના માટે... ઓહોહો! ગજબ વાત છે. **णियभावणाणिमित्तं**.. (ગાથા) ૧૮૭ છેલ્લી. નિજભાવનાને કારણે... આહા! મેં મારી એકાગ્રતાના કારણે આ બધું વર્ણન (કર્યું) છે. સમજાણું કાંઈ? લ્યો, આ શાસ્ત્રમાં કેમ નાખ્યું હશે? સમયસારમાં તો એમ છે કે આવું જે કોઈ કરશે, તત્ત્વનો અનુભવ કરશે, એને સુખરૂપ પરિણમન થઈ જશે. સમજાણું? આ તો

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं...** આહાહા! મારી ભાવનાને કારણે મેં આ નિયમસાર કર્યું છે.

ઓલા પ્રવચનસારમાં, 'ભક્તિની પ્રેરણાથી પ્રવચનસાર કર્યું છે' એમ કહ્યું છે. મારી ભક્તિની પ્રેરણાથી આ કર્યું છે પ્રવચનસાર. ..... માર્ગની પ્રભાવના અર્થે, ત્યાં એમ કહ્યું છે. આહાહા! અહીં એમ કહ્યું સમયસારમાં. 'જે તત્ત્વમાં સ્થિત થશે તે સુખને પામશે.' સુખનો અનુભવ કરશે, સુખરૂપ થઈ જશે. પામશે નામ સુખરૂપ થઈ જશે. આ કહે છે કે આ નિયમસાર મેં મારી ભાવના માટે કર્યું છે. આહાહા! સમજાણું કાંઈ? જૈનશાસનથી સિદ્ધ થયેલું આ નિયમસાર મેં મારી ભાવના માટે કર્યું છે. ભાવનામાં વારંવાર ભાવ આવે એથી એ કંઈ પુનરુક્તિ (દોષ) નથી. સમજાણું કાંઈ? વીતરાગભાવના પ્રકાર ઘણા પ્રકારે સમજાવે છે અને એનો આશય એને પણ ઘણા-ઘણા પ્રકારે પ્રગટ–પ્રસિદ્ધ કરે. આહાહા!

**जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१३०॥**
**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

ભાવને છે હોં, બેય ભાવની વાત છે. પુણ્ય-પાપ ઓલા પરમાણુ–કર્મની (વાત) નહીં. સમજાણું કાંઈ? પાઠમાં છેને **भावं वज्जेदि णिच्चसो...** આહાહા! ગજબ વાત છે. ટીકા પણ એવી કરશેને!

**ટીકા : આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં સુકૃત-દુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિનું (-શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.** શુભાશુભ પરિણામ છેને? તેનાથી ઉપજતા કર્મ. બધાનો નિષેધ છે અહીં. પણ એથી વધારે વાત બીજી આવશે અહીં. કે પુણ્ય કોને કહેવું? આહાહા! **બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરોનું...** પાછા એનું. સાધારણ પ્રાણીના ચરણકમળની સેવાની વાત નહીં. આહાહા! બાહ્ય-અભ્યંતર પરિત્યાગ લક્ષણથી લક્ષિત પરમ જિનમુનિઓ–સંત... બાહ્યમાં નગ્ન અને ૨૮ (મૂળ ગુણના)વિકલ્પ, અભ્યંતરમાં ત્રણ કષાયનો અભાવ ને વીતરાગતા—એવા મુનિઓનાં ચરણકમળ. આહાહા! સમજાણું કાંઈ? આ પુણ્યની વ્યાખ્યા કરે છે. એવા **ચરણ-કમળના પ્રક્ષાલન...** એનાથી ઉપજતી શુભપરિણતિ–પુણ્યભાવ એ પણ નિષેધ્ય છે, કહે છે. સમજાણું કાંઈ?

આ તો ઊંચામાં ઊંચું પુણ્ય લીધું. જેમાં બાહ્ય ને અભ્યંતર પરિત્યાગ, બાહ્યનો ને અભ્યંતર રાગાદિનો પરિત્યાગ એવા લક્ષણથી લક્ષિત પરમ જિનયોગીશ્વર... સુખામૃતના સ્વાદિયા, પ્રચૂર સ્વસંવેદન એવા મુનિઓના ચરણકમળનું પ્રક્ષાલન–પગ ધોવા એ શુભભાવ છે, એ ધર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા! અને તે પણ શુભપરિણતિ ત્યાજ્ય છે એમ કહેવું

છેને. આહાહા! એનાથી ઉપજતું પુણ્યકર્મ, એમ પાછું ભાવથી ઉપજતું કર્મ, એમ... '**भावं वज्जेदि**..' પાઠમાં તો એમ છે, એકલા ભાવને. છતાં બે નાખ્યું એ સમજાવવા વધારે. સમજાણું કાંઈ? એવા ભાવથી ઉપાર્જેલું કર્મ... આહાહા! એ કેવું છે કર્મ? આહાહા! ભારે ગજબ વાત છેને!

પરમ સંતો, વીતરાગની પરિણતિએ ઝૂલતા અને જેનું ચારિત્ર મુક્તિને લેવાને તૈયાર છે આહા! એવા પરમ જિનયોગીશ્વર... જિન નાખ્યા પાછા, વીતરાગી સંતો. અજ્ઞાનીના માનેલા નગ્ન બાવા નહીં. સમજાણું કાંઈ? કહે છે કે એક વીતરાગમાર્ગમાં–સર્વજ્ઞપંથમાં જ સર્વજ્ઞે કહ્યું તે સ્વરૂપ પરમ આનંદ ને પરમ સુખામૃત સાગર, એમાં જે ઝૂલતો, સમ્યગ્દર્શન પણ એને આશ્રયે પ્રગટ થતું અને એવા ત્રિકાળીને આશ્રયે જે શાંતિ અને વીતરાગ પરિણતિના અમૃતના વેદન કરનારા એવા મુનિઓના ચરણકમળનું પ્રક્ષાલન એ શુભભાવ છે, ધર્મ નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એનું **ચરણકમળસંવાહન...** પગ દાબવા, પગચંપી કરવી, લ્યો. આવા મુનિઓની વાત છે હોં. આહાહા! ભાવ(લિંગી)સંત, જેને અમૃત વરસે છે પર્યાયમાં, અતીન્દ્રિય અમૃત વરસે છે દશામાં. આહાહા! સમજાણું કાંઈ? અને જેની નગ્નદશા છે–દિગંબરદશા છે, અંદર અમૃતના ઝરણા વહે છે. એવા મુનિના પગના પ્રક્ષાલન, એનું ચરણકમળસંવાહન એ પણ પુણ્ય છે, શુભભાવ છે. અને પાછું કહીને એમ કહેવું છે કે એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે, એ પુણ્યકર્મ એનાથી ઉપજ્યું છે. ઉત્પન્ન થયું પુણ્ય, (શુદ્ધ)પરિણતિ ઉત્પન્ન થાય નહીં. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગી સંતોના આવા કથન છે. બીજાને તો ડર લાગે કે અરે! આવું કહેશું તો આમ થાશે, આમ કાંઈક થાશે. પછી મુનિની કોઈ સેવાય નહીં કરે. પુણ્ય થાય, પુણ્યથી તો કર્મ બંધાય. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આવું ખુલ્લું મૂક્યું છે આ તો.

પુણ્યકર્મ બંધાશે (એમ કહેશો તો) પછી કોઈ નહીં કરે. કોણ કરે છે? હવે સાંભળને! એ તો દેહની ક્રિયાના કાળે દેહની ક્રિયા થાય ને શુભભાવ આવે. કરે-ન કરે (એનો) પ્રશ્ન અહીં ક્યાં છે? પણ એ શુભ પરિણતિનું ફળ તો પુણ્ય છે એમ સિદ્ધ કરવું છે, પુણ્યબંધ છે, પુણ્યકર્મ છે. એ શુભપરિણતિનું ફળ અહીં આત્મામાં શાંતિનું મદદ કરે નહીં. શુભભાવ કારણ ને શુદ્ધોપયોગ કાર્ય. અરે, ભગવાન! બાપુ! તને આ વાત કેમ બેસે છે? રાગ તો અશાંતિ છે, આવા મુનિના પ્રક્ષાલનથી ઉત્પન્ન થયેલી શુભ પરિણતિ... ગજબ વાત કરી છેને. વળી કોઈક ગરીબ માણસની સેવા કરે ને 'સેવા ગહનં ધર્મ' આવે છેને. આવ્યું હતુંને એક ફેરી દિલ્હીથી. શું કહે છે?

શ્રોતા : સેવા ધર્મ પરમ ગહનં ....

પૂજ્ય ગુરુદેવશ્રી : યોગીનાંપિ ગહનં... પરની સેવા કરવી યોગીનાંપિ ગહનં... અરે, ભગવાન! શું તું કહે છો? ભાઈ! પરની સેવા કોણ કરે? આ તો આવા ચરણકમળ ભગવાન સંતોના... આહાહા! જેની સેવાનો પ્રસંગ બન્યો.... સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : યે સેવા કોઈ નિરાલી હોગી. સેવા ધર્મ પરમ ગહનં...

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આત્માની સેવા. આ નહીં. અહીં તો આવા મુનિની સેવા શુભ પરિણતિ છે કહે છે. તારા ધર્મરૂપી કઈ હોય? સમજાણું કાંઈ?

એને તો બીજું કહેવું છે હોં. આહાહા! ગપ્પે-ગપ્પ. એક આવ્યો હતો દિલ્હીથી જુગલકિશોર. એનું લખાણ આવ્યું હતું. પૈસા-બૈસા આપ્યા હશે સેવામાં... આપેને પૈસાવાળા. હવે એમાં શું? પૈસા કોના હતા? કોણ આપે? પરને નામે છેતરાઈ જાય છે. .... પચ્ચીસ હજાર આપ્યા. કોને આપે? કોણ લે? વિકલ્પ થયો હોય, પણ આના જેવો તો વિકલ્પ નહીં. આહાહા! પરમેશ્વર(પદ)ની પ્રાપ્તિને લગભગ (-નજીક) છે એવા સંતોની સેવા પણ શુભપરિણતિ છે. આહાહા! ટીકા તે ટીકા કરી છેને! એ આર્તધ્યાન છે. વ્યવહારે ધર્મધ્યાન કહેવાય, વ્યવહારે એટલે કે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

ટીકા કરનારે પુણ્ય-પાપને કઈ રીતે વર્ણવ્યા છે! એ પુણ્ય-પાપનો ભાવ પુણ્ય-પાપકર્મનું કારણ છે, માટે તે બધોય ત્યાજ્ય છે. એ સમયસારમાં ચાર બોલ આવ્યા. આહાહા! બંધન, બંધનનું કારણ અને બંધનનું ફળ અને એ શુભાશુભભાવ એ બંધને આશ્રયે ઉત્પન્ન થાય છે. આહાહા! આવા **લક્ષણથી લક્ષિત**–ઓળખવાયોગ્ય મુનિઓ... એમ કહે છે. બાહ્ય-અભ્યંતર પરિગ્રહ... એકલું બાહ્ય નગ્નપણું નહીં, અભ્યંતર પરિત્યાગ. જેનો રાગ-દ્વેષનો ત્યાગ થઈને વીતરાગતા પ્રગટી છે. આહાહા! એવા **લક્ષણથી લક્ષિત**–એવા લક્ષણથી ઓળખવાયોગ્ય... આવા લક્ષણથી ઓળખવા યોગ્ય, લ્યો એમ કીધું. પરમ જિનયોગીશ્વરોનાં ચરણકમળ–એમના પગનું સેવન, પ્રક્ષાલન–ધોવું... પહેલું હોય છેને. મુનિને બોલાવે, તિષ્ઠ.. તિષ્ઠ.. પછી પગપ્રક્ષાલન કરે. એ વાત અહીં નાખી દેખો! આહાહા! પગપ્રક્ષાલન કરે છેને પહેલું. સમજાણું કાંઈ?

ઓહો! દિગંબર સંતોએ તો વીતરાગતાને ઢંઢેરા પીટીને પ્રગટ કરી છે. માણસને બેસશે કે નહીં, સમાજ આમાં સમતોલ રહેશે કે નહીં? એ કહે કે આ જ માર્ગ છે. હવે માને-ન માને એને લઈને..... આવો જ માર્ગ છે. આહાહા! ઓલા કહે, વ્રત પાળીએ શુભભાવ, તપ કરીએ શુભભાવ, એમાંથી શુદ્ધ થાશે. અહીં તો કહે છે કે આવા મુનિઓ એની સેવા, ... વગેરે.. દેખો! સંતોની સેવા **વગેરે વૈયાવૃત્ય કરવાથી...** આહાહા! એવા વીતરાગી મુનિ, સાક્ષાત્ કેવળજ્ઞાન લેવાને તૈયાર એવા છદ્મસ્થ મુનિ પરમજિનયોગી એનું પ્રક્ષાલન, ચરણ દાબવું, કોઈ બળખો

આદિ છોડવું, શરીરમાં એવી તાકાત ન હોય તો વિષ્ટા આદિ થયા હોય તો સાફ કરવું વિગેરે વૈયાવૃત્ય....

પ્રવચનસારમાં આવે છેને. એને રાગ છે એ વૈયાવૃત્યનો કાળ છે. આહાહા! ચારેકાર વાત એકધારા... એ મુનિ આદિ રોગી હોય ને આને વિકલ્પ જ એવો હોય ત્યારે, એવો જ એનો કાળ છે. ધ્યાનનો કાળ થવાનો હોય તોપણ આમ.... પણ છે એ પુણ્યબંધનું કારણ. આહાહા! આમ કર્મ બાંધે, પણ એવા પરિણામ આ શુદ્ધતાને મદદ કરે એમ નહીં, એમ સિદ્ધ કરવું છે. એ **શુભ પરિણતિ...** શુભ પરિણતિ.. **વિશેષ**–ખાસ **શુભ પરિણતિ...** લ્યો, ઠીક! થાય શું? **ઉપાર્જિત પુણ્યકર્મ...** એનાથી ઉપજે પુણ્યકર્મ, એટલું. પાઠમાં એટલો ભાવ છે. બેય છોડવા જેવા છે. સામાયિકમાં બેય આદરણીય છે નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧૨, શનિવાર, તા. ૨-૧૦-૧૯૭૧
## ગાથા - ૧૩૦, શ્લોક - ૨૧૫, પ્રવચન નં. ૧૪૨ (હિન્દી)

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર ચલતા હૈ. સામાયિક કિસકો હોતી હૈ? સામાયિક.. સામાયિક કરતે હૈં ન લોગ? સામાયિક કહો, નિશ્ચય ધર્મ કહો કિ અપને સ્વભાવકે શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર કહો—જો સુખકા પંથ હૈ, જો મોક્ષકા માર્ગ હૈ, ઉસકો યહાં સામાયિક કહનેમેં આતી હૈ. યે સામાયિક કૈસે હો?

**ટીકા : યહ શુભાશુભ પરિણામસે હોનાવાલા સુકૃતદુષ્કૃતરૂપ કર્મકે સંન્યાસકી વિધિકા કથન હૈ.** આત્મા હૈ ઉસમેં પુણ્ય-પાપકા ભાવ જો ઉત્પન્ન હોતા હૈ, શુભ-અશુભભાવ–શુભાશુભ પરિણામસે ઉત્પન્ન દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઐસા શુભપરિણામ, હિંસા, જૂઠ ચોરી, વિષય આદિ અશુભભાવ—દોષસે ઉત્પન્ન હોનેવાલે સુકૃત-દુષ્કૃતરૂપ કર્મ... પુણ્ય ને પાપરૂપી કર્મ ઉસકે સંન્યાસકી વિધિકા કથન હૈ. શુભાશુભકર્મકે ત્યાગકી વિધિકા કથન હૈ. ધર્મ ઇસકો હોતા હૈ ઔર જન્મ-મરણકે નાશ કરનેકી રીત યહ હૈ. જો કોઈ શુભ-અશુભભાવ હોતા હૈ ઉસકા પહલે દૃષ્ટિમેંસે ત્યાગ કરના. આહાહા! ભગવાન આત્મા અપના અતીન્દ્રિય આનંદ, જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકી દૃષ્ટિ કરકે, શુભ ને અશુભભાવ દૃષ્ટિમેં ત્યાગ કરના કિ વહ ભાવ મેરા નહીં. બંધનકા કારણ હૈ, વહ મેરા પરિણામ નહીં.

ઐસે પ્રથમ સમ્યગ્દર્શન—આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ ઉસકી પ્રતીતિ કરકે અનુભવમેં ઉસકી પ્રતીતિ કરના, યે પ્રથમમેં પ્રથમ સમ્યગ્દર્શનકી રીત હૈ, મોક્ષમાર્ગકી પ્રથમ સીઢી હૈ. પીછે સ્વરૂપમેં રમણ કરકે પુણ્ય ને પાપકે અસ્થિરભાવકો છોડના વહ ચારિત્ર હૈ. સમજમેં આયા? આવી આકરી વાતું! અભી શુભાશુભ પરિણામ કિસકો કહના ઉસકી ખબર ન હો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા યે શુભભાવ હૈ ઐસી ખબર નહીં. વહ તો માનતા હૈ કિ હમારા ધર્મ હૈ. ધર્મ નહીં, વહ તો રાગ હૈ. પંડિતજી! માના જાતા હૈ. ઐસે માનતે હૈં સબ લોગ કિ હમ ધર્મ કરતે હૈં. વહ તો પુણ્યપરિણામ હૈ. યહાં કહેંગેં કિ વહ તો સંસારકા કારણ હૈ. આહાહા! સમજમેં આયા?

અનંત કાલસે જન્મ-મરણસે દુઃખી પ્રાણી ઉસકી ચીજકા ઉસકો પતા નહીં કિ મૈં ક્યા હૂં. ઉસકા પતા (કિયે) બિના ઉસમેં નહીં હૈ ઐસે ભાવકો અપના માનકર ચાર ગતિમેં પરિભ્રમણ (કરકે) દુઃખી હૈ પ્રાણી. સમજમેં આયા? યે જન્મ-મરણકા કારણ આકુલતા, આકુલતા વહ દુઃખ હૈ. ચાહે તો શુભભાવ હો યા અશુભભાવ હો—યે દોનોં આકુલતા હૈ, દુઃખકી જનની હૈ. આહાહા! પહલે ઉસકી દૃષ્ટિ છોડકર, મૈં તો શુદ્ધ આનંદ-જ્ઞાયક હૂં ઐસી પ્રથમ દૃષ્ટિ પ્રગટ કરના

વહ પ્રથમ ધર્મકી સીઢી હૈ. પીછેકી બાત યહાં ચલતી હૈ. પીછે જબ મુનિ–સચ્ચે મુનિ હોકર... બાહ્ય દ્રવ્યલિંગ–નગ્નપના ધારણ કિયા ઉસસે વે મુનિ હો ગયે ઐસા હૈ નહીં. વહ કહતે હૈં દેખો!

**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણસે લક્ષિત**... જિસકો બાહ્યમેં વસ્ત્ર-પાત્ર, શરીરકી મમતા છુટ ગઈ હૈ બાહ્યસે ભી. સમજમેં આયા? ઔર અભ્યંતરસે રાગાદિકા અભાવ હો ગયા હૈ. વીતરાગસ્વરૂપ મૈં હૂં, પરમ આનંદકા ધામ મૈં હૂં–ઐસે લક્ષણસે લક્ષિત **પરમજિનયોગીશ્વર...** મુનિકી વ્યાખ્યા કી. પરમ જિનયોગીશ્વર (કિ) જિસકો આત્મામેં આનંદકી લહર ઉઠતી હૈ. સમજમેં આયા? અતીન્દ્રિય આનંદ... પરમ જિનયોગીશ્વર... પરમ વીતરાગકે ભાવમેં જિસકા એકત્વભાવ ઉગ્રપને હો ગયા હૈ ઐસે મુનિ, ઉનકો મુનિ કહતે હૈં. આહાહા! ઐસે મુનિકા **ચરણકમલપ્રક્ષાલન...** ઐસે મુનિકા ચરણપ્રક્ષાલન કરના યે ભાવ શુભરાગ હૈ. આહાહા! શુભ પરિણતિ હૈ. ઐસે મુનિકી હોં. આહાહા! ચરણકમલપ્રક્ષાલન... મુનિકા ચરણકમલપ્રક્ષાલન તો ગૃહસ્થ કરતે હૈં, મુનિ મુનિકા નહીં કરતે. સમજમેં આયા? ગૃહસ્થકો શુભભાવ હોતા હૈ.

**ચરણકમલસંવાહન...** પાંવ દબાના, પગચંપી કરના–વહ સબ શુભપરિણતિકા ભાવ હૈ, ધર્મ નહીં. મુનિકા ઐસા વૈયાવૃત્ય કરના યે શુભભાવ હૈ. આહાહા! ક્યોંકિ વહ પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકા ઝુકાવ રાગ બિના હોતા નહીં.

શ્રોતા : મહારાજ! .... કરે તો ભી શુભભાવ હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો સાધારણ શુભભાવ હૈ. ઠીક કહા પંડિતજીને. સાધારણ ધર્મકા પુણ્ય હૈ. વહ આતા હૈ પ્રવચનસારમેં. ભાષા શું છે? દેખા હોગા. ... હલકા પુણ્ય. યે તો અચ્છેમાં અચ્છા પુણ્ય કહતે હૈં વહ ભી હેય હૈ. યે તો કહા હૈ. પ્રક્ષાલન કૌન કરે? મુનિ કરે? ગૃહસ્થ.... ઐસા મુનિ હો સચ્ચા, અંતરમેં આનંદકી લહર ઉઠતી હો ઔર વીતરાગભાવ પ્રગટ હુઆ હો, પરમસ્વરૂપમેં જિસકા યોગ જુડા હો, રાગાદિ વિકલ્પ આતા હૈ ઉસકો હેય માનકર, જહર માનકર ઉસકો છોડના ચાહતે હૈં. સમજમેં આયા? ઐસા મુનિકા **ચરણકમલપ્રક્ષાલન, ચરણકમલસંવાહન આદિ વૈયાવૃત્ય કરનેસે ઉત્પન્ન હોનેવાલા**... આહાર-પાની દેના ભી ઉસકી વૈયાવૃત્ય હૈ, વહ ભી શુભભાવ હૈ. સમજમેં આયા?

સાચા મુનિ–સત્ય મુનિ, જિસકો પ્રગટ હુઆ આનંદ, ઉનકો આહાર-પાની દેનેકા ભાવ ભી શુભભાવ હૈ, પુણ્યભાવ હૈ, ધર્મ નહીં. આદિમેં આયા ન વૈયાવૃત્ય સબ. ઉત્પન્ન હોનેવાલી **શુભપરિણતિ વિશેષ...** રાગકી મંદતાકા ભાવ, શુભ અવસ્થા–દશા વિશેષ. એક બાત. ઉસસે **ઉપાર્જિત પુણ્યકર્મકો**... ઉસસે પુણ્યકર્મ બંધતા હૈ. સમજમેં આયા? તથા **હિંસા**કા ભાવ, **અસત્ય**–જૂઠા બોલનેકા ભાવ, **ચૌર્ય**–(ચોરી કરને)કા ભાવ, **અબ્રહ્મ**–વિષયકા ભાવ **ઔર પરિગ્રહ**કા ભાવ... યે **પરિગ્રહકે પરિણામસે ઉત્પન્ન હોનેવાલા અશુભકર્મ...** યે પાંચ પાપસે જો

પરિણામ હુઆ વહ અશુભભાવ હૈ, ઉસસે ઉત્પન્ન હોનેવાલા અશુભ કર્મબંધન હૈ. ઉસસે અશુભકર્મ બંધતે હૈં.

**વે દોનોં કર્મ...** પુણ્ય ને પાપ ઔર ઉસકા ભાવ દોનોં **સંસારરૂપી સ્ત્રીકે વિલાસવિભ્રમકા જન્મભૂમિસ્થાન હોનેસે...** યે દોનોં કર્મ સંસારરૂપી સ્ત્રી... યે ચાર ગતિમેં રખડનેકા ભાવ પાપ ઐસે **સંસારરૂપી સ્ત્રીકે વિલાસવિભ્રમકા...** વિલાસયુક્ત હાવભાવ ક્રીડા ઐસા **જન્મભૂમિસ્થાન...** સંસારરૂપી સ્ત્રીકા જન્મભૂમિસ્થાન હૈ વહ. આહાહા! પુણ્ય-પાપકે ભાવસે સંસાર ઉત્પન્ન હોતા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? ઇસસે ધર્મ નહીં હોતા એમ કહતે હૈં. ઝીણી વાત છે ભાઈ! કહે છે... 'સંસારરૂપી સ્ત્રી' (શબ્દ) હૈ યહાં તો (અર્થાત્) વહ દુઃખરૂપી દશા, ઉસકા પરિભ્રમણકા કારણ હૈ અથવા વહ વિલાસવિભ્રમકા જન્મભૂમિસ્થાન હૈ, દુઃખકી ક્રીડામેં રમનેકા સ્થાન હૈ શુભાશુભ પરિણામ ઔર શુભાશુભકર્મ. આહાહા! સમજમેં આયા? શુભ પરિણામ હો ઔર પુણ્યબંધ હો, લક્ષ્મી આદિ પાંચ-પચાસ લાખ મિલ ગઈ (તો ભી) યે દુઃખી પ્રાણી હૈ, એમ કહતે હૈં.

શ્રોતા : જરા ભી (સુખી) નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પૂરા દુઃખી હૈ. ધૂલમેં સુખ નહીં વહાં. લક્ષ્મીમેં કૈસા સુખ હૈ? યે તો માટી–ધૂલ હૈ. યે ક્રિયા હુઈ વહ માંસ, હાડકા, ચમડા હૈ, ઉસમેં કહાં સુખ આયા? ઔર મકાન બના હો ૨૫-૫૦ લાખકા બડા, ઉસમેં કહાં સુખ હૈ? યે તો જડ હૈ, માટી–ધૂલ હૈ.

ઐસે દુઃખકા ઉત્પન્ન કરનેવાલા પુણ્ય પરિણામ હૈ, એમ કહતે હૈં. ભાષા દેખો! ઓહોહો! હું ભગવાન થઈ ગયો, લ્યો. ક્યાં ગયા હીરાભાઈ? કહો, સમજાણું કાંઈ? હીરાભાઈ મળ્યા ને આ મકાન-મેડીયું થઈ, એ બધું દુઃખનું નિમિત્ત છે એમ કહે છે. આહાહા! શુભપરિણામ–રાગકી મંદતારૂપી શુભદશા યે વિકાર હૈ. આહાહા! વિકાર તો સંસારકી પરિણતિ ઉત્પન્ન કરનેકા સ્થાન હૈ. આહાહા! એની જન્મભૂમિ, સંસારની ઉત્પત્તિનું એ સ્થાન છે. આહાહા! સમજમેં આયા? મુનિકો ભી કહતે હૈં કિ તેરા યે (શુભ)પરિણામ સંસાર ઉત્પત્તિકા કારણ હૈ. આહાહા!

અપની ચીજ અંદર ક્યા હૈ ઔર નિત્યાનંદ અવિનાશી શક્તિ અને શક્તિવાન, જિસમેં વહ પુણ્ય-પાપકા ભાવ હૈ હી નહીં. ઐસી ચીજકી કભી દૃષ્ટિ કી નહીં અને ઉસ ચીજકી દૃષ્ટિ કિયે બિના ઉસકા જન્મ-મરણ કભી મિટતા નહીં. ૮૪ લાખ યોનિમેં પરિભ્રમણ કરતા હૈ. સમજમેં આયા? દેખો! મુનિને કિતના સ્પષ્ટ કિયા હૈ! આહાહા! કહતે હૈં કિ ઐસા જો પરિણામ–ભાવ હૈ ઉસકો સામાયિક નહીં હોતી. એમ કહતે હૈં. સમજમેં આયા? ક્યોંકિ અંદર આત્માકી સમતા ઉત્પન્ન હુએ બિના સામાયિક હોતી નહીં. યે તો વિષમભાવ હૈ. શુભ-

અશુભભાવ તો વિષમભાવ હૈ, વહ સામાયિક નહીં, વહ ધર્મ નહીં. યે તો સંસારકી ઉત્પત્તિકા જન્મભૂમિકા સ્થાન હૈ. આહાહા!

ઐસે મુનિ **જો સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકા શિખામણિ...** દેખો! મુનિકો કહતે હૈં. તેરા પરિણામ ઐસા હુઆ હો ઔર પૂર્વકે નિમિત્તસે ઐસા કષાય મંદ હુઆ હો, વહ છોડનેલાયક હૈ. અસ્થિરતા છોડકર સ્વરૂપમેં સ્થિરતા કરના, ઉસકા નામ સામાયિક ને ધર્મ હૈ. સમજમેં આયા? અરે! ઉસકો અંદર પુણ્યકે પરિણામકી મીઠાશ હૈ. મીઠાશમેં, આત્મા ક્યા હૈ વહ અનાદિસે ભૂલ ગયા હૈ. ધૂલમેં બાહરમેં પુણ્ય ને પાપકા ફલ... નટુભાઈ! પુણ્ય થોડા મિલે તો દસ હજાર, પચાસ હજાર વર્ષકી પૈદાશ હો, ૫-૨૫ લાખકી પૂંજી હો, સુખી હૈ. મૂઢ હૈ, સુખ કહાંસે આયા? સમજમેં આયા? પુણ્યફલકા જન્મભૂમિસ્થાન હૈ સંસાર. વહ સંસાર હૈ, ઉસમેં સુખ કહાં આયા? સુખ તો અપને આત્મામેં હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ–રાગ ઉસકી દૃષ્ટિ છોડકર પહલે પૂર્ણાનંદસ્વરૂપ અભેદ ચૈતન્યકી દૃષ્ટિ કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન ધર્મ હૈ. પીછે અસ્થિરતા છોડકર સ્થિરતા કરના વહ મુનિયોંકા સંયમ હૈ, યે સામાયિક મુનિકી હૈ. મુનિકી સામાયિકકી બાત ચલતી હૈ ન. સમજમેં આયા?

શ્રોતા : મહારાજ! ગૃહસ્થ હૈં ....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે ગૃહસ્થકી બાત ચલતી હૈ ન. ક્યા કહતે હૈં? ગૃહસ્થકો કહતે હૈં.

શ્રોતા : આપ મુનિકી બાત ફરમાતે હો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુનિકી ઉત્કૃષ્ટ બાત હૈ, પણ ઉસકા પ્રક્ષાલન કરનેવાલા શ્રાવક હૈ કિ નહીં? ઉસકો ભી શુભપરિણતિ સંસારકી ઉત્પન્ન કરનેવાલી હૈ એમ કહતે હૈં.

પાદપ્રક્ષાલન (કિસકા) કરે? સચ્ચા મુનિ. જિસકો આત્મજ્ઞાન હૈ, અનુભવ હૈ, રાગકા–વિકલ્પકા કર્તા નહીં, પંચમહાવ્રતકે વિકલ્પકા કરનેવાલા નહીં, પંચમહાવ્રતકે પરિણામકો સંસારકી ઉત્પત્તિકા સ્થાન માનતે હૈં. આહાહા! ગજબ બાત હૈ ન! યે રાગ હૈ. એ રાગ સંસારરૂપી સ્ત્રીનું જન્મભૂમિસ્થાન–એનું પિયરસ્થાન એ છે. સમજાણું કાંઈ? બાપુ! માર્ગ ધર્મનો અલૌકિક છે. ઉસમેં વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા અરિહંતદેવને કહા ધર્મ વહ અપૂર્વ અલૌકિક હૈ. જગતમેં કહીં હૈ નહીં. સમજમેં આયા? યહાં કહતે હૈં કિ ઐસે મુનિકી પ્રક્ષાલન કરે, પગ ચંપે, આહાર-પાણી દે—એ ભાવ સંસારરૂપી સ્ત્રીનું જન્મભૂમિસ્થાન. કોણ કહે આ? કહો, મૂલચંદભાઈ! આ બધા આચારો... આ બધા શેઠિયા..... આમ આહારદાન મુનિને દ્યો, આપણને થઈ જાય ધર્મ.

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કરવું પડે, પણ ધર્મ નહીં, એમ કહતે હૈં. જિસકો દેતે હૈં વહ મુનિ હૈ નહીં. મુનિકી તો બાત અલૌકિક હૈ. જિસકો નગ્નદશા (ઔર) જંગલમેં બસના હૈ ઔર આનંદકી

દશા ઉત્પન્ન હો, અતીન્દ્રિય આનંદકે આગે જહાં સારા જગત એંઠ લગતી હૈ ઉસકો. સારા જગત, ઇન્દ્ર ને ઇન્દ્રાણીના શરીરો એ એંઠ જગતની એંઠ છે. એંઠ સમજતે હો? જૂઠા. જૂઠન. જૂઠન.

જૂઠા નહોતો દાખલો આપ્યો હમણા એક? જૂઠન કહો. એક આદમી થા.... આદમી થા ઉસકા દૂસરા આદમી વિરોધી થા હિન્દીમેં. વહ માણસ કરે ઉસસે ઉલટા કરના. ઉસકી..... વહ કહે ઉસકા ઉલટા કરના. એક બાર ઉલટા કરનેવાલા આદમી થા વહ સુપારી ખાતા થા, સોપારી. સોપારી કહતે હૈં? સુપારીકા ટુકડા (મુંહમેંસે) બાહર નિકલ ગયા, તો દૂસરા આદમી થા ન વિરુદ્ધ કરનેવાલા, વહ કહતા હૈ, અરેરે! યહ ટુકડા ત્યાગ દિયા. દૂસરા આદમી કહે. વહ ત્યાગ કરે તો મૈં ખા લૂં. વહ કરે ઉસકા ઉલટા કરના. જૂઠન. ક્યા કરના? ... બધા માણસ મશ્કરી કરતા હતા કે અરર! શું કર્યું તેં? ...... વહ કરે ઉસસે ઉલટા કરના. સુપારીકા ટુકડા નિકલ ગયા મુંહમેંસે. યે તો જૂઠન હૈ, ત્યાગ હૈ. તુમ ત્યાગ કરતે હો, હમ ગ્રહણ કરતે હૈં.

ઐસે જૂઠા માણસ અજ્ઞાની, ભગવાન કહતે હૈં કિ પુણ્ય-પાપકા ત્યાગ (કરો). વહ જૂઠા કહે કિ નહીં, હમેં ગ્રહણ કરના. ભગવાન કહતે હૈં ઉસસે ઉલટા કરના. અનાદિસે ઐસા કિયા હી હૈ. સમજમેં આયા? ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા જિનેશ્વરદેવ સમવસરણકે મધ્યમેં ઐસા ફરમાતે થે, વહ બાત યહાં હૈ. મુનિ સચ્ચા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાલા ભાવલિંગી ઉસકી સેવા કરનેવાલેકો જો શુભભાવ હોતા હૈ યે સંસારકે જન્મસ્થાનકા કારણ હૈ. આહાહા! સંસારકી ઉત્પત્તિકા વહ કારણ હૈ, વહ મોક્ષકા કારણ નહીં. આહાહા! ભીખાભાઈ! એ આવે છે તમારે શ્વેતામ્બરમાં. વિપાક.. વિપાક..

વિપાકમેં દસ મિથ્યાદૃષ્ટિ થે ગૃહસ્થ. સાધુને આહાર આપે છે. મિથ્યાદૃષ્ટિ આહાર આપતા સંસાર પરિત્ કરી નાખ્યો, એવો પાઠ છે. દસ.. દસ અધિકાર. વિપાક શ્વેતામ્બરમેં... સબ જૂઠ બાત હૈ. શુભભાવમેં પરિત્ સંસાર કિયા, ઐસા પાઠ હૈ. સંસારકા નાશ કિયા. ઐસા વિપરીત માર્ગ હૈ. સમજમેં આયા? એક બાત ચલી થી ૭૭મેં ગોંડલમેં. વહ આતી હૈ ન ઉસમેં ..... શ્વેતામ્બરમેં આતા હૈ કિ ભગવાનકો રોગ હુઆ. ભગવાનને કહા કિસી અણગારકો કિ જાઓ, આહાર લે આઓ. અપને લિયે બનાયા નહીં, પણ ઘોડાકે લિયે બનાયા આહાર હૈ વહ લાઓ મેરે લિયે. રોગ હુઆ. બાત સબ જૂઠી હૈ. ભગવાનકો રોગ હોતા હી નહીં. પણ શ્વેતામ્બરમેં ઐસી બાત ચલતી હૈ. તો વહ બાત ચલી થી ૭૭મેં ગોંડલમેં. .......... પોપટભાઈ હતા.

મેં કીધું, જુઓ! ભાઈ! આ ભગવાનને આહાર આપે એમાં પરિત્ સંસાર થાય નહીં. પણ ઇસમેં લિખા હૈ ન? ભગવતીમેં ઐસા લિખા હૈ. ભગવાનકો રોગ હુઆ, કિસી અણગાર આહાર લેને ગયા, આહાર દિયા. રેવતીકે ઘરસે આહાર લિયા તો આહાર લેનેસે પરિત્ સંસાર

હો ગયા–બાઈકા સંસારકા નાશ હો ગયા. ખબર છે. ખબર છે મને. એમ હોય નહીં. (સંવત) ૭૭. ૫૦ વર્ષ હુએ. ૫૦ વર્ષ પહલેકી બાત હૈ. સબ લોગ તો ઐસે માનતે હૈં. ....... કેમ લખ્યું છે ખબર છે. ભગવાનને આહાર દેવાથી સંસારનો નાશ થાય. ....... એ વળી ત્યાં પછી. ભગવાનકો આહાર કૈસા? તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા ભગવાનકો આહાર ને રોગ કૈસા? રોગ-બોગ હોતા નહીં. સમજમેં આયા?

યહાં આચાર્ય કહતે હૈં, મુનિ કહતે હૈં. દેખો! દિગંબર સંત હૈં, જંગલવાસી. પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહલે (હુએ). વે કુંદકુંદાચાર્યકી ગાથાકા અર્થ કરતે હૈં. ગાથા, કુંદકુંદાચાર્યકી ૨૦૦૦ વર્ષ પહલેકી ગાથા હૈ. દિગંબર સંત કુંદકુંદાચાર્ય. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી..' આતા હૈ ન. 'મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં'. કુંદકુંદાચાર્યકી ગાથા ઉસકા મુનિરાજ દિગંબર સંત અર્થ કરતે હૈં કિ કુંદકુંદાચાર્ય ઐસે કહતે હૈં. સચ્ચા મુનિકી વૈયાવૃત્ય કરનેસે ભી જો શુભભાવ હુઆ વહ ભી સંસાર(રૂપી) સ્ત્રીકી જન્મભૂમિ હૈ, યે ઉત્પત્તિસ્થાન હૈ. આહાહા! ગજબ બાત હૈ ન.

....માં અહીં બીજો દાખલો આવે છેને ઓલો. હાથીએ દયા પાળી. ........ આમ હોય નહીં. એવી દયાઓ તો અનંતવાર પાળી છે. નવમી ગ્રૈવેયક ગયે... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' અનંતબૈર નવમી ગ્રૈવેયક ગયા (ઐસા) ભગવાન ફરમાતે હૈં. સસલાકી દયા પાલનેસે સંસારકા પરિત્ હો (વહ) હમકો માન્ય નહીં. શાસ્ત્રમેં લિખા હૈ. ભલે લિખા હો. શ્વેતામ્બરમેં હૈ. એક હાથી થા. વહ જંગલમેં રહતા થા. જંગલ જલા, તો હાથીને એક જોજન ચાર ગાઉમેં મંડલ બનાયા થા. ... કરતે હૈ. ચાર ... નિકાલકર ઐસા કરતે હૈં. જંગલ જલા તો યે હાથી વહાં આ ગયા. ચારોં ઓર જંગલ જલતા થા, એરિયામેં. ઉસમેં બહોત (પશુ) આયે સસલા, દૂસરે પક્ષી (આદિ).

એક ખરગોશ ઐસા આયા (ઔર) કહીં રહનેકા સ્થાન નહીં થા. ઉસમેં ઉસ હાથીને પગ ઉઠાયા. જરી ખરજ ઉઠી. ઇતનેમેં ખરગોશ (ઉસ જગહમેં) ઘુસ ગયા. હાથીને નીચે દેખા, અરે! ઉસને તીન દિન સુધી પગ મોડકર રખા. નીચે નહીં રખા. ઉસકી દયાસે સંસાર પરિત્ કિયા ઐસા આતા હૈ. આહાહા! તીન દિન... .....તીન દિન. ધૂળેય નહીં. તપસ્યા ક્યા હૈ? શુભ પરિણતિ, શુભરાગ હૈ, વિકલ્પ હૈ. દયા અનુકંપનો એવો પાઠ છે. પછી ઓલો નીકળી ગયો સસલો. તીન દિનસે ઐસા પગ થા ન ઐસા, જમ ગયા. ઐસે કરને ગયા હાથી તો મર ગયા, સ્વર્ગમેં ગયે. યે કથા બનાયી હૈ. યે બાત સચ્ચી નહીં. હાથીકો દયાસે સંસારકા નાશ હો. પરકી દયાસે કભી હોતા નહીં. ઐસે તીર્થંકરકો મુનિ (અવસ્થામેં) છદ્મસ્થકાલમેં આહાર દે, તીર્થંકર જબ છદ્મસ્થ (અવસ્થામેં) હોતે હૈં, તો આહાર દે. સંસાર પરિત્ (હોતા) નહીં, પુણ્યબંધ હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં કિ મુનિ... આહાહા! ગૃહસ્થ સમકિતી તો ઉસકો દૃષ્ટિમેં હેય કરતે હૈં. મુનિ અથિરતામેંસે છોડકર સ્થિરતા કરતે હૈં એમ કહતે હૈં. ગૃહસ્થાશ્રમમેં સમકિતી ધર્મીજીવ ઐસે શુભપરિણામકો હેય માનકર અપની દૃષ્ટિમેંસે છોડ દેતા હૈ. સમજમેં આયા? ઔર મુનિ, અસ્થિરતા હૈ ઉસકો છોડકર અપને સ્વરૂપમેં સ્થિરતા કરતે હૈં. સમજમેં આયા? અરે! જન્મ-મરણના ચોરાશીના અવતાર... ક્યાંય ધૂળમાંય સુખ નથી. હાડકા, માંસ, આ તો ચામડા છે. રાખ હોગી સ્મશાનકી. ફૂ.. જાઓ. તેરી ચીજ કહાં હૈ? યે તો જડકી ચીજ હૈ. જડસે તો પુણ્ય ભી નહીં હોતા. અપને પરિણામમેં શુભભાવ હો તો પુણ્ય હોતા હૈ. ઔર દેહકી ક્રિયાસે પાપ ભી નહીં હોતા. વહ તો જડ હૈ, માટી હૈ, અજીવ હૈ. પરિણામ લિયા ન યહાં? દેખો ન!

હિંસા, જૂઠું, ચોરી, વિષય, બ્રહ્મ, પરિગ્રહ પરિણામ. પરિણામસે ઉત્પન્ન અશુભકર્મ... દેહકી ક્રિયાસે ઉત્પન્ન અશુભકર્મ ઐસા નહીં હૈ. ઉસમેં ભી વહ લિયા થા. પુણ્યકર્મ પરિણામ. શુભપરિણતિ વિશેષસે પુણ્યકર્મ ઉત્પન્ન હુઆ, ઉસ પરિણામસે... શુભપરિણતિ... શુભપરિણતિ કહીને પહેલા. ...... પણ છે એ શુભપરિણામ. વિશેષ શુભપરિણતિસે પુણ્યકર્મ ઉત્પન્ન કિયા, લ્યો. ખાસ પ્રકારકા પુણ્ય હૈ, તો ભી હૈ સંસારકા કારણ. ઊંચી જાતનું હોય તોય સંસારનું કારણ. તીર્થંકરગોત્રકા ભાવ વહ ભી સંસાર–દો ભવકા કારણ હો ગયા. ભગવાનને ઉડા દિયા હૈ. મૈં ક્યા કરું? પંડિતજી! પુણ્ય પુણ્યપને હૈ, પણ વહ ધર્મપને નહીં ઐસા ઉડા દિયા.

યહાં તો કહતે હૈં કિ જૈસે અશુભપરિણામ અશુભકર્મકા કારણ હૈ, દેહકી ક્રિયા શુભકા કારણ નહીં ઐસે કહના હૈ, ઐસે શુભપરિણતિ શુભપુણ્યકા કારણ હૈ. દેહકી ક્રિયા કિ આહાર દિયા (આદિ) વહ ક્રિયા પુણ્યકા કારણ, શુભપરિણતિ નહીં. સમજમેં આયા? આહાર દેનેકી ક્રિયા હો ન શરીરસે, ઉસસે પુણ્ય નહીં હુઆ. પરિણતિસે પુણ્ય હુઆ, પરિણામસે પુણ્ય હુઆ હૈ. સમજમેં આયા? ભગવાનકી પૂજા, સ્વાહા ઐસા કરે ઉસસે પુણ્ય નહીં હોતા. શુભભાવમેં પુણ્ય હોતા હૈ. સમજમેં આયા? શુભભાવસે પુણ્ય હોતા હૈ, દેહકી ક્રિયાસે પુણ્ય હોતા હૈ ઐસા નહીં. સમજમેં આયા? યે તો જડ હૈ. જડસે પુણ્ય-પાપ, ધર્મ તીનોં નહીં હોતા. યે માટી હૈ, અજીવ હૈ. યે (સ્વ)તત્ત્વ હૈ હી નહીં. તો પર તત્ત્વસે ક્યા પુણ્ય હોતા હૈ? પર તત્ત્વસે પાપ હોતા હૈ? પર તત્ત્વસે ધર્મ હોતા હૈ? સમજમેં આયા?

વહ કહા ન, શુભપરિણતિસે ઉપાર્જિત પુણ્યકર્મ... દેહકી ક્રિયા આહાર દેનેકી હુઈ, વૈયાવૃત્યકી હુઈ, ઉસસે પુણ્યકર્મ ઉત્પન્ન હુઆ ઐસે નહીં. પરિણામ... આહાહા! ઐસે શુભ ને અશુભ પરિણામ **સંસારરૂપી સ્ત્રીકે વિલાસવિભ્રમ–વિલાસયુક્ત હાવભાવ, ક્રીડા** દુઃખકા જન્મભૂમિસ્થાન હોનેસે... આહાહા! **જો સહજ વૈરાગ્યરૂપી મહેલકે શિખરકા શિખામણિ...** ધર્માત્મા સંત કિ ધર્માત્મા સમકિતી પુણ્ય-પાપ પરિણામકો હેયબુદ્ધિ કરકે છોડ દેતે હૈં.

મુનિરાજ ઉસકો હેય જાનકર છોડકર સ્થિરતા કરતે હૈં. સમજમેં આયા? **ઉસે નિત્ય કેવલીમતસિદ્ધ...** દેખો! ઐસે ધર્માત્માકો જો પુણ્ય ને પાપકા ભાવ હૈ વહ છોડતે હૈં. ઉસસે સામાયિક નહીં હોતી–શુભપરિણતિસે સામાયિક નહીં હોતી. રાગ–શુભરાગ હૈ, ઉસસે તો પુણ્યબંધ હોતા હૈ, ઉસસે સામાયિક નહીં હોતી. વહ ભાવકો છોડતે હૈં.

**ઉસે નિત્ય કેવલીમતસિદ્ધ (કેવલિયોંકે મતમેં નિશ્ચિત હુઆ)...** સર્વજ્ઞ પરમાત્મા 'કેવલી પણ્ણત્તો ધમ્મો' કેવલીકે કહે અભિપ્રાયમેં (નક્કી હુઆ) સામાયિક વ્રત હૈ. ઉસકા નામ સામાયિક વ્રત કહનેમેં આતા હૈ. હજી તો સમજવું કઠણ પડે (કે) ક્યા કહતે હૈ ને કૈસા હૈ. સમજમેં આયા? કેવલીકે મતમેં (અર્થાત્) સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ઉસકે અભિપ્રાયમેં (નક્કી હુઆ) ઉસકો યથાર્થ સામાયિક કહનેમેં આતા હૈ. યહાં તો કહે કિ શુભ કરો, કરતે-કરતે શુદ્ધોપયોગ હોગા. ધૂળેય નહીં હોગા, શુભસે પુણ્યબંધ હોગા. શુદ્ધભાવ(રૂપ) ધર્મકા આશ્રય તો દ્રવ્યસ્વભાવ હૈ, ધર્મકા આશ્રય પુણ્યપરિણામ નહીં.

**ઇસ ૧૩૦વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ તીન શ્લોક કહતે હૈં:** પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા દિગંબર સંત, વનવાસમેં રહનેવાલે. ૨૧૫ કળશ છે ને.

**त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं**
**नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम् ।**
**तस्मिन् सद्दग् विहरति सदा शुद्धजीवास्तिकाये**
**पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात् ॥२१५॥**

જિન–તીર્થંકર સુધી લઈ ગયા છે. **શ્લોકાર્થ : સમ્યગ્દૃષ્ટિ જીવ...** દો પંક્તિકે બાદ. જિસકો, આત્માકા શુદ્ધસ્વભાવ પૂર્ણાનંદ વહ હી મૈં હૂં, પુણ્ય-પાપકા રાગ હોતા હૈ વહ મૈં નહીં, મેરેસે ભિન્ન હૈ, મેરી ચીજમેં તો અકેલા જ્ઞાન ને આનંદ ભરા હૈ—ઐસી જિસકો અંતર્દૃષ્ટિ હુઈ વહ જીવ... વહ જીવ–સમ્યગ્દૃષ્ટિ જીવ—ધર્મી જીવ **સંસારકે મૂલભૂત સર્વ પુણ્ય પાપકો છોડકર...** દેખો! લ્યો, એ સંસારનું મૂળભૂત એ પુણ્ય-પાપને છોડીને... પુણ્ય-પાપ કર્મ હો, ઉસકા કારણ શુભાશુભભાવ, સબ સંસારકા મૂલભૂત હૈ. આહાહા! મોક્ષનું મૂળ તો આત્મા છે. અતીન્દ્રિય વીતરાગમૂર્તિ આનંદકંદ ઉસકે સ્વભાવકા આશ્રય કરકે જો શુદ્ધપરિણતિ હો વહ મોક્ષકા કારણ હૈ. શુભ પરિણામ હૈ યે તો સંસારકા કારણ હૈ. આહાહા! ભારે કઠણ.

આ (તો) કહે, શુભ કરતે-કરતે હોગા ન? એકદમ શુદ્ધ હોગા? લહસુન ખાતે-ખાતે કસ્તુરીકા ડકાર આયેગા ન? નહીં. લહસુન.. લહસુન.. લસણ ખાયે આદમી યહાં તક ઔર ડકાર આયા કસ્તુરીકા—ઐસા હોતા હૈ? કસ્તુરી એટલે ક્યા? કસ્તુરી હો જાતી હૈ? કમ કિંમતમેં ચીજ મિલે ને ઉસસે કાર્ય હો, ઉસ અપેક્ષાસે ઉસે કસ્તુરી કહા. કસ્તુરી ચીજ ક્યા? આહાહા! એક ફેરી નહોતા કહેતા વીરજીભાઈ? સવા શેર કસ્તુરી હતી એની પાસે. કોઈક મૂકી

ગયું હતું. સવા શેર કસ્તુરી. વીરજીભાઈ એક હતાને વકીલ. આપણા કાઠિયાવાડમાં દિગંબર શાસ્ત્રના અભ્યાસી પહેલા એ. વીરજીભાઈ હતા વકીલ જામનગરના. ૯૨ વર્ષે ગુજરી ગયાને. વે કહતે થે કિ કોઈ ઉસકે ઘરમેં સવા શેર કસ્તુરી રખ ગયા થા, સવા શેર કસ્તુરી. પેહલેકી બાત હૈ, ૫૦-૬૦ વર્ષ પહલેકી. સાચવવા માટે આપી હતી કોઈએ. પીછે લે ગયા, ૫-૧૦ વર્ષ પીછે લે ગયા, પણ જિસમેં રખી થી કસ્તુરી, ડબા, ઉસકે અંદર ડબા, ઉસકે અંદર ડબા. તો સારા કપડા આદિ સબમેં કસ્તુરીકી સુગંધ હો ગઈ. એ વીરજીભાઈ કહેતા હતા. ડબામાં મૂકી હતી. આમ ઘર મોટું ને ત્યાં જેટલી કાંઈ વસ્તુ રાખી હોય એમાં એવી ગંધ.. ડબેમેં પક્કી હોં. ઇતની ગંધ (હો ગઈ) ઉસમેં કિ સારા ચોપડા... ચોપડા કહતે હૈં? પાના-પાના ફેરવે તો કસ્તુરીની સુગંધ આવે. ઉસકી સુગંધ ઘુસ ગઈ. ઐસી કસ્તુરી....

ઐસે આત્માકી ઐસી સુગંધ હૈ... આહાહા! પર્યાયે-પર્યાયે પાના ફેરવો તો આનંદ આતા હૈ ઐસી હૈ. આહાહા! સમજમેં આયા? ઐસી સુગંધ આનંદકી હૈ ઉસમેં. પુણ્ય-પાપમેં તો દુઃખ હૈ, ઝેર હૈ. નટુભાઈ! બહારમાં પણ કેવું લાગે. વકીલ મોટા કહેવાય. કાલે યાદ કર્યા હતા ચંદુભાઈએ તમને. એક પ્રશ્ન આવ્યો છે. આ પાદુકા હોયને ચરણપાદુકા, યે ચરણપાદુકા શ્વેતામ્બરમેં કૈસી હૈ ને દિગંબરમાં કૈસી હૈ? કે પૂછો નટુભાઈને થોડું, કીધું, એમને યાદ હોય તો. ..... રામજીભાઈને બહુ પત્ર આવ્યા છે. ત્યાં સમ્મેદશિખરમાં ભગવાનની ચરણપાદુકા આપણે કેવી હોય, શ્વેતામ્બરમાં કેવી હોય? બેના લક્ષણ શું છે? અંતર ક્યા હૈ? રામજીભાઈ... ચંદુભાઈએ કાલે યાદ કર્યા હતા તમને. પૂછો, કીધું. પૂછવામાં શું વાંધો છે? અમારે અહીં ચેતનજી છે, ઉસકો પૂછો. કૈલાસચંદજી હૈ, પૂછો કિ ક્યા હૈ. તુમ તો પહલેસે દિગંબર સંપ્રદાયકે હો. માલુમ ન હોય તો બરાબર છે. ચરણપાદુકાકા પ્રશ્ન આયા હૈ. સમ્મેદશિખરજીમેં શ્વેતામ્બર-દિગંબર બીચમેં... બનાતે હૈં તો અપને ભી બનાના હૈ. અપના વિષય તો હૈ નહીં. સમજમેં આયા? કોઈને પૂછે ત્યારે જવાબ............

અરેરે! દુનિયા ક્યાં પડી છે? શુભભાવકા કારણ હૈ, મૈંને કહા થા શાહુજીકો, જયપુર. શાંતિ શાહુ.. શાહુ શાંતિપ્રસાદ. જયપુરમેં આયે થે ન હમ, તબ થે ન વહાં. આયે થે, તો કીધું, ૨૫૦૦ વર્ષકા... ભગવાનકે (જન્મકા) ૨૫૦૦વાં વર્ષ બૈઠતા હૈ તો સબ મિલકર... પ્રેમ હૈ લોગોંકો... અપના વિચાર કર લો. ઇસ સંબંધીમેં સબ ઇકઠા હોકર કરે તો પુણ્યભાવકા કારણ હૈ, ભાઈ! પુણ્યભાવકા કારણ હૈ. ૨૫૦૦ વર્ષની ઉજવણી કરવી, પુણ્યભાવકા કારણ હૈ. શાહુજી આયે થે વહાં, જયપુરમેં આયે થે. શિક્ષણશિબિરમેં ગયે થે ન અભી. જયપુર, ૨૦ દિન. બહુત તીન લાખ ખરચા ન ગોદિકાને. તો વે આયે થે. શું કહેવાય? કમિટી મીટીંગ.. મીટીંગ. ...... સંપ કરીને ઇકઠા હોકર... શુભભાવ હૈ, પુણ્યભાવકા કારણ હૈ, ધર્મકા કારણ હૈ નહીં.

આરે, આરે! રાડ નાખેને. ....શુભભાવ છે, એ તો આવે છે. ભગવાનના (જન્મના) ૨૫૦૦ વર્ષ થાય છે ને! ૨૫૦૦ વર્ષ. સબ મંડળ ઇકઠા હોકર ઉજવણી કરતે હૈં.

યહાં કહતે હૈં, સમ્યગ્દૃષ્ટિ જીવ ઐસે માનતે હૈં, ધર્મી ઐસે જાનતે હૈં કિ **સંસારકે મૂલભૂત સર્વ પુણ્યપાપકો છોડકર**... દેખો! આહાહા! **સર્વ પુણ્ય-પાપકો છોડકર**... સર્વ પુણ્ય-પાપ, એમ. સાધારણ પુણ્ય નહીં, વિશેષ પુણ્ય (આદિ) સબ, એમ. શુભપરિણતિ લિયા હૈ ન, વિશેષ લિયા હૈ. ધર્મીજીવ તો ઈસકો કહીએ.. આહાહા! કિ જિસકી દૃષ્ટિમેં આત્મા આનંદ ને જ્ઞાયક સ્વરૂપ હી પડા હૈ. વહ તો પુણ્ય-પાપકો હેય માનતા હૈ. છોડનેકી ચીજ માનતા હૈ, રખનેકી ચીજ માનતા નહીં. થોડી જ્યાં સગવડતા હોય ત્યાં મીઠાશ આવી જાય, ઉસકો તો પુણ્યકી મીઠાશ હૈ. જેઠાલાલભાઈ! હજાર-બે હજાર, પાંચ હજારનો પગાર માસિક, લડકા દો-ચાર અચ્છા, સ્ત્રી અચ્છે આબરૂદાર ઘરકી, મકાન જરી ૨-૫-૧૦ લાખકા, હિંડોળા... શું કહેવાય? ઝૂલા. સાંકળી ઘડિયાળ. બસ, સુખી હૈ. ધૂળમેં નહીં હૈ, સુન ન! ઉસમેં સુખ માનતા હૈ ઉસકો પુણ્યકી મીઠાશ હૈ. સમજમેં આયા? આહાહા! ઉસમેં મીઠાશ હૈ તો ઉસકે કારણભાવમેં મીઠાશ હૈ હી ઉસકો. સમજમેં આયા? ઉસકે કારણકી મીઠાશ હૈ હી, આત્માકી મીઠાશ નહીં ઉસકો. આહાહા! સમજમેં આયા?

મુનિરાજ કહતે હૈં... દિગંબર સંત આત્મજ્ઞાની, આત્મધ્યાની, આત્મામેં મસ્ત. આગે કહતે હૈં, હમારે મુખમેંસે પરમાગમ ઝરતા હૈ. આહાહા! પરમાગમ ઝરતા હૈ. જુઓ! યે પરમાગમ હૈ. પરમાગમમેં એમ કહતે હૈં મુનિરાજ કિ સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારકે મૂલભૂત... અરેરે! આહાહા! સંસારકા મૂલ યે પુણ્ય-પાપ સર્વ... ચાહે સો પ્રકારકા હો. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ હેય હૈ. આહાહા! સમજમેં આયા? રાગ હૈ ન. ષોડશકારણભાવના... 'દરશવિશુદ્ધિ ભાવના ભાય..' તીર્થંકરગોત્ર બંધાય... શું કાંઈ કહે છે? 'પરમગુરુ હોય..' યે તો વિકલ્પ હૈ, રાગ હૈ.

શ્રોતા : યે ભી લિખા હૈ મહારાજ! કિ પુણ્ય-પાપકા નાશ કર, જ્ઞાનભાવ પ્રગટાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, આતા હૈ ન ઉસમેં. શુભ-અશુભભાવ વહ તો ક્ષણિક હૈ, અનિત્ય હૈ, નાશવાન હૈ, ઝેર હૈ, વિકાર હૈ, દુઃખ હૈ. આહાહા! સમ્યગ્દૃષ્ટિ ઐસે જાનતે ને માનતે હૈં. મિથ્યાદૃષ્ટિ ઉસકો–રાગકો પ્રેમ કરતે હૈં. ભગવાન આત્માકા પ્રેમ ચડ ગયા ઉસકો–(સમ્યગ્દૃષ્ટિકો). સમજમેં આયા?

**છોડકર, નિત્યાનંદમય...** આહાહા! શુભાશુભભાવકો છોડકર... કર્મકો છોડકર કહા, પણ ઉસકા અર્થ યે હુઆ. **નિત્યાનંદમય સહજ, શુદ્ધચૈતન્યરૂપ...** કૈસા હૈ આત્મા? નિત્યાનંદમય—નિત્ય આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદમય. **સહજ શુદ્ધચૈતન્ય**... દો આયે—આનંદ ને જ્ઞાન, બસ અકેલે. ભગવાન આત્મા તો સહજ આનંદમય હૈ, અતીન્દ્રિય

આનંદમય હૈ, અતીન્દ્રિય આનંદકા સાગર હૈ. ઔર સ્વભાવિક **ચૈતન્યરૂપ**... સહજ ચૈતન્યચમત્કાર-સ્વરૂપ હૈ વહ તો. ઐસે **જીવાસ્તિકાય...** ભાષા દેખો! જૈનદર્શનમેં હી હૈ અસ્તિકાય. અસંખ્યપ્રદેશી જીવ હૈ. યે (બાત) વીતરાગ સિવા દૂસરા કહીં હૈ નહીં. ઉસકા ક્ષેત્ર બતાયા, પહલે ભાવ બતાયા. **નિત્યાનંદમય**... ભગવાન આત્મા નિત્યાનંદમય ભાવ, **સહજ શુદ્ધચૈતન્યરૂપ**—સ્વભાવિક જ્ઞાન-આનંદરૂપ ભાવ, **જીવાસ્તિકાય**—ઐસા આત્મા અસ્તિ હૈ અસંખ્યપ્રદેશી (વહ) ક્ષેત્ર લિયા. યે ભાવ ને ક્ષેત્ર. ઐસે જીવાસ્તિકાયકો પુણ્ય-પાપકા રાગ છોડકર અપને ઐસે આત્માકો **પ્રાપ્ત કરતા હૈ...** ઓહોહો! ટીકા તો જુઓ!

**સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારકે મૂલભૂત સર્વ પુણ્ય-પાપકો છોડકર**... દૃષ્ટિમેંસે, અસ્થિરતામેંસે છોડકર... નિત્યાનંદમય પ્રભુ આત્મા, સ્વભાવિક ચૈતન્યરૂપ અને જીવ હૈ અસ્તિકાય. અસ્તિ તો દૂસરે ભી હૈં, યે કાય–અસંખ્યપ્રદેશી હૈ. આહાહા! અસંખ્યપ્રદેશીમેં નિત્ય-આનંદ ઔર નિજ ચૈતન્યરૂપ, બસ ખલાસ. ઐસા ભાવ ને ઐસા ક્ષેત્રરૂપ દ્રવ્ય. ઐસા **જીવાસ્તિકાયકો પ્રાપ્ત કરતા હૈ**.... જો કોઈ દૃષ્ટિમેંસે ઔર અસ્થિરતામેંસે પુણ્ય-પાપકો છોડતા હૈ અંતરમેં, ઉસકો નિત્યાનંદમય સહજ ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા પ્રાપ્ત હોતા હૈ. આહાહા! સમજમેં આયા? ઐસા આત્મા પ્રાપ્ત હોના વહી સામાયિક ને ધર્મ હૈ. આહાહા! ધર્મની વ્યાખ્યા ભાઈ આવી!

**વહ શુદ્ધ જીવાસ્તિકાયમેં સદા વિહરતા હૈ...** શૈલી થોડી કળશની છેને. સમયસાર ..... સમજાણું કાંઈ? ક્યા કહતે હૈં? આત્મા શુદ્ધ આનંદ અને ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી જીવાસ્તિકાય હૈ. સમ્યગ્દૃષ્ટિજીવ પુણ્ય-પાપકે વિકલ્પકો છોડકર ઐસી ચીજકો પ્રાપ્ત કરતા હૈ. ઐસી ચીજકો દૃષ્ટિમેં, સ્થિરતામેં લાતા હૈ, ઉસકા નામ સામાયિક કહતે હૈં. ભારે સામાયિક ભાઈ! આહાહા! આગળ સામાયિકનું ભાનેય ન મળે. શબ્દાર્થ સમજાવો. 'વિહુયરયમળા પહિયજરમરણા ચઉવિસંપિ જિણવરા..' 'વિસા રોઈ મળ્યા' આવ્યું હતુંને.

**શુદ્ધ જીવાસ્તિકાયમેં સદા વિહરતા હૈ**... વિહાર કરતા હૈ, રમતા હૈ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને શુદ્ધ ચૈતન્યરૂપ ઐસે આત્માકો પ્રાપ્ત કર, પુણ્ય-પાપકો છોડકર ઐસે પ્રાપ્ત કર, ઉસમેં રમતે હૈ, યૂં. ઐસે પ્રાપ્ત કર ઉસમેં રમતે હૈ યૂં. આત્મા પ્રાપ્ત કિયે બિના રમના કિસમેં? સમજમેં આયા? ચારિત્ર કિસમેં કરના? ચારિત્ર તો રમના હૈ, ચરના હૈ, જમના હૈ, આનંદમેં રહના હૈ. તો 'ચીજ યે હૈ' (ઐસે) દૃષ્ટિમેં આયે બિના રમના કિસમેં? આહાહા! બહુ ભારે ધર્મ આકરો! આવો ધર્મ તો કોઈકથી થાય, એમ કહે, બીજાથી ન થાય. અરે! બધા આત્માથી થાય. આત્મા ઐસા હી હૈ. આત્મા હો ઉસસે હો. જૈસા હૈ ઐસા જાને તો ઉસે હોતા હૈ. સમજમેં આયા? યે તો સામયિકકી બાત ચલતી હૈ લો. નટુભાઈ! સામાયિક-બામાયિક કરી

હશેને સંપ્રદાયમાં? કોઈ દિ' નહીં કરી હોય. નવા વકીલ થયા છેને. વકીલ થયા ત્યાં તો આવું મળ્યું દિગંબર એટલે પછી કહે.....

**જીવાસ્તિકાય સદા વિહરતા હૈ ઔર ફિર ત્રિભુવનજનોંસે...** આહાહા! ત્રણ લોકના મનુષ્યોને–જીવોને **અત્યંત પૂજિત ઐસા જિન હોતા હૈ.** વીતરાગ હોતા હૈ ઔર તીર્થંકર હોતા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? **ત્રિભુવનજનોંસે**—તીન લોકકે જીવોંસે **અત્યંત પૂજિત..** ઓહોહો! અબજો-કરોડો દેવો, કરોડો મનુષ્યો... ભગવાન ઐસા પુણ્ય-પાપકા ભાવ છોડકર અપને સ્વરૂપકી પ્રાપ્તિ કરકે ઉસમેં રમતે હૈં (તો) વે ત્રિભુવનજન પૂજ્ય હોતે હૈં ઔર જિન હોતે હૈં લ્યો. **ઐસા જિન હોતા હૈ**. સમજમેં આયા? એ બધો (શ્લોક) ૨૧૫. મુનિ ઐસા હૈ, 'જિન હોતા'નો અર્થ. **સન્ જિનઃ** એટલે તીર્થંકર. ધ્વનિ લીધી.

આવ્યું હતુંને પહેલું એ. ધ્વનિ જ એ છે અંદરમાં. તીર્થંકર... ગણધર ને તીર્થંકર બેય આવ્યા હતા. આહાહા! આવો ભગવાન... પુણ્ય ને પાપકો છોડકર અપના સ્વરૂપ ચૈતન્યમૂર્તિકો અંદર દૃષ્ટિમેં પ્રાપ્ત કરતા હૈ, તબ લગ તો વહ સમ્યગ્દૃષ્ટિ હૈ. પીછે સ્વરૂપમેં રમતા હૈ, વિહરતા હૈ, ચરતા હૈ, તબ ઉસકો મુનિ કહા ને ચારિત્ર કહતે હૈં. ઐસે સમ્યગ્દર્શનમેં ચૈતન્યકો પ્રાપ્ત કર ઉસમેં રમતે હૈં જીવાસ્તિકાયમેં, ફિર ત્રિભુવનજન (પૂજ્ય) હોતે હૈં. ત્રણ લોકના જીવથી પૂજ્ય થાય છે. આહાહા! **અત્યંત પૂજિત ઐસા જિન હોતા હૈ**. ઉસે પીછે દેહ છૂટકર મુક્તિ હોતી હૈ. પુણ્ય-પાપકા પ્રેમવાલા સંસારમેં રહતા હૈ. પુણ્ય-પાપકો છોડનેવાલા સમ્યગ્દૃષ્ટિ કેવલી હોકર પૂજનિક હોતા હૈ એમ કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧૪, રવિવાર, તા. ૩-૧૦-૧૯૭૧
## શ્લોક - ૨૧૬-૨૧૭, પ્રવચન નં. ૧૪૩ (હિન્દી)

સામાયિક.. લોગ કહતે હૈં ન કિ સામાયિક હમ કરતે હૈં. વહ સામાયિક કિસકો કહતે હૈં ઔર ઉસકા સ્વરૂપ ક્યા હૈ ઔર વહ સામાયિક કિસકે આશ્રયસે પ્રગટ હોતી હૈ—વહ બાત ચલતી હૈ. બાત સૂક્ષ્મ હૈ. વીતરાગ જૈન પરમેશ્વર તીર્થંકરદેવ જિસકો ત્રિકાળ જ્ઞાન થા, એક સમયમેં તીન કાળ, તીન લોક જાનતે થે ઐસે જૈન પરમેશ્વર ઉસકી ઇચ્છા બિના વાણી આયી, ઉસ વાણીકો આગમ કહનેમેં આતા હૈ. ઉસ આગમમેં નિયમસાર આગમ હૈ. સૂક્ષ્મ બાત હૈ થોડી. દેખો! ૨૧૬ કળશ હૈ. પાનું ૨૬૩.

**स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं**
**महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम् ।**
**विनिर्मुक्तेर्मूलं निरुपाधिमहानंदसुखदं**
**यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम् ॥२१६॥**

ક્યા કહા? બધા વિશેષણ બહુ અલૌકિક આપ્યા છે. ક્યા કહતે હૈં? દેખો! યે આત્મા, દેહમેં બિરાજમાન ચૈતન્ય, ઉસકા સ્વભાવ જ્ઞાન હૈ. સમજમેં આયા? જૈસે ગુડકા સ્વભાવ ગળપણ હૈ, નિમકકા સ્વભાવ ખારા હૈ, ઐસે ભગવાન આત્માકા સ્વભાવ જ્ઞાન હૈ. ઉસમેં પુણ્ય ને પાપકા રાગ હૈ નહીં. ઐસી જો ચીજ આત્મા જ્ઞાન.. જ્ઞાનસ્વભાવ ત્રિકાળી આત્મા, ઐસા જ્ઞાનસ્વભાવ ત્રિકાળી. યે **સ્વતઃસિદ્ધ** હૈ. યે જ્ઞાન અપનેસે અનાદિ સત્ હૈ. ઉસકો કોઈ બનાનેવાલા હૈ નહીં. સમજમેં આયા? ઐસા જ્ઞાનસ્વભાવ પ્રજ્ઞા.. પ્રજ્ઞા.. જ્ઞાનસ્વભાવ અવિનાશી આત્માકા સ્વતઃ અપના સ્વતઃસિદ્ધ જ્ઞાનભાવ હૈ. યહ જ્ઞાનભાવ **પાપપુણ્યરૂપી વનકો જલાનેવાલી અગ્નિ હૈ.** આહાહા! યે જ્ઞાનસ્વભાવ ત્રિકાળી અવિનાશી સ્વભાવ ઉસમેં પુણ્ય ને પાપકા ભાવ હૈ નહીં. સમજમેં આયા?

કૌનસા જ્ઞાન? યે શાસ્ત્રકા જ્ઞાન? અંદર જ્ઞાન ચૈતન્યબિંબ પ્રભુ, જ્ઞાનકા પ્રકાશપુંજ સ્વભાવ વહ જ્ઞાન અર્થાત્ વહ આત્મા. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવને કહા, ઐસા આત્મા સ્વતઃસિદ્ધ જ્ઞાન હૈ. અપનેસે સિદ્ધ અસ્તિ ધરાતા હૈ. કોઈ ઉસકા કર્તા-બર્તા હૈ નહીં. **પાપપુણ્યરૂપી વનકો**... શુભ ને અશુભ જો ભાવ ઔર ઉસસે બંધા હુઆ પુણ્ય ને પાપ... જો પુણ્ય-પાપરૂપી વન વિસ્તાર ઉસકો જલાનેવાલી અગ્નિ હૈ. આહા! ભગવાન જ્ઞાનસ્વરૂપ ઉસમેં પુણ્ય-પાપ હૈ નહીં, પણ જ્ઞાનસ્વભાવ ઉસકા આશ્રય લેકર જો

વીતરાગતા–સમભાવ પ્રગટ હોતા હૈ વહ શુભ-અશુભભાવ ઔર પુણ્ય-પાપકા કર્મ ઉસકો નાશ કરનેમેં સમર્થ હૈ. સમજમેં આયા? આહાહા! ભારે વસ્તુ આકરી!

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા સૌ ઇન્દ્રકે પૂજ્ય, ઐસે પરમાત્માકી વાણીમેં સામાયિકકા ઐસા સ્વરૂપ આયા, ઐસા દૂસરે કહીં હૈ નહીં. જો જ્ઞાનસ્વભાવ આત્મા ચિદાનંદસ્વરૂપ ત્રિકાળ ઉસકા આશ્રય લેતા હૈ, ઉસકો વીતરાગતા, સમતા, શાંતિ, પુણ્ય-પાપકે રાગરહિત વીતરાગી અવસ્થા પ્રગટ હોતી હૈ. યે વીતરાગીપર્યાય વહ સામાયિક. આહાહા! જયંતીભાઈ! કેટલી વાર આ સામાયિક તો સાંભળી હશે ઘણી. આહાહા! ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ઉસકો ધર્મ કહતે હૈં. ધર્મ કહો કિ સામાયિક કહો, ધર્મ કહો કિ મોક્ષકા માર્ગ કહો, ધર્મ કહો કિ વીતરાગી નિર્વિકલ્પ રાગ બિનાકી દશા કહો. યે ધર્મ દશા કૈસે ઉત્પન્ન હોતી હૈ? કિ ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વભાવ શુદ્ધ ચૈતન્યપુંજ ઉસકા આશ્રય કરકે વીતરાગતા, નિર્દોષતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્થિરતા ઐસી દશા ઉત્પન્ન હો ઉસકા નામ જૈનધર્મ, સામાયિક ધર્મ, ઉસકા નામ મોક્ષકા માર્ગરૂપી ધર્મ કહતે હૈં. સમજમેં આયા? કહો, પંડિતજી! ક્યા હૈ?

પુણ્ય-પાપસે સામાયિક નહીં હોતી હૈ. સામાયિક પુણ્ય-પાપકો જલાનેવાલી હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? યે દેહ તો જડ હૈ, માટી, પુદ્ગલ હૈ, યે તો અજીવ હૈ ઔર અંદરમેં શુભ ને અશુભભાવ હોતા હૈ વહ તો વિકાર હૈ. યે વિકાર તો અપને સ્વભાવસે વિરુદ્ધ ભાવ હૈ. તો જિસકો ધર્મ પ્રગટ હો ઔર શાંતિ પ્રગટ હો, વહ તો ત્રિકાળી ભગવાન આત્માકા અવલંબન લેકર, શુદ્ધમેં એકાગ્ર હોકર... ભૈયા! રાત્રિકો પ્રશ્ન થા ન તુમ્હારા? કિસમેં લીન હોના? અંતર ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદઘન હૈ. ખબર નહીં કિ મૈં કૌન હૂં, કહાં હૂં, કૈસા હૂં. આત્મા જ્ઞાન ને આનંદકા ઘન પિંડ હૈ. ઐસે આત્મામેં એકાગ્રતા હોના ઉસકા નામ સામાયિક ને ઉસકા નામ ચારિત્ર ને સમ્યગ્દર્શન-જ્ઞાન કહતે હૈં. સમજમેં આયા? અહીં તો પાઠમાં છેને પુણ્ય-પાપ. કહતે હૈં, પુણ્ય-પાપ તો કર્મ હૈ ઔર કર્મકા કારણ શુભાશુભભાવ હૈ. યે શુભાશુભભાવ હૈ વહ વિષમભાવ હૈ, કષાયભાવ હૈ. આહાહા! શુભભાવ... યહાં તો, દયા-દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાકા ભાવ વહ પુણ્યરૂપી ભાવ, રાગરૂપી ભાવ, વિકારરૂપી પુણ્યભાવ હૈ ઔર હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગવાસના, પાપરૂપી કષાય અગ્નિ હૈ. દોનોં કષાય અગ્નિ હૈ.

છ ઢાળામેં આતા હૈ. છ ઢાળા પાઠશાલામેં બહોત શીખાતે હૈં. રાગ... ક્યા કહતે હૈં? 'રાગ આગ દહે સદા..' એ શાંતિભાઈ! વહ તો વિકલ્પ હૈ, ભગવાન! તુજે ખબર નહીં. તેરી ચીજમેં વહ હૈ નહીં, નયા ઉત્પન્ન કિયા, વહ અગ્નિ હૈ. ભીખાભાઈ! બહુ માર્ગ આવો પણ ભારે! માર્ગ તો આ છે પ્રભુ! તુજે જન્મ-મરણકા અંત લાના હો (તો) યે ઉપાય હૈ, દૂસરી કોઈ ચીજ નહીં. દૂસરા કોઈ બતાવે વહ વીતરાગકા માર્ગ નહીં હૈ. સમજમેં આયા? આહાહા! યહ

ભગવાન આત્મા... જ્ઞાન કહો કિ આત્મા કહો. જ્ઞાનપ્રધાન (કથનમેં) મુખ્યપને આત્માકો જ્ઞાન હી કહા હૈ. **પાપપુણ્યરૂપી વન**... આહાહા! શુભ-અશુભભાવકા વન ઉગા હૈ સારા. ઉસકો જલાનેવાલી આત્મા સ્વરૂપ ભગવાન આત્મા હૈ, ઉસમેં એકાગ્ર હોકર અંતરમેં શાંતિ ને સમતા, નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ હોતા હૈ યે પુણ્ય-પાપકો જલાનેવાલી અગ્નિ હૈ. આહાહા! કહો, સમજમેં આયા?

**મહામોહાંધકારનાશક અતિપ્રબલ તેજમય હૈ**... આહાહા! ક્યા ચીજ હૈ? જૈસે સૂર્ય પ્રકાશકા પુંજ હૈ, ઐસે અંદર ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાન-દર્શનકા પુંજ હૈ. સૂર્યકા કિરણ તો સફેદ હોતા હૈ. જૈસે યે સૂર્ય હૈ ઉસકા કિરણ સફેદ હોતા હૈ, ઐસે ભગવાન આત્મા જ્ઞાન-આનંદમય સ્વરૂપ ઉસકી દશા શુદ્ધ આનંદ ને જ્ઞાનમય હોતી હૈ. ઉસકા નામ સામાયિક અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહતે હૈં. ભારે આકરું કામ ભાઈ! આહાહા! વીતરાગમાર્ગ તો યે હૈ, જિનેન્દ્ર જિનેશ્વરને કહા વહ. સમજમેં આયા? **મહામોહાંધકારનાશક**... આહાહા! કૈસા હૈ ભગવાન? જૈસે સૂર્ય... સૂર્ય હૈ વહ અંધકારકા નાશક સૂર્ય હૈ. સૂર્ય હૈ વહાં અંધકાર ભટકતા નહીં, ઐસે ભગવાન આત્મા શુદ્ધ આનંદ જ્ઞાનઘન ઉસકા આશ્રય લેતે હૈં વહાં **મહામોહાંધકારનાશક અતિપ્રબલ તેજમય હૈ**. યે ક્યા હૈ? જૈસે સૂર્ય પ્રકાશતા હૈ તો અંધકારકા નાશ હોતા હૈ, ઐસે ભગવાન આત્મા અંતર્મુખ હોકર જ્ઞાનકા તેજ જો પ્રગટ હોતા હૈ વહ તેજ તો ત્રિકાળ હૈ, એમ કહતે હૈં. પ્રગટ હોતા હૈ વહ પર્યાય હૈ, યે તો ત્રિકાળ મહામોહાંધકાર–મિથ્યાત્વરૂપી મહા-અંધકાર ઉસકા નાશક અતિપ્રબલ તેજમય જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ. સમજમેં આયા?

આત્મા અતિપ્રબલ મોહાંધકારકા નાશ કરનેવાલી ચીજ હૈ, ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકે સન્મુખ હોકર એકાગ્ર હોનેસે, મિથ્યાત્વ ને અજ્ઞાનકા નાશ હોકર સમતા ને વીતરાગતા પ્રગટ હો, ઉસકા નામ ધર્મ ને સામાયિક કહનેમેં આતી હૈ. સમજમેં આયા? આહાહા! ભારે વાત ભાઈ આકરી! **મહામોહાંધકારનાશક અતિપ્રબલ તેજમય પ્રભુ હૈ**... કભી સુના હી નહીં. અંદર ચૈતન્ય ભગવાન... આહાહા! સૂર્ય પ્રભુ... યે (શરીર) તો માટી, જડ, ધૂલ હૈ ઔર કર્મ હૈ અંદરમેં વહ તો અજીવ જડ હૈ, યે વાણી ભી જડ હૈ. ઔર અંદરમેં શુભ ને અશુભભાવ ઉત્પન્ન હોતા હૈ હિંસા જૂઠ, ચોરી, વિષયભોગ ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—યે સબ ભાવ અચેતન હૈ, ઉસમેં ચૈતન્યસ્વભાવ નહીં. આહાહા! તો કહતે હૈં, ચૈતન્યસ્વભાવ વહ અચેતન ઐસે પુણ્ય-પાપકા ભાવ અથવા પુણ્ય-પાપ કર્મ ઉસ મહા-અંધકારકો નાશ કરનેવાલી ચીજ હૈ. આહાહા! સમજમેં આયા? જેઠાભાઈ! આવો ધર્મ કેવો હશે વીતરાગનો?

અહીં તો કહે, ઐસા કરો, ઐસા કરો, સામાયિક કરો, પ્રૌષધ કરો, પ્રતિક્રમણ કરો, પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો, દાન કરો. ભૈયા! ઉસકો તો ભગવાન શુભરાગ કહતે હૈં.

ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ વિકલ્પકો તો શુભરાગ કહતે હૈં, પુણ્ય કહતે હૈં. પાપસે બચનેકો યે ભાવ આતા હૈ, પણ હૈ પુણ્ય ને વિકાર. ઉસકા ભી નાશક ભગવાન આત્મા હૈ, ઉસકા ઉત્પાદક નહીં. સમજમેં આયા? આહાહા! એનો નાશક એ ઉત્પાદક કેવો? સમજમેં આયા? ચૈતન્યસૂર્ય.. જેમ આ સૂર્ય અંધકારનો નાશક છે એ સૂર્ય અંધકારનો ઉત્પાદક હોય? ઐસે ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશકા પુંજ અનાદિ-અનંત અવિનાશી ઘન હૈ. ઉસ ચીજકા અવલંબન લેતા હૈ ઉસકો પુણ્ય ને પાપકા વિકાર ને અંધકાર નાશ હોતા હૈ ઔર વીતરાગતા ને સમતા ઉત્પન્ન હોતી હૈ, ઉસકા નામ જૈનધર્મ, વીતરાગધર્મ, સામાયિકધર્મ કહતે હૈં. ભારે વ્યાખ્યા આવી ભાઈ! માર્ગ તો ઐસા હૈ ભગવાનકા. દૂસરા કોઈ માર્ગ હૈ નહીં. સર્વજ્ઞદેવ જિનપરમેશ્વર વીતરાગદેવ સિવા યે ચીજ દૂસરે કહીં હૈ નહીં. સમજમેં આયા?

કોઈ ઐસે કહે કિ સબમેં ધર્મ હૈ. ઐસા હૈ નહીં. એક સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ જિસને તીન કાલ, તીન લોકકા જ્ઞાન કિયા ઉસને જો કહા વહ એક હી ધર્મ સત્ય હૈ. સમજમેં આયા? તો કહતે હૈં, **મહામોહાંધકારનાશક અતિપ્રબલ તેજમય** જ્ઞાન આત્મા. આહાહા! અંતર ત્રિકાળી ચૈતન્યપ્રકાશકા પુંજ પ્રભુ ઉસકે સન્મુખ હોકર આશ્રય લેતા હૈ, ઉસકો વીતરાગતા નામ સમતા નામ સામાયિક ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? આહાહા! કહો, અમરચંદભાઈ! અત્યાર સુધી તો આ બધી સામાયિક કરતા હતા એમાં તો આવું સાંભળ્યું નહોતું. કૈસી સામાયિક હૈ? બાલક ભી સામાયિક કર લેતા હૈ. ૧૫-૧૫ વર્ષકા .... બાળક આમ સામાયિક લેતા હૈ. માળા ફેર લે. ભગવાન! યે ચીજ દૂસરી હૈ ભગવાનકી. માલા ફિરાના વહ તો શુભ વિકલ્પ હૈ, રાગ હૈ, પુણ્ય હૈ, વિકાર હૈ. શાંતિભાઈ! બહુ માર્ગ ભારે આ હોં. માર્ગ આ છે પ્રભુનો. ઉસકા પહલે નિર્ણય કરના પડેગા. પહલે નિર્ણય કરના પડેગા. નિર્ણય બિના કભી ચલે નહીં અંદર એક પગ ભી. અંદર એકાગ્રતા કભી નહીં હોતી. સમજમેં આયા?

તીન બોલ હુએ. ક્યા? એક તો સ્વતઃસિદ્ધ અપનેસે હૈ ભગવાન શુદ્ધ ચૈતન્યજ્ઞાન. વહ પાપરૂપી.. પાપ અને પુણ્ય–દોનોં વનકો જલાનેવાલે અગ્નિ હૈ. દો. વસ્તુ આ. યે પાપરૂપ (વનકે) જલાનેવાલી અગ્નિ હૈ. **મહામોહાંધકારનાશક અતિપ્રબલ તેજમય** વસ્તુ હૈ. **વિમુક્તિકા મૂલ હૈ...** આહાહા! પુણ્ય-પાપકા ભાવ સંસારકા મૂલ હૈ. ઉસસે સંસારકી, અવતારકી ઉત્પત્તિ હોતી હૈ. ભગવાન આત્મા પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત સચ્ચિદાનંદસ્વરૂપ સહજાત્મસ્વરૂપ વહ મુક્તિકા–વિમુક્તિકા મૂલ હૈ. વિશેષે મુક્તિ નામ મોક્ષ ઉસકા મૂલ આત્મા હૈ. આહાહા! વિમુક્તિકા મૂલ હૈ, યે સંસારકા મૂલ નહીં. રાગકા ને દ્વેષકા ને મિથ્યાત્વકી ઉત્પત્તિકા મૂલ ભગવાન આત્મા નહીં. આત્મા તો ઉસકો પરમાત્મા કહતે હૈં કિ આત્મા આનંદ ને જ્ઞાનકા ઘન વિમુક્તિ–મોક્ષકી પર્યાયકી મૂલ ચીજ હૈ. સમજમેં આયા? આહાહા!

લ્યો, યહાં તો (કહતે હૈં કિ) મુક્તિકા મૂલ પુણ્ય-પાપકા ભાવ તો નહીં, પણ મોક્ષકા માર્ગકી પર્યાય ભી મુક્તિકા કારણ નહીં. યહાં તો, મુક્તિકા કારણ ત્રિકાળી ચીજ હૈ. આહાહા! આ બધા શેઠીયાને ખબર નહીં, એમને એમ માર્ગ ચલાવ્યો. વાત સાચી. આત્મા કોણ છે ને... આત્મા તો ક્યાંય પડ્યો રહ્યો ને વાતું દુલ્હા વિનાની જાન. દુલ્હા ન મળે ને જાન જોડ દી. ઐસે ભગવાન આત્મા ધર્મકા કરનેવાલા કૈસા હૈ ઔર વહ ધર્મ ક્યા ચીજ હૈ (ઉસકી) ખબર બિના ચલે ગયે. ચલો કરો ધર્મ. કહાં ધર્મ હૈ? સમજમેં આયા? ક્રિયાકાંડમેં, રાગમેં મિથ્યાત્વસે રચે-પચે રહતે હૈં. આહાહા!

પણ આવો માર્ગ તો કો'ક કરી શકે. પંડિતજી! માર્ગ તો, આત્મા હૈ વહ કર સકે. સબ આત્મા હૈં કિ નહીં? આત્મા તો કિસકો કહે? જ્ઞાનકે તેજમયકો, આનંદકે પુંજમયકો આત્મા કહે. ઇસકા આશ્રય કરનેસે, ઇસકા અવલંબન કરનેસે મુક્તિકા મૂલ વહ હૈ તો મુક્તિ હોતી હૈ. વ્યવહાર બીચમેં આતા હૈ દયા-દાન-વ્રતકા વિકલ્પ, પણ ઉસસે મુક્તિ નહીં હોતી. વહ તો બંધકા કારણ હૈ. સમજમેં આયા? કાંતિભાઈ! અરે! પણ આવું સમાજને ગોઠે? લાખો માણસો ને બહારમાં હો-હા.. હો-હા થાય. જિસે આત્માકી રુચિ કરના હો ઔર ધર્મકી દશા પ્રગટ કરના હો ઉસકો રુચે. સમજમેં આયા? **વિમુક્તિકા મૂલ હૈ**...

મુનિરાજ દિગંબર મુનિ કહતે હૈં. ૯૦૦ પહલે પદ્મપ્રભમલધારિદેવ દિગંબર વનવાસી સંત હુએ. ઉનસે પહલે શ્લોક કરનેવાલે કુંદકુંદાચાર્ય હુએ, સંવત ૪૯મેં. દો હજાર વર્ષ પહલે કુંદકુંદાચાર્ય દિગંબર સંત ભગવાનકે પાસ ગયે થે. ભગવાન સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ મહાવિદેહમેં વર્તમાનમેં બિરાજતે હૈં. ૫૦૦ ધનુષ દેહ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. ઉનકે પાસ ગયે થે, આઠ દિન રહે થે. મુનિ દિગંબર સંત કુંદકુંદાચાર્ય ઉન્હોંને યે પુસ્તક બનાયે હૈં સબ— નિયમસાર, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ. સમજમેં આયા? યે સબ કુંદકુંદાચાર્યકે જો શાસ્ત્ર હૈં વે શાસ્ત્ર યહાં (અંકિત) હોતે હૈં સંગેમરમર પર. ભગવાન પાસે ગયે થે (ઔર આકર) બનાયે હૈં. ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા બિરાજતે હૈં મહાવિદેહમેં જમીન ઉપર. મોક્ષ નહીં, મોક્ષ તો સિદ્ધ(પદ). યે તો અરિહંતપદમેં બિરાજતે હૈં. કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક પૂર્વમેં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ. ઐસે-ઐસે કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. ભક્તિમેં આતા હૈ-પૂજામેં આતા હૈ.

કહતે હૈં, યે ભગવાન આત્મા તો વિમુક્તિકા મૂલ હૈ, અપના સ્વરૂપ હોં. ભગ નામ જ્ઞાન ને આનંદકા, વાન નામ સ્વરૂપ ઐસા અપના નિજાનંદ પ્રભુ, યે વિમુક્તિકા મૂલ આત્મા હૈ. આહાહા! અજ્ઞાન અનાત્મા વહ સંસારકી ઉત્પત્તિકા મૂલ હૈ. આ જ્ઞાન સામે આમ નાખ્યું... સમજમેં આયા? અપને સ્વરૂપકા અજ્ઞાન ઔર રાગ-દ્વેષકો અપનેપને માનના યે અજ્ઞાનભાવ

સંસારકા મૂલ હૈ. ભગવાન આત્મા તો મુક્તિકા મૂલ હૈ. આહાહા! સમજમેં આયા? મૂલકો પકડતે હૈં તો ક્રમે-ક્રમે ઉસકી મુક્તિ હોતી હૈ. સમજમેં આયા?

અંબ હોતા હૈ ન અંબ–કેરી. પોપટ ઉપરસે ખાતા હૈ. પોપટ હોતા હૈ ન? તોતા. કીડી નીચે થડમેંસે ચડકર ખાતી હૈ. ઉડ સકે નહીં. કીડી.. કીડી–ચીંટીયાં. અંબકે થડસે ચડકર અંબ તક જાતી હૈ. ઐસે ભગવાન કહતે હૈં, મૂલ જો ચૈતન્યભગવાન દ્રવ્યસ્વભાવ ઉસ પર સમ્યગ્દર્શન (હોકર) જાતે હૈં, પીછે સ્થિર હોકર ધીરે-ધીરે જાતે હૈં તો ઉસે મુક્તિકા ફલ–આનંદકે ફલકા અનુભવ હોતા હૈ. કોઈ ઉગ્રપને એકદમ અનુભવ કરકે ક્ષણમેં ચારિત્ર કરકે કેવળજ્ઞાન લે, તોતા જૈસા એકદમ ઉપરસે ખાયે. સમજમેં આયા? વહ દોનોં ખાતે હૈં આમકા ફલ હી, પણ મૂલ પકડના ચાહિયે. સમજમેં આયા? ક્યા મૂલ ને ક્યા દ્રવ્ય—ખબર નહીં, ભગવાન જાને. ભગવાન તો જાનતે હી હૈ ન. આ તો તને જણાવવાની વાત કરે છે. તેરેકો જનાતે હૈં કિ તુમ ક્યા હૈ, કહાં હૈ, કૈસા હૈ. આહાહા!

કહતે હૈં, તેરી ચીજ અંદર **વિમુક્તિકા મૂલ હૈ**... ઉસકા લક્ષ કર, ઉસકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, ઇતની મુક્તિ હુઈ. પીછે અસ્થિરતા છૂટકર સ્થિરતા હુઈ ઇતની મુક્તિ હુઈ, પીછે શુક્લધ્યાન કરકે સર્વથા રાગાદિકા નાશ હોકર કેવળજ્ઞાન હુઆ તો (પૂર્ણ) મુક્તિ હુઈ. સમજમેં આયા? આરે! આવો ધર્મ કેવો છે? માંડ-માંડ કોઈકને સમજાય. અરે! આત્મા હૈ, સબ સમજ સકે. આત્માકી જાત હૈ કિ નહીં? આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સહજાનંદ આત્મા... પંખી ભી સમજતે હૈં, પશુ સમજતે હૈં. આત્મજ્ઞાની પશુ હૈં. અઢીદ્વીપ બાહર આત્મજ્ઞાની પશુ અસંખ્ય હૈં. સ્વયંભૂરમણ સમુદ્ર ઉસમેં અસંખ્ય આત્મજ્ઞાની તિર્યંચ પશુ હૈં મગરમચ્છ આદિ. ઔર વાઘ-સિંહ ભી સમકિતી જ્ઞાની હૈં, કોઈ હોં. અસંખ્ય પશુ તો મિથ્યાદ્રષ્ટિ હૈં. સમજમેં આયા?

લ્યો, યે આતા હૈ તિલોયપણંત્તિમેં. યે હૈ ન યહાં. જાતિસ્મણરણ હુઆ હૈ. રામચંદ્રજીકા હાથી થા. પહલે રાવણકા હાથી થા. વહ હાથી(કા ચિત્ર) હૈ દેખો! રાવણકા હાથી થા, લંકા જીતકર આયે તો હાથી લાયે અયોધ્યા. રામચંદ્રજી, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન મુનિકા દર્શન કરનકો જાતે હૈં. જુઓ! હાથી. ભરતને દીક્ષા લી. ભરતને દીક્ષા લી. હાથી ઉસકા પૂર્વભવકા મિત્ર થા. દીક્ષા લી તો (હાથીકો) જાતિસ્મરણ હો ગયા. અરે! યે ક્યા હૈ? કૌન હૈ? ઐસે પૂર્વકા ભાન હો ગયા. સબ છોડ દિયા શૃંગાર, (આહાર આદિ). દેખો! પંદ્રહ-પંદ્રહ દિન પીછે આહાર લેતે હૈં પશુ હોકર. આત્મજ્ઞાની, જાતિસ્મરણ હુઆ હૈ. ....... હાથી અપના શૃંગાર સબ છોડ દિયા. આનંદકે ભાનમેં હૂં ઐસા અનુભવ હુઆ પશુકો. પશુ ક્યા? આત્મા પશુ હોતા હૈ? યે તો જડ શરીર હૈ. સમજમેં આયા? આહાહા!

ભગવાન **વિમુક્તિકા મૂલ હૈ ઔર નિરુપધિ**—ઉપાધિ બિના **મહા આનન્દસુખકા દાયક હૈ.** આહાહા! કૈસા હૈ ભગવાન આત્મા? સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદકા પિંડ હૈ. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરને કહા ને પ્રગટ કિયા, ઐસા દેહકે અંદર ભગવાન આત્મા **નિરુપધિ—છલ રહિત, સચ્ચે, વાસ્તવિક મહા આનંદસુખકા દાયક હૈ**. મહા અતીન્દ્રિય આનંદકા દાતાર આત્મા હૈ. અરે! આ શું? સમજમેં આયા? અતીન્દ્રિય આનંદ જો પ્રાપ્ત હોતા હૈ વહ આત્માસે હોતા હૈ. અતીન્દ્રિય આનંદસે ભરા પડા હૈ યહ. આહાહા! કૌન જાને ક્યા હોગા?

**મહા આનંદ**... આનંદનું સુખ દેખો! ઉપાધિ વિનાનું મહા-આનંદસુખ, એમ. અતીન્દ્રિય આનંદ–સુખકા દાયક આત્મા હૈ. ઐસે આત્માકી અંતર્દષ્ટિ, અનુભવ કરકે અંદરમેં વીતરાગ પર્યાયસે સ્થિર હોના ઉસકા નામ સામાયિક જૈનશાસનમેં કહનેમેં આતા હૈ. પાઠમેં (ગાથામેં) હૈ ન વહ? **इति केवलीसासणे**. ભગવાનકે જ્ઞાનમેં, શાસનમેં ઐસી સામાયિક કહનેમેં આયી હૈ. સમજમેં આયા? આહાહા! ભારે વાત! મગજ કામ કરે નહીં એવી વાત. ન કરે એમ હોય? આ શું કરવા સમજાવ્યું છે? સમજનેવાલે સમજ સકતે હૈ ઐસા ધારકર સમજાયા હૈ. જડકો બાત કહતે હૈં? રાગકો કહતે હૈં? તુમ જ્ઞાનકા પિંડ પ્રભુ હો ઉસકો કહતે હૈં કિ તું ઐસા હૈ. સમજમેં આયા? તેરી તુજે ખબર નહીં ને હમેં ધર્મ હો જાયેગા. કહાંસે ધર્મ હોતા હૈ?

અપની ચીજકો અંદર ઉપાદેય–ગ્રહણ કરે તો રાગકા ત્યાગ હો જાય, કરના પડે નહીં. અને ઉસમેં શાંતિકી ઉત્પત્તિ હો, ઉસકા નામ સામાયિક ને જૈનધર્મ કહનેમેં આતા હૈ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં, જૈનધર્મ કોઈ વાડા નહીં, જૈનધર્મ વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા? આહાહા! જૈનધર્મ એટલે વીતરાગભાવ. વીતરાગભાવકી દયા વહ આત્મા હૈ. ઉસકો આશ્રય લેકર વીતરાગભાવ પ્રગટ કર યે જૈનધર્મ હૈ. જેઠાભાઈ! વાત તો ઘણી સીધી છે. આહાહા! સમજમેં આયા? **મહા આનંદસુખકા દાયક** ભગવાન આત્મા. દેખના ક્યા હૈ? દેખા તો હૈ નહીં ઉસકો. ક્રિયાકાંડ, શરીર, વાણી, મન ને પુણ્ય ને પાપ ઉસ ઉપર દૃષ્ટિ હૈ, આત્મા તો અંદર ગુપ્ત હો ગયા. આહાહા! વિકારકો ગુપ્ત કરના હૈ ઔર આત્માકો પ્રસિદ્ધ કરના હૈ. ઉસ કામમેં આત્મા ગુપ્ત હો ગયા ને વિકાર પ્રસિદ્ધ હો ગયા. વિપરીત કામ હુઆ. આહાહા! સમજમેં આયા? આહાહા!

મુનિએ કેટલી વાત એક કળશમાં (કહી છે)! દિગંબર સંત વનવાસી થે. સંતો તો પહલે વનમેં હી રહતે થે. સમજમેં આયા? ઉનકો સચ્ચા આત્મજ્ઞાન થા, આત્મ-આનંદ થા, અંતરકી વીતરાગદશા ચારિત્ર પ્રગટ થી. વે તો વનમેં હી રહતે થે, ભિક્ષાકે લિયે ગાંવમેં આયે, ચલે જાયે. સમજમેં આયા? ઐસે વનવાસી મુનિ થે. ઉન્હોંને યે કલશ બનાયા હૈ. **નિરુપધિ મહા આનંદસુખકા દાયક**... આહાહા! યહાં તો ક્યા દે? કોઈ લક્ષ્મી, કોઈ લડ્ડુ, કોઈ કપડા, કોઈ

જવેરાત. યે આત્મા તો મહા આનંદકા દાતા હૈ. આહાહા! અરે! દાતા તરફ તેરી દૃષ્ટિ તો કર, એમ કહતે હૈં. સમજમેં આયા? જિસકો કુછ ચાહિયે તો દાતાકે ઘર જાના પડતા હૈ કિ નહીં? કે ઘરે દેવા આવે દાતા? ઐસે ભગવાન આત્મા મહા નિરુપધિ આનંદકા દાતા હૈ ઉસકી દૃષ્ટિ કરને ને ઉસ તરફ જા તો તુજે મહા આનંદ પ્રગટ હોગા. મહા આનંદકા દાતા યે આત્મા હૈ. અને અતીન્દ્રિય આનંદ દશામેં પ્રગટ હોના ઉસકા નામ સામાયિક હૈ. સુજાનમલજી! આહાહા! ભારે વાત ભાઈ! સમજમેં આયા?

અરે! **ભવભવકા ધ્વંસ કરનેમેં નિપુણ...** આહાહા! ભવ-ભવકા ધ્વંસ... અનંત-અનંત ભવ હુએ નિગોદકે, એકેન્દ્રિયકે, દો-ઇન્દ્રિયકે, ત્રિ-ઇન્દ્રિયકે, નરકકે, પશુકે, સ્વર્ગકે—સબ ભવ દુઃખમય હૈં. દેહમેં દુઃખ હી હૈ, આકુલતા હૈ. સુખકી ગંધ નહીં, સુખ તો આત્મામેં હૈ. સમજમેં આયા? કોઈ પુણ્યક્રિયા કી ઔર સ્વર્ગમેં ગયા તો આકુલતા હૈ વહાં. ઇન્દ્રાણીમેં (સુખ) માના હૈ, કલ્પનામેં સુખ હૈ. ધૂળમેં નહીં હૈ. વહ તો પરપદાર્થ હૈ, ઉસમેં સુખ કહાંસે આયા? સમજમેં આયા? આહાહા! **ભવભવકા ધ્વંસ**... ભવ-ભવ ક્યોં લિયે? નારકી, મનુષ્ય, દેવ અને પશુ—ચારોં ભવકા નાશ. સ્વર્ગકા ઉત્પન્ન કરનેવાલા આત્મા હૈ, નરકકા નાશ કરનેવાલા હૈ—ઐસા નહીં. ચારોં ગતિકા–ભવકા નાશ કરનેવાલા આત્મા હૈ. સમજમેં આયા? આરે! આવી ધર્મદેશના? આવો ઉપદેશ કેવો?

અભી તો તક તો ઐસા સુના થા કિ ઐસા ધરના, ઐસા કરના.. ઐસા સુનતે થે કિ કંદમૂલ નહીં ખાના, હરિત આદિ થોડી ખાના, ગરમ પાણી પીના, રાત્રિકો આહાર નહીં કરના, સમજમેં આયા? જીવદયા પાલના, શરીરસે બ્રહ્મચર્ય પાલના—ઐસી બાત બહોત સુની થી. યે કહાંસે આયા? અરે! સુન તો સહી! ભગવાનકે પાસસે વહ આયી હૈ. સમજમેં આયા? તેરે ભગવાનકે પાસસે યહ બાત આતી હૈ, એમ કહતે હૈં. આહાહા! તેરી વાત કરે વહ કુછ નહીં ઔર દૂસરી બાત. (દૂસરી) બાત કરે યે સબ રાગકી બાત હૈ. ઐસા કરના, યે તો વિકલ્પકા ઉત્થાન હૈ, વૃત્તિ ઉઠતી હૈ, વહ તો રાગ હૈ. ભગવાન તો રાગરહિત ચિદાનંદસ્વરૂપ આત્મા હૈ. ઐસે આત્માકા અવલંબન લિયે બિના ભવકા–ચાર ગતિકા નાશ કભી હોતા નહીં. આહાહા! સમજમેં આયા? બહુત સાદી ભાષા હૈ. કોઈ સંસ્કૃત ને વ્યાકરણ જાને તો સમજમેં આયે ઐસી કોઈ ચીજ નહીં. સમજમેં આયા?

અંતરકી ચીજ હૈ, ભગવાન! તેરી ચીજ હી ઐસી હૈ. સમજમેં આયા? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ..' વહ છ ઢાળામેં આતા હૈ. 'પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ..' છ ઢાળામેં આતા હૈ. 'મુનિવ્રત ધાર..' દ્રવ્યલિંગી હુઆ, પંચમહાવ્રતકી ક્રિયા કી, ઉસમેં ક્યા હુઆ? વહ તો રાગ હૈ. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' નવમી ગ્રૈવેયક હૈ એક સ્વર્ગ, વહાં ગયા અનંતબૈર. 'પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ..' આત્મા

આનંદકંદ પ્રભુ પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત હૈ. ઐસી ચીજકા ભાન બિના આનંદકે એક અંશકા અનુભવ હુઆ નહીં, ઇસકે બિના જન્મમરણ કભી મિટતે નહીં. સમજમેં આયા? આહાહા! ભારે વિશેષણ આપ્યા છે!

**ભવભવકા ધ્વંસ કરનેમેં નિપુણ ઐસે ઇસ જ્ઞાનકો...** મુનિરાજ કહતે હૈં, જગતકો સમજાનેકે લિયે વિકલ્પ કરતે હૈં. મૈં, યહ જ્ઞાનસ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ ભવભવકા નાશ કરનેવાલી ચીજ હૈ ઉસકો મૈં નમતા હૂં. ઉસકો **મૈં નિત્ય પૂજતા હૂં.** દેખો! ઉસકી મૈં નિત્ય પૂજા કરતા હૂં અર્થાત્ અંદર વીતરાગતા પ્રગટ કરતા હૂં. યે પૂજા ઉસકા નામ વીતરાગતા ને સામાયિક. આહાહા! પૂજાયોગ્ય જો વીતરાગભાવ ઐસી મૈંને પૂજા કી તો વીતરાગપર્યાય પ્રગટ હુઈ. આહાહા! સમજમેં આયા? પૂજ્યભાવ ત્રિકાળી ભગવાન અપના વીતરાગભાવ, પૂજક અપની પર્યાયસે પૂજ્યકી પૂજના કી તો વીતરાગપર્યાય પર્યાયમેં ઉત્પન્ન હુઈ. વહ વીતરાગપર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને સામાયિક. ઇસકે સિવા દૂસરી રીતસે કોઈ કહતા હો તો વીતરાગમાર્ગસે વિરુદ્ધ હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરકે પંથસે દૂસરી રીત જો કહે તો વિરુદ્ધ હૈ. સમજમેં આયા? આહાહા!

લોગકા ભલા કર દો. કૌન કર સકે? વહ પરપદાર્થ સ્વતંત્ર હૈ. ઉસકી પર્યાયકા હોના ઉસસે હોતા હૈ. કોઈ દૂસરા કર સકે? એક પદાર્થકા દૂસરે પદાર્થકા કર્તા-હર્તા હૈ? (નહીં). સ્વતંત્ર સબ પદાર્થ હૈં. આહાહા! કૌન કરે? અપની પર્યાયમેં વિકાર ને અવિકાર કરે. પરકા ક્યા કરે? સમજમેં આયા? કહતે હૈં, અરે! મુનિરાજ અપની બાત કરકે દુનિયાકો કહતે હૈં હોં. ભગવાન આત્મા જ્ઞાનકા પુંજ વીતરાગમૂર્તિ પ્રભુ યે પુણ્ય-પાપકે વિકલ્પ ને શરીર-કર્મસે રહિત હૈ, ઐસી ચીજકો મૈં પૂજતા હૂં. મૈં રાગકો પૂજતા નહીં, નિમિત્તકો પૂજતા નહીં, પર્યાયકો પૂજતા નહીં, ત્રિકાળીકો પૂજતા હૂં. આહાહા! આત્મા ત્રિકાળી ધ્રુવ આનંદકંદ ઐસા ત્રિકાળી હૈ, કૌન વર્તમાનમેં હૈ—એની તો કાંઈ ખબર નહીં અને ધર્મ કરતે હૈં હમ. ધર્મ કહાંસે આયા? ધર્મકી પર્યાય કરનેવાલા કૈસા હૈ ઇસકી ખબર બિના ધર્મ કહાંસે આયા? સમજમેં આયા?

લ્યો. પોણો કલાક તો થયો એક કળશમાં. પૌના ઘંટા હુઆ એક કલશમેં. એ બીજો કળશ આવે છે. દૂસરા કળશ. ઇસ બાજુ દેખો! ૨૧૭ હૈ ન. ભાવાર્થ તરીકે ઓલો નાખ્યો છે– કૌંસમાં નાખ્યો છે. ૨૧૭ કળશ. મુનિરાજ દિગંબર સંત પદ્મપ્રભમલધારિદેવને વનવાસમેં રહકર કુંદકુંદાચાર્ય ભગવાનકી ગાથાકા અર્થ બનાયા હૈ સમજમેં આયા? આતા હૈ કિ નહીં? વહ ક્યા હૈ? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' તીસરે નંબર પર કુંદકુંદાચાર્ય આતે હૈં. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોઽસ્તુ મંગલં.' ઐસે કુંદકુંદાચાર્ય, ઉનકા (બનાયા) યહ શાસ્ત્ર હૈ. ઉસકા અર્થ કરનેવાલે દિગંબર સંત વનવાસી ઉન્હોંને ૨૧૭ કળશ બનાયા હૈ. દેખો!

**अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-**
**धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः ।**
**क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं**
**तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति ॥२१७॥**

**तरसा** એટલે શું? જલ્દી? ઇસ બાજુ અર્થ હૈ દૂસરે પન્ને પર. આજ તો તુમ્હારી હિન્દી લી હૈ ભૈયા! આજ તો હિન્દીમેં સમજમેં આતા હૈ. અમારી ગુજરાતી સાદી હૈ, પણ કોઈ હિન્દી આતે હૈં તો... નહીં તો ગુજરાતી ચલતી હૈ યહાં તો. યે ઇન્દોરવાલે આયે તો કહા, નહીં સમજતે હમ. ઇન્દોરમેં તો થોડી-થોડી ગુજરાતી ચલતી હૈ. નહીં ચલતી? વહ શ્લોક હૈ ઇસ બાજુ.

**શ્લોકાર્થ : યહ જીવ...** આ ભગવાન આત્મા ચૈતન્યપુંજ આનંદઘન.. યે **અઘસમૂહકે વશ...** ક્યા કહતે હૈં? અઘ નામ પુણ્ય ને પાપ ઉસકે તાબે હોકર... મૂળ પુણ્ય-પાપનો અધિકાર છેને ભાઈ! એટલે એ ભરી દીધું. પુણ્ય-પાપકે તાબે હોકર... પુણ્ય-પાપકો નાશ કરનેવાલી ચીજ આત્મા હૈ, પણ વહ અનાદિસે અજ્ઞાનમેં તાબે હો જાતી હૈ. આહાહા! યહ જીવ–ભગવાન આત્મા... અઘ નામ પુણ્ય ને પાપકે અસંખ્ય પ્રકારસે ભાવ હૈં. શુભકે અસંખ્ય ને અશુભકે અસંખ્ય પ્રકાર હૈં. ઐસે અસંખ્ય પુણ્ય-પાપકે વિકલ્પ નામ રાગકી લાગણી ઐસે સમૂહકે વશ.. આહાહા! અપને સ્વભાવકે વશ ન હોકર વિકારકે વશ અનાદિસે હોતા હૈ, કહતે હૈં. સમજમેં આયા?

**पुण्णं च पावं च भावं वज्जेदि** છેને પાઠમાં? ભાવ.... એટલે આ ભાવને વશ થાય, ખરેખર એમ છે. સમજમેં આયા? આહાહા! આવો ધર્મ કેવો હશે? એ ભીખાભાઈ! આવી પણ માંડી.... સમેદશિખરની જાત્રા એકવાર કરે. લ્યો, 'એકવાર વંદે જો કોઈ, નરક પશુગતિ ન હોઈ.' આતા હૈ કિ નહીં? અનંતબૈર સમ્મેદશિખરકી પૂજા કી, પુણ્યભાવ હૈ. ભગવાન તો વહાં તક કહતે હૈં પરમાત્મપ્રકાશમેં યોગીન્દ્રદેવ સંત–મુનિ દિગંબર. 'ભવે ભવે જિન પૂજિયો..' પરમાત્મપ્રકાશ બડા અધ્યાત્મ ગ્રંથ હૈ. યોગીન્દ્રદેવ મુનિ હુએ હૈં દિગંબર સંત વનવાસી. ઉન્હોંને કહા 'ભવે ભવે જિન પૂજિયો' પણ આત્મા ક્યા ચીજ હૈ ઉસકી પૂજા નહીં કી. સમજમેં આયા? યે પરમાત્મપ્રકાશમેં હૈ. ઓહો! કહતે હૈં, ભગવાન જ્ઞાનસ્વભાવ શુદ્ધ અપના–નિજ સ્વભાવ ઉસમેં એકાગ્ર નામ તાબે હોના.. (ઉસે) છોડકર ઉસકે વિરુદ્ધ જો પુણ્ય ને પાપ, શુભ ને અશુભ વિકલ્પ–રાગે હૈ ઉસકે વશ હોતા હૈ અનાદિસે.

**સંસૃતિવધૂકા પતિપના પ્રાપ્ત કરકે...** આહાહા! સંસાર દુઃખરૂપી સ્ત્રી, એનો પતિ.. આહાહા! પુણ્ય-પાપકી વિભાવ પરિણતિ જો સંસાર પરિણતિ હૈ ઐસી જો સ્ત્રી, ઉસકા વહ પતિ હુઆ. આહાહા! ...ધણી થયો. આહાહા! હૈ ન અંદર? જુવાન માણસ તો (પકડ) સકતા હૈ, ધ્યાન રખે તો. બહારમેં કૈસી મતિ લગાતા હૈ? સમજમેં આયા? આહાહા! અહીં તો સાદી

ભાષા છે. કોઈ ઐસી કડક નહીં હૈ. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માકે સંત કહતે હૈં, અરે જીવ! તુને ક્યા કિયા અભી તક? અનંત-અનંત સંસારમેં ક્યા કિયા તુને? પુણ્ય-પાપ.. અઘ નામ પુણ્ય-પાપકા સમૂહ ઉસકે વશ હો ગયા ઔર સંસૃતિવધૂ–સંસારરૂપી સ્ત્રી... યે સંસૃત હુઆ ન. વિકારભાવ વહ સંસાર હૈ, પુણ્ય-પાપભાવ વહ સંસાર હૈ, યે સંસારવધૂકા પતિ હુઆ, માલિક–ધણી હુઆ (ઔર) અપની ચીજકો છોડ દિયા. આહાહા! કાંતિભાઈ! આમાં તો સીધી બાત છે. આમાં કાંઈ કોઈ વ્યાકરણ જાણે, સંસ્કૃત જાણે તો સમજાય એવી ચીજ નથી. સમજમેં આયા? આઠ વર્ષકી બાલિકા ભી સમ્યગ્દર્શન પાતી હૈ ઔર હજાર જોજનકા મચ્છ સ્વયંભૂરમણ સમુદ્રમેં સમ્યગ્જ્ઞાન (સહિત) પાંચવે ગુણસ્થાનમેં હૈ. સમજમેં આયા?

આત્માકી તૈયારી હોની ચાહિયે ન! આત્મા સમજનેકી, પ્રતીત કરનેકી, અનુભવ કરનેકી... તો કહતે હૈં કિ અપના અનુભવ છોડકર... અરે! ઉસને ક્યા કિયા અભી તક? જૈનકા મિથ્યાદૃષ્ટિ દિગંબર સાધુ હુઆ, નવમી ગ્રૈવેયક ગયા, પણ પુણ્ય-પાપકે સમૂહકે વશ હુઆ. અપના આત્મા આનંદકંદ જ્ઞાનકા ચૈતન્યસ્વભાવ ઉસકા આશ્રય ન લિયા. આહાહા! સમજમેં આયા? **પતિપના પ્રાપ્ત કરકે (અર્થાત્) શુભાશુભ કર્મોંકે વશ સંસારરૂપી સ્ત્રીકા પતિ બનકર...** આહાહા! વિભાવ પરિણતિકા પતિ હુઆ, એમ કહતે હૈં. અપનેમેં–પર્યાયમેં પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ જો દોનોં વિભાવ હૈં ઉસકા માલિક–સ્વામી–ધણી–પતિ હોકર, **કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા હોકર રહા હૈ.** આહાહા! રાગમેંસે સુખ હોગા ઐસી મતિવાલા રહા હૈ. સમજમેં આયા? ઇચ્છા ઉત્પન્ન હુઇ પુણ્યકી કિ પાપકી, ઉસમેંસે સુખ ઉત્પન્ન હોગા—ઐસા કામજનિત સુખકી તૃષ્ણાવાલા રહા. સુખ તો ભગવાન આત્મામેં હૈ ઉસકી તો ખબર નહીં. સમજમેં આયા?

સ્ત્રીમેં સુખ હૈ, પૈસામેં સુખ હૈ, ધૂલ ૫-૨૫ લાખ કરોડ-બે કરોડ મિલા (તો) સુખી હૈ. મૂઢ જીવને અપને આનંદસ્વભાવકો છોડકર, પુણ્ય-પાપકે રાગકે વશ હોકર, પરમેં સુખબુદ્ધિ માનકર આકુલતાકો પ્રાપ્ત કિયા હૈ. આહાહા! ઇચ્છાજનિત **સુખકે લિયે આકુલ મતિવાલા હોકર રહા હૈ.** આહાહા! દેખો! અનાદિસે ઐસા રહા. ક્યોં? કિ અપના આનંદસ્વરૂપ ભગવાન અને જ્ઞાનમૂર્તિ પ્રભુ ઉસકી દૃષ્ટિ કિયે બિના, ઉસકા આશ્રય લિયે બિના, વહ 'મેરી ચીજ હૈ' ઐસા સ્વામી હુએ બિના, પુણ્ય ને પાપકા સ્વામી હોકર, સંસારસ્ત્રીકા પતિ હોકર આકુલતાજન્ય દુઃખકો ભોગા. આ શેઠીયા-બેઠીયા બધા દુઃખી છે. ધૂલમેં સુખ નહીં. મૂઢ માનતા હૈ. સુખ-દુઃખની કલ્પના છે. માને છેને મૂઢ જીવ. પૈસા બે-પાંચ-દસ કરોડ મિલા (તો) સુખી હૈ, હજીરા મિલા, હજીરો એટલે મકાન, બે-પાંચ-દસ લાખકા મકાન બનાયા (તો) સુખી હૈ. ધૂળેય નથી. દુઃખી હૈ, દુઃખકા કીડા હૈ, સુન ન! અપને ઘર બિના ન ચલે. યે પરઘર કહાં અપના હૈ?

વ્યવહાર બિના ચલે નહીં, પર બિના ચલે નહીં, ઐસે કહતે હૈં ન. આહાહા! અરે! ઉસને અપના નિજઘર ક્યા હૈ (વે દેખા નહીં). સમજમેં આયા?

વહ આતા હૈ. ભજનમેં નહીં આતા? 'અબ હમ કબહૂ ન નિજઘર આયે..' એક બીજું. 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભ્રમત–ફિરત નામ અનેક ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભ્રમત–ફિરત નામ અનેક ધરાયે.' મૈં પુણ્ય કરતા હૂં, મૈં પાપી હૂં, મૈં ગરીબ હૂં–દીન હૂં, તવંગર હૂં–શ્રીમંત હૂં ને હરિજન હૂં ને બ્રાહ્મણ હૂં ને નારકી હૂં, કીડી હૂં ને કાગડા હૂં–કૌઆ હૂં આહાહા! ઐસે અપના નિજઘરકો જાને બિના પરઘર ભ્રમત અનેક પ્રકારકા નામ ધરાયા. યહાં તો કહતે હૈં.. આહાહા! આકુલતાવાલા રહા. આકુલતામેં રહા હૈ અભી તક, એમ કહતે હૈં. સમ્યગ્દર્શન બિના સર્વ પ્રાણી આકુલતામેં રહે હૈં. આહાહા!

**કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા હોકર રહા હૈ**. આહાહા! યે તો સંસારદશા બતાઈ અભી તકકી. નિગોદસે લેકર... નિગોદ સમજતે હો? કાય. આલુ (આદિ)મેં એક રાઈ જિતની કટકી–ટુકડા લો ઉસમેં અસંખ્ય શરીર હૈં ઔર એક શરીરમેં અનંત જીવ હૈં. ક્યા કહા? આલુ હોતા હૈ ન આલુ? આલુ-બટાટા, મૂલી, ગાજર, ડુંગળી... ડુંગળી કહતે હૈં? પ્યાજ. પ્યાજ, લહસુન ઉસકી એક કટકી–ટુકડા લો રાઈ જિતના તો, પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહતે હૈં કિ ઉસમેં ઐસે ઔદારિક ઝીણા–સૂક્ષ્મ શરીર અસંખ્ય હૈં. ઇતના રાઈ જિતને ટુકડેમેં અસંખ્ય ઔદારિક શરીર હૈં ઝીણા–સૂક્ષ્મ. ઔર એક શરીરમેં અભી તક જિતને સિદ્ધ હુએ.. સિદ્ધભગવાન હુએ ન... છ માસ ને આઠ સમયમેં ૬૦૮ જીવ મુક્તિકો પ્રાપ્ત હોતે હૈં ઐસા પરમાત્માકે જ્ઞાનમેં આયા હૈ. છ માસ ને આઠ સમયમેં ૬૦૮ મુક્તિકો પ્રાપ્ત હોતે હૈં. તો અનંત કાલસે સિદ્ધ હુએ ઉસસે ભી અનંત ગુને જીવ એક શરીરમેં હૈં. ઉસે નિગોદ કહતે હૈં. આહાહા! ઉસમેં અનંતબૈર રહા, ભાન નહીં ઉસકો. વહાંસે નિકલા તો ભી ચાર ગતિમેં આકુલતામેં રહા હૈ એમ કહતે હૈં.

**કભી ભવ્યત્વ દ્વારા શીઘ્ર મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ...** લ્યો. આહાહા! કભી અપની યોગ્યતાસે સ્વરૂપકી દૃષ્ટિ, અનુભવ કરકે શીઘ્ર... ઐસે ક્યોં કહા? અનંત કાલ તક રુલના પડા અનંત ભવમેં. મુક્તિ હોનેમેં તો અનંત ભવ હોતે નહીં, અસંખ્ય ભવ નહીં હોતે. એક-દો ભવમેં મુક્તિ હો જાતી હૈ. **શીઘ્ર મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ**... આહાહા! ભવ્યત્વ યોગ્યતા પ્રાપ્ત કરકે, ઐસા કહા ન? અપની યોગ્યતા સમજનેકી, શ્રદ્ધા કરનેકી, અનુભવ કરનેકી... **ભવ્યત્વ દ્વારા શીઘ્ર મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ**... જિતના કાલ રુલનેમેં ગયા ઇતના કાલ મોક્ષ હોનેમેં જાતા નહીં. અલ્પ કાલમેં મુક્તિ હોતી હૈ, પણ આત્મા આનંદકંદ પ્રભુ ઉસકા અનુભવ કરે ને આશ્રય લે, તબ મુક્તિ હોતી હૈ. ઉસકે બિના મુક્તિ કભી હોતી નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧૫, સોમવાર, તા. ૪-૧૦-૧૯૭૧
## શ્લોક - ૨૧૭, પ્રવચન નં. ૧૪૪ (હિન્દી)

નિયમસાર શાસ્ત્ર હૈ, પરમ-સમાધિ અધિકાર. સામાયિક અથવા ધર્મકા સ્વરૂપ કૈસા હૈ (કિ) જિસસે મુક્તિ મિલે—વહ બાત ચલતી હૈ. ૨૧૭ કલશ હૈ ન. પહલે યહ બાત કરતે હૈં કિ **યહ જીવ** અનાદિસે **અઘસમૂહકે વશ...** હૈ રતનલાલજી? જરી સૂક્ષ્મ બાત હૈ થોડી. આત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ હૈ, ઉસકી દૃષ્ટિ ન કરકે, ઉસકે વશ ન હોકર, અનાદિ કાલસે પુણ્ય ને પાપકા ભાવ જો અઘસમૂહ.. અઘસમૂહકે વશ (અર્થાત્) પુણ્ય ને પાપકે ભાવકે વશ હોકર મિથ્યાદૃષ્ટિ હોકર... અપને આનંદસ્વરૂપકો અનાદિસે ભૂલકર, પુણ્ય ને પાપકા વિકલ્પ દયા-દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ ઔર હિંસા, જૂઠું, ચોરી આદિ ભાવ યે સબ ભાવ પાપસમૂહ હૈ. સમજાય છે કાંઈ? અપની પવિત્રતા... આનંદઘન આત્મા અતીન્દ્રિય આનંદકી મૂર્તિ હૈ. અનાદિસે ઉસકા પ્રેમ ને રુચિ છોડકર, પુણ્ય ને પાપ જો વિકલ્પ–રાગ હૈ ઉસકી રુચિમેં વશ હુએ... સમજાય છે કાંઈ?

જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, અપના સ્વભાવ અનાદિ-અનંત નિત્યાનંદ સહજાનંદકી મૂર્તિ આત્મા હૈ. ઉસકા પ્રેમ ને રુચિ છોડકર અનાદિસે એકેન્દ્રિય નિગોદસે લેકર દિગંબર સાધુ દ્રવ્યલિંગ ધારણ કરકે નવમી ગ્રૈવેયક તક અનંતબૈર ગયા, પણ વહ મિથ્યાદૃષ્ટિ પુણ્ય ને પાપકે રાગકે વશ હોકર ગયા. આહાહા! આવું છે ભાઈ! તાબે થઈ ગયું, વિભાવને તાબે થઈ ગયું. સમજતે હો ન? આત્મા ત્રિકાળી સ્વભાવ... ત્રિકાળ સ્વભાવ, શુદ્ધ જ્ઞાનાનંદ ત્રિકાળ, ઉસસે (ભિન્ન) એક સમયકા પુણ્ય-પાપકા ભાવ વિકાર, વિભાવ હૈ. વિભાવ કૃત્રિમ, ક્ષણિક, અનિત્ય, ઉપાધિ, દુઃખરૂપ હૈ ઉસકે તાબે હુએ. સમજમેં આયા? અંતર ચીજ આનંદસ્વરૂપ ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો–ગાંઠ આખી.. આહાહા! ઉસ તરફ સન્મુખ હોકર ઉસકા આશ્રય કરના છોડ દિયા અનાદિસે. છોડ દિયા એટલે પહલે કિયા થા ને પીછે છોડ દિયા ઐસા નહીં. આહાહા!

અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે સ્વરૂપે બિરાજમાન છે. આહા! ઉસ તરફકી રુચિ છોડકર, આશ્રય છોડકર, સ્વસન્મુખતા છોડકર, સ્વસન્મુખસે પતિત હોકર અઘસમૂહ–પુણ્ય ને પાપકા ભાવ ઉસકે વશ હો ગયા. વહ મિથ્યાદૃષ્ટિ હૈ. ચાહે તો દિગંબર મુનિ હુઆ હો બાહ્યસે. સમજમેં આયા? પણ અંતરમેં વિભાવકે વશ, જો પુણ્ય વિકલ્પકે વશમેં હૈ વહ સ્વરૂપકા અનાદર કરનેવાલા મિથ્યાદૃષ્ટિ અજૈન હૈ. આહાહા! સમજમેં આયા?

**અઘસમૂહકે વશ સંસૃતિવધૂકા પતિપના પ્રાપ્ત કર...** આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા નાથ હૈ. ઉસકા પતિ ન હોકર, ઉસકા સ્વામી ન બનકર, અનાદિસે

અજ્ઞાની–મૂઢ પુણ્ય ને પાપકા વિકલ્પ(રૂપી) સંસાર જો હૈ વહ સંસૃતિવધૂ–વિકારરૂપી સંસૃતિ નામ સંસારરૂપી સ્ત્રી ઉસકા પતિ હુઆ, ઉસકા માલિક હુઆ. ઉસકા પતિ હુઆ, ઉસકા ધણી હુઆ, વહ મૂઢ જીવ હૈ. આહાહા! સમજમેં આયા? આ બધા બે-પાંચ કરોડ પૈસા હો કે લક્ષ્મી આદિ આબરૂ હો, વહ ચીજ દૂસરી અને લક્ષ્મી આદિ છોડકર નગ્ન મુનિ હુઆ હો વહ દૂસરી ચીજ. ઉસમેં કોઈ ત્યાગ નહીં પરકા. ક્યોંકિ અંદરમેં પુણ્ય ને પાપકી વૃત્તિ વિભાવ જો હૈ, વહ સ્વભાવકે સાથ તન્મય.. તન્મય હૈ નહીં. ફિર ભી તન્મય માનકર સંસારરૂપી સ્ત્રીકા અજ્ઞાની પતિ–ધણી–માલિક હુઆ હૈ, યે સંસાર જન્મ-મરણકા કારણ હૈ. ભાઈ! આહાહા!

આ તમને બધા પૈસાવાળાને સુખી કહે છેને. કરોડોપતિ સુખી છે એમ કહે છે. ગાંડા પાગલને ભાન કે દિ' છે? 'લોક મૂકે પોક.' લોક તો પોક મૂકતા હૈ. ભાન કે દિ' એને? એ શેઠ! પંડિતજી! આહાહા! એક જ શ્લોકમાં સંસાર ને મુક્તિ બેયની વાત કીધી સાથે. સંસારમેં અબ તક ક્યોં પરિભ્રમણ કિયા? ઔર નિગોદસે લેકર નવમી ગ્રૈવેયક ગયા વહ મિથ્યાત્વસે ગયા, તો મિથ્યાત્વકા અર્થ ક્યા? કિ જો પરમેં સુખ નહીં, પુણ્ય-પાપકે ભાવમેં સુખ નહીં, પુણ્ય-પાપકા ભાવ અપના નહીં, ઉસે અપના માનકર સ્વામી હુઆ વહી સંસારમેં રખડનેકા કારણ હૈ. સમજમેં આયા? આહાહા! સમજમેં આતા હૈ કિ નહીં? બાત ઐસી હૈ.

શ્રોતા : કર્મે ભમાવ્યા...

પૂજ્ય ગુરુદેવશ્રી : કર્મ કોણ ભમાવે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ હૈ, માટી હૈ–ધૂળ હૈ. અજીવમેં તાકાત હૈ જીવકો પરિભ્રમણ કરાનેકી? અપના સ્વભાવ આનંદ ને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી ચિદ્દઘન, ઉસકા અનાદર કરકે, પુણ્ય-પાપકે વશ હોકર અજ્ઞાનસે પરિભ્રમણ કરતા હૈ, કર્મસે નહીં. સમજમેં આયા? કર્મ તો પરવસ્તુ હૈ. પરવસ્તુ પરવસ્તુકો છૂતી હૈ? પોતે પોતાનો... યે તો બાત ચલતી હૈ. 'અપનેકો આપ ભૂલકર આપ હૈરાન હો ગયા.' અપનેકો આપ ભૂલકે... આ ધૂળ ને પૈસા ને લક્ષ્મી કાં પુણ્ય ને પાપના ભાવ.. જો ચીજ હી નહીં અપનેમેં, ઉસકી નાસ્તિ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મામેં, કર્મ, શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ ઔર પુણ્ય-પાપકા ભાવ ઉસકી નાસ્તિ હૈ આત્મામેં. નાસ્તિ ન માનકર યે હી મૈં હૂં (ઐસા માના હૈ). આહાહા! બાત ઐસી હૈ. સમજમેં આયા?

**અઘસમૂહ**... અઘ નામ પાપ. પુણ્ય ને પાપ દોનોં પાપ હૈં. આહાહા! ગજબ બાત હૈ! અનાદિસે અપને આનંદસ્વરૂપસે પતિત હોકર–ભ્રષ્ટ હોકર, શુભ ને અશુભ વિકારકા ભાવ, પુણ્ય-પાપકા ભાવ વહી મૈં હૂં, વહ મેરા હૈ (ઐસા) ઉસકા પતિ હોકર... સંસાર પરિભ્રમણરૂપી વિકારી પરિણતિરૂપી સ્ત્રી ઉસકા પતિ હોકર **કામજનિત સુખકે લિયે...** આહા! પરમેં સુખ હૈ, પુણ્યભાવમેં સુખ હૈ, પાપમેં દુઃખ હૈ, પાંચ ઇન્દ્રિયકે વિષયમેં સુખ હૈ. અરે! પુણ્ય ને પાપ વહ ભી મનકા વિષય હૈ, આત્માકા નહીં. પુણ્ય ને પાપકે ભાવમેં સુખ હૈ, મુજે હિતકર હૈ—ઐસી

માન્યતા (હૈ તો) કામજનિત સુખકો માનતા હૈ. અપને આત્મામેં આનંદ હૈ વહ માનતા નહીં. મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ હૈ. આહાહા! વીતરાગ માર્ગ યહ હૈ. સમજમેં આયા? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિસે એક સેકંડકે અસંખ્યવે ભાગમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આયા, ઐસે પરમાત્માકી વાણીમેં યે બાત આયી હૈ. સમજમેં આયા? ઐસી બાત, સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ સિવા દૂસરે (કહીં) ઐસી બાત કભી હોતી નહીં. સમજમેં આયા? કહો, રતનલાલજી! તુમકો દુઃખી કહતે હૈ યહાં. ક્યોંકિ રાગ ને પુણ્ય-પાપકે ભાવમેં ઠીક હૈ, લક્ષ્મી આદિ મિલી ઉસમેં મજા હૈ—ઐસી મિથ્યાત્વ માન્યતા દુઃખ હૈ. કરો નક્કી. ઇસમેં તો સચ્ચી બાત હૈ. સમજમેં આયા?

ઇસલિયે તો કહતે હૈં કિ અહો! **કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા હોકર જી રહા હૈ**. આહાહા! અરેરે! અનાકુલ ભગવાન આત્મા જો આનંદસે તૃપ્ત.. તૃપ્ત ભરા હૈ પ્રભુ, ઉસ તરફકી દૃષ્ટિ કરે બિના અનાદિસે કામજનિત સુખ–વિષયજનિત સુખ... વિષય શબ્દે ભોગ અકેલા એમ નહીં, પાંચો ઇન્દ્રિયકા. મન એ ભેગું છેને ઇન્દ્રિયમાં. એ ઇન્દ્રિય છેને અંદર. મનમેં ઉત્પન્ન હુઆ રાગ–વિકલ્પ, વિભાવ ઉસમેં સુખ હૈ, યે મેરી ચીજ હૈ, ઉસસે મુજે લાભ હોગા—ઐસી દૃષ્ટિ (જિસે) હૈ વહ કામજનિત સુખકો અપના માનતા હૈ. આત્મજનિત સુખકી ઉસકો ખબર નહીં. આહાહા! સમજમેં આયા?

વિપરીત માન્યતા ઉસકા અર્થ કિ પુણ્ય ને પાપ જો શુભ-અશુભ રાગ હૈ યે દુઃખ હૈ. અને ઉસમેં હિત માનતા હૈ કિ મેરા કર્તવ્ય હૈ, મુજે કરનેલાયક હૈ ઔર ઉસસે મુજે ધર્મ હોગા—ઐસી કામજનિત સુખબુદ્ધિ મિથ્યાદૃષ્ટિકી હૈ. ચાહે તો સ્ત્રી છોડકર બ્રહ્મચારી હો–બાલબ્રહ્મચારી હો, હજારો રાણી છોડકર રહા હો, તો કહતે હૈં કિ કુછ છોડા નહીં ઉસને. પંડિતજી! ક્યોંકિ વહ સબ સંયોગકા કારણ બંધ હૈ ઔર બંધકા કારણ પુણ્ય-પાપકા ભાવ હૈ. તો ભાવકી જિસે રુચિ ને ઇચ્છા હૈ (ઉસે) સારી દુનિયાકી ઇચ્છા પડી હૈ અંદરમેં. આહાહા! સમજમેં આયા? ભારે વાત. જગતને તો એવું કઠણ પડેને. નેમિચંદજી! પુસ્તક બડે પ્રેમસે છાપા હૈ. બિહારના છે. સમજમેં આયા? ઐસા માર્ગ હૈ નેમિચંદજી! વીતરાગકા ઐસા માર્ગ હૈ.

અપના નિજાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ, રુચિ અનાદિસે છોડકર, જિસકી પુણ્ય ને પાપકે વિકલ્પ નામ રાગમેં રુચિ ને પ્રેમ હૈ, યે કામજનિત સુખકી અભિલાષાવાલા હૈ. ઉસકો આત્માજનિત આનંદકા અનાદર હૈ. સમજમેં આયા? દેખો! દિગંબર મુનિ પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહલે હુએ થે. ઉનકે પહલે (હુએ) કુંદકુંદાચાર્યકા શ્લોક હૈ. વહ દો હજાર વર્ષ પહલેકા હૈ. સંવત ૪૯. પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત વનવાસી ઉન્હોંને યે કલશ બનાયા હૈ. સમજમેં આયા? આહાહા! **કામજનિત સુખકે લિયે**... આહાહા! અભિલાષા રાગ ને પુણ્ય ને પાપકી હૈ, ઉસકી ઇચ્છા હૈ ઉસે જગતકી સારી ચીજોંકી અંદર ઇચ્છા પડી હૈ. ઐસા મિથ્યાદૃષ્ટિ

મૂઢ જીવ કામજનિત સુખકે લિયે... પરમેં કુછ ઠીક હૈ, પુણ્યભાવમેં ઠીક હૈ–ઐસે **કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા હોકર...** દેખો! ઉસકી બુદ્ધિમેં આકુલતા હૈ અકેલી. આહાહા!

કહા ન. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' છ ઢાળામેં આતા હૈ. મુનિવ્રત ધાર અનંતબૈર... પંચ મહાવ્રતકા વિકલ્પ, ૨૮ મૂળગુણ પાલા, પણ કહે છે કે દુઃખી હૈ. ધૂળેય નથી. ખાવામાં-પીવામાં આ શેઠિયાઓને બહુ અનુકુળ મળે. ઉની-ઉની રોટલી પાધરી. દુઃખી છે બિચારા એ તો. એ રતનલાલજી! યહાં તો ઐસી બાત હૈ. આત્મામેં આનંદ હૈ ઐસી જબ તક રુચિ ન હો ઔર અનુભવ ન હો, તબ લગ મિથ્યાદૃષ્ટિ પરમેં સુખ માનતા હૈ. યહ બાત યહાં તો હૈ. સમજમેં આયા?

**આકુલ મતિવાલા હોકર...** ભાષા કૈસી લી હૈ! એકેન્દ્રિયસે લેકર નવમી ગ્રૈવેયક તક 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' પંચમહાવ્રત પાલે, ૨૮ મૂળગુણ પાલે યે સુખ નહીં, એમ કહે છે, દુઃખ હૈ. આહાહા! રાગ હૈ. અર્થ કરતા આવડે નહીં. ઢાળ.. ઢાળ.. છ ઢાળા કંઠસ્થ ઘણા કરે પાઠશાળામાં. એ પંડિતજી! છ ઢાળા શીખા હોગા ઔર દૂસરેકો શીખાવે. પણ ક્યા હૈ ઉસમેં? મુનિવ્રતધાર... મુનિવ્રતધાર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ... પણ મુનિવ્રત ધારે યે દુઃખ હૈ. વ્રતકે પરિણામ દુઃખ હૈ. અવ્રતકે ભાવ ભી દુઃખ હૈ (ક્યોંકિ) વિકલ્પ હૈ–રાગ હૈ. સમજમેં આયા ભૈયા? ઐસી બાત હૈ. કઠિન પડે ઐસી હૈ. રાગ–વિકલ્પ હૈ. મુનિવ્રત ધાર... મુનિવ્રત નામ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ. આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયૌ. ઉસકા અર્થ ક્યા હુઆ? રાગસે રહિત અપને અનુભવ બિના આનંદકા અંશ ભી આયા નહીં, તો વહ દુઃખ થા. કઠણ પડે જગતને. સુના નહીં કભી કિ ક્યા ચીજ હૈ. ઐસે ને ઐસે...

યહાં તો કહતે હૈં, અનાદિસે અજ્ઞાની જીવ **કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલે હોકર જી રહા હૈ.** ઉસકા જીવન ઐસા હૈ. આહાહા! ધન્ય રે અવતાર! સમજાય છે કાંઈ? આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, જ્ઞાનની મૂર્તિ પ્રભુ ઉસમેં સુખ હૈ—ઐસા સમ્યગ્દર્શન હુએ બિના પરમેં સુખ માનકર આકુલિત મતિવાલા હોકર જી રહા હૈ. આહાહા! અજ્ઞાનીકા આકુલ મતિવાલા જીવન હૈ એમ કહતે હૈં. ગજબ વાત છે આ! મુનિવ્રત પાલે તો (ભી) આકુલિત મતિવાલા દુઃખી હૈ એમ કહતે હૈં. ક્યોંકિ વ્રત વિકલ્પ હૈ. ઉસસે રહિત આત્મા અનાદિ-અનંત આનંદકંદ પ્રભુ હૈ ઐસા આશ્રય લેકર સમ્યગ્દર્શન પ્રગટ ન કિયા તો થોડા ભી ઉસકો સુખ નહીં, પણ દુઃખ હૈ. પાછું સુખ ભલે ન હો.

છ ઢાળામાં આતા હૈ કિ નહીં? દેખા હૈ કિ નહીં? ઉદયપુર. છ ઢાળા નહીં આયી? છ ઢાળામેં આતા હૈ. દૌલતરામજી, નહીં? દૌલતરામજીકી છ ઢાળા હૈ. નેમિચંદજી! દૌલતરામજીકી છ ઢાળા ઉસમેં આતા હૈ. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ..' તો ભી લેશ સુખ ન

પાયા તો ક્યા કિયા? મુનિવ્રત પાલે વહ સુખ નહીં, વહ તો રાગ વિકલ્પ હૈ. આહાહા! અમરચંદભાઈ! ...કા સ્થાન ક્યા હૈ, વહ તો રાગ હૈ, ચીજ હૈ બંધકી. ઉસકો હી ધર્મ માનકર કિયા તો આકુલિત મતિવાલા હોકર જી રહા હૈ. પંચમહાવ્રતકા પાલનેવાલા, ૨૮ મૂળગુણ પાલનેવાલા આકુલિતમતિ હોકર જી રહા હૈ. ઉસકો આત્મજ્ઞાન... વિકલ્પસે પાર અંદર ચિદાનંદ ભગવાન ભિન્ન હૈ ઐસા જબ લગ સમ્યગદર્શન ન હો, તબ લગ સબ પ્રાણી દુઃખી હૈં. સમજમેં આયા? સુજાનમલજી! આમાં ના કોણ પાડે? બે ને બે ચાર જેવી ચીજ છે. દો ને દો ચાર હોતે હૈં કિ દો ને દો તીન હોતે હૈં કિ દો ને દો પાંચ?

એક લીટીમેં છ ઢાળામેં ઐસા લિયા હૈ. મુનિવ્રતધાર, અનંત બૈર.. અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ, આતમજ્ઞાન બિના... મુનિવ્રત હો, પણ આતમજ્ઞાન નહીં થા. સમજમેં આયા? શુભભાવ થા. શુભભાવસે રહિત મેરી ચીજ અતીન્દ્રિય આનંદ, જ્ઞાતા-દ્રષ્ટાકા ભંડાર હૈ, ઐસી દૃષ્ટિકે ભાન બિના, સ્પર્શ બિના પંચમહાવ્રત પાલનેવાલા પ્રાણી ભી દુઃખી હૈ, આકુલિત મતિવાલા હોકર જી રહા હૈ અને યે શેઠિયા ભી આકુલિત મતિવાલા હોકર જી રહા હૈ. બેય સરખા છે. પૈસા વિનાનો જ અનાદિનો રહ્યો છે. સુનો! એક તત્ત્વમેં દૂસરા તત્ત્વકા અભાવ હૈ તો વહ ચીજ ટિક રહી હૈ. આત્માકી ચીજમેં લક્ષ્મીકી–અજીવકી તો નાસ્તિ હૈ. એકમેં દૂસરેકા અભાવ હૈ તો વહ ટિક રહા હૈ. તો લક્ષ્મી બિના હી આત્મા ટિક રહા હૈ. અરે! ઉસકે બિના તો ઠીક, પણ પુણ્ય-પાપકે વિકલ્પ બિના ટિક રહા હૈ. આહા! આત્મા એટલે શુદ્ધ ચિદાનંદમૂર્તિ, અનાકુળ આનંદકંદ. સમજમેં આયા?

પુણ્ય-પાપકા વિકલ્પ તો આસ્રવતત્ત્વ હૈ. વહ આત્મતત્ત્વ કહાં હુઆ? વહ નિશ્ચયસે તો અજીવતત્ત્વ હૈ, જીવતત્ત્વ નહીં. પંચમહાવ્રતકા વિકલ્પ યે જીવતત્ત્વ નહીં, આસ્રવતત્ત્વ, અજીવ હૈ. આહાહા! અરે! વીતરાગ ક્યા કહતે હૈં યે સુના હી નહીં કભી ઔર હમ જૈન હૈં. ક્યા? દિગંબર જૈન હૈં. દિગંબર જૈન તો ઇસે કહતે હૈં. સમજમેં આયા? દિગંબર જૈનકા અર્થ ક્યા? કિ જિસમેં–આત્મામેં પુણ્ય-પાપકી લાગણીરૂપી કપડા નહીં ઐસા દિગંબર ભગવાન આત્મા ઉસકા અનુભવ સમ્યગ્દર્શન કરના, ઉસકા નામ દિગંબર જૈન હૈ. સમજમેં આયા? આહાહા! ઐસી બાત ગજબ કરતે હૈં! અહીં તો પાપ-પુણ્યને અઘમાં લીધા છે. અપના સ્વરૂપ ભગવાન અનાકુલ આનંદસ્વરૂપસે બાહર બુદ્ધિ નિકલના—પરિણામ–બહિર્મુખી પરિણામ (હોના), વહ સબ આકુલતા, ભઠ્ઠી હૈ.

'રાગ દાહ..' ક્યા હૈ? 'રાગ આગ દહૈ...' વહ ભી ઉસમેં હૈ–છ ઢાળામેં હૈ. 'રાગ આગ દાહ..' તો શુભરાગ ભી આગ–દાહ હૈ. અશુભરાગ ભી આગ–દાહ હૈ. છ ઢાળામેં બહોત ભર દિયા હૈ. પહેલાના (પંડિત) દૌલતરામજી. અર્થ સમજે નહીં ને ગડિયો હાંક્યે જાય. નેમિચંદજી! ગંભીર હૈ. પહલેકે પંડિતો, ગૃહસ્થો, દિગંબર સંતોકી અલૌકિક બાત હૈ. આ દિગંબર ધર્મ તો

અનાદિ સનાતન જૈનદર્શન હૈ, વહ કોઈ વાડા સંપ્રદાય નહીં. સમજમેં આયા? ઉસકે સાથ દૂસરાકો મિલાના, તીન કાલમેં મિલ સકતા નહીં. ઐસી બાતકી કથની, પદ્ધતિકા ભાવ કહીં હૈ નહીં. સુજાનમલજી! ક્યા...? શ્વેતામ્બરમેં થે ન અભી તક. સાદડીમેં શ્વેતામ્બરકા જોર હૈ. આહાહા! ભગવાન... યહાં તો ક્યા કહા? ગજબ વાત હૈ ભાઈ! .....

આત્મા જ્ઞાતા-દ્રષ્ટાકા અનુભવ કિયે બિના, ઉસકી દૃષ્ટિમેં સન્મુખ હોકર પૂર્ણાનંદકા સ્વીકાર કિયે બિના, અપનેસે વિમુખ–બહિર્મુખી પુણ્ય ને પાપ હૈ વહ બહિર્લક્ષી, બહિર્મુખીભાવ હૈ. ઉસકે કરતે-કરતે આકુલ મતિવાલા હોકર જીતા હૈ–જીવે છે. આહાહા! ગજબ વાત કરી. એય ભીખાભાઈ! છે કે નહીં એમાં? મરી ગયો છે એ, પણ જીવે છે આવા આકુળતાના ભાવે, એમ કહે છે. સમજમેં આયા? ન્યાયસે સમજમેં આયા? યે તો સર્વજ્ઞ પરમાત્માકા વીતરાગમાર્ગ હૈ. યે કોઈ કલ્પિત અનુમાનસે ઐસા હો, ઐસા હો—ઐસી બાત નહીં હૈ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા જિસને એક સેકંડકે અસંખ્યવે ભાગમેં તીન કાલ, તીન લોક દેખે ઔર વાણી આયી ઇચ્છા બિના, ઉસકે આગમમેં ઐસા કહા હૈ (ઔર) ઐસી બાત હૈ. આહાહા! પુણ્યભાવ જો મહાવ્રતાદિ હૈં વહ મુજે લાભદાયક (હૈ ઐસા) માનતા હૈ વહ ભગવાનકો માનતા નહીં, આગમકો માનતા નહીં, આત્માકો માનતા નહીં, દુઃખકો માનતા હૈ. ન્યાયસે તો લેના પડેગા કિ નહીં કિ ન્યાયસે ચીજ ક્યા હૈ? સમજમેં આયા? આહાહા!

વધારે વજન અહીં છે. **કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા હોકર જી રહા હૈ**... આહાહા! દુઃખમેં–પુણ્ય-પાપકે ભાવમેં ઠીક હૈ, વહ મેરી ચીજ હૈ—ઐસે માનનેવાલા બાહ્યસે ભલે નગ્નમુનિ હો, વસ્ત્રકા ટુકડા ભી ન હો બાહરમેં, પણ અંદરમેં પુણ્ય-પાપકા પરિણામ અપના હૈ, હિતકર હૈ, સુખરૂપ હૈ—ઐસે માનનેવાલા આકુલિત મતિવાલા હોકર જીતા હૈ. અમરચંદભાઈ! નહીંતર કરો ન્યાય. યહાં ક્યા ગુપ્ત બાત હૈ? સમજમેં આયા? યહાં ગુપ્ત–ખાનગી બાત નહીં (રખી), પ્રસિદ્ધ કર દિયા કુંદકુંદાચાર્યને. ભગવાનકા માર્ગ ઐસા હૈ. પ્રસિદ્ધ હૈ, સિદ્ધ પ્રસિદ્ધ હૈં ઐસા માર્ગ પ્રસિદ્ધ હૈ. સમજમેં આયા? આહાહા!

પંચમહાવ્રત પરિણામ... પંચમહાવ્રત તો ધર્મ હૈ, અવ્રત યે અધર્મ હૈ. મહાવ્રત ધર્મ હો તો અનંતબૈર ક્યોં કિયા? સમજમેં આયા? ઐસી પંચમહાવ્રતકી ક્રિયા તો અનંતબૈર કી હૈ. નવમી ગ્રૈવેયક ૩૧ સાગર(કે લિયે) અનંતબૈર ગયા, ક્યોં સુખી નહીં હુઆ? આત્મજ્ઞાન બિના લેશ સુખ નહીં પાયા, ઐસે કહા. બરાબર હૈ કિ નહીં? કિયા નહીં. આત્મા પુણ્ય-પાપકે વિકલ્પકે દુઃખસે ભિન્ન હૈ, મેરે આનંદસ્વરૂપસે મૈં ભરા પડા હૂં. ઐસા અનુભવ, દૃષ્ટિ કિયા નહીં (તો) દુઃખી રહા હૈ, દુઃખસે જીવન વ્યતીત કર રહા હૈ. શેઠિયા પૈસામેં મોજમજા માનતે હૈં વે દુઃખી હૈં અને ત્યાગી હોકર મહાવ્રતકા પરિણામ રાગકો અપના માનતા હૈ વહ ભી દુઃખી હૈ.

દોનોં દુઃખી હૈં. રતનલાલજી! યહાં તો ખાનગી બાત નહીં હૈ. મિથ્યાત્વ દોનોંકો સરિખા હૈ. આહાહા!

કહતે હૈં, અરે પ્રભુ! વીતરાગ સંત ક્યા કહતે હૈં ઐસી વાણી દિગંબર જૈન સિવા કહીં હૈ નહીં. આહાહા! હો સકે નહીં. સનાતન સત્ય, વીતરાગ પરમાત્માને કહા હુઆ માર્ગ વહ દિગંબર એક હી સત્ય હૈ. પર ઇસ રીતસે દિગંબર હોં, બાહ્ય દિગંબર (વેશ) નહીં. અંદરમેં પંચમહાવ્રતકા વિકલ્પ ભી રાગ ને દુઃખરૂપ હૈ. મેરી ચીજ ઉસસે ભિન્ન હો ઐસા અનુભવ કરે, સમ્યગ્દર્શન હો તો વહ દિગંબર જૈન—પહલે ધર્મકી શુરૂઆતવાલા હોતા હૈ. પીછે સ્વરૂપમેં લીન, આનંદ પ્રગટ કરકે, બહોત આનંદ પ્રગટ કરકે પ્રચૂર સ્વસંવેદન આનંદમેં મસ્ત હોતા હૈ, વહ મુનિ હોતા હૈ. સમજમેં આયા?

વહ મુનિ હો તો ઉસકા શરીર નગ્ન-દિગંબર હી હોતા હૈ. ઉસકો વસ્ત્ર-પાત્ર રહે ઔર મુનિકા દિગંબર ભાવ રહે ઐસા હોતા નહીં. સમજમેં આયા? કે ભાઈ! મુનિપના તો આયા હૈ, પણ વસ્ત્ર-પાત્ર અભી રખતે હૈં. તીન કાલમેં બને નહીં ઐસા. સમજમેં આયા? ઔર વસ્ત્ર-પાત્ર છોડ દિયા ઇસલિયે દિગંબર મુનિ હુઆ ઐસા ભી નહીં. આહાહા! અરે! વીતરાગકા પંથ ઇન્દ્રો માનતે હૈં, ગણધરો અનુભવતે હૈં, સંતો અનુભવતે હૈં, સમકિતી અંતરમેં ઇતને અંશમેં ભી અનુભવ કરતે હૈં કિ યે હી માર્ગ હૈ. યે કોઈ દો-પાંચ વ્યક્તિકા માર્ગ હૈ ઐસા નહીં. આહાહા! ક્યા કહતે હૈં?

**કામજનિત સુખકે લિયે આકુલ મતિવાલા**... આહાહા! અંદરમેં અભિપ્રાયમેં વિપરીત તત્ત્વાર્થશ્રદ્ધાન વહ મિથ્યાદર્શન. ઐસે આતા હૈ કિ નહીં? વિપરીત શ્રદ્ધાકા અભાવ વહ સમ્યગ્દર્શન. યે તો વિપરીત શ્રદ્ધા હુઈ. પુણ્યકા પરિણામ વિભાવ હૈ, વિકૃત હૈ, દુઃખ હૈ, ઉસકો સુખ માના અને ધર્મકા કારણ માના તો મિથ્યાત્વભાવ હૈ–વિપરીત શ્રદ્ધા હૈ. ભારે આકરું પડે હોં. ઝાઝા માણસમાં.... અહીં તો જંગલ છે. યે માર્ગ હૈ. યહાં કોઈ પક્ષ ને વાડા નહીં. વાડા પંથ નહીં, વીતરાગકા માર્ગ યે હૈ. સમજમેં આયા? આહા! અરેરે! ભગવાન આત્માકા જીવન છોડકર... ભગવાન આત્માકા જીવસ્વભાવ તો આનંદ ને જ્ઞાન ને શાંતિ.. શાંતિ, વીતરાગતા હૈ. ઉસકા અનુભવ કિયે બિના આકુલ મતિવાલા હોકર જીવન હૈ. આહાહા!

અરે! નિવૃત્તિ ઇતની કરતે તો હૈં? રાગ પુણ્ય-પરિણામ મેરા હૈ ઐસા માનતા હૈ (તો) નિવૃત્તિ હૈ નહીં જરી–બિલકુલ. પ્રવૃત્તિકો હી આત્મા માનતા હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા અપને નિજાનંદસ્વરૂપકે ભાન બિના અજ્ઞાનસે અપના સ્વભાવ ત્રિકાળી.. ત્રિકાળી.. ત્રિકાળી.. ત્રિકાળી સ્વભાવ... ઓહોહો! ત્રિકાળપના સિદ્ધ કરતે હૈં. ઐસા ત્રિકાળી આનંદ ને જ્ઞાનાદિ સ્વભાવ ઉસસે વિપરીત એક ક્ષણકા પુણ્ય ને દયા, દાન, વ્રત ભક્તિકા પરિણામ–એક સમયકા ખંડ ઉસકો અપના માના અને ઉસસે મુજે ધર્મ હોગા (ઐસા માના), યે

મિથ્યાદૃષ્ટિ મૂઢ કામજનિત આકુલબુદ્ધિવાલા (હોકર) જીવન વ્યતીત કર રહા હૈ. ઉસકા ધર્મજીવન હૈ નહીં. બિલકુલ નહીં? ઇશ્વરચંદજી! ક્યા હૈ? આવો માર્ગ ભારે! છોડો, બાયડી-છોકરા છોડ દો, વેપાર છોડ દો, આવી જાઓ અમારામાં. એય જેઠાભાઈ!

હમણાં આવ્યું નહોતું ઓલું? માયા ગરુડ. હમણાં આવ્યું હતું. કોઈક સાધુ છે શ્વેતામ્બર સાધુ અમદાવાદમાં. ઉસને કહા, ભૈયા! મોક્ષસે વિરુદ્ધ માયા હૈ, તો માયા છોડ દો. એક યહાંકા પરિચયવાલા ક્ષત્રિય બેઠા થા, ખત્રી. ક્ષત્રિય સમજતે હો? ગરાસિયા, રજપૂત. યહાંકા હૈ. ક્લાસમેં આતા હૈ. પચ્ચીસ હજારકી ઉપજ હૈ. યહાં પઢતા હૈ, આતા હૈ વારંવાર, બહોત રસ હૈ યહાંકા. વહ બૈઠા થા ....... અમદાવાદમેં ભાષણ હુઆ. ઉસને કહા, મહારાજ! માયા તો જડ હૈ. ક્યા જડ આત્માકો રોકતી હૈ? ક્ષત્રિય ઐસા બોલા. યહાંકા પરિચયવાલા હૈ. ગરાસિયા સમજે? ગરાસદાર–જાગીરદાર. વહ બૈઠા થા. પરિચય બહોત કિયા હૈ, વાંચન બહોત હૈ. સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક ઘર પર પઢતે હૈં.

ઉસને કહા, મોક્ષસે વિરુદ્ધ માયા હૈ. માયા છોડ દો, ભૈયા! તો મોક્ષ હોગા. ક્યા હૈ મહારાજ? માયા કિસકો કહતે હૈં? માયા તો અચેતન હૈ, પર હૈ, જડ હૈ. વહ આત્માકો રોકતી હૈ? અપને સ્વરૂપકા અજ્ઞાન આત્માકો રોકતા હૈ, ઐસે કહા. ઔર જીવ ને જડકે ભેદજ્ઞાન બિના અજ્ઞાનસે આતમા રુલતા હૈ. ઐસા દો બોલ કહા વહાં અમદાવાદમેં શ્વેતામ્બરકી સભામેં. ધંધુકાકે પાસ તરવારાકા હૈ. યહાં આતા હૈ. ક્ષત્રિય હૈ, ગરાસદાર. અભ્યાસ હૈ ઉસકો. અભ્યાસ હૈ તો ઐસા બોલા સાધુકો–આચાર્યકો. ક્યા માયા આત્માકો રોકતી હૈ?

વહ આતા હૈ ન ચંદ્રપ્રભુ ભગવાન(કી ભક્તિમેં)? 'કર્મ બિચારે કૌન ભૂલ, મેરી અધિકાઈ.' નેમિચંદભાઈ! આવે છેને, પણ કોણ અર્થ કરે પણ ન્યાં? ભક્તિ આતી હૈ ન ચંદ્રપ્રભુ ભગવાનકી, ઉસમેં આતા હૈ. 'કર્મ બિચારૈ કૌન..' જડ કૌન હૈ જગતમેં? 'ભૂલ મેરી અધિકાઈ..' મૈં હી અનાદિસે પુણ્યકો અપના ધર્મ માનકર મિથ્યાત્વસે, અજ્ઞાનસે રુલા હૂં, કર્મ-ફર્મ ક્યા હૈ. યે તો જડ હૈ. આતા હૈ? કર્મ જડ હૈ. હૈ, વહ હૈ, પર ઉસમેં યહાં ક્યા આયા? કર્મ બિચારા કહાં આત્માકો નુકશાન કરતા હૈ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.' અગ્નિ અકેલા હૈ તો ઘન નહીં પડતા. લોહેમેં જાતા હૈ તો પડતા હૈ. અકેલે આત્માકો દુઃખ નહીં હોતા. આત્મા કર્મકા સંગ કરતા હૈ, કર્મસે નહીં કુછ, સંગ કરતા હૈ. ઉસસે અજ્ઞાન અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરતા હૈ તો ચાર ગતિમેં ઘન–દુઃખ સહન કરના પડતા હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : પૈસાવાળા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પૈસાવાળા કોણ હતા? ધૂળમાંય કોઈ નથી. પૈસાવાળા.. પૈસા એટલે જડ. જડવાળા? રતનલાલજી! ચેતનમેં તો ચેતન હૈ ઉસમેં જડવાલા કહાંસે આયા? પૈસાવાળા..

પૈસા એટલે અજીવ, અજીવવાળો જીવ એમ? વહ તો ચલતા હૈ યહાં. પુણ્ય-પાપ વિકારવાલા.. વિકારવાળો જીવ એમ છે? પુણ્ય-પાપ તો વિકાર હૈ, વિકૃત હૈ, ઉસકાવાલા જીવ? જીવ તો, નિર્વિકારી ચિદાનંદસ્વભાવ વહ જીવ હૈ. સમજમેં આયા? પણ હવે એની ઇચ્છા થોડી થોડી થઈ છે. આ રળવામાં પુરુષાર્થ કર્યોને. ..... જેતપુર આવ્યા હતા. એના મોટાભાઈ..... અરે! આ કરે ને લાગે... બાકી તો હેરાન.. હેરાન છે જગત. વેપાર-વેપાર.... આત્માકા સમ્યગ્દર્શન બિનાકા મહાવ્રતકા પરિણામ યે સબ વેપાર–દુઃખકા વેપાર હૈ. અરે! વીતરાગ ત્રિલોકનાથકા કહા હુઆ દિગંબર સંતો કહતે હૈં. સમજમેં આયા?

યહાં તો વહાં તક કહા, ભગવાનને વહાં તક કહા કિ ભગવાનકી ભક્તિ–ત્રિલોકનાથ પરમાત્માકી ભક્તિ શુભરાગ હૈ અને શુભરાગસે મુજે લાભ હોગા વહ મિથ્યા દૃષ્ટિ હૈ, આકુલતાવાલી મતિ–બુદ્ધિસે જીતા હૈ, એમ કહતે હૈં. ત્રણ લોકકે નાથ સર્વજ્ઞદેવ ભગવાન ઐસે કહતે હૈં.. હમારી ભક્તિ... હમ પરદ્રવ્ય હૈં. પરદ્રવ્ય અનુસાર તો રાગ હોગા અને યે રાગ તેરા હૈ ઔર રાગસે ધર્મકા લાભ હોગા ઐસી માન્યતાવાલા જીવ આકુલિત મતિવાલા હોકર જીતા હૈ દુઃખી હોકર. ભારે વાતે ભાઈ! ધંધા ઉઠાવે તોફાન... આવો, બાપુ! તમારે ઘરે રાખો. માર્ગ યે હૈ. સમજમેં આયા?

લ્યો, આ લાંબુ ચાલ્યું આજ. આ ભાઈ આવ્યા છેને રતનલાલજી તો થોડું-થોડું વિસ્તાર કર્યું આનું. ૧૮ વર્ષે આવ્યા છે લ્યો. રૂપિયામાં ન્યાં કલકત્તા દરરોજ જાતા હોય. કહો, સમજાણું કાંઈ? જાદવજીભાઈ! તમે તો ઓળખતા હશો. નહીં? વચ્છરાજલાલ ત્યાં કલકત્તા. મોટું.. વચ્છરાજલાલ આપણા. યે ભી બડા વેપારી હૈ કલકત્તા. પૈસાવાલા હૈ, ધારધીરકા ધંધા હૈ હુંડીકા. હુંડી ને? આ કોણ ધારધીર કરે? ગજબ વાત છે. વિકલ્પકા ધંધા આત્મા કરે ઐસા માને તો દુઃખી હૈ પ્રાણી, એમ કહતે હૈં. પંડિતકો યે માન્ય હૈ? આ વાત પંડિતને માન્ય છે?

**કામજનિત સુખકે લિયે આકુલિત મતિવાલા**... આહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા કંદ પ્રભુ, ઉસમેં આડ મારી ઉસને. રાગકા–મંદ કષાયકા કણ ઉસકી જિસે રુચિ અને પ્રીતિ હૈ વહ આકુલમતિસે જીનેવાલા હૈ. ભગવાન આત્માકા જીવન નહીં, યે તો અણાત્માકા જીવન હૈ, એમ કહતે હૈં. આહાહા! ગજબ વાત છે! કહો, ભીખાભાઈ! આમાં કાંઈ ના પડાય એવું નથી. ન્યાયથી તુલના તો કરશે કે નહીં? અહીં ક્યાં મોટા સંસ્કૃત-વ્યાકરણની જરૂર પડે છે? વસ્તુ ક્યા હૈ? આત્મા ચીજ કિસકો કહતે હૈં ભગવાન?

આત્મા ઇસકો કહતે હૈં કિ અનંત અતીન્દ્રિય જ્ઞાન, અનંત અતીન્દ્રિય જ્ઞાન, ઉસકા નામ આત્મા. ઔર દયા, દાન, વ્રત પરિણામ વહ આત્મા નહીં, વહ તો આસ્રવતત્ત્વ હૈ. શરીર, વાણી, મન, કર્મ યે તો અજીવતત્ત્વ હૈ. નવ તત્ત્વ હૈ કિ નહીં? કિ નવ એક હી હૈં સબ? અજીવતત્ત્વ હૈ, યે શરીર, લક્ષ્મી, માટી, યે ધૂલ યે સબ અજીવતત્ત્વ હૈ ઔર અંદર દયા, દાન,

વ્રતકા પરિણામ–પુણ્યપરિણામ ઉઠે યે આસ્રવતત્ત્વ હૈ ઔર હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, કામ-ક્રોધ અને ત્યાં રળવાના–કમાનેકા ભાવ, વ્યાજ મેળવવાના ભાવ યે પાપતત્ત્વ હૈ. સમજમેં આયા? ઔર પુણ્ય-પાપકે તત્ત્વસે ભગવાન ભિન્ન તત્ત્વ હૈ. નહીંતર દો એક હો જાતે હૈં, નવ રહતે નહીં. નવ(પને) નવ પૃથક્ રહે તો નવ કહનેમેં આતે હૈં. એક હો જાય તો નવ કહાંસે રહે? સમજમેં આયા? ભારે વાત ભાઈ!

પ્રભુ! તેરા જીવન તો આનંદસે હોના ચાહિયે, કહતે હૈં. ક્યોં કિ તેરેમેં આનંદ જીવંત પડા હૈ. આહાહા! જીવકા સ્વભાવ, પ્રભુ! અતીન્દ્રિય આનંદ હૈ ન તેરે જીવસ્વભાવમેં તો. અતીન્દ્રિય આનંદકા આશ્રય કરકે, અતીન્દ્રિય આનંદ પર્યાય પ્રગટ કરકે જીના ઉસકા નામ જૈન અને જીવનકો ધર્મજીવન કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઔર પુણ્ય ને પાપસે–રાગસે જીતે હૈં યે દુઃખી જીવન હૈ ઔર દુઃખમેં ગરકાવ (-ડુબા) હૈ. દુઃખી કહતે હૈં તુમ સબકો. સચ્ચી બાત હૈ? દુનિયા તો એમ કહે કે આ અત્યારે...

પન્નાલાલજી કહેતા હતા ત્યાં કલકત્તામાં. અમારા પૈસા ગયા ને અમારા બાબાજીએ પૈસા સાચવ્યા એટલે રહી ગયા. ક્યાં ગયા ઉલ્લાસીબેન? પન્નાલાલ કહેતા હતા ન્યાં. ન્યાં ગજરાજજી હતા. પછી બોલ્યા. કલકત્તામાં વ્યાખ્યાનમાં બોલ્યા હોં. મહારાજ! આ બાબાજી (-દાદા) ત્યાં પૈસા ખર્ચે છેને સોનગઢમાં, તો બાબાજીકા પૈસા રહ ગયા. એ તો પુણ્ય હતા તો રહી ગયા. યહાં તો પૈસા હો કે ન હો, ઉસકે સાથ સંબંધ ક્યા આત્માકા? યે જડકી ચીજ–અજીવકી ચીજકે સાથ આત્માકો સંબંધ હૈ હી નહીં. સંબંધ હૈ તો રાગ-દ્વેષકે સાથ. આત્મા નિમિત્ત ઔર રાગ-દ્વેષ નૈમિત્તિક. વહ સંબંધ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! સંબંધ બિનાકી ચીજ અબંધ(સ્વભાવી) હૈ આત્મા તો. આહાહા! સમજમેં આયા?

અબદ્ધસ્પૃષ્ટ હૈ ન વહ. આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ હૈ. રાગસે બંધ હૈ ઐસા માનના વહ વ્યવહારનય હૈ ને વહ વ્યવહારનય અભૂતાર્થ હૈ, ઉસકો (ભૂતાર્થ) માનના મિથ્યાત્વ હૈ. આહાહા! હવે, **કભી**... હવે સવળું આવ્યું. **કભી ભવ્યત્વ દ્વારા**... અનંત કાલસે ઐસા અજ્ઞાનમેં જી રહા હૈ પ્રાણી. સાધુ હો કિ ત્યાગી હો, પણ આત્માકે ભાન, જ્ઞાન બિના–અનંત આનંદસ્વરૂપ મૈં ઐસા અનુભવ બિના દયા, દાન, વ્રતકા, વિકલ્પકા કર્તા હોકર, દુઃખી હોકર જીતા હૈ. આ ... નીકળી જાય એવું છે. એમ કે, વિદેહક્ષેત્રકી યે બાત હૈ એમ કહતે હૈં. **કભી**... ઓહો! યહ અજ્ઞાનસે ઐસે જીતે હૈં (ઔર) જબ સમ્યગ્દર્શનકે લાયક હુઆ... આહાહા! **ભવ્યત્વ દ્વારા**... અપની પવિત્રતા પ્રાપ્ત કરનેકે લાયક હુઆ **શીઘ્ર મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ.** જિતના કાલ–અનંત કાલ સંસારમેં જીયા, ઇતના કાલ ધર્મકી પ્રાપ્તિમેં (જાયેગા) નહીં, અલ્પ કાલમેં મુક્તિ હોગી ઉસકો.

જિસકો સમ્યગ્દર્શન હુઆ... સમજમેં આયા? ભવ્યત્વ દ્વારા... ભવ્ય પરિપાક દ્વારા... ભવ્ય જીવ હૈ ન વહ. ઉસકે પરિપાક દ્વારા ભવ્યત્વ-ભવ્યપણું... ઉસ દ્વારા શીઘ્ર મુક્તિ... ઓહો! મૈં તો આત્મા અખંડ આનંદકંદ જ્ઞાતા-દ્રષ્ટા હૂં. ઐસી જ્ઞાનકી શક્તિ અને આનંદકી શક્તિકા ભંડાર પૂર્ણ હૂં. મેરેમેં રાગ તો નહીં, પણ મેરેમેં વર્તમાન એક સમયકી પર્યાયકા ભી રહિતપના હૈ. આહાહા! દ્રવ્ય હૈ ન ત્રિકાળી. ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસમેં, દયા-દાનકા વિકલ્પ જો આસ્રવ હૈ વહ તો નહીં. એક સમયકી પર્યાય વ્યવહાર-આત્મા–અણાત્મા હૈ, વ્યવહાર હૈ, તો યે ભી મૈં નહીં. મૈં તો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ અનાદિ-અનંત સત્ત્વ હૂં, અંતઃતત્ત્વ મૈં હૂં. આહાહા! સમજમેં આયા?

**ભવ્યત્વ દ્વારા શીઘ્ર મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ**... ક્યોંકિ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા અબંધસ્વરૂપ પરમાત્મા પોતે–નિજ સ્વરૂપ ઐસી જહાં દૃષ્ટિ, અનુભવ હુઆ, તો મુક્તસ્વરૂપ હૈ વહ પર્યાયમેં અલ્પ કાલમેં મુક્ત હો જાયેગા. સમજમેં આયા? અને સુખ.. **મુક્તિસુખકો પ્રાપ્ત કરતા હૈ**. ઓલું દુઃખ છે. આહાહા! અપના આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદકા જહાં અનુભવ સમ્યગ્દર્શન હુઆ, અપના પૂર્ણાનંદકા અંતર સ્વીકાર હુઆ ઔર પુણ્ય-પાપકા વિકારકા અભાવ દૃષ્ટિમેં હુઆ (અર્થાત્) ઉસકો હેય જાનકર સ્વરૂપકો ઉપાદેય જાના.. આહાહા! તબ **શીઘ્ર મુક્તિસુખકો...** અલ્પકાલમેં અમૃતસ્વરૂપ મુક્તિ પ્રાપ્ત હોગી. ઉસકો સંસાર રહેગા નહીં. ઉસકો મુક્તિસુખકા જીવન પ્રાપ્ત હોગા એમ કહતે હૈં. ભારે વાત! સમજમેં આયા? વ્યાખ્યા કરતે હૈં. ક્યારેક એટલે કોઈ કાળે. અનાદિકાળથી તો આ રખડે છે, એમ. એની પાત્રતા કાળે પ્રગટ કરશે, એમ. અનાદિ એટલે આ છેને. ક્યારેક એટલે કોઈ કાળે–કભી, એમ. સમજાણું કાંઈ?

અનાદિસે અજ્ઞાન ને દુઃખી હોકર જીતા હૈ. ક્યારેક એટલે ઉસકી દૃષ્ટિ છોડકર. અપના આત્મા રાગસે રહિત હૈ, પુણ્યસે રહિત હૈ, શરીર-કર્મસે રહિત હૈ, એક સમયકી પર્યાયસે ભી વસ્તુ તો રહિત હૈ. ઐસી જહાં અંતર્દૃષ્ટિમેં અનુભવ આયા, શીઘ્ર કાલમેં કેવલજ્ઞાન લેકર મુક્તિ હોગી. સમજમેં આયા? **ઉસકે પશ્ચાત્...** સિદ્ધપદ–મુક્તિસુખકો પ્રાપ્ત હુઆ... ઓલું અલ્પ લીધું. ભવ્યત્વ દ્વારા, બસ ઇતના. ભવ્યત્વ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી યોગ્યતાકી પ્રાપ્તિ હુઈ, એમ. સમજમેં આયા? ભવ્યજીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો પ્રાપ્ત હૈ, પ્રાપ્તિકે યોગ્ય હૈ. પણ 'ભવ્યત્વ'કા અર્થ ઐસા લિયા (કિ) આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉસકા અનુભવ કરકે સમ્યગ્દર્શન હુઆ, ઉસકા જ્ઞાન કરકે આત્મજ્ઞાન હુઆ, ઉસમેં લીનતા કરકે ચારિત્ર હુઆ—તીનોં ભવ્યત્વભાવ હૈં. આહાહા! સમજમેં આયા? આરે! આવો ધર્મ કોઈને બેસતો હશે? ઓલું તો કહે કે અપવાસ કરો, દસલક્ષણી પર્વ કરો, સોળકારણ ભાવના કરો, એની ઉજવણી કરો. યે સબ શુભભાવ હૈ. પાપસે બચનેકો હોતા હૈ, પણ વહ ધર્મ નહીં. સમજમેં આયા?

**ભવ્યત્વ દ્વારા**... ઓહો! અપને મોક્ષકે માર્ગકી લાયકાત દ્વારા... જિસને મોક્ષમાર્ગ પ્રગટ કિયા. જિસને નિમિત્ત ઔર રાગ ને પર્યાયદૃષ્ટિ છોડકર, વસ્તુ ત્રિકાળીકી દૃષ્ટિ પ્રગટ કી—ઐસા ભવ્યત્વભાવ દ્વારા શીઘ્ર મુક્તિકો પ્રાપ્ત હોતા હૈ. અસંખ્ય સમયમેં કેવલજ્ઞાન હોગા. ઉસકો અનંત સમય લગેગા હી નહીં, એમ કહતે હૈં. પીછે દો-ચાર-પાંચ ભવ હો, તો ભી અસંખ્ય સમય (હોંગે), અનંત સમય નહીં. સ્વર્ગમેં જાઓ ૩૩ સાગર(કે લિયે) તો પણ અસંખ્ય સમય હૈં. ૩૩ સાગર અનંત સમય નહીં. સમજમેં આયા? રખડનેમેં તો અનંત સમય ગયા, અનંત કાલ ગયા ઔર મુક્તિકા માર્ગ પ્રાપ્ત કરે તો અસંખ્ય સમયમેં કેવળજ્ઞાન પ્રાપ્ત હોગા, હોગા ને હોગા. બીજ ઉગી વહ પૂનમ હોગી, હોગી ને હોગી. તેર દિ'ની વાર છે. બીજસે પૂનમ–તેરહ દિનમેં પૂનમ હોગી. સમજમેં આયા? આહાહા!

ઐસે ભગવાન આત્મા બોધિબીજ જહાં પ્રગટા, અંતર આનંદકંદ મૈં હૂં, મૈં પુણ્ય ભી નહીં, પાપ ભી નહીં, શરીર નહીં, કુછ નહીં—ઐસા દૃષ્ટિમેં અનુભવ હુઆ તો બોધિબીજ હુઆ. બોધિબીજ હુઆ, (ચંદ્રની) બીજ ઉગી એમ બીજ ઉગી. ઉગી કહતે હૈં ન? ક્યા કહતે હૈં? ઉદય હુઆ. બીજકા ઉદય હુઆ, તો પૂનમ હોગી, હોગી ને હોગી. ઐસે કેવળજ્ઞાન પૂર્ણ ઉસકો પ્રાપ્ત હોગા, હોગા ને હોગા. સમજમેં આયા? કૈસા હૈ મુક્તિસુખ? **ઐસા અનન્ય**... આહાહા! સ્વર્ગકે સુખમેં ભી ઉસકી ગંધ નહીં. અનન્ય–અનેરા સુખ આત્મા. **અનુપમ**–ઉસ સુખકી કોઈ ઉપમા નહીં. આ દુનિયાના સુખ તો ઝેર છે. આત્માકા સુખ–મુક્તિકે સુખકી ક્યા ઉપમા? પરિપૂર્ણ હૈ. મોક્ષમેં હી સુખ હૈ, અનન્ય સુખ હૈ, અનુપમ સુખ હૈ, પરિપૂર્ણ સુખ હૈ. ઐસા **સિદ્ધ ચલિત નહીં હોતા**. સમજમેં આયા?

**ફિર એકકો છોડકર વહ સિદ્ધ ચલિત નહીં હોતા. (ઉસે પ્રાપ્ત કરકે ઉસમેં આત્મા સદાકાલ તૃપ્ત-તૃપ્ત રહતા હૈ...)** વહ દુઃખી હોકર રહતા હૈ? આનંદમેં તૃપ્ત હોકર રહતા હૈ—એમ બે વાત છે. આહાહા! **(ઉસમેંસે કભી ચ્યુત હોકર...** મુક્તિ પ્રાપ્ત કી, વહ કભી ચ્યુત હોકર **અન્ય સુખ પ્રાપ્ત કરનેકે લિયે આકુલ નહીં હોતા.)** અનાકુલ આનંદમેં કભી આકુલતા કરતા નહીં. ઉસકા નામ મોક્ષમાર્ગ ને ઉસકા નામ માર્ગકા ફલ કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ ૧, મંગળવાર, તા. ૫-૧૦-૧૯૭૧
## ગાથા - ૧૩૧-૧૩૨, શ્લોક - ૨૧૮, પ્રવચન નં. ૧૪૫

આ નિયમસાર, પરમ-સમાધિ (અધિકાર). સામાયિક કોને કહેવી એનો અધિકાર છે. સામાયિક એટલે સમાધિ.

શ્રોતા : સમાધિ એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રી : સમાધિ એટલે આનંદનું પ્રગટ થવું. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એ અતીન્દ્રિય આનંદનું વેદન થવું એનું નામ સમાધિ. સમાધિ અધિકાર છેને. વાત એકવાર કરી હતી. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત તે સમાધિ. ઉપાધિ નામ સંયોગી ચીજથી રહિત, વ્યાધિ નામ શરીરમાં રોગ આવે એ વ્યાધિ એનાથી રહિત અને આધિ—સંકલ્પ-વિકલ્પ શુભ અને અશુભ રાગ. એ આધિ, શરીરની વ્યાધિ, સંયોગની ઉપાધિ—ત્રણથી રહિત તે સમાધિ.

શ્રોતા : આધિ હોય ત્યારે.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ ક્યાં કહ્યું એમાં? એનાથી રહિત છે. વ્યાધિ હો શરીરમાં, સંકલ્પ-વિકલ્પ હો કે ઉપાધિ હો—એનાથી રહિત છે આત્મા. એનાથી રહિત આત્મા પરમ શાંતરસનું સરોવર–સાગર છે એ. આહાહા! એમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદ આવે એને અહીંયા સામાયિક કહે છે. સામાયિક કરો.. સામાયિક કરો, એમ નથી કહેતા? સામાયિક કરેને આ બધા સવાર-સાંજ. સમજ્યા વિનાની સામાયિક કેવી? આત્મા કોણ છે, શેમાં ઠરવું અને ઠરવાથી શું થાય—એની ખબર ન મળે અને સામાયિક ક્યાંથી આવી? કહો, ભીખાભાઈ! સામાયિક તો કરી હશેને બધી? આહાહા! સમાધિ કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો. સાચો મોક્ષમાર્ગ નિયમસાર છેને. આહા!

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ, પરિપૂર્ણ, અનુપમ છે, અનન્ય છે–બીજે એવો સ્વભાવ ક્યાંય નથી. એવો જે પોતાનો સ્વભાવ એમાં એકાગ્ર થવું અને બીજેથી ઉપેક્ષા કરવી એનું નામ મોક્ષનો માર્ગ, ધર્મની દશા, એનું નામ સામાયિક ને સમાધિ કહે છે. સમજાણું કાંઈ? ૧૩૧-૧૩૨ ગાથા.

**जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो ।**
**तस्स समाइगं ठाइ इदि केवलिसासणे ॥१३१॥**
**जो दुगंछा भयं वेदं सव्वं वज्जेदि णिच्चसो ।**
**तस्स समाइगं ठाइ इदि केवलिसासणे ॥१३२॥**

નીચે, હરિગીત નીચે. **જે નિત્ય વર્જે હાસ્યને...** નિત્ય ઉપર વજન છે અહીં.

**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.**
**જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.**

**ટીકા : આ, નવ નોકષાયના વિજય વડે...** નવ નોકષાય. નામ આવશે નીચે. **પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.** દેખો! અહીં ચારિત્ર લીધું. બીજે 'સામાયિક વ્રત' કહ્યું હતું. આ નિશ્ચય.. નિશ્ચય વ્રત કહો, ચારિત્ર કહો, સમાધિ કહો, આહાહા! વીતરાગપરિણતિ કહો, મોક્ષમાર્ગ કહો, પ્રાયશ્ચિત્ત કહો—એ બધું એક છે. આહાહા! **નવ નોકષાયના વિજય વડે...** નવ નામ આપશે નીચે. એના વિજય નામ ત્યાગ વડે–અભાવ વડે **પ્રાપ્ત થતા સામાયિકચારિત્ર...** સમતા.. સમતા.. સમતા.

આત્મા સમતાનો રસ છે, સમતાથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે. એમાં એકાગ્ર થતાં જે સમતા પ્રગટ થાય... સમ-આય.. સમ એટલે સમતા, આય એટલે લાભ. સામાયિક છેને? સમતાનો લાભ. 'ઇક' પ્રત્યય છે. વીતરાગતાનો, આનંદનો, શાંતિનો, અકષાયભાવનો લાભ થાય એનું નામ સામાયિક કહે છે. અરે! સામાયિક... કહો, ધીરુભાઈ! આવી સાંભળી હતી નાગનેશમાં? કોઈ દિ' નહીં? હમણાં તો ભાઈ આવ્યા છે. લ્યો, ત્યાં વ્રજલાલભાઈ વાંચતા. આહાહા! આ સામાયિક, એનું નામ ધર્મ, એનું નામ સાચો મોક્ષનો માર્ગ. લ્યો, મૂલચંદભાઈ! આવું છે.

**મોહનીયકર્મજનિત...** હવે વર્ણવે છે નવ બોલ. કારણ કે વિકાર છે એ કાંઈ આત્માનો સ્વભાવ નથી, એ તો મોહકર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો વિભાવભાવ છે–વિકારભાવ છે. કોણ? કે **સ્ત્રીવેદ...** વાસના **પુરુષવેદ...** પુરુષના વેદની વિકારની વાસના. **નપુંસકવેદ...** સ્ત્રી-પુરુષ બેયને ઇચ્છે એવો નપુંસકભાવ–વાસના. એ પહેલું લીધું છે. ઓલામાં છેલ્લું હતું એ. બીજી ગાથામાં 'વેદં' એ પહેલું લીધું આખી ગાથા ભેગી કરીને. એ ત્રણ સ્ત્રી-પુરુષ-નપુંસકના વેદની વાસના એ વિકાર છે, એ વિષમભાવ છે, એ દુઃખરૂપ ભાવ છે. આત્માના આનંદના આશ્રયે પ્રગટેલી શાંતિ ને આનંદ (વડે) એને એ જીતે અથવા છોડે એને સામાયિક થાય છે. ભારે સામાયિકની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ—ત્રણ. **હાસ્ય** અને **રતિ...** હાસ્ય થાય છે ને? કૂતુહલતા, મશ્કરી એ વિકાર છે. **રતિ**–ખુશી થવું એ પણ વિકાર છે. **અરતિ**–દિલગીર થવું એ પણ વિકાર છે. **શોક...** પુત્રાદિના મરણથી થતો શોક અંદરમાં. **ભય...** ત્રાસ થવો, કોઈ પ્રતિકૂળ ભૂત આદિના દેખાવાથી અંદરમાં ત્રાસ થાય, રોગાદિ આકરો આવે ને ત્રાસ થાય. **જુગુપ્સા**–દુર્ગંછા. એ **નામના નવ નોકષાયથી થતા કલંકપંકસ્વરૂપ...** આહાહા! એ વિકારનો ભાવ, સ્ત્રીવેદનો

વિકારભાવ, પુરુષવેદનો વિકારભાવ, નપુંસકવેદનો વિકારભાવ, હાસ્યાદિ—એ કલંક-પંકસ્વરૂપ છે. એ **(મળ-કાદવસ્વરૂપ)** છે. કલંકપંકસ્વરૂપ છે એમ કહે છે. એ તો કલંક છે ને કાદવસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા ભાવને—જે કલંક અને પંકસ્વરૂપભાવને—મેલભાવ, દુઃખરૂપભાવ (જાણે). આહા! કહો, સમજાય છે કાંઈ? એને–**સમસ્ત વિકાર-સમૂહને...** વિભાવભાવ, શુભ કે અશુભ વિકલ્પ વિકારીભાવ. આ બધા અશુભ લીધા. અને પછી સમુચ્ચય સમસ્ત વિકારસમૂહને... શુભનો પણ વિકારસમૂહ છે બીજો. સમજાણું કાંઈ? **સમસ્ત વિકારસમૂહને પરમ સમાધિના બળથી...** દેખો! આહા! કામ આકરું ભારે જગતને. હજી તો બહારની નિવૃત્તિ લઈને આ શું છે એ સમજવાને વખત ન મળે. દુઃખને પંથે દોરાઈ ગયો છે. દોડીને દુર્ગતિએ જવામાં પડે છે અંદર. આહાહા!

ચૈતન્ય આનંદનો સરોવર ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એમાં ડૂબકી મારવામાં જે ધૂબકો મારીને અંદર પડવું એટલે કે અંદરમાં એકાગ્ર થવું એનું નામ સામાયિક ને એનું નામ નિર્મળ મોક્ષનો માર્ગ (કહે છે). આહાહા! આ સામાયિક આવી તો સાંભળી નહોતી. કેટલી સામાયિક કરી હતી તમે? સવાર-સાંજ ઘણી કરી હતી. આ ભવમાં કેટલી કરી હતી? અહીં આવીને સામાયિક કરીને નહોતા બેસતા ઓલા બારણે? ખબર છે કે નહીં? પુણ્યબંધ. એમાં પાણી પીએ. ન્યાં બેસતા સામાયિક કરીને. આહા! એમાં રાગની મંદતા હોય તો શુભભાવ છે, પણ એ પણ દુઃખભાવ છે, અસામાયિક છે. આહાહા! વિષમભાવ છેને.

'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહીં કામ.' સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ... લોકો કહે છેને અન્યમતમાં? 'હરિનો રે માર્ગ છે શૂરાનો, એ કાયરના નહીં કામ જો ને, હરિનો રે માર્ગ છે શૂરાનો...' હરિ એટલે આત્મા. પાપં–અઘં હરતિ ઇતિ હરિ. 'પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતાં લેવું નામ જોને, હરિનો રે માર્ગ છે શૂરાનો..' હરિ નામ અજ્ઞાન ને રાગ-દ્વેષને હરનારો એવો ભગવાન આત્મા એનો માર્ગ શૂરવીરોનો છે. આહાહા! સાધારણ પ્રાણીનો એ માર્ગ નથી. શૂરવીરોનો... પર્યાયની અપેક્ષાએ વાત છેને અહીંયા? વસ્તુ તો અસાધારણ છે બધી.

કહે છે કે ભાઈ! એક ક્ષણની સામાયિક... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી છલોછલ–લબાલબ ભરેલું તત્ત્વ છે. અરે! ક્યાં પણ શું? ત્યાં અંદર જઈને એકાગ્ર થતાં જે સમાધિ નામ શાંતિ પ્રગટ થાય, તે વડે નવ કષાયને જીતવા... સમજાણું કાંઈ? આરે! વાતેય ભારે આકરી. તમારે નાગનેશમાં તો બહુ સામાયિક થાય. પાળિયાદ, નાગનેશ. પડિકમણા લે, અપાસરામાં બેસે. ઉનાળો હોય, ઠંડી હવા આવે. મેડીબંધ મકાન છે. વળી સડકથી આઘું છે થોડુંક. પણ સડક શું, શેરી. શેરીથી આઘું છેને. એક-બે વાર.... આહાહા! અરે, ભાઈ! એ

શેરીથી, ફળિયાથી આઘો આત્મા છે. એ કર્મથી, પુણ્ય-પાપના વિકલ્પથી, એક સમયની પર્યાયથી પણ આઘો છે. એમાં બેસવાથી સામાયિક થાય એમ કહે છે. સાંભળ્યું નથી? શેઠિયા કહેવાઓને તમે મોટા? ક્યાં ગયા માણેકલાલભાઈ? તમે તો બધા શેઠીયાઓ કહેવાઓ દાહોદના. આ ભાઈ કહે, સાંભળ્યું નથી આવું. વાત તો એમ જ છે. વાત તો એમ છે. બાપુ! એ વસ્તુની સ્થિતિ આખી ફેરફાર થઈ ગઈ છે. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમેશ્વર પરમાત્મા.. એમ કહ્યુંને? **કેવળી શાસને**... એ પરમાત્માના શાસનમાં આને સામાયિક કહે છે. એમ આવ્યુંને? ગાથા દીઠ આવે છે. **इदि केवलिसासणे**... સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથના માર્ગમાં આને સામાયિક કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? નિશ્ચય શાંતિ ને સમાધિ એ જ જૈનશાસનમાં ધર્મ કહ્યો, એમ કહે છે. ભાઈ! આ વ્યવહાર-ફ્યવહારની વાત... આહાહા! ગજબ વાત કરે છે કેટલી શૈલીથી! વીતરાગશાસનમાં તો વીતરાગી પરિણતિ પ્રગટ થાય (એને) સમાધિ કહો, સામાયિક કહો, નિશ્ચય મોક્ષમાર્ગ કહો, એને ભગવાને ધર્મ, કેવળીના શાસનમાં એને ધર્મ કહ્યો છે. આહાહા! જાદવજીભાઈ!

વળી બીજો અર્થ લીધો. **વિકારસમૂહને પરમસમાધિના બળથી**... એટલે કે ઉદયના વિકલ્પો–વિકારને અંતરના આનંદના સ્વભાવની લીનતાથી **જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમ તપોધન તજે છે...** મુખ્યપણે મુનિની વાત છે ને. આહાહા! ગૃહસ્થાશ્રમમાં પણ, સાચા શ્રાવક એને કહીએ કે જે આત્માના આનંદમાં એકાગ્ર થઈને જેટલે અંશે વિકારને ઉત્પન્ન થવા દેતા નથી, તેટલે અંશે તેને ધર્મ ને સામાયિક કહેવામાં આવે છે. આ ગૃહસ્થાશ્રમની સામાયિક. આહાહા! જેટલે અંશે આત્મા પોતાનો વીતરાગ સમાધિ આનંદસ્વભાવ... એનો સમાધિ સ્વભાવ જ છે. જે અહીં પર્યાયનું વર્ણન કરે છે એ બધો એનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? એવો ત્રિકાળી સ્વભાવ અવિનાશી, શાશ્વત એમાં જે સન્મુખ થઈને એકાગ્ર થાય છે, એને જૈનશાસનમાં ધર્મ કહ્યો, એને સામાયિક કહી, એને જૈનશાસનમાં સમતાનું નવમું સાચું વ્રત કહ્યું. સમજાણું કાંઈ?

**નિશ્ચયરત્નત્રયાત્મક**... ભાષા દેખો! નિશ્ચયરત્નત્રય સ્વરૂપ મુનિ... મુનિ તો નિશ્ચયરત્નત્રય-સ્વરૂપ હોય છે. નગ્ન હોય છે, ૨૮ મૂળગુણનો વિકલ્પ છે—એ વાત અહીં લીધી જ નથી. એય! આહાહા! સમજાય છે કાંઈ? જ્યારે વ્યવહારનું જ્ઞાન કરાવવું હોય ત્યારે એ વાત આવે. 'વ્યવહાર છે' એવી વાત આવે જ્ઞાન કરાવવા, પણ વસ્તુસ્થિતિ... નિશ્ચય રત્નત્રયસ્વરૂપ પરમ તપોધન... આહાહા! મુનિ એને કહીએ, શ્રાવક એને કહીએ કે નિશ્ચય નામ આત્મા પોતાનો ત્રિકાળી સ્વભાવ એનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અંશે પ્રગટ કર્યો

એ શ્રાવક, વિશેષે પ્રગટ કર્યું એ મુનિ. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આને ભગવાને સામાયિક કહી. આહાહા!

કેવળી પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞપ્રભુ સર્વજ્ઞ કેવળી ભટ્ટારક, ઇન્દ્રોના પણ પૂજ્ય, ગણધરોના પૂજ્ય એવા ભગવાને આને સામાયિક કહી કે જે સામાયિક, આત્માના અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાં લીન થઈને શાંતિ, અતીન્દ્રિય આનંદનું વેદન પ્રગટ થાય, એનાથી વિકાર જીતાય, એને અહીંયા સામાયિક કહે છે. રતનલાલજી! કોઈ દિ' નામ સાંભળ્યું ન હોય સામાયિકનું. આહાહા! સવાર, બપોર ને સાંજ સામાયિક કરેને બ્રહ્મચારી, ત્યાગી, મુનિ. પણ કોને કહેવી એની ખબર ન મળે. એ મોહનભાઈ! કહો, સમજાય છે કાંઈ! આહાહા!

જુઓને! એકેક ગાથાએ સામાયિક... **तस्स समाइगं... तस्स समाइगं...** એને સામાયિક સાચી કહીએ, એવું કેવળીશાસનમાં કહ્યું છે. આહા! કુંદકુંદાચાર્ય પણ એનો આશ્રય લઈને વાત કરે છે. એ પોતે કહે તો એ પણ બરાબર છે, પણ પોતે ભગવાનનો આશ્રય લઈને (કહે છે). ભગવાન તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા સર્વજ્ઞ ભટ્ટારક પૂજ્ય સૂર્ય, સર્વજ્ઞસૂર્ય એ એમ સામાયિક કહે છે કે એમ એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે કે જેણે આત્મા આનંદમૂર્તિનો આશ્રય લઈ અને આનંદ ને શાંતિ પ્રગટ કરી, અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટ કર્યો, એને અંશે સામાયિક–દેશસામાયિક કહીએ અને અંદર ઉગ્ર આશ્રય લઈને વિશેષ આનંદ પ્રગટ કર્યો એને મુનિની સર્વવિરતિ સામાયિક કહીએ.

એ **પરમસમાધિના બળથી...** આહાહા! જોયું! એ વિના જીતાય નહીં એમ કહે છે. પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ એ આત્માના અંતરના સમાધિ નામ આનંદના બળે જીતી શકાય. એ દુઃખને ટાળી શકાય (તો) અતીન્દ્રિય આનંદના બળે ટાળી શકાય એમ કહે છે. આહાહા! (શ્રોતાઃ ટાળ્યું કોને કહે?) ટાળે એટલે ઉત્પન્ન ન થાય, એનો અર્થ એમ. એ કથનની શૈલી એવી છે. સમજાણું કાંઈ? પરમસમાધિના બળથી વિકાર ટળે. અશુભ શુભથી ટળે એમ નથી, એમ કહે છે. એય! સમજાણું કાંઈ? અરે! મારગડા આવા જેણે સાંભળ્યા નહીં કોઈ દિ'. અને સાંભળ્યા વિના સમજે શું અને સમજ્યા વિના પરિણતિ કરે ક્યાંથી? આ દુઃખના રસ્તા, દુઃખના દાઝ્યા પાછા દુઃખમાં પડે. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો એકવાર? ..નો. કંદોઈ. ચૂડામાં કંદોઈ હતા જૈન. એ પોતે સ્થાનકવાસી પાળતા, કુટુંબ દેરાવાસી.. અત્યારે તો બધા દેરાવાસી થઈ ગયા. પોતે હતા સ્થાનકવાસી. કંદોઈ.. કંદોઈ સમજે? હલવાઈ. ...મીઠાઈ બનાવે. તો વે કુછ બનાતે થે, ભજીયા કે ગાંઠિયા. ગાંઠિયા હોતા હૈ ન? તેલ, ધગધગતું તેલ લોઢાના કડાયામાં. એક સર્પ ઉપરસે નિકલા સર્પ. ધુંઆ લગા ઉસકા (તો) આધા કડાઈમેં ને આધા બાહર (ગિરા). આ જૈન બિચારા.

હાથમાં હતો તવેથો. તવેથો ક્યા કહતે હૈં? કડછી. લોઢાનો હોયને. ગાંઠિયા બનાનેકા. ઉસસે એકદમ નિકાલા. આધા પડા થા તેલમેં (ઔર) આધા બાહર. ઐસા નિકાલા.

ભાન મળે. બહુ બળતરા. એકદમ બહાર નીકળ્યો ને ચૂલામાં ગરી ગયો. આહાહા! ચૂલામાં ગરી ગયો. એ જાણે અહીં બચાવ છે.. અહીં બચાવ છે. ખબર ન મળે કાંઈ. આને બિચારાને ત્રાસ.. ત્રાસ. જૈન લોકો (હતા)ને? ન દેખ્યું જાય. બધું બંધ કરી દીધું. આહાહા! મોટો સર્પ ઉપરથી નીકળ્યો, અહીંથી ધુંઆ લાગ્યા, ધુંઆ. અડધો પડ્યો આમાં ને અડધો પડ્યો બહાર. ઐસે નિકાલા. કાઢ્યો ભેગો ચૂલ સમજેને? અગ્નિ. અગ્નિ ધગધગતી, અંદર ગરી ગયો. રાખ. એમ અજ્ઞાની અનાદિથી દુઃખમાં ગર્યા.. ગર્યા.. રાગને, દ્વેષને.. વળી રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં પેસી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ કુંવરજીભાઈ કહેતા. .... આપણે અહીં આવતા. એક વર્ષ પહેલા એણે ધર્માદો કાઢ્યો હતો. એણે.... એક વખત. ...... આહાહા!

કહે છે કે ભગવાન આનંદનો નાથ, સરોવર પ્રભુ એમાંથી નીકળીને બાહ્ય વૃત્તિઓ–પુણ્ય ને પાપની લાગણીઓ, મિથ્યાત્વની લાગણીઓ, અજ્ઞાનની લાગણી, એમાં સુખ છે એવી મિથ્યાત્વભાવના. ગર્યા.. ગર્યા છે અનાદિના. એમાંથી કાઢવાનું કહે તો સમજે નહીં. એને એમ કહે કે તમે આ રાગ કરો, શુભ કરો, શુભ કરો. તો એ શુભની અગ્નિમાં પેસે માળો ઊંધો પાછો. ભીખાભાઈ! બધાને એવો ત્રાસ થઈ ગયો હતો. આને કાંઈ ખબર પડતી નથી (કે) શું કરું છું, ક્યાં જાઉં છું. આત્મા આનંદ ને શીતળ સ્વરૂપ, શીતળસ્વરૂપ પ્રભુ, એને છોડી જેટલી પુણ્ય-પાપની શુભાશુભ વૃત્તિઓ–લાગણી થાય અને એ 'મારા' એવો જે મિથ્યાત્વભાવ હડાહડ હડાહડ અગ્નિ છે. એ અગ્નિ દેખાતી નથી. આ અગ્નિ દેખાય એને.

અરે! એવી અગ્નિમાંથી નીકાળવાનું કોઈ કહે, (તો કહે), નહીં, નહીં. દાખલો આપ્યો છેને ક્યાંક. મોક્ષમાર્ગ.. ક્યાંક આપ્યો છે. એમ કે અગ્નિ આમ હોયને કોઈ કાઢે, ઓલવે તો એની સામે તકરાર કરે. એવું આવે છે ક્યાંક. અનુભવપ્રકાશમાં આવે છે. અગ્નિનો ભડકો મોઢામાંથી નીકળતો હોય અને કોઈ ઓલવે.. આહાહા! એવું છે ત્યાં અંદર. એમ આને કષાય–અગ્નિ બળે છે, એને કહે ઠારવાનું કે સ્વરૂપનો આશ્રય લે. (તો કહે), આવો હોય માર્ગ? હમણા નહીં. શેઠ કહે છે. ઠીક! હમણા નહીં, ઘણા એમ કહે છે. પહેલું આ નહીં.

ઓલા આવ્યા હતાને? ઓલા કુંદકુંદવિજય. રામવિજયના શિષ્ય અને શાંતિભાઈના ભાઈ સુલોચનવિજય. ક્યાં ગયા કાંતિભાઈ? એના ભાઈ મોટા. દીક્ષા લીધી હતી. એ આવ્યા હતા. અઢાર દિ' સાંભળ્યું એણે ને ઓલા કુંદકુંદવિજયે. એના ભાઈને શંકા પડી ગઈ (કે) માર્ગ કાંઈ બીજો લાગે છે, આ નહીં. સાધુપણું લઈને બેઠા છીએ. એક કુંદકુંદવિજય હતો એ એમ બોલ્યો, માર્ગ આ છે, પણ આ ભવમાં થાય એવું નથી. છે અત્યારે એ રામવિજયમાં દેરાવાસી. સુલોચનવિજય, મોટા નહીં તમારાથી? એને કંઈક ઓલું થયું કે વાત ફેર લાગે છે. ફેર એટલું.

પછી અંતે તો કાંઈ સરખું કર્યા વિના.... ભાઈ! આ વાત તો ઠીક લાગે છે, પણ આ ભવમાં થાય એવું નથી. આહાહા!

વાત તો એમ જ છે. અમૃતનો સાગર ભગવાન આત્મા છે. પોતે પ્રભુ અંદર અમૃત સાગરનો દરિયો છે. આહાહા! એનામાં અમૃત ન હોય તો ક્યાં હોય? એનામાં અજ્ઞાનને ટાળવાની શક્તિ ન હોય તો શેમાં હોય? આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય.. અતીન્દ્રિયની મૂર્તિ છે, સ્વરૂપ છે આત્મા. અતીન્દ્રિય અમૃતની મૂર્તિ છે. એને વાતમાં, આમ આવો છે એ વાત બેસવી ભારે. સમજાણું કાંઈ? આ બહારની વાત બેઠી છેને અનાદિથી. આહાહા! ભગવાન કેવળી તીર્થંકરદેવ એને સામાયિક કહે છે. જે દયા, દાન, વ્રતના વિકલ્પો છે-રાગ, એ તો અસમતા ને વિષમભાવ છે. એને છોડીને સ્વરૂપમાં લીન થઈને આનંદને વેદે, અતીન્દ્રિય આનંદને વેદે એને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે, એને સામાયિક કહે છે અને એને ધર્મનું સ્વરૂપ કહે છે. આહાહા! જગત લૂંટાણું છેને. વીતરાગ માર્ગમાં-વાડામાં આવ્યા છતાં, વાડામાં આવ્યા છતાં લૂંટાણા છે બિચારા અને લૂંટારા મળ્યા એને. એ સુજાનમલજી! આહાહા!

બે બોલ વર્ણવ્યા. કે જે કોઈ વિકારસમૂહને પરમ આનંદના બળથી... કોણ છે એ ત્યાગી? કે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમ તપોધન છે. આહાહા! પોતે તપોધન, નિશ્ચય તપોધન છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું તપરૂપી ધન જેને પ્રગટ્યું છે. આહાહા! સમજાણું કાંઈ? તે **તજે છે**... બસ આટલી અહીં વાત લીધી. પુણ્ય વિષય-વાસના, હાસ્ય, રતિ, અરતિ, શુભ-અશુભભાવ તે છોડી શકે છે. સમજાણું કાંઈ? **પરમ તોપધન તજે છે**... એમ ગૃહસ્થાશ્રમમાં પણ પોતાનો ભગવાન જેને નિર્મળ દશામાં સમીપ વર્તે છે, જેનો-મહાપ્રભુનો આશ્રય લીધો છે, જે પર્યાયે મહાપ્રભુનો આશ્રય લીધો છે... આહાહા!

'મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિઃચિંતા.' 'મોટાને ઉત્સંગ..' પ્રભુ મોટો મહાપ્રભુ ચૈતન્ય નાથ, આનંદનો સાગર જે એવી-એવી અનંતી શક્તિઓનો સાગર છે. એને શરણે ગયો, એને શું ખોટ હોય હવે? એ કોને ન જીતે? એમ કહે છે. આહાહા! આકરા દુર્ધર વિકારભાવ એ આત્માના શરણે જઈને સમાધિ બળથી ત્યજી શકે છે. આહાહા! સમજાય છે કાંઈ? આ કહે છે, ક્રિયા કરતાં-કરતાં નિશ્ચય રત્નત્રય પ્રગટે. કહો! અહીં આ ના પાડે છે. ન્યાયથી... રાગથી, આકુળતાથી તે કાંઈ નિરાકુળતા થાય? નિરાકુળતા દ્વારા આકુળતા જીતાય. પણ આકુળતા દ્વારા નિરાકુળતા થાય? (ન થાય). આહાહા!

ભાઈ! એને ખબર નથી. એ શું કરી રહ્યો છે અને શું થાય છે એમાં—(એની) ખબર નથી. ભગવાન આત્મા પોતાનું પૂર્ણાનંદસ્વરૂપ એવો પૂર્ણ પરમાત્મા પોતે પરિપૂર્ણ કૃતકૃત્ય છે, બીજે નહીં એવી ચીજ છે. એ પર્યાયમાં એવી ચીજ નથી. આહાહા! એવો જે ભગવાન પોતાના અંતરના સમાધિબળે, અંતરની એકાગ્રતાના જોરે, નિશ્ચય રત્નત્રયસ્વરૂપ એવો સંત તે વાસનાનો

ઉદય થવા દેતો નથી. એ વાસનાને જીતે છે, એમ. આહાહા! આવું મુનિનું (અને) આવું ભગવાનના શાસનમાં સામાયિકનું આવું સ્વરૂપ છે. સામાયિકનું કહો કે નિશ્ચય રત્નત્રય મોક્ષમાર્ગ કહો. આહાહા! અરે! એને કાને પડે નહીં, સમજે નહીં (તો) અંદર સન્મુખ જવાનો પ્રસંગ જ બને નહીં. સન્મુખ જવામાં વિમુખતા ટળે છે એવી જેને ખબર નથી, એને સામાયિક ને મોક્ષમાર્ગ ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

અહીં તો, કરો જાત્રા ભગવાનની એકવાર. બસ જાઓ, તમારા ઘણા ભવના કર્મ ટળી જશે. હવે શું કરવા બિચારો બીજું કરે? જાઓ, ચાલો શેત્રુંજય. ઓલો કહે સમ્મેદશિખર. (શ્રોતા : મોક્ષ પામવાના અસંખ્ય યોગ છે ત્યાં.) અત્યંત યોગ છે. સિદ્ધિ કેવું કહેવાય? સિદ્ધગિરિ. સિદ્ધગિરિની સમીપમાં... પણ સિદ્ધગિરિ તો પર છે. સિદ્ધગિરિ તો અહીં છે. અનંતા સિદ્ધની પર્યાય પ્રગટ કરનારો તો ભગવાન આત્મા અહીં છે. સમજાણું કાંઈ? 'અસંખ્ય યોગો' બધા ગપ માર્યા છે. આવે છેને. અસંખ્ય યોગો–પ્રકાર છે મોક્ષમાર્ગનો. અસંખ્ય પ્રકાર. અહીં કહે, એકેય પ્રકાર નથી. આ પ્રકાર એક જ છે. એના અસંખ્ય યોગો આવે છે. આ બધા તદ્-હેતુ ને ..... અનુનય ક્રિયા, ઝેર કર્યા..... એમ કરી વિસ્તાર કરી-કરીને મારી નાખ્યા. મૂળ વસ્તુ રહી ગઈ છે. તદ્-હેતુ ક્રિયા આવે છેને.

શ્રોતા : તદ્-હેતુ શબ્દ તો બહુ વાપરે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ બધું કરવું, તદ્-હેતુ કરવું. આત્માને ધર્મને માટે આ બધું કરવું. કરવું અને મરવું, ત્યાં રાગને કર્તા થાય છે તો મરે છે. શાંતિ મરી જાય છે ત્યાં તો. આહાહા! એ તદ્દહેતુ થાય. આત્માની શાંતિનો હેતુ એ રાગની મંદતાથી સાથે થાય? ચડાવી દીધા પણ માણસને. ઓલાને કહે, દેરાસરની પૂજા કરો, દેરાસર કરો, તમારું કલ્યાણ થઈ જશે. ઓલા કહે, સામાયિક ને પોષા કરો ને અપવાસ કરો, કલ્યાણ થઈ જશે. ઓલા કહે, લૂગડાં છોડી દો, નાગા થાઓ અને આમ ખાવું-ન ખાવું એવા વિકલ્પમાં રહો, તમારું કલ્યાણ થશે. ધૂળેય નહીં થાય ત્રણેયનું. સાંભળને! સમજાણું કાંઈ? આહાહા! ટીકાકારે કેટલી ટીકાને સ્પષ્ટ કરી છે! આહાહા!

**તેને ખરેખર...** જેને ભગવાન આત્માના બળથી પ્રભુ પૂર્ણાનંદનો નાથ... આહાહા! એને આશ્રયે અંતરમાં જઈને જેણે શાંતિ ને સમાધિ પ્રગટ કરી છે, એ વડે સામાયિકની પ્રાપ્તિ થાય છે અને એ વડે વિકારને જીતાય છે. આહાહા! કુંદકુંદાચાર્ય કહે છે કે નિયમસાર મેં મારી ભાવના માટે બનાવ્યું છે હોં. એ આવે છેને આમાં છેલ્લી ગાથામાં. આહાહા! મારો ભાવ અંદરમાં ઘૂંટાય છે એને (લઈને) આ બની ગયું નિયમસાર. આહાહા! નિજભાવના–મારી ભાવના નિમિત્તે... દુનિયાને માટે કંઈ નહીં, એમ કહે છે. છેને (ગાથા) ૧૮૭. **णियभावणाणिमित्तं**. ૧૮૭. **णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं** । આહાહા!

કુંદકુંદાચાર્ય જેવા, જિન નહીં, પણ જિનસરીખા. વીતરાગ સાક્ષાત્ નહીં, પણ વીતરાગ જેવા. આહાહા! (શ્રોતા : મુનિ તો વીતરાગી જ હોયને.) હો. ઓલામાં કહે છે, જિન નહીં, પણ જિનસરીખા. એ લોકો કહેતા હતા તેરાપંથીમાં. એના આચાર્ય હોયને. 'જિન નહીં, પણ જિનસરીખા, ખમ્મા અન્નદાતા' એમ કહેતા. ......એમ ન જાણે કે આવું બધું નથી. જિનસરીખા. યે તેરાપંથી તુલસી હૈ ન. ખમ્મા અન્નદાતા, જિન નહીં, પણ જિનસરીખા. જિનના વિરહે જિનપણા જેણે બતાવ્યા, પ્રગટ કર્યા, એમ કહે છે. એય! જિનવિરહે... આ જિન પોતે ભગવાન આત્મા જિન છે. એનું જેણે સમીપપણું લીધું, એની પર્યાયમાં જિનદશા, વસ્તુ તે જિન ને પર્યાય તે જિનદશા પ્રગટ થઈ, એનાથી વિકારને જીતાઈ શકે છે. એવું આચાર્ય કહે છે, મેં મારા ભાવને માટે મારી અંતરના ઘૂંટણ—એકાગ્રતા માટે આ શાસ્ત્ર બનાવ્યું, લ્યો.

આ **ખરેખર કેવળીભટ્ટારકના શાસનથી...** આવી સામાયિક કેવળી, **ખરેખર કેવળી ભટ્ટારક...** સર્વજ્ઞસૂર્ય પ્રભુ તીર્થંકરદેવ કેવળી સર્વજ્ઞસૂર્ય ભટ્ટારકસૂર્ય. આ ભટ્ટારક અત્યારે છે એ નહીં હોં. આ કેવળીજ્ઞાનસૂર્ય પ્રભુ એના શાસનથી **સિદ્ધ થયેલું...** આહાહા! **પરમ સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે.** લ્યો, ન્યાં વ્રત નામ આપ્યું. એ ચારિત્ર સામાયિક કહો કે સામાયિક વ્રત કહો, એને નિશ્ચય વ્રત કહીએ. પરમ સામાયિક નામનું વ્રત વીતરાગ ભગવાનના શાસનમાં સિદ્ધ થયેલું, આવી સામાયિક સાબિત થયેલી એને શાશ્વતરૂપ છે. **એમ આ બે સૂત્રોથી કહ્યું છે.** આહાહા! સમજાણું કાંઈ?

સામાયિક એટલે તો સમતાભાવ, તો સમતાભાવ એટલે પુણ્ય-પાપના વિકલ્પભાવથી રહિત ભાવ. તો રહિતભાવ ક્યારે થાય? કે ત્રિકાળી સમતાભાવના પિંડને આશ્રયે. દ્રવ્ય તો ખબર ન મળે કે દ્રવ્ય કેવું છે. આહાહા! સમજાય છે કાંઈ? કેટલા બોલો કરીને વિશેષણ આપ્યા! ઓહો! અને પુણ્ય-પાપને કલંક-પંકસ્વરૂપ કીધું, પછી એ કલંકને મળ કહ્યો. સમજાણું કાંઈ? આહાહા! કલંક-પંકસ્વરૂપ કાદવ... ખૂંચી જવાનો કાદવ છે. એને છૂટવાનો ઉપાય તો ભગવાન આત્મા પોતાના સ્વરૂપનું ભાન કરીને અંદર ઠરે, એક જ ઉપાય સંસારને જીતવાનો છે. સંસારના રખડવાના દુઃખભાવને જીતવાનો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ?

**૧૩૧-૧૩૨ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:** પોતે કહે છે.

**त्यजाम्येतत्सर्वं ननु नवकषायात्मकमहं**
**मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम् ।**
**महामोहान्धानां सततसुलभं दुर्लभतरं**
**समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम् ॥२१८॥**

**સંસારસ્ત્રીજનિત સુખદુઃખાવલિનું કરનારું...** સંસાર એટલે સંસરણ—સ્વભાવથી ખસી જવું. એવી જે વિકારની પરિણતિરૂપી સ્ત્રી એનાથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખની શ્રેણી... સુખ-

દુઃખ એટલે કલ્પેલું દુનિયાનું. **સંસારસ્ત્રીજનિત દુઃખાવલી** એમ કહ્યુંને. ભગવાન આત્મા જનિત નહીં. વિકાર, પુણ્ય-પાપના વિકારથી ઉત્પન્ન થયેલી... વિકારરૂપી સ્ત્રી એનાથી ઉત્પન્ન થયેલાં સુખ-દુઃખની શ્રેણી, સુખ-દુઃખની ધારા, સુખ-દુઃખની હારમાળા, આવલિ. છેને નીચે અર્થ. **આવલિ, પંક્તિ, હારમાળા.** લ્યો. આહાહા! કહે છે, શુભ-અશુભભાવ એ સંસારરૂપી સ્ત્રી એનાથી જનિત તો સુખ-દુઃખની શ્રેણી છે. આહાહા! એ તો સુખ-દુઃખ—કલ્પનાના સુખો જગતના અને કલ્પનાના દુઃખો એને ઉત્પન્ન કરનારી છે. હારમાળાનો કરનાર છે. ધારાવાહી દુઃખની ધારા વહે છે ત્યાં તો, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**નવ નોકષાયાત્મક વિકારસ્વરૂપ સર્વ વિકાર...** સુખ-દુઃખાવલિનું કરનારું છે એ તો. એટલે નવ નોકષાય એ સંસારના સુખની કલ્પના અને દુઃખની કલ્પના એનું કરનારું છે. સુખ છે નહીં હોં, આ તો અજ્ઞાની સુખ માને છેને. આહાહા! લ્યો, સ્ત્રી રાંડે, દુનિયા કહે કે દુઃખી થઈ. એમ કહે. દુઃખાણી. એમ કોણ કહે? કોણે કહ્યું દુઃખાણી? એ દુઃખાણીની વ્યાખ્યા છે? અને પોતાને ઘરે સ્ત્રી હોય, બધું સાધન હોય અને પતિ હોય એ સુખાણી કહેવાય એમ. ઓલી દુઃખાણી કહેવાય. બેય મૂઢતા છે. સમજાણું કાંઈ? માને છેને. બાઈ પણ એમ માને. આહાહા!

અમારે ગામમાં હતું. જેઠ-જેઠાણીને દીકરા થાય (તો) ઓલું થાય, લગન કરાવે ત્યારે ઓલી રોવે. અરે! મારે કાંઈ નથી. હવે તારે બધું છે અંદર આત્મા, જોને! આહાહા! રૂખડ શેઠ હતાને. એનો દીકરો..... મોટો નાની ઉંમરમાં મરી ગયો. શીતળા થઈ ગયો હતો. બાઈ પહેલેથી વિધવા અને ઘરમાં ઓલું થાય. જેઠ-જેઠાણીનાં છોકરા પરણે–લગન કરે, આ થાય, ત્યારે ઓલીને યાદ આવે. અરે! મારે કોઈ નથી. અરે! તારે આખો આત્મા છે, હવે જોને! એને (દીકરો) કે દિ' હતો? આહાહા! અરે! સારે-નરસે કોને વાત કરવી? વાતના વિસામા ગયા, ફલાણું ગયું. રોવે મફતના. એય મૂલચંદભાઈ! ભગવાન આત્મા અંદર પડ્યો છે તારે. એની નજર કર તો તું સુખી છો અને આ બધા દુઃખી છે. આહાહા! સમજાણું કાંઈ? જગત આખું દુઃખી. આહાહા!

અરે! આ બધું **હું ખરેખર પ્રમોદથી તજું છું...** ભાષા જુઓ તો જરા! આનંદથી તજું છું, એમ. ભાષા તો એમ જ આવે. મારો ભગવાન એનામાં હું જાઉં છું અને મને જે આનંદ આવે છે એવા આનંદથી છોડું છું. અરે! વાસના છોડવી પડશે, ફલાણું કરવું પડશે એમ નહીં. મારા અતીન્દ્રિય આનંદના પાનથી, હું ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર એના પીણા પીવાથી હું આનંદથી વિકારને તજું છું. અરે! છોડવું પડશે. લ્યો! દુઃખી, મિથ્યાત્વી, અજ્ઞાની છો માળા, સાંભળને! રાગનો વિકાર છોડવો એ તો આનંદથી છૂટે છે, કહે છે. આહાહા! હું મારો પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો મારો નાથ એના સમીપમાં જે મને આનંદ આવે છે, એ આનંદથી એને હું તજું છું. આહાહા! સમજાણું કાંઈ?

**હું ખરેખર પ્રમોદથી તજું છું**... વિકાર આવ્યો ને ગયો–ટળી ગયો એમ નહીં. હું છોડી દઉં છું. મારો એમાં સ્પર્શ જ નથી. આહાહા! એય! આ સામાયિક ઢસરડા કર્યા હતા બધા. સાપ ગયા ને ઢસરડા રહ્યા નથી કહેતા? લીસોટા. સર્પ હોતા હૈ ન, પાછળ ધૂળમાં રહેને. આ ગયો

સર્પ અહીં ગયો. પણ સર્પ હવે ક્યાં છે? લીસોટા છે. આનીકોર હશે તમારે. 'સાપ ગયા ને લીસોટા (રહ્યા)'. એ લકીર રહી. એ બસ. એ ગામોગામ સરખી જ હોય કહેવત. લકીર રહી ગઈ. એમ સાચી સામાયિક વઈ ગઈ, લકીર રહી ગઈ પીટવાની એકલી. આ સામાયિક અમે કરીએ, આ સામાયિક.... મુનિને સદાય સામાયિક હોય છે. અરે! ધૂળેય નથી. મુનિ કહેવાય કોને એની ખબર નથી તને. જે રાગનો એક વિકલ્પનો કર્તા નહીં. દેહનો જ્ઞાતા અને અતીન્દ્રિય આનંદના ઉભરા જ્યાં અંદર વહે છે એને ત્યાગી કહેવામાં આવે છે. તજું છું એમ કહે છેને. આહાહા! સમજાણું કાંઈ?

અરે! **કે જે નવ નોકષાયાત્મક વિકાર...** સ્ત્રી, પુરુષ, નપુંસકાદિનો વિકાર **મહામોહાન્ધ જીવોને નિરંતર સુલભ છે.** મહામોહાંધ જીવોને... મિથ્યાત્વમાં પડ્યા છે, અજ્ઞાનમાં, રાગની મીઠાશમાં. એ વાસનામાં મજા છે, વાસના લેનારા સુખી છે, વાસનાના સંયોગ જેને બહુ છે એ ઠીક છે—એવું જેને મહામોહ મિથ્યાત્વથી રહે છે. એવા **મહામોહાંધ જીવોને નિરંતર સુલભ છે**... વિકાર નિરંતર અજ્ઞાનીને સુલભ છે. આહાહા! સમજાણું કાંઈ? ટીકા પણ કેવી જાતની! આહાહા! **અને નિરંતર આનંદિત મનવાળા**ને... ગુલાંટ ખાધી. ઓલો મહામોહાંધ જીવ મિથ્યાષ્ટિ. મિથ્યાદૃષ્ટિને વિકાર સુલભ છે, અનાદિ વિકાર ઉપર જ જેની દૃષ્ટિ છે. આહાહા!

**નિરંતર આનંદિત મનવાળાને**... મન એટલે આનંદિત પરિણતિવાળાને. નિરંતર.. નિરંતર રહેનારું તત્ત્વ એનો જેણે આશ્રય કરીને નિરંતર આનંદદશા પ્રગટ કરી છે. આહાહા! જેને આનંદની દશાનો એક સમય વિરહ નથી. આહાહા! કેમકે ભગવાન આત્મા આનંદસ્વરૂપ ત્રિકાળ નિરંતર છે, એનો આશ્રય લઈને જે આનંદ પ્રગટ કર્યો, એ પણ નિરંતર આનંદ વર્તે છે. આહાહા! એવા નિરંતર–અંતર પડ્યા વિના આનંદિત મનવાળા **સમાધિનિષ્ઠ...** પોતાના આનંદમાં રહેનારા, સામાયિકમાં રહેનારા એ **જીવોને અતિ દુર્લભ છે.** એ વિકાર થવો દુર્લભ છે એને, એટલે વિકાર થતો નથી. આહાહા!

ભાષા જુઓ! આનંદિત મનવાળાને દુઃખ ઉત્પન્ન થતું નથી એમ કહે છે. દુર્લભ છે, એને વિકાર થવો દુર્લભ છે. અજ્ઞાનીને વિકાર ત્રિકાળ સુલભ છે. કારણ કે ત્યાં વિકારના પ્રેમમાં જ ફસ્યો રહે છે. આહાહા! નિર્વિકારી ભગવાન આત્મા એની ખબર ન મળે (એવા) મહામોહાંધ મિથ્યાદૃષ્ટિને વિકાર સુલભ છે. આહાહા! ભારે! સમાધિવાળાને દુર્લભ છે. નહીં મળે હોં, એમ કહે છે, એ દુઃખ નહીં પામે–આવે. અંતર સ્વરૂપના આશ્રયમાં, શાંતિમાં પડ્યા એવા સામાયિકવંતને દુઃખ નહીં આવે હવે. આહાહા! અજ્ઞાનીને દુઃખ તો ક્ષણે-ક્ષણે લાગુ પડેલું છે. આહાહા! વીણા વાગતી હોય છે રાગ ને દ્વેષની, એમ કહે છે. એને સુલભ છે વિકાર. ધર્માત્માને વિકાર દુર્લભ છે. આહાહા! એને આનંદ સુલભ છે. અજ્ઞાનીને આનંદ દુર્લભ છે, એને વિકાર સુલભ છે. એમ કહીને ૧૩૧-૧૩૨ ગાથા અને એનો કળશ કીધો લ્યો. છેલ્લી ગાથા આવી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૨, બુધવાર, તા. ૬-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૩૩, પ્રવચન નં. ૧૪૬ (હિન્દી)**

નિયમસાર, ૧૩૩ ગાથા ચલતી હૈ.

**जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो ।**
**तस्स समाइगं ठाइ इदि केवलिसासणे ॥१३३॥**

૧૩૩ ગાથા હૈ, ૧૩૩.

**જો નિત્ય ઉત્તમ ધર્મ-શુક્લ સુધ્યાનમેં હી રત રહે,**
**સ્થાયી સમાયિક હૈ ઉસે યોં કેવળીશાસન કહે. ૧૩૩.**

ક્યા કહતે હૈં? **યહ, પરમ-સમાધિ અધિકારકે ઉપસંહારકા કથન હૈ.** સામાયિક કિસકો કહતે હૈં જૈનધર્મમેં? સામાયિક કહો કિ સમાધિ કહો, સમાધિ કહો કિ અપને નિશ્ચય મોક્ષમાર્ગકી દશા કહો—એક હી બાત હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! ધર્મધ્યાન ઔર શુક્લધ્યાનકી ઉસમેં આવશ્યકતા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? સામાયિક કરનેમેં ધર્મધ્યાન ને શુક્લધ્યાનકી જરૂરત હૈ, એમ કહતે હૈં. આખિરકા શ્લોક હૈ ન. ધર્મધ્યાન કિસકો હોતા હૈ ઔર ધર્મધ્યાનકી સ્થિતિ ક્યા હૈ—વહ કહતે હૈં.

**જો સકલ-વિમલ કેવલજ્ઞાનદર્શનકા લોલુપ...** જો કોઈ આત્મા પૂર્ણ કેવળજ્ઞાન ને પૂર્ણ કેવળદર્શન ઉસકા અર્થાત્ મોક્ષકા અભિલાષી હૈ. મોક્ષકા અભિલાષી જીવ **સકલ-વિમલ કેવલજ્ઞાનદર્શનકા લોલુપ (સર્વથા નિર્મલ કેવલજ્ઞાન ઔર કેવલદર્શનની તીવ્ર અભિલાષાવાલા–ભાવનાવાલા)...** જિસકો મુક્તિ ચાહિયે... મુક્તિમેં અનંત સુખ હૈ, દૂસરે કહીં સુખ હૈ નહીં. ચાર ગતિમેં તો દુખ હૈ. સ્વર્ગ હો કિ નર્ક હો, શેઠાઈ હો કિ રાંકાઈ હો—યે સબ દુઃખ હૈ. બરાબર હૈ રતનલાલજી? દુઃખ.. દુઃખ. ઓછું-વધતાનો પ્રશ્ન જ ક્યાં છે? દુઃખ હી હૈ. એકડિયા વર્ગમેં સબ લોગ એકડિયા હી હૈ, ઐસે સબ દુઃખ હી હૈં. રાગ—પુણ્ય-પાપકા ભાવ વહ વિકાર હૈ, ઉસમેં જિસકી એકત્વબુદ્ધિ હૈ (ઐસે) સર્વ મિથ્યાદૃષ્ટિ પ્રાણી, (ચાહે) સાધુ હો તો ભી દુઃખી હૈ. બાહ્યસે દ્રવ્યલિંગ ધારણ કિયા હો, સમજમેં આયા? અંદરમેં ભગવાન આત્મા પૂર્ણાનંદ ચૈતન્યસ્વભાવસે ભરા ઉસકો છોડકર દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, પૂજા, કામ, ક્રોધકે વિકલ્પમેં એકતાબુદ્ધિ રખતા હૈ ઔર વહ મેરા કલ્યાણકા કારણ હૈ ઐસે માનનેવાલા મિથ્યાદૃષ્ટિ દુઃખી હૈ. સમજમેં આયા?

દુઃખ નાશ કરનેકા ઉપાય ક્યા હૈ વહ કહતે હૈં. કિ સકલ-વિમલ કેવળજ્ઞાનદર્શનના લોલુપી જીવ, જિસકો કેવલજ્ઞાન ને કેવલદર્શન–પરિપૂર્ણ નિર્મલ પર્યાય પ્રાપ્ત કરનેકી જિજ્ઞાસા

હૈ ઉસકો ક્યા હોતા હૈ? **પરમ જિનયોગીશ્વર સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન દ્વારા...** આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદસંપન્ન સ્વરૂપ ઐસા નિશ્ચય સ્વાત્મા.. સ્વ-આત્મા– અપના આત્મા... જિસમેં શરીર-વાણી-મન નહીં, જિસમેં દયા, દાન, વ્રતકા વિકલ્પ ભી નહીં, જિસમેં એક સમયકી વર્તમાન પ્રગટ અવસ્થા ભી નહીં ઐસા અપના સ્વ આત્મા. ગ્રીક-લેટિન જેવું લાગે માણસને. ધર્મ ક્યા ચીજ હૈ યે ખબર નહીં. સમજમેં આયા?

ધર્મધ્યાન.. સામાયિક કિ ધર્મધ્યાન કિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કૈસે હોતા હૈ? કિ સ્વ-આત્મા આશ્રિત. અપના આત્મા અખંડ અભેદ શુદ્ધ ચૈતન્યધ્રુવ, નિત્યાનંદ, સહજાનંદકી મૂર્તિ આત્મા હૈ. વહ સ્વ-આત્મા ઉસકા આશ્રય, ઐસે આશ્રિત–ઉસકે આશ્રયસે, નિશ્ચય ધર્મધ્યાન દ્વારા, સ્વાશ્રય શુદ્ધતા ને એકાગ્રતા દ્વારા સામાયિક અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કિ જો મોક્ષકા કારણ હૈ વહ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? સ્વ-આત્માશ્રિત હોતા હૈ એમ કહતે હૈં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિસે ધર્મધ્યાન નહીં હોતા. આહાહા! સમજમેં આયા? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, કામ, ક્રોધ યે તો પાપ હૈ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા આદિકા ભાવ ભી શુભભાવ હૈ, વહ ભી વિકાર હૈ. આરે! વહ ધર્મ નહીં ઔર વહ ધર્મકા કારણ ભી નહીં.

ધર્મધ્યાનકા કારણ? ધર્મધ્યાન, શુદ્ધ નિર્મળ વીતરાગી પરિણતિ ઉસકો નામ ધર્મધ્યાન કહતે હૈં. યે ધર્મધ્યાનકા કારણ સ્વ-આત્મા. સમજમેં આયા? ચિદ્ઘન આનંદકંદ, નિત્યાનંદ ધ્રુવસ્વભાવ વહ આત્મા, યે અપના આત્મા. ઉસકે આશ્રયસે, ઉસકે અવલંબનસે, ઉસમેં એકાગ્ર હોનેસે નિશ્ચય ધર્મધ્યાન દ્વારા મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? રતનલાલજી! સમજમેં આતા હૈ? પૈસા-બૈસાસે કુછ નહીં હોતા હૈ એમ કહતે હૈં. પૈસાસે પુણ્ય ભી નહીં હોતા, પાપ ભી નહીં હોતા ને ધર્મ ભી નહીં હોતા. યે તો જડ પરવસ્તુ હૈ. શરીરસે પુણ્ય નહીં હોતા હૈ, પાપ ભી નહીં હોતા હૈ ને ધર્મ ભી નહીં હોતા હૈ. પરલક્ષસે પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ, વહ ધર્મ નહીં. અપને આત્માકે આશ્રયસે જો પરિણતિ ધર્મકી દશા ઉત્પન્ન હોતી હૈ વહ ધર્મ હૈ અને ઉસ નિશ્ચય ધર્મધ્યાન દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

વહ કહતે હૈં દેખો! **પરમ જિનયોગીશ્વર**... અપના આત્મા નિત્યાનંદ પ્રભુ કારણસમયસાર ભગવાન આત્મા, પૂર્ણાનંદ પ્રભુ ઉસકા આશ્રય, ઉસકે સન્મુખ હોકર... નિમિત્ત, રાગ અને વર્તમાન પર્યાય ઉસસે વિમુખ હોકર ઔર ત્રિકાળી જ્ઞાતા આનંદકંદકે સન્મુખ હોકર. આહાહા! સમજમેં આયા? અંતરમેં એકાગ્રતા હોતી હૈ ધ્યાન, આનંદકી, જિસમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ, જિસમેં અતીન્દ્રિય આનંદકે સુખકી લહેર ઉઠતી હૈ, ઉસકા નામ ધર્મધ્યાન કહનેમેં આતા હૈ. વહ ધર્મધ્યાન દ્વારા કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. ઉસકે સિવા દૂસરે કોઈ ક્રિયાકાંડસે કેવલજ્ઞાન ને મુક્તિ પ્રાપ્તિ હોતી નહીં.

**ઔર સમસ્ત વિકલ્પજાલ રહિત...** દૂસરા શુક્લધ્યાન. કહતે હૈં કિ જિસકો મુક્તિ ચાહિયે, જિસકો ધર્મધ્યાન-શુક્લધ્યાનકી આવશ્યકતા હૈ. અને વહ ધર્મધ્યાન અને શુક્લધ્યાન સ્વ-આત્માશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. આહાહા! બરાબર હૈ? રોકડ? ભગવાનકી જાત્રા, પૂજા, દયા, દાન ને વ્રત ઉસસે મુક્તિ નહીં હોતી હૈ એમ કહતે હૈં, વહ તો પુણ્યબંધકા કારણ હૈ. પાપસે બચનેકો પુણ્યભાવકા કારણ હૈ. સમજમેં આયા? વહ કોઈ મુક્તિકા કારણ ને ધર્મધ્યાન નહીં. આહાહા! જિસકો કેવલજ્ઞાન ને મુક્તિ ચાહિયે ઉસકો ધર્મધ્યાન ને શુક્લધ્યાનકી જરૂરત હૈ અને વહ ધર્મધ્યાન ને શુક્લધ્યાન સ્વ-આત્માશ્રિત ઉત્પન્ન હોતા હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર ઉસકે આશ્રયસે ભી ધર્મધ્યાન ઉત્પન્ન નહીં હોતા. ઉસકે આશ્રયસે તો રાગ ઉત્પન્ન હોતા હૈ. પંડિતજી! ભારે!

વહ કહતે હૈં, કેવલજ્ઞાનકા લોલુપી હૈ. પહલે તો યે સિદ્ધ કિયા. જિસકો સિદ્ધપદ, મુક્તિપદ ચાહિયે અને યે મુક્તિપદકી વ્યાખ્યા કરતે, નિર્મલ કેવલજ્ઞાન-કેવલદર્શનકા લોલુપી ઐસે કહા. આહાહા! જિસકે જ્ઞાનમેં એક સમયમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આતા હૈ ઐસા કેવલજ્ઞાન ને કેવલદર્શન વહી મુક્તિ. ઉસકા લોલુપી—મુક્તિકી પૂર્ણ દશાકા કામી–અભિલાષી–જિજ્ઞાસુ ઉસકો ધર્મધ્યાન ઔર શુક્લધ્યાનકી જરૂરત હૈ. ઉસકો પુણ્ય-પાપ આદિ નિમિત્તકી જરૂરત નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

જિસકો કેવલજ્ઞાન ને કેવલદર્શન નિર્મલ પરમાત્મદશા, અરિહંતદશા કહો કિ સિદ્ધદશા કહો, ઐસી જિસકો પ્રાપ્ત કરનેકી જિજ્ઞાસા હૈ, ક્યોંકિ અનંત સુખ તો મુક્તિમેં હી હૈ. ચાર ગતિમેં સુખ-સુખ હૈ નહીં. પુણ્ય ને પાપકા ભાવ હોતા હૈ ઉસમેં ભી સુખ નહીં ઔર અપની પર્યાય દ્રવ્યકે આશ્રયસે હોતી હૈ ઉસમેં ભી પૂર્ણ સુખ નહીં. સમજમેં આયા? જિસકો પૂર્ણ સુખ ચાહિયે અર્થાત્ જિસકો કેવલજ્ઞાનકી લોલુપતા હૈ.. લોલુપતા હૈ, ભાવના હૈ (કિ) હમેં કેવલજ્ઞાન મુક્તિ ચાહિયે, દૂસરી કોઈ ચીજ હમેં નહીં (ચાહિયે). ઐસા મોક્ષાર્થી—ઐસા મોક્ષકા અર્થી... રાગ અને પુણ્યકા અર્થી વહ તો સંસારાર્થી હૈ. સમજમેં આયા? ચાર ગતિમેં રખડનેકે લાયક હૈ વહ તો. આહાહા! ધન્યકુમાર નહીં આયે? નહીં. ઐસા (સમાચાર) આયા થા કિ ધન્યકુમાર આયેંગે. સમજમેં આયા? આહાહા! કહતે હૈં... આખિરકી ગાથામેં ઉપસંહાર કરતે બહોત...

**जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि...** દેખો! નિત્ય, જિસકી દૃષ્ટિ ધ્રુવ ચિદાનંદ ભગવાન ઉપર નિત્ય પડી હૈ, (ઉસે) ધર્મધ્યાન નિત્ય હોતા હૈ એમ કહતે હૈં, કોઈ વક્ત હો ને કોઈ વક્ત નહીં ઐસા નહીં. આહાહા! ભગવાન આત્મા સચ્ચિદાનંદ સહજાનંદકી મૂર્તિ જૈસે નિત્ય હૈ, તો ઉસકા આશ્રય કરનેવાલા નિત્ય આશ્રય કરતા હૈ ઔર નિત્ય આશ્રય જિસકા હૈ ઉસકો ધર્મધ્યાન નિત્ય વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા? તો કહતે હૈં, **णिच्चसो झाएदि तस्स समाइगं ठाइ...** ઉસકો સામાયિક હોતી હૈ. આહાહા! સામાયિકની વ્યાખ્યા ભારે ભાઈ!

આ તો. ણમો અરિહંતાણં..... થઈ ગયું સામાયિક બે ઘડી. ભાઈ! સામાયિક અલૌકિક ચીજ હૈ. દુનિયા માનતી હૈ સામાયિક, વહ (સચ્ચી) સામાયિક નહીં. સામાયિકમેં તો સમ-આય (અર્થાત્) અપની નિર્દોષ વીતરાગ પરિણતિ સમતારૂપભાવ, ઉસકા આય નામ લાભ હો, ઉસકા નામ સામાયિક કહતે હૈં. અને વહ સામાયિક ત્રિકાળી સ્વ-આત્માશ્રિત પ્રગટ હોતી હૈ. કોઈ પુણ્ય-પાપકી ક્રિયાસે, નિમિત્તસે ને બાહ્યકે સહારેસે સામાયિક ઉત્પન્ન હોતી નહીં. આહાહા! કહો, સમજમેં આયા?

**ભાવનાવાલા**... અપને તો પૂર્ણ આનંદ ચાહિયે, એક જ વાત. હમેં તો ન ચાહિયે સંસાર, ન ચાહિયે પુણ્ય-પાપ, ન ચાહિયે પુણ્ય-પાપકા ફલ. ઐસી જિજ્ઞાસા સમ્યગ્દૃષ્ટિકી હોતી હૈ. સમ્યગ્દૃષ્ટિકી જિજ્ઞાસા, કેવલજ્ઞાનકા લોલુપી હૈ, (ઉસે) કેવલજ્ઞાન ને પૂર્ણ મુક્તિકી ઇચ્છા ને જિજ્ઞાસા હૈ. કોઈ ગતિકી કિ પુણ્યસે મૈં ચક્રવર્તી હોઉં, સ્વર્ગકા દેવ હોઉં પુણ્ય કરકે, ઐસા વ્રત પાલતા હૂં તો ઐસી સુગતિ મિલે—ઐસી જિજ્ઞાસા સમ્યગ્દૃષ્ટિકી હોતી નહીં. સમ્યગ્દૃષ્ટિકી જિજ્ઞાસા પૂર્ણ કેવલજ્ઞાન અને મુક્તિ પાનેકી હૈ. અને યે મુક્તિ ધર્મધ્યાન અને શુક્લધ્યાનકે કારણસે મિલતી હૈ અને વહ ધર્મધ્યાન ને શુક્લધ્યાન અપને ત્રિકાળી ભગવાન ધ્રુવ ઉસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. આહાહા! આ તો સમજાય છે? કલ તો ગુજરાતી ચલતા થા ન. ભાવ તો, હિન્દી હોય કે ગુજરાતી હોય, ભાવ તો જે હોય એ આવેને. કહાંસે આયેગા? આહાહા!

ભગવાન કુંદકુંદાચાર્ય લગભગ સંવત ૪૯મેં ઇસ ભરતક્ષેત્રમેં થે. ઉન્હોંને યે બનાયા. અપની ભાવનાકે લિયે બનાયા હૈ, દેખો! મૈંને તો મેરી ભાવનાકે લિયે નિયમસાર બનાયા હૈ, એમ કહતે હૈં. ઉસ (નિમિત્ત)સે દુનિયા ભી સમજ લો કિ માર્ગ ઐસા હૈ એમ કહતે હૈં. મેરી ભાવના તો કેવલજ્ઞાન અને મુક્તિ લેનેકી હૈ. આહાહા! આત્મા પોતે કહે છે અહીંયા તો. ઔર કેવલજ્ઞાન ને કેવલદર્શનકી પ્રાપ્તિ અપના ત્રિકાળી આનંદકંદ પ્રભુ નિત્યાનંદ ઉસકે આશ્રયસે, અવલંબનસે જો ધર્મધ્યાન ને શુક્લધ્યાન હુઆ, ઉસ ધર્મધ્યાન ને શુક્લધ્યાનસે કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. નિશ્ચય મોક્ષમાર્ગસે કેવલજ્ઞાન હોતા હૈ. વ્યવહાર મોક્ષમાર્ગસે કેવલજ્ઞાન હોતા હૈ ઐસે મના કિયા યહાં તો. ભાઈ! વ્યવહાર મોક્ષમાર્ગ નહીં. આહાહા!

કહતે હૈં ન કિ નિશ્ચય ભી મોક્ષમાર્ગ હૈ ને વ્યવહાર ભી મોક્ષમાર્ગ હૈ. યહાં મના કરતે હૈં કિ વ્યવહાર મોક્ષમાર્ગ હૈ હી નહીં. વ્યવહાર મોક્ષમાર્ગ ને નિશ્ચય મોક્ષમાર્ગ તો દો ફલ ઉસકે હોંગે. એકકા નિશ્ચય મોક્ષ... નિશ્ચય મોક્ષ(માર્ગ)કા નિશ્ચય મોક્ષ. નિશ્ચય મોક્ષમાર્ગકા નિશ્ચય મોક્ષ, વ્યવહાર મોક્ષમાર્ગકા વ્યવહાર મોક્ષ—ઉસકા અર્થ ક્યા? સમજમેં આયા?

વહ યહાં એકદમ સિદ્ધ કરતે હૈં. સમાધિ, આત્મશાંતિ. શુભ-અશુભ વિકલ્પકે ભાવ, શુભાશુભ યોગ વહ તો બંધકા કારણ હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ કહા વહ તો નિમિત્તકા ઉપચાર

કરકે કહા. હૈ તો યે બંધકા કારણ, યે કેવલજ્ઞાનકા કારણ નહીં. કેવલજ્ઞાન ને કેવલ(દર્શન) નિર્મલ, જિસકી પૂર્ણ દશામેં તીન કાલ, તીન લોક એક સમયમેં જાનનેમેં આયે ઔર ઉસકે સાથ અનંત આનંદકા વેદન હો. ઐસા કેવલજ્ઞાન ને અનંત આનંદ ઉસકા અભિલાષી જીવ–મોક્ષાર્થી જીવકો અપના મોક્ષ કરનેમેં કારણ ધર્મધ્યાન, શુક્લધ્યાન હૈ. દોનોં બાત કી. ધર્મધ્યાન નીચલે દર્જેમેં હોતા હૈ, શુક્લધ્યાન ઊંચે દર્જેમેં હોતા હૈ, પણ હૈં તો દોનોં હી દ્રવ્યકે આશ્રયસે. આહાહા! સમજમેં આયા?

ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ જિસમેંસે અનંત કેવલજ્ઞાન ને અનંત આનંદ આતા હૈ ઐસી ચીજ આત્મા વહ ત્રિકાળી સહજાનંદકી મૂર્તિ હૈ. ઉસકા આશ્રય કરનેસે, દ્રવ્યકો દૃષ્ટિમેં લેનેસે, દ્રવ્ય–વસ્તુકો વર્તમાન... યે દ્રવ્ય વહી અપની નિજ લક્ષ્મી હૈ. આ પૈસા-બૈસા દ્રવ્ય એ તો ધૂળના છે. રતનલાલજી! યે તુમ્હારા નહીં હૈ બિલકુલ. નામ ભી રતનલાલ હૈ ઔર પૈસા ભી રતન હૈ. દોનોં આત્માકા નહીં હૈ એમ કહતે હૈં. કહો સમજમેં આયા? આહાહા! પ્રભુ! તુમ હો કિ નહીં? હૈ તો કૈસે હો તુમ? વહ તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ–અનંત વીર્યકા પિંડ એકરૂપ ધ્રુવ નિત્યાનંદ સહજાનંદકી મૂર્તિ હૈ. આહાહા! મોક્ષકે કારણકી પર્યાયમેં દ્રવ્યકા આશ્રય લેના પડતા હૈ, આવશ્યકતા ઉસકી હૈ. મોક્ષમેં ધર્મધ્યાન ને શુક્લધ્યાનકી જરૂરત–આવશ્યકતા હૈ ઔર ધર્મધ્યાન ને શુક્લધ્યાનમેં જરૂરત–આવશ્યકતા આત્માકે આશ્રયકી હૈ. આહાહા! કહો, ભીખાભાઈ!

ઇસમેં દેવ-ગુરુકા આશ્રય કરનેકી જરૂરત નહીં એમ કહતે હૈં. બરાબર કહ્યું? આહાહા! પહેલા સમજણમાં સમજનારો આત્મા છે એમ કહે છે. આહાહા! દૂસરેસે સમજમેં આતા નહીં ઐસા કહતે હૈં. આહાહા! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર સો ઇન્દ્રોના પૂજ્ય પ્રભુ, ઉસકી ઇચ્છા બિના વાણી આયી ઉસ વાણીકો પરમાગમ કહનેમેં આતા હૈ. યે પરમાગમ વહ નિયમસાર. નિયમસારકા અર્થ મોક્ષકા માર્ગ. તો મોક્ષકા માર્ગ કહો કિ સામાયિક કહો, સામાયિક કહો કિ સમાધિ કહો, સમાધિ કહો કિ નિર્દોષ વીતરાગીદશા કહો. તો સમ્યગ્દર્શન ભી વીતરાગી દૃષ્ટિ હૈ. આત્મા ત્રિકાળ વીતરાગસ્વરૂપી મૂર્તિ વીતરાગકી મૂર્તિ આત્મા હૈ ઔર ઉસકી દૃષ્ટિ ભી વીતરાગી હૈ. વીતરાગી દૃષ્ટિમેં પૂરે (આત્માકો) વીતરાગ આશ્રયમેં લેતે હૈં એમ કહતે હૈં. ઔર સમ્યગ્જ્ઞાન ભી વીતરાગી પર્યાય હૈ. વહ વીતરાગી સ્વસંવેદનપર્યાય સારા વીતરાગકા આશ્રય લેતી હૈ. અને ચારિત્ર ભી વીતરાગી પર્યાયકો ચારિત્ર કહતે હૈં. પંચમહાવ્રતકા વિકલ્પ યે ચારિત્ર નહીં. યે તો અચારિત્ર હૈ, રાગ હૈ. આહાહા! સમજમેં આયા?

બડી સૂક્ષ્મ બાત હૈ. અભી તો ગડબડ ચલતી હૈ કિ ઐસા હોતા હૈ, ઐસા હોતા હૈ-ફૈસા હોતા હૈ. ધૂલમેં નહીં હોતા, સુન તો સહી! અપના ભગવાન ભંડાર આનંદકંદકા નાથ ઉસકા આશ્રય લિયે બિના કભી આત્માકી શુદ્ધિ ઉત્પન્ન હોતી નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

તીનોંકી નિર્મલ પર્યાય ત્રિકાળી દ્રવ્યકે અવલંબનસે ઉત્પન્ન હોતી હૈ. સાક્ષાત્ ભગવાન, પ્રતિમા કિ સમ્મેદશિખર કિ સમવસરણ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા નહીં. એય, ચીમનભાઈ! અહીં ક્યાં ખાનગી રાખીએ છીએ? ખુલ્લી વાત છે. માર્ગ યે હૈ ઐસા ઉસકો પહલે નિર્ણય કરના પડેગા. નિર્ણય કરના પડેગા. જરૂરત સચ્ચે નિર્ણયકી હૈ. ઉસકો પહલી આવશ્યકતા–જરૂરત સત્ય નિર્ણયકી હૈ. તો સત્ય નિર્ણયમેં ઐસા આના ચાહિયે. સમજમેં આયા?

ભાઈ! હંમેશા શ્રાવકકો છ આવશ્યક કરના (ચાહિયે), દેવદર્શન, દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ, દાન, તપ આદિ આતે હૈં ન છ આવશ્યક? વહ તો સબ શુભ વિકલ્પ હૈં, અશુભસે બચનેકી બાત હૈ, વહ મોક્ષકા માર્ગ નહીં. ક્યોંકિ છ આવશ્યક ભી વિકલ્પ હૈ–રાગ હૈ. આહાહા! યે અપને આશ્રયસે ઉત્પન્ન નહીં હુઆ. યે વિકલ્પ પરકે લક્ષસે ઉત્પન્ન હુઆ હૈ. અપનેમેં ઉત્પન્ન હુઆ હૈ, પણ પરકે લક્ષસે ઉત્પન્ન હોતા હૈ. પરકે આશ્રયસે ઉત્પન્ન હો વહ બંધકા હી કારણ હૈ. **परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई**.. લ્યો. ઓહોહો! ક્યાં આવ્યું? મોક્ષપાહુડ (ગાથા ૧૬)મેં ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાતે હૈં કિ ભગવાન... યહાં તો સબ ભગવાન આત્મા હી હૈં. સ્વભાવસે તો ભગવાન હી હૈં સબ. દ્રવ્યસ્વભાવસે તો સબ પરમાત્મા હૈં. ભૂલ હૈ પર્યાયમેં–અવસ્થામેં.

તો કહતે હૈં કિ 'ભગવાન' કહકર બુલાયા હૈ. સમજમેં આયા? અરે, ભગવાન આત્મા! તું તો નિર્મળાનંદ હૈ ન! પૂર્ણ વીતરાગકી મૂર્તિ હૈ ન! સિદ્ધપદકી જો પર્યાય પ્રાપ્ત હોતી હૈ ઐસી અનંતી-અનંતી પર્યાયકા પિંડ તુમ હો. આહાહા! ઐસા ભગવાન આત્મા સ્વાત્માશ્રિત... જુઓને! અહીંયા ઓલા કહે છે કે ધર્મધ્યાન શુભભાવ અને શુદ્ધભાવ તે શુક્લધ્યાન. ઐસે કહતે હૈં. સુના હૈ? સુના હૈ. પંડિતને તો સુના હી હો ન બહોત. સબકો સુનાતે હૈં. વિપરીત બાત હૈ સબ. યહાં તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ પરમેશ્વર જિસકો એક સમયમેં તીન કાલ, તીન લોક દેખનેમેં આયા. ઐસે પરમાત્માકી વાણી—ઇચ્છા બિના દિવ્યધ્વનિ–પ્રવચન હુઆ. પ્ર-એટલે ઉત્કૃષ્ટ, વચન એટલે દિવ્યધ્વનિ. ભગવાનકી ઓમકાર દિવ્યધ્વનિમેં ઐસે મોક્ષકે માર્ગકી વ્યાખ્યા આયી થી, યે કુંદકુંદાચાર્ય અપને શાસ્ત્ર દ્વારા, અપની ભાવના દ્વારા કહતે હૈં. સમજમેં આયા?

**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન દ્વારા ઔર સમસ્ત વિકલ્પજાલ રહિત નિશ્ચય શુક્લધ્યાન દ્વારા**... આહાહા! સંસારમેં રુલનેમેં આર્ત ને રૌદ્ર ધ્યાનકી જરૂરત હૈ. ચાર ગતિમેં રખડનેમેં આર્તધ્યાન, રૌદ્રધ્યાન કારણ હૈ અને મુક્તિમેં ધર્મધ્યાન ને શુક્લધ્યાન કારણ હૈ. વહ ધર્મધ્યાન ને શુક્લધ્યાન વીતરાગી નિર્મલ પર્યાયકો કહતે હૈં. યે નિર્મલપર્યાય પર્યાયવાન ત્રિકાળી ભગવાન ઉસકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? લ્યો, **શુક્લધ્યાન દ્વારા**

**સ્વાત્મનિષ્ઠ**... આહાહા! સ્વાત્મનિષ્ઠ... સ્વ-આત્માશ્રિત ધર્મધ્યાન હુઆ, પણ શુક્લધ્યાનમેં તો વિશેષ સ્વ-આત્મનિષ્ઠ હૈ, એમ કહતે હૈં. સ્વ-આત્મનિષ્ઠ... અતીન્દ્રિય આનંદકા ધ્રુવસ્વરૂપ ઉસમેં–સ્વ-આત્મામેં નિષ્ઠ હૈ–લીન હૈ. શુક્લધ્યાનકી પર્યાય અંદર લીન (હૈ ઉસકો) મોક્ષકા કારણ કહનેમેં આતા હૈ. આરે! ભારે વ્યાખ્યા.

હવે આવું નિશ્ચય.. નિશ્ચય.. પછી વ્યવહાર હશે કે નહીં ક્યાંક? કહ્યોને વ્યવહાર. સાંભળે, વિકલ્પ આવે, એ બધા બંધના કારણ છે. ઐસા (વિકલ્પ) બીચમેં આતા હૈ. સમજમેં આયા? સુનનેમેં ભી વિકલ્પ આતા હૈ વહ પુણ્યબંધકા કારણ હૈ, સમજાનેમેં ભી વિકલ્પ ઉઠતા હૈ વહ ભી પુણ્યબંધકા કારણ હૈ, ભગવાનકી જાત્રા ને નામસ્મરણ આદિ 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' યે સબ શુભવિકલ્પ અને પુણ્ય-રાગ હૈ. સમજમેં આયા? એવી સ્પષ્ટતા ભગવાને અનાદિથી કરી છે. સમજમેં આયા? 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' (સત્ય) એક હી હોતા હૈ, સત્ય દો નહીં (હોતે).

અનંત કાલસે પરમેશ્વર વીતરાગ તીર્થંકર હોતે આયે હૈં. અનંત કાલસે તીર્થંકર (હોતે આયે હૈં). કભી તીન કાલમેં તીન કાલકે જાનનેવાલેકા વિરહ હોતા નહીં. ક્યા કહા? તીન કાલમેં તીન કાલકે જાનનેવાલા... વસ્તુ હૈ ન જ્ઞેય. તીન કાલકા જાનનેવાલા કભી ન હો ઐસા તીન કાલમેં હોતા નહીં. આહાહા! લોજીકસે–ન્યાયસે સમજના પડેગા કિ નહીં ઉસકો? તીન કાલરૂપ જો જ્ઞેય હૈં, તો તીન કાલકા જાનનેવાલા જ્ઞાતા ભી અનાદિસે હૈ. આહાહા! (ન હો તો) તીન કાલ હૈ ઐસા જાના કિસને? સમજમેં આયા? આહાહા! અનંત કાલસે ભગવાન સર્વજ્ઞ ઐસા કહતે આયે હૈં. વર્તમાનમેં મહાવિદેહમેં ભગવાન શ્રી સીમંધર પરમાત્મા બિરાજતે હૈં તીર્થંકરપદમેં. 'ણમો અરિહંતાણં' પદમેં બિરાજતે હૈં. ભગવાન મહાવીર આદિ તો 'ણમો સિદ્ધાણં' પદમેં ચલે ગયે. વે તો 'ણમો સિદ્ધાણં'મેં આ ગયે. સીમંધર પરમાત્મા બિરાજતે હૈં અભી. પાંચસો ધનુષકા દેહ હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ, વર્તમાનમેં મહાવિદેહમેં મનુષ્યપને હૈં, અરિહંપદમેં હૈં, ઉનકી દિવ્યધ્વનિમેં યે આયા હૈ.

ઉસ દિવ્યધ્વનિ સુનનેકો કુંદકુંદાચાર્ય સંવત ૪૯મેં પોન્નુર હિલસે ગયે થે. તુમ્હારે વહાં હૈ ન? મદ્રાસસે ૮૦ માઈલ (દૂર) પોન્નુર હિલ હૈ. વંદેવાસ ગાંવ હૈ. દસ હજાર આદમીકી બસ્તી હૈ. વહાંસે પાંચ મિલ દૂર હૈ. વહાં ધ્યાનમેં રહતે થે. વહાંસે ભગવાનકે પાસ ગયે થે, આઠ દિન રહે થે. સદેહે જાત્રા મહાવિદેહની કરી. વહાં જાકર આયે પીછે કુંદકુંદાચાર્યને યે બનાયા. આહાહા! ભાઈ! યહાં તો કહા ન, મેરી ભાવનાકે લિયે મૈંને બનાયા હૈ. આહા! મેરા સ્વરૂપ, એક ક્ષણમેં–સમયમેં પૂર્ણ આનંદ ધ્રુવ હૈ ઉસકે આશ્રયમેં મૈં પડા હૂં. ઉસકી એકાગ્રતાકે લિયે મૈંને યે શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા? એ તો અમૃતચંદ્રાચાર્યમાં આવ્યું હતું કે અપની શુદ્ધિકે લિયે

બનાયા હૈ. આ ટીકાનું ફળ અમને શુદ્ધિ હો. ઉસકા અર્થ કિ ઉસ કાલમેં મેરી એકાગ્રતા વર્તતી હૈ તો શુદ્ધિ હો જાયે, એમ. (સમયસાર કળશ ૩). સમજમેં આયા? આહાહા!

સ્વ-આત્મ–**નિજ આત્મામેં લીન ઐસી નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિકે કારણભૂત...** આહાહા! ક્યા કહતે હૈં? પરમ સમાધિ વર્તમાન સંપત્તિ–લક્ષ્મી આનંદ... લ્યો, આ સંપત્તિ આવી. તમારી ધૂળની સંપત્તિ નહીં, એમ કહતે હૈં યહાં. કરોડો, બે કરોડ, ત્રણ કરોડ, ચાર કરોડની ધૂળ. આ સંપત્તિ, આ પર્યાયની સંપત્તિની વાત કરે છે હોં. જુઓ! **નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિકે કારણભૂત ઐસે ઉન ધર્મ-શુક્લ ધ્યાન દ્વારા...** યૂં. ધર્મધ્યાન ને શુક્લધ્યાન દ્વારા અપની સંપત્તિ પર્યાયમેં પ્રગટ હોતી હૈ. ફરીને. આત્મામેં તો અનંત આનંદ ને અનંત (જ્ઞાનરૂપ) લક્ષ્મી (હૈ). ભગવાન—ભગ નામ અનંત જ્ઞાન ને આનંદરૂપી લક્ષ્મી, વાન–ઉસકા સ્વરૂપ હૈ. આત્માકા સ્વરૂપ ત્રિકાળી ભગવાન હી હૈ. ઉસ ભગવાનકે અવલંબનસે જો પરમ સંપત્તિ મોક્ષકે માર્ગ(રૂપ) સમાધિ પ્રગટ થઈ–હુઈ, ઉસકા કારણ ધર્મધ્યાન, શુક્લધ્યાન હૈ. સમજમેં આયા? આહાહા!

**સંપત્તિકે કારણભૂત ઐસે ઉન ધર્મ-શુક્લ ધ્યાન દ્વારા...** આહાહા! એકેક ગાથામાં ઘણું ભરી દીધું છે! હા, પૂરું. ભગવાનની દિવ્યધ્વનિમાં પણ પૂરું આવે–પૂરા આતા હૈ. ભગવાન આત્મા પૂરા, ઉસકી પૂરી પર્યાય પ્રગટ કરનેમેં વાણી ભી પૂરી આતી હૈ. સમજમેં આયા? કહતે હૈં કિ **ધર્મ-શુક્લ ધ્યાન દ્વારા અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ અક્ષય આનંદસાગરમેં મગ્ન હોનેવાલે...** આહાહા! કૈસે હૈં આત્મા? **અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ...** અખંડ-અદ્વૈત આત્મા, સ્વાભાવિક ચૈતન્યવિલાસ જિસકા લક્ષણ હૈ. **અક્ષય આનંદસાગરમેં મગ્ન હોનેવાલે...** અપને અતીન્દ્રિય આનંદમેં લીન હોનેવાલે... આહાહા!

**સકલ બાહ્યક્રિયાસે પરાઙ્મુખ...** વિકલ્પકી ક્રિયાસે વિમુખ ઔર ત્રિકાળી ભગવાનકે સન્મુખકી નિર્મલ ક્રિયામેં સન્મુખ અથવા નિર્મલસ્વભાવમેં સન્મુખ. સમજમેં આયા? આહાહા! **અક્ષય આનંદસાગરમેં મગ્ન હોનેવાલે**... નાશ ન હો, સમજમેં આયા? ઐસે સ્વભાવિક ચૈતન્યવિલાસ જિસકા ત્રિકાળી લક્ષણ ઐસા આનંદસાગર ભગવાન... આહાહા! હંસલા તો સાગરમેં ડૂબકર મોતીકા ચારા ચરતે હૈં, અનંત આનંદકો ચરતે હૈં એમ કહતે હૈં. આહાહા! હંસ નામ જીવ, રાગ ને સ્વભાવકા વિવેક જિસકો હુઆ હૈ, વે અપને અનંત આનંદસાગરમેં ડૂબકી મારતે હૈં. આહાહા! ઉસકા સ્વાદ લેતે હૈં. **સકલ બાહ્યક્રિયાસે પરાઙ્મુખ**... ભક્તિ ને વ્રત, તપ ને બાહ્યકા વિકલ્પ ને બાહ્યકા નામસ્મરણ સબ વિકલ્પ–રાગ હૈ. ઉસ બાહ્યક્રિયાસે પરાઙ્મુખ...

**શાશ્વતરૂપસે સદા અંતઃક્રિયાકે અધિકરણભૂત...** ભગવાન આત્મા શાશ્વત સદા અંતઃક્રિયાનો આધાર છે. વીતરાગી પર્યાય નિર્મળદશા ધર્મધ્યાન, શુક્લધ્યાન એવી ક્રિયાનો આધાર **સદાશિવસ્વરૂપ**—સદા મોક્ષરૂપ... આહાહા! મુનિને શબ્દો કેટલા ઓછા પડે છે! શું

કહેવું? ભગવાન આત્મા.. આહા! જેનું મૂલ્યાંકન નથી (એવી) અમૂલ્ય ચીજ ઐસા ભગવાન સદાશિવસ્વરૂપ આત્મા... દેખો! મોક્ષસ્વરૂપી આત્મા સદા ત્રિકાળ ઐસેકો **નિરંતર ધ્યાતા હૈ**... ઐસેકો નિરંતર ધ્યાતા હૈ. આહાહા! હિંમતભાઈ ગયા? આવ્યું હશે, ફોન આવ્યો હશે. સમજાણું કાંઈ? શબ્દોય યાદ રહેવા મુશ્કેલ આમાં તો. અખંડ, અદ્વૈતસ્વરૂપ ઉસમેં ડૂબકી મારનેસે જો એકાગ્રતા હોતી હૈ, ઐસી એકાગ્રતા શિવસ્વરૂપ ભગવાન આત્માકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : એકલા આત્માના જ ગાણા ગાયા છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ...કોના ગાણા ગાય? રાગ ને પુણ્યના ગાણા તો અનંતકાળથી ગાયા છે. પુણ્ય ને પાપકે ભાવકી-જહરકી મીઠાશ તો અનાદિસે હૈ. પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ—દોનોં જહર હૈં, આત્માકે અમૃતસે વિરુદ્ધભાવ હૈ. ઉસકી-જહરકી મીઠાશ તો અનાદિસે લી હૈ. જહરકા પીણા પિયા હૈ ઔર ચાર ગતિમેં રુલા હૈ. આહાહા! સમજમેં આયા? સાધારણ પ્રાણીને તો એવું લાગે કે ક્યા કહતે હૈં. ગ્રીક-લેટિન જેવું લાગે. ભગવાન! તેરે ઘરકી બાત હૈ ભાઈ! તુને સુની નહીં. તેરે સમજમેં આયી નહીં, પણ તેરે ઘરકી યે હી બાત હૈ. સમજમેં આયા? આહાહા! ભજનમેં નહીં આયા?

અબ હમ કબહૂ ન નિજઘર આયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે,
પરઘર ભ્રમત ફિરત નામ અનેક ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે.

અપના નિજઘર આનંદકંદપ્રભુ સચ્ચિદાનંદ આત્મા ઉસ ઘરમેં કભી એક સમય ભી આયા નહીં અને પુણ્ય-પાપ પરઘર... આહાહા! વિકલ્પકી લાગણી પરઘરમેં ભ્રમત-ફિરત અનેક નામ ધરાયે. હમ સ્વર્ગમેં દેવ હુએ, હમ શેઠ હુએ, હમ રાંક હુએ. સબ ધૂળધાણી હૈ. આહાહા! હમેં દો અબજ-પાંચ અબજકી મૂડી-પૂંજી હૈ. ધૂળકી પૂંજી હૈ તુજે? ધૂળકા સ્વામી તો જડ હૈ. સમજમેં આયા? આહા! ભેંસકા સ્વામી તો પાડા હોતા હૈ. પાડા કહતે હૈં? ક્યા કહતે હૈં? ભૈંસા. ભૈંસા. ઐસે જડલક્ષ્મીકા સ્વામી તો જડ હોતા હૈ. યહાં તો, સહજાનંદમૂર્તિકા સ્વામી વહી ચેતન હૈ એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

નિરંતર ઐસા સદા શિવરૂપ આત્મા... આહાહા! શિવ નામ નિરુપદ્રવ, સદા કલ્યાણમૂર્તિ પ્રભુ, ત્રિકાળ કલ્યાણમૂર્તિ ભગવાન આત્મા હૈ. આહાહા! સદા મોક્ષતત્ત્વરૂપ આત્માકો... ક્યોંકિ પહલે ઐસા લિયા થા ન? કિ જિસકો કેવલજ્ઞાનકી લોલુપતા હૈ અર્થાત્ જિસકો મોક્ષપર્યાય-મોક્ષ ચાહિયે, ઉસકો સદા શિવ-મોક્ષરૂપ (આત્મા)કા આશ્રય લેના ચાહિયે. આહાહા! ટીકાય પણ ભારે બનાવી છેને! ભારે થઈ, એમ એક આવ્યું હતું કાલ. નહોતું આવ્યું? ચાર બોલ આવ્યા હતા. કહે ભારે થઈ. કન્યા કોલેજમાં ભણતી હતી. ન્યાં એનું વેવિશાળ ગોતતા હતા. ત્યાં કન્યા આવીને કહે, બાપુજી! હું પરણીશ નહીં. ભારે કરી! એવી-

એવી 'ભારે થઈ'ના ચાર બોલ મૂક્યા છે. ઓલામાં આવે છે. છાપું હતુંને. શું કહેવાય? જૈનપ્રકાશ. એમાં હતા, ત્રણ-ચાર બોલ હતા, નહીં? સાંજે લીધા હતા. ભારે થઈ, કહે. નાક કપાણું, ગામમાં વાતું ચાલી. પૂછવા આવ્યા કે કેમ કપાણું? કે ભારે થઈ. એવા બધા બોલ હતા, લ્યો. ત્રણ-ચાર બોલ લખ્યા હતા. ભારે થઈ. આહાહા!

એમ અનાદિથી અજ્ઞાન ને ભારે થઈ રખડવાની દશા. સમજાય છે કાંઈ? આહાહા! એ આવ્યું હતું કાલ. ત્રણ-ચાર બોલ આવ્યા હતા. માથે મોટું લખ્યું હતું 'ભારે થઈ'. ચાર બોલ મૂક્યા હતા. કન્યા કોલેજમાં ભણતી હતી ને ગોતતા હતા સગપણ. ત્યાં (કહે), બાપુજી! હું પરણી ચૂકી છું. ભારે થઈ કહે ભાઈ! ખાનગી ચાલે છેને અત્યારે તો એવું બધું. આહાહા! વોટનું કાંઈક નાખ્યું હતું. મોટું પ્રધાનપદ લેવું હતું. ત્યાં નીકળ્યો શૂન્ય એના નામમાં–ઓલા વોટના કાગળિયામાં. શૂન્ય. હાય, હાય! ભારે થઈ. મારે મોટું થાવું હતું, એમાં આ મીંડુ નીકળ્યું. ભારે થઈ કહે. એવા-એવા 'ભારે થઈ'ના બોલ મૂક્યા હતા. આહાહા! અરે બાપા! ભારે થયો એ તો તું. આહાહા!

અહીં ભગવાન આત્મા શિવસ્વરૂપ પ્રભુ મુક્તસ્વરૂપ જ ત્રિકાળ છે. પર્યાયમેં મુક્તિ જિસકો ચાહિયે ઉસકો શિવસ્વરૂપકા આશ્રય લેના પડેગા. ઉસકી આવશ્યકતા ઉસકો યે હૈ. અવશ્ય ક્રિયા કરનેલાયક આવશ્યકતા વહ હૈ. એક હી આવશ્યક... ભાઈએ લખ્યું છે ને? 'છ આવશ્યક કરતાં એક આવશ્યક' જ્યાં આત્મધર્મમાં (વાંચ્યું) ત્યાં તો.... દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. સોગાની.. સોગાની, કલકત્તા, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. 'એક આવશ્યક' (પઢા). આહાહા! આત્મધર્મમેં ઐસા લિખા કિ એક હી આવશ્યક હૈ. છ આવશ્યકમાં કેટલા તો વિકલ્પ ને કેટલા આ.. આ.. આ.. એક આવશ્યક, અપને સ્વભાવકા આશ્રય લેના યે એક આવશ્યક હૈ, આવશ્યકતા ઉસકી હૈ. ઐસે આવશ્યકકી આવશ્યકતા હૈ. આહાહા! કહો! ........

રૂડો જીવ પાત્ર હતાને! એકદમ એક રાત્રિમાં સમકિત. અહીંયા (સમિતિ). ગૃહસ્થ હૈં. જાનતે હો? કલકત્તામેં. કલકત્તા, સોગાની. યહાં આયે, દો કી સાલમેં આયે. બહોત વાંચન. બહોત લાખોપતિ ગૃહસ્થ હૈં, બડી કપડેકી દુકાન હૈ. ઘણા લાખોપતિ છે. બહોત વાંચન થા. વાંચન કરતે-કરતે યહાં આયે. પહલે આત્મધર્મ દેખા થા કિ એક હી આવશ્યક હૈ. વહાં તો ઉનકો હુઆ કિ ઓહો! યે ક્યા? યે ક્યા કહતે હૈં? ચલો ભાઈ! ત્યાં. યહાં કહા કિ ભૈયા! જ્ઞાન ને રાગ ભિન્ન હૈ. ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ ઔર દયા-દાનકા વિકલ્પ–રાગ દોનોં ચીજ ભિન્ન હૈં. દોનોં ચીજ એક નહીં. આહાહા! ઐસા જહાં સુના.... કમરેમેં... અપને સમિતિમેં ઠહરે હો ન તુમ? કમરેમેં ચલે ગયે. સાંજથી સવાર સુધી ધ્યાનમેં બેઠા રહ્યા. બસ, સવાર પહલે નિર્વિકલ્પ ધ્યાન, સમ્યગ્દર્શન, આત્માકા સ્વાદ લેકર ઉઠ ગયે. સમજમેં આયા? બહોત પાત્ર રૂડા જીવ હૈ.

સંસારકા કિનારા આ ગયા. સંસારકે કિનારે આ ગયે થે. કપડેકી દુકાન હૈ વહાં. ઘણી વાર આવ્યાને. પછી અહીં ઘણીવાર આવ્યા.

અહીં કહે છે કે આહા! અહીં તો આવશ્યક ઉપરથી ખ્યાલ આવ્યો વળી. યે સામાયિક આવશ્યક હૈ ન? સામાયિક, ચોવીસંથો, કાઉત્સર્ગ આદિ છ આવશ્યક. ઓલા છ આવશ્યક વળી જુદા. દેવપૂજા, ગુરુસેવા ને એ છ આવશ્યક. પણ આ સામાયિક, વંદના, પડિકમણા, કાયોત્સર્ગ, પચ્ચકખાણ (આદિ) છ આવશ્યક. એ તો આવે છે. ઉસમેં સામાયિક આવશ્યકકી બાત ચલતી હૈ. સામાયિક નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા નિશ્ચય વીતરાગીપરિણામ ઉસકો સામાયિક કહતે હૈં. સામાયિકકા આશ્રય ત્રિકાળી દ્રવ્ય હૈ. ત્રિકાળી દ્રવ્યકે આશ્રયસે સામાયિક ઉત્પન્ન હોતી હૈ. સામાયિક કોઈ નિમિત્તસે, 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં'કે વિકલ્પસે સામાયિક ઉત્પન્ન હોતી નહીં. આહાહા! આવ્યું?

**ઉસે વાસ્તવમેં જિનેશ્વરકે શાસનસે...** દેખો! મુનિરાજ દિગંબર સંત પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહલે હુએ, ઉનકી યહ ટીકા હૈ. કુંદકુંદાચાર્યને નિયમસાર બનાયા ઉસકી યહ ટીકા હૈ. **જિનેશ્વરકે શાસનસે નિષ્પન્ન હુઆ, નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ દ્વારા ગુપ્ત...** અંદર મન-વચન-કાયાકે વિકલ્પસે રહિત, અંતર ભગવાનકે આશ્રયસે ત્રિગુપ્તિ(રૂપ) નિર્વિકલ્પ પરિણતિ ઉત્પન્ન હુઈ. **ઐસી પરમ સમાધિ જિસકા લક્ષણ હૈ...** પરમ શાંતિ.. પરમ શાંતિ.. પરમ આનંદ જિસકા લક્ષણ હૈ **ઐસા, શાશ્વત સામાયિકવ્રત હૈ.** ઉસકો ભગવાનને સચ્ચી સામાયિક કહી હૈ. આહાહા! કહો, સમજમેં આયા?

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવને... પાઠમેં હૈ કિ નહીં? **तस्स समाइगं ठाइ इदि केवलिसासणे...** કેવલજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ એમના શાસનમાં આને સામાયિક કહેવામાં આવે છે. શાશ્વત એટલે સાચી, એમ. સાચી. સામાયિક છે તો પર્યાય, પણ એ શાશ્વતને આશ્રયે ઉત્પન્ન થયેલી એનું ફળ પણ શાશ્વત રહેશે, એનું ફળ શાશ્વત પર્યાય એવીને એવી રહેશે. માટે એ સામાયિક પર્યાય હોવા છતાં... સમાયિક પર્યાય છે, દ્રવ્ય તો ત્રિકાળી છે. આહાહા! **નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ દ્વારા...** મન-વચન-કાયાકે લક્ષસે છૂટકર... તીનકા સંસર્ગ નહીં, પરિચય નહીં. અપને ત્રિકાળી ભગવાનકા જહાં સંસર્ગ ને પરિચય (હુઆ), ઉસમેં જો ત્રિગુપ્તિરૂપ પર્યાય ઉત્પન્ન હુઈ ઐસી પરમસમાધિ જિસકા લક્ષણ... આહાહા! યે મુનિકી મુખ્યતાસે બાત હૈ. શ્રાવકકો ભી ઉસકે અંશમેં ગિન લેના. મુનિ ઐસે હોતે હૈં દેખો! આહાહા! અકેલા નગ્નપના લિયા ને પંચમહાવ્રતકા વિકલ્પ કદાચિત્ હો તો યે સામાયિક હૈ ને મુનિ હૈ—ઐસા હૈ નહીં. સમજમેં આયા?

**પરમ સમાધિ જિસકા લક્ષણ...** દેખો! પરમ આનંદ જિસકા લક્ષણ ઐસી સામાયિક હૈ. સામાયિકમેં તો પરમ અતીન્દ્રિય આનંદ આતા હૈ ઉસકા નામ સામાયિક હૈ. 'ણમો અરિહંતાણં,

ણમો અરિહંતાણં' કરીને પૂરું કર્યું, થઈ ગઈ સામાયિક. યે તો વિસામાયિક હૈ, વિષમભાવ હૈ, વિકારભાવ હૈ, દુઃખભાવ હૈ, આનંદકા અભાવભાવ હૈ. શું કર્યું આટલા વર્ષથી? આનું નામ ભગવાનના શાસનમાં સામાયિક કહેવામાં આવે છે-કહનેમેં આતા હૈ. હમારા ગુજરાતી આ ગયા બીચમેં. સમજમેં આયા? આહાહા! ભારે! એક ટીકા કરી તે કેટલું...! **ઐસા શાશ્વત સામાયિક વ્રત હૈ**. પહેલા ચારિત્ર કીધું હતું (અર્થાત્) સ્વરૂપમાં રમણતા. આનંદનાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો ગંજ-ઢગલો પ્રભુ... ઢગલો નામ ઢેરા. ઉસમેં લીનતા, અતીન્દ્રિય આનંદ સમાધિકે લક્ષણવાલી સામાયિક કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

અહીં તો સામયિકમાં બેસે ને પુણ્યભાવ-શુભભાવનાય ઠેકાણા ન મળે. દુકાનના વિચારમાં ચાલ્યો જાય, કાપડમાં ચાલ્યો જાય, ઢીંકણામાં ચાલ્યો જાય. હમણાં કોઈ પૂછવા આવશે છોકરો, બાપુજી! શાક શું લાવવું આજ? શાક સમજે? ક્યા કહતે હૈં? સબ્જી. શું લાવવું છે હમણાં? હમણાં મારે કહેવાય એવું નથી. કાલ લાવ્યા એ લાવશો નહીં, જાવ. કાલ લાવ્યા એ લાવશો નહીં. એમ બીજું લાવજો. મારે અત્યારે બોલાય એમ નથી. આ ઠેકાણા વિનાની આવી સમાયિક. આહાહા! શુભભાવના ઠેકાણા ન મળે, ધર્મ તો ક્યાં છે? આહાહા! એવું બને છે હોં ઘણા કેટલાકને. ખબર નથી? મારેથી કહેવાય આ? ખબર નથી? કાલ લાવ્યા એવું ન લવાય. દરરોજ (એકનું એક) ન લવાય. ઠીક જાવ, કહી દીધું. ભીખાભાઈ! આહા! અરર!

ભાઈ! અહીંયા કદાચિત્ શુભરાગના વિકલ્પમાં ગાળે બે ઘડી તો પણ એ સામાયિક નહીં. યે તો વિષમભાવ, પુણ્યબંધકા કારણ હૈ. કહો, સુજાનમલજી! યે તો તુમ્હારે શ્વેતામ્બરમેં ભી હૈ, સ્થાનકવાસીમેં ભી હૈ, દિગંબરમેં—તીનોંમેં યે સામાયિક કહનેમેં આતી હૈ. ખોટી સામાયિક? આહાહા! આ જ સત્ય વસ્તુ છે. માર્ગની રીત જ આ છે. ક્યોંકિ વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. વસ્તુકા સ્વરૂપ સમતાકા પિંડ વીતરાગ ઉસકે આશ્રયસે વીતરાગી પરિણતિ હો વહી માર્ગ એક હી હૈ. બસ ખલાસ. તીન કાલ, તીન લોકમેં દૂસરી કોઈ ચીજ નહીં. સમજમેં આયા? આહાહા!

ઇસમેં કહતે હૈં, થોડા ઐસા ભી કરો, ઐસા ભી કરો, ઉસકો ભી સચ્ચા માનો, ઉસકો ભી સચ્ચા માનો. ઐસા માર્ગ હૈ નહીં વીતરાગકા. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કહતે હૈં વહ એક હી માર્ગ સત્ય હૈ. ઉસમેં ભી સત્ય હૈ, તીસરેમેં ભી સત્ય હૈ, સબ ધર્મકા સમન્વય કરો. (ઐસા) નહીં હોતા. સર્વ ધર્મ વિશ્વધર્મકા સમન્વય કરો, યે જૈનધર્મ હૈ.—ઐસા હૈ નહીં. અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા જાણ્યો, કહ્યો, એવો જાણીને અંદર એકાગ્ર થાય, ઉસકો ધર્મ હોતા હૈ, દૂસરેકો ધર્મ હોતા નહીં. ઉસકા નામ જૈનધર્મ હૈ. સમજમેં આયા? વહ જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં, વહ કોઈ વાડા નહીં. 'જિન સો હી આત્મા...' ઉસકે આશ્રયસે પ્રગટ દશા હો વહ જૈનધર્મ. સમજમેં આયા? જિન આત્મા... ત્રિકાળી વસ્તુ જિન ઉસકો આત્મા કહતે

હૈં. ત્રિકાળી આત્માકો જિન કહતે હૈં. ભગવાનને દેખા વહ આત્મા હોં. સર્વજ્ઞકે સિવા દૂસરા કહે ઐસા આત્મા, ફૈસા આત્મા—યે આત્મા નહીં.

યહાં તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વર પરમાત્મા ઉસને કેવલજ્ઞાનમેં જો અનંત આત્મા જોયા-દેખા, યે આત્મા એક સમયમેં પરિપૂર્ણ આનંદકંદ ભગવાનને દેખા હૈ. આહાહા! ક્યોંકિ ભગવાનકો કેવલજ્ઞાન ને અનંત આનંદ પર્યાયમેં આયા, વહ કહાંસે આયા? પર્યાયમેંસે આયા? રાગમેંસે આયા? વસ્તુ અંતરમેંસે (આયા). આહાહા! ઐસા નિત્યાનંદ ભગવાન.., ભગવાનને કહા વહી એક વીતરાગમાર્ગકા આત્મા ઉસકે અવલંબનસે શાંતિકી પ્રાપ્તિ, નિર્વિકલ્પ સમાધિ, આનંદકી પ્રાપ્તિ હો, ઉસકો ભગવાનકે શાસનમેં મોક્ષકે માર્ગરૂપ સામાયિક કહનેમેં આયી હૈ. દૂસરી સામાયિક દૂસરેમેં કહતે હૈં યે સામાયિક હૈ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૭, રવિવાર, તા. ૧૦-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૧૯, ગાથા - ૧૩૪, પ્રવચન નં. ૧૪૭**

(નિયમસાર) સિદ્ધાંત છે, સમાધિ અધિકાર. સામાયિકની વ્યાખ્યા છે. સામાયિક કોને થાય અને સામાયિક કેવી હોય? સામાયિક એટલે ધર્મ. એ ધર્મ કેવો હોય અને ધર્મ કેમ થાય—એની વ્યાખ્યા છે. ૨૧૯ કળશ.

**शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा**
**धर्मध्यानेप्यनघपरमानन्दतत्त्वाश्रितेऽस्मिन् ।**
**प्राप्नोत्युच्चैरपगतमहद्दुःखजालं विशालं**
**भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम् ॥ २१९ ॥**

અરે! આ સંસારમાં—ચોર્યાસી લાખના અવતારમાં દુઃખી થઈને રઝળે છે જીવ. આકુળતાના પાર ન મળે. ચાહે તો લક્ષ્મીવંત હોય કે નિર્ધન હો, દેવ હોય કે નારકી હોય, કુંજર—હાથી કે કીડો હોય—બધા આત્માના ભાન વિના—આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના ભાન વિના દુઃખી છે, ચોરાશીના અવતારમાં દુઃખી છે. કહે છે કે એ દુઃખ ટાળવાના ઉપાય શું? **નિર્દોષ પરમાનંદમય તત્ત્વને આશ્રિત ધર્મધ્યાન...** ભગવાન આત્મા પરમાનંદમય તત્ત્વ છે. સંસારમાં શુભ ને અશુભભાવ એ દુઃખરૂપ છે. સંયોગ દુઃખરૂપ નથી તેમ સ્વભાવ દુઃખરૂપ નથી. તેમાં આકુળતા (કે) આ મને આમ થયું, આ મને આમ થયું, મને કંઈ ઠીક છે, અનુકૂળ છે કે આ મને ઠીક નથી—એવા વિકલ્પો—પુણ્ય ને પાપના ભાવ એ બધા અઘ છે, અઘ. છેને **અનઘ**? એ બધા અઘ છે, અગ્નિ છે. આહાહા! અગ્નિમાં એ અનાદિથી દુઃખી છે, શેકાય છે. ભાન નથી એને (કે) હું ક્યાં છું, શું થાય છે મને.

કહે છે, અઘ..., એવા જે પુણ્ય ને પાપના ભાવ એ અઘ છે, પાપ છે, દુઃખ છે, દાવાનળ સળગે છે એની પર્યાયમાં. આહાહા! સમજાણું કાંઈ? કાંઈક આમ પૈસા હોય ૫-૨૫ લાખ, આબરૂ ઠીક હોય તો અમે સુખી છીએ. મૂઢ છે. દુઃખી.. દુખી.. દુઃખી છે. સોએ સો ટકા દુઃખી છે. સમજાણું કાંઈ? આહાહા! પરમ દિ' અત્યારે ગયા હતા ત્રણ પહેલાં ત્યાં. રાડેરાડ પાડતા હતા. ઓ મા! ઓ મા! કરતા હતા. સાત-આઠ લાખ રૂપિયા છે, બંગલા છે, પૈસા છે. ધૂળ શું કરે એ માટીમાં? પેટમાં કેન્સર અને એની છેલ્લી પીડા મરવાની. આહાહા! સાંભળી શકે નહીં. ધણી-ધણીયાણી—બે. પતિ-પત્ની બે. પૈસા હતા સાત-આઠ લાખ-દસ લાખ. રોવે.. રોવે નહીં, રાડું પાડે. ઓ મા! ઓ મા! મા એટલે મા એમ નહીં, પણ દુઃખને લઈને ઓ મા! એમ. આહાહા! કોણ શરણ છે એની ખબર ન મળે.

અહીં કહે છે કે એ દુઃખના ભાવો, શુભ ને અશુભના વિકલ્પો–રાગ એ દુઃખમય છે. એને પોતાના માનનારો પ્રાણી દુઃખી છે. ત્યારે તત્ત્વ કેવું છે આ ભગવાન આત્મા અંદર? **અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વ** છે. પ્રભુ આત્મા, જેને આત્મા કહીએ, એ તો પરમાનંદમય આત્મા છે, અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ છે એનું. અતીન્દ્રિય અમૃત સ્વરૂપ એનું છે. આહા! કોઈ દિ' એની નજરું કરી નથી અને જ્યાં નજર કરી છે ત્યાં એ નથી. સમજાણું કાંઈ? **નિર્દોષ પરમાનંદમય તત્ત્વને...** ભગવાન પરમાનંદસ્વરૂપ છે એવું જે તત્ત્વ એને **આશ્રિત...** એનું જેણે અવલંબન લીધું, એવા પરમાનંદતત્ત્વની નજરું જેણે કરી, એનો જેણે આશ્રય કર્યો એવું ધર્મધ્યાન... એને ધર્મધ્યાન કહીએ. સમજાણું કાંઈ? આહાહા! આમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—એ બધો ભાવ રાગ ને દુઃખમય છે. સમજાય છે કાંઈ? આવે, હોય, પણ છે એ અગ્નિ.

ભગવાન આત્મા એ આકુળતારહિત–અનાકુળ પરમાનંદતત્ત્વ પરમાનંદમય છે. પરમાનંદ, પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનો આશ્રય કરીને જે ધર્મધ્યાન પ્રગટે, એની બુદ્ધિ નિર્મળદશામાં–શુદ્ધ પરિણતિમાં પરિણમે છે, એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? વાતું તો કરવા માંડ્યા માળા કેટલાક. પાછા સરવાળો એમ લે કે શુદ્ધસ્વરૂપ તો છે, એનો આશ્રય કરે તો જ સંવર-નિર્જરા થાય, પણ એને પ્રાપ્તિ કરવા માટે આ શુભભાવની જરૂર છે. આજે આવ્યું હતું જૈનસંદેશમાં. જૈન-ઉપદેશ... સમજાણું? અશુભ છે એ તો બહુ વિરુદ્ધ છે જીવને, માટે શુભમાં આવવું એ આત્માને હિતકારી છે. જેને હિતકારી માને, એની રુચિ છોડે કેમ? સમજાણું કાંઈ? એનું લક્ષ તો ત્યાં શુભરાગ (ઉપર) છે, એ પુણ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, જાત્રા—એ બધો ભાવ રાગની મંદતાનો પુણ્ય છે, ધર્મ નહીં.

ધર્મ તો એને કહીએ કે ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા પરમાનંદમય કહ્યો, જાણ્યો અને કહ્યો, એવો જે પરમાનંદમય પ્રભુ એનો આશ્રય લઈને, એનું અવલંબન લઈને, એના તરફ ઝોંક–ઝુકાવથી, નિમિત્ત, રાગ અને વર્તમાન એક સમયની પર્યાયથી વિમુખ થઈને, ત્રિકાળી પરમાનંદ ભગવાન સન્મુખ થઈને જે દશા ધર્મધ્યાનની પ્રગટે એમાં પરમ આનંદ આવે. આહાહા! એ અતીન્દ્રિય પરમ આનંદ આવે એ ધર્મધ્યાન. સંસારના દુઃખથી મુક્ત થવાનો એ ઉપાય છે. સમજાણું કાંઈ?

**ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં...** પણ વાત એ કે પરમાનંદ તત્ત્વને આશ્રિત બેય (થાય). ધર્મધ્યાન કહો, સામાયિક કહો, સત્ય પ્રતિક્રમણ કહો, સત્ય પ્રાયશ્ચિત્ત કહો, સત્ય પ્રત્યાખ્યાન કહો—બધું એક ચીજ છે. જગતને આકરું પડે. અનંત કાળથી કોઈ દિ'.... ભગવાન આત્મા અતીન્દ્રિય પરમાનંદનો ગાંઠડો છે. આહાહા! એનો આશ્રય અંતર્મુખ થઈને, વસ્તુમાં સ્થ થઈને... વસ્તુ તો પરમાનંદમય છે એમાં સ્થ થઈને... સ્થ થાય, એનો આશ્રય કરે તો સ્થ થાય. એવું જે ધર્મધ્યાન એટલે કે સામાયિક, એ સામાયિક. સમજાણું કાંઈ? એવી સામાયિક તે

આત્માને આશ્રિત પ્રગટ થયેલી દશા અને ઉગ્રપણે આશ્રય લઈને જે પ્રગટેલી પરમાનંદની અભેદ દશા... **જેની બુદ્ધિ પરિણમી છે...** જેની વર્તમાન જ્ઞાનદશા આનંદપણે ને શુદ્ધપણે થઈ છે. પુણ્ય ને પાપના ભાવ એ તો અશુદ્ધ છે. આકરી વાત છે એને. કેમકે બહારની અનુકૂળતાની મીઠાશ છે તો એના કારણ(રૂપ) પુણ્યની એને મીઠાશ થઈ ગઈ છે. આહાહા! કોઈ ધૂળેય નહોતું તારું. અનુકૂળતા તો, આત્મા આનંદસ્વરૂપ એનો આશ્રય કરવો એ અનુકૂળતા છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા તત્ત્વને આશ્રિત **જેની બુદ્ધિ પરિણમી છે**... એટલે શું કહે છે? કે એ વિકલ્પથી ધાર્યું છે કે આ આત્મા આવો છે, એમ નહીં. જ્ઞાનનો પુંજ પ્રભુ.... સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એને થાય અને એને પરિણમન થાય કે જે ત્રિકાળી આનંદનો આશ્રય લઈને બુદ્ધિ પરિણમી એને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ? આરે! આવી વાતું ભારે આકરી. આ તો કહે ઊંચા દરજ્જાની વાત છે. નીચા દરજ્જાની કંઈ છે કે નહીં? ઊંચો કહે કે નીચો કહે, આ જ એક છે. રખડવાનું.... લખે છે માળા બેય. વિદ્યાનંદજીએ એમ પહેલાં વખાણ કર્યા કે આત્માના આશ્રયે સંવર-નિર્જરા થાય, ઢીકણું થાય. પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે વ્રત, સંયમ, પૂજા, ભક્તિ, સ્મરણ એ સમ્યગ્દર્શન પ્રાપ્તિનું કારણ છે. જરી ન્યાં ગોટા વાળ્યા. પહેલા ઠીક વાત કરી. મેં કીધું....

એમાં આ કૈલાસચંદજી (કહે), અત્યારે બે દશા ચાલે છે. એક શુભને જ ધર્મ મનાવે છે, ત્યારે એક શુભને ઉડાવે છે. અરે, ભાઈ! ઉડાવવાનું કારણ એ શુભરાગ તો પરલક્ષી, બહિરાત્મબુદ્ધિ છે. એ બુદ્ધિ એને જ્યાં સુધી રુચે છે, ત્યાં સુધી અધર્મ છે. આહાહા! અરે! કંઈ અંદર ચૈતન્યના સ્વભાવનું એને માહાત્મ્ય નથી આવતું. જોયો નથી, જાણ્યો નથી, ખ્યાલમાં આવ્યો નથી. પ્રથમ હજી સમ્યગ્દર્શન પ્રાપ્તિની વાત છે આ તો. પ્રથમ... અને સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય અને સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા થાય, રમે આનંદમાં, એને ચારિત્ર કહેવાય. આ ક્રિયાકાંડ ને નગ્નપણું કે પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ?

**પરમાનંદમય**... ન્યાંથી ઉપાડ્યું છે. એવો જે ભગવાન આત્મા... અરે! જ્યાં ઠરવાના ઠેકાણા છે એને જોવા નવરો નહીં અને જેમાં ઠરીને રહ્યો (એમાં) એકલા દુઃખના દાવાનળ સળગે છે. સમજાણું કાંઈ? પૈસા પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, શરીર ધોળું-રૂપાળું, બાયડી—એ બધા દુઃખના નિમિત્ત ને દુઃખમાં સળગી રહ્યા છે. આહાહા! પંડિતજી! અરે! તમે ભગવાનનું નામ લ્યો, ભાઈ! ભગવાનનું નામ લ્યો. ભગવાનનું નામ લે એ શુભરાગ છે, એ ધર્મ નહીં, એ પણ કષાયની અગ્નિ છે. પાપથી બચવા માટે હોય ખરું, પણ એ ધર્મ છે અને એનાથી જન્મ-મરણના અંત આવે એ વીતરાગમાર્ગમાં નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ

જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે. આહાહા! અઘને નાશ કરવાનો ઉપાય... અઘ એટલે પુણ્ય-પાપ બેય. અનઘ એવું જે પરમાનંદ તત્ત્વ એનો આશ્રય લેવો, અંતરનું અવલંબન લઈને જે ધર્મધ્યાનની બુદ્ધિ પરિણમે એ દુઃખને નાશ કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ?

**એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...** આહાહા! ભગવાન... ધ્રુવ.. ધ્રુવ.. અવિનાશી તત્ત્વ જેની પર્યાય–અવસ્થા નાશવાન.... વાતું તો કરવા માંડ્યા છે માળા હોં. પર્યાય નાશવાન એમ આવ્યું છે આજ.... સાંભળેને બધું. પાછું કહે, ઉપાય ક્યો? આહાહા! અરેરે! આહાહા! ભાઈ! તારે આત્મામાં શું ખોટ છે અને શું અપૂર્ણતા છે કે એને પરનો આશ્રય લેવો પડે? પરનો આશ્રય જેટલો લે એટલું બધું દુઃખ છે. **परदव्वादो दुग्गई** એમ ભગવાન કુંદકુંદાચાર્યનું વચન છે. જેટલો પરદ્રવ્યને આશ્રયે ભાવ થાય એ બધો દુઃખરૂપ છે, દુર્ગતિ છે. પુણ્યભાવ એ દુર્ગતિ છે એમ કહે છે. એ ચૈતન્યની ગતિ છે? આહાહા! અરે! કોઈ દિ' જોયું નથી, એને સત્ય શરણ મળ્યા નથી એમને એમ હેરાન થઈ.. થઈ....

અહીં કહે છે કે જેની બુદ્ધિ પરિણમી છે એવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ... અભેદ કરીને વાત કરી. આહા! પુણ્ય-પાપના વિકલ્પના ભાવથી ભિન્ન પડીને જેણે પરમાનંદ પ્રભુનો–પોતે પોતાનો–નિજતત્ત્વનો આશ્રય લીધો, એવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ અંતરના પૂર્ણાનંદની પ્રતીતિ–સમ્યગ્દર્શન, પૂર્ણાનંદનું સ્વસંવેદન જ્ઞાન અને પૂર્ણાનંદમાં લીનતારૂપ ચારિત્ર એ ત્રણરૂપે જે પરિણમ્યો એવો જીવ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ એમ કહ્યું. એનો અર્થ એ કે અશુદ્ધરત્નત્રય(રૂપ) બીજા વિકલ્પ હોય છે. આહાહા! વ્યવહાર મોક્ષમાર્ગ જે કહેવાય, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામનો વિકલ્પ, શાસ્ત્રનું જ્ઞાન આદિ પરના જ્ઞાનનો વિકલ્પ—એ બધું અશુદ્ધ રત્નત્રય છે, બંધના કારણ છે, એ મોક્ષનું કારણ છે નહીં. આહાહા!

શુદ્ધરત્નત્રયસ્વરૂપ.... જુઓ! દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા પદ્મપ્રભમલધારિદેવ થયાં. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો ૨૦૦૦ વર્ષ પહેલાનો છે. એમણે કરેલા શ્લોકોની પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિએ કરી ટીકા. કહે છે કે જે જીવ શરીર, વાણી, મનની તો રુચિ છોડે, પણ પુણ્ય-પાપના ભાવની રુચિ છોડે અને એક સમયની અવસ્થા ઉપરનું જોર છોડે. ત્રિકાળી વસ્તુનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટી એવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ, એમ. સમજાણું કાંઈ? આહા! ભારે! એવો જીવ **એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે.** એવા કોઈ વિશાળ તત્ત્વ... એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો ભગવાન આત્મા, એક સમયમાં અનંત-અનંત અમૃતના સાગરને ડોલાવે, આનંદને પ્રાપ્ત કરે એવો આ ભગવાન આત્મા. **એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે** એટલે કે સમ્યગ્દૃષ્ટિને એના અનુભવમાં આખું તત્ત્વ આવી જાય છે, એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા! સમજાણું કાંઈ?

એવા કોઈ વિશાળ સચ્ચિદાનંદ પ્રભુ (અર્થાત્) સત્–શાશ્વત, જ્ઞાન ને આનંદ એવું તત્ત્વ, એને સ્વના આશ્રયે પરિણતિ થાય, એ આવા તત્ત્વને પામે છે. કહો, સમજાણું કાંઈ? આ સામાયિક કહેવાય છે. સમજાણું કાંઈ? જીંદગીમાં સામાયિક કરીને પથરણા ફાટ્યા કેટલાય, પણ સામાયિક કહેવી કોને એની ખબર ન મળે. સામાયિક કરે સવાર-બપોર-સાંજ. આહા! બાપુ! સામાયિકના મોંઢા મોટા છે. સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી. આ શરીર માંસના, હાડકાના પિંડ છે. આ તો વીંખાઈ જશે. સ્મશાનની રાખ છે આ તો. આહાહા! અંદર કર્મ છે એ જડ છે. એ કાંઈ તારામાં નથી, તને નથી અને તું એમાં નથી. આહાહા! અને પુણ્ય ને પાપના ભાવ એ ખરેખર તારામાં નથી અને તું એમાં નથી. આહાહા! એ તો વિશાળ તત્ત્વ આનંદનું ધામ પ્રભુ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય, તે વિશાળ તત્ત્વને પામે છે એટલે મુક્તિને પામે છે. સમજાણું કાંઈ?

અરે! **જેમાંથી (-જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે...** એટલે કે એમાં છે જ નહીં, એમ. કહો, સમજાણું કાંઈ? જે તત્ત્વ નામ ભગવાન આત્મા–અવિનાશી અનાદિ-અનંત એવું આનંદમય તત્ત્વ આત્મા એમાંથી મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે. સંસારના દુઃખની જેમાં ગંધ નથી. ચોરાશીના અવતારના ભાવ નથી અને અવતારનો ભાવ તે દુઃખ એવું દુઃખ નથી. આહાહા! ભારે વાત! આવો માળો ધર્મ મોંઘો ભારે, કહે. **જેમાંથી મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે અને જે તત્ત્વ ભેદોના અભાવને લીધે...** આહાહા! કેવું તત્ત્વ છે? જ્ઞાન ને આનંદમયપ્રભુ આત્મા કે જેમાં ભેદનો અભાવ છે. આ ગુણી છે અને ગુણ છે—એવા ભેદ એમાં છે નહીં. આહાહા! શરીર, કર્મ એ તો નથી, પુણ્ય ને પાપ એમાં નથી, પણ ભેદનો એમાં અભાવ છે એમ કહે છે. આહાહા!

એ ભેદોના અભાવને લીધે... ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ... ભવ્યોને **(જીવોને) વચન અને મનના માર્ગથી દૂર છે.** ભવ્યો શબ્દે 'જીવોને' કહ્યું. 'જીવોને' ન્યાં સુધાર્યું છે. એ **જીવોને વચન અને મન**થી... વચન આ તો જડ, માટી છે. મન પણ અહીં એક જડ પરમાણુ છે. એના વિકલ્પથી પણ પાર ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? જેની સમજણમાં હજી ઠેકાણા નથી, એને આત્મ તરફના વલણનું વીર્ય સ્ફૂરે નહીં. આહાહા! વીર્ય ત્યાં અટકી ગયું છે અનાદિથી. ધર્મને બ્હાને પણ વ્રત ને નિયમ ને અપવાસ કરીને 'આ ધર્મ છે' એમ માન્યા છે. સમજાણું કાંઈ? ધર્મ તો, ભગવાન આત્માના સ્વભાવ એનો આશ્રય લઈને પ્રગટે શાંતિ ને આનંદ એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ?

ભવ્યોને એટલે જીવોને વચનના માર્ગથી દૂર છે. એ વાણીમાં પ્રરૂપણા કરે માટે ત્યાં માર્ગ આવી જાય (એમ નથી). આહાહા! **મનના માર્ગથી દૂર છે**. અહીં મન છે એનાથી ચૈતન્યનો માર્ગ ભિન્ન છે. વસ્તુ તો ભિન્ન છે, પણ એનો (મોક્ષ)માર્ગ વચન ને મનના માર્ગથી

ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? એ મન દ્વારા પણ પ્રાપ્ત થાય એવો માર્ગ નથી. આહાહા! ભારે લાગે આકરું માણસને હોં. આમાં તો વ્યવહારનો નાશ થઈ જાય છે. અરે, ભગવાન! વ્યવહાર એટલે રાગ, રાગ એટલે દુઃખ. એના નાશ કરવાની તો વાત ચાલે છે આ. આહાહા! પણ એના તત્ત્વની ખબર ન મળે અંદર. સામાયિક એને થાય કે જે શુભ-અશુભરાગથી હઠી ત્રિકાળ ભગવાનનો–અંતર નિજતત્ત્વનો આશ્રય લે, એને સમતા અને સમરસ એવી વીતરાગી નિર્વિકલ્પભાવ–દશા પ્રગટે એને સામાયિક કહીએ. અને એ સામાયિક મુક્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? એ પરમ-સમાધિ અધિકાર પૂરો થયો.

હવે, પરમ-ભક્તિ દસમો અધિકાર. પરમ-ભક્તિ. આ દેવ-ગુરુ-શાસ્ત્ર ને જાત્રા, ભક્તિ આદિ એ તો શુભરાગ છે, એ પુણ્ય છે, શુભ ઉપયોગ છે, એ સાચી ભક્તિ નથી. આહાહા! એક જાત્રા કરી આવે બાર મહિને પૂનમની. કારતક સુદ પૂનમ. જાઓ! બાબુભાઈ! થઈ ગયા–પાપ ધોવાઈ ગયા. ધૂળેય નથી, સાંભળને! સમ્મેદશિખરની એક જાત્રા કરે. ‘એક વાર વંદે જો કોઈ, નરક પશુ ગતિ નહીં હોઈ.’ ખુશી-ખુશી થઈ જાય. આહા! અરે! સમ્મેદશિખરની એવી જાત્રાઓ અનંત વાર કરી છે. ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજે છે, એના સમીપમાં એની ભક્તિમાં અનંત વાર આવ્યો છે, ભગવાન કહે છે કે પણ તેં તારી ભક્તિ કરી નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એ આત્માની ભક્તિ છે, જેમાં આત્માનું ભજન છે. નિમિત્તનું નહીં, રાગનું નહીં, એક સમયની પર્યાયનું નહીં. ભજન, ભગવાન પૂર્ણાનંદનો નાથ અવિનાશી એની એકાગ્રતા એ ભજન છે એ નિશ્ચય-ભક્તિ કહેવામાં આવે છે. (નિશ્ચય) એટલે સાચી. વ્યવહાર ભક્તિ એટલે જૂઠી. વ્યવહાર અભૂતાર્થ છે. એમ બોલ્યા કે વ્યવહાર જૂઠો છે. ભારે કામ ભાઈ! આ સંપ્રદાયમાં ન રહી શકે. એનાથી રહેતો હશે ધર્મ? ધર્મ તો વીતરાગભાવે રહે. આહાહા! ભગવાનનું કહેલું સત્ય દુનિયાને મળ્યું નથી. ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ જેને સો ઇન્દ્ર પૂજે, સો ઇન્દ્રના પૂજ્ય એની વાણીમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

અશરણ.. અશરણ.. અશરણ.. પરમ દિ’ અત્યારે હતા લ્યો. ૩.૨૦ ઉઠી ગયા. ત્રણ ને વીસે ઉઠી ગયા. રાડ્યું પાડતા હતા..... ઘરમાં દોઢ લાખના બંગલામાં સૂતી હતી બાઈ. અઢી લાખના બંગલા બે હતા. અઢી-અઢી–પાંચ લાખ. ઓ મા! ઓ મા! ધણી-ધણીયાણી બે હતા. ..... સ્મશાનમાં શરીર ગયું, આત્મા તો ક્યાંય ચાલ્યો ગયો બીજી ગતિએ. આહાહા! આ સંસાર ..... તપાસ કરે .... ત્યાં તો ભાઈસાહેબ ઉતરી ગયા ક્યાંક. આહાહા! આમ (રગ) હાથ નથી આવતી, ડોક્ટર એમ કહે છે. એય હરિભાઈ! એમ કહેને? (શ્રોતાઃ નાડી હાથમાં નથી આવતી.) (રગ) હાથમાં નથી આવતી. ત્યાં તો મરીને ક્યાંક ઉપડી ગયો. આહાહા! અરે! તારા આ બધા સ્વભાવને મૂકીને વનવાસમાં રખડે છે કહે છે. સમજાય છે કાંઈ? અરે! તારું ઘર શું છે અને

તારા ઘરમાં શું છે—એની ખબરું નથી. ખબરું વિના રુચિ નહીં અને રુચિ વિના સ્થિરતા નહીં. અહીં નિશ્ચય-ભક્તિનો અધિકાર છે આ. ઓલો નિશ્ચય-સામાયિકનો અધિકાર હતો. સામાયિક કહો કે સમાધિ કહો, સુખ પ્રાપ્તિનો ઉપાય કહો.

## (૯) પરમ ભક્તિ અધિકાર

**હવે ભક્તિ અધિકાર કહેવામાં આવે છે.** જુઓ!

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो ।**
**तसस दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं ॥१३४॥**

**શ્રાવક શ્રમણ સમ્યકત્વ-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

**जिणेहि पण्णत्तं...** જિનેશ્વરદેવ ત્રિલોકના નાથ જિનેન્દ્ર જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા વર્તે છે. એવા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે... **અન્વયાર્થ : શ્રાવક અથવા શ્રમણ...** શ્રાવક હો કે શ્રમણ હો, એ **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્રની ભક્તિ કરે છે...** શ્રાવક પણ, અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે એને શ્રાવક કહીએ. આ વાડામાં બેઠા એને શ્રાવક કહેવાય નહીં. સમજાણું કાંઈ? થેલીમાં કરિયાતું ભર્યું હોય અને ઉપર લખે સાકર, તેથી કાંઈ કરિયાતું મીઠું થઈ જાય? એમ અમે શ્રાવક છીએ, જૈન છીએ. બાપુ! જૈન ને શ્રાવક એના મોંઢા જુદા છે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી, તારા ઉગરવાના આરા શું છે એની તને ખબર નથી.

કહે છે કે **શ્રાવક અથવા શ્રમણ...** સાચા શ્રાવક હોય કે સાચા સાધુ હોય, એ **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્રની ભક્તિ કરે છે...** આહાહા! એ તો આનંદસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ, એકાગ્રતા કરે છે એ એની ભક્તિ. શ્રાવકની આ ભક્તિ, એમ કહે છે. જુઓ! નામ શ્રાવકનું આપ્યું. ઓલા કહે, શ્રાવકને છ આવશ્યક કર્તવ્ય છે. મુનિને માટે આ હોય છે. આહાહા! 'એક જ આવશ્યક છે' એમ આવ્યું છે હમણાં. (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશના) ત્રીજા ભાગમાં છે. આહાહા! ભગવાન કહે છે કે તને આવશ્યકતા આત્માના આશ્રયની છે, પ્રભુ! તારે આવશ્યકતા હોય અને આવશ્યક હોય તો તે આવશ્યકતાનો આવશ્યક આત્મા એનો આશ્રય હોવો જોઈએ. સમજાણું કાંઈ? અરે! જેણે સાંભળ્યાય નથી, ખ્યાલમાંય નથી અને અમે ધર્મ કરીએ એમ બફમમાં ને બફમમાં જિંદગીયું ચાલી જાય છે. સમજાય છે કાંઈ?

શ્રાવક અને શ્રમણ એને કહીએ, સાધુ એને કહીએ. લૂગડાં પહેરીને બેસે ને નગ્ન થાય માટે સાધુ, એમ નહીં. આહાહા! શ્રાવક અથવા શ્રમણ (કે જેને) સમ્યગ્દર્શન–આત્મદર્શન (અર્થાત્) અખંડ આનંદનું તેજ એવો પ્રભુ એની જેને પ્રતીત અંદર વસ્તુના ભાન સહિત થઈ છે, એનું સમ્યગ્જ્ઞાન અને એનું સમ્યક્-ચારિત્ર... 'સમ્યક્' શબ્દ છેને ત્રણેયમાં. ભક્તિ કરે છે. **તેને નિવૃત્તિભક્તિ (-નિર્વાણની ભક્તિ) છે એમ જિનોએ કહ્યું છે**. એને મોક્ષની પ્રાપ્તિ થાય અને એને નિર્વાણની ભક્તિ કહેવામાં આવે છે. આહાહા! આવું સ્પષ્ટ! ભગવાનની ભક્તિ હો, અશુભભાવથી બચવાના કાળમાં એવો ભાવ હોય, પણ એ મુક્તિનું કારણ નહીં. આહાહા! આત્માની શાંતિનું કારણ નહીં. છે?

**એમ જિનોએ કહ્યું છે**. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ સીમંધર ભગવાન વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અનંત તીર્થંકરો મોક્ષ પધાર્યા, અનંતા થશે, એ બધા આને ભક્તિ કહે છે. કહો, પંડિતજી! શ્રાવક હશે કે નહીં એમાં? કે સાધુને જ છે? આહાહા! બાપુ! સાધુ તો કોને કહેવાય એ વાતું બહુ ઝીણી છે. સમજાય છે કાંઈ? 'સાધ્યતિ ઇતિ સાધુ'. ત્યારે એને શું? કે સમકિત પામવા માટે પૂજા ને ભક્તિ, યમ ને નિયમ એવી શુદ્ધિમાં આવવું, નહી તો સ્વચ્છંદી થઈ જશે. અરે ભગવાન! બાપુ! સ્વચ્છંદની વ્યાખ્યા શું? ભાઈ! પુણ્યને ધર્મ માનવા એ સ્વચ્છંદ છે. સમજાણું કાંઈ? આહાહા! માળે પણ અંધી–અજ્ઞાની અંધી એવું સાચું ખોજવા દેતી નથી.

શરણભૂત એવો ભગવાન આત્મા 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' આવે છે ને મંગલિકમાં? એ શું? કે આ પરની દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એ. કોણે કહ્યું તને? એ તો રાગ છે. ધર્મ તો આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ એમાં ગરતા–ઊંડો ઉતરી–અંતર્મુખ તત્ત્વમાં અંતર જઈ, આહાહા! બહિર્ભૂત તત્ત્વોને દૃષ્ટિમાંથી છોડી... એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ બહિઃતત્ત્વ છે. આહાહા! એ અંતરમાં એ નથી ચીજ. એવું અંતઃતત્ત્વ, નિર્વિકલ્પ આનંદ ને અભેદસ્વરૂપ અંતઃતત્ત્વમાં અંતર ઉતરીને... આરે, આ શું હશે? 'અંતઃતત્ત્વ ને અંતરમાં ઉતરીને' ગ્રીક-લેટીન જેવું લાગે. વ્યવહારના આગડીયો પડ્યા હોય એને તો (એમ લાગે કે) આ શું કહે છે? આવો ધર્મ હોય? વીતરાગનો આવો માર્ગ હશે? આ તો કહે છે કે જિનનો માર્ગ આ જ છે. સમજાણું કાંઈ?

અરે! નવમે ગ્રૈવેયકે દિગંબર નગ્ન સાધુ થઈને અનંત વાર ગયો છે. આવે છે કે નહીં? 'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ..' છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.' આહાહા! આ દુઃખ છે કહે છે. પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ એ બધું દુઃખ છે. કેમકે આવું પાળીને ગયો, છતાં લેશ સુખ ન પાયો. તો એનો અર્થ એ કે દુઃખ મળ્યું એને. આ ભારે આકરી વાત. અહિંસા, સત્ય, દત્ત,

બ્રહ્મચર્ય ને અપરિગ્રહ—એવો જે પંચમહાવ્રતનો વિકલ્પ–રાગ એ દુઃખ છે. દુઃખ ન હોય તો એમ કહેવું જોઈએ કે અનંત વાર આવું પાળ્યું ને કાંઈક સુખ મળ્યું. જરીય સુખ ન મળ્યું એમ કહ્યું ત્યાં છ ઢાળામાં. બાબુભાઈ! આવે છે? કોણ વાંચે છે? ગડિયા હાંક્યે જાય. આમાં આમ છે ને આમાં આમ છે. આહાહા!

વીસ વર્ષનો જુવાન, આમ બે વર્ષના પરણેતરવાળો અને એ જ્યારે મરતો હોય ને એની વહુ રોવે. આહા! છાતીફાટ રોવે તો બીજાને એમ દુઃખ થઈ જાય. બાપુ! તને એ દુઃખ લાગ્યું છે, પણ તને પુણ્ય-પાપના ભાવનું દુઃખ નથી લાગ્યું. સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મન એ તો માટી જડ–અજીવ છે. એ તો એની મુદત હશે ત્યાં સુધી રહેશે, બાકી છૂટી જશે ફટ દઈને. છૂટો જ છે, પણ ક્ષેત્રથી છૂટો પડશે એટલે એને એમ થાય.... આહાહા! પરમ દિ' અત્યારે હતા. ......... આહાહા! નેમીદાસ બિચારો રોતો હતો. ઉઠીને ભાગીને.... ઓ મા! જેને આમ રાખી હતી. બે જણા અને સાત-આઠ લાખ રૂપિયા. ખાઈ-પીને પોષણ કરેલા. જેટલો રાગ–એકતાબુદ્ધિ..... હાય! હાય! કહો, ભીખાભાઈ!

બાયડી-ભાયડો બે ને પૈસા આટલા. ૩૫-૪૦ હજારની તો આવક છે ભાડાની. આહાહા! બીજા પણ હશે. લાખ રૂપિયા છે એનું વ્યાજ આવે છે. ૧૪ હજાર લખાણા—આપ્યા અહીં. ... ખરાને. તાર આવ્યો હતો. માગણી કરે.... ૧૪ હજાર આપ્યા. બીજો એક જણો કહે, ઘણું કર્યું હોં. ઘણાની વ્યાખ્યા શું? તમારી પાસે પૈસા છે એટલે થોડા આપો તો ત્યારે ઘણા મનાવવા છે, એમ છે તમારે? સાથે હતાને... બહાર નીકળ્યા. દસ હજાર પરમ દિ' કીધા હતા, પરમ દિ' બપોરે આહાર વખતે. .... તમારે શું કહેવું છે? વાણિયાવટ કરવી છે તમારે? બીજા આટલી મૂડીવાળા આટલું આપે તો ઘણું કહેવાય એટલે તમારે ઝાઝી મૂડીમાં પણ કાંઈ થોડું આપો તો ઘણું કહેવરાવવું છે એમ તમારે કહેવું છે? પછી દાંત કાઢ્યા.

ચાર જણા વચ્ચે કરોડ રૂપિયા તમારે એક કરોડ... ૨૦-૨૦ લાખની પેદાશ છે વર્ષની. એક વર્ષની વીસ લાખની. આહાહા! ભિખારા છે પણ બધા. રાંકા.. રાંકા છે. એ મલુકચંદભાઈ! એ ભાઈને કીધું તો દાંત કાઢ્યા. બાઈડી-ભાયડો બે જણા, આટલા રૂપિયા નાખશે ક્યાં? શું કરશે? એમાં ૧૪ હજારમાં ઘણા થઈ ગયા તમને? તમારે પણ થોડા વાપરીને ઘણા મનાવવા છે? હતા કે નહીં તમે? બેઠા હતા. મોટરમાં... ઘણા-ઘણાની વાત રહેવા દો. આખી ચીજ જ એની નથી પછી તો આપે-લે કોણ? આ તો એટલેથી એણે સંતોષ કરી લીધો એમ કહું છું. આહાહા! એ અહીં ન થાય, કીધું. આહાહા!

અહીં તો આખી લક્ષ્મી શું, શરીર, વાણી, મનની ક્રિયાઓ પણ મારી નથી અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ મારી ક્રિયા નહીં. એ બધી અચેતન ક્રિયા છે. આહાહા! ભારે આકરું પણ હોં. આ ઇન્જેક્શન આકરું પડે. હરિભાઈ! સાચું આ છે. આહાહા!

ભાઈ! તું કોણ છો ભાઈ? બાપુ! આ તો માટીના ... આવ્યું છે. એ તો માટી થઈને રહ્યું છે. કાંઈ તારું થઈને રહ્યું નથી. આત્માનું થઈને રહ્યું છે? આ તો અજીવ થઈને આ શરીર રહ્યું છે. એમ લક્ષ્મી અજીવ થઈને અજીવપણે રહી છે. એમ પુણ્ય ને પાપના ભાવ આસ્રવતત્ત્વ થઈને રહેલ છે. કાંઈ તારા થઈને રહેલા નથી. આહાહા! ભારે કામ આકરું. જિનેન્દ્રદેવનું તત્ત્વ, ભગવાનનો કહેલો માર્ગ સમજવો (એ માટે) ઘણો પુરુષાર્થ જોઈએ. આહાહા! આમ દિશા આમ છે એને આમ કરી નાખવી એ તે કાંઈ ઓછો પુરુષાર્થ છે? બહિર્મુખી વૃત્તિઓમાંથી પુરુષાર્થને ઉઠાવી આ અંતર્મુખ તત્ત્વમાં જોડી દેવું, બસ એ મોક્ષનો માર્ગ છે. એને સાચી ભક્તિ કહેવામાં આવે છે. આહાહા!

**ટીકા : આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.** રત્નત્રય એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહારરત્નત્રય એ કાંઈ સાચી ચીજ છે નહીં, જૂઠી ચીજ છે એ બધી. એમાંય આ આવ્યું છે. લખાણ આવ્યું છે. એક બીજા કહે, એલા! વ્યવહાર જૂઠો? ત્યારે વ્યવહાર જૂઠો તો કુંદકુંદાચાર્યે વ્યવહાર જૂઠો કહે છે, લખ્યું છે. કુંદકુંદાચાર્યે વ્યવહાર જૂઠો કહ્યો છે. તમારે શું સ્થાપવું છે. વળી એમ બધું કહીને વળી પાછું સ્થાપે. અશુભ છે એ પૂર્ણ વિરુદ્ધ છે માટે શુભમાં આવવું આત્માને હિતકર છે. લે! વળી પાછું. ચિદાનંદજીએ એમ પહેલું કહ્યું કે આત્માના ચિંતવન વિના ને આત્માના જ્ઞાન વિના સંવર-નિર્જરા ન થાય. પણ હવે પમાય કેમ? કે આ બધું થાય તો. વ્રત, નિયમ, સંયમ, પૂજા, ભક્તિ એણે કરવી. આહા! અરે! પાછો ગોટો વાળ્યો. આહાહા! ભાઈ! જેમાં છે એમાંથી આવે. કાંઈ પુણ્ય-પાપમાં આત્મા છે ને સંવર-નિર્જરા છે એમાં? અહીં કહે છે કે ભજન કર તારું. ભગવાન કહે છે કે મારું ભજન કરવામાં તારી સાચી ભક્તિ નહીં. આહાહા! ભજન એટલે સમ્યગ્દર્શનમાં આખો આત્મા પૂર્ણાનંદનો નાથ શ્રદ્ધામાં–પ્રતીતમાં લેવો, એ આત્માની ભક્તિ છે, એ ભક્તિ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

**ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત...** અરેરે! ચોરાશીના અવતારમાં... ચતુર્ગતિમાં દેવ આવ્યા? સ્વર્ગના દેવો દુઃખી છે. આહાહા! આમ ઝાંવા નાખે છે. ઇન્દ્રાણીમાં સુખ છે, અહીં સુખ છે. અહીં, અહીં સુખ છે નહીં, ત્યાં છે. એ દેવો મૂઢ છે. સમજાણું કાંઈ? એ દેવ પણ પાપી છે કહે છે. આહાહા! જેને આત્મા આનંદસ્વરૂપ એમાં સુખ છે એવું ભાન નથી, બીજામાં સુખ છે એ માને છે એને મહા મિથ્યાદૃષ્ટિનું પાપ લાગે છે, કહે છે. આહાહા! કસાઈખાના કરતાં મિથ્યાત્વનું પાપ અનંતગણું આકરું છે, એની લોકોને સૂઝ પડતી નથી. સમજાણું કાંઈ? કહે છે કે ચાર ગતિ **સંસારમાં પરિભ્રમણના કારણભૂત**... દેવમાં રખડવામાં પણ કારણભૂત, એમ સિદ્ધ કરે છે ભાઈ!

**તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિ...** લ્યો. પ્રકૃતિ એટલે એના નિમિત્તે થતો ઉપાધિભાવ મિથ્યાત્વ આદિ. એનાથી **પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-**

**આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ...** ભગવાન જિનેન્દ્રોએ જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ આ ભક્તિ સાચી કહી છે કે ચાર ગતિના રખડવાનું કારણ જે મિથ્યાત્વ, એનાથી વિરુદ્ધ નિજ પરમાત્મતત્ત્વ... દેખો! પોતાનો ભગવાન પરમસ્વરૂપ આત્મા પરમાત્મતત્ત્વ. વસ્તુ છે એ પરમાત્મતત્ત્વ છે. પરમાત્મતત્ત્વ છે એમાંથી પરમાત્માની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ચાર ગતિમાં રખડવાનું કારણ મિથ્યાત્વ, પુણ્ય-પાપના ભાવ મારા એ મિથ્યાત્વ. એ મિથ્યાત્વથી વિરુદ્ધ નિજપરમાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન... અનાકુળ આનંદમય પ્રભુ એકલો શાંતરસનો ઢીમ એવો પ્રભુ પોતાનો હોં. બીજાનો પ્રભુ–ભગવાનનો ભગવાન પાસે રહ્યો. એ કાંઈ આપતા-દેતા નથી. વીતરાગ છે એ કાંઈ કોઈને આપે નહીં અને કોઈને દે નહીં. સમજાણું કાંઈ?

એવું **નિજ પરમાત્માતત્ત્વ**... માળે પણ નિયમસારમાં તો ગાથા દીઠ નિજ.. નિજ.. અરિહંત-સિદ્ધ એ પર પરમાત્મતત્ત્વ છે. શુદ્ધસ્વરૂપ નિત્યાનંદ ભગવાન પોતાનો અવિનાશી સ્વભાવ એ નિજ પરમસ્વરૂપ છે. પરમતત્ત્વ એટલે પરમસ્વરૂપ એ છે. એનું સમ્યક્ શ્રદ્ધાન (એટલે) એની અંતર્મુખ થઈને, એને સ્પર્શીને જે સમ્યક્ શ્રદ્ધા થાય તેને સમકિત કહેવામાં આવે છે. બાકી બધા થોથા કહેવામાં આવે છે. આહાહા! ભગવાન એમ કહે છે કે અમારી સામું જોવામાં તને વિકલ્પ ને રાગ થશે. ભાઈ! તારા ભગવાન સામે તું જો અંદર. આહાહા! એ તો એક જિનેન્દ્રદેવ કહે. અમારી ભક્તિથી પણ તને પુણ્ય થશે, બંધન થશે એમ ત્રણ લોકના નાથ વીતરાગ કહે. સમજાણું કાંઈ?

બીજાઓ કહે, અમને આપો, અમારી ભક્તિ કરો, જાઓ કલ્યાણ થશે. જાઓ તમે સ્વર્ગમાં જશો ને પછી થાશો મનુષ્ય ને મુક્તિ, એમ. ધૂળમાંય મુક્તિ નથી, સાંભળને માળા! હજી અહીં આત્મા મુક્તસ્વરૂપ છે એ રુચતો નથી તો મુક્તિ ક્યાંથી થાતી હતી તારી? સમજાણું કાંઈ? માર્ગ આવો છે તો દુનિયાને એવું લાગે કે આ તો ભાઈ! બહુ આ તો સાચી, એકલી સાચી વાત કહે છે. નિશ્ચય કહે છે. નિશ્ચય એટલે સાચી, એમ. ખોટી–વ્યવહારની વાત તો સાથે છે નહીં. જણાવ્યો નહીં વ્યવહાર? પણ ખરેખર તો આ મોક્ષનો માર્ગ પોતે વ્યવહાર છે, લેને. આહાહા! ભગવાન ત્રિકાળી જે ધ્રુવ ચૈતન્યપ્રભુ એનું નામ નિશ્ચય છે. આની પર્યાય આવી પ્રગટ થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ જ આત્માનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું છે, બાપુ! આ વીતરાગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહીં અને તે પણ દિગંબર જૈનદર્શન–વીતરાગ દિગંબર જૈનદર્શન એ સિવાય બીજે ક્યાંય એ વાત હોઈ શકે નહીં. આહાહા!

બાપુ! તરવાનો ઉપાય પ્રભુ! તારી પાસે છે. તને ખબર નથી. સમજાણું કાંઈ? બહારના ડોકિયાં કરવાથી પ્રભુ! તને શાંતિ નહીં મળે. સમજાણું કાંઈ? અંતર્મુખ પ્રભુ નિજપરમાત્મતત્ત્વ

આત્મા અનાદિ-અનંત ધ્રુવ, એની સમ્યક્-શ્રદ્ધાન એ પર્યાય. નિજ પરમાત્મતત્ત્વ એ ધ્રુવ. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્.' સૂત્ર છેને ઉમાસ્વામી, તત્ત્વાર્થસૂત્રનું. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્, સત્ દ્રવ્ય લક્ષણં.' ભગવાન આત્મા અવિનાશી ધ્રુવ એ પરમાતત્ત્વ તે ધ્રુવ દ્રવ્ય, એની સમ્યક્ શ્રદ્ધા એ પર્યાય. સમજાણું કાંઈ? પર્યાય સાંભળી ન હોય. દ્રવ્ય, ગુણ, પર્યાય. શું હશે આ પર્યાય? એવું થાતું હશે. આહાહા! જૈનમાં જન્મે અને જૈન પરમેશ્વરને શું કહેવું છે એ સમજણમાં હોય નહીં, ગોથા ખાયા કરે, અજૈનને જૈન માને.

આને જૈન કહીએ કે જેને નિજ પરમાત્મતત્ત્વની અંદર સમ્યક્-શ્રદ્ધા એ આત્માનું ભજન, એ આત્માની ભક્તિ, એ આત્મામાં એકાગ્રતા, એને મોક્ષનો માર્ગ કહીએ. જિનેન્દ્રદેવના માર્ગમાં આને મોક્ષમાર્ગ કહ્યો છે. સાચો, નિશ્ચય એટલે સાચો. વ્યવહાર એટલે ખોટો. સમજાણું કાંઈ? (શ્રોતા : વ્યવહાર વ્યવહારે સાચો એમ થયું.) 'વ્યવહાર સાચો' એનો અર્થ કે ખોટે ખોટું સાચું. ખોટો રૂપિયો ખોટા તરીકે સાચો. એ બરાબર છે કે નહીં? ખોટો રૂપિયો નથી થાતો? પહેલા જડી દેતા લાકડામાં. ચાલવા ન દે શાહુકાર. લઈએ નહીં ને ચાલવા દઈએ નહીં. જડી દે અહીં. નહીંતર ફોજદારને કહેશું. ખોટો રૂપિયો ખોટા તરીકે સાચો જ છે (એટલે કે) ખોટો જ છે એમ. એ સાચો નહીં થાય એનું નામ 'ખોટો' એ સાચો. સમજાય છે કાંઈ? મારગડા જુદા પ્રભુ! તારા. આહાહા!

ભાઈ! દુનિયા માને ન માને, કે દુનિયાને કંઈ બીજું લાગે કે આવો શું માર્ગ? ગમે તે લાગે, પણ માર્ગ તો આ છે હોં. આ માર્ગને સમજ્યા વિના, આશ્રય લીધા વિના ભગવાન ચોરાશીના અવતાર.... આહાહા! ૨૫ વર્ષની ઉંમર, આમ પરણ્યા છ મહિના થયા હોય અને..

'એક રે દિવસ એવો આવશે, જોને જાણે જન્મ્યો નહોતો,' જન્મ્યો નહોતો.

'કાઢો કાઢો રે એને સહુ કહો.' કાઢો, દેખો! એક મડદું...

સગી રે નારી તારી કામિની આમ ટગટગ જોશે રે,

અરે! આ રે કાયામાં હવે કાંઈ નથી, એમ ધ્રુસકે ધ્રુસકે રોવે રે,

ભગવાન! આવું તારું સ્વરૂપ (છે અને) ઉલટે તું ગયો એમાં આવી દશા થઈ તારી. મનુષ્યના ભવમાં તો ભવના અભાવનો કાળ આવ્યો આ તો. એમાં ભવના અભાવ ન કર્યા, ભાઈ! બીજે સાંભળવા નહીં મળે. ભાઈ! બીજે સમજવાનું મળશે નહીં. આને ભગવાને ભજન ને ભક્તિ કીધી છે, લ્યો. આહાહા! **આરાધના એવો તેનો અર્થ છે,** પાછો. આત્માનું પૂર્ણ આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય એનું સેવન કરવું એનું નામ આરાધના, એનું નામ ભક્તિ, એનું નામ નિર્વાણનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ ૮, સોમવાર, તા. ૧૧-૧૦-૧૯૭૧
## ગાથા - ૧૩૪, પ્રવચન નં. ૧૪૮ (હિન્દી)

ભક્તિ કિસકો કહતે હૈં અર્થાત્ ધર્મ કિસકો કહતે હૈં? કિ **નિજ-પરમાત્મતત્ત્વ**... જો અપના પરમાત્મસ્વરૂપ શુદ્ધ ધ્રુવ હૈ ઉસકા સમ્યક્-શ્રદ્ધાન, અંતરમેં પૂર્ણ શુદ્ધસ્વભાવકે સન્મુખ હોકર સમ્યક્-પ્રતીતિ કરના, વહ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગકા પ્રથમ અવયવ હૈ. સમજમેં આયા? **નિજ-પરમાત્મતત્ત્વ**... ભગવાન પરમાત્મા હૈં વે તો પર હૈં. પરકી ભક્તિકા ભાવ વહ તો શુભ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. ધર્મકી ભક્તિ.. ધર્મકી ભક્તિ.. છેને ધર્મની ભક્તિ? શુદ્ધરત્નત્રય પરિણામોનું ભજન. પરિણામોનું ભજન એમ છે. ક્યા કહતે હૈં? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! સમ્યક્-શ્રદ્ધાન અર્થાત્ આત્મા ત્રિકાળી પરમ આનંદ ધ્રુવ ચૈતન્ય ઉસકે સન્મુખ હોકર સ્વભાવકી પ્રતીતિ હોના યે સમ્યગ્દર્શન હૈ. યે સમ્યગ્દર્શન આત્માકા પરિણામ હૈ, પર્યાય હૈ, પર્યાય. નિજ પરમાત્મતત્ત્વ વહ દ્રવ્ય હૈ. આહા! ત્રિકાળી ભગવાન શુદ્ધ નિજ ત્રિકાળી ધ્રુવ નિત્ય દ્રવ્ય ઉસકે અંતર સન્મુખ હોકર શ્રદ્ધા કરના વહ સમ્યગ્દર્શન પર્યાય હૈ–અવસ્થા હૈ. ઉસ અવસ્થાકા ભજન કરના... એ અવસ્થાનું ભજન અથવા એ અવસ્થારૂપે પરિણમવું, ઉસકા નામ આત્માકી સમ્યગ્દર્શન ભક્તિ કહતે હૈં. સમજમેં આયા?

**ઔર નિજ પરમાત્મતત્ત્વકે સમ્યક્ અવબોધ**... અપના શુદ્ધ ચૈતન્ય 'અપ્પા સો પરમ-અપ્પા.' આત્મા વહી અપના પરમાત્મા હૈ. ઉસકા અવબોધ... અવબોધ નામ નિશ્ચય જ્ઞાન. નિશ્ચય જ્ઞાનની વાત છેને અહીંયા? અંતર જ્ઞાયકસ્વરૂપ ઉસકા અંતરમેં સ્વસંવેદન જ્ઞાન, વહ જ્ઞાન યે આત્માકી ભક્તિ હૈ. પરિણામકા ભજન કરના ઉસકા નામ ભક્તિ. આહાહા! ઉસકા નામ ધર્મ. સૂક્ષ્મ બાત હૈ. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરને જો આત્મા કહા, વહ આત્મા અનંત આનંદ ને અનંત જ્ઞાનકા પૂંજ હૈ. ઉસકા જ્ઞાન કરના, ઉસ તરફકે વલણસે સ્વસંવેદન જ્ઞાન–અપના જ્ઞાન ઉસકા ભજન (અર્થાત્) ઉસ રૂપ પરિણમન કરના વહ આત્માકી સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મદશા કિ ભક્તિ કહતે હૈં. સમજમેં આયા?

સિદ્ધ ભગવાન ને અરિહંત પરમાત્માકી ભક્તિ વહ તો પુણ્યભાવ, શુભભાવરૂપ વ્યવહારભક્તિ હૈ. સમજમેં આયા? ઉસસે સંવર-નિર્જરા ને ધર્મ નહીં હોતા. ધર્મ, અપના આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ઉસકા અવબોધ, ઉસ તરફકા લક્ષ કરકે જો જ્ઞાન હોતા હૈ, ઉસ જ્ઞાનકો ભક્તિ–આત્માકી સચ્ચી ભક્તિ કહતે હૈં અને વહ ભક્તિ મુક્તિકા કારણ હૈ. પરમાત્મા સિદ્ધ, અરિહંતની કે પંચપરમેષ્ઠીની ભક્તિ એ શુભભાવ છે, પુણ્યભાવ છે. યે ધર્મભાવ નહીં. સમજમેં આયા?

ઔર **આચરણ...** સમ્યક્ આચરણસ્વરૂપ... ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવમેં આચરણ–અંતર રમના, આત્મા આનંદસ્વરૂપ ઉસમેં લીન હોના, રમના, એકાગ્ર હોના, યે આત્માકા ચારિત્રરૂપ આચરણ વહ આત્માકી ભક્તિ હૈ. સમજમેં આયા? આહાહા! ઐસા **શુદ્ધરત્નત્રય...** યે શુદ્ધરત્નત્રય હૈ. દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા, ભક્તિ, પંચમહાવ્રતકા પરિણામ, શાસ્ત્રકા જ્ઞાન—યે વ્યવહારરત્નત્રય, પુણ્યપરિણામ, વિકલ્પ–રાગ હૈ, યે ધર્મ નહીં. સમજમેં આયા? અપના નિજપ્રભુ જિસમેં અનંત આનંદ ને અતીન્દ્રિય અનંત જ્ઞાન હૈ ઔર અનંત-અનંત અતીન્દ્રિય સ્વભાવસે ભરા પડા ઐસા નિજ આત્મા ઉસમેં લીનતા કરના, ઉસકા નામ ચારિત્ર કહો, આત્માકા આચરણ કહો, આત્માકી ભક્તિ કહો, મોક્ષકા માર્ગ કહો. યે માર્ગ હૈ.

યે **શુદ્ધરત્નત્રય પરિણામ**... યે શુદ્ધરત્નત્રય પરિણામ હૈ–પર્યાય હૈ, દ્રવ્ય-ગુણ નહીં. દ્રવ્ય, ગુણ અને પર્યાય તીન ચીજમેં આત્મા હૈ. ઉસમેં દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળી હૈં. દ્રવ્ય એટલે વસ્તુ ને ઉસકી શક્તિયાં–ગુણ યે તો ત્રિકાળ હૈં. ત્રિકાળીમેં એકાગ્રતા હોના, આનંદમેં મગ્ન હોના ઔર ઉસમેં પ્રતીતિ, જ્ઞાન ને રમણતા વહ નિશ્ચય પરમ-ભક્તિ હૈ. **પરિણામોંકા જો ભજન વહ ભક્તિ હૈ** એમ કહ્યું અહીંયા તો. પરિણામોંકા જો ભજન યા ભક્તિ... ઉસકા અર્થ કિ પરિણામી સ્વભાવ ભગવાન આત્મા સહજાનંદકી મૂર્તિ પ્રભુ હૈ ઉસકા પરિણામ.. ઉસકા પરિણામ... એનું ભજન નામ પરિણામરૂપે હોવું, થવું, એનું નામ આત્માની–આત્માકી ભક્તિ કહનેમેં આતા હૈ. વહ ભક્તિ મોક્ષકા કારણ હૈ. જુદી જાત હૈ.

શ્રોતા : નિરંતર કરવી જોઈએ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પડી હૈ, નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપરકા જ્ઞાન હૈ ઔર ઉસમેં નિરંતર લીનતા હૈ—વહ આત્માકા પરિણામ, યે પરિણામકા ભજન, પરિણામકો ભજના નામ પરિણામકો પરિણમાના. માર્ગ ભારે છે ભાઈ! જિનેન્દ્રદેવનો માર્ગ આવો ક્યાંય બીજે છે નહીં.

જિનેન્દ્રપ્રભુ વીતરાગ જિસકો એક સમયમેં તીન કાલ, તીન લોક દેખનેમેં આયા, ઉસકે જ્ઞાનમેં જો લોકાલોક ઔર મોક્ષમાર્ગ આદિ જાનનેમેં આયે ઐસા વાણીમેં કહનેમેં આયા. ભગવાન! તું તો પરિપૂર્ણ આનંદ નાથ છે ને! આહાહા! તેરા શરણ તો તું હી હૈ. હમ ભી તેરા શરણ નહીં એમ કહતે હૈં પરમાત્મા. સમજમેં આયા? ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ઐસે ફરમાતે હૈં. ભગવાન! 'ભગવાન' તરીકે બોલાવે છે. આહાહા! પ્રભુ! તું ભગવાન હૈ. પરિપૂર્ણ વસ્તુસ્વરૂપ હૈ તેરા. ઉસકા ભજન કરના વહ મુક્તિકા માર્ગ હૈ. આહાહા! અર્થાત્ ઉસકા પરિણામ–નિર્મળદશા પ્રગટ કરના વહ ભજન હૈ. વહ તુજે શરણ હૈ, વહ મુક્તિકા કારણ હૈ. હમ ભી તુજે મુક્તિકા કારણ નહીં હૈં. ત્રિલોકનાથ વીતરાગ એમ કહે છે.

'અરિહંતા શરણં. સિદ્ધા શરણં..' આતા હૈ ન માંગલિકમેં? 'સાહૂ શરણં, કેવલીપણ્ણત્તો ધમ્મો શરણં..' કહતે હૈં કિ અરિહંત-સિદ્ધ ને સાધુ શરણ વહ તો વ્યવહાર વિકલ્પ ને રાગ હૈ, વહ આત્માકા શરણ નહીં. અપના શરણ તો અપના આત્મા હૈ, ઉસ આત્માકો શરણભૂત કરકે જો પરિણામ હુઆ ઉસ પરિણામકો યહાં આત્માકી નિશ્ચય-સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ. આહાહા! સમજમેં આયા? યે પરિણામોંકા જો ભજન વહ ભક્તિ હૈ. યહાં પરિણામોંકા ભજન કહા. એ પરિણામનું વારંવાર થવું... ત્રિકાળી ભગવાન આત્માકો દૃષ્ટિમેં લેકર જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પદશા-વીતરાગી પરિણતિ-શુદ્ધદશા ઉસકી ભક્તિ નામ ઉસકા પરિણમના વહ આત્માકી ભક્તિ હૈ. આહાહા!

દુનિયા જાણે કે આ સમ્મેદશિખરની ભક્તિ કરીએ, શેત્રુંજયની કરીએ, પાંચ પરમેષ્ઠીની કરીએ તો મુક્તિ થશે, તો એમ ના પાડે છે. વહ શુભભાવ હૈ. અશુભભાવ-પાપસે બચનેકો ઐસા ભાવ હો, આતા હૈ, પણ વહ ધર્મ નહીં. સમજમેં આયા? નવ તત્ત્વમેં સંવર-નિર્જરા નહીં, વહ તો આસ્રવ હૈ. યે પરિણામોંકા જો ભજન... ઓહોહો! ત્રિકાળી ભગવાનકા આશ્રય લેકર જો પરિણામ હુઆ વહ પરિણામોંકા ભજન હૈ અથવા યે પરિણામ હોના વહ ભક્તિ હૈ. આહાહા! પંડિતજી! અહીં તો જાણે ભગવાનકી ભક્તિ મોક્ષ આપશે, જાત્રા-બાત્રા સમ્મેદશિખરકી કરે તો મોક્ષ હોગા, જાઓ. 'એકવાર વંદે જો કોઈ..' અરે! અનંત વાર વંદન કિયા પરદ્રવ્યકા, કહતે હૈં. ઉસમેં પુણ્યભાવ હુઆ, શુભભાવ હૈ, ધર્મ નહીં, યે મુક્તિકા ઉપાય નહીં. સમજમેં આયા? આહાહા! આતા હૈ બીચમેં, પણ વહ શુભભાવ હૈ. યે આયેગા દૂસરી ગાથામેં. યહાં પરમ-ભક્તિકા વર્ણન હૈ. દૂસરી ગાથામેં વ્યવહાર-ભક્તિકા વર્ણન હૈ. આહાહા!

જાગતી જ્યોત પ્રભુ ચૈતન્યસ્વભાવી આત્મા, ઉસમેં કોઈ પુણ્ય-પાપકા વિકલ્પ-રાગ હૈ નહીં અંદરમેં. સંસારમાત્ર જીવસ્વભાવમેં નહીં. જિતના ઉદયભાવ કહનેમેં આતા હૈ, ચાર ગતિ ને ક્રોધ, માન, માયા, લોભ, લેશ્યા-પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા (આદિ)—યે સબ આત્મામેં નહીં. આત્મા તો પરમાનંદકી મૂર્તિ અખંડાનંદ ભગવાન હૈ. ઐસે આત્મામેં... ઓહોહો! દશા પલટનેકે લિયે દિશા ફેરના પડેગી તુજે, કહતે હૈં. પર ઉપર જો તેરી દૃષ્ટિ હૈ યે દશા મિથ્યાત્વ હૈ, ઉસસે ધર્મ હોગા (ઐસી માન્યતા) વહ દશા મિથ્યાત્વકી હૈ. દશા પલટનેમેં દિશા પલટની હોગી. ભગવાન આત્મા સન્મુખ દેખના પડેગા. પરસન્મુખ દેખકર જો રાગ આતા હૈ વહ શરણ નહીં, યે આત્માકી મુક્તિકા ઉપાય નહીં. આહાહા!

તેરી દશા-તેરી રુચિ જો રાગ ને પુણ્ય ને પાપ ઉપર પડી હૈ, યે દશા બદલને કે લિયે દિશા ગુંલાટ (-પલટી) ખાયેગી. ઓહો! મૈં હી આત્મા પરમાત્મા હૂં. મેરી ચીજમેં અનંત આત્મા પરમાત્મા-સિદ્ધ પરમાત્મા પડે હૈં. જો સિદ્ધપર્યાય હોનેવાલી હૈ ઐસી અનંતી સિદ્ધ અવસ્થા... સિદ્ધ ભી અવસ્થા હૈ, કોઈ ગુણ નહીં હૈ. અનંત કેવલજ્ઞાનાદિ પર્યાય-અવસ્થા-હાલત ઐસી

એકકે બાદ એક સિદ્ધકી અનંત અવસ્થા હોતી હૈ. સબ દશાકા પિંડ પ્રભુ આત્મા હૈ. ઐસી અનંતી સિદ્ધકી દશા ભગવાન આત્મામેં પડી હૈ. આહાહા! કેમ એ માહાત્મ્ય આવે કે ક્યા ચીજ હૈ? આ બહારમાં ઝાંવા નાખે, અહીંયા કોઈ આપે, કોઈ એ મદદ કરે, કોઈ શરણ કરે. ભગવાનનું નામ સંભારો પ્રભુ! ભગવાનકા સ્મરણ કરો. કહતે હૈં કિ યે રાગ હૈ. વહ શરણ નહીં. આહાહા! ગજબ બાત હૈ. સમજમેં આયા? 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' ગણો. કહતે હૈં કિ 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' વહ ભી વિકલ્પ હૈ–રાગ હૈ, પુણ્ય હૈ, આહાહા! ઉસસે હઠકર અપના નિજાનંદ ભગવાન નિજ પ્રભુ ઉસ તરફકા પરિણામ હોના, ઉસ પરિણામકો યહાં ભક્તિ કહતે હૈં.

**આરાધના ઐસા ઉસકા અર્થ હૈ**. આહાહા! ક્યા કહતે હૈં? આત્માકા સેવન કરના અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી સેવા કરના. આહાહા! સમજમેં આયા? પરકી સેવા તો કોઈ કર સકતા નહીં. ભગવાન તીન લોકકે નાથકી સેવા વહ ભી શુભભાવ હૈ. આહાહા! માર્ગ ઐસા હૈ ભગવાન! પ્રાણ છૂટે અને દેહ અપના માનકર રખા હો, આહાહા! તરફડ.. તરફડ.. તરફડ.. ક્યા હૈ ભગવાન? ક્યા તેરેમેં યહ ચીજ હૈ? દુઃખ ને રાગ તેરેમેં હૈ? નયા વિભાવ હોકર (-કરકે) દુઃખી હોતા હૈ. આહાહા! ભગવાન નિજ ખાણ–ખાની અનંત આનંદ, અનંત અનંત જ્ઞાન, શાંતિ (આદિ) અનંત શક્તિકા ભંડાર હૈ. રાગકી એકતા હૈ વહાં ભંડાર બંધ હૈ. ઔર વિકલ્પસે એકતા તોડકર જો ભંડારકો ખોલ દિયા તો અંતરમેંસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ પ્રગટ હુઆ. આહાહા! ઉસ પરિણામકો **આરાધના ઐસા ઉસકા અર્થ હૈ**. આ આરાધના. ભગવાનનું નામ આરાધો, સેવો, આ કરો. બાપુ! એ તો બધો પુણ્યભાવ છે. હો પાપસે બચનેકો, પણ વહ (ત્રિકાલી) વસ્તુ નહીં. સમજમેં આયા?

**આરાધના ઐસા ઉસકા અર્થ હૈ.** આહા! **એકાદશપદી શ્રાવકોંમેં જઘન્ય છહ હૈં...** અબ જો સચ્ચા શ્રાવક હોતા હૈ (ઉસે) સમ્યગ્દર્શનપૂર્વક અગિયાર પ્રતિમા–ગુણાનુસાર ભૂમિકા (હોતી હૈ). શ્રાવક પંચમ ગુણસ્થાનમેં હોતે હૈં વે શ્રાવક ભી આત્માકી ભક્તિ કરતે હૈં, એમ કહતે હૈં. સમજાય છે કાંઈ? એકાદશપદ–અગિયાર ભૂમિકાઓ નીચે છે. **જિનકે ગ્યારહ પદ (ગુણાનુસાર ભૂમિકાએં) હૈં ઐસે. (શ્રાવકોકે નિમ્નાનુસાર ગ્યારહ પદ હૈં).** છે ને? **શ્રાવકોંમેં જઘન્ય છહ હૈં...** ગ્યારહ પ્રતિમા હૈં ન ઉસમેં છહ (તક) તો જઘન્ય (પદ) હૈ. **મધ્યમ તીન હૈં–** સાત, આઠ, નવ (પ્રતિમા). ઔર દસ ને અગિયાર (પ્રતિમા) **ઉત્તમ હૈં. યહ સબ શુદ્ધ રત્નત્રયકી ભક્તિ કરતે હૈં.** દેખો! આહાહા! ઉસકા નામ શ્રાવક હૈ. સંપ્રદાયમેં જન્મા ને ભગવાનકા પક્ષ લિયા, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કી તો યે શ્રાવક હૈ—ઐસા હૈ નહીં. સમજમેં આયા?

અપના આત્મા પૂર્ણાનંદસ્વરૂપ સહજાનંદકી મૂર્તિ ઉસકે અનુભવમેં એકાગ્ર હોકર સમ્યગ્દર્શન પ્રગટ કિયા, યે સમ્યગ્દર્શનપૂર્વક વિશેષ સ્વરૂપકા આશ્રય કરકે શાંતિકા અંશ વિશેષ બઢા વહ પ્રતિમા હૈ. યે નિશ્ચય પ્રતિમા હૈ. સમજમેં આયા? **(૧) દર્શન** પ્રતિમા. નીચે છે નીચે નોટમાં. દર્શન પ્રતિમા એટલે નિર્મલ સમ્યગ્દર્શન. આત્માકા અનુભવ કરકે નિર્મલ સમ્યગ્દર્શન રખના, વહાં બારહ અણુવ્રતાદિ હોતે હૈં, પણ નિર્મલ નહીં ઇસલિયે ઉસકો દર્શન પ્રતિમા કહનેમેં આયી હૈ. પંચમ ગુણસ્થાનકી બાત હૈ યે. દર્શન પ્રતિમા પંચમ ગુણસ્થાનમેં હોતી હૈ. સર્વાર્થસિદ્ધકે દેવ એકાવતારી-ભવતારી હૈં (ઉસમેં) કિતને તો ક્ષાયિક સમકિતી હૈં, ઉસસે ભી વિશેષ પંચમ ગુણસ્થાનમેં શ્રાવકકી દશા અંતરકે આશ્રયસે શાંતિકી બઢવારી હો ગઈ હૈ. સમજમેં આયા? ઉસકો જૈનદર્શનમેં શ્રાવક કહનેમેં આતા હૈ.

પહલા પદ તો **(૧) દર્શન** પ્રતિમા હૈ. જિસમેં તો નિર્મલ સમ્યગ્દર્શન અને બારહ વ્રતાદિકા ભાવ હો, ઉસકો દર્શન પડિમા કહનેમેં આતા હૈ, પણ સમ્યગ્દર્શન હો તો યે પડિમા હોતી હૈ. આત્માકા અનુભવ-સમ્યગ્દર્શન બિના જો કોઈ પડિમા નામ ધરાતા હૈ વહ પડિમા (સચ્ચી) પડિમા હૈ નહીં. સમજમેં આયા? જહાં આત્માકા ભેટા ન હુઆ, અંદરમેં ભગવાનકા ભેટા હુઆ નહીં, તબ લગ ઉસકી પ્રતિમા ને વ્રતાદિ સબ ફોક હૈ-અંક બિનાકા શૂન્ય હૈ. સમજમેં આયા? આહાહા! યે દર્શન પ્રતિમા હૈ, પંચમ ગુણસ્થાનકી બાત હૈ. સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાનમેં હોતા હૈ. આત્માકા અનુભવ હોકર આત્માકો અનુસરકે પરિણામ હોકર ઉસમેં પ્રતીતિ (હોના) કિ યે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ હૈ—ઐસી અંદર પ્રતીતિ-નિર્વિકલ્પ શ્રદ્ધા-નિશ્ચય સમ્યગ્દર્શન વહ ચૌથા ગુણસ્થાન હૈ. નિશ્ચય-સચ્ચા સમ્યગ્દર્શન યે ચૌથી ભૂમિકા-ચૌથા ગુણસ્થાન હૈ.

**(૨) વ્રત** પડિમા. બાર વ્રત નિરતિચાર ઔર શાંતિકી વૃદ્ધિ હુઈ હૈ અંદરમેં. આત્માકી શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. જો સમ્યગ્દર્શનમેં શાંતિ આયી થી ઉસસે ભી શાંતિ-અકષાય પરિણામ બઢ ગયે, ઐસી દશાકો વ્રત પ્રતિમા કહનેમેં આતી હૈ. સમજમેં આયા? યે સબ સમ્યગ્દર્શનપૂર્વક હૈ. સમ્યગ્દર્શન (અર્થાત્) આત્માકા સાક્ષાત્કાર-અનુભવ હુએ બિના જિતના વ્રત ને નિયમ આદિ તપાદિ કરતા હૈ યે સબ સંસારકે ખાતેમેં હૈ, ધર્મ નહીં. સમજમેં આયા? અનંત આનંદસે ભરા અપના પરમાત્મા... અરે! કેમ બેસે? એક અનુકૂળતા જરી બીડીની મળે તો ખુશી થઈ જાય. ઓહો.. કપડા અચ્છા મિલે તો ખુશી... અરે ભગવાન! યે તો દુઃખકી દશામેં સુખીપના માના હૈ. યે મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા?

પરકી કોઈ ભી ચીજમેં સાધારણ અનુકૂળતાકો દેખકર ખુશી હોના કિ મૈં ઠીક હૂં ઉસમેં, યે સબ મિથ્યાત્વકા લક્ષણ હૈ. જૈનધર્મકા યે લક્ષણ નહીં. સમજમેં આયા? ધર્મ-જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં હૈ, યે વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા? પરમાનંદકી મૂર્તિ પ્રભુ વીતરાગમૂર્તિ

અનાદિ-અનંત સનાતન આત્મા હૈ. વહી વસ્તુ હૈ, ઉસકા અનુભવ કરના–પર્યાયમેં વીતરાગતા પ્રગટ કરના વહ જૈનધર્મ. જૈનધર્મ કોઈ બહાર રહતા નહીં, જૈનધર્મ કોઈ દૂસરી ચીજ નહીં. આહાહા! શરીરમેં જૈનધર્મ રહે કિ નગ્નપના વહ જૈનધર્મ હૈ—ઐસા નહીં. શ્રાવકકી લંગોટી પહની યે જૈનધર્મ હૈ ઐસા નહીં. સમજમેં આયા?

જૈનધર્મ તો, અંતર વીતરાગી પ્રભુ અપના નિજાનંદસ્વભાવ પૂર્ણ વીતરાગ ઉસકે અંતર્મુખ હોકર વીતરાગ પરિણતિ–નિર્દોષ દશાકા હોના વહ જૈનધર્મ હૈ. સમજમેં આયા? ઐસે આત્માકા ભેટા હુએ બિના જિતને વ્રત-તપ આદિ હૈં વે સબ અજ્ઞાન-તપ ને અજ્ઞાન-વ્રત હૈં. અપને અનુભવમેં–આનંદકે વેદનમેં વિશેષ શાંતિ બઢતી હૈ ઉસકો નિશ્ચયવ્રત, નિશ્ચયપ્રતિમા કહતે હૈં. **(૩) સામાયિક.** સમ્યક્ અનુભવપૂર્વક આત્મામેં સમતા, વીતરાગતા, નિર્વિકલ્પતા, અરાગતા ઐસા પરિણામ પ્રગટ કરના ઉસકા નામ તીસરી સામાયિક પ્રતિમા પંચમ ગુણસ્થાનમેં શ્રાવકકો કહનેમેં આતી હૈ. ભારે વાતું ભાઈ આવી! આ કહે, આવો ધર્મ કેવો આકરો? સમજાણું કાંઈ?

ઔર **(૪)** પ્રૌષધ વ્રત–**પ્રૌષધોપવાસ...** ચૌદશ, આઠમકે દિન આત્માકે આનંદકા પોષણ કરનેકો બાહરસે નિવૃત્તિ લેકર... બાહરસે તો નિવૃત્તિ હી હૈ, પણ પર તરફકે વિકલ્પકે ઝુકાવમેં થા ઉસે ભી છોડકર સ્વરૂપમેં વિશેષ પૂર્ણાનંદકા પોષણ કરના–પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસકો પુષ્ટ કરના, પુષ્ટ કરના, આનંદસે પુષ્ટ કરના, ઉસકા નામ પ્રૌષધ ઉપવાસ પ્રતિમા કહનેમેં આતી હૈ. સમજમેં આયા? યે પ્રૌષધ સહિત ઉપવાસ હૈ. અંતર આનંદમાં પોષણ... જૈસે ચના.. ચના હોતા હૈ ન, વહ પાનીમેં ભિગોનેસે પોઢા (-પુષ્ટ) હોતા હૈ, ઐસે ભગવાન આત્મા પૂર્ણાનંદસે ભરા હૈ ઉસમેં લીન હોનેસે પર્યાયમેં આનંદકી પુષ્ટિ હોતી હૈ. ઉસ સમય ઉપવાસ નામ સ્વરૂપમેં, ઉપ (અર્થાત્) સમીપમેં–સ્વરૂપકે સમીપમેં વસના ઉસકા નામ પ્રૌષધોપવાસ કહનેમેં આતા હૈ. જૈનદર્શનમેં ઐસી વ્યાખ્યા હૈ. સમજમેં આયા? આત્માકા ભાન નહીં, સમ્યગ્દર્શન નહીં, અનુભવ નહીં અને આ પ્રૌષધ-અપવાસ કરે ને સામાયિક કરે ને (માને કિ) હમેં ધર્મ હોતા હૈ, (તો) જિંદગી ચલી જાયેગી, છેતરપીંડી હોગી તેરે આત્માકે સાથ. આહાહા!

**(૫) સચિત્તત્યાગ.** પાંચવીં પ્રતિમા. આગે ઉસકી શાંતિકી વૃદ્ધિ હો ઔર ઉસમેં સચિત્તકા ત્યાગ (અર્થાત્) એકેન્દ્રિયાદિ જીવ (હો ઐસા) સચિત્ત ન ખાયે (ઐસા) ઉસકા ત્યાગ હો. ઐસી શાંતિ થોડી બઢી હૈ. યે શાંતિકી બઢવારીકે ગ્યારહ ભાગ હૈં. વિકલ્પકા ભાગ વ્યવહાર હૈ, યે તો નિશ્ચયકા ભાગ હૈ. આહાહા! યે પાંચવીં પડિમા. સમ્યગ્દર્શન સહિત આત્માકે આનંદકે અનુભવકી ભૂમિકામેં આત્માકા વિશેષ આશ્રય લેકર શાંતિકા અંશ બઢા, ઉસકા નામ પ્રતિમા ઊંચી હુઈ ઐસે કહનેમેં આતા હૈ.

**(૬) રાત્રિભોજન ત્યાગ.** એને રાત્રિભોજન ત્યાગ છઠ્ઠી પ્રતિમા (હોય છે). રાત્રિભોજન ન કરે ઇતની અંદર કષાયકી અભાવદશા ઉત્પન્ન હુઈ હૈ. આહાહા! રાત્રિભોજન કરનેકા વિકલ્પ ભી ઉસકો નહીં આતા. આહાહા! અકેલા રાત્રિભોજન ત્યાગ ઐસા નહીં, આત્મામેં શાંતિકી બઢવારી હોકર જો રાત્રિભોજનકા ત્યાગ હૈ ઉસમેં અકષાયપરિણામ બઢા હૈ, ઉસકા નામ પડિમા હૈ. આતા થા પહલે. ઐસે કહતે હૈં કિ છઠવીં પડિમા તક રાત્રિભોજનકા રાગ આતા થા કિ નહીં? એમ પૂછે છે. આયે, વહ વિકલ્પ આતા હૈ. ઐસે તો પહલેસે જૈનકો રાત્રિભોજન તો હોતા હી નહીં. યે તો રાત્રિભોજનમેં કોઈ દોષાદિ રહા હો ઉસકા ત્યાગ, વહ બાત યહાં હૈ. પડિમા હૈ ન. રાત્રિભોજન તો પહલેસે મુનિ, શ્રાવકકો હોતા હી નહીં. રાત્રિભોજન તો મહા હિંસા હૈ. સમજમેં આયા? સમકિતીકો ઐસા હોતા નહીં. સમજમેં આયા? યે તો નિરતિચારકી બાત હૈ. કોઈ દૂસરેકો રાત્રિભોજન કરે-કરાવે ઐસી બાત હોતી નહીં. (ઉસકા) ત્યાગ હૈ.

**(૭) બ્રહ્મચર્ય.** સાતવીં પડિમા. નિરતિચાર બ્રહ્મચર્ય પાલતે હૈં. રાત્રિમેં ભી અબ્રહ્મકા ત્યાગ હો. સમજમેં આયા? બ્રહ્મ નામ આત્મા અતીન્દ્રિય આનંદ ભગવાનમેં ચરના–ઉસમેં રમના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. શરીરસે અકેલા બ્રહ્મચર્ય પાલના વહ તો વ્યવહાર બ્રહ્મચર્ય, શુભરાગ, પુણ્ય હૈ. યે સચ્ચા બ્રહ્મચર્ય નહીં. સમજમેં આયા? યે જૂઠા બ્રહ્મચર્ય હૈ. આહાહા! શરીરસે બ્રહ્મચર્ય, મન-વચન-કાયાસે બ્રહ્મચર્ય પાલના વહ તો શુભભાવ હૈ. વહ સચ્ચા બ્રહ્મચર્ય નહીં. બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ ઉસકા અનુભવ હુઆ ઔર ઉસમેં વિશેષ શાંતિકા, આનંદકા ઉત્પન્ન હોના, ઐસી બ્રહ્મચર્ય પ્રતિમા હોતી હૈ સાતવીં.

**(૮) આરંભત્યાગ.** આરંભનો ત્યાગ. અતિ આરંભ કરે નહીં. સચિત્તને અચિત્ત પોતે ન કરે. આઠમી પડિમાવાળો જીવ સચેત એકેન્દ્રિય જીવ (જેમાં છે એવું) પાણી પોતે ઉનું ન કરે. સાતમા સુધી કરે, આઠમા પછી ન કરે. સમજમેં આયા? ઐસા ઉસમેં રાગ મંદ પડ જાતા હૈ. ઔર અરાગી પરિણતિ અંશમેં બઢતી હૈ. આહાહા! ભારે વાતું ભાઈ!

**(૯) પરિગ્રહત્યાગ.** કોઈ થોડા પૈસા રખતા થા આઠવીં પડિમા તક, ઇતની મમતા થી, ઉસ મમતાકા ત્યાગ. આત્માકે આનંદપૂર્વક મમતાકા ત્યાગ. અરે! હમેં છોડના પડે, હમેં યે પાલના પડે—યે તો વેઠ હૈ. સમજમેં આયા? યે તો હઠ હૈ. હઠકી વેઠ હૈ. અંદર સહજ આનંદ-સ્વરૂપમેં શાંતિ બઢતી હૈ, ઉતના-ઉતના રાગકા ત્યાગ અંદર હો જાતા હૈ. રાગકા ત્યાગ હોતા હૈ તો ઉસકા નિમિત્તકા ભી અભાવ હો જાતા હૈ. સમજમેં આયા? લ્યો.

**(૧૦) અનુમતિત્યાગ.** કોઈપણ કરે એને અનુમોદન ન આપે. આહાર-પાણી એને માટે બનાવ્યા હોય, અનુમોદન–અનુમતિ ન આપે.

**અને (૧૧) ઉદ્દિષ્ટાહારત્યાગ.** ક્ષુલ્લક હોતા હૈ અગિયારવીં પડિમાવાલા કિ એલ્લક, ઉસકે લિયે આહાર-પાની બનાયા હો તો વહ લે નહીં. ઉતના રાગ ઘટ ગયા હૈ. સમજમેં

આયા? અભી તો કોઈ ઠિકાના હૈ નહીં. દો જગહ ચલતી હૈ. ક્ષુલ્લક નામ ધરાવે, ઉસકે લિયે ચોકા કરકે ભોજન બને, (વહ) બિલકુલ જૈનદર્શનસે વિરુદ્ધ હૈ. સમજમેં આયા? યે કોઈ પક્ષ નહીં હૈ, યે તો વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. ગ્યારહ પ્રતિમાકા પરિણામ જિસકો હુઆ, ઉસે ઉસકે લિયે બનાયા (આહાર લેનેકા) ભાવકા ત્યાગ હૈ. સમજમેં આયા?

**ઉનમેં છઠવીં પ્રતિમા તક જઘન્ય શ્રાવક હૈં, નૌવેં પદ તક મધ્યમ** હૈ. સાત-આઠ ને નવ. સાત(મી પ્રતિમા) એકદમ લઈ લે છેને લોકો. ઓલું મધ્યમ થવા માટે એકદમ લઈ લે. આહા! મધ્યમ તો ગણાઈએ. હજી સમ્યગ્દર્શનના ભાન ન મળે (ત્યાં) એ પડિમા કેવી? દેહકી ક્રિયા મૈં કર સકતા હૂં અને રાગ–પુણ્યકા મૈં કર્તા હૂં—ઐસી જબ લગ માન્યતા હૈ તો બડા મિથ્યાત્વભાવ હૈ. આહાહા! સમજમેં આયા? અંદર શુભભાવ આવે ઉસકો કર્તા હોના વહ મિથ્યાત્વભાવ હૈ. વહ જૈન હૈ હી નહીં. સમજમેં આયા? ક્યોંકિ રાગકો જિતનેવાલા જૈન હોતા હૈ. રાગકા કરનેવાલા જૈન નહીં હોતા. સમજમેં આયા? જૈન ક્યા? યે તો વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. સમજમેં આયા? જિન.. 'જીતે સો જિન' એવો નાસ્તિથી શબ્દ છે. બધું વ્યવહારથી કથન.... રાગકો જીતના. જીતે ક્યા? સ્વરૂપમેં સ્થિરતા હોના (ઔર) રાગ ઉત્પન્ન ન હો, ઉસકા નામ 'રાગ જીતા' કહનેમેં આતા હૈ. આહાહા! બહુ માર્ગ બાપા! અનંત આનંદને આપનાર માર્ગ તો..... દુનિયાકો વીતરાગ પરમેશ્વરકા માર્ગ લક્ષમેં હૈ નહીં હોં. આહા!

**યહ સબ પદ સમ્યક્ત્વપૂર્વક, હઠ રહિત...** લ્યો. આત્મા... નિર્વિકલ્પ અનુભવપૂર્વક ગ્યારહ પ્રતિમાકા ભાવ હોતા હૈ. **હઠ રહિત સહજ દશા...** હઠ નહીં કિ મુજે કરના પડતા હૈ, ક્યા કરે? ઇતના પાલના પડે યે તો હઠ હૈ. સહજ દશાકી બાત **હૈ યહ ધ્યાનમેં રખને યોગ્ય હૈ.** સમજમેં આયા? અંદર (ટીકા). **યહ સબ શુદ્ધરત્નત્રયકી ભક્તિ કરતે હૈં.** શ્રાવક. લ્યો, ભીખાભાઈ! આ શ્રાવક હોં હજી. ગૃહસ્થાશ્રમમેં ઐસી ભક્તિ હૈ એમ કહતે હે. તીનોં બોલ લિયે હૈં ગૃહસ્થાશ્રમમેં. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર તીનોં બોલ હૈ શ્રાવકકો. ચારિત્ર નહીં હૈ.. નહીં હૈ.. નહીં હૈ ઐસા નહીં, ચારિત્રકા અંશ હૈ. પૂર્ણ ચારિત્ર સચ્ચે મુનિકો હોતા હૈ. સમજમેં આયા? વહ કહતે હૈં દેખો!

**યહ સબ શુદ્ધરત્નત્રયકી ભક્તિ કરતે હૈં**... યે શ્રાવકકી બાત હુઈ. સમ્યગ્દર્શનપૂર્વક અનુભવકી ભૂમિકા સહિત આગે બઢતી શાંતિવાલે સચ્ચે શ્રાવકકે પદ ગ્યારહ કહનેમેં–ગિનનેમેં આયે હૈં. કહનેમેં, ગિનનેમેં આયે હૈં. આહાહા! ઐસા ધર્મ કૈસા? ભાઈ! આહાહા! આ શરીરમાં રોગ હોય, ઇયળું પડે, કીડા પડે, અંદર પેટમેં સડો થાય, પેટમેં હોં. આહા! સરમેં ફોડેમેં અંદર જીવડા પડે. જીવડા સમજતે હો? કીડા, કીટાણું. ... યે શરીર તો માંસકા હૈ ભગવાન! કીડામાં જ્યારે રાડ પાડતો હોય અંદર, આહા... શું કરે ભગવાન? યે તો જડકી દશા હૈ. તેરેમેં હૈ નહીં, તેરેમેં હુઈ નહીં, તેરેસે હુઈ નહીં. તું તો ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ભિન્ન હૈ. આહાહા!

(પહલે) કભી શરણ લિયા નહીં તો ઉસ વક્ત કૈસે શરણ લે સકે? તરફડી-તરફડીને દેહ છૂટે, ચાલ્યો જાય.

જિતને પ્રમાણમેં બાહ્યકી અનુકૂલતામેં (રાગ)કા ભાવ કિયા હો, ઉતને પ્રમાણમેં પ્રતિકૂલતામેં દ્વેષકા ભાવ આતા હૈ-હોતા હૈ. ક્યોંકિ ભગવાન આત્મા તો વીતરાગમૂર્તિ હૈ. ઉસસે ચ્યુત હોકર થોડી ભી અનુકૂલતામેં હરખ હો, તો ઉતના હી પ્રતિકૂલતામેં દ્વેષ આ ગયા ઉસકો. ૬૭ કરોડ ૬૮ લાખ ૯૦ હજાર ૫૮૪ રોગ શરીરમેં હૈં. સુંદર મેરા શરીર હૈ ને મૈં લડ્ડુ ખાતા હૂં. અરે મૂરખ! કહાં શરીર તેરા હૈ? સુન તો સહી! આહાહા! સમજમેં આયા? અપની ચીજકી સંભાલ નહીં ને પરકી સંભાલમેં સારી શક્તિ ખો બૈઠા. ઐસે કરના, ઐસે ખાના.. અરે પ્રભુ! તુમ ક્યા હો?

યહાં કહતે હૈં, તારી ભક્તિ તેં (ન કરી), પરની ભક્તિ કરી. આહાહા! શરીરકી સેવા લિયે તુને આત્માકા કાલ ગંવાયા. એક બાર આત્માકી સેવાકે લિયે સબ કુછ છોડ. પર મેરી ચીજ હી નહીં. આહાહા! ન્યાં મરતા હતા ને ક્યાં.... ૫-૫૦ લાખ પુંજી હોય, શરીર સોનાની વીંટી જેવું દેખાય. વીંછી કરડે અંદર બિચ્છુ. આહાહા! ભાઈ! આ તો જડ છે, પ્રભુ! વહ તો વેદનાકા ઘર હૈ. પ્રભુ! ઉસમેં શાંતિ ને સુખ હૈ નહીં. સમજમેં આયા? આહાહા! જહાં શાંતિ ને સુખ હૈ વહાં નજર કરતા નહીં. નજરું આમ બહાર ને બહાર. કોઈ સંભળાવજો ભાઈ! મરતા વખતે. સંભળાવે શું? સંભળાવે એ તો રાગ છે. ઉસકા અપના આત્મા જિસને સુના નહીં (અર્થાત્) આનંદ ને જ્ઞાન ઐસી શાંતિકી દૃષ્ટિ કી નહીં, ઉસકો કોઈ પ્રતિમા ભી હોતી નહીં ને મુનિપના ભી હોતા નહીં. સમજમેં આયા?

તો વળી કેટલાય એમ કહે કે ઐસા સમ્યગ્દર્શન પાનેકો વ્રત, સંયમ, નિયમ, તપ, પૂજા, ભક્તિ કરો. અરે ભગવાન! વહ સબ તો રાગ હૈ. સમજમેં આયા? સમકિત પાનેકો ઐસા કરો, અશુભકો છોડો, શુભ કરો. યે બાત તદ્દન વિપરીત-જૂઠી હૈ. સમજમેં આયા? આહાહા! દુનિયાના માન મળે, દુનિયા રાજી થાય, ઓહોહો.. કૈસા મહારાજ .... હૈં. બધા ધર્મ સરખા ઔર સબસે મિલેગા, સબમેં કુછ હૈ. ધૂળેય નથી. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રને જો આત્મા કહા, ઐસા આત્મા દૂસરે હૈ નહીં. આહાહા! ઐસી ચીજમેં અનુભવ કરના યે ભક્તિ હૈ. યે શ્રાવકકી (ભક્તિ) કહી, અબ મુનિકી.

**ભવભયભીરુ...** ઓહો! મુનિ તો ભવના ભયથી ડરે છે. અરે! ભવ ...ન જાય. ભવ ન હો, ભવ મેરી ચીજ હી નહીં. આહાહા! **ભવભયભીરુ**... ભવના ભયથી ડરતો મુનિ છે. અરે! ભવ ધારણ કરના યે કલંક હૈ. અમૃતકા સાગર ભગવાન આત્મા ઉસકો, ભવ-જન્મ કરના (વહ) કલંક હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા અંદરમેં અતીન્દ્રિય આનંદકા તો નિજઘર હૈ.

યે નિજઘરકો છોડકર ભવ ધારણ કરના (વહ) કલંક હૈ. મુનિ અને શ્રાવક દોનોંકો ભવભયભીરુ કહનેમેં આતા હૈ. અહીં તો વિશેષ મુનિની ચારિત્રદશાનું વર્ણન કરવું છેને.

**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાલે...** કૈસે મુનિ હોતા હૈં? પરમનૈષ્કર્મ્યવૃત્તિ... રાગકા પરિણામ રહિત વીતરાગી પરમવૃત્તિ હોતી હૈ ઉનકી. આહાહા! અરે, ભાઈ! 'માણસ હોના મુશ્કેલ હૈ, સાધ કહાંસે હોય, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ...' સાધુ કિસકો કહતે હૈં? આહાહા! જિસકો ગણધર નમસ્કાર કરે. સમજમેં આયા? 'ણમો લોએ સવ્વ સાહૂણં.' ચાર જ્ઞાન(ધારી) ને ચૌદ પૂર્વકી રચના અંતર્મુહૂર્તમેં કરનેવાલે તીર્થંકરકે વજીર–દીવાન વે ભી શાસ્ત્રરચનાકે કાલમેં 'ણમો લોએ સવ્વસાહૂણં' (સ્મરણ કરતે હૈં). અહો! અઢીદ્વીપમેં (જિતને ભી) સંત–સાધુ હો ઉસકો મેરા નમસ્કાર. ગણધરકા નમસ્કાર પહોંચે ઐસા સાધુ કૈસા હોના ચાહિયે? સમજમેં આયા?

આ તો 'ણમો લોએ સવ્વસાહૂણં' (એટલે) એક જણો એમ કહે કે એમાં ક્યાં જૈનના સાધુને કીધું છે? દરેક સાધુને 'ણમો લોએ..' અરે ભગવાન! સાધુ જ હોય નહીં. જૈનદર્શનના અનુભવ વિના સાધુ હોઈ શકે નહીં. સમજમેં આયા? યે વસ્તુકા સ્વભાવ હૈ. વીતરાગપ્રભુ આત્મા નિર્દોષ આનંદકંદ ઉસકા અંતરકા આશ્રય લેકર વીતરાગતાકા સ્વીકાર ન કિયા ઔર દૂસરી ક્રિયાકાંડમેં ઘુસ ગયે, યે કોઈ સાધુ-બાધુ હૈ નહીં. સમજમેં આયા?

**પરમનૈષ્કર્મ્યવૃત્તિ...** આહાહા! **(પરમ નિષ્કર્મ પરિણતિવાલે)...** ઉસકો–મુનિકો વીતરાગી પરિણતિ ઉત્કૃષ્ટ હોતી હૈ. ઐસા તીન કષાયકા અભાવ—અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય. આહાહા! ધન્ય અવતાર! જેને ત્રણ કષાયનો અભાવ છે, આનંદકંદમેં ઝૂલતે હૈં, પ્રચૂર સ્વસંવેદન પ્રગટ હુઆ હૈ. પ્રચૂર સ્વસંવેદન... આત્માકે આનંદકી ઉત્કૃષ્ટતા વેદનમેં આયી હૈ. આહાહા! ભારે આવી વ્યાખ્યા! લૂગડાં છોડીને નગ્ન થયા અને પંચમહાવ્રત પાલે તો સાધુ—ઐસા સાધુ હૈ હી નહીં. પંચમહાવ્રત વિકલ્પ હૈ–રાગ હૈ, નગ્નપના તો જડકી દશા હૈ. યે રાગ ને શરીરસે ભિન્ન ભગવાન આત્મા નિરંજન નિરાકાર શુદ્ધ ભગવાન પરમાનંદકી મૂર્તિ ઉસકા ભેટા હોકર, અનુભવ હોકર વિશેષ નિષ્કર્મદશા પ્રગટ હુઈ. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. અલ્પ કાલમેં કેવલજ્ઞાન લેનેકી જિસકી તાકાત હૈ. આહાહા! સમજમેં આયા? યે હિન્દી તુમ્હારે લિયે લિયા હોં. નહીં તો ગુજરાતી ચલતા હૈ. પુસ્તક હિન્દી હૈ ન? આહાહા!

**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાલે પરમ તપોધન...** ઓહો! વીતરાગતાકે ભાવરૂપી તપરૂપી ધન જિસકો પ્રગટ હુઆ હૈ, અપની નિજ લક્ષ્મી અંદર પ્રગટ હુઈ હૈ, અનંત જ્ઞાન-આનંદ આદિકા સ્વભાવ ઉસકે અનુભવમેં એકાગ્ર હોકર જિસકી દશામેં–હાલતમેં–વર્તમાન પર્યાયમેં અનંત આનંદ ને અનંત... ભલે અનંત આનંદ કેવલી જૈસા નહીં, પણ આનંદ અને અનંત જ્ઞાનકા અંશ

જો સાધન ઐસા પ્રગટ હુઆ હૈ, યે તપોધન હૈ. તપરૂપી લક્ષ્મી જિસકો પ્રગટ હુઈ હૈ. યે તપ હોં. આ ઉપવાસ કરે ને તપ, યે સબ આત્માકે ભાન બિનાકા લંઘન હૈ. સમજમેં આયા?

**તપોધન ભી**... એટલે? શ્રાવક તો રત્નત્રયકી ભક્તિ કરતે હૈં, પણ મુનિ ભી કરતે હૈં એમ કહતે હૈં. આહાહા! રત્નત્રય ને આત્મા સાંભળ્યુંય ન હોય કોઈ દિ', સુના હી નહીં. લૂગડાં ફેરવ્યા ને ઐસા કિયા, ઐસા કિયા. હો ગયા સાધુ, હો ગયા શ્રાવક. આહા! ભગવાન! તેરા માર્ગ કોઈ અલૌકિક હૈ. તેરા સ્વભાવ સ્વભાવસે હી જાનનેમેં આયે ઐસા તેરા સ્વભાવ હૈ. તેરા સ્વભાવ સ્વભાવસે હી જાનનેમેં આવે ઐસા સ્વભાવ હૈ. રાગસે, નિમિત્તસે જાનનેમેં આયે ઐસા તેરા સ્વભાવ હી નહીં અર્થાત્ વ્યવહારકી ક્રિયાસે સ્વભાવ જાનનેમેં આયે ઐસા આત્મા નહીં. સમજમેં આયા? અપને સ્વભાવસે જાનનેમેં આયે ઐસા પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા હૈ. શુદ્ધ આનંદ ને શુદ્ધ જ્ઞાન (ઐસા) અપના ત્રિકાળ નિર્મલસ્વભાવ વહ અપની નિર્મલપરિણતિસે જાનનેમેં આતા હૈ. વ્યવહાર દયા-દાન વિકલ્પ કે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન (આદિ) વ્યવહાર રત્નત્રયસે જાનનેમેં આયે ઐસી ચીજ નહીં. સમજમેં આયા? આહાહા!

**(શુદ્ધ) રત્નત્રયકી ભક્તિ કરતે હૈં.** ઉસકો મુનિ કહીયે. આત્માકે આશ્રયસે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... સર્વજ્ઞ વીતરાગદેવને કહા યે આત્મા હોં, ઉસકે સિવા દુનિયા કહે આત્મા ઐસા આત્મા હૈ નહીં. વહ આત્મા જાને બિના કહનેમેં આતા હૈ. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર જિસને એક સમયમેં તીન કાલ, તીન લોક દેખા, ઉસને આત્મા જો કહા, ઐસા આત્મા જો અનુભવમેં લેતા હૈ યે રત્નત્રયકી ભક્તિ કરતા હૈ.

**ઉન પરમ શ્રાવકોં તથા પરમ તપોધનોંકો...** ઓલા વાડાના શ્રાવક ને વાડાના સાધુ નહીં, એમ. **પરમ શ્રાવકોં તથા પરમ તપોધનોંકો જિનવરોંકી કહી હુઈ...** જિનવરોંકી કહી હુઈ **નિર્વાણભક્તિ–અપુનર્ભવરૂપી સ્ત્રીકી સેવા વર્તતી હૈ.** લ્યો. મોક્ષકા માર્ગ ઉસકો વર્તતા હૈ એમ કહતે હૈં. આહાહા! બાકી આત્માકે ભાન વિના, સમ્યગ્દર્શન અનુભવ વિના અકેલા અપવાસ, તપ ને ક્રિયા પંતમહાવ્રત કરે—યે સબ લાંઘણ હૈ, અજ્ઞાન હૈ, ઉસસે આત્માકા ભવભ્રમણ બઢતા હૈ, ઘટતા નહીં. અંતર સ્વભાવકી ભક્તિ કરતા હૈ વહ નિર્વાણકી ભક્તિ કરતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૯, મંગળવાર, તા. ૧૨-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૨૦, ગાથા - ૧૩૫, પ્રવચન નં. ૧૪૯**

આ નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર. ૨૨૦મો કળશ છે.

**सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे**
**भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम् ।**
**कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः**
**भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा ॥२२०॥**

શું કહે છે? **જે જીવ...** જે કોઈ આત્મા **ભવભયના હરનારા...** સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન અને ચારિત્ર—આત્માને આશ્રયે થતી નિર્મળ દશા એ ભવભયના હરનારા છે. સમજાણું કાંઈ? **જે જીવ ભવભયના હરનારા**... ચોર્યાસી લાખના અવતાર એવા જે ભવ એનો ભય એને ટાળનારા **આ સમ્યક્ત્વની...** એટલે ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદ એનું સમકિત, એને આશ્રયે થતી દશા **શુદ્ધ જ્ઞાનની...** તે જીવ ભવભયના હરનારા એવા શુદ્ધજ્ઞાનની... શુદ્ધજ્ઞાન એટલે આત્માના જ્ઞાનનું વેદન, સ્વસંવેદન એવું જે શુદ્ધજ્ઞાન, એની ભક્તિ–**અતુલ ભક્તિ, ભવછેદક** ભક્તિ એમ કહે છે. આહા!

અને **ચારિત્રની...** આત્મા આનંદસ્વરૂપ એમાં રમવું, અતીન્દ્રિય આનંદમાં રમણતાનું ચારિત્ર એની **ભવછેદક અતુલ ભક્તિ...** આહાહા! ભવને છેદનારી અનુપમ–જેને તુલના, ઉપમા નથી એવી શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન ને શુદ્ધ ચારિત્ર જે આત્મા ત્રિકાળીને આશ્રયે પ્રગટ થતી પર્યાય એની નિરંતર ભક્તિ કરે છે. પરિણામની નિરંતર ભક્તિ કરે છે એટલે કે નિરંતર પરિણામને પરિણમાવે છે. આહાહા! એનું નામ સાચી–સત્ય–નિશ્ચય ભક્તિ કહેવામાં આવે છે. એવી **ભવછેદક**... પહેલું પદ લીધું, ભવભયના હરનારા આ પર્યાયો. અને એ ભક્તિ પછી કીધું. ભક્તિ, કેવી છે એની ભક્તિ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવા છે? કે ભવભયના હરનારા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવા છે? કે સ્વરૂપના આશ્રયે થતી પ્રતીત, જ્ઞાન ને રમણતા એ ભવભયના હરનારા છે. વ્યવહાર ભક્તિ એ પરંપરા કારણ કહેશે. સમજાય છે? એ સમ્યગ્દૃષ્ટિની સિદ્ધભક્તિ. મૂળ કારણ તો આ છે.

આત્મા આનંદસ્વરૂપ છે એમાં એકાગ્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણે વસ્તુના ત્રિકાળી આનંદસ્વભાવની એકાગ્રતા છે. એ એકાગ્રતાની **ભવછેદક અતુલ ભક્તિ**... આહાહા! જેમાં ભવનો છેદ થાય, ભવ રહે નહીં—એવી **અતુલ ભક્તિ નિરંતર કરે છે**... જેને નિત્ય ધ્રુવ આનંદસ્વભાવ દૃષ્ટિમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં–રમણતામાં એ ધ્યેય એનું વર્તે છે. તેથી એના

પરિણામ નિરંતર વીતરાગી થાય છે, એમ કહે છે. ભારે વાત! આવી વાત પકડવી કઠણ ને એને હવે.... આહાહા! બહારનું કરવું ભક્તિ, પૂજા, વ્રત ને તપ, એમાંથી કલ્યાણ થશે એમ કહે છે. એ વાત તદ્દન મિથ્યા છે. આહાહા! નિશ્ચય ભક્તિ કરનારને વ્યવહારનો વિકલ્પ સિદ્ધભક્તિ આદિનો આવે, પણ એ ખરેખર તો બંધનું કારણ છે. પરંપરાએ મુક્તિનું કારણ કહેશે. કેમકે એને ટાળીને નિર્વિકલ્પ વીતરાગતા પ્રગટ કરશે એ જ મુક્તિનું કારણ છે. ભારે વાત બાપુ! આ લોકોને એકાંત લાગે છે. એકાંત જ છે, સમ્યક્ એકાંત છે આ.

તે જીવ, **કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ...** લ્યો. જુઓ! શ્રાવક પણ આવો હોય એમ કહે છે. મુનિ અને શ્રાવક આવા હોય કે જેના ચિત્તમાંથી કામ નામ રાગ, ક્રોધ નામ દ્વેષ, રાગ-દ્વેષાદિ, વિષયવાસના આદિ **સમસ્ત દુષ્ટ પાપસમૂહ**... પુણ્ય ને પાપના ભાવ એ દુષ્ટ પાપસમૂહ છે. આહાહા! એનાથી **મુક્ત ચિત્તવાળો જીવ**... શું કહ્યું? અહીંયા તો કહે છે કે જે ધર્માત્મા સાચો શ્રાવક હો, એ તો અંતર આત્મા આનંદસ્વભાવની એકાગ્રતારૂપી વીતરાગ પરિણામની ભક્તિ કરનારો છે અને તેનું ચિત્ત વિકલ્પ ને રાગથી મુક્ત છે એમ કહે છે. આવી ભક્તિ સહિત છે અને વિકલ્પ રાગાદિથી તે વિમુક્ત છે. લ્યો, શ્રાવકને કહ્યું આ. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં ચરણાનુયોગ (ચૂલિકા)માં તો એમ આવે કે શ્રાવકને શુભ ઉપયોગ એ શુદ્ધની પ્રાપ્તિનો હેતુ છે. લ્યો, એવું આવે છે.

એ પ્રશ્ન ઉઠ્યા હતા. મોરબીમાં, રાજકોટ, બીજે ઠેકાણે ચાલ્યું હતું. આ પ્રવચનસારમાં કહ્યું છેને કે શ્રાવકને તો શુભ ઉપયોગ જ મુક્તિનું કારણ છે. અહીં શ્રાવકને આ મુક્તિનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? બે વચ્ચે મતભેદ કાંઈ નથી. ફક્ત સાચો શ્રાવક એને કહીએ કે જેણે વસ્તુનું શ્રવણ કરીને, રાગથી વિવેક કરીને, અંતર સ્થિરતાનું કાર્ય કર્યું છે. સમજાણું કાંઈ? ભારે નિશ્ચય વાત એવી! એને જે વીતરાગતા પ્રગટ થઈ છે એની જે ભક્તિ–ભજન (અર્થાત્) વારંવાર વીતરાગપણું થવું, એ રાગ-દ્વેષથી મુક્ત ચિત્તવાળો જીવ શ્રાવક હો કે મુનિ હો, ભગવાન કહે છે કે એ ભક્ત છે. ભક્ત છે, ભક્ત છે, આ ભક્ત છે. આહાહા! મારી ભક્તિ કરનારો ભક્ત છે.. ભક્ત છે, એમ જોર નથી આપ્યું. પછીની ગાથામાં વિકલ્પ આવે એની વાત કરશે. સમજાણું કાંઈ? એની મર્યાદા (એ કે) વીતરાગની પૂર્ણતા નથી, એથી એ સિદ્ધ ભગવાન આદિ પંચપરમેષ્ઠી ભક્તિનો રાગ હોય છે એને, એમ જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

એ **પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ**... આહાહા! ભગવાન આત્મા પુણ્ય-પાપથી રહિત છે, એની દૃષ્ટિ-જ્ઞાન-રમણતાનો અંશ પ્રગટ્યો છે એ શ્રાવક કે મુનિ એ પણ પુણ્ય-પાપના ભાવથી પર્યાયમાં મુક્ત છે. દ્રવ્ય તો ત્રિકાળ પુણ્ય-પાપથી મુક્ત જ છે. સમજાણું કાંઈ? વસ્તુ છે એ તો શુભ-અશુભભાવ એનાથી રહિત જ છે, પણ એ વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતાવાળો પર્યાયમાં પુણ્ય-પાપના ભાવથી મુક્ત છે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! થઈ રહ્યું? શ્રાવક પાપથી મુક્ત

થઈ ગયો તદ્દન? આહાહા! આ તો ચારિત્રના અંશવાળો લીધો છે, પણ સ્વરૂપાચરણવાળો દૃષ્ટિવાળો હોય એ પણ રાગ ને પુણ્ય-પાપથી મુક્ત જ છે. વસ્તુ મુક્ત છે અને વસ્તુની દૃષ્ટિનું ભાન થયું, એ પર્યાયમાં પણ મુક્ત છે. ભારે વાત! સમજાણું કાંઈ? એને ભવ એકાદ-બે વચ્ચે હો તોપણ તે ભવ અને ભવના ભાવથી એની પર્યાય મુક્ત છે. આહાહા! એ ભવ ને ભવનો ભાવ જ્યાં વસ્તુમાં–દ્રવ્યમાં–વસ્તુસ્વભાવમાં નથી, તો એને આશ્રયે દૃષ્ટિ ને જ્ઞાનથી એના પર્યાયમાં પણ ભવ નહીં, ભવનો ભાવ નહીં. આહાહા!

પ્રવચનસારમાં આવે છે, એ શ્રાવક દેવલોકમાં જાય પલ્યોપમ આદિની સ્થિતિએ. શાસ્ત્ર એવું બોલે છે, શાસ્ત્ર તો એમ કહે છે, લ્યો. શ્રાવક બારમાં દેવલોક સુધી જાય, મુનિ આમ જાય, ફલાણા આમ જાય. એની દશામાં રાગ બાકી છે એથી.... જીવ તો મુક્ત જ છે પર્યાયથી, પણ એને જરી એ રાગ આવે એનું જ્ઞાન કરે છે એ. ખરેખર તો ભવ ને ભવનો ભાવ બાકી રહ્યો એનું એ જ્ઞાન કરે છે. પર્યાયથી મુક્ત છે. આહાહા! આ વાત આકરી પડે લોકોને. એવો જ એનો સ્વભાવ છે. ભગવાનને ભવ કેવા? એમ ભગવાનની ભક્તિ કરી અંદરની એકાગ્રતાએ, એને ભવ કેવા? એમ કહે છે. સમજાણું કાંઈ? સંસાર જ જ્યાં આત્મામાં નથી, એવા આત્માનું જ્યાં ભાન થાય એટલે એની પર્યાયમાંય સંસાર નથી એમ કહે છે. આહાહા! એક બાજુ, ચૌદમા ગુણસ્થાન સુધી સંસારસ્થ (છે એમ કહે). એય! આહાહા! એક બાજુ (કહે કે) સમ્યગ્દર્શન થયું એટલે પર્યાયમાં તે સંસાર છે જ નહીં. સંસાર તો પરજ્ઞેય થઈ ગયું. સમજાણું કાંઈ? અપેક્ષાએ સમજવું જોઈએને.

કહે છે કે એ **શ્રાવક હો કે સંયમી હો—નિરંતર ભક્ત છે, ભક્ત છે.** એમ કહ્યું છે. નિશ્ચય ભક્તિવાળો એ ભક્ત છે.. ભક્ત છે એમ કહ્યું છે. વ્યવહારભક્તિવાળો વ્યવહારે છે એમ કહેશે. આહાહા! અરે! ભગવાન નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. એ તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ અતીન્દ્રિય આનંદ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ પરમેશ્વરતા એનું એ સ્વરૂપ જ એવું છે. પૂર્ણતામાં અપૂર્ણતા ને વિપરીતતા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એવા પૂર્ણ પરમાત્મા પોતે નિજસ્વરૂપ પૂર્ણની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાની પર્યાયમાં પણ સંસારના વિકલ્પોનો, ભવના ભાવનો અભાવ છે. સમજાય છે કાંઈ? ઓહોહો! વાત તો આ છે ભાઈ! શું થાય? જગત પીડાઈ-પીડાઈને દેહ છોડે. આ આત્માના આનંદથી દેહ છૂટે, છોડે નહીં, છૂટે. આહાહા! સમજાણું કાંઈ?

અજ્ઞાની પણ બધું છોડે છે અને એને કહે છે કે છૂટે છે. એકલો ચાલ્યો જાય છે આમ. આહાહા! અજ્ઞાન લઈ, સ્વરૂપનું અભાન લઈ, બેભાન થઈને ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? એની સાથે આ કાંઈ આવતું નથી. શરીર આવતું નથી, કર્મ આવતા નથી. એ કર્મ નથી આવતા. બીજે સમયની પર્યાયમાં કર્મ કર્મની સાથે, કર્મ કર્મને કારણે આવે છે. એ આત્માને કારણે સાથે નથી આવતા. આહાહા! સમજાણું કાંઈ? ન્યાં વજન અહીં છે કે **પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો**

**જીવ**... વજન અહીં છે. સમજાણું કાંઈ? આહાહા! પાછા કામક્રોધાદિ સમસ્ત, એમ. રાગ-દ્વેષ. કામ એટલે રાગ, ક્રોધ એટલે દ્વેષ. ઉદયભાવના ભાવથી, શ્રાવક કે સમકિતી એનાથી રહિત ચિત્તવાળો હોય છે. કહો, સમજાણું કાંઈ?

બીજે રીતે કહીએ તો, એ સમકિતી, શ્રાવક ને મુનિ દુઃખની દશાથી રહિત છે. સમજાણું કાંઈ? દુઃખના ચિત્તવાળાથી રહિત છે. જેના ચિત્તમાં દુઃખ જ નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો ધર્મમાર્ગ હશે? આહાહા! ભગવાનની પૂજા કરો, શાંતિવિધાન ને, શું કહેવાય? આ સ્નાત્રપૂજા. કાલ કાગળ એક આવ્યો હતો કોઈ બ્રહ્મચારીનો પ્રજ્ઞાચક્ષુનો. હતા તમે? આ શું કરવું પંચકલ્યાણકમાં આ અંકુરારોપણ ને મૃતિકા, નયન? મૃતિકા-આયન.. નયન.. મૃતિકા નયન ને આ હોમ, તલ હોમવા, ધુમાડા નીકળે ને જીવ મરે. આવું કેમ છે આમાં? એમ લખ્યું છે. પ્રજ્ઞાચક્ષુ છે કોઈક બ્રહ્મચારી. એ વ્યવહાર એવા છે ભાઈ! અંતર વસ્તુમાં કાંઈ નથી.

શ્રોતા : કોઈ એમ પૂછે છે કે આ વ્યવહાર સાચો છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : છે જ નહીં. એ તો પૂછ્યું છે. ઓલામાં લખાણ આવે છે. જોયું હતું એક ફેરી. વસુનંદીમાં જોયું હતું. આ તો ઘણા વખતથી ચર્ચાય છેને. એમાંથી નીકળ્યું હતું થોડું. ક્યારનું નાખ્યું હોય ને કોણે નાખ્યું હશે એ શી ખબર પડે? આ જનોઈ... ઉઠાવીને ખુલાસો એવો આપ્યો છે માણેકચંદજીએ. ભાઈ! એ વખતે બ્રાહ્મણનું એવું હતું તે એ જાતની વાત એમાં આવી ગઈ છે જનોઈ બનાવવી (આદિ). બાકી જૈનદર્શનમાં એ વસ્તુ નથી. કોઈ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લઈને...

શ્રોતા : પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લઈને જૈનધર્મ ... થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ... થાય નહીં, એ જાતનો એવો થઈ જાય એવો વખત... લોકોને એવું લાગે ને અંજાઈ જાય. જરી એવું હોય છે વ્યવહારે. નાખ્યું છેને અહીં. અહીં સંયમ કહ્યું છે હોં. શાસ્ત્રનો આગ્રહી છેને. માણેકચંદ, કેવા? ફિરોજાબાદવાળા. ફિરોજાબાદ ને? એણે કહ્યું છે. પૂછ્યું હતું કોઈકે, એનો જવાબ આવો બહુ આપ્યો છે. ભાઈ! એ તો વચમાં બ્રાહ્મણોની બહુ શૈલી હતી એટલે આચાર્યે જરી નાખ્યું લાગે છે. એમ લખ્યું છે. વાત તો ઘણા વર્ષથી ચર્ચાતી હતી. એ વાત પહેલેથી આમાં આવી હતી, આ જ પ્રમાણે આવી હતી. પણ આચાર્યે એ કારણે લીધું કે કેમ લીધું હશે? નાખ્યું છે. જનોઈ તો આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ ટાણા એને જનોઈ કહીએ. ત્રણ દોરા હોય છેને એક-એકના. આહાહા! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ તાણાવાણાનું સમકિત–મોક્ષનો માર્ગ, એ જનોઈ છે જીવને. આહાહા!

અહીંયા મુનિરાજ કેટલું જોર આપે છે! સમકિતી, શ્રાવક હો કે મુનિ હો, એ તો વિકલ્પના ભાવથી મુક્ત ચિત્તવાળો છે. આહા! સમજાય છે કાંઈ? જેના જ્ઞાનની પર્યાયમાં, ભગવાન ત્રણ લોકનો નાથ આત્માના જેને ભેટા થયા અને એ પર્યાયે પરમાત્માને જોયો, એની

પર્યાયમાં હવે, કહે છે કે પરમાત્માને હોય તો એની પર્યાયમાં હોય એમ કહે છે, સમજાણું કાંઈ? પરમાત્મા પોતે ત્રિકાળી સ્વરૂપ એનામાં એ નથી એટલે એની પર્યાયમાં પણ નથી. કારણ કે એને આશ્રયે પ્રગટ થયેલી દશા, એના અવલંબનમાં એકાગ્ર થઈને થયેલી દશા એમાં એ નથી. એવા શ્રાવકને અને મુનિને... આહાહા! અરે! સાચી વાત પણ સાંભળવા મળે નહીં. એને સમજવામાં પણ વાંધા ને વાદ-વિવાદ. આહાહા! અંતર્મુખતત્ત્વને અંતર્મુખભાવથી જ પમાય છે. એ અંતર્મુખભાવ જે પર્યાય, એમાં બહિર્મુખભાવનો અભાવ છે એમ કહે છે. આહાહા! વસ્તુસ્થિતિ તો આ જ છે. સમજાણું કાંઈ? એ તો જેવી સ્થિતિ છે એવું જાણીને વર્ણન થયું છે. કાંઈ કલ્પિત ને આમ હોવું, આમ તમારે, એમ નથી.

જુઓ! આ નિશ્ચયભક્તિ. આત્માના પરિણામની ભક્તિ. પાછી આત્માની એમ નહીં. ભારે ભાઈ! એમને એમ વીતરાગી પરિણામ ચાલુ રહે.. આહાહા! એનો અર્થ થયો કે નહીં કે એના એ પરિણામ છે? ભજન છેને એટલે. ભજવું છે, એટલે ભજવું આમ, એને સેવવું. ‘આરાધના’ એવો એનો અર્થ હતોને. એનો અર્થ કે સેવવું એનો એ ભાવ. વધતો જાય એ જુદી વાત છે, પણ સેવવો એ ભાવ. રાગને સેવવો, વ્યવહારને સેવવો. એ વ્યવહારથી મુક્ત છે પછી વ્યવહારને સેવવો એ વાત રહી નહીં. બરાબર હૈ? તો આ કહે છે કે ખેંચીતાણીને અર્થ કરે છે. એમ કેટલાક કહે છે. અરે, ભગવાન! ભાઈ! તને ખબર નથી. આહાહા! શરણભૂત ભગવાન આત્મા, એના પરિણામ એ શરણભૂત ને ભક્તિ છે. એવો અર્થ એનો છે. ‘આરાધના’ એનો અર્થ એમ કહ્યુંને. આહા! આ શૈલી લીધીને પ્રવચનસારમાં. ચારિત્ર એનો અર્થ છે, કરણ એનો અર્થ છે. આહાહા! કેવી શૈલી!

શુદ્ધજ્ઞાનઘન વસ્તુ એને આશ્રયે અને એનું અવલંબન લઈને, એનો ભેટો થઈને જે પરિણામ થાય, એ તો વીતરાગી પરિણામ ને વીતરાગી શાસન, એ જૈનશાસન. એ જૈનશાસનનો પર્યાય રાગથી મુક્ત છે. સમજાણું કાંઈ? હજી સમજણના ઠેકાણા, જેના વ્યવહાર સમજણમાં ઠેકાણા નથી, એને આ અંતરમાં ઉતરવું (કઠણ છે). અંતરમાં ઉતરવું એ જ માર્ગ છે, બાહ્યનો માર્ગ નથી એવો નિર્ણય કર્યા વિના બહારથી ભમવું અટકશે નહીં એનું. સમજાણું કાંઈ? ઓહો! સંતોએ માર્ગને સહેલો કરીને મૂક્યો છે. એમાં છે એની સ્પષ્ટતા થાય છે ને. પાપસમૂહથી, દુષ્ટ પાપસમૂહ... આહાહા! સમસ્ત પુણ્ય ને પાપ બધા દુષ્ટ પાપસમૂહ છે. ભગવાન પવિત્રતાનો પિંડ એકલો એની જ્યાં પવિત્ર પર્યાય–પરિણતિ પ્રગટી, એ પવિત્ર પર્યાય તો મુક્તિનો માર્ગ છે, એ ભક્તિ છે, આરાધન છે, એ સેવવું છે. એ ભાવમાં, રાગના વિકલ્પનો જેને વ્યવહાર કહે એનાથી ચિત્ત–ધર્મીનું ચિત્ત મુક્ત છે. એ વ્યવહાર રાગવાળો જીવને કહેવો એ બધા વ્યવહારના કથન છે. વ્યવહારરત્નત્રયવાળો જીવને કહેવો એ બધા વ્યવહારના કથન છે, અભૂતાર્થદૃષ્ટિના કથન છે. આહાહા! ગજબ વાત કરી છે.

એ શ્રાવક હો કે સંયમી... કોઈ કહે કે આ તો બધું સંયમીને માટે વાત છે, મુનિને માટે આ વાત છે બધી. અહીં પોતે કુંદકુંદાચાર્યે નાખ્યું છે કે શ્રાવક ને મુનિ બેયની આ વાત છે. પાઠમાં છે કે નહીં? પાઠમાં છે જુઓ! શ્રાવક જ લેને પહેલો. પહેલું નિત્યનું.... ભલે કોઈકને ન આવે, છતાં શ્રાવક હોય, મુનિ હોય એને આવું હોય, એમ. સમજાણું કાંઈ? આહાહા! અહીં તો શ્રાવક હો કે મુનિ હો... એમ છે ને? **સંયમી હો—નિરંતર ભક્ત છે**... શ્રાવક હો કે સંયમી હો, એમ છે ને? કથનની શૈલી અલૌકિક જાતની છે. શ્રાવક હો. ન હોય એને કાંઈ નહીં, એકદમ મુનિપણું આવી જાય. સમજાય છે? પણ શ્રાવક હો અને સંયમી હો, પંચમ ગુણસ્થાનમાં હો કે છઠ્ઠે ગુણસ્થાનમાં હો, કહે છે, પણ એ ગુણસ્થાનમાં રાગાદિ છે એનાથી તે મુક્ત છે આહાહા! સમજાણું કાંઈ? પાંચમા ગુણસ્થાનમાં બે કષાયનો ભાવ છે, છઠ્ઠાને એક કષાયનો ભાવ છે. હો, એના પર્યાયમાં નથી. બહારથી જેમ જગત છે એમ છે એ.

શ્રોતા : અભિપ્રાયમાં....?

પૂજ્ય ગુરુદેવશ્રી : અભિપ્રાયની પર્યાયમાં નથી એ. એ પર્યાય એની નથી, એ પર્યાયમાં નથી. એ પર્યાયને આધારે રાગ થયો છે એમ નથી. વ્યવહાર આ પર્યાયને આધારે થયો છે એમ નથી. જ્ઞાની વ્યવહારનો સ્વામી નથી. સમજાણું કાંઈ? આહાહા! કેટલું સ્પષ્ટ છે!

આ તો વસ્તુની સ્થિતિનું જ વર્ણન છે. પણ માણસે સાંભળ્યું ન હોય (એટલે એને) એવું લાગે કે અરે! આ તો એકલી નિશ્ચયની વાત છે. પણ એના સાધન? સાધન-ફાધન એ આત્મા પોતે. સાંભળને! એ પર્યાયનું સાધન પર્યાય. પર નહીં. ભક્તિનું સાધન દ્રવ્યને-ગુણને કહેવું એ પણ અપેક્ષિત છે. એ પર્યાયનું સાધન પર્યાય. વ્યવહાર નહીં, દ્રવ્ય-ગુણ નહીં. ભાઈ! આ તો હજી વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં. સમજાણું કાંઈ? ચિદ્વિલાસમાં આવ્યું છે ને. પર્યાયનું કારણ પર્યાય. ૩૨૦ ગાથામાં નથી આવ્યું? મોક્ષ ને મોક્ષના માર્ગનું કારણ દ્રવ્ય નહીં. ભાઈ! આ પર્યાયને શું કરવા નાખો છો? દ્રવ્યને નાખોને? સમજ ને! દ્રવ્યનું કાર્ય તો પર્યાયમાં થાય છેને. સમજાણું કાંઈ? આ દ્રવ્ય છે એ નિર્ણય કોણ કરે છે? અનિત્ય કરે છે. અનિત્ય કરે છે. અનિત્ય વડે નિત્યનો નિર્ણય થાય છે. નિત્ય વડે નિત્યનો નિર્ણય થાય છે? એ બધી વાત સમજવા જેવી છે. એને આધારે ને કારણે પણ કહેવાય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે... અહીં વજન ક્યાં આવ્યું? કે **દુષ્ટ પાપસમૂહથી મુક્તચિત્તવાળો જીવ**... એ જીવ તે શ્રાવક હો કે મુનિ હો, **એ નિરંતર ભક્ત છે, ભક્ત છે**. આહા! ટીકા પણ ગજબ કરી છે ને! આ વાત વ્યવહારના પક્ષવાળાને ગોઠે નહીં, એમ કહે. અહીં ભૂલ કાઢી, પછી કાઢી નાખ્યું કે નહીં, આમાં–ટીકામાં ફેર છે. ફેર છે તારા ચાર ગતિમાં ફરવાનો. અહીં તો, ભવનો અભાવ થાય એ પરિણામને અહીં તો ભક્તિ કીધી છે. આહાહા! જેમાં ભવનો અભાવ થાય અને ભવનો ભાવ જેમાં નથી, એને અહીં ભક્તિ કીધી છે. ઓલા કહે, ભગવાનની ભક્તિ

કરતાં કરતાં મારું કલ્યાણ થાશે. આહાહા! ભારે વાત ભાઈ! ના પાડે ને વળી પાછા ભક્તિ કરે ન્યાં જઈને. ભાઈ! એ તો ભાવ હોય ત્યારે એ બધું દેખાવમાં આવે છે. એવી વાત છે. શું થાય? જગતને સત્યના પડખા સાંભળવા મળ્યા નહીં એટલે એને એવું લાગે કે આ તો એકાંત.. એકાંત છે. અરે! આ તો જૈનશાસનના વ્યવહારનો લોપ થાય છે. જૈનશાસનનો વ્યવહાર જ આ છે. આ સંયમી ને મુનિપણું એ જ વ્યવહાર છે જૈનશાસનનો. સમજાણું કાંઈ? આહાહા! લ્યો, એ ૨૨૦ થયો કળશ. ૧૩૫ ગાથા. વ્યવહારભક્તિ.

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं ॥१३५॥**

ન્યાંય 'પરમભક્તિ' (શબ્દ) વાપર્યો છે પાછો. અહીં પરમ ભક્તિ છેને. વ્યવહારને પરમભક્તિનો આરોપ આપ્યો છે. સાચી વાત છે. એ તો વ્યવહારને આરોપ આપ્યો છે.

**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

આહાહા! **ટીકા : આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.** અહીં પહેલું તો કહ્યું કે વ્યવહારના વિકલ્પથી મુક્ત છે. પણ એને વ્યવહાર વ્યવહારનયથી આવે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી (પૂર્ણ) સર્વજ્ઞ ને વીતરાગ ન થાય, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં રાગ ને વ્યવહાર તો છે જ નહીં એની દશામાં. દ્રવ્યમાં હોય તો એની પર્યાયમાં હોય. એના દ્રવ્ય-ગુણ-પર્યાય—ત્રણેયમાં નથી. પણ જ્યારે પૂર્ણ નથી એટલે આવો એક સિદ્ધભક્તિનો વિકલ્પ ઉઠે છે, એથી વ્યવહારે વ્યવહારભક્તિને કરનારો એમ કહેવામાં આવે છે. એવું... શું થાય પણ આ? આહાહા! મુક્ત છે એને, એ સિદ્ધિભક્તિ કરે છે એમ કહે છે. માળા ગજબ વાત છેને! એય! બાપુ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે ભાઈ! આહાહા!

એનો–કંચનબેનનો પોકાર યાદ આવ્યો આજ. તે દિ' નહીં? શુક્રવારે. આહાહા! ઓ મા! ઓ મા! ગજબ છે, કીધું, જુઓ દશા! ત્રણ લોકનો નાથ ક્યાં અટક્યો છે? આહાહા! એ બંગલા ને એ પૈસા ને ધણી, સાત-આઠ લાખ રૂપિયા, એકલો ધણી રહ્યો. રોવે પછી. આ રાડ પાડે તો ઓલો રોવે. બહાર ભાગી ગયા. પ્રેમ ખરોને, જોઈ ન શકે. આહાહા! અરેરે! એમાંથી નીકળવું... આવું ઘર પોતાનું છે એમ માન્યું છેને. રાગ પોતાનો માન્યો, પોતાનું શરીર ઘર માન્યું અને આ બંગલા ધૂળના. જે એનામાં નથી એને માન્યા એમાંથી નીકળવું ભારે પડશે. આહાહા! કોઈ શરણ નહીં. ડોક્ટરોએ ખુલાસા કરી નાખ્યા. બિલકુલ, આ રોગનો ઇલાજ હવે જરીએ નથી. આ રોગે જ હવે દેહ છૂટવાનો છે. અસાધ્ય છે. આરે જગત! આહાહા!

પૈસા આટલા બધા, બે જણા. એટલા શું, તારા કરોડ ને અબજ હોય તો શું, એ તો ધૂળ છે. આહાહા! શરણભૂત પ્રભુ પોતે અંદર છે. એની નજરુંની ખબર ન મળે અને બહારથી નજર

હઠાવવાની જરૂર છે એની પણ ખબર નહીં. આહાહા! જ્યાં રાગની સાથે એકત્વબુદ્ધિ છે.... ધર્મી રાગથી પૃથક્ થઈ ગયો છે, વિભક્ત છે. સમજાણું કાંઈ? એ તો ત્રીજી ગાથાથી વર્ણવ્યું. હા, એકત્વ-વિભક્ત. વસ્તુ એકત્વ-વિભક્ત છે. ભગવાન આત્મા સ્વભાવથી એકત્વ છે અને વિભાવથી વિભક્ત છે ત્રણેય કાળ. એને–વિભક્તને સહિત માનવું એ જ મિથ્યાભ્રમ, સંસારનું કારણ છે. આહાહા! આ જગતને કઠણ પડે એટલે ક્યાંક માર્ગ બીજો શોધે. ભગવાનની ધૂન લગાવો ભાઈ! ક્યા ભગવાનની પણ? પર-ભગવાનની ધૂન લગાવવા જાઈશ તો રાગ આવશે. અને રાગમાં એકત્વ થઈ જઈશ તો આત્માથી છૂટો પડી જઈશ. રાગથી છૂટો પડવાનો છે એને ઠેકાણે સ્વભાવથી છૂટો પડીશ. આહાહા!

માણસને વૈરાગ્ય થઈ જાય આમ બીજાને જોઈને. આ દશા! આનંદના નાથને આવી પીડામાં ભીંસાઈ જવું, પીડા મારી માનીને. આહાહા! શરીરાદિ નહીં, પણ આકુળતા મારી માની છે ત્યારે એને દુઃખ થાય છેને. આકુળતા જ મારી ચીજમાં નથી. મારી ચીજમાં નથી, મારી શક્તિમાં નથી. ચીજ એટલે શક્તિવાન. અને શક્તિને આશ્રયે થયેલી દશા એમાં આકુળતા-બાકુળતા છે જ નહીં. ક્યાંય આકુળતા ધૂળેય નથી. માને છે. આકુળતા કેવી? અનાકુળ એવો એનો દ્રવ્યનો સ્વભાવ, એનો ગુણનો ને એની પર્યાયનો અનાકુળ સ્વભાવ છે. વસ્તુની આ મર્યાદા છે. હવે મર્યાદા ઓળંગીને આકુળતા મારી માને એ તો તત્ત્વને જાણ્યું નથી, માન્યું નથી, ઓળખ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા! આકુળતા છે મારામાં, એનો અર્થ થયો કે વિકાર છે મારામાં. એનો અર્થ થયો કે વિકાર સહિત છું હું. એનો અર્થ થયો કે હું એક આત્મા આસ્રવતત્ત્વ સહિત છું. આસ્રવતત્ત્વ રહિત છું એમ આવ્યું નહીં. સમજાણું કાંઈ? મારગડા એવા જુદા ભગવાન! તારા નિરાલંબી માર્ગ કોઈ જુદા છે. જેને વ્યવહારની પણ અપેક્ષા નથી. ચાલશે આમાં. સમજાય છે કાંઈ? એના જ અર્થમાં આવશે. જુઓ!

**ટીકા : આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે**. છતાં એની પહેલી વાત એ કરશે કે મુક્તિ પામ્યા કેમ? જે સિદ્ધોની ભક્તિ–વિકલ્પ તું કરે છે, એ સિદ્ધપણું પામ્યા કેમ? **જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત... જે પુરાણ પુરુષો**–અનાદિ સનાતન આત્માઓ **સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુ**... કર્મક્ષયનો ઉપાય, એનો હેતુ. કર્મક્ષયના ઉપાયનો હેતુ **કારણપરમાત્માને**... કર્મક્ષયનો હેતુ મોક્ષનો માર્ગ અને મોક્ષમાર્ગનો હેતુ કારણપરમાત્મા. આહાહા! સમજાણું કાંઈ? જે સનાતન આત્માઓ સમસ્ત કર્મક્ષયનું કારણ... કર્મક્ષયનું કારણ કોણ? નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનું કારણ, કર્મક્ષયનું કારણ. એનો હેતુ કોણ? મોક્ષનો માર્ગ એનું કારણ કોણ? એનું કારણ કારણપરમાત્મા. આહાહા! છેને સામે જુઓને! ઓલા લોકો કહે કે એમણે પોતે અર્થ

ઘણા કરી નાખ્યા. જૈનસંસ્કૃતિ વીંખી નાખી. અરે, ભગવાન! બાપા! તને ખબર નથી ભાઈ! ખબર નથી. એમ તું ધણી થવા જાય, જોખમ છે બાપા! સમજાણું કાંઈ? આહા!

**જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના હેતુભૂત... मोक्खंगयपुरिसाणं** છેને પહેલો શબ્દ? મોક્ષ પાપ્ત પુરુષોનો, એમ. ત્યારે એની વ્યાખ્યા કરી. કે મોક્ષ પામ્યા કેમ? કે મોક્ષનો જે ઉપાય એનું કારણ કારણપરમાત્મા છે. ત્રિકાળ ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એ કારણ (અને) મોક્ષ એનું કાર્ય. અને એનું કારણ મોક્ષનો માર્ગ, એ મોક્ષમાર્ગનું કારણ કારણપરમાત્મા. આહાહા! સમજાણું કાંઈ? છેને એમાં જુઓને! છે કે નહીં? **'સમસ્ત કર્મ'** છે ને? આઠે કર્મના ક્ષયનું કારણ એટલે ઉપાય, એનો હેતુભૂત ભગવાન આત્મા–કારણપરમાત્મા ત્રિકાળી નિત્યાનંદ ભગવાન. એ કારણપરમાત્મા તો હતો, પણ જ્યારે પર્યાય પ્રગટ કરી ત્યારે એને કારણપરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પર્યાય પ્રગટ કર્યા વિના કારણપરમાત્મા શી રીતે થાય? એ તો છે, પણ એના અવલંબે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી નિર્વિકલ્પ સમાધિ, આનંદ.. આનંદ જે નિર્વિકલ્પ તે મોક્ષનું કારણ અને એ આનંદ પ્રગટ્યો એનું કારણ આ આત્મા છે એમ કહેવાય છે. સમજાય છે કાંઈ? આહાહા!

નિશ્ચયની વાત એ સત્ય છે એને લોકોએ સાધારણ કરી નાખી. વ્યવહારની વાત જૂઠી છે, ઉપચારે છે એને વરમાં ચડાવી દીધી મુખ્યમાં. વરરાજા એ. અણવરને વર ઠરાવ્યો. (શ્રોતા : એને ... ક્યાંથી આવે?) ક્યાંથી મળે? ધૂળમાં મળે? આહાહા! પણ વહી સત્ય બાત હૈ. એમને એમ કહે કે ઊંચી બાત હૈ, ઊંચી બાત હૈ. પણ ભગવાન! તું ઊંચો કેટલો છો? તારા ઊંચાનો પાર નથી. એ ઊંચાનો માર્ગ ઊંચો જ હોય. આહાહા! આ જન્મ-મરણના ભવ એને ટાળવાનો ઉપાય, બાપા! ભારે અલૌકિક છે ભાઈ! એને સમજણમાં ને શ્રદ્ધામાં પણ લાવતો નથી અને ગોટા વાળે કે આમથી થાય, આનાથી થાય ને ઢીંકણાથી થાય. ભાઈ! એ ગોટો નહીં ચાલે એમાં. ગુલામ શું, દાસનો દાસ, એ જ હું. દાસનો દાસ પણ નહીં. એ જ હું, રાગ જ હું. પછી પ્રશ્ન ક્યાં આવ્યો એમાં? સમજાણું કાંઈ?

એવા **કારણપરમાત્માને...** ગુલાંટ મારીને કેટલી વાત કરે છે ગાથામાં! જેટલા પુરાણપુરુષો સમસ્ત કર્મક્ષયનું કારણ સેવીને અને એના કારણભૂત **કારણપરમાત્માને અભેદ-અનુપચાર રત્નત્રયપરિણતિથી સમ્યકપણે આરાધીને...** લ્યો, ઠીક. એ ઉપાય જે કીધો હતો એ ઉપાય આ. એવા **કારણપરમાત્માને અભેદ-અનુપચાર**... અભેદ ને અનુપચાર... વસ્તુના સ્વભાવમાં અંતર્મુખ એકાગ્રતા... અનુપચાર (એટલે) ઉપચાર નહીં, આરોપ નહીં, એકરૂપતા. રત્નત્રય પરિણતિ, લ્યો. એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) રત્નત્રયની પરિણતિ એટલે અવસ્થા. અહીં તો ચોખ્ખી (વાત) લીધી છે કે આ પરિણતિ અવસ્થા છે. કહે, નહીં, સમ્યગ્દર્શન

ગુણ છે. સિદ્ધભગવાનના ગુણ કહ્યા છે. અરે ભગવાન! સાંભળને! ભાઈ! કહેશે અહીં આમાં. આવશે એમાં. આવેને.

**અષ્ટગુણરૂપ**... (કળશ) ૨૨૧. **અષ્ટગુણરૂપ ઐશ્વર્ય**... એ વ્યવહાર છે અને ... પર્યાય છે. આહાહા! અત્યાર સુધી જેટલા આત્માઓ મુક્તિને પામ્યા, સિદ્ધપણાને પામ્યા, એ સિદ્ધપણું અભેદરત્નત્રયરૂપી પરિણતિ સમ્યકપણે આરાધીને પામ્યા. **અભેદ અનુપચાર રત્નત્રય પરિણતિ**.... ભગવાન આત્મામાં એકાગ્ર થઈ.. સ્વસન્મુખમાં એકાગ્ર થઈ એટલે પરસન્મુખથી વિમુખતા થઈ ગઈ એમાં. એવો જે ઉપચાર વિનાનો અભેદ નિશ્ચયરત્નત્રય એ સમ્યકપણે **આરાધીને સિદ્ધ થયા**. લ્યો, કારણપરમાત્માને આ રીતે આરાધીને **સિદ્ધ થયા**. ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ ધ્યેય નિત્ય એને અભેદ અનુપચાર પરિણતિથી આરાધીને... 'એને આરાધીને' એમ કીધું. કોને આરાધીને? કારણભગવાનને, ત્રિકાળીધ્રુવને આરાધીને. આરાધવું તો પર્યાય છે. 'ત્રિકાળીને આરાધીને' એનો અર્થ કે ત્રિકાળી સન્મુખ થઈને આરાધ્યો એટલે ત્રિકાળીને આરાધ્યો. સમજાણું કાંઈ?

**અભેદ અનુપચાર રત્નત્રય પરિણતિથી સમ્યકપણે આરાધીને સિદ્ધ થયા.** લ્યો, આ સિદ્ધ થયા. ત્યારે, કહે છે કે આ સિદ્ધ ભગવાનનો વિકલ્પ વ્યવહાર આવશે, પણ એને જાણવા લાયક છે. એનાથી સિદ્ધપદ થાય છે એમ નથી, એમ ભેગું જણાવ્યું છે. સમજાણું કાંઈ? સિદ્ધપદ છે એ તો અભેદ રત્નત્રય ઉપચાર પરિણતિ એવા કારણપરમાત્માને સમ્યકપણે... એવી પરિણતિથી સમ્યકપણે આરાધીને... ત્રિકાળી ભગવાનને આરાધીને હોં. આહાહા! ભારે! બસ એટલી સિદ્ધની વ્યાખ્યા કરી. સિદ્ધની ભક્તિ કહેવી છેને? સિદ્ધ કેવા? કે આવા, એમ. સિદ્ધ થયા કેમ? કે આ રીતે? સમજાણું કાંઈ? બીજી રીતે કહેતા હોય સિદ્ધ, તો એ સિદ્ધને ઓળખતા નથી. સમજાણું કાંઈ? એ તો ક્ષય થયો એમાં. ક્ષયના ઉપાયનો હેતુભૂત... ક્ષય થયો ત્યાં જણાવ્યું નાસ્તિથી. વસ્તુ શું કહેવી?

જિન.. જિન.. જીતવું.. જીતવું કોને? અજ્ઞાન ને રાગને. એને જીતવું છે? અહીં ઠરે છે એટલે એ ઉદય થતાં નથી, એને જીત્યો એમ કહેવામાં આવે છે. જિન શબ્દનો અર્થ જ અહીંથી ઊઠ્યો નાસ્તિથી. આહાહા! શું થાય? વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. સત્યનો આશય અને અભિપ્રાય શું છે, એ શોધે તો એને પ્રાપ્ત થાય એવું છે. એકલા લખાણ ને .... એમાં વાદ કરવા જાય કે એમાં આ આવ્યું જુઓ! આવશે.

આવા સિદ્ધ થયા. **તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને...** એવા સિદ્ધના કેવળજ્ઞાનાદિ ગુણો-પર્યાય... એ પર્યાયને ગુણ કહ્યા. એમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણો એટલે પર્યાયો, એના **ભેદને જાણીને**... ભેદને જાણવો એ વિકલ્પ થયો. આહાહા! ઓલો અભેદ કીધો હતોને અંદર, એનાથી મુક્તિ થાય છે. એને સામે અહીં નાખ્યું. એ કેવળજ્ઞાન-ગુણીના ગુણનો

ભેદ જાણવો એ વિકલ્પ છે. આહાહા! એ રાગ છે. નવા માણસને એવું લાગે. જયંતીભાઈ! નવા માણસ આવ્યા હોય... નવા પહેલા આવ્યા હતાને જુઓને! શું કહે છે આ? રામ જાણે. આહાહા! સિદ્ધના **કેવળજ્ઞાનાદિ ગુણોનો ભેદ જાણીને**... જોયું! સિદ્ધને ન લીધો. સિદ્ધના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને... ખરેખર તો સિદ્ધને જાણવું એ પણ એક વિકલ્પ છે. ગુણભેદને સિદ્ધ કરવા વિકલ્પ સિદ્ધ કર્યો.

**નિર્વાણની પરંપરાહેતુભૂત...** લ્યો, એ મોક્ષની પરંપરા હેતુભૂત... અહીં બધા વળી ગયા. જુઓ! વ્યવહાર મોક્ષનો પરંપરા હેતુ છે. ઓલાનો અર્થ એવો થાય છે. એટલે એનો અભાવ કરીને કરશે, એમ. સાક્ષાત્ કારણ નથી, સાક્ષાત્ તો નિશ્ચયકારણ છે, પણ વ્યવહાર વર્તે છે એનો અભાવ કરીને કરશે પછી એટલે પરંપરાહેતુ કહેવામાં આવ્યો. આહાહા! અભાવ થયો. પરંપરાનો અર્થ જ વ્યવહાર છે. સાક્ષાત્ એ નિશ્ચય ને પરંપરા એ વ્યવહાર. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ લોકો કહે છે બિચારા હોં. હમણાં ખૂબ આવ્યું છે કાલ. બધા અર્થો ફેરવ્યા, આમ કર્યું ને આમ કર્યું. સોમચંદભાઈ એમ કહેતા હતા. ભાઈ! અર્થની રીતની ખબર નથીને ભાઈ! એટલે તને એમ લાગે છે. ભાઈ! અર્થ તો આ જ છે, આમ જ છે. બીજી રીતે છે જ નહીં. સમજાણું કાંઈ? આ નાખ્યું.

પણ તે આ સમકિતીની વાત છે પાછી. વચ્ચે (આવેલા) રાગને પોતાનું માને એને સિદ્ધની ભક્તિ પરંપરાહેતુ છે, એમ નહીં. એ તો અનર્થ છે, નુકશાન છે એને તો. આહાહા! આ તો સમ્યગ્દૃષ્ટિને–અભેદ રત્નત્રયવાળાને આવો જે વિકલ્પ છે એ પરંપરાહેતુ એમ કહેવામાં આવે છે. વ્યવહારથી નિશ્ચય થાય એમ માનનારની અહીં વાત જ નથી. આ તો આત્માને આશ્રયે ભક્તિ થાય એવા જીવને જે આવો વિકલ્પ આવે, એને પરંપરાહેતુ નિમિત્ત કહેવામાં આવે છે. **એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે...** દેખો! આસન્નભવ્ય જીવ કરે છે. એ વિકલ્પ કરે છે... પરિણમન છે એટલે કરે છે એમ કહેવામાં આવે છે. શું થાય? **તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.** લ્યો. **તે મુમુક્ષુને**... જોયું! લીધુંને? આહા! મોક્ષનો કામી, અભેદ અનુપચાર તે મોક્ષનું કારણ માનનારો, વ્યવહારથી મુક્તવાળો જીવ, એને આ વ્યવહારનયે નિર્વાણભક્તિ કહેવામાં આવે છે. વર્તમાન શુભભાવ છે, પછી એને છોડશે ત્યારે શુદ્ધ થશે, એ અપેક્ષાએ વ્યવહાર કહ્યો છે. એનાથી થશે એમ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૧૨, શુક્રવાર, તા. ૧૫-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૨૧ - ૨૨૬, પ્રવચન નં. ૧૫૦**

પરમ-ભક્તિ અધિકાર, ૨૨૧ કળશ છે.

**उद्धूतकर्मसंदोहन सिद्धान् सिद्धिवधूवान।**
**संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्॥२२१॥**

વ્યવહારનયથી સિદ્ધની ભક્તિનું સ્વરૂપ છે. સિદ્ધ ભગવાન એ પર છેને? તેની સ્તુતિનું સ્વરૂપ તે વ્યવહારભક્તિ કહેવાય છે અને આત્માની ભક્તિ નિશ્ચયભક્તિ છે. એ વાત તો આવી ગઈ છે પહેલી. ૧૩૪માં હતું પહેલું. ..... ૧૩૬માં પણ એ જ આવશે. લક્ષથી ... રહિત કહેવાય. આ ગાથામાં અધિકાર તો વ્યવહારનો છે. પણ એની સાથે નાસ્તિ કરશે. ગાથા વ્યવહારની છે. સિદ્ધની ભક્તિ આવે છે ખરીને વચમાં. પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે. ભક્તિનો શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે, એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ?

શ્રોતા : આવે જ કે કોઈને ન પણ આવે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ ના, આવે જ. સાધારણ અંતર્મહૂર્તમાં આવે... એ તો પણ સહેજ બહુમાનનો વિકલ્પ તો આવેને. છઠ્ઠે ગુણસ્થાન આવે ત્યારે વ્યવહારનયથી વિકલ્પ આવી જાય છે. સમજાણું?

**શ્લોકાર્થ :** સિદ્ધ ભગવાન **જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યા છે...** સમૂહને ખંખેરી નાખ્યો છે. કર્મનો ઢગલો છેને. સિદ્ધ ભગવાને કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે, ઝાટકી નાખ્યો છે. પોતાના આનંદસ્વરૂપ અમૃતના અનુભવની દશાથી આઠે કર્મના સમૂહને જેણે નાશ કર્યો, ખંખેરી નાખ્યો છે. **જેઓ સિદ્ધિવધૂના પતિ છે...** મુક્તિરૂપી શુદ્ધ પરિણતિ એના એ સ્વામી છે. એ જગતના સ્વામી નથી. એવા સિદ્ધ ભગવાન **જેમણે અષ્ટગુણરૂપી ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે...** આઠ કર્મનો નાશ થઈ અને જેણે આઠ ગુણો એટલે પર્યાય, એવી આઠ ગુણરૂપી પર્યાયની **ઐશ્વર્ય**-શક્તિ એને **સંપ્રાપ્ત કર્યું છે.**

**અને જેઓ કલ્યાણના ધામ છે.** સિદ્ધ ભગવાન તો એકલા કલ્યાણનું ધામ છે. કહતે હૈં ન. ફલાણા ધામમાં આમ જાઓ ને તીર્થધામમાં જાઓ. કલ્યાણનું ધામ, એ આત્મા પોતે જ કલ્યાણનું ધામ છે. સિદ્ધનું કલ્યાણનું સ્થાન–ક્ષેત્ર એકલો નિરુપદ્રવ શિવસ્વરૂપ એવો એ આત્મા છે. એને (પોતાને) માટે કલ્યાણનું ધામ હોં, બીજાને માટે કલ્યાણનું ધામ વ્યવહારે વિકલ્પથી. એનો આત્મા જ કલ્યાણનું ધામ છે. એકલી નિર્વિકલ્પ આનંદદશા પૂર્ણ ગુણની પરિણતિ જેને

તદ્દન શુદ્ધ થઈ ગઈ છે, સાધકપણું મટીને એકલું સિદ્ધપણું જેને પ્રગટ થયું છે—એ સિદ્ધને ધ્યેય કહ્યું છેને પર્યાયમાં–પર્યાયદૃષ્ટિએ? સિદ્ધપદ એ ધ્યેય છે, સાધકનું સાધ્ય. સાધકપણું, એ મોક્ષનો માર્ગ તે કારણ, સાધક છે.

એવા સિદ્ધ, **કલ્યાણના ધામ છે તે સિદ્ધોને...** આવી રીતે તે સિદ્ધોને ઓળખી 'આવા સિદ્ધ છે' એને જાણી **હું નિત્ય વંદું છું**. છે આ વ્યવહારભક્તિ, પણ એવો ભાવ આવે છે ત્યારે 'હું વંદું છું' એમ કહેવામાં આવે છે. સમકિતી સાધક નિશ્ચયથી તો પોતાને નિત્ય વંદે છે, પણ વ્યવહારથી એવો વિકલ્પ નિશ્ચયની સાથે હોય છે એટલે એને 'હું નિત્ય વંદું છું' (એમ કહેવામાં આવે છે). આ રીતે સિદ્ધની દશાનું સ્વરૂપ જાણીને, આવી એની દશા છે એ દશા મારે સાધ્ય છે (એમ જ્ઞાની જાણે છે). સાધકને એ દશા પ્રગટ્યા વિના છૂટકો નથી. દશા પ્રગટશે જ, એમ. એથી એને–સિદ્ધને નિત્ય વંદું છું, આદર કરું છું. ૨૨૧ (કળશ થયો). હવે, ૨૨૨.

**व्यवहारनयस्येत्थं निर्वृतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।**
**निश्चयनिर्वृतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता ॥२२२॥**

સાથે નાખ્યું છે આ તો. કહે છે, **શ્લોકાર્થ : આ પ્રમાણે સિદ્ધભગવંતોની ભક્તિને વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે...** એ જિનવરે કહી છે (અર્થાત્) એને એવો ભાવ આવે છે એવું જણાવ્યું છે. જિનવર તીર્થંકરદેવે જણાવ્યું છે. સમજાણું કાંઈ? સિદ્ધભગવંતોની એ પ્રમાણે ભક્તિને વ્યવહાર .... છે. પરાશ્રિત તે વ્યવહાર ને સ્વાશ્રિત તે નિશ્ચય. એવા **વ્યવહારનયથી નિર્વાણભક્તિ...** વ્યવહારનયથી મોક્ષની ભક્તિ, એમ કહે છે. ઉપચારથી છે ને? મોક્ષની ભક્તિ જિનવરોએ કહી છે. વ્યવહારનયથી કીધીને? મોક્ષનો માર્ગ બે કહ્યો છેને? કથન–નિરૂપણ બે છેને? અહીં તો એ કહ્યું દેખો! નિર્વાણની ભક્તિ વ્યવહારનયે કહી છે. ભગવાનની ભક્તિથી પણ નિર્વાણ થાય છે એમ જિનવરોએ કહ્યું છે. કઈ અપેક્ષાએ? વ્યવહાર.... આહાહા! આવે ત્યારે એમ જ આવેને. બે કથન આવે. બેય મોક્ષમાર્ગ ને બેય મોક્ષમાર્ગનું ફળ એક મોક્ષ. આનું (-વ્યવહારનું) ફળ બંધન છે. આહાહા! પરંપરા....

**નિશ્ચયથી નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે.** ખરેખર તો નિર્વાણભક્તિ, મોક્ષનું કારણ રત્નત્રયભક્તિને કહી છે. આત્માની ભક્તિ એમ ન કહેતાં રત્નત્રયભક્તિ (કહ્યું). સમ્યગ્દર્શન–નિર્વિકલ્પ આનંદની પ્રતીતિ, નિર્વિકલ્પજ્ઞાન અને નિર્વિકલ્પ રાગ વિનાની લીનતા—એવું નિશ્ચય રત્નત્રય, એ નિશ્ચય નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહાર ને નિશ્ચય બેય વર્ણવ્યા. ઓલામાં એમ કહ્યું છે કે જિનવરોએ કહ્યું છે, અહીં કહ્યું કે રત્નત્રયભક્તિને ભગવાને કહી છે. એમ છેને? આવેને પણ. આહાહા! **निश्चयनिर्वृतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता...** ઓલામાં **प्रोक्ता...**

વ્યવહારનય છે કે નહીં? આવે છે કે નહીં? વ્યવહારથી પણ મુક્તિ છે કે નહીં? એ તો કથનરૂપે આવે છે. આવે છે એમ જણાવ્યું છે. એવો વિનયનો મોહભાવ આવે છે. જેની મુનિદશા સાર્થક થઈ છે અને પોતાને પણ એનો સ્વાદ સાધકદશામાં આવ્યો છે, એને પોતાથી ગુણમાં અધિક છે એનું બહુમાન આવ્યા વિના રહે નહીં, જ્યાં સુધી રાગી છે ત્યાં સુધી. સમજાણું કાંઈ? પૂર્ણ વીતરાગ થયા પછી કાંઈ ન હોય, વ્યવહાર ન મળે. નિશ્ચય પોતાનું સ્વરૂપ ... છે. બેય વાત કરી. વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે, નિશ્ચયથી નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. બેય કહી છે. કથનમાં બે પ્રકારે આવે. વાસ્તવિક ભક્તિ તો નિશ્ચય છે એ જ યથાર્થ ભક્તિ છે. સમજાણું કાંઈ? એ વ્યવહારની ભક્તિ તો રાગ છે, વિકલ્પ છે. છે ખરી, પણ પુણ્યબંધનું કારણ છે. પણ આરોપથી... નિશ્ચય નિર્વાણભક્તિ આત્માની તો રત્નત્રયની છે, એની સાથે આવો વિકલ્પ છે એથી એને આરોપ કરીને કહેવામાં આવે છે. ૨૨૩.

**निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं ।**
**शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः ।।२२३।।**

**શ્લોકાર્થ : આચાર્યોએ સિદ્ધત્વને સમસ્ત દોષથી દૂર...** સિદ્ધ ભગવાન બધા દોષથી દૂર છે, એકલા ગુણની પૂર્ણ પરિણતિ(રૂપ) તેની દશા છે. **કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ છે...** ભગવાનમાં તો કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ અનંત ગુણની પરિણતિ એનું એ ધામ છે. **અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.** સિદ્ધ ભગવાન શુદ્ધોપયોગના ફળ તરીકે પામે છે. વ્યવહારનયથી પામતા નથી એમ અંદર પાછું સિદ્ધ કર્યું. આ કીધું છેને. વ્યવહારનયથી ભક્તિ... **શુદ્ધ ઉપયોગનું ફળ**... આત્મા તદ્દન શુદ્ધ છે એનો શુદ્ધોપયોગ ગ્રહણ કરીને એનાથી મુક્તિ થાય છે. શુદ્ધોપયોગથી મુક્તિ થાય છે. શુભ-ઉપયોગથી મુક્તિ નથી. પહેલે કહ્યું હતું, શુભ-ઉપયોગથી મુક્તિ નથી, શુદ્ધ-ઉપયોગથી છે. વ્યવહારને કહ્યું છે ખરુંને. તો ખુલાસો કર્યો.

**શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.** આત્મા તદ્દન શુદ્ધ નિર્મળ જેને શુદ્ધોપયોગના સ્વભાવ સન્મુખની એકાગ્રતા, ચૈતન્યના શુદ્ધ ઉપયોગનું પરિણમન એનું ફળ સિદ્ધ(પદ) કહ્યું છે. પુણ્યના પરિણામ વ્યવહાર આદિનું ફળ શુદ્ધપણું છે નહીં. **શુદ્ધોઉપયોગનું ફળ કહ્યું છે**. એક-એક ગાથાએ વાત બધી સ્પષ્ટ કરે છે. છતાં વ્યવહારના બોલ આવેને. વ્યવહાર હોય છે ખરો. એટલે એમાં કહે કે જુઓ! આ વ્યવહારથી પણ મુક્તિ થાય. જુઓ! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે. બે મોક્ષના માર્ગ (છે અને) બેથી મુક્તિ થાય છે. એ તો આરોપિત કથન છે. બીજું શું? આવું એમાં નિમિત્ત હોય છે, વિકલ્પ એ જાતનો હોય છે એમ જણાવ્યું છે. ૨૨૪. બહુ નાના નાના કળશ છેને. અંદર....

**ये लोकाग्रनिवासिनो भवभवक्लेशार्णवान्तं गता**
**ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः ।**
**ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः**
**तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान् ॥२२४॥**

**શ્લોકાર્થ : જેઓ લોકાગ્રે વસે છે...** સિદ્ધ ભગવાન લોકને અગ્રે રહે છે. ક્ષેત્ર નથી કહ્યું (એમ નથી). એ વ્યવહાર નક્કી કર્યુંને. જેઓ **ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે...** આહાહા! **ભવભવના ક્લેશ**... સિદ્ધ સિવાય ચાર ગતિમાં ભવભવનો ક્લેશ છે. નારકી, મનુષ્ય, ઢોર ને દેવ ભવ-ભવના ક્લેશ છે. સંયોગ પ્રતિકૂળ હોય ને દુઃખી છે એ જુદી વાત છે, પણ એમાં ક્લેશ–આકુળતાનો ભાવ છે એ જ ભવભવનો ક્લેશ છે. અનુકૂળતા હોય અને એમ માને કે અમે સુખી છીએ.—એમ નથી, એ વખતેય દુઃખી છે. આત્માના આનંદથી ચાર ગતિનો વિપરીત ભાવ એ બધો ક્લેશકારક છે, દુઃખદાતા છે. એના ક્લેશથી...

**ભવભવના ક્લેશરૂપી સમુદ્ર**... અપાર ક્લેશ.. આમ જરીક પ્રતિકૂળતા હોય તો રાડેરાડ નાખે. અનુકૂળતા આવે ત્યારે (દુઃખ) નથી (માનતો), પણ અનુકૂળતા વખતે પણ દુઃખ છે. ભવભવનો ક્લેશ જ છે બધે. આહાહા! પ્રતિકૂળતા આવે, .......... થઈ જાય અંદરમાં હોં. એનો સંબંધ નથી. એનું મૂળ જે અંદર રાગ છે એનું એને દુઃખ છે. અહીં કહે છે, ભવભવનો ક્લેશ જ છે બધે. એવો જે સમુદ્ર એના પારને પામ્યા છે (અર્થાત્) ક્લેશનો અંત લીધો છે જ્યાં. એકલો આનંદને સાધ્ય કર્યો છે. આહાહા!

**જે નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...** જે મુક્તિરૂપી સ્ત્રી એનો પુષ્ટ આનંદ, એના આલિંગન (અર્થાત્) એનું અનુભવવું–આનંદનો અનુભવ, એનાથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે એ તો. એકલા આનંદની ખાણ છે. પુષ્ટ સુખ થયું છે, પર્યાયમાં હોં. આહાહા! અતીન્દ્રિય આનંદ સિદ્ધભગવાનની પર્યાયમાં પુષ્ટ.. પુષ્ટ–પૂર્ણ થયું છે. **જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન....** લ્યો, **કૈવલ્યસમ્પદાના મોક્ષસમ્પદાના મહા ગુણોવાળા છે...** કેવા છે ભગવાન? આહા! **જેઓ શુદ્ધાત્માની ભાવના**... જુઓ! અહીં અર્થ આવ્યો. ભાવના એટલે ચિંતવના, કલ્પના એમ નહીં. શુદ્ધાત્મપ્રભુ પૂર્ણ શુદ્ધ નિર્મળ એવો જે આત્મા એની એકાગ્રતા, ભાવના નામ સન્મુખની એકાગ્રતા. એનાથી ઉત્પન્ન... દેખો! કેવળજ્ઞાન એનાથી ઉત્પન્ન થયું છે. શુભભાવની ક્રિયા ને વ્યવહારથી નહીં. આહાહા!

**શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદા**... એકલી મોક્ષની સંપદા... પરિપૂર્ણ પર્યાયમાં કેવળજ્ઞાન આવ્યું, કૈવલ્ય એટલે સંપૂર્ણ. કેવળ એટલે એકલી સંપદા આત્માની, મોક્ષની સંપદા, એમ. એવા પર્યાય એટલે ગુણવાળા... અહીં પર્યાયને ગુણ કહ્યો છે. એટલા શબ્દમાં તો મોક્ષનું કારણ, મોક્ષ બેય મૂક્યા છે. શુદ્ધાત્માની ભાવના કહો, શુદ્ધ ઉપયોગ કહો,

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહો—બધી એક વાત છે. આ વાત સામાન્ય માણસને એવી લાગે કે આ બધો વ્યવહાર ઊડી જાય છે, એકાંત છે એમ કહે છે. ઉપાય, એ તોડશે ત્યારે ઉપાય સમજશે.

.... આવ્યું હતું. મખ્ખનલાલનું લખાણ છે ખૂબ. નાગપુર ગયો હતો, જબલપુર ગયો હતો. શિવની ન્યાં મુમુક્ષુ છે, સાત-આઠ સજ્જન હશે. સાંભળવા આવતા હતા. એની સાથે ભલામણ કરી કે સ્થાનક ... એનું છોડી દો. ગામમાં ગયા હશે પર્યુષણમાં. ..... પાસે એકલું શિવની..... નાગપુર, જબલપુર. સાત-આઠ સજ્જનો સમયસાર વાંચે છે એકલા. વ્યાખ્યાનમાં કહ્યું હતું, કુંદકુદાચાર્યની આમ્નાયને માને છે. એનો અર્થ કે સોનગઢવાળા કહે છે એ કુંદકુંદાચાર્યની આમ્નાયથી વિરૂદ્ધ છે. આ કહે કે વ્યવહારથી, નિમિત્તથી લાભ થયો છે એ ક્યાં છે? .... કુંદકુંદાચાર્યની આમ્નાયમાં .... શ્રદ્ધા કરો ને આ શ્રદ્ધા છોડી દો, એમ. કહો, કોમલજી! આહાહા! કુંદકુંદાચાર્ય આ શું કહે છે. કુંદકુંદાચાર્ય કહે છે એનો મુનિ અર્થ કરે છે. આહાહા!

**શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્ય...** એમ તો અહીં કહે છે. હવે શું આનાથી બીજું માનવું? શુદ્ધોપયોગનું ફળ કેવળજ્ઞાન કહે છે. રાગનું ફળ વીતરાગતા અપૂર્ણ અને અપૂર્ણ વીતરાગતાનું ફળ પૂર્ણ વીતરાગતા છે. ખબર નથી કાંઈ એને. પોતાની શક્તિથી વિરુદ્ધ જે ભાવ આવે એ મુક્તિ–આત્માની શાંતિને કેમ વધારે? એ પોતે દુઃખરૂપ છે. આહા! એને અહીંયા વ્યવહારથી ભક્તિ કહેવામાં આવે. ભાઈ! વ્યવહારના કથનો જ એવા છે. એમ કે ભગવાન પણ આમ કહે છે વ્યવહારને કે વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી....

**શુદ્ધાત્માની ભાવનાથી**... બહુ ટૂંકી વાત. પોતાનો આત્મસ્વભાવ શુદ્ધ છે, આત્મા ત્રિકાળ પવિત્ર છે, એની ભાવના–એની એકાગ્રતા. એ તો સ્વસન્મુખ થાય તો એકાગ્ર થાય ને પરસન્મુખતાથી વિમુખ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું વલણ એ પર-સન્મુખતા છે. એ કાંઈ સ્વ-સન્મુખતા નથી. ઝીણું ભારે! એ પાપના પરિણામ બહારના ચારિત્રમોહના હોં, દર્શનમોહના પાપના પરિણામ તો ઉગ્ર એ જ મહા પાપ છે. પણ અશુભ પરિણામના પાપ છોડાવવા એનાથી–(શુભથી) લાભ થશે એમ કહીને મિથ્યાત્વની પુષ્ટિ કરે અને એમ માને કે મિથ્યાત્વનો એનાથી નાશ થશે. સ્વભાવથી સ્વભાવને લાભ થાય કે વિભાવથી સ્વભાવને લાભ થાય? આહાહા!

જેણે **શુદ્ધાત્માની ભાવના**... પૂર્ણ પવિત્ર ભગવાન આત્મા એ પરમેશ્વર જ છે પોતે, એને આત્મા કહેવાય છે. અપૂર્ણ અવસ્થા, રાગ જે ખરેખર આત્મા નથી. રાગ તો આત્મા નથી, પણ અપૂર્ણ અવસ્થા એ પણ આખો આત્મા નથી. આહાહા! એથી કહે છે, **શુદ્ધાત્માની ભાવના** (એટલે) એની એકાગ્રતા. ધ્રુવસ્વરૂપનું જ્ઞાન એનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદા એ બધા **મહા ગુણોવાળા છે**. કઈ દશાથી કેવળ પામે એ પણ સાથે ને સાથે વાત કરે છે. એકલા સિદ્ધના

વખાણ કરે 'સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ..' પણ સિદ્ધ થયા કેમ? એનો ઉપાય શું? એ ઉપાયને સાથે વર્ણવતા જાય છે. આહાહા!

એક જણાએ ચેતવણી આપી, ચેતો.. ચેતો હવે, નહીંતર આ બીજો પંથ ઊભો થઈ જશે. આહાહા! ભગવાન! પણ આ .... છે? બાપા! આ પંથ કોનો છે? તારો પંથ તારા ભાવથી–સ્વભાવથી પ્રગટ થાય છે એ વાત છે. એમાં ક્યાં ...? રસ્તો એની જાતનો રસ્તો હોયને. એની જાત જ્યાં જાવું છે એના સન્મુખ થઈને જાયને. ત્યાં પૂંઠ દઈને જાતો હશે? જેની કોર જાવું હોય એની સન્મુખ થઈને જાય, એમ આત્માની પૂર્ણ પવિત્રતા તરફ જાવું છે એને પવિત્રતાની સન્મુખમાં–પૂર્ણ પવિત્રતાની સન્મુખતાની પર્યાયથી જ ત્યાં જવાય. એની સાથે વિકલ્પને કાંઈ સંબંધ છે નહીં. એ ખરેખર તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ને એના આત્માને સ્વભાવસંબંધ શું છે? આહાહા! બહુ ગરબડ ખૂબ ચાલી છે.

**તે પાપાટવીપાવક (પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન)...** પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન. વળી પાછું અહીં પાપમાં પુણ્ય ને પાપ નાખવું? પાપરૂપી વનને બાળવામાં નિમિત્ત અગ્નિ સમાન છે. **એવા સિદ્ધોને હું પ્રતિદિન નમું છું.** લ્યો, ઠીક. મુનિ પોતે કહે છે હોં, મારામાં મારા સ્વભાવની સન્મુખતાનો જે ભાવ છે એની સાથે આવો વિકલ્પનો ભાવ વસે છે. વિકલ્પનો આશ્રય પર છે એથી પ્રતિદિન એવા વિકલ્પથી એને બંધન (થાય છે). પ્રતિદિન હું... હું એટલે આત્મા. નમું છું એના તરફ એ તો વિકલ્પ છે. આહાહા! જૈનની શબ્દોની..... હું એટલે તો આત્મા, ધ્રુવ ચિદાનંદ તે હું. સમજાણું કાંઈ? એ તો પર્યાયમાં આવતો નથી. શું કરે પણ કથની?

**પાપાટવીપાવક એવા સિદ્ધોને... (પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) એવા સિદ્ધોને હું...** એનો અર્થ કે મારામાં–પર્યાયમાં એ જાતનો વ્યવહારનો વિકલ્પ ઉઠે છે. હું એટલે ત્રિકાળમાં એ નથી. સમજાણું કાંઈ? જેના આશ્રયથી નિર્મળતા પ્રગટે એ જ હું. જેના આશ્રયથી પ્રગટે પરિણતિ, જે આશ્રયથી પ્રગટે એ હું. ખરેખર તો એ પરિણતિ પણ હું પૂરો નહીં. પણ કથન શું કરવું? વ્યવહારનયનો વિષય છે સિદ્ધ ભગવાન. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધના સન્મુખના પરિણમનમાં આવો એક વિકલ્પ સાથે ઊભો થાય છે. છે, હોય છે, કરે છે—એમ પણ (એને) વ્યવહારનયથી કહેવાય છે. બાકી તો સહજ તે પ્રકારના પરિણામોનો રાગભાવ હોય છે.

એને **પ્રતિદિન નમું છું** લ્યો. ઓલામાં હતું '**નિત્ય વંદું છું**'. ૨૨૧ (કળશ). પ્રતિદિન (એટલે) દરેક કાળે. મારું પૂર્ણ સ્વરૂપ જેના તરફ મારું વલણ છે, છતાં પૂર્ણતા નથી એટલે મારું વલણ સિદ્ધ ભગવાન પ્રત્યે પણ જાય છે. એને હું નમું છું. 'નમું છું' એ તો વિકલ્પ છે. એ પંડિતજી! પ્રતિદિન વિકલ્પ છે. પ્રતિદિન મારો આશ્રય તો ત્રિકાળી છે. મારો આશ્રય ત્રિકાળીનો છે, પણ પર્યાયમાં જે નમ્રતા આવી છે એમાં આવો ભાવ, પૂર્ણતા નથી તો વચ્ચે આવી જાય છે.

અર્થો ખોટા કરે, એમ કહે છે. પણ આમાં શું કરે ત્યારે? આત્મદ્રવ્ય છે એ પર્યાયમાં આવે છે? દ્રવ્ય એ પરને નમે છે? કેવળજ્ઞાનાદિ અનંત પર્યાય પ્રગટી હોય તો પણ દ્રવ્યને લાભ છે કાંઈ?

જેને 'હું' કહીએ. ખરેખર 'હું' આવ્યું હતુંને? ખરેખર આત્મા આ છે, નહીં? શુદ્ધ-ઉપયોગ અધિકાર. ખરેખર આત્મા એને કહીએ કે જે સંવર-નિર્જરા-મોક્ષ ને આસ્રવ-બંધથી ભિન્ન છે એને આત્મા કહીએ. છઠ્ઠી ગાથામાં એને–જ્ઞાયકને આત્મા કહ્યો. પ્રમત્ત-અપ્રમત્તમાં કોઈ પર્યાય બાકી રાખી નથી. બધી પર્યાયથી ભિન્ન છે. ભીખાભાઈ! બધી પર્યાયથી ભિન્ન છે. છતાં અહીંયા કહે છે કે **હું પ્રતિદિન**... એ જાતનો બહુમાનનો વિકલ્પ બહારથી છે, હોય છે. નિશ્ચયને તો પ્રતિદિન (નમન) છે, પણ વ્યવહારને પ્રતિદિન નમું છું એમ કહ્યું છે. તકરાર કરે એમ કરીને વાંધા ખોટા. **પ્રતિદિન વંદુ છું**. ૨૪ કલાક? ૨૪ કલાક તો અંદર એકાકાર ચાલે છે. એ જ ખરેખરી પરિણતિ તો અંદરની શુદ્ધ છે, નિત્ય છે, પણ અહીંયા પર્યાયમાં કોઈવાર વિકલ્પ આવે છતાં એને નિત્યનો આરોપ કરીને કહ્યું છે. એવી વાત છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રાર્થ કરો, આમ કરો. એને ક્યાં પાર પડે આ? અનુભવની વાતું... અંદરમાં નિજઘરની વાત. એ કાંઈ પરઘરની સાથે લઈને નિજઘર ચલાતા હશે? આમ ગાય કે બળદ હોય છેને તોફાની? લાકડા નથી નાખતા? એને દેડો કહે અમારે. ગાય કિ બૈલ હોતા હૈ ન. ગાય-બૈલ નહીં હોતે? લાકડા નાખે અહીંયા બાંધીને. બહુ તોફાન કરતા હોય, એકદમ વયું જાય... આમ લાકડું મારેને, બે પગ વચ્ચે મોટું લાકડું. દેડો કહે આપણી ભાષામાં. એની બીજી ભાષા હશે. બહુ દોડી ન શકે, લાકડું બે પગ વચ્ચે અથડાય ને બહુ ન દોડી શકે. હળવે-હળવે ચાલે આમ. વચ્ચે લાકડું આવે આમ.

નિત્ય–પ્રતિદિન આત્મામાં નમેલો હું, એને વિકલ્પમાં પણ હું પ્રતિદિન નમું છું. સાથે ને સાથે લાકડું ભેગું છે. અહીં ભગવાન કુંદકુંદાચાર્યે પણ 'વંદિતુ સવ્વસિદ્ધે' લીધું છેને? એ તો વ્યવહારથી કહ્યું છે. છતાં એ વ્યવહારનો અર્થ નિશ્ચયમાં નાખ્યો પોતે–ટીકાકારે. સર્વ સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપું છું. સર્વ સિદ્ધો એને મારા હ્રદયમાં સ્થાપીને, શ્રોતાના હ્રદયમાં પણ સ્થાપું છું, એમ કહે છે. તું પણ સિદ્ધ સમાન છો એમ નક્કી કર. એવા લક્ષે સાંભળ, એમ કહે છે. સમજાણું કાંઈ?

કેવળીની વાણી એનાથી લાભ ન થાય તો પછી કેવળીની વાણી સાંભળવી શું કરવા? ભાઈ! ભાવ એવો છે. એવો વિકલ્પ બહુમાનનો, અસંગપણું જેને પૂર્ણ પ્રગટ્યું અને આત્માનું અસંગપણું જેને અનુભવમાં આવ્યું એને અસંગપણું પૂર્ણ પ્રગટ્યા એના બહુમાન આવ્યા વિના રહે નહીં. વસ્તુની સ્થિતિ છે, પણ છતાં છે તો પુણ્યબંધનું કારણ. અહીં તો, પ્રતિદિન નમું છું એમ છેને? નિશ્ચયમાં પ્રતિદિન ને વ્યવહારમાંય પ્રતિદિન. શું કીધું એ? ભગવાન આત્મા, જ્ઞાન

ને આનંદનો પિંડ પ્રભુ એમાં મારૂં નિત્ય.. નિત્ય–કાયમ વલણ છે. એ વલણનો વિકલ્પમાં આરોપ કરીને નિત્ય પ્રતિદિન વંદુ છું એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ૨૨૪ (થયો. હવે), ૨૨૫.

**त्रैलोक्याग्रनिकेततान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्**
**मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान् ।**
**सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्**
**नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान् ॥२२५॥**

**શ્લોકાર્થ : જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે...** સિદ્ધ ભગવાન ત્રણ લોકના માથે શિરછત્ર છે. વિકલ્પ છેને? **જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે...** એ ભાવ લીધો. ઓલું ક્ષેત્ર લીધું પહેલું. સિદ્ધ ભગવાન એનું ક્ષેત્ર ક્યાં? કે ત્રણ લોકને અગ્રે છેલ્લે. એ વાત કેવળજ્ઞાની જૈન સિવાય બીજે વાત નથી. ક્ષેત્ર બતાવતા લોકનો અગ્ર, એમ. મોક્ષ થઈ જાય તો આમ ફેલાઈ જાય, અહીંયા વ્યાપક થઈ જાય—એમ નથી. **ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે**... જગતના પ્રાણી કરતાં—ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વના ધરનાર કરતાં—પણ પર્યાયમાં મોટા છે. એ ભાવ લીધો. ઓલું દ્રવ્ય લીધું બાહ્ય ક્ષેત્ર. **જેઓ ગુણમાં મોટા છે**... શું કહ્યું સમજાણું? એની પર્યાય પરિપૂર્ણ છે. આખી દુનિયામાં નથી એવી એની પર્યાય છે. પરિપૂર્ણ.. પરિપૂર્ણ.. પરિપૂર્ણ..

**જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે... ज्ञेयाब्धिपारंगतान्**.. આહાહા! અનંત-અનંત લોક-અલોક આદિ ભેગું થઈને અનંત પ્રદેશ, અનંત કાળ એવા સર્વ જ્ઞેયને પારંગત થઈ ગયા છે. **જ્ઞેયરૂપી મહાસાગર**.. ઓહોહો! જાણવાયોગ્ય એવા જે જ્ઞેય એનો તો મોટો દરિયો છે, કહે છે. લોકાલોક જેનું ક્ષેત્ર, ત્રણ કાળ જેટલો કાળ, એકેક દ્રવ્યના અનંતા ભાવ–ગુણ, એકેક ગુણમાં અનંત-અનંતી પર્યાય થવાની શક્તિ—એવા બધાને પારંગત થયા છે. આહા! બધું જણાઈ ગયું છે એમ કહે છે. **જ્ઞેયરૂપી મહાસાગર**... ભાષા વાપરી છેને! લોક કેટલો? અલોક કેટલો? અનંત દ્રવ્યો, અનંત એના ભાવો, અનંત એની પર્યાયો, એકેક પર્યાયમાં અનંતી-અનંતી અવિભાગશક્તિ છે દશા. એકેક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. સૂક્ષ્મ છે. એવો જે જ્ઞેયરૂપી મહાસાગર એના પારને પામ્યા છે (અર્થાત્) અનંતને અનંત રીતે જાણી લીધું છે એમ કહે છે. આહાહા! કેટલાક કહે, અનંતને જાણી લ્યે તો અંત આવી ગયો. સર્વજ્ઞ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, એમ નથી.

**જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે, જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના...** મુક્તિ નામ પૂર્ણ આનંદ એ રૂપ જે દશા એવી જે સ્ત્રી... ઉપમા આપી એને. **મુખકમળના સૂર્ય છે...** સૂર્ય ઉગે ને જેમ કમળ ખીલે, એમ સિદ્ધ ભગવાનનું ધ્યાન કરનારને મુખકમળના સૂર્ય સમાન છે. એ આત્માનું કમળ–જ્ઞાનરૂપી કમળ ખીલી જાય. ભગવાનનું ધ્યાન કરે... એ ખરું ધ્યાન તો પોતાનું

છે. ભગવાન લક્ષમાં પહેલા આવતા હશે (તેથી સૂર્ય) કહેવામાં આવે છે. **મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે**... મુખરૂપી કમળ... મુક્તિરૂપી લક્ષ્મી... આ પૈસારૂપી લક્ષ્મી નહીં એમ કહે છે. બે જાતની નહીં, એક જ જાતની છે આ. આહાહા! આ મુંબઈમાં તો એવું લાગે આ માળા..... ક્યાંય ક્ષણ (પૂરતી પણ) શાંતિ ન મળે. આમ મોટરું ચાલે, બિચારા ઊભા રહે, વચ્ચે થોડો આંતરો હોય તો એકદમ ચાલે. વળી ઊભા રહે પછી એકદમ ચાલે. આહાહા! કૂતરા જેવા અવતાર. ..... મોટા મકાનમાં ઊભા હોય ને પંખા ચાલે... ધૂળેય નથી. આહાહા! લક્ષ્મી, પરની લક્ષ્મીમાં તો પોતે લૂંટાઈ જાય છે. આહાહા! મોટા શેઠિયા.. આહાહા.. કરોડો રૂપિયા, મકાન, માથે પંખા....

એના મુખકમળના સૂર્ય છે, એમ. આહાહા! લક્ષ્મીરૂપી (સ્ત્રીના) મુખકમળ, એમ. એની દશાને ખીલવે છે. **જેઓ સ્વાધીન સુખના સાગર છે...** અંતર આનંદ પ્રભુ પૂર્ણાનંદના સાગરના સ્વામી છે. **સ્વાધીન સુખના સાગર છે**... (સિદ્ધ) આગળ જઈ ન શકે એટલું દુઃખ હશે કે નહીં? ધર્માસ્તિકાય નથી તો સિદ્ધ આગળ ન જઈ શકે. જાય છે? એટલી પરાધીનતા ખરી કે નહીં? ક્યાંય જાવું નથી. જાય ક્યાં? ન્યાં જ રહેવાનું છે. અહીં તો કહે છે કે મહા સુખના, સ્વાધીન સુખના સાગર છે. ત્રણ શબ્દ છે. સ્વાધીન-સ, સુખ-સ, સાગર-સ. **સ્વાધીન સુખના સાગર છે**... આહાહા! આ પૈસાવાળા ને બાયડી-છોકરા અનુકૂળ હોય તો સુખી છે. ધૂળમાંય નથી, દુઃખી છે બિચારા. સમજાણું કાંઈ?

**જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ કર્યા છે...** વ્યવહારથી કહ્યાને. નિશ્ચયથી બધા ગુણો પરિણતિરૂપ થઈ ગયા છે. જેમણે અષ્ટ ગુણો એટલે આઠ પર્યાય એને સિદ્ધ નામ પ્રાપ્ત કર્યા છે. આહાહા! પૂર્ણ પર્યાય જેને પ્રાપ્ત થઈ એ એની લક્ષ્મી છે. આહાહા! **જેઓ ભવનો નાશ કરનારા છે...** ભવનો નાશ કરી નાખ્યો છે. 'કરનારા છે'નો અર્થ કે ભવનો નાશ જ થઈ જાય છે. એ આગળ આવશે શ્લોકમાં. આવી ગયુંને આપણે કે ભવનો પરિચય નથી. આવી ગયું પહેલું. વસ્તુસ્વભાવ–ત્રિકાળી દ્રવ્યસ્વભાવને ભવનો પરિચય નથી. ભવ છે કે નહીં—એની પરિચયની દશાની જેને ખબર નથી. શક્તિરૂપે ખબર છે કે હું જાણનાર-દેખનાર મુક્તસ્વરૂપ છું. સમજાણું? પણ આ ચાર ગતિનું રખડવું એનો દ્રવ્યને પરિચય જ નથી. આહા! ગજબ વાત છેને! પર્યાયમાં પરિચય છે, પણ પર્યાય એની ચીજ નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાન ધ્રુવ દરિયો... એ '**ण वि होदि अपमत्तो ण पमत्तो**' આવે છે ને? જ્ઞાયકભાવ... ન્યાં પ્રમત્ત-અપ્રમત્ત બધું કાઢી નાખ્યું છે. ક્યો ભાવ બાકી રાખ્યો? ચૌદમું ગુણસ્થાન કાઢી નાખ્યું. બધી પર્યાય કાઢી નાખી. આહાહા!

એવો મહાસાગર ચૈતન્યદરિયો એના સ્વાધીનસુખના એ ભોગવનારા છે. સાગર છે. **જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ કર્યા છે**... આઠ ગુણપર્યાયને પ્રાપ્ત (એટલે) આઠ ગુણ છેને, એને

પ્રાપ્ત કર્યા છે, એમ કહે છે. **જેઓ ભવનો નાશ કરનારા છે**... આહાહા! ભવનો નાશ જ કર્યો છે જેણે. ભવ છે નહીં. તો આત્મામાં પણ ભવનો નાશ કરવાનો સ્વભાવ છે. નાશ કરવું એ પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? ભવ કે ભવના ભાવ—એ વિનાનો... ભવ એ વિનાનો આ ભાવ, એ ભવમાં કર્મનો તો નાશ કરનારા છે. **અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે...** આઠ કર્મનો સમૂહ છે એને તો બાળીને રાખ (કરી). રાખ એટલે પરપરિણતિ થઈ ગઈ છે, એમ. કર્મની પર્યાય રહી નથી.

**સમૂહને નષ્ટ કરેલ છે, તે પાપાટવીપાવક (પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી)...** તે નિત્ય છે. આહાહા! ભગવાન તો નિત્ય છે એ અપેક્ષાએ પર્યાય ખસી જવાની નથી. નિત્ય કાયમ રહેનાર છે. પૂર્ણ નિર્મળ પરિણતિ પ્રગટ થઈ એ નિત્ય-કાયમ સાદિ-અનંત રહેનાર છે. જેઓ ભવનો નાશ કરનારા છે. કરનારા છે એટલે હવે ભવ છે અને ભવનો નાશ કરનારા—એમ નથી. **અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે**... વળી કહે કે રાગનો નાશ થઈ શકે નહીં. અરેરે! (સમયસાર) ૩૪મી ગાથામાં આવ્યું કે નહીં? રાગના નાશનો કર્તા આત્મામાં નામમાત્રથી છે. અહીં કહે છે, સિદ્ધ ભગવાને આઠ કર્મનો નાશ કરી નાખ્યો છે. આહા! એ કહ્યું છે. નિમિત્તથી વાત છે ત્યાં. પર્યાયના સંબંધમાં રાગ અને પર્યાયને સંગ હતો, એ સંબંધ તોડ્યો છે. હતો એની વાત કરી છે. પર્યાયને રાગ સાથે સંબંધ હતો, દ્રવ્યની સાથે કાંઈ સંબંધ છે નહીં. વસ્તુ જે દ્રવ્ય ત્રિકાળ એને તો રાગનો સંબંધ છે નહીં.

**અષ્ટ ગુણોને** નિત્ય **સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે, જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મો સમૂહને નષ્ટ કરેલ છે**... આઠ કર્મના સમૂહને નષ્ટ કરેલ છે... નષ્ટ કરેલ છે. નાશ કરનારા છે એનો અર્થ કે એનામાં છે નહીં. તે **પાપાટવીપાવક (પાપરૂપી અટવીને બાળવામાં...** પાપ-પુણ્યનું તો .... છે બધું. એને બાળવામાં અગ્નિ સમાન છે. **નિત્ય સિદ્ધભગવંતોનું...** એ સિદ્ધ ભગવાન નિત્ય છે એમ કહે છે. છે તો એની પર્યાય, પણ એ કાયમ-નિત્ય રહે છે. દ્રવ્ય-ગુણે તો નિત્ય છે, પર્યાયે પણ નિત્ય થઈ ગયું. એવી ને એવી કાયમ રહેવાની છે. પલટન ભલે હો, પણ પાછી પડવાની કે અપૂર્ણ થવાની નથી.

એવા **નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું**... એવા સિદ્ધ ભગવંતોનું **હું નિરંતર શરણ ગ્રહું છું.** લ્યો, ભીખાભાઈ! આ વ્યવહાર આવ્યો. 'સિદ્ધા શરણં' આવે છેને મંગલિકમાં? શરણ ગ્રહું છું. 'મારું શરણ ગ્રહું છું' એ એમનો શબ્દ છે. નિશ્ચયથી તો એમ છે. કેવળીની સ્તુતિ એટલે પોતાની સ્તુતિ એ કેવળીની સ્તુતિ, એમ લીધું છેને? અહીં તો વ્યવહાર બતાવવો છે. સામે સિદ્ધ ભગવાન છેને બીજા. બીજા દ્રવ્ય છે, ઉત્કૃષ્ટગુણે પરિણમન છે, પોતાને-સાધકજીવને બહુમાનનો પ્રસંગ છે. એથી કહે છે કે પાપરૂપી અટવી... પાપરૂપી અટવી એને બાળવામાં અગ્નિ સમાન છે. **નિત્ય સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું**. નિરંતર મારા સર્વ

ગુણોના શરણથી સિદ્ધ ભગવંતનું શરણ છે. આમ વિકલ્પ આવે... આમ જ્યારે નિરંતર છે એટલે આમ પણ નિરંતરનો આરોપ આવે છે. **હું નિરંતર શરણ ગ્રહું છું**.

'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' આવે છેને? 'સાહૂ શરણં, કેવલી પણત્તો ધમ્મો શરણં'. આ શરણ જો હોય તો બીજા શરણ વ્યવહારે કહેવાય. **હું નિરંતર શરણ ગ્રહું છું**. સિદ્ધ ભગવાનનું શરણ ગ્રહું છું. ભગવાન તો બહુ દૂર રહ્યા. પોતાનો આત્મા છેને, એનું શરણ ગ્રહું છું એવો વિકલ્પ છે તો 'એને ગ્રહણ કરું છું' એમ કહેવાય. **નિરંતર શરણ ગ્રહું છું**. આહાહા! વ્યવહાર ને એના કથનોમાં વ્યવહાર આવ્યા વિના રહે નહીં. વ્યવહાર આવે એને એમ માને કે આ પણ ધર્મનું સાધન છે, (તો મિથ્યાત્વ છે). પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન સિદ્ધ ભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું, એમ. ૨૨૬

**ये मर्त्यदेवनिकुरम्बपरोक्षभक्ति-**
**योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः ।**
**सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-**
**पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः ॥२२६॥**

**શ્લોકાર્થ : જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે...** અરિહંત હતાં ત્યારે પ્રત્યક્ષ ભક્તિ (એની) કરતા, એમ કહે છે. સિદ્ધ થયા એટલે હવે પરોક્ષ ભક્તિ છે. દેવોના અને મનુષ્યોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે. પરોક્ષનો અર્થ 'દૂર' છે ને. વાણી નથી. નજીકનો સમૂહ ... હોય તો એ વ્યવહારે પ્રત્યક્ષભક્તિ કહેવાય. વ્યવહારે પ્રત્યક્ષભક્તિ... પોતાની ભક્તિ છે એ નિશ્ચયભક્તિ છે. અમે તો આ મુનિ કેવા છીએ, એ સ્પષ્ટ કરે છે. હંમેશા, શ્રાવકના છ આવશ્યકમાં આવે છેને? એ પણ કહે છે કે પુણ્યનું કારણ છે, સંવર-નિર્જરા નહીં. આહાહા! સિદ્ધ ભગવંતોને હું.... ....થઈ ગયા કે હું તો ખરેખર દ્રવ્યસ્વભાવ છું. સંવર-નિર્જરા-મોક્ષ પણ હું નહીં. 'હું નહીં' એમ જાણનાર કોણ છે? પર્યાય. હું આ નહીં.. હું આ નહીં. 'હું આ નહીં' એ જાણે કોણ? એ તો પર્યાય થઈ. પર્યાય કહે છે કે હું આ નહીં એટલે આ હું (ધ્રુવ). આ હું.. પોતે 'પર્યાય' એ હું નહીં. આહાહા! અંતર અધ્યાત્મનો માર્ગ સમજવા માટે જરીક...... એકલા શબ્દોને પકડે પાર ન આવે. એનો આશય શું છે?

**મુમુક્ષુ અને દેવોના સમૂહ**... એટલે કરોડો મનુષ્યો અને કરોડો દેવો એના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે. ત્યાં રહ્યા સિદ્ધ ભગવાન અને પોતે આહીં. પ્રત્યક્ષ તો છે નહીં. આહાહા! **જેઓ સદા શિવમય છે...** સિદ્ધભગવાન સદા કલ્યાણમૂર્તિ છે. આહા! શિવસ્વરૂપ એટલે કલ્યાણની મૂર્તિ, કલ્યાણનો પિંડ. એને કલ્યાણ બાકી નથી. સાધકને બાકી છે, એને (બાકી) છે નહીં. જેઓ સદા શિવમય... **જેઓ શ્રેષ્ઠ છે,** લ્યો. અંતરમાં...... સદા શ્રેષ્ઠ એવી દશા થઈ ગઈ છે. **અને જેઓ પ્રસિદ્ધ છે,** લ્યો. અહીં તો એમ કહ્યું, એ સિદ્ધભગવાન પ્રસિદ્ધ છે.

અનંતા સિદ્ધો થઈ ગયા. આ શરીર છૂટીને અનંતા સિદ્ધો થઈ ગયા. એ તો સિદ્ધ-પ્રસિદ્ધ છે. સાધારણમાં નાખ્યા નહીં... સંસારી.... એમાંથી મુક્તિ પામ્યા એ તો સિદ્ધ છે. સમજાણું કાંઈ? એક બાજુ સંસાર ને એક બાજુ મુક્તિ બે પ્રસિદ્ધ છે. એમાં આ પ્રસિદ્ધ વધારે છે. એનું જ્ઞાન થયું ત્યારે સંસાર કેવો છે એનું જ્ઞાન થાય. આહાહા!

**તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના...** સિદ્ધ ભગવંતો સુસિદ્ધિરૂપી આનંદની પરિણતિ, એવી રમણી એટલે સ્ત્રી. એના **રમણીય મુખકમળના મહા મકરંદના ભ્રમર છે...** મુખકમળના મહા (મકરંદ એટલે) એ ફૂલનો રસ–ફૂલનું મધ... આહાહા! **અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે**. ...અનુભવવું રહ્યું? સિદ્ધને આવું બાકી રહ્યું? ભેદ રહ્યો આવો અનુભવનો? એમ. દ્રવ્ય ને પર્યાયનો અનુભવ તો સદાય ત્રિકાળ હોય છે. 'પરિણમવું એ કાંઈ કષ્ટ નથી.' નથી આવ્યું પ્રવચનસારમાં? પ્રવચનસાર. જ્ઞાનનું પરિણમવું એ કાંઈ કષ્ટ, એ કાંઈ બીજી ચીજ નથી નથી. પોતાની શુદ્ધ પરિણતિએ પરિણમે છે એ તો આનંદદાયક છે. આહાહા! એવા સિદ્ધભગવાનો મકરંદના ભ્રમર છે. ફૂલનું મધ અથવા ફૂલનો રસ ભમરો ચૂસે છેને ફૂલમાં જઈને.

તેઓ **અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે**. આ એનું માહાત્મ્ય ને મોટપ દશા છે. ત્રણ લોકને જાણે છે માટે સુખી છે એમ નહીં. એ તો પોતાનો સ્વભાવ, પોતાનું અનુપમ મુક્તિસુખ એને નિરંતર વેદે છે. અજ્ઞાનીને સંસારમાં નિરંતર વિકારનું વેદન છે. ચાહે તો મિથ્યાદૃષ્ટિ સાધુ હો.. એની પણ મોટી તડ પડી છે. અત્યારે કહે છે કે દ્રવ્યલિંગ પહેલું, ભાવલિંગ પછી. એમ ન હોય. પહેલું દ્રવ્યલિંગ આવે પછી ભાવલિંગ આવે. પણ અહીં ભાવલિંગની વ્યાખ્યા પહેલા સમકિત હોય પછી. વેશ હોય સાધુનો બહારનો.... મોટી ચર્ચા ચાલે છે. જૈન ગેઝેટમાં આવ્યું છે. **નિરંતર અનુપમ મુક્તિસુખને**... આહાહા! જેની ઉપમા શું કરે? સાધારણ ખોરાકની ઉપમા પણ બીજા સાથે મેળવી શકે નહીં. દૂધની મીઠાશ લ્યો. કોની જેવી? સાકર જેવી? ગોળ જેવી? કેળા જેવી? મીઠાશ જુદી જાતની. દૂધની દૂધ જેવી. એવા ઉપમા વિનાના મુક્તિ આનંદને અનુભવે એવા સિદ્ધને હું નમું છું. વ્યવહારભક્તિનું વર્ણન કર્યું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ ૧૩, શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૭૧
## ગાથા - ૧૩૬, પ્રવચન નં. ૧૫૧

પરમ-ભક્તિ અધિકાર. પરમ ભક્તિ કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો—એ તો શબ્દફેરે વાત છે. પરમભક્તિ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ છે એ ભાવ હો, પણ એ મોક્ષમાર્ગ નથી એમ સિદ્ધ કરવું છે. મોક્ષમાર્ગ તો આત્માની પરમ ભક્તિ. એ (ગાથા) ૧૩૬.

**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती ।**
**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं ॥ १३६ ॥**
**શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.**

એની **ટીકા : આ, નિજ પરમાત્મા...** પર પરમાત્મા અરિહંત-સિદ્ધાદિ છે એની ભક્તિ વ્યવહારભક્તિ છે. એ પહેલી ૧૩૫માં આવી ગઈ છે. વ્યવહાર એટલે પરાશ્રય ભક્તિ, એમાં શુભભાવ હોય છે, પણ એ કાંઈ નિશ્ચય મોક્ષમાર્ગ નથી. આત્માની મુક્તિ એટલે પરમાનંદની પ્રાપ્તિ એનું કારણ એ નથી. તેથી કહે છે કે **આ, નિજ પરમાત્મા...** આ એટલે પોતાનો પ્રત્યક્ષ નિજ આત્મા. સ્વભાવ પૂર્ણસ્વરૂપ એવું જે પોતાનું નિજપદ એને અહીંયા 'આ' એમ કહીને આ પ્રત્યક્ષ પ્રગટ પરમાત્મા બિરાજે છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'આ' પ્રત્યક્ષ... જ્ઞાનની પર્યાયથી પ્રત્યક્ષ છે, એવો એ આત્મા છે. એવો નિજ પરમાત્મા–પોતાનો પરમાત્મા એટલે પરમસ્વરૂપ એવું ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ એની ભક્તિ, એ પર્યાય છે. આ નિજાત્મા એ દ્રવ્ય–વસ્તુ છે. એની ભક્તિ (અર્થાત્) એના સ્વરૂપમાં અંતર સન્મુખમાં એકાગ્રતા. એના **સ્વરૂપનું કથન છે.**

હવે કહે છે, જે જીવ **નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં અભિમુખ...** આમ ઉપાડીને વાત લીધી છે. ઝીણી વાત છે ભાઈ! નિરંજન જે વસ્તુ છે ભગવાન આત્મા, એ તો અંજન નામ કર્મ ને રાગના મેલથી રહિત છે. **નિરંજન નિજ પરમાત્મા...** પોતાનું ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદસ્વરૂપ એ પરમ આત્મા, એ દ્રવ્ય થયું. એનું **આનંદામૃત પીવામાં અભિમુખ...** અનાદિથી પુણ્ય ને પાપ અને વિકલ્પ–રાગાદિ એને–ઝેરને પીતો હતો... સમજાણું કાંઈ? અનાદિનો તો પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ એવો જે વિકાર ઝેરના પીણા પીતો હતો. અનાદિ સંસારમાં દિગંબર દ્રવ્યલિંગી ધારણ કરીને નવમી ગ્રૈવેયકે ગયો. એવું લખાણ આવ્યું છે. દ્રવ્યલિંગની વાત છે એ તો અભવિને માટે છે, ભવિને માટે નહીં. શું થાય? એવી.... અનંત વાર નવમી ગ્રૈવેયક ભવી જીવ, અભવિ તો ગયો પણ ભવિ (પણ ગયો). નિજાત્માના અમૃતના

અનુભવ વિના મહાવ્રત, ૨૮ મૂળગુણ આદિના પરિણામ, એ બધા પરિણામ દુઃખરૂપ પરિણામને સેવતો હતો. સમજાણું કાંઈ?

એ જીવ જ્યારે પોતાનો નિજ નિરંજન પરમાત્માની સન્મુખ થઈ.... મિથ્યાદૃષ્ટિ અનાદિનો રાગમાં સન્મુખ હતો અને સ્વભાવથી વિમુખ હતો. એ સ્વભાવથી સન્મુખ થયેલો જીવ આનંદામૃત પીવામાં... આત્માનો જે અનંત આનંદ ને સુખ સ્વરૂપ એને પીવું એટલે અનુભવવું એ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? **નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત**... આનંદરૂપી અમૃત એને અનુભવવામાં, પીવામાં એટલે અનુભવવામાં, વેદવામાં **અભિમુખ જીવ ભેદકલ્પના-નિરપેક્ષ**... બે લીટીમાં બહુ નાખ્યું છે. જેને ભેદની કલ્પના પણ નથી એવો નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. હૈ ઉસમેં? ગુણ-ગુણીનો ભેદ એવી જે કલ્પના, એની પણ જેને નિશ્ચય મોક્ષમાર્ગમાં અપેક્ષા નથી. આહા! એવો જ મોક્ષમાર્ગનો સ્વભાવ છે અને એવો જ આત્માનો સ્વભાવ છે.

**ભેદકલ્પના-નિરપેક્ષ**... દેખો! વ્યવહારરત્નત્રય અને ભેદકલ્પના–ગુણ-ગુણીનો ભેદ, આહાહા! એની પણ અપેક્ષા વિનાનો માર્ગ... આવો ભેદ અને વ્યવહાર હોય તો એ નિશ્ચય-વેદન પામે એવું વસ્તુના સ્વરૂપમાં નથી, એમ કહે છે. ભારે ઝીણું. ભેદકલ્પના રહિત... પહેલા એની સમજણમાં એની વસ્તુસ્થિતિ શું છે એમ તો લ્યે. સમજણના જ્યાં ઠેકાણા નથી એ અંતર્મુખ વળી શકે નહીં. એનું બીજ અમૃત–આનંદરૂપી અમૃત એનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. આહાહા! એનું નામ આત્માની સાચી ભક્તિ છે. લોકોને એવું લાગે.... બાપુ! માર્ગ જ આ છે ભાઈ! .... આનંદામૃતથી ભરેલો એના સન્મુખ થઈને આનંદામૃતનું અનુભવવું, નિર્વિકલ્પ આનંદના સુખને અનુભવવું એ જ મોક્ષનો માર્ગ છે. ભારે કામ ભાઈ! સાધારણ માણસ માટે કંઈ બીજો રસ્તો હશે? ભેદકલ્પના-નિરપેક્ષ... આ ટીકા સાધારણને તો ગોઠે એવી નથી હોં. આ મુંબઈમાં ચાલી હતી પરમ દિ' ત્રણ થી ચાર. આ આવી હતી....

માર્ગ તો પહેલી સમજણમાં અને વ્યવહારશ્રદ્ધામાં લેવો પડશે, એ વિના અહીંયા કોઈ રસ્તો નથી. રસ્તો જ આ છે. ઉગમણે જાવું હોય અને આથમણે જાય અને પછી ઉગમણે જાય—એમ હોય? આથમણે જવાની જેને અપેક્ષા જ નથી અને સીધે ઉગમણે જાવું, એવો એનો માર્ગ છે. વજુભાઈ! આવો માર્ગ ભારે! લ્યો. સંપ્રદાયમાં તો એકલા અપવાસ ને તપ. મુંબઈમાં કેટલા અપવાસ ને તપ આહા... ઝાઝા જણે અપવાસ ને તપ કર્યા એ ચોમાસું બહુ દીપ્યું કહેવાય. ચાર માસ રહ્યા, કેટલી શેઠિયાઓની વહુઓ આઠ-આઠ અપવાસ, પંદર-પંદર અપવાસ... આહા... વરઘોડા નીકળે પાછા એના. આહા!

ભગવાન! તારો માર્ગ જુદો છે. એ બધા લાંઘણ્યુંના રસ્તા છે. ત્રાગા કરવા છે ત્રાગા. એ માર્ગ નથી, ભાઈ! ઉપ નામ આત્મા–નિજ પરમાત્માના સમીપમાં.. સમીપમાં જાય એને

અમૃતનો અનુભવ થાય, એને ઉપવાસ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા... જુઓને! દુઃખી પ્રાણી બિચારા પ્રતિકૂળતા જરીક આવે ત્યારે રોવે, રાડ્યું પાડે.. આહા.... હમણાં ને હમણાં પોરબંદર જોયું ને મુંબઈ જોયું. ભાઈ રતિભાઈ વોરા બિચારા.... ધડકમદાર.... ભાઈએ કીધુ હતું. હિંમતભાઈ કહે, અરે રતિભાઈ! તમે મહા હુશિયાર ધડકમદાર હતા ને આ વાચા બંધ થઈ ગઈ. કેન્સર.... હોંશમાં હોં. હોંશમાં રોવા મંડ્યા. આહા! મુંબઈમાં અત્યારે ક્યાંથી આ? મુંબઈમાં....... અંતરમાં શાંતિ છે, બહારમાં ક્યાંય નથી. આહા! પૈસા, છોકરા, મકાન શું છે એ વિના?

મલૂકચંદભાઈનો નાનો જમાઈ, એની ૩૮ વર્ષની ઉંમર ને આ. ખાર. આ પૈસા શું કરવા ત્યાં? મલુકચંદભાઈનો દીકરો મોટર લઈને આવ્યો હતો. લાખ રૂપિયાની મોટર હતી. બીજી હતી, ઓલી લાંબી નહીં. નાની બીજી. લાલ નહીં. લાલ તો એનાથી લાંબી મોટી. બહુ મોટી છે. આપણને નામેય આવડે નહીં. કોઈક પૂછતું હતું. ચાલે ત્યાં.... એક લાખ રૂપિયાની મોટર એક નાની. સંચો બહુ ઉંચો એનો..... એના માટે આવ્યા હતા. ઓલા ફૈબા થાયને એ. એમાં કાંઈ ન મળે. એ મોટર એની જ હતી. એની હતી. એ વિલાયત ગયો હતોને ન્યાંથી લાવ્યો. ...... મારી નાખે. લાખની મોટર, એમાં બેસે. આહાહા! ભાઈ! એ સ્મશાનના લાડવા છે બાપા!

ભગવાન આત્મા અમૃતનો સાગર જ્યાં ડોલે છે અંદર, છલોછલ અમૃતથી ભરેલો ભગવાન છે. આહા! એ તારી ચીજ છે ને એ તું છો—એની ખબર નથી. એવો ભગવાન આત્મા પોતાના આનંદના અમૃતને પીવામાં, વેદવામાં, અનુભવવામાં અભિમુખ એટલે સ્વભાવ સન્મુખ છે, એને આનંદના અમૃતનો અનુભવ થાય છે. એવો માર્ગ ભેદની અપેક્ષા વિનાનો છે. **નિરુપચાર-રત્નત્રય...** એટલું સિદ્ધ કર્યું છે. ભેદરત્નત્રય નહીં, ભેદકલ્પના પણ નહીં, .... પણ નિરુપચાર રત્નત્રય. ઉપચાર રત્નત્રય વ્યવહાર એ નહીં. નિરુપચાર રત્નત્રયસ્વરૂપ–યથાર્થ રત્નત્રયસ્વરૂપ... ભગવાન આત્મા પૂર્ણ આનંદની અંતર સન્મુખ થઈને પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ નિરુપચાર રત્નત્રયસ્વરૂપ... આહાહા! **નિરુપરાગ મોક્ષમાર્ગ**... કેટલી સ્પષ્ટતા કરી છે! ઓહો! ગણધરોએ તો માર્ગને હથેળીમાં મૂકીને બતાવ્યો છે આમ. બાપુ! તું જોને. એમાં આ છેને.

નિરુપચાર રત્નત્રયાત્મક એમ કહીને ઉપચાર નહીં અને રાગેય નહીં, એમ. **નિરુપરાગ મોક્ષમાર્ગમાં**... ઉપરાગ રહિત, નિર્વિકાર, નિર્મળ ને શુદ્ધ ઉપયોગ. શુદ્ધ મોક્ષમાર્ગમાં... ત્યારે બીજો એક અશુદ્ધ મોક્ષમાર્ગ વ્યહાર છે, પણ એની અપેક્ષા નિશ્ચયમોક્ષમાર્ગમાં નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! આવા માર્ગને એણે અનંત કાળમાં લક્ષમાં લીધો નહીં અને એ માર્ગનું લક્ષ, કોનું લક્ષ કરવાથી એ માર્ગ થાય એની એને ખબર નથી. એમને એમ

બહારમાં પ્રવૃત્તિ આડે... મુંબઈની બહારની પ્રવૃત્તિ આડે વ્યવહારે પણ શાંતિ નહીં. ધર્મ નામ ધરાવીને બાહ્યની પ્રવૃત્તિ એટલે વિકલ્પ ... શુભરાગ, એની પ્રવૃત્તિ એ જ બધું સર્વસ્વ છે જાણે. ભગવાન તો એનાથી નિવૃત્ત સ્વરૂપ છે. વિકલ્પની પ્રવૃત્તિથી નિવૃત્ત સ્વરૂપ છે. કેમકે તે નિરુપરાગ છે. એ મોક્ષનો માર્ગ તો મલિન ને અશુદ્ધતા રહિત છે.

લ્યો, આ ધનતેરસ છે. આહાહા! ધન એવું નિજસ્વરૂપ લક્ષ્મી, એના સન્મુખ થઈને એના આનંદનું વેદન, એ ધનલક્ષ્મી–ધનતેરસ છે. સ્વરૂપની લક્ષ્મીનું વેદવું એ ધનતેરસ છે. આહાહા! આ ધૂળને પૈસાને શું કરે? પૂજે (જેથી) પૈસા વધે, પૈસા આવે. આહાહા! અગ્નિ જ્વાળા આવે, ખુશી થાય. કોઈ ના પાડે કે ભાઈ! આ નહીં, એ લક્ષ્મી નહીં, પુણ્ય-પાપના પરિણામ (લક્ષ્મી) નહીં, એ તો અગ્નિની જ્વાળા છે. એને ઓલવવાનું કહે તો, નહીં, મારે એને સળગાવવી છે. એવો **નિરુપરાગ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને...** એમ કહે છે. અહીં, માર્ગમાં આત્માને સ્થાપે છે એમ કહે છે. એ તો એનો અર્થ એનો એ છે. વસ્તુ તરફની એકાગ્રતા થઈ એટલે આત્મા રાગમાં હતો તે નિર્વિકારમાં આવ્યો, (તો) 'સ્થાપ્યો' એમ કહેવામાં આવે છે. આમ નિરપેક્ષ માર્ગ આકરો લાગે.

કાંઈ સાધન? એ શ્રીમદ્‌માં એમ બનેલું. વ્યાખ્યાન થયું હતું, રાત્રે એક મારવાડી આવ્યો. માર્ગ આ, પણ એનું સાધન? એમ કે ફોટા રાખીને ભક્તિ કરવી ગુરુની, મૂર્તિ.. આ કરવું, વાંચન, શ્રવણ, મનન કરવું—એવું કંઈ સાધન તો હશે કે નહી? એય! લે! કશું નહીં તો પછી પાધરું પ્રગટે શી રીતે? આહાહા! એનો સાધન સ્વભાવ તો અંદરમાં પડ્યો છે. એવા સાધન સ્વભાવને પર્યાયમાં સાધનરૂપે પ્રગટ કરે, એણે આત્માને સાધનમાં સ્થાપ્યો કહેવાય. સાધન (તરીકે) રાગમાં સ્થાપ્યો હતો એ (સ્વભાવ) સાધનમાં સ્થાપ્યો, એ આ છે. આહાહા! અરે! આ જગતની આંધી સૂઝે નહીં. ન્યાં થાયને જયપુર. આંધી.. આંધી.. દિશા સૂઝે નહીં, મકાન સૂઝે નહીં, રેતી ઉડે ઝીણી.. ઝીણી.. એ લોકોને બહુ ડર. જવાશે નહીં, આમ થાશે, તેમ થાશે. આ આંધી ચડવામાં એને ભાન નથી કે આ શું આંધી ચડે છે. પુણ્ય-પાપના ગોટા ઉઠે આંધીના, એની આડમાં ભગવાન આખો પડ્યો છે એની એને ખબર નથી.

અહીં તો, મોક્ષમાર્ગ એક છે એમ કહ્યું. બે છે એમ ન કહ્યું. બીજાની તો નિશ્ચયને અપેક્ષા નથી એમ કહ્યું છે. ભીખાભાઈ! આહાહા! નિરુપરાગ નિર્વિકારી શુદ્ધ મોક્ષમાર્ગ... કેમકે ભગવાન પોતે શુદ્ધ આનંદનું અમૃતનું સ્વરૂપ છે. એની પર્યાયમાં શુદ્ધ આનંદના અમૃતનું વેદન (થાય) એને અહીંયા સાચો મોક્ષમાર્ગ કહે છે. અને એ એક જ મોક્ષમાર્ગ છે, એમ પાછો બીજો નહીં. આહાહા! એવા માર્ગમાં પોતાના આત્માને... ઠીક! એવા માર્ગમાં પોતાનો... જે પહેલો કહ્યો હતો નિજ પરમાત્મા એવા **આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને** એટલે આત્માને નિર્મળ પર્યાયમાં રાખીને. અગમ્ય વાતું છે ભાઈ! સમજાણું કાંઈ?

**પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને...** આવો જે નિરુપરાગ નિર્વિકાર શુદ્ધ રત્નત્રય આનંદના અભિલાષી જીવોએ, આનંદના અભિલાષી–પીનારા જીવોએ આત્માને ત્યાં રાખવો, એમ કહે છે. પહેલું તો આત્માનું સ્વરૂપ કહ્યું 'નિરંજન નિજપરમાત્મા'. એ આત્મા કેવો છે એ કહ્યો. પછી મોક્ષના માર્ગમાં, આનંદ-અમૃત પીવામાં એ 'મોક્ષમાર્ગ' કહ્યો. એની સન્મુખ પાછો, પીવામાં સન્મુખ. એવો જીવ વ્યવહારની અપેક્ષા વિનાનો–ઉપચાર વિનાનો એવું રત્નત્રય સ્વરૂપ અને શુભ-અશુભ વિનાનો મોક્ષમાર્ગ એમાં પોતાના આત્માને... આહાહા! બે લીટીમાં કેટલું કહ્યું! ઓલા ૩૨ કે ૪૫ (સૂત્ર) વાંચે તો એકેય (વાત) હાથ આવે એમ નથી. એવું છે જ નહીં એમાં. લખાણ નથી, લાઈન નથી, લાઈનનો રસ્તો નથી. આહાહા! એમાં તો એની સાચી સમજણને લાવવી જોઈએ, એમ લેવું જોઈએ. એમાં કાંઈ નથી એનો અર્થ એને દુઃખ થાય એમ ન લેવું જોઈએ. બાપુ! માર્ગ તો આ છેને, ભાઈ! એવી શૈલી જ્યાં શાસ્ત્રમાં જેને ન હોય, એ ક્યાંથી કાઢે ને ક્યાંથી સમજે? સમજાણું કાંઈ?

અહીં તો એક કડી, બે જ લીટી. એમાં તો આત્મા, એનો મોક્ષનો માર્ગ, નિર્વિકલ્પ મોક્ષમાર્ગ એટલે નિર્વિકલ્પ આનંદનું વેદન, એ શુદ્ધ મોક્ષનો માર્ગ, નિરુપચાર–ઉપચાર ને વ્યવહારની અપેક્ષા વિનાનો મોક્ષનો માર્ગ. આહાહા! કહો, ચેતનજી! નથી. એને દુઃખ લાગે કે એમ હોય? અમારા શાસ્ત્રો ભગવાનના કહેલા... બાપુ! ભાઈ! ભગવાન છેતરાઈ જાય છે ભાઈ! આહાહા! અરે! આવે અનંત કાળે ભવમાંથી નીકળવાનો ભવ (મળ્યો). એ બહાર આવ્યો નિગોદ ને એકેન્દ્રિયમાંથી એ તો ભવના અભાવ કરવા માટે છે. આહાહા! દુનિયા માને-ન માને, પૂજે-ન પૂજે એની સાથે કાંઈ સંબંધ છે નહીં. પરદ્રવ્યની સાથે સ્વદ્રવ્યને શું સંબંધ છે? ત્રણ લોકના નાથની સાથે પણ આત્માને શું સંબંધ છે? આહાહા! સમજાણું કાંઈ? કેમ કે દરેક સત્તા પોતાની દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તી રહી છે. એનું પરસત્તામાં જવું કોઈ દિ' થતું નથી એટલે પરનો સંબંધ મફત (-ખોટો) છે. આહાહા! પરનો સંબંધ ત્રણ લોકના નાથનો કરવા જાય તો, કહે છે કે રાગ આવે. આહાહા!

એ શરીર સોનાની વીંટી જેવું લાગતું હોય અને એમાં એ કેન્સર (થાય). આહાહા! એમાં એ ગળામાં થયું હોય તો પાણી ઉતરતા આહા.. રાડ નાખે. એ જરીક ઉનું કરીને આપતા. ... વરાળવાળું નહીં, તદ્દન ઠંડું નહીં. શરીર આળું થઈ ગયું હોયને. આહાહા! એ એની પીડા નથી, એને રાગમાં એકતાબુદ્ધિની પીડા છે. રાગની એકતામાં પીડા છે, તો રાગની પૃથકતામાં આનંદ છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ તો આ છે. બીજો માર્ગ ભલે લોકો કહે અથવા શાસ્ત્ર પણ કહે કે વ્યવહાર સાધન છે, વ્યવહાર હેતુ છે. આવે છે ને? કારણ છે, 'નિયત હેતુ.' બહુ નાખેલું. એ કારણ પહેલું આવે, પછી કાર્ય થાય, એમ કહે છે. સાધક હોય એ સાધકપણું પહેલું આવે, સાધ્ય પછી આવે. એ તો બધી વ્યવહારની વાતું છે ભાઈ!

અહીં તો (કહે છે કે), ભગવાન આત્માને પોતાના સન્મુખ થવામાં પરની કંઈ અપેક્ષા નથી. ભાઈ! આટલું જાણવું થયું હોય તો એની અપેક્ષાએ અંતર્મુખ થવાય એવી પણ જેને અપેક્ષા નથી. આહાહા! ગજબ વાત છેને! સાંભળ્યું ભગવાન કે સંતો પાસે કે મોક્ષનો માર્ગ આ છે, એવું જે જ્ઞાનમાં–ખ્યાલમાં આવ્યું એની પણ જેને અપેક્ષા સ્વના સન્મુખમાં નથી. કારણ કે પર-સન્મુખના ભાવમાં સ્વસન્મુખની અપેક્ષા છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? સ્વસન્મુખના ભાવમાં પરસન્મુખના ભાવની–દિશાફેરની અપેક્ષા શી હોય? ઉગમણું જાવું હોય એ થોડું આથમણે ચાલે તો ઉગમણે જાય એમ હશે? આહાહા! એવો આત્મા છે કે જેને મોક્ષમાર્ગમાં વ્યવહારની અપેક્ષા નથી. એવો તો એનો પર્યાયધર્મ છે. શું કીધું? એનો નિશ્ચયમોક્ષમાર્ગ પર્યાયનો એવો સ્વભાવ છે કે જેને વ્યવહાર રાગાદિની અપેક્ષા નથી. એવો તો એનો પર્યાયસ્વભાવ છે, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા!

ત્રિકાળીની તો શું વાત કરવી! સહજાનંદમૂર્તિ પ્રભુ અનાદિ-અનંત સહજ સ્વભાવિક વસ્તુ તો એમને એમ પડી છે, પણ નિશ્ચય મોક્ષમાર્ગ છે એને પણ પરના, વ્યવહારના, પરસન્મુખના જ્ઞાનના... પરસન્મુખનું જ્ઞાન (એટલે) આ ભગવાને કહ્યું આમ એવું સાંભળ્યું, જાણ્યું, એ જાણ્યું પોતાથી, વાણીથી નહીં, એવું પોતાથી જાણ્યું એની પણ અપેક્ષા આને નહીં, એમ કહે છે. આહાહા! ગજબ વાત છે ને! સમજાણું કાંઈ? આહા! **પોતાના આત્માને સમ્યક્ પ્રકારે**... સાચું (એટલે) પાછું સમ્યક્ પ્રકારે સાચું, એમ કહે છે. સમજાણું કાંઈ? વાત ઘણી જ પરમ સત્ય. જાણ્યું છે, જ્ઞાનમાં આવ્યું, વીતરાગે કહ્યું (એવું) આવ્યું પોતાના જ્ઞાનમાં પોતાથી કે આ માર્ગ છે. એવું જે જ્ઞાન એની પણ જેને સ્વસન્મુખમાં અપેક્ષા નથી. આહાહા! ગજબ માર્ગ છે ને! ગજબ! સમજાણું કાંઈ? એવો પરની અપેક્ષા વિનાનો નિરુપરાગ મોક્ષમાર્ગ એની અંદર આત્માને સ્થાપે છે એટલે આત્મસન્મુખ થાય છે એ આત્માને આમાં સ્થાપે છે એમ કહેવામાં આવે છે.

**નિવૃત્તિના—મુક્તિરૂપી સ્ત્રીનાં—ચરણકમળની પરમ ભક્તિ કરે છે.** લ્યો. આહાહા! આવું જેને અંતરમાં... આવું સાંભળીને કેટલાકને એવું (થઈ જાય કે) તો પછી દેરાસરના, મૂર્તિના ને આ બધું તાળાબંધ થઈ જશે. સમજાણું? એની પર્યાય તો એને કારણે ન્યાં થાય છે. મંદિરની પર્યાય કોઈથી થાય છે? અને જીવને એવો ભાવ આવ્યા વિના રહે નહીં. જ્યાં સુધી વીતરાગતા ન હોય એવો શુભભાવ આવે, એમાં એ નિમિત્ત કહેવામાં આવે. નિમિત્તનો અર્થ, કાંઈ એનાથી શુભ થયો નથી. પણ એવા શુભની પણ જેને (અપેક્ષા નથી). આમની અપેક્ષા આમ જવા માટે હોય? એમ કહે છે. શું કીધું? બહિર્મુખ લક્ષની અપેક્ષા અંતર્મુખ લક્ષ જવા માટે હોય? એ તો સીધી વાત છે. સમજાણું કાંઈ? આમ ગયેલી લાગણીને આમ જવામાં એની અપેક્ષા કેમ હોય?

પંડિતજી! આ મોટો પંડિતોમાં ગોટા ઉઠ્યા. એ.. મખ્ખનલાલજી તો સોનગઢનું તોડી નાખવા લખે છે. જ્યાં હોય ત્યાં.... સોનગઢના...... હતા. મેં તો બધાને વાત કરી બાપુ! ફેરવી નાખો, કુંદકુંદાચાર્યની શ્રદ્ધા કરો. આ કોની વાત ચાલે છે? આહા! એ એમ કહે છે કે કુંદકુંદાચાર્યની કથનથી વિરુદ્ધ શ્રદ્ધા છે, આની સોનગઢવાળાની. એને જે બેઠું હોય એ જાતનું કહેને. કારણ કે એ જ ભાળ્યું છે, બહારનું જ વજન આપ્યું છે અનાદિથી. બહિરાત્મા તરીકે વજન બહારનું જ આપ્યું છે. આહાહા! આખી દિશાફેર માર્ગ છે. જેને પરલક્ષી જ્ઞાનની જરૂર નથી, પરલક્ષી વ્યવહાર-રત્નત્રયની જરૂર નથી. આહાહા! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે કહ્યું, અમારા ગુરૂએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. લ્યો વાત તો જણાવી. વળી અહીં કહે છે કે મેં જે જાણ્યું પરલક્ષી પર્યાયથી, એની સ્વભાવ સન્મુખ જવામાં કાંઈ અપેક્ષા છે નહીં. એ હોય છે. આહાહા!

એવો ભગવાન આત્મા પોતાની નિર્મળ સ્વસન્મુખની નિર્વિકલ્પ આનંદની વેદનદશા એમાં આત્માને રોકે છે અને રાગમાં રોકતો નથી. પરલક્ષી જ્ઞાનમાં પણ રોકતો નથી એમ કહે છે. આહાહા! સ્વલક્ષી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં રોકે છે એને. હજી શ્રદ્ધામાં તો નક્કી કરે કે માર્ગ આ છે. એ વિના અંતર્મુખ થઈ શી રીતે શકશે? સમજાણું કાંઈ? છતાં એ (બાહ્ય)શ્રદ્ધામાં લક્ષ કરે એની અપેક્ષા પણ અંતર જવાને માટે નથી. આહાહા! આવો માર્ગ ભારે આકરો! સમજાણું કાંઈ? એવો **નિવૃત્તિનાં**... નિવૃત્તિ એટલે મુક્તિરૂપી સ્ત્રી, એમ. મુક્તિરૂપી સ્ત્રી એટલે પરમાનંદરૂપી પૂર્ણ દશા. એની ચરણકમળની પરમભક્તિ... મોક્ષમાર્ગની ભક્તિ એટલે એના ચરણકમળની ભક્તિ.

**મુક્તિરૂપી સ્ત્રીનાં ચરણકમળની પરમ ભક્તિ કરે છે**. મોક્ષની પૂર્ણ પર્યાયનું કારણ જે મોક્ષમાર્ગ એની જે ભક્તિ–પરમ ભક્તિ કરે છે, એમ કહે છે. આહાહા! મુનિએ તો ટીકા કરી છે! કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે. લોકો શાંતિથી, ધીરજથી મધ્યસ્થતાથી સાંભળે તો એને પકડાય વાત. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? ચારેકોર દુઃખના દાવાનળ સળગે છે બાપુ! વિષયભોગ, માન, આબરૂ-કીર્તિ એનું લક્ષ (છે તો) દાવાનળ સળગે છે. એને ઠેકાણે શુભભાવ (હોય તો) એ પણ કષાય-અગ્નિ છે. અકષાય–શાંતરસથી એ વિરુદ્ધ છે. 'પ્રશાંતિ અનંત સુધામય જે..' શ્રીમદ્‌માં આવે છેને છેલ્લું? 'પ્રશાંતિ અનંત સુધામય જે..' અનંત અમૃતમય પ્રશાંતિ. 'પ્રણમું પદ તે વરતે જયતે.' આહાહા! છેલ્લી કડી છે. છેલ્લી એક કડી લખાઈ ગઈ. બસ, પછી દેહ છૂટી ગયો.

સુખધામ અનંત સુસંત ચહી, દિન-રાત રહે તદ્ ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

વર.. વર પ્રદાન. એવા પદને જય હો. સિદ્ધના... પ્રશાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ. પ્રશાંતિ અનંત.. અનંત શાંતિ.. સુધામય-અમૃતમય. અમૃત આવ્યુંને? આનંદામૃત. પ્રશાંતિ સુધામય... 'અનંત સુધામય જે, પ્રણમું પદ તે...' એ પદને પ્રણમું છું એમ કહે છે. 'વરતે જયતે.' એનું ફળ અમને મળો અને એનો જય થાઓ. જય થાઓ મોક્ષની પર્યાયનો, એ કહે છે. સંસારની પર્યાયનો નાશ થાઓ, પરાજય થાઓ. જય સામે શબ્દ પરાજય. પરાજય અહીં ન લીધું. જય થાઓ. 'પરાજય' નાસ્તિથી વાત છે. મોક્ષનો માર્ગના ફળ તરીકે મુક્તિ છે એનો જય થાઓ. સમજાણું કાંઈ?

અરે! મુક્તિરૂપી નિવૃત્તિ પરમ પરિણતિ... મુક્તિની પર્યાય એના ચરણકમળની પરમભક્તિ કરે છે. લ્યો, મોક્ષમાર્ગની ભક્તિ.. મોક્ષમાર્ગની ભક્તિ અહીં કહેવું છે. એ મુક્તિના ચરણકમળની પરમ ભક્તિ. એના પગ પકડ્યા. આહાહા! **તે કારણથી તે ભવ્ય જીવ...** તે કારણથી-આ કારણે, એમ કહે છે. **પરમભક્તિ કરે છે, તે કારણથી તે ભવ્યજીવ**... આહાહા! **ભક્તિગુણ વડે...** આવા ભક્તિગુણ વડે, લ્યો. વધારે સ્પષ્ટ કર્યું. એ જીવ નિશ્ચય પરમભક્તિ ગુણ વડે એટલે પર્યાય. મોક્ષનો માર્ગ એ વડે **નિજ આત્માને**... એટલે પૂર્ણ પદ આત્માનું લબ્ધિનું પૂર્ણ પદ મુક્તિ. આવી ભક્તિ વડે મુક્તિને પામે છે. એ પછી વ્યાખ્યા કરે છે.

**નિજ આત્માને કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...** આત્માને પામે છે એમ કહેવું છે ને. આ આત્માને પ્રાપ્ત કરે છે એમ કહેવું છે. આવી નિશ્ચયભક્તિ વડે આત્માને પ્રાપ્ત કરે એટલે પૂર્ણ દશાને પામે છે, એ આત્માને પ્રાપ્ત કર્યો કહેવાય. સમજાણું કાંઈ? હવે એ આત્માને પ્રાપ્ત કરે છે, પણ એ આત્મા છે કેવો? એમ કહે છે. **કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી**... એના બધા ગુણો નિરાવરણ... ઓલો આત્માને કહ્યો હતો 'નિરંજન નિજ પરમાત્મા' પહેલી લીટીમાં, હવે એવા ગુણોને સિદ્ધ કર્યા છે. આહા! ગજબ ચીજ છે હોં. **કે જે આત્મા નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...** આવરણ વિનાનો, સહજ જ્ઞાનગુણવાળો હોવાથી **અસહાયગુણાત્મક છે...** એના ગુણને કોઈની સહાય નથી. આહાહા! દ્રવ્યને નથી, પર્યાયને પરની અપેક્ષા નથી, આ ગુણને કોઈની અપેક્ષા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ટીકા પણ તે ટીકા છેને! એકલા અમૃતના ટાંકણા ટાંક્યા છે આમ. ભાઈ! માર્ગ તો આવો છે. અંતર્મુખ થયા વિના તારો માર્ગ ક્યાંય નીકળે એવો નથી. એવી પરમ નિજભક્તિ, આનંદામૃત પીવું, નિરપેક્ષ નિરુપચાર રત્નત્રય વિકાર રહિત મોક્ષમાર્ગ, એને પરમભક્તિ કહે છે. આહાહા! આ બહુ ભક્તિમાં પરમાર્થ માન્યા હોયને એટલે ચોખ્ખું કરી નાખ્યું અહીં. લોકો જૈનદર્શનના તત્ત્વની સ્થિતિ કેવી છે (એ જાણતા નથી). આગળ કહેશે. જૈનના કહેલા તત્ત્વોને જાણજે, અન્યના તીર્થના કહેલા તત્ત્વોને છોડી દે.

અહીં બીજામાં એવું મીઠું લાગે લ્યો. ઓલો એક જયંતી છેને શાંતિનો ભાઈ. રજનીશનું બહુ મીઠું લાગે, એમ કહેતો હતો. ગુણવંતભાઈ કહેતો હતો. આવ્યો હતો અહીંયા. એ બધા ઉછળી ગયેલા. રજનીશનું... રજનીશ ક્યાં ને જૈનનો માર્ગ ક્યાં? માણસને જ્યારે ફરી જાય છેને, પછી કાંઈ ઠેકાણું રહેતું નથી. જયંતીભાઈ! જયંતીભાઈ આવ્યા હતાને એક ફેરી ઝપટમાં. આ માર્ગ ક્યાંય.... હવે રજનીશ-રજનીશ તો ક્યાં, પણ જૈનના ફિરકાઓ બીજા છે એમાંય આ ક્યાં છે? અને આ દિગંબર ફિરકો એમાંય આ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા! આ સંપ્રદાય જ ક્યાં છે? આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઓલા વળી વિદ્યાનંદ (કહે), જન.. જિન.. જૈન.. એ ત્રણે આવશે હમણાં આપણે. આમાં આવે છે. છેને ઓલામાં, નહીં? 'તીર્થનાથે કહેલું' આવે છેને. ૧૩૯માં આવશે જુઓ! 'જન, જૈન અને જિન' ત્રણેય આવશે. એ શબ્દ કહે છેને ત્રણ. ૧૩૯ ગાથા.

**જૈનોએ કહેલા**... એમ છે જુઓ! **સકલ જિન એવા ભગવાન તીર્થાધિનાથના ચરણકમળના ઉપજીવકો**... છે? જૈનોએ કહેલા... જૈનો એટલે ભગવાન તીર્થંકરના ગણધરોએ... જૈનો એટલે ગણધર. જિન એટલે તીર્થંકર. છેને? ઓલામાં ત્રણેય છે. એનો કળશ છેને, એમાં ત્રણેય નાખ્યા. **જૈન મુનિનાથોના મુખારવિંદ...** જૈન એટલો ગણધરો. **ભવ્ય જનોના ભવનો નાશ કરનારા**... છે? એ જન. અને **જિનયોગીનાથ (જૈન મુનિવરો) નિજ ભાવને સાક્ષાત્ જોડે છે**, લ્યો. ઓલા ત્રણ કીધા એ ત્રણેય આમાં આવ્યા છે. કળશમાં છે. ત્રણ શબ્દ એ કળશમાં છે. જૈન મુનિનાથ એટલે ગણધરો અને **ભવ્યજનોના ભવના નાશ કરનારા તત્ત્વોમાં જે જિનયોગીનાથ** એટલે જે બીજા (ગણધર સિવાયના) મુનિ, એમ. જે એટલે મુનિઓ **નિજભાવને સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજભાવ તે યોગ છે**. આમાં કેટલી વાત છે! બધી વાત...... પૂર્ણતા ભરી છે.

જન, જિન ને જૈન. અહીં તો ભવ્યજન (એટલે) જે ભવોનો નાશ કરવામાં તત્પર એને ભવ્યજન કહ્યા અને જૈન ગણધરોએ કહેલા તત્ત્વો છે. અને ગણધરોએ કહેલા... સકલ જિને કહેલા તે કહ્યા, એમ. એ જિન કહ્યા. તીર્થંકરને જિન, ગણધરને જૈન અને ભવ્યને જન. સમજાણું કાંઈ? એ ચેતનજી! કોઈક કહે એમ પાછું આપણે આમાં મેળવવું જોઈએને. આ જ છે સાચું. બીજું છે ક્યાં સાચું? આહાહા! બધાએ ગપ માર્યા છે. છેતરાઈ જાય છે બિચારા. અરે! આખી ઊંધી લાઈન છે, એના ફળ તરીકે સંસાર છે એટલે નરક ને નિગોદમાં દુઃખી થાય પ્રાણી. એના ભાવ સેવે એના ઉપર તિરસ્કારેય કેમ હોય? સમજાણું કાંઈ? વિપરીત માન્યતાને સેવનારા મહા વિપરીત ફળ ચાર ગતિના ઘાણીના દુઃખમાં પીલાય, એનો તિરસ્કારેય કેમ થાય? અરેરે! આ શું કરે છે? સમજાણું કાંઈ?

ભગવાન! માર્ગ તો આ છે ભાઈ! 'જિન' સકળ જિન (એટલે) પૂર્ણ જિન, એમ. ગણધરો 'જૈન'. ગણધર તે જૈન, એને સમજનારા ભવ્ય 'જન'. આહાહા! આવો

ભગવાનસ્વરૂપ... લ્યો આ ધનતેરસ કરી... આજ ધનતેરસ કરી છે, કાલ ચૌદશ, પરમ દિ' દિવાળી કરશે. ....વાર રાખ્યો વચમાં. લોકમાં ધોકો કહેવાય એને. આપણે મંગળવારે લેવાનું છે. બે ચૌદશ છે ને. આહાહા! ભગવાન નિરંજન–એને અંજન વિનાનું દ્રવ્ય કહ્યું. અહીં એના ગુણાત્મક... જીવ–આત્મા કેવા ગુણે ગુણાત્મક છે? કે અસહાયગુણાત્મક. નિરાવરણ સહજ અસહાયાત્મક જ્ઞાન એવા બધા ગુણો લેવા. આહાહા! જ્ઞાનગુણ અસહાયગુણાત્મક છે જોયું! નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો કહીને અસહાયગુણાત્મક છે (એમ કહ્યું). આ ગુણો એને કોઈની સહાય નથી. આ સ્વતંત્ર અનંત ગુણોનો પિંડ પ્રભુ એવા આત્માને આવી અંતરમાં સ્વસન્મુખ ભક્તિ કરનારાઓ પ્રાપ્ત કરે છે. આવા આત્માને **પ્રાપ્ત કરે છે.** આત્મા આવો છે એમ કહે છે. રાગવાળો ને વ્યવહારવાળો કે સંસારવાળો એ આત્મા નથી. આહાહા! હૈ પંડિતજી? ઇસમેં ઇતના ભરા હૈ દેખો! આહાહા!

પદ્મપ્રભમલધારિ મુનિનું ટીકા કરતાં આનંદમાં હૃદય ઉલ્લસી ગયું છે. એમાં આવી ગઇ આ વાત. માર્ગ આ છે. તારા દુઃખના આંસુ લૂંછવા હોય... જગના વેદવાના આંસુ....... કોણ આપે? બાપા! તારા દુઃખના આંસુ, પીડા એને નાશ કરવી હોય તો, આ એક ભગવાન નિરંજન નિરાકાર પ્રભુ પરમાત્મા અસહાયગુણસ્વરૂપ એની ભક્તિ કરતાં અસહાયગુણાત્મક પૂર્ણ દશાને પામે છે એટલે એ આત્માને પામે છે, એમ. કહો, મુક્તિ થવી એટલે આત્માને પામે, એમ કીધું. સંસાર પામે એ અણાત્માને પામે છે. સમજાણું કાંઈ? સ્વર્ગ જાય કે નિગોદ જાય, એ તો અણાત્મક થયો. રાગાદિની ગતિ થઈ. રાગ અને ગતિને પામે એ તો અણાત્મા છે. સંસાર પોતે રાગ છે ને મિથ્યાત્વ છે, તે અણાત્મા છે. એના ફળ તરીકે આ ગતિ મળે એ અણાત્મા છે. આ આત્માને પામે છે, એમ. એટલે જે ગતિને પામતો નથી.

પૂર્ણાનંદનો અમૃતસાગરથી ભરેલો... એ હંસલા મોતીને ચરે, એ દાણાને ન ચરે. આહાહા! એમ પરમ હંસલો, રાગથી ભિન્ન પડેલો આત્મા એવો વિવેકી હંસ એ અમૃતના પીણાં પીવે, કહે છે. આહાહા! ગજબ વાત છે! રાગના, પુણ્યના પીણા એને ન હોય. આહાહા! એવી વાત કહે છે, પણ ભૂલો પડ્યો એ મોટા ઝેરના પીણા પીવે છે. સમજાણું કાંઈ? એ માને કે અમે સુખી છીએ, બાદશાહી છે, લાખ-લાખની મોટરું ચાલીસ-ચાલીસ ઘરે, ઓલાને વળી કરોડો-કરોડોની. લાખ-લાખની... સાડા ત્રણ લાખની. દરિયામાં જનારી બોટું શાંતિલાલ ખુશાલને. ....... માલ મોકલવાની સ્ટીમર હશે નાની. ..... સાડા ત્રણસો એમ કંઈક છે, કહે છે. એક-એક લાખ-લાખની. લોઢાની મોટરું હોયને. નાની, નાની.....

અરે! દુનિયા આખી પડી છે. એ દુનિયા ક્યાં તારી છે અને તું ક્યાં દુનિયાનો છો? આહાહા! તું તો અનંત ગુણાત્મકસ્વરૂપ છો. એવો ભગવાન આત્મા પોતાના સન્મુખની અમૃતના પીણાની ભક્તિ કરતાં... અનંત ગુણાત્મકસ્વરૂપ એ નિરાવરણ જ્ઞાન લીધું ન્યાં.

જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. નિરાવરણ સહજ જ્ઞાનવાળો આત્મા એટલે કે નિરાવરણ બધા ગુણોવાળો આત્મા, એની પર્યાયની પૂર્ણતાને પામે છે. માર્ગ પણ કહ્યો ને માર્ગનું ફળ પણ કહ્યું. મોક્ષમાર્ગ છેને આ. નિયમસાર એટલે મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગના આ (પ્રકાર) બધા વર્ણવ્યા. નિશ્ચય ભક્તિ એ મોક્ષમાર્ગ, નિશ્ચય પ્રતિક્રમણ એ મોક્ષમાર્ગ, નિશ્ચય પ્રત્યાખ્યાન એ મોક્ષમાર્ગ—એ બધા મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

નીચે કહ્યું છે. **અસહાય ગુણવાળો=જેને કોઈની સહાય નથી એવા ગુણવાળો** હોં. **(આત્મા સ્વતઃસિદ્ધ સહજ સ્વતંત્ર ગુણવાળો...**) એ ગુણનું વિશેષણ છે હોં. આત્મા સ્વતઃસિદ્ધ... શું સ્વતઃસિદ્ધ? આત્મા સ્વતઃસિદ્ધ, એમ નહીં, (પણ) ગુણ. (**આત્મા સ્વતઃસિદ્ધ સહજ સ્વતંત્ર ગુણવાળો હોવાથી અસહાયગુણવાળો છે**). એની પર્યાય અસહાયપર્યાયવાળો છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? એને ધર્માસ્તિકાયની મદદની જરૂર નથી, અધર્માસ્તિની મદદની જરૂર નથી, એમ કહે છે. ન્યાં ટકવામાંય અધર્માસ્તિની મદદ જરૂર નથી. સિદ્ધ જ્યાં રહ્યા છે એ અસહાયપર્યાયવાળા છે. એને પરની પર્યાયની સહાયતા નથી. આહાહા!

જેમ (નિશ્ચય) મોક્ષમાર્ગને વ્યવહારની અપેક્ષા નથી, એમ પૂર્ણ પર્યાયને કોઈની અપેક્ષા નથી, કોઈની સહાય જ નથી. આહાહા! ઘણી વાત કરી હોં પણ. ૧૩૬. કેટલું સમાડ્યું આમાં! દ્રવ્ય, ગુણ, પર્યાય, માર્ગ, માર્ગનું પૂરું ફળ. આહાહા! (કોઈ કહે), એટલો બધો સ્વતંત્ર નહીં, એટલો બધો સ્વતંત્ર નહીં, કર્મને આધીન છે. પણ કર્મને આધીન તું થા છો એ પણ સ્વતંત્ર છે. કર્મ ક્યાં તને આધીન કરે છે? સ્વતંત્રપણે ભૂલ કરીને આધીન થાય છે, એમ સ્વતંત્રપણે પરની અપેક્ષા વિના પોતાને આધીન થાય છે (અર્થાત્) પોતામાં સન્મુખ થાય છે. બસ, સન્મુખ (થવું) એ ઉપાય–મોક્ષનો માર્ગ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૧૪, રવિવાર, તા. ૧૭-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૨૭, ગાથા - ૧૩૭, પ્રવચન નં. ૧૫૨**

આ નિયમસાર, ૨૨૭ કળશ છે. નિયમસાર એટલે સાચો મોક્ષનો માર્ગ. ખોટો એક છેને વ્યવહાર રત્નત્રય. એ ખોટો છે, આ સાચો છે. અભૂતાર્થ કહો કે ખોટો કહો કે વ્યવહાર (કહો). દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન—એને મોક્ષમાર્ગ કહેવો એ જૂઠી દૃષ્ટિથી છે. અભૂતાર્થદૃષ્ટિથી કહો કે જૂઠી દૃષ્ટિથી—બેય એક જ વાત છે. સાચો મોક્ષમાર્ગ તો આત્માની વીતરાગી પર્યાય છે. અહીંયા તો મોક્ષનું કારણ દ્રવ્યસ્વભાવ કહેશે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છેને ભાઈ! વસ્તુ શું છે એની સન્મુખ જોવાનો એણે અનંત કાળમાં પ્રયત્ન કર્યો નથી. આ કરું.. આ કરું, દયા પાળું, વ્રત પાળું, અપવાસ કરું, તપ કરું, પૂજા કરું, ભક્તિ કરું, કરું.. કરું—એ બધો વિકલ્પ ને રાગ છે, એ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણેય નથી. મોક્ષમાર્ગનું કારણ તો એ આત્મા કહેશે. સમજાણું કાંઈ? મહાપ્રભુ... આત્મા શ્લોક.

**आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्**
**नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे ।**
**संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या**
**प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः ॥२२७॥**

**શ્લોકાર્થ : આ અવિચલિત...** ભગવાન આત્મામાં સહજ સ્વભાવિક જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ નિત્ય જે છે એ અવિચલિત છે. અહીં ત્રય છેને મોક્ષનો માર્ગ, તો એનું કારણ પણ શુદ્ધ રત્નત્રય છે એમ સિદ્ધ કરવું છે. ધીમેથી સમજાય એવી વાત છે ભાઈ! એની શૈલી એવી છેને. પ્રાયશ્ચિત્ત, તો કહે આત્મા પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ, તો કહે આત્મા પ્રતિક્રમણ. એમ જ્યાં મોક્ષનો માર્ગ શુદ્ધરત્નત્રય એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો પર્યાય છે, પણ એનું કારણ છે એ ત્રિકાળ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? **આ અવિચલિત...** અવિચલિત—ચળે નહીં એવું.

**મહા-શુદ્ધ-રત્નત્રયવાળા...** ભગવાન આત્મા મહા-શુદ્ધ રત્નત્રયવાળો છે. સમજાણું કાંઈ? કારણ કે જે પર્યાય પ્રગટ કરવી છે એનો ગુણ જો ન હોય તો પ્રગટ થાય ક્યાંથી? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, આત્માના આશ્રયથી, સન્મુખથી ઉત્પન્ન થતી સમ્યગ્દર્શન દશા, પણ એ દશા અંદર દર્શન—અવિચળ નિત્યદર્શન ન હોય તો આ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય નહીં. આહાહા! કહે છે કે આ અવિચલિત (એટલે) વિચલિત નહીં, એકરૂપ ત્રિકાળ. **મહા શુદ્ધ રત્નત્રયવાળા...** મહા શુદ્ધરત્નત્રયસ્વરૂપ જ આત્મા છે. આહાહા! એની ખાણમાં—એના

નિત્ય સ્વભાવ–ધ્રુવસ્વભાવમાં મહા શુદ્ધ રત્નત્રયવાળો જ આત્મા છે. પ્રગટ કરવું એ તો પર્યાય છે, પણ પોતે જ મહા શુદ્ધ રત્નત્રયવાળો છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા **મુક્તિના હેતુભૂત...** મોક્ષ જે પરમ આનંદ, આત્માની સિદ્ધદશા એનો હેતુ એ શુદ્ધ–મહા-શુદ્ધ રત્નત્રયવાળો આત્મા છે. સમજાણું કાંઈ? અહીં તો નિશ્ચયમોક્ષમાર્ગ એ પણ હેતુ ન ગણ્યો (કેમકે) એ પર્યાય છે. ભગવાન આત્મા અવિચલિત છે. પર્યાય તો પલટે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની. એ શુદ્ધ રત્નત્રય છે, પણ આ મહા શુદ્ધરત્નત્રય છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતાઃ શુદ્ધતાના જનક). શુદ્ધપર્યાયના જનક નહીં, આ તો શુદ્ધસ્વરૂપ જ છે. ત્રિકાળ એવો છે, એમ કહે છે. 'અવિચલિત મહા શુદ્ધરત્નત્રય' શબ્દ વાપર્યો છેને. મહા શુદ્ધરત્નત્રય એટલે ત્રિકાળી સ્વભાવ. એને નિજ સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. આ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, તપ કરો—એ બધો વિકલ્પ ને રાગ છે એનું માહાત્મ્ય અનાદિથી છે. એ જીવ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મહિના-મહિનાના અપવાસ કરે, દયા પાળે, વ્રત કરે, અપવાસ, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, બાહ્યનો વિનય, વૈયાવૃત્ય વિગેરે.. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, વૈયાવૃત્ય વિગરે એ બધો વિકલ્પ ને રાગ છે. એ ધર્મ નહીં. આહાહા!

ધર્મ તો ત્રિકાળી ભગવાનના અવલંબે પ્રગટેલો નિર્વિકારી પર્યાય છે, એ પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કહીને એમ સિદ્ધ કરવું છે કે વ્યવહાર રત્નત્રય જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ કારણ તો નથી, પણ નિશ્ચયરત્નત્રય મોક્ષનો માર્ગ એ પણ મુક્તિનું કારણ ખરેખરું નથી. આહાહા! જ્યંતિભાઈ! આવો માર્ગ છે. ભાઈ! તારા સુખના પંથ (છોડીને) આ દુઃખના પંથે દોરાઈ ગયો છે. પુણ્ય-પાપના ભાવ એ બધા દુઃખના પંથ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ બધો ભાવ દુઃખનો પંથ છે. આહા! ગજબ વાત છે. કેમકે એમાં સુખ નથી, એ તો દુઃખરૂપ દશા છે. જેને સુખના પંથે વળવું છે એ પંથનું તો ઠીક, પણ પંથનું ફળ એવી જે મુક્તિનું કારણ તો શુદ્ધરત્નત્રયવાળો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

એની–ધર્મીની દૃષ્ટિ, ત્રિકાળ શુદ્ધ મહા-રત્નત્રયવાળો ભગવાન એમાં દૃષ્ટિ પડવી જોઈએ. અહીં તો એમ કહે છે કે એ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર પર્યાય, આવો મહા શુદ્ધ રત્નત્રયવાળો આત્મા ક્યાં ઠરે છે? ક્યાં એને સ્થાપવો? એમ કહે છે. આહાહા! અહીં સ્થાપવો. સંયમી લે છેને? ત્યાં છેલ્લે એમ કે આત્મા આત્માને આત્મા સાથે એટલે નિર્વિકલ્પ પર્યાય... આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે. નિર્મળ પર્યાયમાં જોડે છે. એ આત્મા છેને નિર્મળ પર્યાય. આહાહા! ભાઈ! ચોરાશીના અવતારમાં એ દુઃખી-દુઃખી થઈને ડોલી રહ્યો છે. દુઃખ છે, દાવાનળ છે. વિકલ્પ જે ઉઠે છે—દયા, દાન, વ્રત, ભક્તિના અને કામ, ક્રોધ, ભોગ, વિષય આદિના એ દાવાનળ સળગે છે. કષાયરૂપી દાવાનળ છે એ. સમજાણું કાંઈ? એને

ઓલવવાનો ઉપાય મોક્ષનો માર્ગ અને એ મોક્ષમાર્ગનું ફળ મોક્ષ અને એ મોક્ષનું કારણ દ્રવ્યસ્વભાવ. આહાહા! સમજાણું કાંઈ?

આ દુનિયાના દુઃખ જોયા ન જાય એવા દુઃખી છે બિચારા. અરેરે! જુઓને! અત્યારે તો આ કેન્સરની વ્યાધિ ઓહોહો... નેમિદાસભાઈના વહુને કેન્સર છે. પેટ તો મોટું આવું થઈ ગયું છે, જલોદર. બપોરે રાડેરાડ પાડે એક વાગ્યે. દસ લાખ, સાત-આઠ લાખ તો રૂપિયા પડ્યા છે. બે જણા બાયડી ને ભાયડો. એમાં એક ગઈ, હવે એકલા રહ્યા. ૮૬ વર્ષની ઉંમર શરીરની અને એની ૯૧ વર્ષની. બપોરે રાડ પાડે એ સાંભળી ન શકે. નેમિદાસ બેઠો હોય નીચે એને સંભળાવવા માટે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..' કોણ સાંભળે પણ? 'સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' આહા! એ પીડા આડે ન્યાં... આહાહા! હું બેઠો હતો, બેન ઊભા હતા, પણ એને બિચારાને પીડામાં.... આહા! એ પીડા એના શરીરના રોગને કારણે નથી. એમાં આકુળતા ઊભી કરે છે કે 'આ મને થાય છે' એવી જે મિથ્યાશ્રદ્ધા એમાં જે આકુળતા, એનું એને દુઃખ છે. સમજાણું કાંઈ?

આમ મોઢા ફાડીને ઊભા રહે બધા. પૈસા પૈસાને ઠેકાણે. બંગલા મોટા ત્રણ છે. અઢી-અઢી લાખના બે બંગલા અને એક દોઢ લાખનો રહે એ. બંગલા શું ધૂળ કરે છે ત્યાં? આહાહા! ઓ.. આંખ્યું મીંચાઈ જશે. ભાઈ! આવા તારા દુઃખો તેં (ભોગવ્યા), ભગવાને જાણ્યા બાપુ! આહા! એવા દુઃખથી મુક્ત થવાને... 'મુક્ત' શબ્દ છેને મોક્ષ. અસ્તિથી નથી, નાસ્તિ છે. મોક્ષ એટલે મૂકાવું. એ રીતે શબ્દ છેને. દુઃખથી મુક્ત થવું, નાસ્તિથી અર્થ છે. અને આત્માના પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિનું કારણ–મોક્ષનો હેતુ, **મુક્તિના હેતુભૂત નિરુપમ સહજ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ**... ભગવાન આત્માનું અંતરદર્શન, અંતરજ્ઞાન ને અંતરચારિત્ર નિરુપમ... એની ઉપમા શું કહેવી! આહા! જેના માર્ગને કોઈ ઉપમા નહીં, એના માર્ગના કારણ(રૂપ) વસ્તુની શી ઉપમા કહેવી! કહે છે. સમજાણું કાંઈ?

**મુક્તિના હેતુભૂત નિરુપમ-સહજ-જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ...** જેને ઉપમા નથી એવો ભગવાન આત્મા, એમાં સ્વભાવિક દર્શન, સ્વભાવિક જ્ઞાન શક્તિ–ગુણ ધ્રુવ અને ચારિત્રરૂપ એવા **નિત્ય આત્મામાં...** લ્યો. આહાહા! આવો જે નિત્ય આત્મા–ધ્રુવ આત્મા, **આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને...** એવા આત્માને, **આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને**... કહો, સમજાણું કાંઈ? એવા આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને... આહાહા! નિર્મળ વીતરાગી નિર્દોષદશાને દ્રવ્ય–વસ્તુમાં સ્થાપીને... જે વસ્તુ છે ત્રિકાળી ભગવાન એ અનાદિનો રાગ ને પુણ્યના વિકલ્પમાં ને પાપના વિકલ્પમાં રોકાયેલો હતો, એમાં સ્થાપેલો હતો આત્માને. આહાહા! મિથ્યાશ્રદ્ધા દ્વારા... એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગમાં એ સ્થપાયેલો હતો. એને, કહે છે કે નિર્મળ વીતરાગી પર્યાય એમાં આત્માને સ્થાપ. હજી પર્યાય આને ટાળ ને

આને સ્થાપ. (પણ) આ (વીતરાગી પર્યાય) તો છે નહીં. એનો અર્થ એ કે દ્રવ્યસ્વભાવમાં છે એનો આશ્રય લઈને પ્રગટ થઈ એમાં દ્રવ્ય રોકાણું-સ્થાપવું એનું નામ મોક્ષનો માર્ગ છે. વાત જ એવી વીતરાગની અચિંત્ય વાત છે.

લોકો બિચારા એમને એમ જીવતા મરી ગયા છે. આ અપવાસ કર્યા, વ્રત કર્યા, વરઘોડા કાઢ્યા. મરી ગયા છે બિચારા. એ બધી વિકલ્પની લાગણીઓની વાતું છે. આહાહા! એમાં હરખ માન્યો છે, દુઃખમાં હરખ માન્યો છે. અહીં કહે છે કે જે આનંદસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ રત્નત્રયસ્વરૂપ એવો નિત્ય ભગવાન, એમાં **આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને** એટલે કે અંદરમાં નિર્મળદશા પ્રગટ કરીને તેમાં રોકાયેલો આત્મા એણે આત્માની પર્યાયમાં આત્માને સ્થાપ્યો. આહાહા! રાગાદિ દયા, દાન, વ્રતના પરિણામ તો અણાત્મા છે. આહાહા! એને-આત્માને અણાત્મામાં સ્થાપવો એ તો મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાન છે. જયંતિભાઈ! બહુ કામ આકરું. આ પર્યુષણમાં તો લોકોમાં રાડેરાડ... આહાહા! એકે મહિનો કર્યો, એકે પંદર કર્યા ને એકે આઠ કર્યા, એમાં વરઘોડા કાઢે, બધાને જમણ આપે ને ધર્મ થઈ ગયો. આહાહા! બાપુ! એ બધા વરઘોડા આ ચાર ગતિમાં જઈને ફળશે એના ફળ. એ વરઘોડો ન્યાં જઈને ઊભો રહેશે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન નિરુપમ-જેને ઉપમા નથી એવું સહજ જ્ઞાન, એમ લીધું હતું પહેલું. પહેલું સહજ જ્ઞાન લીધું છે. સહજ-દર્શન, સહજ ચારિત્રરૂપ... **સહજ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ નિત્ય આત્મામાં**... એવો જે નિત્ય ધ્રુવ ભગવાન એમાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને એટલે આત્માને નિર્વિકલ્પ પરિણતિમાં સ્થાપીને, એમ. **આ આત્મા**... ભાષા પાછી જુઓ! **ચૈતન્ય ચમત્કારની ભક્તિ વડે...** આહાહા! પરમેશ્વરની ભક્તિ, તીર્થંકરની ભક્તિ એ તો શુભરાગ છે, એ ધર્મ નહીં. જેમ વ્રત ને અપવાસનો વિકલ્પ એ રાગ છે, એમ આ પણ એક શુભરાગ છે. એ ધર્મ નહીં. આહાહા!

**આત્મા ચૈતન્ય-ચમત્કાર**... ટૂંકું લીધું પાછું એમાં. કેવો છે આત્મા? એ તો ચૈતન્યના ચમત્કારવાળો છે. જેની શક્તિમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય, એ શક્તિના અનંતમા ભાગમાં એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય. એવો જે ચૈતન્ય-ચમત્કાર આત્મા.. ચૈતન્ય ચમત્કાર આત્મા.. જ્ઞાતાદૃષ્ટાના ચમત્કારથી ભરેલો ભગવાન. કોઈનું કરે રાગનું, દયાનું, પરનું કરે એવું એના સ્વરૂપમાં જ નથી. એનું સ્વરૂપ તો ચૈતન્ય-ચમત્કાર આત્મા છે. રાગથી માંડીને આખી દુનિયા એને અડ્યા વિના, એની પ્રતીતિ નહીં, એનું જ્ઞાન નહીં. પણ પોતાના જ્ઞાનને... જ્યાં સ્વ-પરપ્રકાશ સ્વભાવ એમાં પોતે ભરેલો જ છે. આહાહા! એવો ચૈતન્ય-ચમત્કાર આત્મા, એની ભક્તિ વડે... એ પર્યાય છે. સમજાણું કાંઈ?

એવો ભગવાન ચૈતન્ય-ચમત્કાર... જેનો જ્ઞાનચમત્કાર ત્રણ કાળ, ત્રણ લોક (જાણે). જે કાળનો આદિ ને અંત નથી. એના એક સમયમાં આદિ-અંત વિનાના ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતાની પર્યાયમાં જાણે, એવી અનંતી પર્યાયનો ચમત્કાર જ્ઞાન–આત્મા એની જે ભક્તિ કરે. **ભક્તિ વડે નિરતિશય ઘરને**... લ્યો, જેનાથી કોઈ ચડિયાતો નથી એવો, એમ. નિરતિશય (એટલે) નિઃ-અતિશય એમ નહીં. નહીં તો અતિશય ... થાય. (શ્રોતાઃ જેનાથી કોઈ અતિશય નથી). એનાથી કોઈ વિશેષ નથી, એમ. **જેનાથી કોઈ ચડિયાતું નથી, અનુત્તમ**. અનુત્તમ એટલે પૂર્ણ.. પૂર્ણ, એમ. નહીંતર અનુત્તમ એટલે ઉત્તમ નહીં. એના જેવું કોઈ ઉત્તમ નહીં, એમ. એનો અર્થ કરે ત્યારે થાયને. **શ્રેષ્ઠ, અજોડ**.

એવો જે ભગવાન આત્મા એની પર્યાય... હવે આ બધી પર્યાયની વાત ચાલે છે. આવા **ચૈતન્ય-ચમત્કારની ભક્તિ વડે નિરતિશય ઘરને** એટલે સિદ્ધપર્યાયને–મુક્તિરૂપી દશાને આ આત્માના ચૈતન્ય-ચમત્કારની ભક્તિ વડે પામે છે. આ તો કેટલા બધા વ્રત ને તપ, ઉપવાસમાં જેમ ધર્મ માનીને બેઠા છે, એમ કોઈ ભગવાનની ભક્તિ ને ગુરુની ભક્તિમાં ધર્મ માનીને બેઠા એને માટે આ વાત છે. સમજાણું કાંઈ? આપણે તો ગુરુની ભક્તિ કરો, કલ્યાણ થઈ જશે. એ ગુરુ ક્યો? તું. મહા-શુદ્ધમહારત્નત્રયથી ભરેલો તું, આહાહા! પછી બહારમાં ગુરુને નિમિત્તથી કહેવામાં આવે. બહાર દેવને પણ, ત્રણ લોકના નાથ તીર્થંકરને દેવ તરીકે પણ..., દિવ્ય શક્તિવાળો તું, એવી શક્તિની ભક્તિ કરતાં જે દશા પ્રગટ થાય એના ફળ તરીકે મુક્તિ થાય. ત્યારે નિમિત્તમાં દેવ તરીકે કહેવામાં આવે છે. આહાહા! ભારે માર્ગ. સમજાણું કાંઈ?

**જેમાંથી વિપદાઓ દૂર થઈ છે...** મુક્તિની દશા એમાં વિપદા કેવી? કારણ કે વિપદાને ટાળવાનો માર્ગ તો જેણે ગ્રહણ કર્યો છે અને એ માર્ગનો આધાર તો ભગવાન ત્રિલોકનાથ છે. એને આધારે વિપદા-રહિત મોક્ષમાર્ગની દશા પ્રગટ કરી, એના ફળ તરીકે મુક્તિમાં વિપદાનો અભાવ છે. કોઈ જાતની અકસ્માત, વિપદા આવે કે દુઃખાદિ આવી પડે એવું ત્યાં છે નહીં. **અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે...** ટીકાકારે 'ઘર'ની વ્યાખ્યા કરીને? જે આનંદથી શોભીતું ઘર છે. આહાહા! એ નિજઘર. એ સિદ્ધની પર્યાય એ નિજઘર. આહાહા! અને એ પર્યાયનું કારણ ત્રિકાળી નિજઘર. આહા! બાકી બધું પરઘર. સમજાણું કાંઈ? આ મારા બંગલા ને આ મારા ઘર. ધૂળેય નથી તારું. તારું ઘર તો અહીં અંદર છે. એ ઘરની ખબર ન મળે ને પરઘરમાં ભટકે, વ્યભિચારી થઈને પરઘરે ભટકે છે. આહાહા!

કહે છે કે **આનંદથી શોભિતું છે તેને અત્યંત પ્રાપ્ત કરે છે...** અત્યંત પ્રાપ્ત કરે છે. જે પર્યાય પ્રાપ્ત થઈ તે હવે છૂટશે નહીં. **અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે,** લ્યો. સમજાણું કાંઈ? એક કળશમાં તો કેટલું નાખ્યું છે! આત્મા કેવો? એ આત્મા મુક્તિનું કારણ. અને મુક્તિ કેવી? અને મુક્તિનો માર્ગ કેવો? એ બધું એમાં આવી ગયું. મુક્તિનું કારણ કીધુંને. ચૈતન્ય

ચમત્કારની ભક્તિ. એ વ્યવહાર માર્ગ. બાકી મુક્તિનો પહેલો હેતુ તો દ્રવ્ય લીધું. મુક્તિનો હેતુ દ્રવ્ય લીધો. પછી લીધું, (ચૈતન્ય)-ચમત્કારની ભક્તિ વડે... વર્તમાન નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય તેને લીધી. સમજાણું કાંઈ? આહા! નિરતિશય ઘર (અર્થાત્) એના જેવું કોઈ નહીં એવી મુક્તિસ્ત્રી–મુક્તિરૂપી પરિણતિ. (તો) આ ભગવાનનું શું કહેવું! કહે છે. એ તો મહા.. મહા નિરતિશય ઘર છે. આહાહા!

ધ્રુવ વસ્તુ નિત્ય અનાદિ-અનંત વસ્તુ પોતે વર્તમાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ તો મહા.. મહા નિરતિશય ઘર છે. આહાહા! એને તો કોઈની–મોક્ષમાર્ગની પર્યાયની પણ ઉપમા ન હોઈ શકે. આહાહા! સમજાણું કાંઈ? **સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે**. લ્યો. **सिद्धिसीमन्तिनीशः**.. આ કળશ વાંચ્યો હતો ત્યાં રાજકોટ. બપોરે વ્યાખ્યાન હતું. ૧૩૭ ગાથા. એક કળશ સમજે, એક ગાથા સમજે અને એક પદ સમજે તો આખો બાર અંગનો સાર છે એમાં. ભગવાનની વાણી– ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિ–ઓમ ધ્વનિ, એમ બાર અંગનો સાર આ છે. આહાહા! સમજાણું કાંઈ? ન પકડાય ઝટ દઈને (તો) એનો અભ્યાસ કરવો જોઈએ. આવી એકદમ વાત છે ઊંચી. ઊંચી નહીં બાપુ! એ જ વસ્તુ છે. એને ઊંચી કે નીચી જે કહે એ આ છે. સમજાણું કાંઈ? ૧૩૭.

**रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू ।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो ॥१३७॥**

નીચે હરિગીત.

**રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.**

આહાહા! અરે! બહારમાં... બહારના વિકલ્પ ને બહારમાં સુખ માનનારા.. અરે! એને આ કેમ હોય? એમ કહે છે. અરે! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે, એનો તો અહીં પરિહાર કરવો છે. સમજાણું કાંઈ? એના પરિહાર દ્વારા, આનંદની સ્થિરતા તેમાં સ્થાપે, આત્માને જોડે, એને સાચો ભક્તિ ને સાચો યોગ છે. કહો, સમજાણું? યોગભક્તિ–સ્વરૂપમાં એકાગ્રતારૂપી યોગભક્તિ. આ બાવા-બાવા સમાધિ લગાવે, આમ લગાવે. એ બધા અજ્ઞાની જીવો જ્યાં જવું જોઈએ એની ખબર ન મળે, એ ચીજ શું છે એની ખબર ન મળે. બહારમાં સમાધિ લગાવે ને આમ લગાવે, બધા મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? યોગભક્તિ... ભગવાન આત્મા પૂર્ણાનંદ ને શુદ્ધરત્નત્રયથી ભરેલો એની એકાગ્રતા એનું નામ યોગભક્તિ. અરે! બહારવાળાને આ કેમ હોય? એમ કહે છે. અરે! નિમિત્તોમાં અને રાગ-પુણ્ય પરિણામમાં જેને ઉત્સાહિત વીર્ય થઈને આમાં મજા પડે છે, ઠીક પડે છે, એવા અજ્ઞાનીઓને આ કેમ (હોય)? સમજાણું કાંઈ?

શુભ વિકલ્પ ઉઠાવે અને દેવ-ગુરુ-શાસ્ત્ર (આદિ) નિમિત્તો સારા મળે, એ તો પરના નિમિત્તમાં બીજું નિમિત્ત ફેરવ્યું. કહે છે કે એવા નિમિત્તમાં જેની દૃષ્ટિ છે અને રાગમાં જે રોકાયેલો છે, એને આ યોગભક્તિ ક્યાંથી હોય? એને સ્વસન્મુખની એકાગ્રતા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! માર્ગ તે માર્ગ કાંઈ આખો જુદો છે અને દુનિયા ક્યાંક માનીને (બેઠી છે). તેથી કહ્યું છે, **इदरस्स य किह हवे जोगो**.. અરે દુનિયા! આવો ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ એને અવલંબવું, એનો આશ્રય કરીને એકાગ્ર થવું, એ એકાગ્રતામાં આત્માને રોકવો—એવો જે યોગભક્તિનો મોક્ષનો માર્ગ એ આનાથી વિપરીત દૃષ્ટિવાળાને–આ ભાવથી વિપરીતભાવવાળાને એ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એ રાંકને રત્નના દર્શન ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા! માણસ નથી કહેતા? કે ભઈ, આ ગરીબ માણસે કોઈ દિ' રત્ન જોયું નથી. ઘરમાં તો નથી, પણ જોયું પણ નથી કે રત્ન જગતમાં આવા હોય. અરેરે! રાગ ને પુણ્ય ને નિમિત્તમાં રોકાઈ ગયેલા, ક્યાંક મજા છે, સુખ છે, આહ્‌લાદ છે—એમ જે રોકાયેલા એવા રાંકને આવા ચૈતન્યના રત્નની ભક્તિ ક્યાંથી હોય? એમ કહે છે. આ વીતરાગનો અમૃતમાર્ગ છે. આહાહા! સમજાણું કાંઈ?

**ટીકા : આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.** ઓલામાં હતું, પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન. આ, નિશ્ચય યોગભક્તિનું સ્વરૂપ છે. વિશેષ સ્પષ્ટ (કરે છે). યોગીને યોગ... કહેતા નથી? આ યોગી છે, યોગીશ્વર છે. પણ યોગી ને યોગીશ્વર કહેવો કોને? બાવા જટાને મૂંડે, યોગ કરીને બેસે, માસ-માસના અપવાસ કરે એ યોગી? ના, ના, એ તો ઢોંગી. કેમકે એ તો રાગનો વિકલ્પ પરલક્ષવાળો ભાવમાં પડ્યો છે, એનો ભોગવટો એને છે. સમજાણું કાંઈ? આ તો આત્મા એની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એની ભક્તિ.. આહાહા! એનું ભજન, શુદ્ધસ્વરૂપ સન્મુખની એકાગ્રતાનું ભજન, એ યોગભક્તિ કહેવામાં આવે છે. પણ હવે શુદ્ધસ્વરૂપ કહેવું કોને? એની અસ્તિત્વની મારી હયાતી કેટલી, કેવડી મોટી છે? મારી હયાતીનું હોવાપણું–મારી સત્તાનું હોવાપણું કેવડું મોટું છે એની હજી ખબર ન મળે, એને યોગ એટલે ધર્મની ભક્તિ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

મારી શક્તિયુક્ત સત્તા રાગથી તો પર છે, નિમિત્તથી તો પર છે, ત્રણ લોકના નાથથી પણ પર હું છું અને ત્રણ લોકના નાથની ભક્તિનો રાગ થાય એનાથી હું પર છું. અરે! રાગને જાણવાની જ્ઞાનની એક સમયની પર્યાય એનાથી પણ હું પર છું. આહાહા! એવો આત્મા એની એકાગ્રતા... એકાગ્રતા એ પર્યાય છે. એની ભક્તિ એ યોગની ભક્તિ, એકાગ્રતાની ભક્તિ. આહાહા! સમજાણું કાંઈ? આ તો સમ્મેદશિખર જાય, એકાદ-બે ભક્તિ કરે, જાઓ. 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ..' ...... જાઓ, બાર મહિને એકવાર કરી આવો સમ્મેદશિખરની

જાત્રા, તો આ લોકો સિદ્ધગિરિની કે શેત્રુંજયની. અરે! સિદ્ધગિરિ ને શેત્રુંજય તો અહીં છે. ત્યાં ક્યાં હતો? એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

ત્રણ લોકનો નાથ ચૈતન્ય-ચમત્કાર ભગવાન એ પોતે શત્રુને જય કરનારો છે અને એ સમ્મેદશિખર છે. સમજાણું કાંઈ? નહોતું ઓલાને? એના ભક્ત ..વાળાને કહેતા. કેશરિયાની ભક્તિ કરો, જાઓ. કેશરીયાજી જાય છેને? કેશર ચડાવે, થોડકાના થોકડા કેશર. લઈ જાય પંડ્યા પછી આમ.... ગાંડપ ચાલી છેને, પાગલ છે, ધર્મના નામમાં પાગલ છે. સમજાણું કાંઈ? હા, પ્રતિમાની ભક્તિ હોય, પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. અશુભભાવ ન હોય ત્યારે એવો ભાવ આવે, એટલી એની મર્યાદા છે. એને ધર્મના કારણમાં ખતવી નાખે એમ બને? એવું વીતરાગમાર્ગમાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

**આ, નિશ્ચય યોગભક્તિના સ્વરૂપનું કથન છે. નિરવશેષપણે અંતર્મુખાકાર...** શું કહે છે? કે આત્મા અંતર્મુખ ત્રિકાળ છે એની પરિણતિ-સમાધિ સર્વથા અંતર્મુખ છે. શું કીધું? આત્મા એ આખી અંતર્મુખ ધ્રુવવસ્તુ છે. એની સમાધિ એટલે મોક્ષમાર્ગ, એ પૂર્ણ અંતર્મુખાકાર સ્વરૂપ છે. એનો સમાધિભાવ એટલે મોક્ષમાર્ગભાવ પૂર્ણ અંતર્મુખાકાર છે. બહિર્મુખની વૃત્તિનો જ્યાં સંબંધ નથી. શું કીધું? **અંતર્મુખાકાર પરમ સમાધિ વડે...** એટલે? કે તદ્દન જે આત્મા પૂર્ણાનંદનો નાથ એના ઉપર અંતર્મુખ થયો છે, સર્વથા અંતર્મુખ થયો છે. કાંઈ બહિર્મુખ ને થોડું અંતર્મુખ એવું છે નહીં, એમ કહે છે. આહાહા! ગજબ! નિયમસારે તો ગાથા દીઠે પરમાત્માને ગાયો છે. કારણપરમાત્મા ત્રણ લોકનો નાથ ભગવાન તારી વાત પર્યાયમાં પૂરી ન આવે એવો તું છો. વાતમાં તો ન આવે, પણ એક સમયની સિદ્ધની પર્યાયમાં પણ આખો તું ન આવે... આહાહા! સમજાણું કાંઈ? વાતમાં તો ન આવે, આ તો વાણી જડ છે, પણ એક સમયની સિદ્ધની પર્યાયમાં આખો ન આવે એવડો મોટો પ્રભુ એ અંતર્મુખ ચીજ છે. અને એને પકડનારી પર્યાય પણ સર્વથા અંતર્મુખ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

બહિર્મુખની વૃત્તિનો જેને લેશ નથી... આહાહા! ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, ભગવાનની માન્યતાનો વિકલ્પ, ભગવાન ત્રણ લોકના નાથ સાચા—એવા વિકલ્પની કોઇ અપેક્ષા અંતર્મુખ આકારમાં છે નહીં. આહાહા! આ શ્વેતામ્બરમાં વિધિ કરો, વિધિથી કરો, અવિધિએ ન કરવી. છે બધું અવિધિ, વિકલ્પ એ પોતે અવિધિ છે. આહાહા! આયંબિલ કરો ને ઓળી કરો ને.. હમણા ગયું હતુંને આ વર્ષનું. આસો સુદ સાતમથી લઈને પૂનમ એ ઓળીના દિવસો. ખૂબ ઓળી ગામોગામ થઈ. આટલી ઓળી થઈ, આટલી ઓળી થઈ. બધી હોળી થઈ છે. આત્મા ક્યાં ચીજ છે, આત્મા શું છે—એની તો ખબર ન મળે. સમજાણું કાંઈ? બાપુ! દુનિયાને તો—સંપ્રદાયની દૃષ્ટિવાળાને તો—આ ધક્કા લાગે એવું છે. માર્ગ જ આવો ત્રણ

લોકના નાથનો છે. અનાદિ તીર્થંકરનો કહેલો અને ત્રણ લોકનો નાથ તું તારો એવો જ માર્ગ છે. આહાહા! સમજાણું?

**નિરવશેષપણે** (એટલે) કાંઈ બાકી રાખ્યા વિના, એટલે કંઈપણ વિકલ્પની અપેક્ષા રાખ્યા વિના. એય! આહાહા! વ્યવહારની ક્રિયાની વિધિ એની કોઈ અપેક્ષા નથી જેને– પરિણતિને હોં. જયંતિભાઈ! આવો માર્ગ છે. અરે! બિચારાને લૂંટે છે. કુગુરુ લૂંટે છે, શ્રીમદ્દે કહ્યું, નહીં? એક તો આ સંસારમાં .... લૂંટવામાં જાય, થોડો બે ઘડીનો વખત મળે ત્યાં કુગુરુ લૂંટી લે બે ઘડીને. અમે કહીએ એમ કરો, તમારું કલ્યાણ થઈ જશે. આહાહા! એક વાત કહેવાય એ કહીએ છીએ. ભઈ! તમે છકાયની દયા પાળું એ તો ઘણા દિ'થી કહો છો, વ્રત પાળવું. પણ આ સમકિતની કાંઈ કર્યું? ગોઠવણ. સમકિતની કાંઈક ગોઠવણ કરજો કે સમકિત કેમ થાય, એવું લખ્યું છે શ્રીમદ્દે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! સમકિત એને તો નથી, પણ સમકિત કેમ થાય એની પણ એને ખબર નથી અને એ ઉપદેશકો (બનીને બેસે). અહીં તો કહે છે કે આહા! શું પણ ટીકા કરે છે! **નિરવશેષ**–કાંઈ બાકી રાખ્યા વિના. **સર્વથા અંતર્મુખ**, એમ. નિરવશેષ એટલે સર્વથા. બિલકુલ અંતર્મુખ પરિણતિ. ભગવાન આત્મા આખો અંતરમાં છે ધ્રુવ એટલે એની પર્યાય પણ સર્વથા અંતર્મુખ થઈ છે. બહિર્મુખની કોઈપણ વાત એમાં રહી નથી. આહાહા! ગજબ વાત છે પ્રભુ! તારી. પરાશ્રય વ્યવહારની અપેક્ષા જેમાં છે નહીં, એમ કહે છે. કહો, ભીખાભાઈ! આહાહા! તારો ચૈતન્ય હીરલો મહા ચૈતન્યપ્રભુ એને પકડવા સર્વથા અંતર્મુખ પરિણતિ જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

બહિર્મુખની વૃત્તિઓનો બિલકુલ પરિહાર કીધો છેને એમાં. **रागादिपरिहारे**... એટલે વિશેષ નાખ્યું એમાં. વિકલ્પનો–વ્યવહાર વિકલ્પનો અભાવ પણ નિરવશેષપણે સર્વથા. ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવવસ્તુ એની વર્તમાન પર્યાયને અંતરમાં અંતર્મુખાકાર એટલે બિલકુલ અંતર્મુખ પરિણતિ, એમાં બાહ્યમુખ પરિણતિની બિલકુલ અપેક્ષા ને આશ્રય ને અવલંબન નહીં. આહાહા! ટીકા તે પણ ટીકા કરી છેને! કેટલાકને ટીકા ગોઠતી નથી, લ્યો. આહાહા! અમૃત રેડ્યા છે. આહાહા! કહે છે કે ભગવાન! એને અમે આત્માના સંબંધવાળી ભક્તિ કહીએ. આત્માનો યોગ એટલે જોડાણ. આત્માની સાથે જોડાણ થવું એનું નામ યોગભક્તિ કહીએ કે જે યોગભક્તિ સર્વથા અંતર્મુખાકારવાળી છે. સમજાણું કાંઈ?

'નિરવશેષ' કહ્યું છેને એટલે 'સર્વથા' શબ્દ વાપર્યો. બાકી કોઈ કહે કે કથંચિત્ બાહ્ય વ્યવહાર ને કથંચિત્ અંતર્મુખાકાર અને કથંચિત્ વ્યવહાર-આકાર બેય અનેકાંત કહો તો પકડાય. આહાહા! એ જયંતિભાઈ! આવી વાતું છે. આહાહા! આ તો ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે. આ વાતની ગંધ જ ક્યાંય નથી. માળે ઊંધે ... નાખીને જિંદગીનો કાળ વેડફી

નાખે છે. આવો કાળ. જ્યાં જાવું છે એ કોણ છે અને જાય છે પરિણતિ કેવી છે? આહાહા! **रायादीपरिहारे** છેને? એ 'પરિહાર'માંથી આ બધું કાઢ્યું છે. વ્યવહારનો બિલકુલ અંશ છોડી દઈને એકલો અંતર્મુખાકારે ગયો છે આમ અંદરમાં. સમજાણું કાંઈ? આહા! આ દિવાળીના દિ' છે બધા. દિ' વાળવાના દિ', એમ. દિવાળી એટલે? દિવાળી એટલે દિવસને વાળ આમ, એટલે તારી નિર્મળ પર્યાય એને વાળ આત્મા તરફ, એનું નામ દિવાળી છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

કાંઈ દા'ડો ન વળ્યો, એમ નથી કહેતા? કાંઈ દા'ડો ન વળ્યો એમાં. દહાડો એટલે દિવસ. દહાડો કહે. કાંઈ દહાડો વળ્યો નહીં. દાળીયા નથી એટલે.... પણ આ કાંઈ દા'ડો ન થયો. (એટલે) દિવસ કાંઈ ન થયો. ઊંધે કાન અનાદિથી દિવસને વાળ્યો છે. ...ભાઈ! આહાહા! પણ હજી એને ખબરેય નથી કે આ શુભમાં કઈ રીતે પડ્યા છે ઊંધે અને સવળો શું છે એની ખબરું નથી. આહાહા! કહે છે કે **સર્વથા**... ભાઈ! કથંચિત્ લ્યોને! ભગવાનનો માર્ગ અંતર્મુખ પરિણતિ એ પણ સાધન અને બાહ્યની પરિણતિ એ પણ સાધન.—એમ છે જ નહીં. અંતર્મુખાકાર પરિણતિ એ સાધન છે અને બહિર્મુખ પરિણતિ સાધન નહીં, એનું નામ અનેકાંત છે. આહાહા! વીરજીભાઈ! આ તો સમજાય એવું છે. એવી ભાષા બહુ ગૂઢ નથી. ભાવ તો સીધા છે, બિલકુલ સીધી સટ (વાત) છે. સમજાણું કાંઈ? આહાહા!

**એવી પરમસમાધિ વડે**... ઠીક! એ પર્યાય છે. ભગવાન આત્મા તો પરમ સમાધિસ્વરૂપ જ છે. પરમ સમાધિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંત, પૂર્ણ અકષાય, પૂર્ણ સમાધિ આનંદસ્વરૂપ જ પ્રભુ ધ્રુવ આત્મા તો છે. એને **પરમસમાધિ વડે**... હવે એ પર્યાય છે. સમજાણું કાંઈ? એને **પરમ સમાધિ** એટલે રાગના વિકલ્પના સર્વથા અભાવ વડે અને સમાધિની શાંતિની દશા વડે... **પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં**... પરમ સમાધિ વડે... 'સમાધિ' નથી આવતું? લોગસ્સમાં આવે છે. 'સમાહિવરમુત્તમં દિંતુ..' પણ અર્થનું કોને ભાન હોય? 'સમાહિવરમુત્તમં દિંતુ..' આવે છેને. કઈ સમાધિ પણ? આ સમાધિ. એ બહારની લોકો માને એ સમાધો ક્યાં હતો? સમજાણું કાંઈ?

'સમાહિવરમુત્તં દિંતુ..' નથી આવતું? લોગસ્સમાં આવે છે. અર્થ કહેનારને કાંઈ ખબર ન મળે અને સાંભળનારા ગાડાં હાંક્યે જાય. 'લોગસ્સ ઉજ્જોયગરે...' એ ચીમનભાઈ! 'ધમ્મતિથ્થયરે જિણે અરિહંતે કિત્તઇસં...' ગડિયો હાંકે. લોગસ્સ ગણ્યો ને થઈ ગઈ સામાયિક. આહાહા! અરે! સામાયિકની નિર્મળ પર્યાયનો કર્તા કોણ, કેવો—એની ખબરું ન મળે. સમજાણું? આ પરમ સમાધિ કહો કે સામાયિક કહો. સામાયિક આવી ગયું પહેલું. વીતરાગીદશા જેમાં વિકલ્પની બિલકુલ અપેક્ષા નથી એવી શાંતિ.. શાંતિ.. શાંતિ.. પરમશાંતિનો પ્રભુ એને શાંતિ દ્વારા એકાગ્ર થઈને અથવા શાંતિ વડે મોહ-રાગ-દ્વેષ ને પરભાવનો પરિહાર

થાય છે. આહાહા! એટલે કે આત્માનું અવલંબન લઈને જે દશા પ્રગટ થઈ એ પરમ સમાધિ છે. એ ઉત્પાદ થયો. એ ઉત્પાદ વડે, પૂર્વના અજ્ઞાન, રાગ-દ્વેષના વિકલ્પાદિ પર્યાય જે હતા એનો નાશ થયો. સમજાણું કાંઈ?

મોહ (એટલે) પરમાં સાવધાનીનો ભાવ. મિથ્યાત્વ, એ રાગમાં સાવધાની એનું નામ મિથ્યાત્વ. સ્વરૂપમાં સાવધાન એનું નામ સમ્યગ્દર્શન. આહાહા! એ વિકલ્પ ઉઠે ભક્તિનો કે રાગનો દયા-દાનનો, એમાં સાવધાની એ મિથ્યાત્વ છે. એકાગ્રતા.... આહાહા! માર્ગ તો, જેના ફળ સિદ્ધ એનો માર્ગ કેવો હોય? આહાહા! **સમસ્ત**... શું કહે છે? **પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ**... શુભ ને અશુભ વિકલ્પો બધા. આહાહા! નિર્વિકલ્પ સમાધિ વડે **પરભાવોનો પરિહાર હોતાં**... પરિહાર કરવો એમ નથી, પણ પરિહાર હોતાં... (પરિહાર) હોતાં (એટલે) અભાવ થતાં સ્વભાવ થાય છે. ભગવાન આત્મા ચિદાનંદ ધ્રુવ એની જ્યાં દૃષ્ટિ કરી અને જે પરિણતિ થઈ એમાં આત્માને રોક્યો એટલે રાગનું ઉત્પન્ન થવું અટકી ગયું (એટલે) એનો પરિહાર થઈ ગયો, **रायादीपरिहारे** એટલે.

**જે સાધુ...** એટલે જે કોઈ ધર્માત્મા, સાધક... આત્માને સાધે તે સાધુ. વ્યવહાર ને પુણ્ય ને દયા-દાન ને વિકલ્પને સાધે તે સાધુ નહીં. સમજાણું કાંઈ? અજબ-ગજબની વાત છે આ. દુનિયા બિચારા ક્યાંક પડ્યા છે. ક્યાંય રાંક થઈને રોળાઈ જાય છે. સમજાણું કાંઈ? 'રતન રોળાયું સ્મશાને..' અમે જ્યારે દુકાનમાં હતાને ત્યારે ગાયકવાડનો છોકરો ફતેહકુમાર મરી ગયોને. ..... ગુજરી ગયો. પાટવી રાજકુમાર હતોને. એનો કુળ છે... નાની ઉંમરે મરી ગયો. આ છોકરો વર્ષ-બે વર્ષનો હતો. ફત્તેહકુમાર પાટવી. સયાજીરાવ જીવતા હતા. ..... ચોપડી છપાવી. 'રતન રોળાયું સ્મશાનમાં..' હાય! ઓય રે! રતન રોળાયું. ત્રણ કરોડની ઉપજ હતી એની. ૬૬-૬૭ની વાત છે. ત્રણ કરોડનો તાલુકો. એમાં એનો પાટવી રાજ–યુવરાજ ફતેહકુમાર ગયો. આમ મરશિયા કરેને બધા. રોવે.. રોવાના. હાય! રતન રોળાઈ ગયું.

બાપુ! એ રતન તો ત્યાં ધૂળનું છે. આવું ચૈતન્યરત્ન એને પુણ્ય ને પાપના રાગની મીઠાશમાં વેદીને રહેવું, એ રતન રોળાયું સ્મશાનમાં. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! વ્રત ને નિયમ ને અપવાસ ને પૂજા ને ભક્તિ—એ બધા વિકલ્પો છે, એમાં રતનને રોળવી નાખ્યું ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? બાદશાહ, આહા! એને ત્રણ કરોડની ઉપજ હતી. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ ત્રણ છેને? બીજે ક્યાંક હતા તે ચોપડી આવી હતી, ચોપડી વાંચી હતી. આહાહા! તારું રત્ન, પ્રભુ! ચૈતન્ય-ચમત્કાર રત્ન, જેના સ્વીકાર વિના, રાગ ને પુણ્યના વિકલ્પના સ્વીકારથી હણાઈ ગયું તારું રત્ન. તારા આત્માની શાંતિમાં ઘા પડ્યા. આહાહા! શાંતિ ઉપર ઘા. એને અહીંયા કહે છે કે એવા અશાંતિના ભાવના પરિહાર વડે જે સાધુ... પાઠમાં છે. હવે એ લીટીનો અર્થ જરી ઝીણો છે. (પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૧૪, સોમવાર, તા. ૧૮-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૩૭, શ્લોક - ૨૨૮, પ્રવચન નં. ૧૫૩**

આ નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર છે. ગાથા ૧૩૭. ફરીને લઈએ.

**ટીકા : આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.** સાચી (ભક્તિ એટલે) આત્મામાં શુદ્ધ સ્વરૂપ એની અંતરની એકાગ્રતા–એનું જોડાણ એ સાચી ભક્તિ છે, એ સાચો મોક્ષનો માર્ગ છે. **નિરવશેષપણે**–કંઈ બાકી રાખ્યા વિના, **અંતર્મુખાકાર**... ઝીણી વાત છે જરી. જેણે કોઈ દિ' દિશા જોઈ નથી એટલે ક્યાં જાવું અને કેમ જાવું એની એને ખબર નથી એટલે એને ઝીણું પડે. સર્વથા પ્રકારે... નિરવશેષપણે એટલે સર્વથા પ્રકારે **અંતર્મુખાકાર...** આત્માની ધર્મદશા એ ત્રિકાળી અંતર્મુખસ્વરૂપ ભગવાન એને પકડવાની અંતર્મુખ નિર્વિકલ્પ પરિણતિ છે. આહાહા! **એવી પરમ સમાધિ વડે...** નિર્મળ ત્રિકાળી શુદ્ધવસ્તુ એનો આશ્રય કરીને જે પરમ શાંતિ, પરમ સુખ પ્રગટ્યું, એવા પરમ સુખ વડે... કે જે પરમ સુખનું અંતર્મુખ સ્વરૂપ છે. એ પરમ સુખ ધર્મની પર્યાયમાં બહિર્મુખ કંઈ પણ છે નહીં. વ્યવહારનો બહિર્મુખ વિકલ્પાદિ એમાં નથી. આહાહા! ભારે ધર્મ.

**(સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે...** એનો અર્થ કે ભગવાન આત્મા જે ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદસ્વરૂપ એના તરફની જે વીતરાગી પરિણતિ છે એ સર્વથા અંતર્મુખની પરિણતિ છે. સમજાણું કાંઈ? **એવી) સમાધિ વડે...** આવી પર્યાય ઉત્પન્ન થતાં, એમ કહે છે. જે અનાદિથી રાગ ને વિકલ્પની પર્યાય ઉત્પન્ન થાય છે એ તો વિકાર, ઝેર ને પરલક્ષીભાવ છે. અહીંયા તો ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ એને પરમ શાંતિ.. પરમ શાંતિ... નિર્વિકલ્પ આનંદ–રાગ વિનાનો આનંદ–રાગ વિનાનું સુખ એવી અંતર્મુખ આકૃતિ એટલે પરિણામ એવી સમાધિ વડે... ધ્રુવ તો ધ્રુવ છે ચીજ. ધ્રુવ તો નિત્ય ધ્રુવ છે, પણ એની અંતર્મુખ-આકૃતિરૂપ પરમ સમાધિની શાંતિ એવી પર્યાય દ્વારા... આહાહા! આવું કાંઈ દવામાં આવે નહીં ને કાંઈ સાંભળવામાં આવે નહીં.... આહાહા!

ભગવાન આત્મા જે પરલક્ષની પર્યાયવાળો પર્યાયવાળો જણાય, ખરેખર એ છે નહીં. એને સ્વલક્ષી અંતર્મુખ આકૃતિ નામ પરિણામ જેમાં બહિર્મુખના વ્યવહારના વિકલ્પની કંઈ પણ અપેક્ષા ને આશ્રય ને અવલંબન નથી, એવી પરમ સમાધિની ઉત્પત્તિ વડે **સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં** (અર્થાત્) વિકારના ભાવનો ઉદય નહીં હોતાં... આ પરમ સમાધિની શાંતિ દ્વારા... આ મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ? એવી પરમ શાંતિ વડે... વિકલ્પ વિનાનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પરિણામ એ તદ્દન અંતર્મુખ આકારવાળી દશા છે. આહાહા! એ **વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર થતાં** એટલે કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર

પડતાં જે દૃષ્ટિમાં શાંતિ આવી, તે શાંતિ દ્વારા અશાંતિના પરિણામ પરિહાર થાય છે એટલે કે એને ઉત્પન્ન થતાં નથી. આહાહા! આવો ભારે! આવો માર્ગ છે ભાઈ! એ વાત ત્યાં રાખી.

હવે, એ અંતર્મુખાકારની પરિણતિ જે સમાધિ... જે સ્વભાવ વસ્તુ અંતઃતત્ત્વ આખું ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવતત્ત્વ આખું પૂર્ણ એને પકડવાની અંતર્મુખ પરિણતિ–દશા થતાં બહિર્મુખની વૃત્તિઓનો ત્યાં ઉદય–ઉત્પન્ન થતો નથી. આમ થતાં **જે સાધુ** (અર્થાત્) સ્વરૂપનો સાધક જીવ રાગ ને વિકલ્પ ને નિમિત્તનું સાધનપણું છોડી દઈ... આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ–પૂર્ણાનંદની પર્યાય પ્રગટ કરવાનો સાધક જીવ–**આસન્નભવ્ય જીવ** (અર્થાત્) જેને અલ્પ કાળમાં હવે મુક્તિ છે. આસન્ન (એટલે) નજીક છે લાયકાત એની સિદ્ધ થવાની.

એવો ભવ્ય જીવ **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...** જે પરમ સમાધિ કીધી હતી એની જ આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? ન્યાં પરમ સમાધિ વડે મોહાદિની ઉત્પત્તિ થતી નથી, એમ કહ્યું છે. હવે અહીંયા, **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે**... આત્મા ત્યાં જોડાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મા એ વિકલ્પમાં જોડાતો હતો, એને છોડી નિર્વિકલ્પ અંતર આકાર વડે–સમાધિ વડે જેને મોહાદિની ઉત્પત્તિ થઈ નહીં એવા જીવને... આહાહા! **આસન્નભવ્યજીવ નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...** એ પર્યાય. માથે પરમ સમાધિ કહ્યું હતું. એને જ અહીંયા પરમ સમાધિ વડે એટલે આત્માની અંદર શુદ્ધતાના ઉપયોગ દ્વારા.. શુદ્ધ ઉપયોગ દ્વારા અશુદ્ધ ઉપયોગનું ઉત્પન્ન થવું નથી, એટલું કહ્યું હતું. ઝીણું છે, બહુ ઝીણું છે આ. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા પોતાના અંતઃતળને સ્પર્શવા અંતર્મુખાકૃતિએ અંતર સ્પર્શ્યું, એ આકૃતિ(રૂપ) પરિણામ દ્વારા અશુદ્ધતાની ઉત્પત્તિનો અભાવ થયો, એ પરિણતિ **નિજ અખંડ અદ્વૈત**... ભગવાન આત્માની સાથે એકત્વ થતાં જે પરિણતિ પ્રગટી, એ પરિણતિ સાથે આત્માને એકત્વ છે (એટલે) ન્યાં રોકાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણું છે ભાઈ આ. આ દિવાળીના માલ-માલ ખાય છેને માણસ? આ માલ છે, અંતરના અમૃતનો માલ છે. આહાહા! બહુ આ તો ધીરજનું કામ છે. આ કાંઈ વ્રત ને તપને કરે, બહુ શાસ્ત્રના જાણપણા કરે તો આ વાત સમજાય એવી એ (વાત) નથી. આહાહા! સમજાણું કાંઈ? એટલે કે જેને સમ્યગ્દર્શન ને શુદ્ધ ઉપયોગ દ્વારા (એટલે કે) અંતર્મુખ આકૃતિ દ્વારા, જેણે બહિર્મુખની વૃત્તિઓનો હ્રાસ કર્યો છે–નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

એવો જે સાધક જીવ (એટલે) સિદ્ધ–પૂર્ણ દશાને પ્રાપ્તની તાલાવેલીવાળો જીવ... સિદ્ધને સાધ્ય બનાવીને... સાધ્ય આમ તો દ્રવ્ય સાધ્ય છે, પણ પર્યાયમાં સિદ્ધપણું તે સાધ્ય છે એનો જે સાધકજીવ એની પર્યાયમાં **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ** એવી દશા પ્રગટી છે. આહાહા! પંડિતજી! આહાહા! ભગવાન પરમાનંદનો નાથ છેને, અતીન્દ્રિય આનંદનો રસકંદ છે.

જેમાં અતીન્દ્રિય આનંદ જ છલોછલ પરિપૂર્ણ અસંખ્ય પ્રદેશે (ભર્યો છે), એક-એક પ્રદેશે અનંતો આનંદ એવો અસંખ્ય પ્રદેશી આનંદ–અતીન્દ્રિય આનંદ છે. જેની એક સમયની સાધકદશાના આનંદની દશા આગળ ઇન્દ્રના-ઇન્દ્રાણીના સુખ પણ, આહાહા! મીંદડા સડેલા હોય અને એમાં આંગળી નાખે અને જેમ દુર્ગંછા થાય, એમ જ્ઞાનીને પરવસ્તુથી દ્વેષ એટલે ઉદાસ છે. દ્વેષ નથી, (પણ) ઉદાસ છે. એને સડેલા તરણા, સડેલા મીંદડા જેવા લાગે. આહાહા!

ઘરમાંય ઉંદર મરે ત્યારે ગંધાય છેને. ખાળમાં મરી ગયો હોય ને ખબર ન પડે તો એમને એમ બે-ચાર દિ' રહીને ગંધાય. ક્યાંથી આ વાસ આવે છે? ખાળમાં ગયો હોય ને ખાળ હોય નાની ને (ઉંદર) હોય મોટો. ગર્યો તો ખરો પછી આમ પણ ન નીકળી (શકે) ને આમ પણ ન નીકળી (શકે). એમ હોય છેને. મરી જાય તો ગંધાય. એક ફેરી ગયા હતા. ખબર છે. તમે હતા? કરીયાણ. તમે નહોતા. ધર્મશાળા કારયાણી. હા, એ. અમારા બાપના નવા મા ત્યાંના હતા. મારા બાપની નવી મા કરીયાણના હતા. કાળુભાને ... કાંઠે. ધર્મશાળામાં ઉતર્યા (ત્યાં) ખાળમાં ઉંદર ગંધાતો હતો. જોવામાં કાંઈ નહીં, પણ ખાળમાં એક ઉંદર ગંધાતો હતો. ઘણા વર્ષ થયા હોં. ૨૦૦ની સાલ, ૨૩ વર્ષ થયા. ગંધ ક્યાંથી આવે છે? ક્યાંય દેખાતો નથી. ખાળમાં જોવે ત્યાં.... એની ગંધ જેમ પસંદ નથી, એમ ધર્મીને પરમાનંદની પર્યાય આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખ પણ પસંદ નથી. સમજાણું કાંઈ? આહાહા!

એવો **નિજ અખંડ...** પોતે અખંડ દ્રવ્ય છે એને આશ્રયે થયેલી પર્યાય પણ નિજ અખંડ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આરે! આવી ધર્મકથા કે દિ' આવે? દિવાળીના દા'ડા હોય, એક રાજા હતો ને પછી આમ થયું ને પછી આમ થયું ને આમ થયું. પકડાય ખરું. ઘરેથી ન આવ્યા હોય તો વાતેય કરાય. ભઈ! તમે શું સાંભળી આવ્યા? આ તો કાંઈ નહીં, નિજ આમ.. નિજ આમ કરતા હતા. આહાહા! બાપા! તારા નિજઘરની વાતું છે. એ વાતને એણે કોઈ દિ' રુચિપૂર્વક સાંભળી નથી. આહાહા! સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના દાવાનળના દુઃખથી બળી રહ્યો છે સંસાર આખો. એનાથી છૂટવાનો ઉપાય આ એક છે. સમજાણું કાંઈ?

ઓલો કહે છેને, પુનર્જન્મ માનતા નથી. ભાઈ! એ રસ્તામાં વિચાર આજ આવ્યો હતો. બાપુ! પુનર્જન્મ શું, ભવ જ નથી આત્મામાં. પછી જન્મવું ક્યાં? આહાહા! ભાઈ! તને ખબર નથી. જન્મવું.. જન્મ એ વસ્તુમાં જ નથી. એનો જન્મ તો, પરમ આનંદની ઉત્પત્તિ કરે એ એનો જન્મ છે. આહાહા! સમજાણું કાંઈ? જન્મ કેવા? જન્મ ને મૃત્યુ આત્મામાં કેવું? આહાહા! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને આશ્રયે થતી દશા, નિજ અખંડ અદ્વૈત–અજોડ દશા, એની સાથે વ્યવહાર-વ્યવહાર કાંઈ છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

મુનિરાજે પણ ગજબ કરી છે ટીકા! આહાહા! પરમાત્માને હેઠે ઉતાર્યા છે. આવ! આવ પર્યાયમાં હવે તું. સમજાણું કાંઈ? ભાઈ! પ્રભુ! તું પૂર્ણ છોને! એ પૂર્ણનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં પ્રભુ પધાર્યા. આહાહા! સમજાણું કાંઈ લ? પ્રભુ ધ્રુવ તો આવતો નથી, પણ એનું ભાન થયું એટલે પર્યાયમાં પ્રભુ જણાણા કે ઓહોહો! આ વસ્તુ! સમજાણું કાંઈ? એ ધ્રુવનો જ અનુભવ કહેવાય. છે તો પર્યાયનું વેદન, કાંઈ ધ્રુવનું વેદન નથી. પણ ધ્રુવના લક્ષે જે પર્યાય પ્રગટ થઈ (એને) 'ધ્રુવનું વેદન છે' એમ કહેવાય. ઓલું રાગનું વેદન નથી, વ્યવહારના વિકલ્પનું વેદન નથી. એથી આમ ગુંલાટ ખાધી છે પરિણતિએ. ધ્રુવ ઉપર નજર પડી એટલે ધ્રુવને વેદે, જ્ઞાયક પ્રગટ્યો–જ્ઞાયકભાવ પ્રગટ્યો એને વેદે એમ કહેવામાં આવે. આહાહા! સમજાણું કાંઈ?

એવો જે **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ** પર્યાય... આ પર્યાયની વાત ચાલે છે. મોક્ષમાર્ગ પરમ સમાધિ છે અને નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? પર્યાયની વાત છે. આ સાંભળી નહીં તમે. સાંભળ્યું નહીં? બે-ત્રણવાર તો કહ્યું. પર્યાય છે એ. 'નિજ અખંડ અદ્વૈત પરમાનંદ' એ પર્યાય છે. બે-ત્રણ વાર કહ્યું. તમારું ધ્યાન પ્રશ્નમાં રહે છે, ધ્યાન સમજવામાં નથી રહેતું. બે-ત્રણ વાર કહ્યું કે જે પરમ સમાધિ છે તે આ છે, આ છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. એમ તો કેટલીવાર આવ્યું. સમજાણું કાંઈ? આહા! એવો જે જીવ... કેવો જીવ? જેણે અંતર્મુખ આકૃતિ દ્વારા–પરિણતિ દ્વારા જેણે મોહાદિની ઉત્પત્તિને છોડી દીધી છે. 'પરિહાર' છે ને? એટલે છૂટી ગઈ છે. પરિહાર હોતાં... ભગવાન આત્મા પોતાના નિજ અખંડ અદ્વૈત પરમાનંદ પર્યાય એની સાથે **નિજ કારણપરમાત્માને જોડે છે**... આહાહા! સમજાણું કાંઈ?

આમ જોડાણથી ઉત્પન્ન થઈ પર્યાય, એણે પરિહાર કર્યો વિકારનો, એ પર્યાયમાં દ્રવ્ય રહે છે એમ કહે છે. આગળ જાતું નથી, રાગમાં બહારમાં જાતું નથી. ત્યાં થંભી ગયું છે દ્રવ્ય. છે તો દ્રવ્ય દ્રવ્યરૂપે, પણ દ્રવ્યની પર્યાય જ્યાં આમ જાતી હતી, એ દ્રવ્યને આશ્રયે પર્યાય પ્રગટી (તો) દ્રવ્ય ત્યાં થંભી ગયું. કારણપરમાત્માને ત્યાં સ્થાપ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! નિયમસાર... શું કાંઈ કહે છેને? કે પક્કા પક્કા હલવા. કોઈક કહેતું હતું, નહીં? પક્કા પક્કા હલવા... શેઠીયા કહેતા હતા. પકાપકાયા હલવા. હા, નિહાલભાઈમાં આવે છે. એ સાચી વાત. પાકેલો શીરો–પર્યાય. પકાવવો નહીં, પાકેલો છે. બસ એને ખાવો છે. (શ્રોતાઃ પકાપકાયા હલવા દિયા હૈ). હલવા દિયા હૈ. આહા!

એવો **સાધુ** એટલે સ્વરૂપનો સાધનારો ભગવાન આત્મા પોતાની નિજ અદ્વૈત અખંડ પરમાનંદસ્વરૂપ પર્યાય (સાથે) કારણપરમાત્માને ત્યાં જોડે છે. આહાહા! દ્રવ્ય પર્યાયની સાથે જોડાય છે. દ્રવ્ય પર્યાય સાથે જોડાય છે. ઓલી પર્યાયની દ્રવ્યની સાથે એકતા કીધી. અરસપરસ વાત લીધી. પછી અંતર્મુખાકારમાં એની પર્યાય દ્રવ્ય સાથે એકાકાર થઈ. એ

પર્યાયમાં દ્રવ્ય આવ્યું છે એમ કહે છે. રાગમાં ન રહેતા, ઉદયમાં ન રહેતા... સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભગવાન! આહાહા! આવો તો ક્યાંય સાંભળવામાં નથી આવ્યો. જાદવજીભાઈ! શેઠાઈ કરી હશે કલકત્તામાં કેટલી. ખોટાની શેઠાઈ કરી છે બધી. આ વસ્તુ જ ક્યાં? આહાહા! ચૈતન્યનો અમૃતનો સાગર ભગવાન જેમાં અનંતો આનંદ (છે, એ) આનંદ પીધા કરે તોય આનંદ કોઈ દિ' ખૂટે નહીં. એવો આનંદનો સાગર એને આશ્રયે થતી પરમાનંદ દશા-એ અંતર્મુખાકારવાળી પરિણતિ એ પરિણતિમાં આત્માને જોડે છે, એમ કહે છે. ઠીક! સમજાણું કાંઈ?

આ તો ધીરજના કામ છે ભાઈ! આ ઉતાવળીયાના આંબા નથી કે ઝટ પાકી જાય. આહાહા! ઉતાવળ શબ્દે આકુળતા. પાકી જાય તો તરત પાકી જાય છે અહીં. આકુળતા ને ઉદ્વેગ ને વિકલ્પના ઝંઝાળ.. આહાહા! એમાં હાથ આવે એવું નથી હજી. જેઠાભાઈ! વાંધા બહારના તકરાર ઉઠાવે હોં પ્રભુ! તારી પ્રભુતાને લાંછન છે ભાઈ! આહાહા! બાપુ! તને રાગ ને વિકલ્પથી લાભ થાય (એમ કહેવું) એ પ્રભુ નિર્વિકારી આનંદનો લાભ દુઃખથી થાય (કહેવા બરાબર છે). વિકલ્પ તો દુઃખ છે. એમાથી દુઃખ કારણ ને આનંદ કાર્ય? સાચી વાત બહુ સાચી. એવો ભગવાન આત્મા વસ્તુ જ આવી છે. એ કાંઈ કોઈએ કરી છે? ભગવાને જાણી, પૂરી અનુભવી ને વાણીમાં આવી છે કે આ ચીજ છે ભાઈ! બાલ-ગોપાલ, શરીર ગમે તેવા હો, ભગવાન તો અંદર પરિપૂર્ણ ભરપૂર આનંદથી ભરેલો પડ્યો છે. આહાહા! એને બહાર રોકી રાખવાની જરૂર નથી. આહાહા!

અહીં તો કહે છે, અંતર્મુખ જે પરિણતિ થઈ એ નિર્વિકલ્પ હતી, એ પરમ સમાધિ હતી, નિશ્ચય મોક્ષમાર્ગ હતો, એ નિજ અખંડ અદ્વૈત પરમાનંદ પર્યાય હતી. આહાહા! પર્યાયવાન એવો આત્માને ત્યાં જોડે છે. જોડે છે (એમ કીધું તો) દ્રવ્યને ખબર છે કે હું અહીં જોડાઉં છું? શું કીધું? ધ્રુવને? નિજ કારણપરમાત્માને એટલે ધ્રુવ પર્યાયમાં આવે છે. ધ્રુવને પર્યાય સાથે જોડે છે. પણ એ પર્યાય પોતે જ ધ્રુવ તરફની વળેલી એવી પર્યાયમાં 'ધ્રુવ અહીં છે' એમ પર્યાય જાણે છે. આરે આરે! સમજાણું કાંઈ? આમ જોડાવું ને તોડવું, ફેલાવું એ પર્યાયમાં છે કે ધ્રુવમાં છે? ધ્રુવ પોતાની પર્યાયને પર્યાયમાં જોડે છે એટલે એમ (કે) ધ્રુવ પર્યાયમાં જોડાય છે.. ધ્રુવ પર્યાયમાં જોડાય છે. અગમનિગમની વાતું છે ભાઈ આ તો. સમજાણું કાંઈ?

એ પર્યાય જે નિર્મળ શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર એવી અંતર્મુખ આકૃતિના પરિણામ જે સમાધિ, જે મોક્ષનો માર્ગ, જે શુદ્ધ ઉપયોગ એમાં આત્માને જોડે છે. આહાહા! એટલે આત્મા ત્યાં આગળ રહ્યો છે એમ કહે છે. ઓલો રાગમાં જે રહ્યો હતો ત્યાં નહીં, પણ હવે આત્મા અહીં રહ્યો છે, એમ. સમજાણું કાંઈ? આહા! આવી ભારે વાત! પહેલું અંતર્મુખ આકૃતિ કીધી, વળી એ પરિણતિ સાથે આત્માને જોડવું. પંડિતજી! **નિજ અખંડ અદ્વૈત પરમાનંદ-**

**સ્વરૂપ**... પર્યાય હોં આ. નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ દ્રવ્ય એ આ (પર્યાય) નહીં. નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ એવો ભગવાન, એને આશ્રયે પ્રગટેલી પર્યાય તે નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદ શેના? કોની સાથે ભાઈ? એમાં હા-ના, નાસ્તિ..... આહાહા! મહારાજ! આ કર્મને ભોગવતો નથી એમ માને. એ તો પુનર્જન્મ પણ માનતા નથી. પણ અહીં તો, સાંભળને! કર્મેય નહીં, રાગેય નહીં, ભવનો ભાવ નહીં, ભવ નહીં—એવું તત્ત્વ છે, એ તત્ત્વમાં ભવનો પુનર્જન્મ છે જ નહીં. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? પુનઃ પુનઃ જન્મવું હોય તો આનંદની પરમ અખંડ અદ્વૈતદશાનો પુનર્જન્મ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! છે કે નહીં એમાં? જુઓને! આહાહા!

**નિજ અખંડ અદ્વૈત**... અરે! આવડો મોટો તું, એની પર્યાય આવડી મોટી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? હવે તારા લક્ષ્મી ને ધૂળના ઢગલા ને, હોંશુ કરી કરીને મરી ગયો માળો. દિવાળીના... આમ પૈસા થઈ જાઓ... નથી લખતાં? શાલિભદ્રની ઋદ્ધિ રહેજો, અભયકુમારની બુદ્ધિ હજો. શાલિભદ્રની ઋદ્ધિ હજો અને અભયકુમારની બુદ્ધિ હજો. પણ શું કરવું છે તારે? બાહુબળીનું બળ હજો. આહાહા! સંસારમાં રખડવાનું ફળ હજો. આહાહા! શું કરે છે? ક્યાં જવા માગે છે? સમજાણું કાંઈ? તારી નિર્મળ પર્યાયમાં રહે, એમ એને કહે છે. ક્યાં જવા માગે છે તું? ભાઈ! સંસારમાં તું છો જ નહીં. ચાર ગતિમાં તું છો જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહીં ..ચંદભાઈ? આ તો અગમનિગમની વાતું છે.

**નિજ કારણપરમાત્માને**... ઓલી પણ 'નિજ અખંડ પર્યાયમાં...' નિજ કારણપરમાત્માને ત્યાં રાખે છે, આગળ જવા દેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? મોક્ષના માર્ગમાં (નિજ) ભગવાનને સ્થાપે છે. ભગવાનને મોક્ષમાર્ગમાં સ્થાપે છે. સમજાણું કાંઈ? **તે પરમતપોધન જ**... તે પરમ તપરૂપી જેને ધન–આનંદ દશારૂપી ધન જેને પ્રગટ્યું છે. લ્યો, આ ધન. એ હસમુખ! ત્યાં ઓલાના પૈસામાં ગૂંચવાઈ, ગૂંચવાઈને આખો દિ' આમ... હા-હો હા-હો.. કષાયની અગ્નિ સળગતી હોય (અને) કહે કે અમારી હોંશુ છે ઝેર પીવાની. આહાહા! સમજાણું કાંઈ? જેની હોડ કરે, ઓલો પાંચ લાખ પેદા કરે વર્ષે તો અમે દસ લાખ કરીએ, ઓલો દસ લાખ કરે તો અમે વીસ લાખ કરીએ. ઝેર પીવાની હોડ્યું. આ અમૃત પીવાની હોડ કરને એકવાર. પોપટભાઈ! ક્યાં મહિનાનો ૭૦નો પગાર ને ક્યાં અત્યારની હાલત–દશા? જાણે સુખી થઈ ગયા હશે? ધૂળમાંય નથી, બધા દુઃખીના દાળિયા છે, શેકાય છે અગ્નિમાં.

શાંતિનો સાગર ભગવાન... લ્યો શાંતિસાગરજી! એનું નામ શાંતિસાગર છે. દીક્ષિત થવાના હતા, નગ્ન દિગંબર મુનિ થવાના હતા. .... સાંભળ્યું ક્યાંક. ઓય માળે! મુનિપણું તો કંઈક જુદું છે. મુંડાત, દુઃખી થાત, નહીં? મા-બાપ છે, બૈરા છે, છોકરો છે, પૈસા છે. ગૃહસ્થ છે. વૈરાગ્ય થઈ ગયો તો નગ્ન મુનિ (થવું હતું). વિદ્યાનંદજી પાસે? એની પાસે દીક્ષા લેવી હતી.

બૈરા છે. છોકરો છે, મા-બાપ છે. ધૂળમાંય નથી. આત્મા છે આહીં તો એક. એક કોર કહેવું કે આવું-આવું છે ને એક કોર.... ત્યાં એકલા સંયોગમાં છે, એમ. સ્વભાવમાં તો છે નહીં. આહાહા! આવી પરમાનંદદશા પ્રગટ થઈ તેને પરમ તપોધન કહે છે. એ જીવને પરમ તપરૂપી ધન પ્રગટ્યું છે. આહાહા! નિધાનમાંથી નીકળ્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

હીરાના ... છેને, શું કહેવાય એ? ખાણમાં હીરા... (ખાણ)માંથી આમ લાખ-લાખ, બબ્બે લાખ, પાંચ-પાંચ લાખનો એક-એક હીરો નીકળે, રાજી-રાજી થઈ જાય. એવા હીરા નીકળ્યા. પન્ના, નહીં? પન્નાની ખાણ હતી ન્યાં, આફ્રિકામાં પન્નાની ખાણ નીકળી. કેટલા રૂપિયા નીકળ્યા. અબજ... અબજ હશે, એક અબજ. પન્નાની ખાણ. ઇજારો છે. ઇજારો કહેને? શું કહે? ઠેકા. તમારે ન્યાં ઠેકા કહે. ઠેકો લીધેલો. એમાંથી નીકળી પછી ધૂળ. આનો ઠેકો લેને આ આત્માનો. આહાહા! અનંત આનંદ ને અનંત શાંતિ. જેમાં પુણ્યનો વિકલ્પ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવનો પણ જ્યાં અવકાશ નથી. એવો ભાવ થવો એવો એમાં અવકાશ નથી. આહાહા! સમજાણું કાંઈ?

**તે (પરમ) તપોધન જ**... ભાઈ! અનેકાંત કરવુંને કે આમેય હોય ને આમેય હોય. આ કહે, આ જ હોય બસ એક જ. સર્વોત્કૃષ્ટ શુદ્ધ આનંદનો સાધક જીવ મોક્ષમાર્ગી તે તપોધન, એ એક જ **શુદ્ધ નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે**... પહેલો 'અંતર્મુખાકાર' કહ્યો હતો, બીજામાં 'નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ' કહ્યું હતું, ત્રીજું અહીં 'નિશ્ચય શુદ્ધોપયોગસ્વરૂપ ભક્તિ' કહી. શુદ્ધ ઉપયોગ એ પરમ સમાધિ, શુદ્ધ ઉપયોગ એ જ અખંડ અદ્વૈત પરમાનંદ દશા, એ શુદ્ધ ઉપયોગની ભક્તિ. અહીં તો એની ભક્તિ કહેવી છેને, દ્રવ્યની નહીં. આહાહા! **શુદ્ધ નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે...** એ શુદ્ધ નિશ્ચય–સત્ય ઉપયોગ–પોતાના પરિણામ શુદ્ધ... લ્યો! મુનિને તો આવો શુદ્ધઉપયોગની ભક્તિવાળો કહ્યો. અને ઓલો કહે, શુદ્ધ-ઉપયોગ અહીં હોય નહીં. ભગવાન! અરે! ચોથેથી હોય છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! આટલો હલકો ન માન! સમજાય છે કાંઈ?

એ **શુદ્ધ નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે**... લ્યો. નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે. પુણ્ય-પાપનો ઉપયોગ અશુદ્ધ એ તો સંસાર છે. ધર્મી જીવ શુદ્ધ નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે. અરે! આચાર્ય જુઓને! કહે છે, **इदरस्स य किह हवे जोगो...** પાઠ છેને. અરે! બીજાને આ ક્યાંથી હોય? અરે! આવું બીજાને ક્યાંથી હોય? અરે! રાંકને ઘરે આવા રત્ન ક્યાંથી હોય? એમ કહે છે. આહા! સમજાણું કાંઈ? પુણ્યના વિકલ્પમાં ધર્મ માનનારા એવા રાંકને ઘરે આવા રત્ન ક્યાંથી હોય? કહે છે. કહો, ચીમનભાઈ! આવી વાત છે. ભાઈ! બહુ આકરી, પણ બહુ ફળદાયક. આહાહા! 'સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત

જો..' એવું જેનું ફળ, એના કાળની દશા તો આવી જ હોયને ભાઈ! એકાંત લાગે તો એ સમ્યક્ એકાંત જ છે. 'જ' શબ્દ વાપર્યો છે ને? સમ્યક્ એકાંત જ છે આ. સમજાણું કાંઈ?

એવા **તપોધન જ**... એમ આવા જ, બીજા નહીં—એનું નામ અનેકાંત છે. એમ અનેકાંત કર્યું જુઓ! એમ નહીં કે શુદ્ધ ઉપયોગ ભક્તિવાળો એ ધર્મી અને શુભ પરિણામવાળો પણ ધર્મી. આરે! કહ્યું છેને પ્રવચનસારમાં? (ગાથા ૯, ૧૪). કે શુભોપયોગી પણ સાધુ છે અને શુદ્ધોપયોગી પણ સાધુ છે. એવું આવ્યું છે લ્યો. એ તો એની ભૂમિકામાં શુભનો વિકલ્પ હો, છતાં પણ એ નિર્વિકલ્પ (-અતીન્દ્રિય) આનંદની દશા સહિત છે. તેને (-વિકલ્પને કારણે) શુભોપયોગી (કહ્યો), છે એ આસ્રવવાળો—એમ કીધું. આહાહા! અને શુદ્ધોપયોગી તે નિરાસ્રવી સાધુ છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! એની એક સમયની દશા અલૌકિક! એક સમયમાં અનંત કેવળજ્ઞાનને આપે એવી એ દશા છે. આહાહા!

એવો એ માર્ગ... માર્ગ કોને કહીએ? પંથ. પંથે જાતા પુરું થાય જ્યાં, એ પંથનો અંત ત્યાં છે. માર્ગે જતાં જ્યાં માર્ગનું (લક્ષ્ય) ગામ આવ્યું ત્યાં અંત આવી ગયો. એમ આ માર્ગે જતાં જ્યાં પૂર્ણ દશા થઈ, માર્ગનો-પંથનો અંત (આવ્યો). પંથનો અંત ત્યાં પંથનું ફળ. સમજાણું કાંઈ? આરે! આવો ધર્મ ને આ એકલા નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચયનો કુટારો હોય એમ કહેવું છે આહીં તો. ભાઈ! તારા સત્યને કુટારામાં નાખ? ન નખાય બાપા! આહાહા! આવું પરમ સત્યનું જ્ઞાન ને પરમ સત્યની શ્રદ્ધા અને પરમ સત્યની રમણતા એ કુટારો (-મજુરી) લાગે, (તો) કુટાઈ ગયો ભગવાન! તું ત્યાં. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહીં આમાં કાંઈ? અપૂર્વ છે, પણ કેમ કહેવાય છે, કઈ ઢબ છે, કઈ શૈલી છે ક્યા પ્રકારે છે—એ સમજવામાં આવવું જોઈએને. સમજાણું કાંઈ?

અરે! **બીજાને—બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને...** એટલે? અરે! વિકલ્પમાં, શુભરાગાદિમાં ઠીક માનતો હોય એને આ **યોગભક્તિ કઈ રીતે હોય?** સમજાણું કાંઈ? અસ્તિ-નાસ્તિ કહ્યું. વજુભાઈ! આવો વીતરાગ જૈનમાર્ગ છે. બધા જૈન.. જૈન.. કરે. ઓલા કહે અમે સ્થાનકવાસી જૈન, ઓલા કહે અમે દેરાવાસી, આ (કહે) દિગંબર. અરે ભાઈ! જૈન થયો એ તો જિન થવાનો. સમજાણું કાંઈ? આહાહા! જૈન એ કોઈ સંપ્રદાય નથી, એનું (-વસ્તુનું) સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? અરે! બીજાને-બાહ્ય પ્રપંચમાં સુખી... આહાહા! શું કહે છે? અરે! બાહ્યના જ્ઞાન, બાહ્યની શ્રદ્ધા, બાહ્ય વિકલ્પનો ભાવ—એના ફળ તરીકે આ સામગ્રીઓ, એમાં કંઈક પણ મને ઠીક છે એવા બાહ્ય પ્રપંચમાં પડેલાઓને, અરેરે! આ આત્મા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહીં આમાં? ભાઈને જરીક તાવ છે ગુલાબચંદજીને. આ તો ...માં ન્યાં ચાલે છે. કાંઈક થયું છે.....

આહાહા! બહુ અલૌકિક ગાથા! એક ગાથાએ, એક વ્યાખ્યાને પુરું. એવી કોઈ પરમાત્માની ઓમ ધ્વનિમાં એક-એક સમયે પુરું (આવે). આહાહા! પૂરો ભગવાન એમાંથી પૂરૂં જ આવેને! એવી વાત સાક્ષાત્ સર્વજ્ઞે કહેલી (અને) સર્વજ્ઞના મુખથી ઝીલીને અનુભવીને આવેલી. સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાય–ન ખાય એની સાથે કાંઈ સંબંધ નથી, દુનિયાની સાથે જોડીશ નહીં ભાઈ! આવા સ્વરૂપને દુનિયા સાથે આમ મેળ ખાતો નથી માટે આ શું? વિરોધ કરે માટે .... બાપુ! એ તો જગતમાં ચાલે છે. આવા માર્ગની કોઈ નિંદા કરે તો અભક્તિ ન કરીશ. આવે છેને પાછળ? આવો માર્ગ છે એનો કોઈ વિરોધ કરે, નિંદા કરે, ભાઈ! એથી, સત્ય તો આવું છે એના પ્રત્યેની ભક્તિને છોડીશ નહીં. સમજાણું કાંઈ?

દુનિયા વિરોધમાં પડે, નિંદામાં પડે. .... એનો અનાદિથી. બાપુ! એની નિંદા ને વિરોધ દેખીને, 'આવો માર્ગ છે, આ જ માર્ગ છે, એ જ માર્ગે મુક્તિ મળે છે'—એવી ભક્તિ છોડીશ નહીં તું. સમજાય છે કાંઈ? (વાત) ન બેસે તો ઇર્ષ્યાભાવે કોઈ નિંદા કરે, ... એમાં એનો અજ્ઞાનનો દોષ છે. અજ્ઞાનનો દોષ છે. વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? આ અનેકાંત કહ્યું. જુઓ! ખૂબી તો જુઓ. ઓહોહો! ગાથામાં કેટલી વાત નાખી છે! **इदरस्स य कह हवे जोगो...** બીજાને આવો ઉપયોગ–શુદ્ધોપયોગ(રૂપ) ભક્તિ ક્યાંથી હોય? આહાહા! સમજાણું કાંઈ? એટલે કે ન હોય. આને હોય, એને ન હોય. એ અનેકાંત કહ્યું. ઓલા કહે કે વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય, નિમિત્તથી પણ થાય, ઉપાદાનથી પણ થાય—એનું નામ અનેકાંત. અરે, ભગવાન! ભાઈ! તું ભૂલમાં પડ્યો છો હોં. ભગવાનને તેં ભૂલમાં નાખ્યો. અહીં તો અભૂલમાં થા, એ વાત કરવી છે. આહાહા!

અરે! **इदरस्स य कह हवे जोगो...** આવા સ્થિતિવંતને જ આવો શુદ્ધોપયોગની ભક્તિ હોય છે. એની સમજણમાં અને એની શ્રદ્ધામાં આ બોલ પાકો પકડવો જોઈએ પહેલો કે આવા માર્ગ સિવાય કોઈ બીજો માર્ગ નથી. દુનિયા ઉલટી જાય, દેવો ઉલટી જાય, સમજાય છે કાંઈ? તોપણ માર્ગ આ છે, બીજો છે નહીં. સંખ્યા થોડી હોય કે ઘણી હોય—એની સાથે સંબંધ નથી. કબૂલનારા.... કોઈ થોડા કબૂલે, થોડા એમાં હોય. થોડા કે ઘણા, એક જ હોય તે આવું તત્ત્વ છે. આહાહા! અરે! **બીજાને—બાહ્યપ્રપંચમાં સુખી હોય એને...** કેટલી ભાષા નાખી છે! પર્યાયબુદ્ધિવાળાને, રાગબુદ્ધિવાળાને, નિમિત્તબુદ્ધિવાળાને અને વીતરાગે કહેલા તત્ત્વો સિવાય અન્ય તત્ત્વના બુદ્ધિવાળાને... સમજાય છે કાંઈ? અરે! બીજાને એટલે બાહ્યપ્રપંચમાં બાહ્યના વિસ્તાર.... ઓહોહો!

શું છે શબ્દ? **बाह्यप्रपंचसुखस्य...** અનેક પ્રકારનો વિસ્તાર બાહ્યનો (હો), કહે છે. શુભભાવ, પર્યાયબુદ્ધિ, અશુભભાવ, શુભભાવના અસંખ્ય પ્રકાર, બહારની ભક્તિ, જાત્રા—એમાં રોકાયેલા જીવોને આ ક્યાંથી હોય? બાહ્યપ્રપંચમાં સુખી એટલે આમાં કાંઈક હશે,

આનાથી કાંઈક થશે—એમ માનનારને આ કેમ હોય? જયસુખભાઈ! આ લોજીકથી–ન્યાયથી તો વાત ચાલે છે. આહાહા! અરેરે! આવો માર્ગ. એના ઘરની પૂંજીની ખબર નથી એને. મારા ઘરમાં પૂંજી કેટલી એની ખબર નથી. ધૂળની પૂંજીના આંકડાની ખબર છે. ઝેરના આંકડા. આ અમૃતનો સાગર ભગવાન, જેની નજરું નાખતા નિધાન પ્રગટે અને આનંદની લહેર આવે એવો જે ભગવાન, કહે છે કે આવા શુદ્ધયોગ ભક્તિવાળાને પ્રાપ્ત થાય છે, બીજાને નહીં. આહાહા!

વ્યવહારમાં મગ્ન છે, અરે! અહીં તો કહે છે કે બાહ્ય શાસ્ત્રના જાણપણા લાખ-કરોડના કર્યા એમાં મગન થઈ એ બધા પ્રપંચમાં પડ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? **બીજાને... इदरस्स...** બાહ્યપ્રપંચમાં સુખી એટલે? સુખનો સ્વાદ આમાંથી કાંઈક થાશે, આમાંથી કાંઈક (થાશે), પરંપરાએ કાંઈક થાશે. અરે! એવા જીવને આની શુદ્ધયોગની ભક્તિ ક્યાંથી હોય? એને, સ્વરૂપમાં જોડાવું ને જોડાવાની ભક્તિ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આહાહા!

**એવી રીતે અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :** શ્લોક છે.

**आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः ।**
**तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते ॥**

**શ્લોકાર્થ : આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ**–ખાસ **જે મનોગતિ** એટલે ચૈતન્યની પરિણતિ. આહાહા! **આત્મપ્રયત્ન** છે ને? શુભાશુભનો પ્રયત્ન નહીં, એ તો આત્મપ્રયત્ન. શુદ્ધ ભગવાન આત્માનો પ્રયત્નસાપેક્ષ... એના સહિતના લક્ષવાળા, દૃષ્ટિવાળા પ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ... જે ખાસ મનોગતિ એટલે શુદ્ધ પરિણતિ. સમજાણું કાંઈ? **આત્મપ્રયત્નસાપેક્ષ**... આત્માનો પ્રયત્ન ને? આત્મા તો આનંદની...... એની સમજણમાં, લક્ષમાં લઈને અંતરમાં ઉતરવું એ તો દુસ્તર છે. સમજાણું કાંઈ? એ તો અલૌકિક–લોકોત્તર...... એવો **આત્મપ્રયત્નસાપેક્ષ** ખાસ.. **વિશિષ્ટ** છે ને? ખાસ પરિણતિ એટલે કે શુદ્ધ પરિણતિ, એમ. આમ તો શુભ-અશુભ પરિણામની પરિણતિ અનાદિથી ચાલે છે. એ નહીં, એ તો ઝેર છે ભાઈ! આહાહા!

બીજા ઘણા એવું કહે, આ બધું માર્ગ ભલે હો, પણ એનો કોઈ બીજો ઉપાય ખરો? બીજા સાધન ખરા? શ્રીમદ્‌માં પણ એક પત્ર એવો આવે છે લ્યો. અધ્યાત્મમાં સાધન-બાધનને ઉડાવે.... તો સાધન વિના કરવું કેમ? એક આવે છે, આખો પત્ર એક આવે છે. .... અધ્યાત્મીઓએ સાધનને ઉડાવી નાખ્યું. ... એવું આવે છે. કઈ અપેક્ષાથી છે? સમજાણું કાંઈ? એય! ખબર છે? મોટો પત્ર છે. છે.. આહાહા! અહીં તો સાધન પણ આત્મા, સાધ્ય પણ આત્મા. સમજાણું કાંઈ? વિકલ્પ ને દેવ-ગુરુ સાધન નહીં. આ નય-નિક્ષેપ ને પ્રમાણથી (નક્કી) કરેલું જ્ઞાન પણ સાધન નહીં. ગજબ વાત છે બાપા! આહાહા! સમજાણું કાંઈ? નય, નિક્ષેપ ને પ્રમાણ એનાથી જાણેલું જ્ઞાન, એ પણ જ્યાં સાધન નહીં હોં. આહાહા! એને નિમિત્તથી સાધન તો (કાર્ય) થાય ત્યારે કહેવાય.

નય-નિક્ષેપ એમાં આવે છેને (સમયસારની) ૧૩મી ગાથામાં? નય-નિક્ષેપ એ પણ અભૂતાર્થ છે. આહા! ગજબ વાત છે! વાતની રીત પણ, કહેવાની રીત આકરી છે. એના તત્ત્વનું લક્ષ એની દૃષ્ટિમાં આવ્યું નથી. નયથી—નિશ્ચયનયથી આમ છે, વ્યવહારનયથી આમ છે. નિક્ષેપથી—દ્રવ્યનિક્ષેપની યોગ્યતા, ભાવનિક્ષેપની પ્રગટતા, નામનિક્ષેપની ગુણ ... સંજ્ઞા, સ્થાપના–આકાર વિગેરે ચાર નિક્ષેપનું સાચું જ્ઞાન કર્યું. નયનો નિશ્ચય-વ્યવહારનું (જ્ઞાન અને) પ્રમાણ—આ દ્રવ્ય તે આમ છે અને પર્યાય આમ બે થઈને પ્રમાણ. એ પણ વ્યવહાર, પરલક્ષી જ્ઞાન છે. અંતર સાધનમાં કામ કરવામાં (કામનું નથી). સમજાણું કાંઈ?

એવી મનોગતિ... છે તો શુદ્ધ પરિણતિ. **તેનો બ્રહ્મમાં સંયોગ...** એમ કહે છે. દેખો! પરિણતિમાં બ્રહ્મને સ્થાપવું, આમાં કહે પરિણતિને બ્રહ્મમાં સંયોગ—એમ કહ્યું. શુદ્ધપરિણતિનો બ્રહ્મમાં સંયોગ **થવો (આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની** જ્ઞાન પરિણતિ–**ચિત્તપરિણતિનું** એટલે જ્ઞાનપરિણતિનું **આત્મામાં જોડાવું).** એ નિર્મળપરિણતિનું આત્મામાં જોડાવું. સમજાણું કાંઈ? **તેને યોગ કહેવામાં આવે છે.** લ્યો, તેને યોગ, યોગ એટલે મોક્ષનો માર્ગ, યોગ એટલે જોડાવું. આ બીજા યોગી ને યોગ કહે છે એ બધા ગપ્પેગપ્પ છે. શાંતિભાઈ! ગયા ક્યાં? આ યોગસાધન કરો, આમ કરો, આસન લગાવો, આમ કરો, ઊંચા-નીચા થાઓ. એ બધા ગપ્પેગપ્પ છે. આ યોગ, આહાહા! જેમાં વિકલ્પની પણ જરૂર નહીં એવો શુદ્ધોપયોગનો યોગ–આત્માને જોડો એ યોગ છે. જૈનદર્શન વીતરાગમાર્ગમાં વસ્તુના સ્વરૂપમાં આવાને યોગ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું? **તેને યોગ કહેવામાં આવે છે**. હવે, પોતે મુનિ કહે છે.

**आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम् ।**
**स योगभक्तियुक्त: स्यान्निश्चयेन मुनीश्वर: ॥२२८॥**

**શ્લોકાર્થ : જે આ આત્મા...** પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા એ **આત્માને...** એવા આત્માને **આત્મા સાથે...** ભાષા દેખો! આત્મા એટલે શુદ્ધ પરિણતિ સાથે. ઓલામાં 'પરિણતિને બ્રહ્મમાં જોડી' કહ્યું. અહીં આત્મા નિરંતર શુદ્ધ પરિણતિ સાથે **નિરંતર જોડે છે...** સમજાણું કાંઈ? ત્રણ 'આત્મા' શબ્દ પડ્યા છે. આત્મા–પ્રત્યક્ષ ભગવાન આત્મા એ પોતાને આત્મા સાથે એટલે કે સમાધિ સાથે–નિજ અખંડ અદ્વૈત પરમાનંદની સાથે નિરંતર જોડે છે. આહાહા! પોતાની નિર્મળ પરિણતિ સાથે આત્માને જોડે છે. આહાહા! **તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.** તે ધર્માત્મા સાચા આત્માના વેપારની ભક્તિવાળો છે. આત્માના વેપારના ભક્તિવાળો છે. લ્યો, આ વેપારી ..... ત્રિકાળી ભગવાન આત્માનો યોગ એટલે વેપાર, એની ભક્તિવાળો એ આ છે. એને મુક્તિ અલ્પ કાળમાં થાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૧૫, મંગળવાર, તા. ૧૯-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૩૮, પ્રવચન નં. ૧૫૪**

આ નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર છે. (ગાથા) ૧૩૮. આ નિયમસાર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષ એટલે આત્માનું પરમ સુખ, એને પંથે પડવાનો ભાવ એને અહીંયા નિયમસાર કહે છે. સંસારમાં લોકો પ્રતિકૂળ ચીજ હોય ત્યારે એમ માને છે કે આ અમને પ્રતિકૂળ છે. પણ પ્રતિકૂળ, આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ વિકારીભાવ એ જ પ્રતિકૂળ છે એની એને ખબર નથી. બહારનો સંયોગ પ્રતિકૂળ આવે એટલે એમ લાગે કે અરે! અમે દુઃખી છીએ. બહારનો સંયોગ અનુકૂળ આવે એટલે એમ માને કલ્પનાથી કે અમે સુખી છીએ. બેય કલ્પના જીવના સ્વભાવથી વિરુદ્ધ–પ્રતિકૂળ છે. સંયોગ પ્રતિકૂળ નથી. એ સંયોગના ભાવથી રહિત આત્મા છે અને સંયોગના લક્ષે થતાં વિકલ્પો–પ્રતિકૂળ પુણ્ય ને પાપ એનાથી પણ રહિત છે. ૧૩૮ જુઓ!

**सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू ।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य कहि हवे जोगो ॥१३८॥**
**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.**

ભક્તિનો અધિકાર છે. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ તો શુભભાવ છે. સમ્યગ્દૃષ્ટિને પણ એવો ભાવ આવે, પણ અશુભથી બચવા પૂરતું એની વ્યાખ્યા છે. એટલે શું? દૃષ્ટિ શુદ્ધ ઉપર છે માટે એનાથી અશુભ ટળે છે. આત્માની દૃષ્ટિ છે શુદ્ધ ચૈતન્યની, જ્યાં અશુભભાવ હોય ત્યાં સ્વનો આશ્રય થોડો છે, શુભભાવ હોય ત્યારે સ્વનો આશ્રય જરી અધિક છે. એનાથી ઓલો અશુભથી બચે છે એટલા પૂરતો એ ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી અહીં તો કહે છે કે સર્વ વિકલ્પનો અભાવ... માર્ગ જોવે છેને માર્ગ. અરે! એ દુઃખના પંથે પડ્યો છે. ચોરાશીના અવતારના કારણો એ બધા દુઃખના પંથ છે. પુણ્ય-પાપના વિકલ્પો, રાગ શુભ ને અશુભ એ બધું દુઃખરૂપ છે. એ સ્વભાવથી પ્રતિકૂળ છે. એનો અભાવ... એમ કહ્યુંને.

**ટીકા : અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.** નિશ્ચય યોગભક્તિ એટલે કે આત્મા આનંદ ને શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ છે, એવો જે આત્મા એને પુણ્ય-પાપના વિકલ્પમાં ન રાખતાં એને નિર્મળ પરિણતિમાં જોડવો. પરિણતિ નિર્મળ છે એને આત્મા સાથે જોડવી એ તો ઠીક છે. પણ એનો અર્થ જ એ છે કે આત્મા આનંદ ને શુદ્ધ ચૈતન્ય ધ્રુવ..

ધ્રુવ એને એની શુદ્ધ પરિણતિમાં જોડવો. એનું નામ યોગ નામ સ્વરૂપની શુદ્ધ ઉપયોગની ભક્તિ કહેવામાં આવે છે. આરે, ભારે! સમજાણું કાંઈ? એ મારગડા ભાઈ! અંદરના જુદા છે. બહારથી પ્રાપ્ત થાય એવું નથી. કહે છે, **નિશ્ચય યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે**. વ્યવહારના વિકલ્પો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ તો વ્યવહાર પુણ્યનું કારણ છે. સમકિતીને હોં. સમજાણું કાંઈ? અજ્ઞાનીને જ્યાં દૃષ્ટિ રાગ ઉપર છે અથવા એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે, એ તો ક્યાંયથી બચ્યો નથી, પૂરેપૂરો અજ્ઞાનમાં પડ્યો છે. સમજાય છે કાંઈ?

આ સૂત્ર કહ્યું છે આને. ગાથાને સૂત્ર કહ્યું છે. **પૂર્વસૂત્રની માફક**... તો આ પણ સૂત્ર થયુંને. સૂત્ર, વીતરાગની વાણી, સંતોની વાણી–દરેક ગાથા સૂત્ર છે. વીતરાગી મુનિ હતા, આ બધા—કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પદ્મપ્રભમલધારિદેવ વીતરાગ ભગવંતો હતા. એની વાણી એને અહીંયા સૂત્ર કહેવામાં આવે છે. એ **પૂર્વ સૂત્રની માફક અહીં પણ નિશ્ચય યોગ...** નિર્મળ આત્માની વિકલ્પ નામ રાગરહિતની પરિણતિ, જે સુખરૂપ દશા અને પૂર્ણ સુખનું જે કારણ, સાધન, નિમિત્ત સમજાણું કાંઈ? આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને વર્તમાન શુદ્ધ પરિણતિમાં જોડી રાખવો એનું નામ સાચી યોગભક્તિ, આત્માની ભક્તિ નહીં, પણ એ યોગભક્તિ. એ પર્યાયની ભક્તિ એને કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભાષા એવી છે કે પકડવું કઠણ જૂના માણસને. જાદવજીભાઈ! કહે છે કે એને સાચી યોગભક્તિ કહેવામાં આવે છે, એનું અહીં સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં આવી સાચી યોગભક્તિનું સ્વરૂપ આવ્યું, એવું સંતો કહી રહ્યા છે. કહે છે કે તારો આત્મા પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત છે, એવી રહિતપણાની દૃષ્ટિ કરીને જે નિર્મળ શુદ્ધ ઉપયોગ અંતર આકાર સમાધિ અતિ નિજ અદ્વૈત, અખંડ, પરમાનંદ પર્યાયને ભજવું એનું નામ યોગભક્તિ છે. સમજાણું કાંઈ?

હવે ટીકાની શરૂઆત. **અતિ અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક...** સમ્યગ્દર્શનમાં થોડી શુદ્ધ પરિણતિ સાથે આત્મા જોડાય છે, શ્રાવકની શાંતિની વિશેષ દશામાં આત્મા વિશેષ જોડાય છે, મુનિની શુદ્ધ પરિણતિમાં (એથી) વિશેષ જોડાય છે. સમજાણું કાંઈ? એવો સમાધિ એટલે મોક્ષનો માર્ગ, મોક્ષનો માર્ગ એટલે દુઃખથી છૂટવાનો અને સુખની પૂર્ણ આત્મલબ્ધિ–પ્રાપ્તિનો ઉપાય એ અતિ અપૂર્વ છે. કોઈ દિ' એણે કર્યો નથી. સમજાણું કાંઈ? **અતિ અપૂર્વ નિરુપરાગ**... બીજો શબ્દ. આ મોક્ષમાર્ગની પર્યાયના બધા વિશેષણ છે. અંતર સમાધિ એટલે શાંતિ. પુણ્ય-પાપના ભાવ એ અશાંતિ ને અસમાધિ ને દુઃખ છે. સમજાણું કાંઈ? શુભ ને અશુભભાવ એ અશાંતિ છે, દુઃખ છે, તત્ત્વના સ્વભાવથી વિપરીતભાવ છે. એનો અભાવ એટલે શુદ્ધ પરિણતિનો સદ્ભાવ, એમ લીધું. સમજાણું કાંઈ? જે ત્રિકાળી ભગવાનના અવલંબે પ્રગટેલી પરિણતિ એટલે ધર્મ, એટલે પૂર્ણ સુખને પ્રાપ્તિનો પંથ, અંતર્મુખાકાર દશા એવી શાંતિ ને

સમાધિ, એ પુણ્ય-પાપના રાગ વિનાની છે, આહાહા! એ નિરુપરાગ છે–એમાં રાગ છે નહીં. આહાહા! ભારે આકરું આવી વાતું. સમજવું એને (કઠણ).

આત્માના શુદ્ધ પરિણામની ભક્તિ, એ ભક્તિ સાચી છે. એ ભક્તિના જે પરિણામ નિરુપરાગ છે. આહાહા! એમાં વિકલ્પનો અંશ નથી, રાગનો અંશ નથી. સમજાણું કાંઈ? એક તો અતિ અપૂર્વ છે. એ આત્માની શુદ્ધદશા, એ આત્મલબ્ધિ એટલે મુક્તિ એટલે પૂર્ણાનંદનું કારણ અથવા નિમિત્ત, પૂર્ણ આનંદનું જે નિમિત્ત શુદ્ધ પરિણતિ. મૂળ ઉપાદાન ત્રિકાળી. સમજાણું કાંઈ? એવી નિરુપરાગ... 'નિ' વ્યુત્સર્ગ છે. વ્યુત્સર્ગ છે. નિરુપરાગ જેમાં વિકલ્પની ગંધ નહીં. આહાહા! ભગવાનનું નામસ્મરણ આદિ ભાવ જે રાગ, એનો જેમાં ભાવ નથી. આહાહા! સમજાણું કાંઈ? નિરુપરાગ રત્નત્રયસ્વરૂપ... સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર (એટલે) પૂર્ણ આત્માની પ્રતીતિ, પૂર્ણ આત્માનું સ્વસંવેદનજ્ઞાન અને પૂર્ણ આત્મામાં લીનતા એવી જે રત્નત્રયસ્વરૂપ દશા. એ **નિજચિદ્દવિલાસલક્ષણ...** આહાહા! એ નિજ... છેને નીચે અર્થ જુઓ!

**પરમ સમાધિ અતિ-અપૂર્વ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ છે.** ધર્મની દશા એ તો અતિ અપૂર્વ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ છે, એને ધર્મ કહીએ. એવો **પરમ સમાધિ લક્ષણ જેનો વિલાસ ચૈતન્યનો છે.** આહાહા! આ પર્યાયની વાત ચાલે છે હોં. નિજ જ્ઞાનવિલાસલક્ષણ... જ્ઞાનનો વિલાસ– અંતરમાં સમ્યગ્જ્ઞાનની મોજ. આહાહા! પરમસમાધિનું લક્ષણ નિજ ચૈતન્યનો વિલાસ છે. સમાધિ-સમાધિ કરે છે બીજા બાવા ને. એ નહીં. પરમસમાધિનું લક્ષણ તો નિજ ચૈતન્યનો આનંદનો વિલાસ હોય એને યોગ અને સમાધિ કહીએ. સમજાણું કાંઈ? આ બાવા ને જોગી કરે છે, સમાધિ કરાવે છે ને. પંદર દિ' મહિનો, બે મહિના દાટી રાખે, .... નીકળે પછી મહિને. ઓહો! સમાધિ આવી. ધૂળેય નથી. અશાંતિ ને અસમાધિ હતી.

સમાધિ તો એને કહીએ કે જેમાં સહજ પરમ સમાધિનું નિજ ચૈતન્યનો વિલાસ જેનું લક્ષણ છે. પુણ્ય-પાપનો રાગ પણ નહીં, શરીરની ક્રિયા પણ નહીં. આરે! ભારે આકરું આવું. પણ એનો કંઈ પહેલો હળવો રસ્તો હશે કે નહીં? પહેલો એટલે આ. પહેલો પણ આ, છેલ્લો પણ આ ને માર્ગ બધો એ. અંત એનું એ છે. સમજાણું કાંઈ? કહે છે કે **નિજ ચિદ્દવિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમ સમાધિ...** આહાહા! **सव्ववियप्पाभावे** શબ્દ પડ્યો છેને પાઠમાં? **सव्ववियप्पाभावे** એની વ્યાખ્યા કરી. ભારે આકરું! ..ભાઈ! ભારે માળો ધર્મ આવો! એ તો એને આ બહારની મજા ને છટામાં હજી આ સાંભળવું મળે નહીં. આહાહા! પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખની પેદાશ, છોકરા સારા, શરીર ધોળું રૂપાળું. મરી ગયો એમાં ને એમાં. આ મારા, એ મારા. જે ચીજ એની નથી એને મારા (માનવા), એ મારામાં રહી ગયો એ. સમજાણું? મારા તો, ચૈતન્ય શુદ્ધ આનંદસ્વભાવ એની પરિણતિ એ એની છે. સમજાણું કાંઈ? અરે! આવી વાત

કે દિ’ હતી? શું કહે છે એ પકડાવું (મુશ્કેલ). એ કરતાં ભગવાનની ભક્તિ કરવી, ગુરુની ભક્તિ કરવી.. આ ભગવાન તો માળો આકરો છે. આહાહા!

ભાઈ! તું જ પોતે ભગવાન છો, તને તું દૃષ્ટિમાં પરમેશ્વર સ્થાપ. હું જ પરમેશ્વર છું. મારી મોટપ આગળ જગતની મોટપ કોઈ ચીજ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયની પણ મારી ચીજ પાસે મોટપ નથી. પણ એ પર્યાય પ્રગટે કેમ? કે ત્રિકાળી વસ્તુનું અવલંબન લઈને પ્રગટે, એને અહીં નિર્વિકલ્પ સમાધિ, મોક્ષનો માર્ગ કહ્યો છે. આહાહા! ભારે! ભાઈ! તું ઢળી ગયો છો પર્યાયમાં, વિકારમાં. એ પુણ્ય ને પાપના વિકલ્પમાં હોંશું ને ઉત્સાહ અને ઉલ્લાસમાં ચડી ગયો છો. એ દુઃખના દરિયે ઉલ્લાસિત છો તું. આહાહા! સુખનો સાગર ભગવાન આત્મા એની અંતરમાં ઉલ્લાસિત વીર્ય કરી અને નિર્મળ રાગ વિનાની પરિણતિ દશા જેને અહીંયા પરમ સમાધિ કહે છે. પરમ સમાધિ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, મોક્ષનો માર્ગ કહો, શુદ્ધોપયોગ ભક્તિ કહો. આહાહા! મૂળ વાત રહી ગઈ, ઉપરના ડાખળા તોડવા માંડ્યા. પાંદડા ને ડાખળા એ તો પાધરા પાંગરશે મહિને. આંબલી હોયને એની મૂળ તો એમને એમ સાજું હોય, પાંદડા તોડે રાખો કરોડો, પણ એ તો મહિને પાંગરી જશે પાછા. એમ રાગની મંદતાની પ્રવૃત્તિની ક્રિયા એમાં માની બેસે કે આપણે કાંઈક કર્યું છે ઘણું. આહાહા! બધું ઉંધું છે ભાઈ!

**નિજચિદ્‌વિલાસ લક્ષણ**... એનું લક્ષણ આ છે, કહે છે. રાગ ને વ્યવહાર એનું લક્ષણ નથી. આહાહા! સમજાણું કાંઈ? સુખી થવાના પંથ એ નિજ ચિદ્‌વિલાસ છે. દુઃખી થવાના પંથ એ પુણ્ય-પાપના વિકલ્પમાં ઠીક છે એમ માનીને રમવું, એ દુઃખના પંથે પડ્યો છે. આહાહા! પણ અજ્ઞાની બહાર પ્રતિકૂળતા આવે ત્યારે દુઃખી છે એમ માને છે. રોગ આવે, નિર્ધનતા થાય, હાય.. હાય.. કેમકે સંયોગ ઉપર દૃષ્ટિ છે ને. સંયોગ પ્રતિકૂળ લાગે તો દુઃખી, પણ અંદર વિકાર પોતે દુઃખરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, આ દિવાળીની વાત છે. દિ’–દિવસ નામ સ્વકાળને વાળ અંદરમાં અને અંદરમાં વાળ તો એ પરિણતિમાં આત્મા થંભ્યો છે એમ છે. એ રાગમાં અટક્યો હતો અનાદિથી દુઃખમાં. એ નિજ ચિદ્‌વિલાસ એવી આનંદની દશા એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ, એને પરમ સમાધિ કહીએ, એને ઉપયોગની ભક્તિ કહીએ, નિશ્ચય ઉપયોગની ભક્તિ કહીએ. આહાહા! નવા માણસને જુવાનને તો એવું લાગે કે શું વાત (કહે) છે. દુકાનમાં ધંધા કરતા હોય તો, ભાઈ! ધંધો ઓછો કરવો, આ કરવું, તો કાંઈક સૂઝ પડે. ધંધો કોણ કરે છે? સાંભળને! એ જડની ક્રિયા છે. એ વખતનો તારો રાગ એ દુઃખરૂપ દશાનો વેપાર છે. આહાહા!

કહે છે કે **નિજચિદ્‌વિલાસ**... પોતાનું જ્ઞાનવિલાસ એમ કહે છે હોં. એકલા શાસ્ત્રજ્ઞાન પણ નહીં. આહાહા! નિજ ચિદ્–જ્ઞાનવિલાસ લક્ષણ... નિર્વિકલ્પ જેમાં રાગનો અંશ નથી. અરે!

સમકિતી આઠ વર્ષની બાલિકા હો, પણ પોતાની નિર્વિલ્પ સમાધિમાં મ્હાલતી હોય છે. સમજાણું કાંઈ? આહાહા! ભલે જઘન્યપણે હો, મુનિને ઉત્કૃષ્ટ ઘણું હો, પણ છે તો નિર્વિકલ્પ શાંતિ, એનું નામ ધર્મ ને મુક્તિનો પંથ કહેવાય છે. આહાહા! **પરમ સમાધિ વડે...** એ પર્યાય થઈ. **સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં...** આવી પર્યાયના ઉત્પાદથી... એમ કહે છે. સમસ્ત મિથ્યાત્વ ને વિવિધ પ્રકારના વિકલ્પો શુભાશુભ—એનો એને વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન આત્મા એનો આશ્રય લેતાં જે નિર્મળ વીતરાગી શુદ્ધ શાંતિની પર્યાય ઉત્પન્ન થઈ, તે જ કાળે સર્વ વિકલ્પનો વ્યય થાય છે. સમજાય છે?

એનો **અભાવ હોતાં**... એનો અભાવ હોતાં **પરમ સમરસીભાવ સાથે**... ભાષા દેખો! પરમ સમાધિ કહો, અંતર્મુખાકાર કહો... ઓલામાં બીજું લીધું છે. '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે**' લીધું કાલની ગાથામાં. **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ**... એ પર્યાયની વ્યાખ્યા છે. પોતાની જે પર્યાય છે ધર્મની અવસ્થા એ નિજ, અખંડ, અદ્વૈત, પરમાનંદ સ્વરૂપ છે. આહાહા! બલુભાઈ! આ કોઈ દિ' સાંભળ્યું પણ નહીં હોય. એમાં મુંબઈ, ભારે ધમાધમ. બે દિ'માં તો કંઈક અજાણ્યા... આહાહા! ધમાલ.. ધમાલ.. ઓલા શોરબકોરનું કાલ વાંચ્યું હતુંને. આ જુઓ! શોરબકોર આ બધો. એમાં હિંમતભાઈના મકાન ઉપર ચાલે છે ઓલું. એરોપ્લેન (-એરપોર્ટ) નજીક છેને? હિંમતભાઈ ઝોબાળિયા. દૂધ પીવા ગયા હતાને ગુરુવાર સવારના. માથે ઉં.. ઉં.. કરતું... આહાહા!

અહીં તો કહે છે કે જે પુણ્ય-પાપના વિકલ્પનો જે શોરબકોર એ દુઃખ છે. એ તો સંયોગી ચીજ છે. સમજાણું કાંઈ? એવા શોરબકોર વિનાની ચીજ એની દૃષ્ટિ કરતાં... આહાહા! **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ,** ત્યાં એમ કહ્યું હતું. અહીં કહે છે કે **પરમ સમરસીભાવ...** બધી એની એ ભાષા છે. પરમ સમરસી... પુણ્ય-પાપનો ભાવ એ વિષમભાવ છે, દુઃખભાવ છે. એનાથી રહિત અંતર્મુખ દૃષ્ટિ કરીને જે પર્યાય—પરિણતિ ઉત્પન્ન થઈ એ સમરસીભાવ છે. સમરસીભાવ કહો, વિકલ્પરહિત ભાવ કહો, સમાધિ કહો, મોક્ષનો માર્ગ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. આહાહા! સમજાણું કાંઈ? એની સાથે... નિર્વિકલ્પ સમાધિ એ સમરસીભાવ છે એની સાથે આત્માને જોડો, એમ કહે છે. પરિણતિને આત્મા સાથે જોડવી એ તો ઠીક.

બીજી ગાથામાં એમ આવે છે કે **जीवो चरित्तदंसणणाणठिदो**.. જીવ જ્ઞાન-દર્શનમાં સ્થિત છે, અહીં સ્થિત છે એ સ્વસમય છે. ધ્રુવને જોડ્યોનો અર્થ? જોડે છે તો પર્યાય, પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ છે એટલે આ બાજુ ઢળી છે પર્યાય, એમ કહે છે. ધ્રુવની પર્યાય આ બાજુ ઢળી છે. ધ્રુવ તો ધ્રુવ છે. ધ્રુવને ક્યાં પરિણમવું છે, ઢળવું છે ક્યાં? પણ જે ધ્રુવ ઉપર નજર થતાં જે પરિણતિ થઈ એમાં ધ્રુવ જોડાઈ ગયું છે, જે રાગમાં જોડાતી પર્યાય એ એમાં જોડાણી છે. ધ્રુવની

પર્યાય રાગમાં જોડાતી એ અરાગમાં જોડાણી, એટલે દ્રવ્ય–કારણસમયસાર જ એમાં જોડાણો એમ કીધું અભેદથી. જુઓ! શબ્દ એ છેને! સમરસીભાવ સાથે... આહાહા!

**નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને... સદા જોડે છે જ... સદા જોડે છે જ.** આહાહા! ધર્મીનો માર્ગ તો અંતર વીતરાગી પરિણતિમાં સદાય પરિણમી જ રહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? ધ્રુવ તો ધ્રુવ છે, પણ ધ્રુવ (તરફ)નું વલણ પર્યાયનું (હોવું જોઈએ એ) આમ (બાહ્યમાં) હતું, એ પર્યાયનું વલણ નિર્મળ ઉપર થયું છે. એ ધ્રુવને આમ જોડ્યો એમ કહેવામાં આવે છે. ધ્રુવ તો ધ્રુવ છે, પણ ધ્રુવ (તરફ)નું વલણ પર્યાયનું (હોવું જોઈએ એ) આમ હતું વિકારમાં, એ નિર્વિકારમાં આવ્યું. નિજ કારણસમયસારને નિજ પરિણતિમાં જોડે છે. આહાહા! એ કાલે આવ્યું હતું કે બીજે આવ્યું હતું? કાલે એ આવ્યું હતું. '**નિજ કારણપરમાત્માને**' એમ કહ્યું ન્યાં. નિજ કારણપરમાત્માને લીધો છે. આરે ભાષા! કારણપરમાત્મા તો છે ત્યાં છે, એમાં તો પર્યાય પણ નથી, પરિણમન પણ નથી. પણ એનો અર્થ કે ત્રિકાળી ભગવાન આત્મા એને પકડતાં એનું જ્ઞાન ને શ્રદ્ધા વ્યાપક થતાં એ પરિણતિમાં ધ્રુવ છે, એ ધ્રુવ રાગમાં નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આરે! આવી ગાથા!

વીતરાગનો માર્ગ કેવો છે? આ જ માર્ગ છે, બીજો માર્ગ બીજે ક્યાંય હોય નહીં. સર્વજ્ઞ પરમાત્મા એ સિવાય ક્યાંય આ વાત હોય નહીં. કેમકે દ્રવ્ય ને ગુણ ને પર્યાય ત્રણ જ્યાં પ્રત્યક્ષ થઈ ગયા છે એની આ વ્યાખ્યા છે. દ્રવ્ય-ગુણ તો કૂટસ્થ છે ધ્રુવ, પણ પર્યાયમાં આમ જે પર્યાય અટકતી હતી, એ પર્યાય નિર્મળ થઈને આત્મા ત્યાં અટક્યો. અટકી છે તો પર્યાય, પણ ધ્રુવને લક્ષે થયેલી પર્યાય(ને કહ્યું કે) 'ત્યાં અટક્યો છે ધ્રુવ એમાં' એમ કહેવામાં આવે છે. એની શૈલી જ એવી છે. **જીવો** ત્યાં પણ આવ્યુંને? **જીવો चरित्तदंसणणाणठिदो**.. જીવ તો ધ્રુવ છે. પણ આમ પર્યાયમાં રાગાદિ હતા એને છોડીને નિર્વિકલ્પ પરિણતિની સાથે **નિરવશેષપણે અંતર્મુખ**... લ્યો, કારણસમયસારસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ જે નિત્ય એ તો પૂરેપૂરો અંતર્મુખ છે. વસ્તુ તો એ અંતર્મુખ છે. સમજાણું કાંઈ? અરે! આ ક્યાં?

આ આંખ્યું-બાખ્યું–ડોળા માટીના છે, જડના છે. ખરેખર તો પુણ્ય-પાપ પણ અચેતન છે. એ કાંઈ ચૈતન્યની જાત (નથી કેમકે) ચૈતન્ય જ્ઞાનાનંદ એનો અંશ એમાં નથી. શુભભાવ હો કે અશુભ હો એ અચેતન છે. આહાહા! ચૈતન્ય ભગવાન એનું નિજ ચૈતન્યવિલાસ એ ચૈતન્ય છે એમ કહે છે. ઓલો રાગ છે એ ચૈતન્ય નથી. આહાહા! વ્યહારરત્નત્રયથી નિશ્ચય થાય, પહેલો વ્યવહાર પછી (નિશ્ચય) થાય એવું વસ્તુમાં નથી એમ કહે છે. વ્યવહારપક્ષીવાળાને તો, વ્યવહારથી (-વ્યવહારનો પક્ષ પકડીને) એ ઉડે છેને એ પક્ષી, એને તો આવું આકરું લાગે. અરે! આમાં એક પડખું આખું ઉડી જાય છે. નિશ્ચય ને વ્યવહાર બેય હોય, એમાં વ્યવહાર ઉડે, પણ એ વ્યવહાર ઉડે ત્યારે નિશ્ચય થાય. સમજાણું કાંઈ? કાંઈ બાકી રાખ્યા વિના... ભગવાન

આત્મા તો અંતર્મુખ છે. પૂરેપૂરો અંતર્મુખ છે વસ્તુ. પર્યાય એ બહિર્મુખ છે ખરેખર તો. પર્યાયને બહિર્તત્ત્વ કહ્યું છે. આ નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે એની (-ધ્રુવની) સામે. તો વિકલ્પની વાત તો શી કરવી? સમજાણું કાંઈ?

ધ્રુવ એની દૃષ્ટિ થઈ એટલે જાણે આમ જોડાણ થયું. એને આશ્રયે પ્રગટી એમાં ખરેખર તો પર્યાયનું જોડાણ છે, પણ એ ધ્રુવને આવી પરિણતિ સાથે જોડે છે. ત્યાં આગળ એની પર્યાય થંભાવે છે, બહાર જવા દેતો નથી. આહાહા! ઓહોહો! પુણ્યના વિકલ્પમાં જવા નથી દેતો એટલે પૂર્ણ સ્વરૂપને એમાં ઠારે છે, ઠરે છે, સ્થાપે છે એમ કહેવામાં આવે છે. આ તો વીતરાગના વચનો છે. સમજાણું કાંઈ? આહાહા! જેના પરિણતિના ફળ સાદિ-અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. જેની હદ નથી એવા કાળ (માટે) પૂર્ણ આનંદ ને શાંતિ મળે અને આ કષાયની અગ્નિના દાવાનળ ઓલવાઈ જાય, એ માર્ગ તો જુદા છે ભાઈ! સમજાણું કાંઈ? એને એણે પહેલાં લક્ષમાં લેવું પડશે. બહારની અનુકૂળતા શરીરની, પૈસાની, છોકરાની આદિ 'એ અનુકૂળ છે' એ માન્યતા જ મિથ્યાત્વ છે. ખરેખર તો મોક્ષના માર્ગને અનુકૂળ એની શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ?

પૂરા આનંદના ભાવને... બીજું શું નામ આવ્યું? વીસ વિહરમાન છેને? એના અર્થ કર્યા એક કચ્છીએ...... ઘણા વર્ષ પહેલાનું જૂનું છે.. જૂનું છે. આ બાજુ પાને લખ્યું છે. મોક્ષનો માર્ગ એ મોક્ષનું નિમિત્ત છે. પર્યાય છેને? ધ્રુવ એ મૂળ ઉપાદાનકારણ છે. દેવસૂરિ... અર્થ ઓલા કચ્છીએ કર્યા છે. સમજાણું કાંઈ? પર્યાય જે નિર્મળ શાંતિ, અનાકુળ આનંદ એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહીએ. કોઈ કહે છેને કે ચારિત્રમાં બહુ કષ્ટ છે ભાઈ! આહા! અરે, ભગવાન! તને ખબર નથી ભાઈ! ચારિત્રની શ્રદ્ધા જ તને ઉલટી છે. સમજાણું? ચારિત્ર તો વેળુના કોળિયા છે. મીણને દાંતે લોઢાના ચણા ચાવવા, એમ ચારિત્ર એવું છે. અરે, ભગવાન! એ વ્યાખ્યા ચારિત્રની નહીં હોં. ઊંધી વ્યાખ્યા? તમે ત્યાં તો હા પાડતા હતાને? આહાહા!

અહીં તો પરમસમાધિ જેનું લક્ષણ છે એવો મોક્ષમાર્ગ... આહાહા! પંડિતજી! અરે, ભાઈ! આવો મનુષ્યદેહ મળ્યો એમાં જે કરવાનું નહીં કરે ને ક્યાંકનો ક્યાંક રસ્તે ચડી જશે, પછી થઈ રહ્યું, ગુમાવી દેશે. સમજાણું કાંઈ? જેને લક્ષમાંય નથી કે માર્ગની રીત શું છે, એ ક્યાં જઈને પટકશે? આહાહા! કહે છે કે પૂર્ણ અંતર્મુખ ભગવાન છે. **નિરવશેષ** છેને? એવો **નિજ કારણસમયસાર**... દેખો! નિજ-પોતાનો કારણપ્રભુ ત્રિકાળી ધ્રુવ, નિજ પરમાત્મા કહો કે નિજ કારણ કહો, પરમાત્મસ્વરૂપ સમયસાર નિજ પ્રભુ, નિજ આત્મા... આહાહા! એને **જે અતિ આસન્નભવ્ય જીવ...** ઓહો! જેને અલ્પ કાળમાં સંસારનો અંત છે. અતિ આસન્ન-બહુ જ નજીક. કેવળજ્ઞાન જેને નજીક છે આહાહા! સમજાણું કાંઈ?

જેને અલ્પકાળમાં અનંત-અનંત આનંદ પ્રગટવાનો છે, અતીન્દ્રિય આનંદનું પરિણમન થઈ જવાનું છે. એવા **અતિ આસન્નભવ્ય જીવ**–ભવ્યજીવ **સદા જોડે છે જ.** એમ શબ્દ છેને? **सदा युनक्त्येव... युनक्त्येव** (અર્થાત્) જોડે છે. **एव** છેને **एव?** સંસ્કૃતમાં છેને? **सदा युनक्त्येव...** આહાહા! પોતાનો આવો કારણસમયસાર પ્રભુ એને આવી પરિણતિ સાથે જોડે છે, એટલે કે એની પરિણતિ નિર્મળ થઈ છે. રાગની પરિણતિ એને રહી નથી. સમ્યગ્દર્શન થતાં રાગની પરિણતિ ધર્મીને હોતી નથી. આહાહા! સમજાણું કાંઈ? કેમકે ભગવાન દ્રવ્ય ને ગુણ બેય શુદ્ધ છે. અને શુદ્ધનો જ્યાં સ્વીકાર થઈને પરિણમન થયું એ તો શુદ્ધ જ હોય. અશુદ્ધ એની પર્યાયમાંય નથી, અહીં તો એમ સિદ્ધ કરવું છે. અશુદ્ધમાં રહ્યો છે કે અશુદ્ધ પરિણતિ એને થાય છે—એ છે જ નહીં, એમ કહે છે. આહાહા! આ દિવાળીના... શું કહેવાય? ઘુઘરા ને તમારે કાંઈક કહે છેને? ફાફડા ને ઘુઘરા નથી કરતા? દિવાળીની બોણી કરાવો, કોઈક એમ કહે. ભઈ, ....... આ દિવાળીની બોણી છે. આહાહા!

અરે! તારા શરીર ને તારી આબરૂ ને લક્ષ્મી ને, એ બધા અંધારા છે. એ સંધ્યા ગઈ ને અંધારા થશે. આહાહા! સમજાણું કાંઈ? પણ એને અત્યારે ભાસ નથી, પણ પ્રતિકૂળ થાય ત્યારે ભાસ થાય. આહા! અરે! એકલા... કાંઈ રહ્યું નહીં, અમે એકલા, એમ કહે છે. આવ્યો હતોને કોઈ ગઢડાવાળા... એય જયંતિભાઈ! ઓલા ગઢડાવાળા, નહીં? કામદારના જમાઈ. શું નામ? ભાવનગર. પ્રભુદાસ.. પ્રભુદાસ. આહાહા! પ્રભુભાઈ હતા પ્રભુદાસ. ૮૧માં આવ્યા હતા ત્યાં. ભાવનગર કામદારના જમાઈ, પાઘડી પહેરતાં લાલ. ભાવનગરી. એ વ્યાખ્યાન ચાલતું હતું. ૮૧ની વાત છે. એમાં એ કહે, મહારાજ! હું એકલો ગયો હતો હોં. પછી બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, સોપારી દુકાન હતી સોપારીની, મુંબઈમાં. પૈસા થયા. આ ૪૮ વર્ષે જેવો ગયો એવો એકલો પાછો આવ્યો. ૧૦ લાખ થયા એ બધા ગયા. આ પૈસા પણ ગયા, સોપારીનો ધંધો પણ ગયો. જેવો ગયો એવો આવ્યો. (સંવત) ૮૧માં વાત થઈ હતી. જયંતિભાઈ એની સાથે.... ઘણા વર્ષ થયા. ૧૯ ને ૨૭ = ૪૬ વર્ષ થયા. આહાહા!

અમથોય એકલો જ જાય છેને. ક્યાં (કોઈ સાથે આવે છે)? આહાહા! અહીંથી ઉપડ્યો, થઈ રહ્યું. આહાહા! એની સાથે એના કર્મ છે. કર્મ તો પોતાના કારણે જાય છે, આને કારણે નહીં. એને કારણે, જડની પર્યાય ગતિ જડને કારણે કરે છે. આને કારણે નથી ત્યાંય. આહાહા! એની જે પરિણતિ હોય શુદ્ધ કે અશુદ્ધ એ સાથે હોય. આહાહા! પ્રભુ! તારો સાથ–સથવારો તો શુદ્ધ પરિણતિનો જોઈએ, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એવા ભગવાનને પોતાની શુદ્ધ દશામાં રાખે છે... એનું પરિણમન–ધ્રુવનું પરિણમન... ધ્રુવ તો ધ્રુવ છે, પણ એના તરફનું પરિણમન એ ધ્રુવનું પરિણમન કહેવામાં આવે છે. આહાહા! ધ્રુવ તો ક્યાં પરિણમે છે? ધ્રુવનો

ક્યાં અનુભવ છે? પણ એ રાગનો અનુભવ હતો (ત્યાંથી છૂટી) ધ્રુવની પરિણતિ (થઈ) એ ધ્રુવનો અનુભવ કહેવામાં આવે છે.

એવા **કારણસમયસારસ્વરૂપને જે અતિ આસન્નભવ્ય જીવ**... આહાહા! **સદા જોડે છે જ...** અહીં તો 'સદા જોડે' એમ નહીં, (પણ) **સદા જોડે છે જ**. આહાહા! એ થોડું પણ અમૃત છે આ હોં. માર્ગ, સંતોના માર્ગ કહ્યા એ આ છે. આને વળી કાંઈ ઢીલાપણું, પોચાપણું કરવા જશે, માર્ગ નહીં રહે બાપા! આહાહા! સમજાણું કાંઈ? જે એનો નિયમ છે એમાં આડું-અવળું ઢીલાપણું કરવા જશે (તો) નહીં બને ભાઈ! આહાહા! ભલે દુનિયાને ન બેસે, સમજાણું? દુનિયા એના પક્ષમાં–આ વાતમાં ન આવે અને શાસ્ત્રના આધારે વિરોધ પણ કરે. હો. વિરોધ કરે કે આ વ્યવહાર રહ્યો, આ વ્યવહાર સાધન કહ્યું છે, આ વ્યવહાર હેતુ કહ્યો છે. કહો. એને શાસ્ત્રના અર્થની ખબર ન હોય. પંડિતજી!

**સદા જોડે છે જ**... આહાહા! શું કહે છે? ભારે ગજબ ટીકા છે હોં! એટલે કે જેની પરિણતિ નિર્મળ થઈ ગઈ જ છે. હવે નિર્મળ પરિણતિ જ વહે છે. આહાહા! એને અશુદ્ધતા ને નિમિત્ત એમાં કાંઈ અડતા નથી. સમજાય એટલું સમજવું. માર્ગ તો આ છે. એકલો નિશ્ચયનો ને પરમાર્થનો લાગે, પણ માર્ગ તો નિશ્ચયનો એ જ સત્ય છે, બાકી બધું અભૂતાર્થ–અસત્ય છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! પોતાના આનંદને ભૂલી ક્યાંક-ક્યાંક ઉલ્લસિત થઈને, આ ઠીક છે, શરીર સુંદર, આબરૂ સુંદર, બાયડી સુંદર, છોકરા સારા, પૈસા સારા, મકાન.. આહા.. પ્રભુ! તું સારો નહીંને? આ સારા. ભાઈ! તું એમાં હણાઈ જા છો, ભાઈ! તને ખબર નથી. તારું એમાં ખૂન થાય છે. સમજાણું કાંઈ? રાગમાં જોડાઈને એમ માનવું કે મને ઠીક છે, એ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ કારણપ્રભુ એનો સ્વીકારનો અનાદર થઈ જાય છે. એ જ હિંસા છે. પરની હિંસા કરે કોણ ને મારે કોણ? સમજાણું કાંઈ? કહો, હસમુખ! આ દુકાને બેઠા હોય ને આમ બધું પેદાશ બબ્બે લાખ, અઢી લાખની પેદાશું, પાંચસે-સાતસે રૂપિયે દરરોજની પેદાશ, ગાડાં હજારો આવે, પાંચ-સાત લાખની ઉઘરાણી દરરોજ, પાંચ-પાંચ દસ-દસ હજાર આવતા હોય, હવે કાંઈ મજા પડે કે ન પડે? કાંઈ જરીયે ન પડે?

શ્રોતા : પ્રતિકૂળતા વખતે.... અનુકૂળતા તો મજા જ પડેને.

પૂજ્ય ગુરુદેવશ્રી : અનુકૂળતા કોને કહેવી? એ તો જ્ઞેય છે. એની તો વાત થઈ ગઈ. મુક્તિને માટે અનુકૂળતા આત્માની શુદ્ધ પરિણતિ, પ્રતિકૂળતા મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ. શુદ્ધ પરિણતિ તે મુક્તિનું અનુકૂળ નિમિત્ત અને અશુદ્ધ પરિણતિ તે એકલો દુઃખનો દરિયો. એ પ્રતિકૂળ. સંયોગ પ્રતિકૂળ નહીં.

એની દૃષ્ટિ બહાર ઉપર ગઈ છે, બહારના સાધન સરખા હોયને આમ. બે-પાંચ હજારનો પગાર હોય ને બે-પાંચ-દસ લાખની મૂડી હોય, શરીર કાંઈ રૂપાળું હોય સાંઢડા જેવું.

આહાહા! ઊંટડા ઊંટ જેવું.. અરે, ભગવાન! આ તો માંસ-હાડકા છે પ્રભુ! તું એમાં નથી ને તારામાં એ નથી. અરે! વિકાર તારામાં નથી, હવે એની (-શરીરની) વાત શું કરવી? સમજાણું કાંઈ? પુણ્ય ને પાપ ભાવ નથી તારામાં. બાપુ! તું તો મોટો છો. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર પરમાત્માએ આમ કહ્યું છે. એવી વાત સાંભળવા મળે નહીં વાડામાં, એટલે આ સાંભળીને એમ થઈ જાય કે અરેરે! આ શું હશે? આહાહા! જેઠાભાઈ! આ જેઠાભાઈએ બહુ મુંડાવ્યું હતું ન્યાં પાણી... ઉના પાણી પીતા ને બહુ કર્યું છે, નહીં? પહેલાવહેલા આવ્યા હતા ... ત્યારે ભડક્યા હતા વ્યાખ્યાનમાં, નહીં? આ મહારાજ મોટી મોટી વાતું કરે છે. ભરતને સમકિત હતું તો આમ થાય ને તેમ થાય. આહાહા! બાપુ! સત્યના રણકાર જુદી જાતના છે. સમજાય છે કાંઈ?

**તેને ખરેખર**–તેને સાચેસાચી **નિશ્ચયયોગભક્તિ છે...** આવા જીવને, જેને શુભાશુભભાવથી રહિત શુદ્ધ પરિણતિ છે... વિકલ્પથી રહિત છેને? નિર્મળ વીતરાગ પરિણતિનું અવલંબન ભગવાન (આત્મા છે), એ ભગવાન શુદ્ધ પરિણતિમાં રહ્યો, એ શુદ્ધ પરિણતિ તે સાચી ભક્તિ છે. એને સાચી ભક્તિ કહેવામાં આવે છે. જુઓને! આખો ભક્તિનો અધિકાર નાખ્યો છે. ઓલા લોકો અટકી ગયા છેને કેટલાક? બહારની ભક્તિથી થઈ જશે કલ્યાણ. લગાવો, ધૂન લગાવો.. ધૂન લગાવો. ધૂન લગાવે તો કર્તા થાશે રાગનો, રાગમાં એકાકાર થશે, એ તો મિથ્યાત્વભાવ છે. ભાઈએ–નિહાલભાઈએ લખ્યું છે એકવાર. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર મળવા એ તો પુણ્યનો યોગ છે. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર મળવા એ તો પુણ્યનો યોગ છે અને એની ભક્તિ કરવી એ શુભભાવ છે. પણ શુભભાવમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ છે, તે પાપ છે. સાંભળવાનું મળ્યું એ પુણ્ય છે, પણ સાંભળવા મળવામાં જે શુભભાવ થાય એ પુણ્ય છે. એને ધર્મ માનવો એ મિથ્યાત્વપાપ છે. ઓલો પુણ્યનો યોગ મળ્યો ને આમ માન્યું તો પાપ થયું. આહાહા! જયસુખભાઈ! આવો માર્ગ છે ભગવાનનો. આહાહા!

અરેરે! બહારમાં ખાવા-પીવા, મોટરું, મારી નાખે જગતને. આહાહા! .... અને ઓહોહો... ભાઈ! તારી શાંતિ હણાઈ જાય છે. આ શાંતિ જે અનંતકાળે નથી (મળી). કીધુંને પહેલું. **અતિ અપૂર્વ**... આહાહા! એવી જે પુણ્ય-પાપના રાગ વિનાની શુદ્ધભાવની ભક્તિ, એને સાચી ભક્તિ કહેવામાં આવે છે. આહાહા! આત્માની ભક્તિ, એમ નથી કીધું અહીં. એની પરિણતિની ભક્તિ. પરિણતિની ભક્તિ–પર્યાયની ભક્તિ. આહાહા! સમજાણું કાંઈ? આ યોગાસન કરો ને આમ કરો, આમ કરો. બાપા! મરી જવાના રસ્તા છે એ બધા. આ યોગાસન છે. ચૈતન્યસ્વભાવ ભગવાને કહ્યો, જોયો, એવો જાણીને તેમાં ઠરવું એ યોગાસન છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ! અરે! દિવાળીમાં જરી થોડુંક પુણ્ય કહેને (કે) પુણ્યથી આમ થાશે, પુણ્યથી ચક્રવર્તી થવાય, તીર્થંકર થવાય... આહાહા!

જે ભાવે તીર્થંકર(ગોત્ર) બંધાય એ ભાવવાળાને એ ભવમાં મોક્ષ નહીં થાય, પંચકલ્યાણકની અપેક્ષાએ... સમજાણું કાંઈ? મહાવિદેહની અપેક્ષાએ જુદી વાત છે.

મહાવિદેહમાં તો એ ભવમાં બાંધી એ જ ભવમાં (મોક્ષ) જાય છે. મહાવિદેહમાં કોઈ જીવ એ ભવમાં તીર્થંકરગોત્ર બાંધે ને એ જ ભવમાં કેવળ લઈ મોક્ષ જાય. બીજે ન હોય. પણ અહીં તો આપણે પાંચ કલ્યાણકવાળા લેવા છેને? જે ભવમાં બાંધ્યું, એ ભવમાં કેવળ નહીં લઈ શકે. એટલી પુરુષાર્થની કમી હતી એ જાતની. સમજાણું કાંઈ? અટક્યો કેમ અહીંયા? આહાહા! કોઈ કહે, પણ તીર્થંકરપ્રકૃતિ બાંધી એટલે તીર્થંકર થવાનું નક્કી થઈ ગયું. એને લઈને નક્કી થયું કે પોતાના સ્વભાવને લઈને નક્કી થયું? વિકારના પરિણામ ને એનાથી બંધ પડ્યો—એનાથી નક્કી થયું?

**તેને ખરેખર નિશ્ચય** નામ સાચી **યોગ** નામ સ્વરૂપની એકાગ્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાનને એની ભક્તિ કહેવામાં આવે છે. આહાહા! આ પર્યાયની વાત છે હોં. નિશ્ચયયોગભક્તિ પર્યાય છે–અવસ્થા છે. નિર્મળ એનું ભજન વારંવાર થયા કરવું (એવી) પરિણતિની ધારા, એનું નામ ભક્તિ. આહાહા! વ્યાખ્યા ભક્તિની જુદી છે. સમજાણું કાંઈ? **બીજાઓને નહિ.** પાઠ છેને? અરેરે! બીજાને કેમ હોય આ? જુઓ! છેને? **इदरस्स य कहि हवे जोगो...** આ સિવાયની બીજી રીત કરે એને ક્યાંથી આવો યોગ હોય? આવી યોગ સાચી ભક્તિ ક્યાંથી હોય? એમ આચાર્યને જરી (વિકલ્પ આવ્યો કે) અરે! આને યોગભક્તિ હોય. બીજાને—પરમાં લાભ માનનાર, પુણ્યથી લાભ માનનાર, પર્યાયબુદ્ધિમાં અટકેલ એને—આ ભક્તિ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એમ કરીને અનેકાંત કર્યું છે. આનાથી થાય ને આનાથી થાય એ અનેકાંત—એમ નહીં. આ જ રીતે થાય અને બીજી રીતે ન થાય એનું નામ અનેકાંત સિદ્ધ કરે છે અહીં.

જુઓને! '**જોડે છે જ** છેને? શ્રીમદ્‌માં તો એમ આવે છે કે મારો મહાવીર 'જ' ન કહે ક્યાંય. એ તો તત્ત્વની સ્યાદ્વાદ શૈલીની અપેક્ષાએ (કહ્યું છે). આ તો એમ જ છે. સમજાણું કાંઈ? **છે જ...** સ્વભાવને આશ્રયે થતી નિર્મળ પરિણતિ તે જ, સદા જોડાણ આત્માનું ત્યાં છે. રાગનું જોડાણ નથી, વ્યવહારનું જોડાણ (નથી), વ્યવહારને અડતોય નથી જ્ઞાની, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો જગત આખું આહીં છે એથી શું? એમ વ્યવહાર પણ હોય છે. એ તો જગતમાં ગયું. એની પર્યાયમાં એ અડતોય નથી એને. આહાહા! કહો, ભીખાભાઈ! આવો માર્ગ ભારે આકરો લાગે. ચર્ચા કરું હું સમયસારમાંથી ચર્ચા કરું લ્યો. ઠીક બાપા! ભાઈ!

સમયસારમાં બારમી ગાથા આવેને, બધા ઘોડો થઈ જાય ત્યાં. **व्यवहारदेसिदापुण.** વ્યવહાર દેખાડ્યો છે નીચલી દશાવાળાનો. અરે! એમ નથી ભાઈ! તને ખબર નથી. એનો અર્થ જ એમ નથી. નીચલી દશાવાળાની પરિણતિ તો આવી જ હોય, પણ ત્યાં રાગાદિ આવે તેને જાણે, એનું નામ 'ઉપદેશ કહ્યો' એમ કહેવામાં આવે. એવી વાત છે. ... બારમી ગાથા. નીચલાવાળાને વ્યવહારનો ઉપદેશ જોઈએ, ઉપલાવાળાને નિશ્ચયનો. લ્યો ઠીક! આહાહા! અરે, પ્રભુ! ઉપદેશની ત્યાં વાતેય નથી. ત્યાં તો 'જાણેલો પ્રયોજનવાન' છે (એમ કહ્યું). લ્યો, એનો શ્લોક કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧, બુધવાર, તા. ૨૦-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૨૯, ગાથા - ૧૩૯, પ્રવચન નં. ૧૫૫**

આ નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર. પરમ-ભક્તિ કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો, (જે) દુઃખથી છૂટવાનો ઉપાય છે. અનંત કાળથી ચોરાશીના અવતારમાં આકુળતાથી દુઃખી છે એ. ચારેય ગતિ દુઃખરૂપ છે. પરદ્રવ્યને અનુસારે થતા ભાવ એનું ચાર ગતિ ફળ છે. મોક્ષ– પૂર્ણાનંદની પ્રાપ્તિ જે ભાવે થાય, એ ભાવને અહીંયા પરમ ભક્તિ કહે છે. પર્યાયને હોં પર્યાય. શ્લોક ૨૨૯ છે.

**भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा ।**
**तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम् ॥२२९॥**

યોગી એટલે કે આત્માના સ્વભાવમાં જોડાણ કરનાર, એને યોગી કહે છે. સમ્યગ્દૃષ્ટિ પણ યોગી છે. સમજાણું કાંઈ? જેણે રાગ ને વિકારનું જોડાણ છોડી દીધું છે અને ત્રિકાળ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ એમાં જોડાણ નામ જે એકાગ્ર થયો છે, એ જોગી કહેવાય છે. ધર્મી પણ યોગી કહેવાય છે. કેવો યોગી ? **શ્લોકાર્થ : ભેદનો અભાવ હોતાં...** પહેલું એમ સિદ્ધ કરે છે કે ભગવાન આત્મા અનંત આનંદ આદિ ગુણસંપન્ન છે, છતાં એની પર્યાયમાં–અવસ્થામાં વિકલ્પો છે, પુણ્ય-પાપના વિકલ્પો છે અને એક સમયની પર્યાય(નું લક્ષ) છે. તેનો **અભાવ હોતાં...** એ વિકલ્પો જે છે કે એક સમયની પર્યાયનું લક્ષ છે—એ બધું ભેદનું લક્ષ છે. એનો **અભાવ હોતાં...** ભાષા સમજાવવી શી રીતે? આમ તો કહે કે અભેદની દૃષ્ટિ થતાં ભેદનો અભાવ થાય. વસ્તુની સ્થિતિ તો એમ છે. આહાહા!

જુઓ! આ સુપ્રભાત છે. સાચો સુપ્રભાત એની આ વ્યાખ્યા છે. સુપ્રભાત બે પ્રકારે છે. એક આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપનો અનુભવ થવો (અને) મિથ્યાત્વનો નાશ થવો અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવી એ પણ એક સુપ્રભાત છે અને એના ફળ તરીકે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય પ્રગટ થવું એ મૂળ સુપ્રભાત છે. સમજાણું કાંઈ? સુપ્રભાત વર્ષ બેઠું એ બેઠું, સાદિ-અનંત કાળ એ દશા રહે એને સુપ્રભાત કહે છે. આ પ્રભાત તો ઉગે ને સાંજે આથમે પાછી. આહાહા! (બપોરે) સૂરજ માથે જાય, આમ વળી આડો રહે, આમ આડો જાય, સાંજે આમ આડો જાય. આહાહા!

અહીં તો ભગવાન આત્મા.... ઓલો ચંડિમનો શ્લોક છેને. સમયસાર નાટકે તો એમાંથી મિથ્યાત્વના નાશની જ વાત લીધી. ભાઈએ–જયચંદજી પંડિતે કેવળજ્ઞાન લીધું છે. **चित्पिण्डचण्डिम...** (સમયસાર, કળશ ૨૬૮). કેવળદર્શન પ્રગટ થાય, પૂર્ણ દર્શન–કેવળદર્શન

એ સુપ્રભાત છે. કેવળજ્ઞાન ચિદ્-પ્રકાશ... એક સમયમાં પૂર્ણ પર્યાયની પ્રગટતા જ્ઞાનની એ સુપ્રભાત, આનંદ(માં) સ્થિત અનંત આનંદનું પ્રગટવું. શેનાથી પ્રગટે? યોગથી પ્રગટે. એ અહીં આવશે અહીંયા. સમજાણું કાંઈ? અને અચલ અર્ચિ વીર્ય. અનંત બળ–વીર્ય જે છે એ પણ સુપ્રભાતના ચાર બોલ માંહ્યલો એક બોલ છે. અનંત ચતુષ્ટય.. પંડિતજી! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય—એવી જે પર્યાયમાં–અવસ્થામાં પ્રગટ દશા થાય, એ અનંતચતુષ્ટય પ્રગટ થાય એ અંદર પડ્યા છે. સમજાય છે કાંઈ? એ દ્રવ્યસ્વભાવમાં એનું શક્તિરૂપ તત્ત્વ પડ્યું છે.

સવારમાં કહ્યું હતું કે અરિહંત પોતે જ છે. આહાહા! એનો સ્વભાવ જે અરિહંતનો એક સમયની પર્યાયનો, એવા તો અનંત-અનંત સ્વભાવ અંદર પડ્યા છે. એવું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય જે પ્રગટરૂપ થાય, એ આનંદના વેદનવાળી સુપ્રભાતદશા છે. અને ત્રિકાળમાં પડેલા છે એ શક્તિરૂપ છે. અનંત આનંદ, અનંત જ્ઞાન વસ્તુના અંતર સ્વભાવમાં ત્રિકાળ પડ્યા છે. એ મહાસુપ્રભાત ઉગવાનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? કહે છે કે એની વર્તમાન દશામાં વિકલ્પો છે. આહાહા! આત્મા ચૈતન્યસૂર્ય છે. આહાહા! ભગવાન આત્મા વસ્તુ તરીકે ચૈતન્યસૂર્ય, આનંદનો કંદ, વીર્યનો પિંડ, દર્શનનો એકલો રસકંદ છે. એવો આત્મા, એની વર્તમાનદશામાં તો વિકલ્પ ઉઠે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

રાગાદિનો ભાવો છે, વિશેષ એક સમયની અવસ્થા પણ છે. પર્યાય–અવસ્થા છે, જેમાં કાર્ય થાય છે એવી દશા છે. જો એ દશા ન હોય તો કાર્ય થાય નહીં. ધ્રુવ તો ત્રિકાળ છે. આહાહા! એ અવસ્થા(માં) ત્રિકાળી વસ્તુ ભગવાન અસ્તિ મહાપ્રભુ ચૈતન્યસત્તા અનંત આનંદ ને અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ એને પ્રગટ કરવા માટે... એ તો છે એ છે, પણ એને જ્ઞાયકને પ્રગટ કર્યો એમ કહેવાય છે. રાગ અને પુણ્યના વિકલ્પોની પ્રતીતિ હતી ત્યારે પ્રગટ્યો નહોતો, એમ કહ્યું. સમજાણું કાંઈ? શુભ-અશુભરાગ કે એક સમયની પર્યાયની રુચિ અને એટલામાં અસ્તિત્વ માન્યું હતું, એ જ્ઞાયકભાવ પ્રગટ્યો નહીં ત્યાં. ત્યાં એક સમયની દશા ને વિકલ્પો પ્રગટ્યા. સમજાણું કાંઈ?

કહે છે કે **ભેદનો અભાવ હોતાં**... મૂળ તો 'વિકલ્પનો અભાવ હોતાં' કહેવું છેને. (ગાથા ૧૩૮ના) પાઠમાં એ છેને ભાઈ! **वियप्प–વિકલ્પનો અભાવ હોતાં**.. સમજાણું કાંઈ? આહાહા! અરે! એણે કોઈ દિ' પંથ સાંભળ્યો નહીં, એના સુખના રસ્તા સાંભળ્યા નહીં. એમને એમ દુઃખમાં દોડી રહ્યો છે. આહાહા! અને હોંશું કરી, હાથે કરીને હોશું કરીને વીંછી પકડીને કરડાવે છે પોતાને. ઓલા હતાને એક મુનિ. એના શરીરની (સહનશક્તિ) જોવા માટે.... શું નામ ભૂલી ગયા? દેવરાજજી. શરીરની (સહનશક્તિ) જોવા માટે વીંછી નીકળ્યો તો એને પગ અડાડે.

દેવરાજજી હતા. ઓલા નહીં? આવ્યા હતા, મારી પાસે આવ્યા હતા ત્યાં હીરાભાઈના મકાનમાં. પંચાધ્યાયી આપ્યું હતું. હતો હુશિયાર મગજવાળો, પણ આ વાત ક્યાંય છે નહીં. પકડવામાં મુશ્કેલ પડે. પંચાધ્યાયી, મેં કીધું, તર્કનો વિષય છે. બુદ્ધિવાળા પંડિતોનું કામ છે આમાં તો. અહીં આવ્યા ત્યારે ૯૨-૯૩ની વાત છે. એવો હતો કે વીંછી નીકળે તો એને પગ અડાડે. એમ કે કરડે છે (ત્યારે) સમભાવ રાખી શકું છું કે નહીં? વેદન કેટલું છે?

એમ આ દેવરાજ, છે તો આત્મા દેવરાજ મોટો. આહાહા! (દેવ એટલે) મહા દિવ્યશક્તિવાળો, રાજ એટલે શોભિત છે, પોતાના આનંદ ને જ્ઞાનથી શોભિત છે, પણ એ પુણ્ય ને પાપના વિકલ્પના વીંછીને કરડાવે છે માળો. સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપની લાગણીઓ એ દુઃખરૂપ છે.. દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે. એનો એ કારણ ને કાર્ય, એમ. સમજાણું કાંઈ? શુભ ને અશુભભાવ એ પોતે આકુળતા ને દુઃખ છે અને એને ને એને કારણ ને કાર્ય કહેવાય છે. દુઃખનું એ કારણ ને દુઃખનું એ કાર્ય. અહીં કહે છે કે જેને યોગભક્તિ કરવી છે એટલે કે આત્માની શાંતિ જેને પ્રગટ કરવી છે, એ **ભેદનો અભાવ હોતાં**... ભેદનો અભાવ કરીને... હોતાં એટલે ભેદનો અભાવ થતાં, એમ. દ્રષ્ટિમાં અલ્પજ્ઞતા પર્યાય ને રાગની સત્તાના સ્વીકારમાં જે અજ્ઞાની તરીકે દુઃખી હતો, એણે અલ્પજ્ઞપર્યાય અને વિકલ્પો એની દૃષ્ટિ છોડીને... નાસ્તિથી વાત કરી છેને. આહાહા!

દિશા ફેરવવી આખી, બહુ માર્ગ પણ આકરો ભારે! દિશા ફેરવે દશા ફરે. જ્યાં સુધી એને પુણ્ય-પાપના વિકલ્પ ને એના ફળ ને એના બંધન—ત્યાં દૃષ્ટિ છે, ત્યાં સુધી એ તો દુઃખી છે. પણ એને ખબર નથી. એની દશામાં દાવાનળ સળગે છે. આહાહા! સમજાણું કાંઈ? એની દશા–પર્યાયમાં કષાયનો દાવાનળ સળગે છે. પણ ક્યાંથી દાવાનળ લાગે? જેને પોતા તરીકે માન્યું એને દાવાનળ કેમ લાગે? અને દાવાનળથી રહિત પોતાપણાની જે આનંદ(રૂપ) વસ્તુ છે, એના ભાન વિના આનંદની સાથે દાવાનળને કેમ મેળવે? સમજાણું કાંઈ?

એટલે કહે છે કે વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ સત્તા તત્ત્વ છેને, સત્ત્વ છેને, અસ્તિ છેને, સત્તા–હોવાપણે પદાર્થ આત્મા છેને. એ તો અનંત ગુણના હોવાપણે એકરૂપ એનું નામ આત્મા. પણ અનાદિથી પોતાનો પરમાત્મા–પોતાનો આત્મા એનું લક્ષ છોડીને... હતું લક્ષ અને છોડ્યું છે—એમ નહીં કાંઈ. અનાદિથી એને આત્મા વસ્તુ છે એની દૃષ્ટિનો અભાવ છે. દૃષ્ટિના અભાવથી ભેદના ભાવને, વિકલ્પને પોતાના માને છે. સમજાણું કાંઈ? પણ એ વિકલ્પના ભાવ અને પર્યાયરૂપી ભાવ–ભેદ એની દૃષ્ટિ છોડતાં (એટલે કે) ભેદનો અભાવ હોતાં... ત્યારે ભેદ છે ને? છે એનો અભાવ કે ન હોય એનો અભાવ (થાય)? સમજાણું કાંઈ? આહાહા!

ભેદનો અભાવ હોતાં... ત્યારે કોઈ એમ કહે કે એ તો ભ્રમ છે. પણ ભ્રમ પણ છે કે નહીં? એ ભેદ પોતે ભ્રમ છે. જો ન હોય તો એને આનંદનો અનુભવ હોવો જોઈએ. તો

આનંદના અનુભવની અસ્તિ–હયાતી નથી, તો ભેદનો અનુભવની છે. એ છે, નથી એમ નહીં, દુઃખરૂપ દશા છે. સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો, ચાહે તો રાગ, દ્વેષ, વિષય, કષાય, ભોગ, આબરૂના ભાવ હો—બેય દુઃખરૂપ દશા છે. સમજાણું કાંઈ? એ જો ન હોય તો, વસ્તુ તો આનંદસ્વરૂપ છે તો એને આનંદ આવવો જોઈએ. આનંદનો તો અભાવ છે અને દુઃખનો સદ્ભાવ છે. પર્યાયમાં દુઃખની સત્તા–દુઃખની હયાતી છે. આનંદનો અભાવ છે એટલે દુઃખની સત્તા છે. આહાહા! વાત ન્યાયથી સમજશે કે નહીં?

અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) ભગવાન આત્મા વસ્તુ છે એ તો આનંદમૂર્તિ છે, એમાં દુઃખ હોય? વસ્તુમાં દુઃખ હોય? વસ્તુમાં વિકાર હોય? વસ્તુ વિપરીત હોય? વસ્તુ વિપરીત હોય તો વસ્તુ(પણું) છોડીને વિધ્વંસ થઈ જાય. સમજાણું કાંઈ? એ વસ્તુ ભગવાન આત્મા, જેમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ વસેલા છે એને વસ્તુ કહીએ. એવી વસ્તુના લક્ષ ને દૃષ્ટિ વિના અનાદિ કાળથી.. આહાહા! શરીર, વાણી, પર જગત આખું મારા અને હું એનો—એવી ભ્રમણાએ એણે દુઃખના ડુંગરે માથા ફોડ્યા છે. સમજાણું કાંઈ? આહાહા! હવે, આનંદનો ડુંગર ભગવાન છે, અતીન્દ્રિય આનંદનો સ્વભાવ એવો આત્મા વસ્તુ છે.

કહે છે કે જેને **ભેદનો અભાવ હોતાં**... આહાહા! અસ્તિ સિદ્ધ કરી. વિકલ્પો છે, હું પુણ્ય કરું છું, પાપ કરું છું, શરીર મારા, હું આવડો ને એટલો અંશ—એવા બધા ભાવો છે. ન હોય તો એના સ્થાનમાં એના અભાવસ્વભાવરૂપ આનંદનું વેદન જોઈએ. વેદન એ પર્યાયનું છે, કાંઈ ત્રિકાળીનું વેદન નથી. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે **ભેદનો અભાવ હોતાં**... અભાવ હોતાં ને અભાવ કરતાં... હોતાં (એટલે) થઈને, એમ. આ બાજુ (અભેદ) થાય છે તો ભેદનો અભાવ થઈ જાય છે. એમ શબ્દ છે. ભેદનો અભાવ કરતાં... સમજાણું કાંઈ? સમજમેં આયા? 'ભેદનો અભાવ કરતાં' એમ શબ્દ નથી લીધો. ભેદ અભાવે થતી... આહાહા! આમ તો અનંત પુરુષાર્થ છે ત્યાં. સમજાણું કાંઈ? એ કાંઈ પોપાબાઈના રાજ નથી ન્યાં.

અરે! ભગવાન આત્મા જેના ઘરમાં અતીન્દ્રિય સુખનો સાગર પોતે છે. એના સુખના સ્વાદ આગળ આખી દુનિયા સડેલા મીંદડા ને કૂતરા જેવા લાગે. એ જ (વસ્તુ) એને અજ્ઞાનમાં પ્રીતિના રમકડા થયા છે બધાય. આ સારું, આ સારું, શરીર સારું, બાયડી સારી, છોકરા સારા, પૈસા સારા. આહાહા! આ બધા સારા, પણ તું ખરો કે નહીં એમાં? તું સારો એક નહીં? એક સારો નહી, બીજા બધા સારા. જ્ઞાનીને એ બધા સારાના જે વિકલ્પો છે એનો અભાવ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? નાસ્તિ કહ્યુંને નાસ્તિ. ભેદની નાસ્તિ થતાં–હોતાં... આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આ તો આત્માની ભાગવતકથા છે. કથા ખરી, પણ આત્માની ભાગવતકથા છે એટલે તો એના એકેક શબ્દોમાં રહસ્ય ભર્યું હોય. સમજાણું કાંઈ? આહાહા!

અરે! એણે જિંદગીમાં કોઈ દિ'... આ મળ્યો મનુષ્યનો ભવ... શ્રીમદ્દે કહ્યું છેને 'તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો..' આહાહા! જુઓને! કરુણાથી કહે છે હોં. સમજાણું કાંઈ? 'તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.' એક આંટો ટળે તો બધા ટળ્યા. આહાહા! સમજાણું કાંઈ? ફેરફુદડી ફરે છેને માણસ આમ? એ એકવાર આમ (ઊંધો ફરે તો) થંભી જાય. આમ ફેરફુદડી કરતાં કરતાં ઊભો રહેવા જાય તો પડી જાય, ઉભો ન રહી શકે. એક આમ ગુલાંટ મારી જાય. આમ ફરતો હોય ને આમ એક ગુલાંટ મારે (તો) ઊભો રહી જાય. એમ અનાદિનો પુણ્ય ને પાપ ને શરીર ને વિકલ્પ ને પર્યાયની દૃષ્ટિને લઈ ચોર્યાસીના ચકરાવે ચડ્યો છે એ પ્રાણી. આહાહા! ઘાણીમાં એ પીલાય છે.

એને એક વાર કહે છે કે અરે! આવો મનુષ્યદેહ મળ્યો તને. ભવનો એક આંટો તો ટાળ પ્રભુ! ગુલાંટ તો ખા. આહાહા! ભાઈ! તારા મનુષ્યદેહમાં કરવાના કાળ તો આ છે. સમજાણું કાંઈ? પણ આકરું લાગેને એટલે પછી બિચારાને વ્રત ને તપ ને ઉપવાસ ને પૂજા ને ભક્તિ ને જાત્રાએ ચડાવી દીધા. હોય, વચ્ચે અશુભથી બચવા હો, પણ એ કાંઈ મૂળ ચીજ નથી. એ તો ભેદ છે. એનો તો અભાવ કરવો છે. આહાહા! સમજાણું કાંઈ? **ભેદનો અભાવ હોતાં**... પર્યાય છે એમ સિદ્ધ કરી, વિકલ્પો છે એમ સિદ્ધ કર્યા, ભેદ છે અભેદમાં એમ સિદ્ધ કર્યું. એનો **અભાવ હોતાં** એટલે એના તરફની દૃષ્ટિ છોડતાં.

**આ**... પ્રત્યક્ષપણું બતાવે છે. **આ અનુત્તમ** એવી ભક્તિ... આહાહા! ભગવાન આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ એના આશ્રયે જે થતી નિર્મળદશા, શુદ્ધદશા, પુણ્ય ને પાપના રાગ વિનાની એટલે વિકલ્પ વિનાની નિર્વિકલ્પદશા. આહાહા! **આ**.. આનાથી પ્રત્યક્ષ છે એમ કહે છે. જેને મન ને રાગનો સંબંધ નથી, (કેમકે) એનો તો અભાવ કર્યો. સમજાણું કાંઈ? સંબંધ રહ્યો તો એક જ્ઞાનાનંદ સાથે. આ અનુત્તમ યોગભક્તિ એ છે પર્યાય. સમજાણું કાંઈ? બધા શબ્દો આમાં વાપર્યા છે. ઓલા યોગ, સમાધિ જેટલા લોકોએ નામ પાડ્યા છેને એ બધા ભાવમાં અહીં વાપર્યા છે. યોગીનો યોગ, યોગીની સમાધિ. પણ કઈ સમાધિ? સાંભળને! આહા! ભગવાન આનંદનું ધામ એમાં અંતર સન્મુખ થવું અને એની શુદ્ધ પરિણતિ નિર્મળ આનંદની ધારા સહિત દશા પ્રગટવી, એને અહીંયા સમાધિ કહે છે, એને અહીંયા યોગ કહે છે, એને અહીંયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે, એને અંતર્મુખ આકૃતિની વીતરાગી નિર્વિકલ્પદશા કહે છે, એ ધર્મ. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં આ ધર્મ છે. બીજે તો એ છે નહીં. આહાહા!

**અનુત્તમ યોગભક્તિ**... એના જેવી કોઈ ઉત્તમ નથી. આહાહા! એટલે કે વ્યવહારની બાજુ આવે એ કાંઈ ઉત્તમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગતા પૂર્ણ ન હો તો વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય, બહુમાન, વાંચન, મનન, શ્રવણ એ ભાવ આવે, સમજાય છે? પણ એ ઉત્તમ નથી કાંઈ. આહાહા! સમજાણું કાંઈ? અરે! એના પોતાના ગુણની દશા કેવી હોય

અને ગુણ કેવા હોય (એની ખબર નથી). ગુણ જ્યારે શુદ્ધ છે ત્યારે એની દશા શુદ્ધ હોય. સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, એવા શુદ્ધની પરિણતિ–અવસ્થા ભેદના ભાવનું લક્ષ છોડી દઈને, ભેદનું લક્ષ છોડી દઈને, ત્રિકાળી ભગવાનને પરિણામમાં જોડવો. એનો અર્થ કે જે રાગમાં છે એણે પરિણામમાં નિર્મળ દશા પ્રગટ કરવી. એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમ્યગ્દર્શન. એવું વ્યવહાર કથન, શ્રદ્ધા આદિ તો અનંત વાર કર્યાં. સમજાણું કાંઈ?

'ભવે ભવે જિન પૂજિયો' એવું આવે છે પરમાત્મપ્રકાશમાં. 'ભવે ભવે..' અનંત ભવમાં સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની ભક્તિ કરી, એની પૂજા કરી, સમવસરણમાં મણિરત્નના દીવાથી આરતી ઉતારી, પણ એમાં કાંઈ વળ્યું નહીં. સમજાણું કાંઈ? એ બધો શુભભાવ છે. એ સર્વશ્રેષ્ઠ–ઉત્તમ દશા નથી, એ તો હલકી દશા છે. આહાહા! માર્ગ તો આવો છે ભાઈ! શું કરે? માણસને મળ્યો નથીને એટલે એમ લાગે કે આ વળી આવું ક્યાંથી? ક્યાંથી નહીં, તારામાંથી. તારું સ્વરૂપ જ એ છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા! રાજકુમારો, જેને ઘરે નીલમણિની લાદીયું હેઠે, એક-એક નીલમણિની લાદીની કરોડો-અબજોની કિંમત એવા તો જેને બંગલા હતા, અપ્સરા જેવી જેને રાણીયું હતી, એણે આ આત્મા જ્યાં જોયો, જાણ્યો, ભેદનો અભાવ કરીને જ્યાં યોગભક્તિ થઈ... આહાહા!

નિર્મળ.. નિર્મળ દશા... નિર્મળાનંદ પ્રભુ એને અવલંબીને નિર્મળ દશા થઈ એને યોગભક્તિ કહે છે. સમજાણું કાંઈ? બાકી આ યોગી યોગ કરે ને સમાધિ કરે ને ઓમ.. ઓમ.. ઓમ.. ને કુંભક ને રેચક—એ બધા રખડવાના રસ્તા છે. આહાહા! સમજાણું કાંઈ? **આ અનુત્તમ યોગભક્તિ હોય છે...** જોયું! ઓલું (ભેદનો) અભાવ હોતાં આ (ભક્તિ) હોય છે, એમ. આ અનુત્તમ શાંતિની ભક્તિ, અકષાય પરિણામની ભક્તિ, અકષાય પરિણામનું ભજન, મોક્ષમાર્ગનું ભજન ભેદનો અભાવ હોતાં હોય છે. બહુ કામ આકરું. કહો, ..ભાઈ! એક તો પરમ સત્ય ટંકોત્કીર્ણ કાને પડવું મુશ્કેલ. પડે તો એને એમ લાગે કે આ માર્ગ, આવો માર્ગ? આ તો ન બની શકે એવું છે, એમ કહે. બની શકે એવું છે એની અહીં વાત ચાલે છે. શું કહે છે આ?

**અભાવ હોતાં અનુત્તમ યોગભક્તિ હોય છે**, થાય છે. સમજાણું કાંઈ? એની સમજણમાં તો લે કે માર્ગ તો આ છે. એ સિવાય બીજો માર્ગ નથી. પણ આ જગતની હૂંફ એવી અને ધર્મને નામે ક્રિયાકાંડની હૂંફ મારી નાખે એને. આવા વ્રત પાળ્યા ને આવા અપવાસ કર્યાં. મારી નાખે. અને દુનિયા વખાણે. ઓલા બિચારા શેઠીયા અપવાસ ન કરી શકતા હોય. આહાહા.. ધન્ય ધન્ય ભાઈ! પારકા મુંડવા છેને. ન્યાં ક્યાં એને...? ભાઈ! ચડાવી દે શૂળીએ. એમ કહે, આહા.. બાપા! આપણા અપવાસ જૈનધર્મના તો નકોરડા, ચોવિહારા ઓહોહો... આમ

ને તેમ. કેટલા વખાણ કરવા છે તારે? એય જાદવજીભાઈ! એમ જ હતું. આહાહા! નકોરડો ઉપવાસ તો આ કે જેમાં વિકલ્પનો અભાવ અને નિર્વિકલ્પદશા થવી એનું નામ નકોરડો અપવાસ છે. જમુભાઈ! પણ તે દિ' સાંભળ્યું નહોતું. તે દિ' પહેલાં સાંભળ્યું હતું અમે, કીધું. કહો, સમજાણું આમાં?

**અનુત્તમ યોગભક્તિ હોય છે**... આહાહા! **તેના વડે...** લ્યો, આ યોગભક્તિ એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એ સુપ્રભાતના કિરણો ઉગ્યા. આહાહા! સમજાણું કાંઈ? આ વરસ બેઠું એને. સિદ્ધ થવાની દશાને અલ્પ કાળ–અસંખ્ય સમય છે... અસંખ્ય સમય જ હોય. સમ્યગ્દર્શન થયા પછી ચારિત્ર સાથે હોય તો અસંખ્ય સમયમાં જ એ સિદ્ધ થાય. સમજાણું કાંઈ? આહાહા! અમથું પણ સમ્યકનું ઉગ્ર આરાધન હોય તો પણ અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાન પામે. અરે! અનંત કાળ જેના રખડવામાં ગયા, એને ટાળીને મુક્તિ લેવામાં એટલો કાળ ન જોઈએ. એનાથી અનંતમો ભાગ–અસંખ્ય સમય જોઈએ.

કહે છે કે આવા યોગભક્તિથી–**તેના વડે યોગીઓને...** ઓલા વ્યવહારનો અભાવ થયો. વ્યવહારથી નિશ્ચય થયો એમ ન કહ્યું. **અભાવ હોતાં**... આહાહા! માર્ગ જુદો છે જરી. **તેના વડે** એટલે કે વ્યવહારના વિકલ્પોનો અભાવ હોતાં (અને) સ્વભાવને કાંઠે જતાં, અંતરમાં જતાં, ઊંડે-ઊંડે જતા, જે પવિત્ર દશા–શુદ્ધ નિર્મળ પરિણતિ–અવસ્થા થાય એ મોક્ષનો માર્ગ, એ સુખનો પંથ પ્રગટ્યો એને. અનાદિ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન જે દુઃખને પંથે હતો, એ સુખને માર્ગે આવ્યો હવે. માર્ગમાં આવ્યોને? પુરૂં થશે ત્યાં ફળ આવશે. પણ એના વડે... સમજાણું કાંઈ?

એવા શુદ્ધોપયોગની પરિણતિ વડે યોગીઓને એટલે કે ધર્મીને એટલે કે આત્માના સ્વભાવનું સાધન કરનારને **આત્મલબ્ધિરૂપ એવી**... આહા! લ્યો આ મુક્તિ, લ્યો આ સુપ્રભાત. આહાહા! કુદરતે આવી ગયું. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન આત્મા એનો આશ્રય લઈને, વ્યવહારનો અભાવ થતાં, જે નિર્મળ આનંદદાયક દશા પ્રગટી એને યોગભક્તિ કહી, એને ધર્મ કહ્યો, એને મોક્ષનો માર્ગ કહ્યો. એ વડે–એવા માર્ગ વડે–એવી દશા વડે.... આ સમજાય એવી સાદી ભાષામાં છે. આમાં કાંઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણ મોટા પાના ભર્યા હોય તો સમજાય એવું કાંઈ નથી. સમજાણું કાંઈ? કાલ આવ્યું નહોતું સામાન્ય સમકિત? જ્ઞાન વિશેષ ન હોય એમાં શું છે? બહારનું જ્ઞાન હોં. ઓલું જ્ઞાન હોય અંદરનું. પોતાનો ભગવાન એને તો પરીક્ષા કરીને, નક્કી કરીને ધ્યેય કેવો હોય? કે બનાવ્યો હોય જ્ઞેય. આહાહા! અરે! વ્યાખ્યા.... એ બધું એમાં આવી ગયું.

એનો ભગવાન આત્મા–પોતાનો સ્વભાવ એને સ્પર્શ્યો, એને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની પર્યાય પ્રગટ થશે. એને આત્મલબ્ધિ કીધી, દેખો! આ લબ્ધિયું કહે છેને કે લબ્ધિ આ

થાય, લબ્ધિ આ થાય. એ લબ્ધિ નહીં, આ લબ્ધિ. કહે છેને કે આ લબ્ધિ પ્રગટી, એનાથી આ થાશે. હજારો માણસોના રૂપ કરી શકે, બે લાડવામાં લાખો માણસોને જમાડે. એ ધૂળમાં શું હતું? એ વિક્રિયા તો દેવો હોય તો એ પણ કરે. સમજાણું કાંઈ? દેવ હોયને અભવિ દેવ, મોટા બાવીસ-બાવીસ સાગરના આયુષ્યવાળા, એ તો બધું બતાવી દે આમ. આહાહા! બે લાડવામાં ચક્રવર્તીની સેનાને જમાડી દે. દેવ છેને. પુણ્યપ્રકૃતિ છેને. એમાં આત્મા ક્યાં આવ્યો? એ લબ્ધિ ક્યાં આવી?

આ યોગીઓને... આહાહા! આવા આત્માના સ્વભાવની એકતા દ્વારા પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય... લ્યો, આ ચતુષ્ટય આવ્યા, સુપ્રભાત. **આત્મલબ્ધિરૂપ...** એવી આત્માની પ્રાપ્તિરૂપી એવી... લ્યો, એ આત્માની પ્રાપ્તિ થઈ કહેવાય. દ્રવ્યે તો પ્રાપ્તિ હતી દ્રવ્યની, પણ પર્યાયમાં પ્રાપ્તિ પૂરી થઈ, ત્યારે આત્મલબ્ધિ થઈ ગઈ પૂરી. આહાહા! સમજાણું કાંઈ? આમ મુક્તિ આના વડે થાય એમ કહે છે. કોઈના આશીર્વાદ વડે, કોઈની કૃપા વડે થાય એમ છે નહીં. નવરંગભાઈ! એ કહેવાય.... કહો, સમજાણું કાંઈ? આના વડે... **તેના વડે**... એક જ વાત છે. દ્રવ્ય–વસ્તુ ભગવાન આત્મા એની જે શુદ્ધ પરિણતિ–શુદ્ધદશા એ વડે મુક્તિને પામે છે. વ્યવહારથી નહીં, નિમિત્તથી નહીં, પરની કૃપાથી નહીં, એમ કહે છે. આહાહા!

અરે! એને પોતાની દયા નથી આવી. સમજાણું કાંઈ? હવે શું થશે મારું? એક ગામથી બીજે ગામ જાય તો થોડું ભાતું લઈ જાય. ખાવા ટાણે શું કરશું ....?

શ્રોતા : હવે જરૂર નથી. એરોપ્લેનમાં મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એવા કેટલાક માણસ હોય કે (બહારનું) ખાય નહીં. આ રસોડાની રસોઈ ખાય નહીં, એવા માણસ છેને? અહીં રસોડું એનું પણ ન ખાય એ. ઓલો મદનલાલજી લ્યો, પુષ્પનો બાપ ઉદયપુરવાળો. એ આ રસોડાનું નથી ખાતો. ....આવતું હશે? કારણ કે ત્યાં રસોઈ બનાવે કંદોઈ, એ કેવી હોય, ઘી કેવા હોય, ક્યાં નાખ્યા હોય, ક્યાં જીવાત પડી હોય? અંધારે કર્યું હોય, અજવાળે કરતાં ધ્યાન ન રાખ્યું હોય, જીવાત પણ થઈ ગઈ હોય, સડી ગયું હોય ક્યાંક. કીડી, મકોડા મરી ગયા. મોટું ખાતું હોય પાંચસો, હજાર, બે હજાર માણસ જમતું હોય, ન્યાં કોણ ધ્યાન રાખે? ચોખામાં, અહીં અમારે ચોખામાં ઈયળું નીકળે. લ્યો, ક્યાં ધ્યાન રાખે છે? રસોડે. છોડીયું આવેને કરવા, નીકળે અંદરથી.. શું કહેવાય ચોખાની? ધનેડું. ધનેડું નીકળ્યું હતું એક ફેરી.

હવે અહીંયા તો એક-બે જણાનું હોય (અને) ન્યાં હજાર-બે હજારનું હોય. સમજાણું કાંઈ? એય, ચંદુભાઈ! આવે ત્યારે વાત આવેને બધી. .....આ શું? આટલા ચોખા એને વીણીને કર્યા હશે કે એમને એમ? ક્યાંક નીકળ્યું નહોતું, નહીં? ઈયળ નીકળી હતી, ધનેડું નીકળ્યું હતું. કીડી નીકળે, ચોખામાંથી નીકળે, દાળમાંથી નીકળે. એ ખોરાક તો ન લઈ શકાય. પ્લેનમાં તો શું

હોય? ધૂળધાણી, કાંઈ ઠેકાણા નહીં. ઓલો કહે, ન્યાં કાંઈ ન મળે. હું તો મોઢા આગળ બેસું છુંને ત્યાં? એમાં કાંઈ ન હોય. આહાહા! સારા માણસનો ખોરાક તો...... આ તો સારા માણસનો ખોરાક તો આનંદનો છે એમ કહે છે. ઓલી તો બહારની વાત આખી. ઊડીને ઘરે જાવું હોય કેવળજ્ઞાનમાં... આહાહા! સમજાણું કાંઈ?

તેને–આવા ધર્માત્માને આવા ધર્મ દ્વારા... આહાહા! છેને? તે વડે યોગીઓને, એમ. ધર્માત્માને આ ધર્મની આવી પર્યાય દ્વારા આત્મલબ્ધિરૂપ પર્યાય પ્રગટ થાય છે, એને મુક્તિ થાય છે. માર્ગ આવ્યો, માર્ગનો કર્તા આવ્યો, માર્ગનું ફળ આવ્યું, વ્યવહારનો અભાવ થયો. ઘણું સ્પષ્ટ કર્યું. કળશ તો નાનો છે. **એવી તે...** એમાં પાછું એમ નાખ્યું ભાઈ પંડિતજીએ. તે એટલે પ્રસિદ્ધ એમ નાખ્યું છે. છે કાંઈ શબ્દ 'પ્રસિદ્ધ'નો? **'सा'.. सा मुक्ति...** પ્રસિદ્ધ મુક્તિ, એમ. **तया** એ ને? (શ્રોતાઃ **तयात्मलब्धिरूपा सा मुक्ति...** પણ 'તે'નો અર્થ પ્રસિદ્ધ કેમ કર્યો એમ કહું છું. તે મુક્તિ, એમ. સિદ્ધમાં એવું આવે છે. એવું આવે છે, સિદ્ધની સ્તુતિમાં આવે છે. સિદ્ધ તો પ્રસિદ્ધ છે.

(શ્રોતાઃ પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધસમૂહ..) હા, એ. સિદ્ધ તો પ્રસિદ્ધ છે. આવી સિદ્ધદશા એ તો જગતમાં પ્રસિદ્ધ છે અનાદિથી, કહે છે. એ કાંઈ અવ્યક્ત ને અપ્રસિદ્ધ નથી. એવી આત્માની મુક્તિ પ્રસિદ્ધિ આવા પ્રાણીને થાય છે. વ્યવહારના કર્તા ને વ્યવહારના આશ્રયવાળાને થાતી નથી. આહાહા! નિમિત્તના અવલંબનવાળાને થાતી નથી, એમ કહે છે. તીર્થંકર પોતે કહે છે કે મને અવલંબે તારી મુક્તિ નહીં થાય. **परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई** (અષ્ટપાહુડ, મોક્ષપાહુડ, ગાથા ૧૬). આહાહા! પરદ્રવ્યના આશ્રયે તો દુર્ગતિના પરિણામ ઉત્પન્ન થાય. દુર્ગતિ એટલે મુક્તિના નહીં, એમ. ચાર ગતિ એને અહીં દુર્ગતિ કહી છે. ચંદુભાઈ!

શ્રીમદ્‌માં ન આવ્યું આપણે? કાલ બતાવ્યું નહીં ધરમચંદભાઈએ? 'સ્વદ્રવ્યની રક્ષતા ત્વરાથી કરો, સ્વદ્રવ્યની રક્ષતા ત્વરાથી કરો, પરદ્રવ્યની ધારકતા ત્વરાથી છોડો.' એમાં એ આવ્યું છે. એ તો એનું એ છે. લોકોને અર્થ કરતાં આવડે નહીંને. 'સ્વદ્રવ્યની રક્ષક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.' સ્વદ્રવ્યમાં વ્યાપક, થાઓ, પરદ્રવ્યને છોડ. તીર્થંકર પોતે કહે છે કે મને છોડ. આહાહા! મારી સામું જોવું છોડ. વસ્તુસ્થિતિ હોય એમ કહે કે બીજી કહે? આહાહા! પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી છોડ (અર્થાત્) પરદ્રવ્યને પકડવું છોડી દે. સ્વદ્રવ્યનો આશ્રય નહીં થાય ત્યાં સુધી. સમજાણું કાંઈ?

'સ્વદ્રવ્યના રક્ષક, રમક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.' કાલ બતાવ્યું હતુંને ચોપડીમાં? સંતની વાણી. સ્વદ્રવ્યની રક્ષતા ઉપર લક્ષ દે. સ્વદ્રવ્યની રક્ષતા... લ્યો આ વર્ષ બેસતાને દિ' આવ્યું. સમજાણું કાંઈ? અમદાવાદમાં આવ્યું હતું, પહેલું શરૂ કર્યું હતું ત્યારે. સ્વદ્રવ્યની રક્ષતા ઉપર લક્ષ દે. મારું રક્ષણ કેમ થાય? એ દેરાસરનું રક્ષણ કોણ કરે? ભગવાન ક્યાં રક્ષણ કરવા આવે એવા છે? એ તો પડ્યા છે આનંદમાં. આહાહા! પરદ્રવ્યની ધારકતા, પરદ્રવ્યની ધારણા છોડ ત્વરાથી. વ્યવહારનો ભાવ, પરદ્રવ્યની રમણતા..

પરદ્રવ્યની રમણતા.. પરદ્રવ્યના લક્ષે થતા વિકલ્પની રમણતા ત્વરાથી છોડ. પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી છોડ. **તે (પ્રસિદ્ધ) મુક્તિ થાય છે**. લ્યો, (ગાથા) ૧૩૮ થઈ. ૧૩૯.

**विविरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु ।**
**जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो ॥१३९॥**

**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.**

**ટીકા : સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ...** ગણ–મુનિઓના નાયક, કેવળી નથી છતાં સમસ્ત ગુણના ધરનાર, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? તીર્થંકરના વજીર–દીવાન (એવા) ગૌતમ ગણધર આદિ એને અહીંયા જિનમુનિનાથ કહ્યા છે. **સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં...** એ જિનમુનિનાથ–મુનિના નાથ... જિન પોતે છે એવા, જુઓ! **વિપરીત અભિનિવેશ રહિત**—ઊંધા અભિપ્રાય વિનાનો, ઊંધી શ્રદ્ધા વિનાનો મુનિઓએ, ગણધરોએ કહેલા ભાવ... આહાહા! એ બીજે ક્યાંય છે નહીં. બધે એકાંત અજ્ઞાનના ગાણા ગાયા છે બધા. સમજાણું કાંઈ? ગણધરો... **जिनमुनिनाथकथित तत्त्वेषु** એમ છેને? **ગણધરના કહેલા તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત** એવો જે **આત્મભાવ...** લ્યો, એ પર્યાય. યોગભક્તિ કહો, આત્મભાવ કહો. અહીં એને આત્મભાવ કહ્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મભાવ છે અને વ્યવહારાદિ એ અનાત્મભાવ છે. ગજબ વાત છે. સમજાણું કાંઈ? દિગંબર સંતોની કથની ચોખ્ખી સ્પષ્ટ છે, ગરબડ-બરબડ કાંઈ વચમાં ન મળે.

**આત્મભાવ...** ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનું ધામ, એનો ભાવ... એ પર્યાય થઈ. **તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.** ન્યાં એમ નહીં કે આ પરમ ધર્મયોગભાવ છે અને બીજો વ્યવહાર પરમયોગભાવ છે. આત્મભાવ.. પુણ્ય-પાપના વિકલ્પો એ આત્મભાવ નથી. વ્યવહારનો જે ભાવ સેવાય એ આત્મભાવ નથી, એ તો અણાત્મભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? **તે જ નિશ્ચય-પરમયોગ છે** એમ આમાં કહ્યું છે. કુંદકુંદાચાર્યદેવ ભગવાનની સમીપે જઈ... આ શાસ્ત્રમાં (કહ્યું કે) આ ભગવાન કહે છે. ગણધરોએ કહેલા તત્ત્વો એનાથી વિપરીત અભિપ્રાયનો અભાવ એવો જે આત્મભાવ... વિપરીત અભિપ્રાયનો અભાવ ને અવિપરીતભાવનો સદ્ભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર, સ્વભાવના આશ્રયે પ્રગટેલી દશા, એ આત્મભાવ તે જ, એક જ નિશ્ચય-પરમયોગ છે. સાચા ધર્મની દશા–અવસ્થા આ એક જ છે. ધર્મની બે દશા નથી. પુણ્ય પણ એક ધર્મ છે અને આ પણ એક ધર્મ છે, એમ નથી. આહા!

**અન્ય સમયના તીર્થનાથે કહેલા (-જૈનદર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં અભિનિવેશ–દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે.** ખુલાસો કર્યો છે. ઓલો 'વિપરીત અભિનિવેશ' (શબ્દ) હતોને. સર્વજ્ઞ પરમાત્માના સંતોએ કહેલા તત્ત્વો સિવાય, અજ્ઞાનીએ કહેલા તત્ત્વો... સમજાણું કાંઈ? એક જ આત્મા છે, સર્વવ્યાપક જ છે,

ક્ષણિક જ છે, કુટસ્થ જ છે, અંગૂઠા જેટલો છે—એવા ઘણા પ્રકાર છેને? આવે છેને? આહા! એ આવે છે શાસ્ત્રમાં. સમજાણું? એવા-એવા ઘણા પ્રકાર છે. એવા કહેનારા જગતમાં બધા અજ્ઞાનીઓએ કલ્પનાથી જગતને જોડી દીધા છે. આહાહા!

પરમાત્માના કહેલા તત્ત્વો સિવાય... સર્વજ્ઞ પરમાત્મા, જેને આ આત્મામાં સર્વજ્ઞસ્વભાવ પડેલો છે એની શક્તિ... પ્રત્યેક તત્ત્વ શક્તિવાળું હોય છે. શક્તિ વિનાનું તત્ત્વ હોઈ શકે નહીં. તો આ આત્માની શક્તિ... ભગવાન આત્મા આ દેહના રજકણથી જુદો, પુણ્ય-પાપના વિકલ્પ–રાગથી પણ જુદો અને એની શક્તિથી અભેદ, એની સર્વજ્ઞશક્તિ અને આનંદ એનાથી અભેદ—એવા આત્માને જેણે જાણ્યો અને સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, એમણે કહેલા તત્ત્વો... સર્વજ્ઞ ભગવાન જેને એક સમયમાં—સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવ્યા, એવી જે શક્તિ હતી એને પ્રગટ કરી. એણે કહેલા તત્ત્વો, એને કહેનારા સંતો એના તત્ત્વની અંદર શ્રદ્ધા કરવી. તો એમણે કહ્યું કે ભગવાન આત્મા પૂર્ણાનંદ છે. એ આત્મતત્ત્વ પૂર્ણ આનંદ છે, એમાં પુણ્ય-પાપની લાગણી ઉઠે છે એ પણ એનામાં નથી.

કર્મ ને શરીરાદિ જડ, આ તો માટી છે. એ એમાં નથી, આ તો માટી, પરવસ્તુ છે. પણ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધની વૃત્તિઓ ઉઠે છે એ ક્ષણિક, વિકારી, ઉપાધિ, મલિનભાવ છે. એના વિનાનો જે ભગવાન આત્મા અંદર, એની દૃષ્ટિ કરવી, એનો પકડ કરવો, એની સંભાળ કરવી, એની રક્ષા કરવી, એમાં વ્યાપવું—એનું નામ ધર્મની દશા કહેવામાં આવે છે. એનું નામ સુપ્રભાત, એનું નામ વર્ષ બેઠું કહેવાય. બાકી આવા તો અનંત વાર બેઠા ને ગયા. દરબાર! આ સુપ્રભાત કે જ્યાં અંદર જાગ્યો ભગવાન ચૈતન્ય ચમત્કારી પ્રભુ આત્મા. રાગ ને દ્વેષના વિકારની વૃત્તિ છોડી... સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે એ તો. સત્.. સત્.. સત્–શાશ્વત છે, એ જ્ઞાન ને આનંદનો ભંડાર છે. એની અંતર દૃષ્ટિ પડતાં, વિકારની રુચિ છોડતાં, જે દશા પ્રગટ થાય, એને સમ્યગ્જ્ઞાનના કિરણો, એને સુપ્રભાત કહે છે. એને આ વરસ બેઠું. બાકી બીજાને વરસ બેઠું નથી કોઈ દિ'. સમજાય છે કાંઈ?

એવા ભાવને અંદરમાંથી પ્રગટ કરવા એવો આત્મભાવ તે ધર્મ છે. આ તો મારી નાખશે આ બહારના ધૂળધમાલ. ૫-૧૦ લાખ રૂપિયા, આબરૂ-ફાબરૂ હોય, ત્યાં મરી ગયો બિચારો. ઓલો મંગલ... બિરાજે છે. અનંત આનંદ ને અનંત જ્ઞાનનો ધણી એનો અનાદર, પોતાની જાતનો અનાદર અને કજાત છે–એની જાત નથી એનો આદર. સમજાણું કાંઈ? અહીં એ કહે છે કે કજાતનો આદર છોડીને તારી જાતનો આદર કર. અંદર ચૈતન્યાનંદ આતમતત્ત્વ ભગવાન એની દૃષ્ટિ થતાં અંતરમાં જે નિર્મળદશા થાય, એને અહીં સુપ્રભાત, એને વરસ બેસતું, એને ધર્મદશા અને એના ફળમાં મુક્તિ થાય (તેથી) તેને મુક્તિનું કારણ કહેવામાં આવે છે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૨, ગુરુવાર, તા. ૨૧-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૩૯-૧૪૦, શ્લોક - ૨૩૦, પ્રવચન નં. ૧૫૬**

આ નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર, ૧૩૯ ગાથા છે. ફરીને ટીકા.

**ટીકા : અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ...** ગણધર આદિ મુનિઓ સમસ્ત ગુણના ધરનાર છે. અલ્પ વિકલ્પાદિ છે એની અહીં ગણતરી નથી. એવા જિનનાથ.. **જિનમુનિનાથોએ કહેલા તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત...** ઉલટી માન્યતા એનાથી રહિત એવો જે **આત્મભાવ** એટલે આત્મા સન્મુખનો વીતરાગીભાવ **તે જ નિશ્ચય પરમયોગ છે.** એ જ ખરેખર પરમયોગ છે, એ ખરી ભક્તિ છે. **અન્ય સમયના તીર્થનાથે કહેલા** (એટલે) જિન સિવાય અન્યે કહેલા... લ્યો, અહીં તો બધું વિપરીત આવે છે. એનાથી કહેલા બધા વિપરીત છે, બધા સરખા નથી.

શ્રોતા : કુંદકુંદાચાર્યના વખતમાં હતા?

પૂજ્ય ગુરુદેવશ્રી : કુંદાકુંદાચાર્યના વખતમાં? આ અનાદિ-અનંત ચાલે છે. કુંદકુંદાચાર્ય પહેલા એમને એમ વિપરીત માર્ગ તો હતો જ. ઋષભદેવ ભગવાનના વખતમાંથી એમના પૌત્ર મરીચી એનાથી ચાલ્યો છે, વિપરીત માર્ગ તો ચાલ્યો જ છે. એક જૈન પરમેશ્વર ત્રિલોકનાથ સકલજિન એમણે કહ્યા તત્ત્વો એ સિવાય જેટલા જગતની અંદર કલ્પિત માર્ગો છે એ વિપરીત પદાર્થનો આગ્રહ ધરાવનારા છે. એ વિપરીત પદાર્થોનો આગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે, એમ.

**અન્ય સમયના તીર્થનાથે કહેલા (જૈનદર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા)...** આ પક્ષની વસ્તુ નથી, આ તો વસ્તુનું સ્વરૂપ એમ છે. સમજાણું કાંઈ? તમારા પક્ષે કહેલા એ સાચા અને બીજા કહેલા ખોટા. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જણાણા અને વાણી દ્વારા પદાર્થનું સ્વરૂપ આવ્યું (અને) એવું સ્વરૂપ છે. સર્વજ્ઞ સિવાય અલ્પજ્ઞોએ કલ્પિત કહેલા એ બધા વિપરીત પદાર્થ છે. એની શ્રદ્ધા કરવી એ વિપરીત છે એમ કહે છે. એક જ આત્મા છે, સર્વવ્યાપક છે, બધા અનાદિથી તદ્દન શુદ્ધ જ આત્મા છે, પર્યાય અશુદ્ધ છે તો વસ્તુ પણ ત્રિકાળ અશુદ્ધ છે— એવા જે પદાર્થના સ્વરૂપ અજ્ઞાનીએ કહેલા એનો આગ્રહ, એનું નામ વિપરીત અભિનિવેશ છે.

**તેનો પરિત્યાગ કરીને જૈનોએ કહેલા તત્ત્વો...** જૈન એટલે ગણધરદેવ. કારણ કે એમણે રચ્યાંને શાસ્ત્ર. ગણધરોએ શાસ્ત્ર રચ્યા. સકલજિન તીર્થંકર તો કહેનાર છે, અર્થને કહેનાર. ગણધરોએ એના શાસ્ત્રો રચ્યા. ચાર જ્ઞાન ચૌદ પૂર્વ(ધારી) એમણે કહેલા તત્ત્વો નિશ્ચય-

વ્યવહારનયથી જાણવાયોગ્ય છે, એમ કહે છે. લ્યો, જે કહ્યા તેમાં દ્રવ્ય–વસ્તુ એ નિશ્ચય, પર્યાય તે વ્યવહાર, ભેદ—એમ બરાબર જાણવાયોગ્ય છે. સમજાણું કાંઈ? પર્યાય રાગાદિ છે એ તત્ત્વો જાણવાલાયક છે. આદરવાલાયક એક કોર પછી. પણ અહીં નિશ્ચયથી અને વ્યવહારથી બેય રીતે દરેક પદાર્થ એનો સ્વરૂપ ભગવાને કહ્યું એવું ગણધરોએ રચ્યું. અહીં ગણધરોને જૈન કહેવામાં આવ્યા છે. એવા જૈનોએ કહેલા તત્ત્વો, નિશ્ચય નામ સત્યદૃષ્ટિ અને વ્યવહાર ઉપચારિક એ નયથી જાણવાયોગ્ય છે. સમજાણું કાંઈ? અહીં તો, આત્મા એના દ્રવ્ય-ગુણ-પર્યાય, જડના દ્રવ્ય-ગુણ-પર્યાય પણ જાણવા, એમ કહે છે. સમજાણું કાંઈ?

**જૈનોએ કહેલા તત્ત્વો નિશ્ચય-વ્યવહારથી જાણવા યોગ્ય છે.** જૈન કોને કહેવાય એ કહેશે. **સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથ... દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગ-દ્વેષ ને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા...** સમ્યગ્દર્શન આદિમાં રાગ-દ્વેષને જીત્યા છે, (પણ) સંપૂર્ણ રીતે નહીં. તેથી ચોથા ગુણસ્થાનવાળાને પણ જિન કહેવાય. પાંચમા ને છઠ્ઠાને બધાને જિન કહેવાય. પણ આ તો **સકલજિન...** સમસ્ત પ્રકારના અજ્ઞાન અને રાગ-દ્વેષ જીત્યા એથી એને સકલજિન કહેવામાં આવે છે. **એવા ભગવાન તીર્થાધિનાથના...** વ્યવહાર ભક્તિ છેને. **સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથ...** તીર્થના અધિનાથ છે–નાયક છે. એના **ચરણકમળના ઉપજીવકો...** એ ગણધર આદિ, ગણધર આદિ મુનિઓ ભગવાનના ચરણકમળના સેવક છે. સમજાણું કાંઈ? પોતાના દ્રવ્યના સેવક છે એ તો નિશ્ચય. પોતે જિનસ્વરૂપ છે. એમાં અંતર અનુભવ એ નિશ્ચયભક્તિ. આ વ્યવહારભક્તિ સાથે મૂકી છે.

**તીર્થાધિનાથના ચરણકમળના...** ચરણકમળ(ના ઉપજીવક એટલે) કાંઈ પગ દાબવા નથી. એમણે કહેલા તત્ત્વો એમને માનનારા એ ગણધરાદિ મુનિઓ એ સેવા કરનાર છે. ઉપજીવક (એટલે) ભગવાનની સેવા કરનાર છે, કહે છે. સેવા કરનાર કહો કે સેવક કહો—એ તો એનું એ થયું. સેવક.. **સેવાના કરનાર, સેવક**. ગણધરાદિ ભગવાનના સેવક છે. **આશ્રિત** છે. લ્યો, નિશ્ચયે તો તો દ્રવ્યાશ્રિત છે, પણ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકર દેવાધિદેવ એના ગણધરો આદિ સેવક છે, આશ્રિત છે–એને આશ્રયે છે. વ્યવહાર છેને. આહાહા! .... છેને? આમાં આવી ગયું નથી પહેલું સોળમે પાને? સોળ.. સોળ. પાનું સોળ. (ગાથા ૬માં ઉદ્ધરણ વિદ્યાનંદસ્વામીનો શ્લોક).

**ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે**. છે? ઇષ્ટ ફળની સિદ્ધિ એનો ઉપાય તો સમ્યગ્જ્ઞાન છે. ઇષ્ટ ફળ એટલે મુક્તિ, એનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. દેખો! અહીં સુબોધને મુક્તિનું કારણ કહ્યું. **સુબોધ સુશાસ્ત્રથી થાય છે...** એવું સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. બધાને 'સુ' 'સુ' શબ્દ છે. ઓલાને સુ-બોધ, સુ-શાસ્ત્ર. **સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે...** સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એના મુખકમળથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે. **માટે તેમના પ્રસાદને લીધે...**

દેખો! **આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે**. એવા જે આપ્ત નામ હિતને માટે માનવાલાયક એવા પુરુષ બુધજનો વડે-જ્ઞાનીઓ વડે-તત્ત્વજ્ઞાનીઓ વડે-ધર્માત્મા વડે પૂજવાયોગ્ય છે. સમજાણું કાંઈ?

**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી**... લ્યો, ઠીક. સર્વજ્ઞદેવની કૃપા નામ સર્વજ્ઞદેવના જ્ઞાનમાં આવ્યું કે આ સમયે આ કેવળજ્ઞાન પામશે, આ સમયે આ સમકિત પામશે. એવું જે જ્ઞાન આવ્યું એ જ એની કૃપા છે. આહાહા! સમજાણું કાંઈ? **સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે**. આહાહા! સમયસાર (કળશટીકા)માં આવ્યું છેને બીજા (કળશ)માં. સર્વજ્ઞની વાણી પણ સર્વજ્ઞને અનુસારીણી છે, પૂજવાલાયક છે. વ્યવહાર છેને. જ્યાં સુધી કેવળજ્ઞાન ન હોય ત્યાં સુધી એવો વ્યવહાર આવ્યા વિના રહે નહીં. ભલે હેય છે, પણ ઉપાદેય દ્રવ્યનો પૂર્ણ આશ્રય, આદર ન થાય, ત્યાં સુધી એવો પરાશ્રય રહે. સ્વનો પૂર્ણ આશ્રય ન હોય ત્યાં સુધી વચમાં પરનો આશ્રય રહે, એમ સમજાવે છે. સમજાણું કાંઈ? આહાહા!

**સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે. કેમકે**... પાઠ છે જુઓ! **न हि कृतमुपकारं साधवो विस्मरन्ति**... વિદ્યાનંદસ્વામી બ્રાહ્મણ હતા. એ જ્યારે મુનિ થયા-સંત થયા ત્યારે એમણે શ્લોકવાર્તિક રચ્યું. આ શ્લોકવાર્તિકનો શ્લોક છે. બ્રાહ્મણ હતા. આમ નીકળ્યા હતા ને ક્યાંક શ્લોક બોલાતો હતો, સાંભળ્યો એમણે. ઓહો! ગયા, શ્રવણ કર્યું, ઓહો! આવું તત્ત્વ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહીં. એવો પ્રમોદ આવીને પછી આત્મજ્ઞાન પામીને પછી મુનિ થયા છે. મુનિ થયા પછી આ શ્લોકવાર્તિક (રચ્યું). તત્ત્વાર્થસૂત્ર એની પહેલી ટીકા કરી છે ભાઈએ... એ તત્ત્વાર્થરાજવાર્તિક ને આ શ્લોકવાર્તિક. બ્રાહ્મણ પંડિત મોટા જબ્બર હતા ગૃહસ્થાશ્રમમાં હોં. એ પોતે તત્ત્વાર્થસૂત્રની શ્લોકવાર્તિક ટીકા કરતાં કહે છે કે ઓહો! અરે! કરેલા ઉપકારને સાધુપુરુષો ભૂલતા નથી. એક કોર (કહે કે) કોઈ કોઈનો ઉપકાર છે નહીં. નિશ્ચય પોતે છે એમ છે, એમાં કાંઈ (ફેર નથી). પણ વચમાં વ્યવહાર આવો હોય છે કે આહાહા! પરમાત્મા પરમેશ્વર અમારા અનુભવમાં, આનંદમાં નિમિત્ત થયા. સમજાણું કાંઈ? કરેલા ઉપકારને સંતપુરુષો, સજ્જન પુરુષો ભૂલતા નથી. જુઓ! આ વ્યવહારની સિદ્ધિ. સમજાણું કાંઈ? હોય છે. પંડિતજી!

શ્રોતા : એક તરફ સિદ્ધિ, એક તરફ અસિદ્ધિ.

પૂજ્ય ગુરુદેવશ્રી : બે નય છેને. બે નયનો વિષય જ્યાં સુધી પ્રમાણભૂત ન થાય ત્યાં સુધી બે નય રહે છે. પૂર્ણ કેવળ થયું એટલે ખલાસ થઈ ગયું, ત્યાં પ્રમાણ થઈ જશે. ત્યાં શ્રુતજ્ઞાનના ભાગ બે—આ ને આ, આની કોર ને આની કોર—એમ રહ્યું નહીં કાંઈ. શ્રુતજ્ઞાનના ભાગમાં સ્વના આશ્રયમાં જ્યારે આવે છે એને નિશ્ચય કહે છે. નિશ્ચય પૂરો ન થાય ત્યાં સુધી વચમાં વ્યવહારનય હોય છે. સમજાણું કાંઈ? પણ પહેલી ઓલી વાત સ્વીકારીને પછી. સમજાણું કાંઈ? મારી પ્રાપ્તિ તો મારાથી છે.

શ્રોતા : ગુરુના સમજાવ્યા પછી સમજાયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પહેલું સમજાયા પછી આનો ઉપકાર કહેવાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ વીતરાગનો સ્યાદ્વાદ માર્ગ છેને. કઈ અપેક્ષાએ તે કથન છે એને એમ સમજવું. સમજાણું કાંઈ?

દીપચંદજી તો કહે છે જ્યાં વ્યવહારનો અધિકાર લીધો છે કે બહુ જો ખેંચવા જાશો કે વ્યવહાર હેય છે, અપૂજ્ય છે. તો ત્રણ લોકના નાથ પણ અપૂજ્ય છે એમ થઈ જશે. બહુ ખેંચશો નહીં, રીતસર ખેંચશો. ભાઈ! એ આવે છેને દીપચંદજીનું. શું કહેવાય? અધ્યાત્મપંચસંગ્રહ એમાં આવે છે. દીપચંદજી પોતાનું. (શ્રોતાઃ આમાં નક્કી શું કરવું?) નક્કી જેમ છે એમ કરવું. નક્કી શું કરવું શું? નિશ્ચય તો છે એમ નક્કી કરવું અને વ્યવહાર છે તેને જાણવું. નક્કી કર્યુંને. નક્કી કર્યું ત્યારે જાણવું કહેવાયને. કહો, સમજાણું?

અહીં કહે છે કે અહો! **સકલજિન**... છેને નીચે? **દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગ-દ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.** એવા ભગવાન તીર્થનાથના–**તીર્થાધિનાથના ચરણકમળના ઉપજીવકો** એ મુનિરાજ છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. છઠ્ઠે-સાતમે ઝૂલતાં આ કથન આવ્યું છે ટીકાનું. ભાવલિંગી સંત છે. આગળ બે-ત્રણ ઠેકાણે કહ્યું છે કે **મારા મુખમાંથી પરમાગમ ઝરે છે**. આ પરમાગમ છે. (શ્રોતાઃ વ્યવહારે પરમાગમ?) વ્યવહારે પરમાગમ એટલે શું? નિશ્ચય પરમાગમ તો આત્માની જ્ઞાનની પર્યાય, પણ જે આ પરમાગમ સાચો છે એ માંહ્યલું પરમાગમશાસ્ત્ર છે. કહો, સમજાણું કાંઈ? જેમ બાર અંગ પરમાગમ છે, સમયસાર પરમાગમ છે, એમ આ ટીકા પણ પરમાગમ છે. સમજાણું કાંઈ?

અનાદિના સંતો આ રીતે કહેતા આવ્યા છે, એ વાણીને પરમાગમ કહેવામાં આવે છે. **ઉપજીવકો** (એટલે) **દાસ** એમ કહ્યું, જોયું! એ તીર્થાધિનાથ–ત્રણ લોકના નાથ તીર્થંકરદેવના ગણધરો તો દાસ છે. આહાહા! **તે જૈનો છે...** એ જૈનો છે, એને જૈન કહીએ. સમજાણું કાંઈ? ઓલું કહ્યું હતુંને કાલ, નહોતું? ઓલા એક જણે કહ્યું હતું, જન, જિન ને જૈન. એ એક જ છે, એ આ બિંદીનો ફેર છે, બાકી બધા સરખા છે, એમ. એમ નથી ભાઈ! આહા! મોટો ફેર છે, પણ જગતને સારું બહુ લાગે આ બધું. આહાહા! બધા ધર્મ સરખા, બધાનો સમન્વય કરો, કોઈનો નિષેધ કરવાનો આપણો અધિકાર નથી, એમ કહે છે. આહાહા! પણ એવો ભાવ હોય છે તો વાણી દ્વારા (નિષેધ) આવ્યા વિના રહે નહીં. ૩૬૩ પાખંડ એમ ભગવાન કહે ને એમ ગણધર કહે. નથી કહેતા? ૩૬૩ પાખંડ જગતમાં છે. એ બધા વીતરાગમાર્ગથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આવા જે જૈનો... કોને જૈન કહેવા? ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરના ચરણકમળના સેવકને જૈનો કહેવા—આ વ્યાખ્યા. સમજાણું કાંઈ? એટલે એના કહેલા ભાવોને અનુભવનારા.

પૂર્ણ થયેલા નહીં. પૂર્ણ થયા પછી એને કંઈ (છે નહીં), એ તો સકલજિન થઈ ગયા. એવા તીર્થાધિનાથના સેવકો એને જૈન કહીએ. સમજાણું કાંઈ?

**પરમાર્થે...** હવે જૈન કોને કહીએ? આના (-તીર્થાધિનાથના) સેવક કહ્યા, પણ એ વ્યક્તિ કોણ? **પરમાર્થે ગણધરદેવ વગેરે...** એ ગણધરદેવ, મુનિઓ, સંતો એ બધા જૈનો છે. સમ્યગ્દષ્ટિ, શ્રાવક સમકિતી એ બધા જૈનો છે. સમજાણું કાંઈ? ગણધરદેવ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે, પણ આ બધા સર્વજ્ઞદેવના સેવકો છે—સમ્યગ્દષ્ટિ, પાંચમા ગુણસ્થાનવાળા, છઠ્ઠાવાળા મુનિ, ગણધર આદિથી માંડીને બધા. **ગણધરદેવ વગેરે તેનો અર્થ છે**. એવો તેનો અર્થ છે જૈનોનો. આ કાંઈ પક્ષની વાત નથી, આ તો સ્વરૂપ જ એવું છે. જે સકલજિને ભગવાને જોયું અને પોતાની દશા પૂર્ણ પ્રગટ કરી, એવા તત્ત્વોની વાત ભગવાને કહી. એને ગણધરોએ ચારિત્ર સહિત અનુભવી, સમકિતીએ સમ્યગ્દર્શન સહિત, પાંચમા ગુણસ્થાનવાળાને સમકિત ઉપરાંત કોઈ શાંતિ સહિત જે તત્ત્વોનું સ્વરૂપનું ભાન થયું એ બધાને જૈનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવા **તેમણે કહેલા જે સમસ્ત જીવાદિ તત્ત્વો...** એનો અર્થ થયો કે ગણધદેવર વગેરે મુનિઓ પણ કહી શકે, એમ આવ્યુંને ભાઈ એમાં? ગણધર સિવાય મુનિઓના કહેલા તત્ત્વો એ જૈનતત્ત્વ છે. અરે! સમકિતીના કહેલા તત્ત્વો એ જૈનતત્ત્વ છે. સમકિતમાં ક્યાં ફેર હતો? સિદ્ધના ને ચોથી ગુણસ્થાનવાળા તિર્યંચના સમકિતમાં કાંઈ ફેર નથી. આહાહા! સમજાણું કાંઈ? સ્થિરતામાં ફેર હોય છે. અનુભવની દૃષ્ટિ એમાં ફેર હોતો નથી. એ બધાએ કહેલા **જે સમસ્ત જીવાદિ તત્ત્વો...** ઓહોહો! ઘણી ઊંડી ચીજ આ છે. **તેમાં જે પરમ જિનયોગીશ્વર...** એવા તત્ત્વમાં પરમ જિનયોગીશ્વર (એટલે) મુનિને લીધા ત્યાં. પરમ જિનયોગીશ્વર (અર્થાત્) રાગ-અજ્ઞાન કાપીને સ્વરૂપમાં યોગ–જોડાણ કરનાર, એના પણ ઈશ્વર. **નિજ આત્માને જોડે છે.** દેખો! પર્યાયને નહીં, નિજ આત્માને.

પંડિતજીએ પ્રશ્ન કર્યો હતો. ધ્રુવ જોડે છે....? એ ધ્રુવને જોડ્યું કહેવાય. જેણે પોતાની વીતરાગીપર્યાય દ્રવ્યમાં સ્થાપી, એણે આત્માને પર્યાયમાં જોડ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેણે દશા બદલાવી નાખી દિશા પલટતાં... અંતર્મુખ દૃષ્ટિ થતાં બહિઃ– પર્યાયતત્ત્વની દશા બદલી ગઈ. સમજાણું કાંઈ? એવા આત્માને પોતાની નિર્મળ પર્યાયમાં જોડ્યો છે એમ કહેવામાં આવે છે. આહાહા! આ માર્ગ તો નિર્વિકલ્પ માર્ગ છે ભાઈ! આ કાંઈ વિકલ્પના કોલાહલથી પમાય એવો માર્ગ નથી. એવા **નિજ આત્માને જોડે...** પાછું જુઓ! આમ તો કીધું કે સેવક છે ભગવાનના, ફલાણા, ઢીકણું, ઘણું. પણ એની પોતાની વીતરાગી પરિણતિમાં આત્માને જોડે છે. જેણે પોતાની નિર્મળ પરિણતિમાં આત્માને સમીપ રાખ્યો છે,

રાગાદિ હતો ત્યાં દૂર રાખ્યો હતો, સમજાણું કાંઈ? દૃષ્ટિએ સમીપ કરી નાખ્યો, એને સાચી ભક્તિ કહેવામાં આવે છે.

**તેનો નિજભાવ જ પરમ જિનયોગ છે,** લ્યો, આહાહા! એવા ધર્માત્માનો **નિજભાવ જ**... જોયું! પાછું વળી પરમયોગ તો આ જ છે. નિજભાવ એટલે વીતરાગી પર્યાય, નિર્દોષ નિર્વિકલ્પદશા, એ જ પરમયોગ છે. એ જ પરમ ભક્તિ છે, એ જ આત્માનો પરમ વેપાર છે. લ્યો, આ વેપાર. ચંદુભાઈ! આહાહા! કહો, સમજાણું કાંઈ? **નિજભાવ જ,** પાછું એમ. પોતાની આત્મશક્તિનું તત્ત્વ એના સન્મુખની થયેલી દશા, બસ એ જ નિજયોગ છે. આ નિયમસાર છેને! નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. આ બધું મોક્ષના માર્ગનું વર્ણન છે. ભક્તિ કહો, પ્રતિક્રમણ કહો, પ્રાયશ્ચિત્ત કહો—આ બધું મોક્ષના માર્ગને વિવિધ પ્રકારે જણાયું ને જણાવ્યું. શુદ્ધભાવ ત્રિકાળી છે એનો અધિકાર આહીં આવી ગયો છે, પણ ત્રિકાળી શુદ્ધભાવના આશ્રયે પ્રગટેલી દશા તેને ભક્તિ ને સાચો યોગ કહેવામાં આવે છે.

**નિજભાવ જ**... બીજો ભાવ હોય છે એમ જણાવ્યું. ગણધરો ત્રિલોકનાથના ચરણસેવક... સમજ્યાને... એવો ભાવ હોય છે એમ જણાવ્યું. જાણવાયોગ્ય છે એમ જણાવ્યું. એય! છે એમ જણાવ્યું. ...... કરી છેને કાંઈક. બાકી તો પોતાનો ભગવાન પોતામાં સાવધાન થઈને જે આ ઠર્યો એ દશા એ જ પરમભક્તિ ને પરમયોગ છે, આને ધર્મ કહેવામાં આવે છે. એને ધર્મ કહેવામાં આવે છે. આહા! ભારે વ્યાખ્યા. એકાંત છે, રે એકાંત છે એમ કહે છે. એકાંત જ છે, સમ્યક્ એકાંત જ છે, એ આમ જ છે. એમ કહ્યુંને! જુઓને! **નિજભાવ જ** શબ્દ પડ્યો છે ને. **निजभाव एव...** સંસ્કૃતમાં એમ છે. **निजभाव एव परमयोग इति...** આહાહા!

**આ ૧૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-**
**व्यक्तेषु भव्यजनताभवघातकेषु ।**
**त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः**
**साक्षाद्युनक्ति निजभावमयं स योग: ॥२३०॥**

આહાહા! એકેક શ્લોકે અને એકેક કળશે (અમૃતના) કળશા ભરીને મૂક્યા છે આખા. અમૃતથી ભરેલા કળશા છે આ. આ તો શાંતિના કામ છે બાપા! સમજાણું કાંઈ? વાદવિવાદ ને આ ને તે, ભાઈ! એ વસ્તુમાં છે નહીં કાંઈ. એ રસ્તે (આત્મા) હાથ આવે એવો નથી. **શ્લોકાર્થ** : **આ દુરાગ્રહને...** અજ્ઞાનીઓએ કહેલા તત્ત્વોમાં માન્યતાને છોડી દઈ... આહાહા! **ઉપરોક્ત વિપરીત અભિનિવેશને છોડીને...** અહીં તો સમકિતની વ્યાખ્યામાં 'તત્ત્વાર્થ અભિનિવેશ' આવે છેને? એનાથી રહિત. એનો અર્થ થયો કે વિપરીત અભિનિવેશ કહેનારા છે, માનનારા છે. એકલા તત્ત્વના માનનારા છે એમ છે જગતમાં? તત્ત્વાર્થથી વિપરીત અભિનિવેશ છે એનો

ત્યાગ છે. ભગવાને કહેલા એથી વિપરીત તત્ત્વોના કહેનારા જગતમાં છે. એના (-ભગવાનના) તીર્થના પ્રવર્તકો (કહે છે કે) આ માર્ગ છે બાપા! આહાહા!

**ઉપરોક્ત વિપરીત અભિનિવેશને છોડીને**... એથી એના ઉપર કાંઈ દ્વેષ નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ સિવાયના વિપરીત કહેનારા એના ઉપર કંઈ દ્વેષ નથી. એના કહેલા તત્ત્વો વિરુદ્ધ છે એથી એની શ્રદ્ધા છોડવી, બસ એટલી વાત છે. સમજાય છે કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી... જુઓ, છે ને? **જૈનમુનિનાથોના મુખારવિંદથી પ્રગટ થયેલાં...** એને આહીં પાછા જૈન લીધા. છેને? ત્યાં 'જૈનો' કહ્યા હતાને? એ જિન... આહાહા! ગણધરદેવાદિ, મુનિ આદિ જૈનમુનિનાથોના... અહીં મુનિ લીધા છે. **મુખારવિંદથી પ્રગટ થયેલાં**... આહાહા! મુખરૂપી કમળમાંથી પ્રગટ થયેલા, લ્યો. આત્મામાંથી પ્રગટ થયેલા નથી (કીધું). વાણી તો ત્યાંથી આવેને? ગણધરદેવ આદિ મુનિઓ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી વિગેરે વિગેરે દિગંબર મુનિઓ. ગણધરની શ્રેણીમાં ગણાય એવા મુનિઓ છે.

એમના **મુખારવિંદથી પ્રગટ થયેલાં ભવ્યજનોના ભવોનો નાશ કરનારાં...** આ જન આવ્યું. જન, જિન, જૈન ત્રણેય આવ્યું આમાં. ત્યાં આવ્યું હતું, ફલાણાને જન કહેવું. એના એ છે. એને 'જિ' લગાડીએ તો જિન થાય. 'જિ' લગાવે તો જિન થાય કે વીતરાગ થાય તો જિન થાય? જન તો છે બધા. એને વીતરાગતા પ્રગટી તો જિન કહેવાય. એને માનનારાને જૈનો કહેવાય. આહાહા! એમાં 'ઇ' ને 'ઐ' એનો ફેર ક્યાં છે? આ તો એના ભાવના ફેરે (જુદા) શબ્દો છે બધા. **મુખારવિંદથી પ્રગટ થયેલાં**... ગણધરદેવ પરમાત્માના વજીર, તીર્થંકરના દીવાન આદિ મુનિઓના મુખથી... મુખ-અરવિંદ (એટલે) મુખરૂપી કમળ. અરવિંદ–કમળ એમાંથી વાણી નીકળી.

**ભવ્યજનોના ભવોનો નાશ કરનારા તત્ત્વોમાં**... આહાહા! જુઓ! આવ્યું... આ તો ભવ્યજનોના ભવનો નાશ કરવાવાળી વાણી છે, એમ કહે છે. વાણીમાં, ભવનું પ્રાપ્ત થવું એ વાણીમાં હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમયસાર આદિ બધી વાણી ભવના અભાવ કરનારી વાણી છે. નિમિત્ત અપેક્ષાએ વાત છેને. સમજાણું કાંઈ? **ભવ્યજનોના ભવોનો નાશ કરનારા**... ભવ્ય ને ભવ. ભવ્યના ભવ એને **નાશ કરનારા તત્ત્વોમાં...** એવું જે આત્મતત્ત્વ એનું જ્ઞાન થતાં એમાં બધા તત્ત્વો આવી જાય. સમજાણું કાંઈ? **જે જિનયોગીનાથ**–જે કોઈ **(જૈન મુનિવર) નિજભાવને સાક્ષાત્ જોડે છે...** આહાહા! પોતાના આત્મામાં લીન થાય છે, પોતાનો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એમાં અંતર્મુખ લીન થાય છે. સાક્ષાત્ એટલે વિકલ્પથી નહીં અને ધારણાથી નહીં, એમ. સમજાણું કાંઈ?

**નિજભાવને સાક્ષાત્ જોડે છે**... અહીં તો નિજભાવ એ પર્યાયની વાત છે. એમાં આત્માને જોડે છે, આત્માને–વીતરાગી પર્યાયને એમાં જોડે છે, એટલે કે એ પર્યાય દ્રવ્યમાં એક

થાય છે. સમજાણું કાંઈ? તેનો જે નિજભાવ... એવા ધર્માત્માનો નિજભાવ... એ નિજભાવ એનો અર્થ, આત્મભાવ કહો, નિજભાવ કહો, એ શુદ્ધભાવ (કહો). સમયગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય એ આત્મામાં નિજભાવ છે. **એ નિજભાવ તે યોગ છે.** એને યોગ નામ આત્મવેપાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી પરનો વેપાર તો કોઈ કરી શકતો નથી. પરમાં અંદર અટકીને રાગ-દ્વેષ થાય એનો વેપાર કરે, એ અનાકુળતાનો વેપાર છે. સમજાણું કાંઈ? આ આત્મવેપાર છે.

**એ નિજભાવ**... એને નિજભાવ કહ્યો. પુણ્ય-પાપના વિકલ્પને નિજભાવ કહ્યો નહીં. બહુ ટીકા! પરમ-ભક્તિ એવા બોલો લઈ લીધા. લોકો ઓલા વ્યવહારમાં અટક્યા હોયને. વ્યવહાર ભક્તિ, વ્યવહાર આવશ્યક, વ્યવહાર બધું લઈ લીધું. **એ નિજભાવ તે યોગ છે**. ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપની લક્ષ્મીનો ભંડાર એના સન્મુખની દશા અને પુણ્ય-પાપથી વિમુખ થઈને પરિણમેલી અવસ્થા, એને નિજભાવ અને એ નિજનો વેપાર કહેવામાં આવે છે. કે જે સિદ્ધદશાનું કારણ છે એને નિજ વેપાર કહીએ, જે વેપારમાં ફળે સિદ્ધપદ. સમજાણું કાંઈ? આ વેપાર કરીને મળે, બે-પાંચ, દસ લાખ, પચાસ... હવે અત્યારે તો અબજે વાતું થઈ ગઈ છે. બે જણા દશાશ્રીમાળીના અબજો રૂપિયા(વાળા) છે, લ્યોને. ઓહોહો! પહેલા માણસને લાખ હોય તો જાણે ઓહોહો... એમ કહેવાતું. લાખ રૂપિયા! આહા.. એ તો લખપતિ છે. અહીંયા વિધવા રાંડીરાંડને લખપતિ કેટલાક કહે છે. કરોડપતિ કેટલા. અબજપતિ પણ સાંભળ્યા. બે તો સાંભળ્યા. સમજાણું કાંઈ? આહાહા!

પણ હવે અબજોપતિ ને? (એટલે) જડનો પતિ ને? એ કાંઈ આત્માનો પતિ છે નહીં. આહાહા! અમારી લક્ષ્મી, અમે લક્ષ્મીવાળા, એ તો જડ થયો. ભેંસના ધણી પાડા હોય. ભેંસના ધણી માણસ હોય? એમ જડના ધણી માને એ જડ હોય, આહાહા! બાપુ! તું આત્મા નહીં હોં. લક્ષ્મી મારી, પર મારા, એ પરનો સ્વામી એ તો અજીવ કહેવાય, એ જીવ ન રહ્યો. આહાહા! એય! લખ્યા હશેને ચોપડામાં નામા? શાલીભદ્રની ઋદ્ધિ હજો, અભયકુમારની બુદ્ધિ હોજો, બાહુબલીનું બળ હોજો. શું કરવું છે પણ તારે? આહાહા! આહા! દીન થઈને ચાલ્યો.... દિવાળીને દિ'એ મરી જાય છેને કેટલાક? દિવાળીનો દિવસે રોકે છે? વરસ બેઠું, ચોપડા પુસ્તક... અહીં સવારમાં આમ કરશે, ચાર વાગે મરી જાય છે. આહાહા! મરી જાય, હાર્ટફેઈલ થઈ જાય. આહાહા! બાપુ! એ ક્યાં ચીજ તારી હતી તે તું સંગમાં રહે? તારું તત્ત્વ તો અસંગ છે. અસંગતત્ત્વમાં આવે તેને સંગ-બંગ છે નહીં. આહાહા! સ્ત્રી, કુટુંબ, શરીરનો તો સંગ છે જ નહીં, પણ જેને વિકલ્પનો સંગ નથી. એવા અસંગતત્ત્વનો વેપાર અંતરમાં (કરે), એને અહીં ભક્તિ સાચી કહે છે. સમજાણું કાંઈ?

એવી નિશ્ચય ભક્તિ સહિતવાળાને ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી અને તીર્થંકરદેવ હિતકારક છે, એથી એને સેવક વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા! અરે! એના પોતાના સ્વભાવની મહત્તા શું છે એ એણે સાંભળી નહીં. ત્રણ લોકનો નાથ ભગવાન પરમાનંદની મૂર્તિ જેમાંથી અનંત-અનંત આનંદ પીધા કરો તોપણ ખૂટે નહીં. સાદિ-અનંત ખૂટે નહીં. આહાહા! આવી ખાણ–એના સ્વભાવની વાત એણે સાંભળી નહીં, આવે સાંભળવા ત્યારે (તરછોડે કે) એ તો નિશ્ચય છે. એટલે એ તો સાચું છે, એમ. ખોટું બતાવો. એમ અર્થ થયોને?

આ ત્યાં થયું હતું ૯૯માં. ઓલા શેઠ આવ્યા હતાને, શું કહેવાય? બૈદનાથ. પૈસા બહુ ખરચતો. કલકત્તાવાળો બહુ પૈસા ખરચે પચ્ચીસ-પચ્ચીસ પચાસ હજાર. અહીં આમ મોટો ગૃહસ્થ. ૯૯માં આવ્યા ત્યારે રાજકોટ... ભાઈ ત્યારે હતા, કેવા? બાવળરામ. મુનિમ હતાને મુનિમ, દિગંબરના મુનિમ. એ સાથે હતા. વ્યાખ્યાન ચાલતું હતું. બાવળરામ બુદ્ધિવાળો હતો. અત્યારે એમના જમાઈ છે. પછી આવી હતી તત્ત્વની વાત. શેઠ! સાંભળો. શેઠ કંઈ જરી ઝોલા ખાતા હશે તો આ થોડું..... સાંભળો શેઠ! વહ તો નિશ્ચયકી બાત હૈ. ઠીક! જાદવજીભાઈ! ઓળખતા હતા તમે? ગૃહસ્થ હતા મોટા. પૈસા બહુ કાઢતા.

એક ફેરી આપણી સાથે આવ્યા હતા નહીં ક્યાંક આમ? ...... આવ્યા હતા અહીંયા. મળ્યા હતા ઘણીવાર. જમશેદપુરમેં રહતે થે. રાજકોટમાં મળ્યા હતા, મધુવનમાં મળ્યા હતા. મળ્યા હતાને. પણ આ પૈસા ખર્ચવા, એની આગળ નિશ્ચય વાત. એ તો કહે, એ નિશ્ચયની છે. બાવળભાઈને બિચારાને એમ કે આ સાંભળો, આ સાચું છે. એ તો નિશ્ચયની વાત છે એમ કહીને.... સત્ય છે, સત્ય આ છે એમ જાણવું જોઈને પહેલું. આ તારા વ્યવહારની વાતું બધી, નિશ્ચય હોય પછી ઉપચારિક કહેવામાં આવે. આહાહા! વર વિનાની જાન જોડી દે એકલી.

કહે છે કે આ નિજભાવ તે જ સાચો ધર્મ છે. બાકી બધા વીતરાગની ભક્તિ, પૂજા ને જાત્રા, વ્રત (આદિ) બધું વ્યવહાર, જો આવું (-નિશ્ચય) હોય તો ઓલાને વ્યવહાર કહેવાય. વ્યવહાર એટલે અભૂતાર્થ, અભૂતાર્થ એટલે અસત્યાર્થ. હોય છે ખરું, પણ છે અસત્યાર્થ. સત્યાર્થ તો આ ચીજ છે. સત્‌સ્વરૂપમાંથી આવેલી દશા તે સત્ હોય. સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠે એ સત્‌માંથી ક્યાં આવે? એ તો પરના લક્ષે ઊભું થાય નવું. શુભરાગ પણ પરને લક્ષે ઊભો નવો થાય છે. ન્યાં ક્યા અંદરનો હતો? એવી યોગ્યતા હોય એ જુદી વાત છે. સમજાણું? અહીં તો એકલો સ્વભાવ ચૈતન્યસાગર એમાંથી આવેલી દશા, એના જોડાણમાં થયેલી દશા, એ જ નિજભાવ તે યોગ છે. લ્યો, એને આત્મવેપાર, એને ધર્મ, એને સામાયિક, એને પ્રૌષધ, એને પ્રતિક્રમણ, એને પ્રત્યાખ્યાન, એને આલોચના, એને સંવર, એને નિર્જરા કહેવામાં આવે છે. બલુભાઈ! ન્યાં આવું સાંભળ્યું નહોતું કાંઈ. આહા!

કળશ થયો એ ૨૩૦. ૧૩૯ ગાથા થઈ. હવે, ૧૪૦. છેલ્લી છે આ, ભક્તિ (અધિકાર)ની આ છેલ્લી છે. અહીંયા સિદ્ધ કરે છે ભગવાન કુંદકુંદાચાર્ય કે આવી ભક્તિ કરીને અનંત તીર્થંકરો નિર્વાણને પામ્યા છે. આ કાંઈ નવો માર્ગ નથી. આહાહા!

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं ।**

**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं ॥ १४० ॥**

આદેશ કરે છે. એ માટે **धरु जोगवरभत्तिं** (કહ્યું). આહાહા!

**વૃષભાદિ જિનવર એ રીત કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**

**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

**ટીકા : આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.** ભક્તિ-અધિકારની આખરી ગાથા છે. **આ ભારતવર્ષમાં...** એમ. અહીંની વાત છેને. પોતે અહીંના છેને કુંદકુંદાચાર્ય. બાકી તો બધા થઈ ગયા ઐરાવતમાં, મહાવિદેહમાં. આ તો કહે છે કે આ ભરતક્ષેત્રમાં... ભરત એ ક્ષેત્ર થયું. **પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને... उसहादि** શબ્દ છેને? **નાભિપુત્રથી માંડીને** એમ લીધું. ઋષભનાથ ભગવાન એમ નહીં **उसहादिजिणवरिंदा** છેને? વૃષભાદિ જિનવર. લીધું 'નાભિપુત્રથી માંડીને.' એમ કુળથી ઓળખાવ્યા. સમજાણું કાંઈ? **શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકર...** ઋષભદેવ ભગવાન નાભિપુત્ર–નાભિરાજાના પુત્ર અને ત્યાંથી માંડીને વર્ધમાન તીર્થંકર... આ ભરતના લીધા ચોવીસ તીર્થંકર.

**પરમદેવો...** ગણધરને દેવ કહેવાય, દેવલોકના દેવ કહેવાય. આ તો પરમદેવ, જેને પરમ દિવ્યશક્તિ પ્રગટ થઈ ગઈ છે એને દેવ કહેવાય અને પરમદેવ એને કહેવાય. જેને ઝળહળજ્યોતિ ચૈતન્યસૂર્ય પર્યાયમાં પૂર્ણ લબ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે એવા પરમદેવો... બે વિશેષણ (૧) તીર્થંકર (એટલે) તીર્થને કરવાવાળા, (૨) એવા પરમદેવો સર્વજ્ઞ વીતરાગ. એક સમયમાં જેને ત્રણ કાળ જાણવામાં વર્તે એ વીતરાગ છે. બધું જાણવા છતાં વિકલ્પ છે નહીં. એવા **સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા...** ત્રણ લોકમાં જેની કીર્તિ પ્રસરી છે. કોઈ એના વિરોધના કરનારાને ગણ્યા નથી અહીં. એના વિરોધ કરનારા હોયને કે આ ખોટા છે.. આ ખોટા છે. માણસ વાત કરેને? ઓલામાં આવે છે. નહોતું આવ્યું? મહાવીરના વખતમાં કેટલા, ૪૦૦ પાખંડ સાથે ને સાથે વિરોધ કરનારા હતા. એવું આવ્યું છે, સન્મતિ (સંદેશ)માં નાખ્યું છે. કેટલા કાંઈક કહેતા હતા. ૪૦૦......

શ્રોતા : ભરતક્ષેત્રસે અધિક... ૩૬૩ પાખંડી...

પૂજ્ય ગુરુદેવશ્રી : એટલે પાખંડી ઝાઝા એમ નહીં, સંખ્યાએ માણસો, એમ. માણસો. એ વળી જાત, માન્યતાની જાત. આ તો માણસની સંખ્યા. એવું આવ્યું હતું. જ્યાં જ્યાં માર્ગે

વિચરતા, પાછળ ને પાછળ ૪૦૦ પાખંડીઓ જાતા. ન જાય, પણ હતા તો ખરાને? આહાહા! પણ એને ન ગણ્યા અહીંયા.

અહીં તો **ત્રિલોકવર્તી કીર્તિવાળા**... ત્રણ લોકમાં મહા ઇન્દ્રો આદિ મોટા મહાપુરુષો જેને માને છે એવી કિર્તી થઈ જાય. એની ગણતરી છે, સાધારણની ગણતરી નથી. ત્રિલોકવર્તી કીર્તિ... ત્રણ લોકમાં વર્તનારી કીર્તિ જેની, એમ કહે છે. આહાહા! **મહાદેવાધિદેવ**... જુઓને! વિશેષણ કેટલા આપ્યા! ઋષભદેવથી માંડી મહાવીર પર્યંત **મહાદેવાધિદેવ...** એકલા દેવાધિદેવ નહીં, **મહાદેવાધિદેવ**.

**પરમેશ્વરો**... આ શબ્દ વાપર્યો છે... પરમેશ્વર(પણું) પ્રગટ્યું છે જેને. સાક્ષાત્ પરમેશ્વર. શક્તિએ તો પરમેશ્વર હતા. વસ્તુએ તો બધા પરમેશ્વર છે, (પણ) પર્યાયે પરમેશ્વર થયા. એવા **પરમેશ્વરો બધા...** ઠીક! **યથોક્ત પ્રકારે...** યથા ઉક્ત–ઉપર કહી એ પ્રકારે (એટલે) યથા-ઉક્ત. **નિજ આત્મા સાથે સંબંધ રાખનારી...** લ્યો. આહાહા! એ તો એની એ વાત છે. પર્યાયને આત્મા સાથે જોડો કહો કે (દ્રવ્યને) આમ જોડો. આત્માને પર્યાય સાથે જોડો કે પર્યાયને (આત્મા સાથે જોડો)—એ બધી એકની એક વાત છે. સમજાણું કાંઈ? **નિજ આત્મા સાથે સંબંધ રાખનારી નિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને...** લ્યો. પોતાની નિર્મળ દશા આદિની ભક્તિ કરી... નિશ્ચય યોગની ભક્તિ હોં, પાછી લીધી પરિણતિ. આહાહા! અને નિર્વાણને પામ્યા. વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૩, શુક્રવાર, તા. ૨૨-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૪૦, શ્લોક - ૨૩૧-૨૩૪, પ્રવચન નં. ૧૫૭**

આ નિયમસાર છે, પરમ-ભક્તિ અધિકાર. પરમ-ભક્તિનો અર્થ સાચી–નિશ્ચય–વાસ્તવિક ભક્તિ કે જેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એનો આ અધિકાર પૂર્ણ થાય છે, છેલ્લી ગાથા છે. ફરીને લઈએ ટીકા લ્યો. કહે છે કે આ પરમભક્તિ એટલે કે આત્મા પૂર્ણાનંદ અને અનંત જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છે, એમાં અંતરમાં એકાગ્રતા–સહજસ્વભાવ સન્મુખની એકાગ્રતા એનું નામ અહીંયા સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહે છે, એને અહીંયા પરમ-ભક્તિ કહે છે. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર તીર્થંકર આદિની ભક્તિ એ તો વ્યવહારભક્તિ છે, પુણ્યભાવ છે. પાપથી બચવા માટે એવો એક શુભભાવ હોય છે, પણ એ સાચી ભક્તિ નહીં. આહાહા! એ પુણ્યરૂપભાવ છે.

સાચી ભક્તિ એને કહે પરમેશ્વર કે પૂર્ણ આનંદ ને જ્ઞાનના સ્વભાવથી (ભરેલો) અનંત-અનંત સ્વભાવ ને શક્તિનો પિંડ આત્મા, એની એક સમયની જે પર્યાય–અવસ્થા એ સિવાયનું જે આખું પૂર્ણ તત્ત્વ, એવા તત્ત્વમાં જોડાણ કરીને એકાગ્ર થવું. રાગમાં ને પુણ્યમાં એકાગ્રતા જે અનાદિની છે, એ સંસાર, દુઃખ દાવાનળ છે. એને ઓલવવાને ભગવાન આત્મા શાંતરસનો ફુવારો છે. આહા! ભગવાન આત્મા અનંત શાંત–અકષાય–વીતરાગીભાવથી ભરેલો ફુવારો છે. એમાં એકાગ્ર થવું, ચૈતન્યના પૂર્ણાનંદમાં એકાગ્ર થવું, એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને એનું નામ સાચી ભક્તિ કહેવામાં આવે છે. આવી વાત છે. વીતરાગનો માર્ગ અપૂર્વ ને અલૌકિક છે. લોકો બહારથી માનીને બેઠા છે, એને જૈનદર્શનની ચીજની ખબર નથી. અહીંયા કહે છે કે એવી ભક્તિ, આ ચોવીસીના ચોવીસ તીર્થંકરો પણ એ ભક્તિ કરીને મુક્તિ પામ્યા એમ કહે છે. સમજાણું કાંઈ?

**આ ભારતવર્ષમાં** (એટલે) આ ભરતક્ષેત્રની અંદર... વર્તમાનમાં કુંદકુંદાચાર્ય આ ભરતક્ષેત્રમાં થઈ ગયાને. એથી આ ભરતના ચોવીસ તીર્થંકરને યાદ કર્યા છે. જેમાં અમારો જન્મ છે આ ભરતક્ષેત્રમાં, એમ. એ ભરતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો આ ચોવીસીના થયા. **નાભિપુત્રથી માંડીને શ્રી વર્ધમાન સુધીના...** વૃષભનાથ–નાભિપુત્ર પ્રભુ એનાથી માંડીને અજિતનાથ, સંભવનાથથી તે મહાવીર ભગવાન **ચોવીસ તીર્થંકરો** સુધીના... ચોવીસ તીર્થંકર **પરમદેવો**... પરમ દિવ્યશક્તિના સ્વામી એવા પરમદેવ પરમાત્મા, **સર્વજ્ઞવીતરાગ...** જેને ત્રણ કાળનું જ્ઞાન અને વીતરાગદશા પ્રગટી હતી. **ત્રિલોકવર્તી કીર્તિવાળા...** ત્રણ લોકમાં જેની કીર્તિ વ્યાપે છે. ઇન્દ્રો, નરેન્દ્રો, સુરેન્દ્રો પણ જેની કીર્તિ ગાય છે એટલે ત્રણ લોકમાં જેની કીર્તિ છે.

એવા પરમાત્મા **મહાદેવાધિદેવ... મહાદેવાધિદેવ પરમેશ્વરો...** એ બધા પરમેશ્વર **યથોક્ત પ્રકારે...** આ જે કહેવાય છે તે ભક્તિ ભગવાને કરી હતી અને એવી ભક્તિ કરીને મુક્તિને પામ્યા છે. આહાહા! યથોક્ત (પ્રકારે) **નિજ આત્મા સાથે...** દેખો! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ નિજ સ્વરૂપથી ભરેલો... સ્વરૂપથી ભરેલો–સ્વભાવથી ભરેલો... અનંત આનંદ, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય, અનંત પ્રભુતા—એવી શક્તિનો સાગર ભગવાન એની સાથે **સંબંધ રાખનારી**... દેખો! રાગનો સંબંધ તો નિમિત્ત ઉપર જાય છે, શુભરાગ કે અશુભરાગ એનો સંબંધ પર ઉપર જાય છે. અહીંયા તો શુદ્ધ પરિણતિની સાથે સંબંધ રાખનારો આત્મા, એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

અથવા એ શુદ્ધ (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પ–રાગ વિનાની શુદ્ધ પરિણતિને આત્મા સાથે જોડી કે આત્મા શુદ્ધ પરિણતિ સાથે જોડ્યો—બધું એક જ છે. આહાહા! માર્ગ, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહ્યો એ માર્ગ આખી દુનિયાથી જુદી જાતનો છે. એ સિવાય બીજે ક્યાંય છે નહીં. પણ માર્ગ અપૂર્વ ને અલૌકિક છે. બહારની આ દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ એ બધો ભાવ પુણ્યભાવ છે, શુભભાવ છે. કેમકે એ બધા પરલક્ષી ભાવ છે. એથી એને સંયોગીભાવ કહેવામાં આવે છે. એ વાસ્તવિક ધર્મ ને વાસ્તવિક સંવર-નિર્જરા નહીં. સમજાણું કાંઈ?

આ બધા તીર્થંકરોએ પણ નિજ આત્મા સાથે—પરમાનંદસ્વરૂપ પ્રભુ અંતર્મુખ આત્માની સાથે **સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરી...** પંડિતજી! આ કર્યું છે લ્યો. ભગવાને કહી, વાણી કરીને તીર્થ પ્રવર્તાવ્યું—એવું નથી. એ તો સ્હેજે બહારનું નિમિત્ત છે એણે તો આ કર્યું હતું. સમજાણું કાંઈ? ઓલા કહે છેને કે આ બહુ યજ્ઞ (થતા) હતા, એ યજ્ઞમાં હિંસા થતી હતી, તેને ભગવાને નિવારી. એ વાત કાંઈ આ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એણે તો પોતાનો આત્મા આનંદકંદ પ્રભુ સિદ્ધ સમાન જે સ્વરૂપ પોતાનું 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' આવે છેને 'ચેતન'માં? (સમયસાર નાટક, મંગલાચરણ, પદ ૧૧)

ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો,
જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહો ગુણ નાટક આગમકેરો,
જાસુ પ્રસાદ સધે શિવમાર્ગ, વેગિ મિટે ભવવાસ બસેરો.

બનારસીદાસ. ચેતનરૂપ (અર્થાત્) આત્મા તો જ્ઞાનનો દરિયો છે. આહા! અનૂપ–એની કોઈ ઉપમા નથી. અરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' મારું સ્વરૂપ તો સિદ્ધ જેવું ત્રિકાળ અંદર પડ્યું છે, પણ અનાદિથી રાગની વિકલ્પદશાથી ઘેરાયેલા મોહ મહાતમ... ત્યાં સાવધાની કરવાથી... અજ્ઞાન, મોહ–મિથ્યાત્વ ઉત્પન્ન થયો. પણ હવે મારું સ્વરૂપ ચિદાનંદ છે એને મેં સંભાર્યું, મારો સ્વભાવ તો શુદ્ધ આનંદ ને જ્ઞાન છે એને મેં સંભાર્યું, એનું નામ સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર છે. 'જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહું ગુણ નાટક આગમ કેરો, જાસુ પ્રસાદ સધૈ શિવમાર્ગ..' ભગવાન આત્મા નિત્ય ધ્રુવધામ એમાં અંતર એકાગ્ર થતાં જે નિશ્ચયભક્તિ પ્રગટી તે મુક્તિનું કારણ છે. એનાથી આ શરીરમાં વસવું મટી જાય છે. 'વેગે મિટે ભવવાસ બસેરો..' આ શરીર માટી–ધૂળ, પિંડ–જડનો પિંડ છે આ તો. એમાં ભગવાન અમૃતનો સાગર રોકાયેલો છે. આહાહા! સમજાણું કાંઈ?

સડેલા ગધેડાના ચામડામાં જેમ મૈસૂબ.. મૈસૂબ કહતે હૈં? મૈસૂર.. મૈસૂર. મૈસૂર વીંટે અંદર, એમ આ ચામડામાં ભગવાન વીંટાયેલો અંદર પડ્યો છે જુદો. આ (શરીર) તો હાડકા, ચામડા, માંસ છે. અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. કહો, ભીખાભાઈ! આહાહા! કહે છે કે મારો આત્મા શુદ્ધ આનંદઘન એની ભક્તિ–પોતાના (આત્માની) અનંત તીર્થંકરોએ કરી. જેને ભક્તિ કરવાલાયક તમે માનો છો એ તીર્થંકરોએ આવી ભક્તિ કરી ત્યારે મુક્તિ પામ્યા, એમ કહે છે. સમજાણું કાંઈ? **શુદ્ધ નિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ**... ભાષા છેને? આહાહા! શુદ્ધ નિશ્ચયયોગ એટલે અંદર વીતરાગી પરિણતિ–પર્યાય. ત્રિકાળી ભગવાન આત્મા એને સ્પર્શવાથી, એને અનુભવવાથી, એને અનુસરીને વીતરાગીદશા નિર્મળ નિર્વિકલ્પતા પ્રગટ થાય એને શુદ્ધ નિશ્ચયયોગ, એને શુદ્ધ નિશ્ચયવેપાર, એને સાચી ભક્તિ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો પરમેશ્વર એમ કહે છે કે તમે પણ તમારા આત્માની ભક્તિ કરશો ત્યારે મુક્તિ થશે. અમારી ભક્તિ કરશો ત્યાં સુધી તમને પુણ્યભાવ છે. પવિત્રતા પ્રગટ કરવામાં અમે કારણ નથી. આહાહા! ધર્મરૂપી પવિત્ર પરિણતિ–દશા પ્રગટ કરવામાં અમે તને કારણ નથી. તારો આત્મા કારણ છે એમ કહે છે આહાહા! અરે! ચોર્યાસી લાખના અવતારમાં ભ્રમણાને લઈને ભમ્યો, ચોરાશીના ભવસાગરમાં ડૂબ્યો. ભાઈ! કહે છે કે એને ઉગારવાનો આરો ભગવાન નિર્મળાનંદ પ્રભુ એની શુદ્ધ એકાગ્રતા–સ્વમાં એકાગ્રતા એવો જે શુદ્ધ નિશ્ચયવેપાર, એવો શુદ્ધ નિશ્ચયયોગ... આ યોગી-યોગી કહે છેને અન્યના બાવા-બાવાને. એ યોગ નહીં. એ બધા મફતના ભ્રમણામાં પડ્યા છે. આ યોગ. જે અનાદિથી શુભ-અશુભના રાગના યોગમાં જોડાણ કરી અને મિથ્યાત્વ સેવીને મરી ગયો છે, પોતાનું જીવન બરબાદ ખોઈ બેઠો છે. આહાહા! સમજાણું કાંઈ?

રાગની એકતા માનીને, પુણ્યના વિકલ્પની સાથે એકતા માનીને મિથ્યાત્વ થાય છે, મિથ્યાત્વ થાય છે એ તો મડદા છે, કહે છે. આહાહા! ચૈતન્યની ઝળહળ જ્યોત ભગવાન એનો એણે અનાદર કર્યો. પોતાનું નિજસ્વરૂપ પરમાત્મસ્વરૂપ એનો અનાદર કરીને એ પુણ્ય ને પાપના વિકલ્પ–રાગ જે પામર, રાંક, દુઃખ, ઝેર એની સાથે એકતા કરીને જીવને ગુમાવ્યો. એ જીવને હાથમાં લેવાની કળા... ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ છે, છે, અનાદિનું છે, એમાં જોડાણ

કરવું અને જે શુદ્ધદશા પ્રગટ થાય, શુભ-અશુભ નહીં, એવી દશાને જીવનું જીવન કહેવામાં આવે છે. તે જીવ જીવનથી જીવ્યો. સમજાણું કાંઈ? આહાહા!

એવા નિશ્ચયયોગની **ઉત્તમ ભક્તિ કરી, પરમ નિર્વાણવધૂના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી સર્વ આત્મપ્રદેશે...** કહે છે કે નિર્વાણ નામ મુક્તિ એની જે પરિણતિ, એની જે પુષ્ટિ, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી જે પર્યાયમાં પુષ્ટિ થઈ એનો એણે અનુભવ કર્યો, એને આલિંગન કર્યું. આહાહા! સમજાણું કાંઈ? એવી પરમ ભક્તિથી (અર્થાત્) **ગાઢ આલિંગનથી...** એટલે? શુદ્ધ ચૈતન્યના સાગરને ઉછાળ્યો અને અંદરની નિર્મળ પરિણતિ પ્રગટ (કરી), જેણે મોક્ષનો માર્ગ પ્રગટ કર્યો, એના ફળ તરીકે–એના કાર્ય તરીકે મુક્તિરૂપી અવસ્થાની પુષ્ટિ અનંત આનંદ આદિ થઈ, એને એણે અનુભવ્યો, આહાહા! એના અવયવો પુષ્ટ થયા, એમ કહે છે. જેમ સ્ત્રીના શરીરના અવયવો પુષ્ટ કહેવાય છે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના ભંડારને જેણે ખોલ્યો–એકાગ્ર થઈને ખોલ્યો, ખોલતાં એની મુક્તિની દશા થઈ એ પુષ્ટ દશા થઈ. પુષ્ટ.. પુષ્ટ... પૂરી પુષ્ટ. સમજાણું કાંઈ? આહાહા!

જેણે આત્માના અંતરના અનુભવની ભક્તિ દ્વારા મુક્તિ મેળવી, એવા ચોવીસ તીર્થંકરો **સર્વ આત્મપ્રદેશે**... આહાહા! કહે છે કે ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ છે. જેમ આ પરમાણુ છે એક-એક રજકણ–પોઇંટ એ એક-એક પ્રદેશી છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે. એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેટલી જગ્યાને પ્રદેશ કહીએ. એવો આત્મા અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદ આદિ પથરાયેલા પડ્યા છે. આહાહા! એની જેણે ભક્તિ કરી, નિર્વિકલ્પ અનુભવ કર્યો.. આહાહા! સમ્યગ્દર્શન એટલે સ્વરૂપના અનુભવની પ્રતીતિ કરી, સ્વરૂપનું જ્ઞાન કર્યું, સ્વરૂપમાં રમ્યો, એને અસંખ્ય પ્રદેશી અનંત આનંદ પ્રગટ થઈ ગયો. આહાહા! સમજાય છે કાંઈ? જેમ ખેતર ફસલથી શોભે છેને? શું કહેવાય આ? મોલ.. મોલ. આહાહા! એમ અસંખ્ય પ્રદેશે આનંદનો વાન આનંદથી ભરપૂર ભરેલો હતો. એની અંદરમાં એકાગ્ર થતા એના ફળ તરીકે અસંખ્ય પ્રદેશે પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી દશાને તે પરમાત્મા પામ્યા. આહાહા!

**અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂર...** આહા! મુનિઓએ પણ.. દિગંબર મુનિ ટીકા કરતાં ઉછળી જાય છે! શબ્દો હાથ આવતા નથી કે શું કહેવું. આહા! બાપુ! તું વિકલ્પ–રાગથી અતિ ભિન્ન પ્રભુ છો. તારી પ્રભુતા વાણીમાં શું આવે? આહા! તેં પામર તરીકે માન્યો છે, પામર છે નહીં, પ્રભુ છે એ તો. એ પરિપૂર્ણ પ્રભુ ન હોય તો કેવળજ્ઞાન થાશે ક્યાંથી? કેવળજ્ઞાન ને પરમાત્મ(પણું) ક્યાંથી થાશે? કાંઈ બહારથી આવે એવું છે? આહા! એવો જે ભગવાન આત્મા એની અંદર જેણે નજરું નાખી, અંદર એકાગ્ર થયો, એ શુભ-અશુભ વિકલ્પો રહિત... આહાહા! એ જીવ અસંખ્ય પ્રદેશે–પૂરા અસંખ્ય ક્ષેત્રમાં **અત્યંત આનંદરૂપી**... આહા!

અનંત આનંદ... અત્યંત–જેનો અંત નહીં એવો અનંત આનંદ જેની દશામાં આવી નિશ્ચય પરમ-ભક્તિ કરવાથી પ્રગટ થાય છે. આરે, આવો ભારે માર્ગ ભાઈ!

**અત્યંત આનંદરૂપી પરમસુધારસના પૂર**... પરમ અમૃતરસનું પૂર... આહાહા! નદીમાં પૂર આવેને પાણી, એમ આત્મામાં અતીન્દ્રિય આનંદનું પૂર વહે છે. સિદ્ધપદમાં તો અતિ આનંદનું અસંખ્ય પ્રદેશમાં પૂર વહે છે. આહાહા! સમજાણું કાંઈ? બહારમાં ક્યાંય આનંદ છે નહીં. ધૂળમાંય નથી ક્યાંય. મફતનો મૂર્ખાઈ કરીને (માને છે કે) આ પૈસામાં સુખ છે ને બાયડીમાં સુખ છે, ભોગમાં સુખ છે ને આબરૂમાં સુખ છે, મોટા હજીરા–લાખ-બે લાખના મકાન હીંડોળે હિંચકતા સુખ (માને), મૂરખ છે. ન્યાં સુખ કેવા? એમાં સુખ માનનારા આત્માના સુખનો અનાદર કરનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

જેને આત્મા સિવાય પરપદાર્થમાં ક્યાંય વીર્ય સ્થિર થઈને ઠીક મનાય, એ બધો મિથ્યાત્વભાવ છે. એ ભાવને છેદવા, ભગવાન આનંદથી ભરેલો સુખસ્વરૂપ એની એકાગ્રતા થતાં એ છેદાઈ જાય છે. અને એ છેદાતાં પૂર્ણ આનંદનું–અત્યંત સુધારસનું પૂર.. આહાહા! એની પ્રાપ્તિ થાય છે. એવા **પૂરથી પરિતૃપ્ત થયા**... સિદ્ધ ભગવાન ચોવીસ તીર્થંકરો આવી ભક્તિ કરીને પરિતૃપ્ત (થયા). ફરીને એની કોઈ જરૂર નથી. અહીં તો ગમે તેટલા ભોગ ભોગવે અનંત કાળથી. દેવમાં અસંખ્ય વર્ષ રહ્યો એક-એક અવતારે હોં. એવા તો અનંત અવતાર કર્યા. ત્યાંય સંતોષ, તૃપ્તિ વળી નહીં. ધૂળમાંય ક્યાં (તૃપ્તિ) હતી ન્યાં? આહા! **પરિતૃપ્ત થયા** એમ ભાષા લીધી, જુઓ! આહાહા! કેમ?

હવે ભલામણ આપે છે. **માટે સ્ફુટિતભવ્યત્વગુણવાળા હે મહાજનો!** આહાહા! હે આત્માઓ! એમ કહે છે. હે મહાજન પ્રભુ! આહાહા! દેહના હાડકામાં બિરાજતો (એનાથી) જુદો અને પુણ્ય ને પાપના રાગ–વિકલ્પથી પણ જુદો એવો હે મહાજન! લ્યો, આ મહાજન આવ્યા. ઓલા નથી કહેતા કે આ મહાજન છે? આ મહાજન છે. ભવ્યત્વગુણવાળા હે મહાજનો! એટલે શું કહે છે? ભવ્યતા પરિપાક થવાને લાયકવાળા હે મહાજન!.. પ્રગટી પ્રગટ થઈને, એમ. **સ્ફુટિત ભવ્યત્વગુણ**... ભવ્યગુણ પાકી ગયો, મોક્ષ થવાને લાયક થઈ ગયો એવા હે મહાજન! આહાહા! **તમે નિજ આત્માને...** બધું મૂકીને એક વાત તારે કરવાની છે, કહે છે. તારો ભગવાન અંદર આનંદમાં કેલી કરનારો પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો છે. આહાહા! એ પુણ્ય-પાપના સ્વાદ લેવાને અનાદર કરનારો છે. કહો, સમજાણું આમાં?

લ્યો, આ દિવાળીના દિ' જરીક લાડવા ખાઈને ફટાકીયા ફોડે (ને કહે) મજા કરી. ધૂળેય નથી. ઝેરના પ્યાલા પીએ છે. સમજાણું કાંઈ? રાગ.. રાગ.. ચોપડા લખેને પછી ફોડે ફટાકીયા, બસ હવે વર્ષ આખું સારું થઈ જશે. ક્યું વરસ? જડનું? શું ધૂળ થાય સારું? કોઈને સારૂં થાતું નથી બહારમાં. પૈસા-બૈસા ધૂળ મળે એટલે સારું થઈ ગયું? આહાહા! પાંચ-પચ્ચીસ લાખ,

કરોડ ધૂળ એ તો કાંકરા છે જગતની ચીજ. એમાં એને મળે છે ક્યાં? એની નજીકમાં આવે ત્યારે માને છે કે મળી. એ તો મમતા મળી એને. એમાં ક્યાં સારું મળ્યું એને? આહાહા! આ આત્મા, કહે છે કે હે ભવ્યજીવો! મુનિરાજ દિગંબર સંત પદ્મપ્રભમલધારિદેવ, કુંદકુંદાચાર્ય(ના શાસ્ત્ર)ની ટીકા કરનાર કહે છે, હે મહાજનો! આહાહા! સાગમટે નોતરું છે.

**તમે નિજ આત્માને**... એ કહે છે કે મનેય નહીં, ભગવાનને નહીં, તારા આત્માને. આહાહા! ભાઈ! તારામાં શું ખામી છે? તારામાં ક્યાં પૂર્ણતા નથી પડી કે તું બહાર લેવા માગે છે? સમજાણું કાંઈ? માર્ગ એવો આકરો છે અને માર્ગ એવો સીધો ને સમીપ છે. પણ સાંભળવા મળે નહીં, અભ્યાસ ન મળે, બહારના કડાકૂટાના અભ્યાસ. આહાહા! કહે છે, નિજ આત્મા ભગવાન એને **પરમ વીતરાગ સુખની દેનારી...** આહાહા! માથે વાત કરી હતીને બધી, અત્યંત આનંદ ને શુદ્ધ પરિપૂર્ણ તૃપ્ત થયા. એવા **પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.** આત્માની એકાગ્રતા કરો. આહાહા! સ્વસ્વરૂપમાં ઠરો, સ્વસ્વરૂપમાં દૃષ્ટિ કરીને ઠરો, એ જ નિજભક્તિ છે, આત્માને પરમ વીતરાગસુખની દેનારી એ ભક્તિ છે. ભગવાન આદિની બહારની ભક્તિ તો પુણ્યબંધનું કારણ છે. સ્વર્ગાદિ આપે, એમાં કાંઈ આત્માને મળે નહીં. સમજાણું કાંઈ? સ્વર્ગાદિ મળે એ ચીજ ક્યાં આત્માની હતી? આહાહા!

**એવી તે યોગભક્તિ કરો.** લ્યો, આદેશ કરે છે. સમજાણું કાંઈ? પાઠમાં છેને. **तम्हा धरु जोगवरभत्तिं..** ત્રિલોકનાથ તીર્થંકરદેવના શાસનમાં લાખ વાતની વાત, અનંત વાતની વાત કે અંદર ભગવાન આત્મા પૂર્ણાનંદ છે એનું ધ્યાન ધરો. સમજાણું કાંઈ? એ વિના મુક્તિ ને એ વિના ધર્મ છે નહીં. આહાહા!

**હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોક કહે છે:** લ્યો, ૨૩૧ કળશ.

**नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्**
**श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान् ।**
**पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः**
**शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे ॥२३१॥**

**पौलोमी** આ શબ્દ પૂછ્યો હતો ભાઈએ. (એટલે) શચી ઇન્દ્રાણી. **शक्रेणोद्भव**... ઓલો શક્ર તો મૂળમાં પાઠ છે. મુનિરાજ આત્મજ્ઞાની ધ્યાની છે, આત્માના મહા આનંદમાં લહેર કરે છે, એ કહે છે કે હું પહેલાં તીર્થંકરોને વંદન કરું છું. સમજાણું કાંઈ? જેણે સાચો માર્ગ પ્રરૂપ્યો અને એ માર્ગથી અમને આત્માનો લાભ થયો, માટે અમે પહેલા ભગવાનની સ્તુતિ કરીએ છીએ. કેવા છે પરમાત્મા?

**શ્લોકાર્થ** : **ગુણમાં જેઓ મોટા છે**... લ્યો. ગુણમાં મોટા. આમ શરીર મોટું હતું ને આયુષ્ય લાંબુ હતું—એમ નહીં, (પણ) ગુણમાં. ગુણ એટલે પર્યાય, આત્માની પર્યાય. ગુણ તો બધાને અનાદિના મોટા છે. દ્રવ્ય ને ગુણ તો પોતે શક્તિરૂપે મોટા અનાદિના બધા પાસે છે, પણ એમાંથી–મોટામાંથી પર્યાય મોટી કાઢી. આહાહા! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પુરુષાર્થ, સ્વચ્છતા વિગેરે અનંત ગુણમાં–પર્યાયમાં જેઓ મોટા છે. અમે સાધક છીએ, (અમારાથી) સિદ્ધ, અરિહંતો, તીર્થંકરો પર્યાયમાં મોટા છે એમ કહે છે. સમજાણું કાંઈ? એક વાત એ ગુણની લીધી.

**જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે (અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકનાં પુણ્ય એકઠાં થયાં છે)**... તીર્થંકર એટલે વાણી અતિશય, શરીર અતિશય બધુંય. ઘણું પુણ્ય, પૂરું પુણ્ય ભગવાનને હોય. એટલે કહે છે કે **જેમનામાં જાણે કે ત્રણ લોકના પુણ્ય... ત્રણ લોકના પુણ્ય એકઠા થયા હોય**. શરીર પણ એવું કે સારામાં સારા રજકણોનું પરિણમન તે ભગવાન પાસે છે. પરમ ઔદારિક શરીર, વાણીનો દિવ્યધ્વનિ, મેઘ ગાજે એમ ઇચ્છા વિના ગાજે અવાજ, એ પણ એક પુણ્ય છે. જેવા ત્રણ લોકના પુણ્ય એકઠા થયા... પહેલા ગુણની વાત કરી, એની સાથે પુણ્યની વાત કરી. બે વાત છે ભગવાન પાસે. સમજાણું કાંઈ? **દેવેન્દ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે**... એ પણ પુણ્ય કહ્યું. કહે છે, જ્યારે ઇન્દ્રો ભગવાનને પૂજે છે ત્યારે એમના મુગટમાં માણેકની પંક્તિ હોય, એના કિરણો પડે ભગવાન ઉપર, એ કિરણો વડે જાણે ભગવાનને પૂજતા હોય.

**જેમના ચરણારવિંદમાં દેવોના મુગટ ઝુકે છે** આમ. આહાહા! **જેમની આગળ**... આ શચી કીધી ભાઈ! ઓલું **પૌલોમી** (એટલે) ઈન્દ્રાણી. લ્યો, આવી ગયું. **શચી આદિ પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓ**... શક્રેન્દ્ર જે પહેલા દેવલોકના ઇન્દ્ર, એની શચી એટલે રાણી આદિ ઇન્દ્રાણીઓના **સાથમાં**... બધી ઇન્દ્રાણીઓને સાથમાં લઈ શક્રેન્દ્ર ઇન્દ્ર... **શક્રેન્દ્ર ઇન્દ્ર વડે કરવામાં આવતાં**... આહાહા! તીર્થંકરને કેવળજ્ઞાન આદિ પુર્ણતા તો થઈ, પણ પુણ્યપ્રકૃતિ (પણ) તીર્થંકરની પૂર્ણ છે. એથી કહે છે, શક્રેન્દ્ર વડે કરવામાં આવતાં એ **નૃત્ય**... નૃત્ય... ઇન્દ્રાણીઓ સાથે ઇન્દ્ર પણ નૃત્ય કરે ભગવાન પાસે. આહાહા! ભક્તો છેને! શુભભાવ આવે છે. એ વડે કરવામાં આવતાં **નૃત્ય**–નાચવું, **ગાન** કરે–ગાય, **અને આનંદથી જેઓ શોભે છે**... આને લઈને ભગવાન શોભે છે એમ કહે છે. એક તો પોતાના અંતર કેવળજ્ઞાનાદિ આનંદથી શોભે છે, બહાર પુણ્યપ્રકૃતિથી શોભે છે, એમ. આવા ઇન્દ્રો મોટા અર્ધલોકના સ્વામી ઇન્દ્રાણીને સાથે લઈ નાચે, ગાયન કરે, એ આનંદથી શોભે છે.

**અને શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે**... શ્રી એટલે શોભા. જેટલી જગતની સુંદરતા અને શોભા, ભવ્યતા એ બધી ભગવાનના શરીરમાં અને ભગવાન પાસે બહારમાં હોય છે.

અંદરમાં તો પૂર્ણતા હોય જ છે. આહા! **શ્રી અને કીર્તિના જેઓ સ્વામી છે**... પોતાના ગુણાદિ બધી ભવ્યતા એમ લીધું. **તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું.** મુનિરાજે તો સાત શ્લોકમાં પહેલી આ વાત લીધી છે. છે વાત પરમભક્તિની, પણ પહેલી આ વાત વ્યવહાર-ભક્તિનો શ્લોક કર્યો. એવા ભગવાન નાભિપુત્ર આદિ જિનેશ્વરોને હું સ્તવું છું. બીજો શ્લોક.

**वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण ।**
**कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति ॥२३२॥**

ગાથાની વાત લીધી છે. **વૃષભદેવથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ...** ગણધર તે જિન એના પતિ. **પણ યથોક્ત**... આવા ભગવાને જે કહ્યો એવો માર્ગ એમાં યોગભક્તિ (એટલે) પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન એવો આત્માનો સ્વભાવ એમાં જોડાણ કર્યું, દશાને જોડી. નિર્મળ દશાને ત્યાં સ્વભાવ સાથે જોડી એનું નામ ધર્મ, એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા! એનું નામ યોગભક્તિ. અંતરના આત્માના વેપારની દશા એને અહીંયા યોગભક્તિ કહેવામાં આવે છે કે જેમાં દયા, દાન ને વ્રતના વિકલ્પનો પણ અભાવ છે. આહાહા! આ વસ્તુની દૃષ્ટિની ખબર ન મળે, માર્ગની ખબર ન મળે અને ધર્મ કરીએ. જીવન જાય છે એના, તત્ત્વની મૂળ વસ્તુની દૃષ્ટિ વિના જીવન નિષ્ફળ છે. આ વસ્તુના ભાનવાળી દૃષ્ટિ એની ભક્તિ (એટલે) પોતે–પોતાના પરમાત્માસ્વરૂપની ભક્તિના એ જીવન સફળ છે. સમજાણું કાંઈ?

બહારથી કોઈ એમ માનીને બેઠા હોયને આપણે દેવ ને ગુરુની ભક્તિ કરો, કલ્યાણ થઈ જશે. ભવિષ્યમાં થશે. ધૂળેય નહીં થાય, સાંભળને! એ તો પુણ્ય છે, રાગ છે. રાગથી સુખ મુક્તિ ક્યાંથી થાતી હતી? સમજાણું કાંઈ? પરમાત્મા તો એમ ફરમાવે છે અહીં. તું તારી ભક્તિ કર. આહાહા! અને એ ભક્તિ વિના તારી મુક્તિ કોઈ દિ' (નહીં થાય). એવા તીર્થંકરો પણ પોતાના ત્રિકાળ સ્વભાવમાં જોડાઈને... ખરેખર તો રાગથી એકતા તોડી ને એક સમયની પર્યાયમાં એકતાબુદ્ધિ (હતી) એ તોડી, સમજાણું કાંઈ? આમ જોડાણ થઈ ગયું. ધ્રુવ અવિનાશી ભગવાન આત્મા એની એકાગ્રતા, એમાં લીનતા, એનું નામ યોગભક્તિ.

એવી **યોગભક્તિ કરીને નિર્વાણવધૂના સુખને પામ્યા છે.** લ્યો, મુક્તિરૂપી પરિણતિ એને પામ્યા. તીર્થંકરો પણ આવું કરીને પામ્યા, કહે છે. તું વળી બીજી જાત કર ને તને મુક્તિ થાય, એમ છે નહીં. ભારે કામ પણ. નિશ્ચય.. નિશ્ચય.. હવે કાંઈ વ્યવહાર ખરો કે નહીં? કીધુંને, આ વ્યવહારભક્તિ હોય છે, પણ એ વિકલ્પ છે, એ રાગ છે, એ પુણ્ય છે, પાપથી બચવા માટેનો ભાવ (આવે) બસ એટલી હદ છે એની. સમજાણું કાંઈ? એની મર્યાદા ધર્મમાં–મુક્તિના માર્ગમાં નાખી દે, એ ન ચાલે વીતરાગમાર્ગમાં. વીતરાગમાર્ગમાં તો વીતરાગપરિણતિથી મુક્તિ માર્ગમાં આવે. રાગની પરિણતિ વીતરાગમાર્ગમાં–મુક્તિમાર્ગમાં આવે નહીં. હવે મુનિરાજ

પોતાની વાત કરે છે. પહેલી ભક્તિ કરી, બીજામાં ગાથાનો અર્થ ભર્યો. ત્રીજામાં (કહે છે કે) પોતે–હું આ ભક્તિ (કરું) છું. (કળશ) ૨૩૩

**अपुनर्भवसुखसिद्धयै कुर्वेहं शुद्धयोगवरभक्तिम् ।**
**संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम् ॥२३३॥**

આહાહા! **શ્લોકાર્થ : અપુનર્ભવસુખની (મુક્તિસુખની)** દેનારી... અપુનર્ભવ–**મુક્તિ સુખની સિદ્ધિ અર્થે...** મારી પરમ નિર્વાણદશા મુક્તિ એને અર્થે–એને પ્રગટ કરવા માટે **શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું...** જુઓ! આ મુનિ. આનું નામ મુનિ. શુદ્ધ યોગ–શુદ્ધ પરિણતિ–વીતરાગદશા. પંચમહાવ્રતના વિકલ્પ પણ રાગ છે. એનાથી રહિત શુદ્ધ આત્માની પરિણતિ વીતરાગદશા એવા **યોગની ઉત્તમ ભક્તિ કરું છું** એમ કહે છે. આહાહા! અપુનર્ભવ એટલે મુક્તિ એના સુખની સિદ્ધિ અર્થે... ભવ વિનાની દશા એ મુક્તિ, એના સુખની પ્રાપ્તિ માટે... હું તો શુદ્ધયોગ (અર્થાત્) નિર્મળાનંદ આત્મા એની એકાગ્રતા એ શુદ્ધ ઉપયોગ–શુદ્ધયોગ–શુદ્ધ પરિણતિ–શુદ્ધ અવસ્થા–શુદ્ધદશા એ ભક્તિ કરું છું. ભારે કામ. વ્યવહારના રસિયાને તો આ ભારે લાગે. આ તો કહે, અરર! આ તો બધું (લોપ થાય છે). બાપુ! પણ વ્યવહાર તે પરલક્ષી ભાવ છે. સ્વલક્ષી ભાવ આવ્યા વિના મુક્તિ હોય નહીં. ધર્મ હોય નહીં પછી પ્રશ્ન ક્યાં ? મુક્તિ તો પછી રહી. સમજાણું કાંઈ ?

મુનિ પોતે કહે છે કે ઓહો! આ ભરતક્ષેત્રના ચોવીસ તીર્થંકરોએ આત્માના આનંદની ભક્તિમાં એકાગ્ર થઈને મુક્તિ મેળવી. એ કુંદકુંદાચાર્ય કહે, મુનિ કહે—બધા એક જ છેને. આહાહા! પોતે કહ્યુંને અંદર. **एवं काऊण जोगवरभत्तिं** તો **तम्हा धरु जोगवरभत्तिं.. તેથી તું કર ભક્તિ ઉત્તમ યોગની**. (ગાથાના) પાઠમાં છે. આ ભગવાનનો આદેશ છે, આ ભગવાનનો હુકમ છે. ત્રણ લોકના નાથ સર્વજ્ઞ તીર્થંકરદેવ જેના ચરણકમળ સો ઇન્દ્રો પૂજે એનો હુકમ આ છે. અરે, પ્રભુ! તારામાં પૂર્ણ આનંદ ને જ્ઞાન ભર્યું છે, એના સન્મુખની એકાગ્રતા કર, એ ભક્તિ કર. આહાહા!

આ મૂકીને બીજું કર એમાં કાંઈ મુક્તિ-બુક્તિ થાય એવું નથી, ધર્મ થાય એવો નથી, એમ કહે છે. **સંસારની ઘોર ભીતિથી...** આહા! અરે, જીવો! ચોર્યાસી લાખના અવતારનો ડર કરો. આહાહા! જન્મવું ને મરવું, કીડે, કાગડે, કૂતરે, નારકી, મનુષ્ય, ઢોર અને દેવ—બધા દુઃખના ભવ છે. આહાહા! ઘોર સંસાર છે. ચાર ગતિમાં અવતરવું એ ઘોર સંસાર છે. એનાથી જેને ભય હોય. અરે! હવે આ નહીં.. આ નહીં. ભવભયના ભીરુ—ઘોર સંસારથી ભય પામેલા. જેને ચાર ગતિના દુઃખથી ભય છે. સ્વર્ગનો ભવ પણ દુઃખનો છે. ધૂળેય નથી ત્યાં સુખ. સમજાણું કાંઈ? આ બધા શેઠીયાઓ કરોડપતિ ને અબજોપતિ બિચારા દુઃખી છે. સમજાણું

કાંઈ? રાગ ને દ્વેષની આકુળતામાં ... રહ્યાં છે, પડ્યા છે, દુઃખી છે, આહાહા! દુનિયા મૂરખ એવા પૈસાવાળાને, દેવને સુખી કહે. સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા કહે છે કે દેવ હો કે ધૂળ–અબજોપતિ શેઠીયા હો, એનો જેને આ 'મારા છે' એવો ભાવ છે એ જ એને મહાદુઃખ છે. બહુ દુઃખી છે બિચારા, કહે છે. આહાહા! બધા કપડા-દાગીના પહેર્યા હોય લાખ-બે લાખના, ખડક્યા હોય આ શરીર ઉપર. અહીં લટકતા લવિંગીયા, અહીં આ ને આ. ધૂળના શણગાર છે. આહાહા! અરે! દુઃખનો તને જો ભય હોય... આહાહા! જેને આ પૈસાવાળા શેઠીયા ને સ્વર્ગવાળા સુખી દેખાય, એને ભવભય ક્યાંથી હોય? એને તો પ્રિય છે એ. ચંદુભાઈ! આહાહા! આ રૂપિયાના ઢગલા થતા હોય, બબ્બે લાખની પેદાશું વર્ષે, મહિને, અરે! એક-એક દિ'ની પાંચ-પાંચ લાખની પેદાશ હોય. જુઓ! છેને અત્યારે વાણિયા. એક-એક દિવસની પાંચ-પાંચ લાખ. ધૂળ છે. શું છે પણ એમાં? સ્મશાનની રાખું છે. એ બિચારા દુઃખી છે કહે છે. ભવના ભયનું દુઃખ જો તને લાગ્યું હોય તો ખસી જા ન્યાંથી હવે. આહાહા!

**સંસારની ઘોર ભીતીથી...** આહાહા! આકરો ભય કર આકરો. અરર! એક અવતાર ધારણ કરવો મહાદુઃખ છે. નિર્વાણવધૂના સુખને પામ્યા છે. લ્યો. **સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.** એ સાગમટે બધી વાતું છે લ્યો! છેને 'સર્વ જીવ' છેને? ઓહોહો! **सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्...** હે ભગવાન આત્માઓ! આહાહા! આવો, કરો પ્રભુ! તારે આ કરવાનું છે નાથ! બીજું નથી, એમ કહે છે. આહાહા! હોળી તો જગતની અનંત વાર (કરી) રાગ-દ્વેષની હોં, બાકી પરનું કાંઈ કર્યું નથી. વેપાર-ધંધા, ફલાણું, ...—એવું કાંઈ કર્યું નથી. ચંદુભાઈ! ધંધો કર્યો છે? બિલકુલ નહીં. જડને કોણ કરે? એમાં બેઠો રાગ ને દ્વેષ ને અજ્ઞાનના ભાવને કરે. આહાહા! અને મૂરખ માને કે કાંઈક રળવાનો ધંધો કરું. જાય ખોટ એમાં. આહાહા! કમાણી ભાળે જ્યાં બે લાખ-પાંચ લાખની મહિને, આંધળા (જાણે કે) અમે સુખી છીએ. ધૂળેય નથી સુખ, સાંભળને! આ તો રાગ ને દ્વેષના પરિણામ તો મહાદુઃખના ભયંકર ઘોર સ્મશાનના પાપ છે બધા. આહાહા! **તે ઉત્તમ ભક્તિ કરો**. માથે કહી એવી (ભક્તિ)–આત્માની સાથે અંતર જોડાણ (કરો). પુણ્ય-પાપના વિકલ્પો તો પર સાથે જોડાણ છે, એ તો દુઃખરૂપ દશા છે. આ ભારે વાત આકરી હોં. આહા! હવે, આવું વસ્તુનું સ્વરૂપ પહેલું ગુરુગમથી મેળવ, કહે છે.

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः ।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानपास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि ॥२३४॥**

**अधुना**–હમણાં. ક્યાં આવ્યું **अधुना**? '**હવે**' આહાહા! (એટલે) **હું, હવે. હવે** છે ને?

ઓહોહો! કેટલું નાખે છે પણ! **ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને...** એટલે એમ કહે છે કે ગુરુ એ વાત તને કહેશે કે તું તારા આત્મામાં જોડાણ કર. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **ગુરુના સાનિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને**... આહાહા! એણે એમ સંભળાવ્યું ગુરુએ, જ્ઞાનીએ, ધર્માત્માએ કે ભાઈ! તારો ભગવાન તારી પાસે પૂરો તું સમીપ છો. એની અંદર નજર કર, એમાં એકાગ્ર થા. એ સાચી ભક્તિ ને મુક્તિનું કારણ છે. એ ગુરુ પાસે શીખ્યો આ. આહાહા!

**જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...** આહાહા! દેખો! એમણે એમ બતાવ્યું હતું કે આ તારો ભગવાન અંદર ચૈતન્યચમત્કાર પ્રભુ એનો અનુભવ કર. એની સામું જો, અમારી સામું જોવું છોડી દે. આહાહા! એમ એમણે કહ્યું હતું. ત્યારે એને નિર્મળસુખકારી ધર્મ પ્રાપ્ત થયો. **જ્ઞાન વડે જેણે મોહનો મહિમા નષ્ટ કર્યો છે.** દેખો! આહાહા! પોતાના આનંદનો મહિમા જ્યાં આવ્યો જ્ઞાનમાં, એ વડે રાગાદિ પરવસ્તુનો મહિમા છૂટી ગયો. પરની મહિમા કાંઈક 'આ આહ્‌લાદિત છે, ઉલ્લસિત છે, ઠીક છે' એવો જે મિથ્યામોહ એ જ્ઞાન વડે નાશ થઈ ગયો. ભગવાન આત્મા આનંદનો નાથ જ્યાં જ્ઞાનમાં જણાણો, એ જ્ઞાન વડે બધો મોહ નષ્ટ થઈ ગયો. **એવો હું...** વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક સુદ ૬, સોમવાર, તા. ૨૫-૧૦-૧૯૭૧
## શ્લોક - ૨૩૪ થી ૨૩૭, પ્રવચન નં. ૧૫૮

આ નિયમસાર સિદ્ધાંત છે, પરમ-ભક્તિ અધિકાર. પરમભક્તિ કહો કે નિયમસાર કહો કે મોક્ષનો માર્ગ કહો. એવા જ અધિકારો બધા એમાં લીધા છે. ૨૩૪. આ તો બોલાઈ ગયું છે, ફરીને.

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः ।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि ॥२३४॥**

માખણ છે એકલા. **શ્લોકાર્થ : ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને...** આ પહેલી લીટી. ધર્માત્મા ગુરુ એની દેશનાલબ્ધિ એને મળવી જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીનો ઉપદેશ નિમિત્ત ન હોઈ શકે, એમ કહે છે. **ગુરુના સાનિધ્યમાં...** જે ધર્માત્મા, આત્મજ્ઞાની, મુનિ-સંત આદિ એના સમીપમાં... એમ કહીને એમ કહે છે કે ખાસ સમજવા માટે, સાંભળવા માટે આવ્યો છે. ગુરુ એને કહેવા ગયા નથી. '**ગુરુના સાનિધ્યમાં**' એમ આવ્યુંને? હવે ગુરુએ શું કહ્યું કે જે એણે પ્રાપ્ત કર્યું? એણે જે પ્રાપ્ત કર્યું એ ગુરુએ કહ્યું હતું. **નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને...** આ શબ્દ છે. નિર્મળ સુખકારી એટલે કે આત્માને આનંદ દેનાર એવો નિર્મળ ધર્મ-નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ. આ ભક્તિ. આત્મા અખંડ આનંદ, અખંડ જ્ઞાન, પૂર્ણ શુદ્ધ પવિત્રનું ધામ...

શરૂઆત એ રીતે આમાં થઈ છે કે જેને જન્મ-મરણના દુઃખ લાગ્યા હોય, ભવથી બીનો (-ડર્યો) હોય, એને ગુરુ સમીપે જાવું, એમ કહે છે. અને તે ગુરુ પાસે શું સમજ્યો? **નિર્મળસુખકારી ધર્મ...** ગુરુએ એ કહ્યું, એવું એ પામ્યો. એણે કહ્યું કે ભાઈ! આ આત્મા શુદ્ધ આનંદધામ ભગવાન છે. એની સન્મુખની નિર્વિકલ્પ રાગ વિનાની શુદ્ધ પરિણતિ-અવસ્થા એ ધર્મ છે, એ આત્માની ભક્તિ છે. એને જ ધર્મ કીધો. જેમાં અતીન્દ્રિય આનંદ મળે એવો ધર્મ. એને **પ્રાપ્ત કરીને...** લ્યો, બહુ કર્યું. નિર્મળસુખકારી ધર્મ એટલે આત્માની સન્મુખ થઈને શુદ્ધ વીતરાગી, નિર્દોષ, નિર્વિકલ્પ, આનંદદાયક નિર્વિકલ્પ શુદ્ધપરિણતિ, એને અહીંયા પરમભક્તિ કહેવામાં આવે છે, એને ધર્મ કહે છે.

એવા **ધર્મને પ્રાપ્ત કરીને...** પહેલો પ્રાપ્ત હતો નહીં. પહેલા તો રાગ ને દ્વેષને પ્રાપ્ત હતો. એટલે આવા નિર્મળસુખનો દેનાર વર્તમાન આનંદદાયક ને ભવિષ્યમાં પણ આનંદદાયક

(હોય) એનું ધર્મ નામ કહીએ. ધર્મ એવો ન હોય કે વર્તમાન દુઃખરૂપ લાગે અને એનું ફળ સુખરૂપ થાય. કષ્ટ સહન કરવા પડેને પહેલા? કાયક્લેશ ને, નથી આવતું? આહા! એ તો વર્તમાનમાંય આનંદ ને ભવિષ્યમાંય આનંદ, એને અહીં ધર્મ કહીએ. ભગવાન આત્મા... ગુરુએ આ કહ્યું (અને એ) શાસ્ત્રનો સાર છે. જુઓ! સમજાણું કાંઈ? આ તો બાર અંગ શાસ્ત્રનો સાર (એવો) જે ધર્મ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહ્યો, એ ધર્મ ગુરુએ એને કહ્યો. ધર્મ એ તારી ચીજ છે. તારામાં વસ્તુ છે આનંદ, જ્ઞાન, શાંતિ એની સન્મુખની એકતા કર, એ ધર્મ છે. સમજવું પહેલું કઠણ. એનું લક્ષ દોર્યું પહેલું ગુરુએ, લક્ષ દોર્યું કે આ ધર્મ છે. સમજાણું કાંઈ?

**જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...** ખુલાસો કર્યો. નિર્મળસુખકારી ધર્મ એટલે શું? શું એ પામ્યો? એ પામ્યો જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન, સમ્યગ્જ્ઞાન-સ્વસન્મુખનું જ્ઞાન, સમ્યગ્દર્શન-સ્વસ્વરૂપની દૃષ્ટિ અને તેમાં લીનતા—એ ત્રણેય જ્ઞાન છે. ત્રણેયમાં રાગ ને વિકલ્પ છે નહીં. આહાહા! એ **જ્ઞાન વડે જેણે**... ભાષા દેખો! પોતાનો આનંદસ્વભાવ એ જ્ઞાનમાં છે. આનંદસ્વભાવ કાંઈ રાગમાં નથી. એવો ભગવાન આત્મા એની સન્મુખનું જ્ઞાન ને આનંદ પ્રાપ્ત કરી, એ વડે પ્રાપ્ત કર્યો આ ભાવ, એ **વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે**... મોહનો મહિમા નાશ થઈ ગયો છે. રાગાદિના પરિણામની મહિમા એને છે નહીં. સમજાણું કાંઈ? ધર્મ ભારે! પોપટભાઈ! આવો ધર્મ. અનાદિ-અનંત ત્રિકાળ ધર્મ તો આ છે. **જ્ઞાન વડે જેણે** એટલે કે આત્માના સ્વભાવના ભાન દ્વારા આત્માનું જ્ઞાન કર્યું, આત્માની શ્રદ્ધા કરી, આત્માની સ્થિરતા કરી—એ ત્રણેયને જ્ઞાન કહેવાય છે, (કેમકે) એમાં રાગ નથી માટે.

**જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા**... વ્યવહારનો વિકલ્પ એનો પણ મહિમા જેને છૂટી ગયો છે. ભક્તિ (અધિકાર) છેને. આ તીર્થંકર પ્રત્યેના ભક્તિના ભાવનો મોહ છૂટી ગયો છે એમ કહે છે, મહિમા છૂટી ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ એની જેણે ભક્તિ કરી છે, એની જેણે ભક્તિ કરી છે, એણે પર પ્રત્યેના મોહને નષ્ટ કર્યો છે. **એવો હું**... બે વાત કરી. પ્રાપ્ત કર્યો ને ઓલો નષ્ટ કર્યો. ઉત્પાદ કર્યો અને બીજો વ્યય કર્યો, એમ થયુંને? આત્માની શુદ્ધ નિર્વિકલ્પ ધર્મની પરિણતિ પ્રાપ્ત કરી અને મોહ પ્રત્યેનો મોહ, મોહ પ્રત્યેની મહિમા, મોહ પ્રત્યેની મહિમા વ્યય કર્યો, આહાહા! સમજાણું કાંઈ? અહીં વ્યવહારનો મહિમા નષ્ટ કર્યો એમ કહે છે. આવે ભલે અંદર. અહીં તો વ્યવહારને યાદ જ કર્યો નથી. કહો, પંડિતજી! વ્યવહાર કહાં ગયા? (શ્રોતાઃ વ્યવહાર વ્યવહારમાં ગયો). આહાહા!

ભગવાન! તારું સ્વરૂપ એકલા અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ જ છે. એવા અતીન્દ્રિય આનંદનો સ્પર્શ થતાં, સન્મુખતા થતાં, એની મહિમા આવતાં, એને નિર્મળ આનંદની પ્રાપ્તિ થાય છે. એ વડે જેણે વિકલ્પાદિ શુભરાગ હો, એનો પણ મહિમા જેણે નષ્ટ કર્યો છે. **એવો હું...** મુનિ પોતે પોતાની વાત કરે છે. લ્યો, આ મુનિપણું કહો, ધર્મ કહો કે પરમ ભક્તિ

કહો—એ બધું આ છે. આહાહા! પહેલું તો ગ્રાહ્ય થવામાં મુશ્કેલ પડે લોકોને. આ બધું ક્યાં ગયું ત્યારે આ? પોપટભાઈ! આ બધું મહેનત કરીને આ સંચા લઈને આવ્યા, ... લાવ્યા..... એ વજુભાઈ! કેટલી મહેનત કરે છે પોપટભાઈ. આહાહા! કહે છે કે હો, પણ એની મહિમા ઊડી ગઈ છે હવે. **એવો હું**... અત્યાર સુધી તો પુણ્ય ને પાપના વિકલ્પની પરંપરા વડે મારું ચિત્ત પરિણત હતું. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ કે અશુભરાગ... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો બધો શુભરાગ છે. એવા રાગ વડે પરિણત ચિત્તવાળો પહેલો હતો પર્યાયમાં.

**હવે રાગ-દ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને...** આહાહા! જેમાં રાગનો કણ પણ ઊભો થાય એવા ચિત્તને હું છોડી દઉં છું એટલે એની જ્ઞાનની અવસ્થામાં થાય એને હું છોડી દઉં છું. આહાહા! સમજાણું કાંઈ? એનું નામ પરમભક્તિ, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર—જન્મઉદ્ધારક આચરણ. બાકી તો આ જન્મ-મરણ કરીને સોથા નીકળે છે. આહાહા! કહે છે કે અનાદિનો રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એવા ભાવથી ચેતન રંગાયેલું હતું એને મેં છોડી દીધું છે. આહાહા! **શુદ્ધ ધ્યાન વડે**... પહેલું કહ્યું હતું 'જ્ઞાન વડે', આહીં 'શુદ્ધધ્યાન વડે' (એટલે) આત્મા આનંદસ્વરૂપ ભગવાને એની અંતર એકાગ્રતા વડે... ચાહે તો આઠ વર્ષની બાલિકા હો, પણ સમ્યગ્દષ્ટિના આ લક્ષણો ને આ સ્વરૂપ હોય છે. સમજાણું કાંઈ? શુદ્ધ ધ્યાન એટલે? ધ્યાનને પણ પાછું વિશેષ નાખ્યું. ધ્યાન તો કરે છે આર્ત ને રૌદ્રધ્યાન. આ તો શુદ્ધ ધ્યાન... તદ્દન પવિત્ર ભગવાન આત્મા એની એકાગ્રતાનું ધ્યાન, એ પવિત્ર ધ્યાન વડે... જેના ધ્યાનમાં ધ્યેય ભગવાન આત્મા છે, જેની વર્તમાન ધ્યાનની દશામાં ધ્યેય ધ્રુવ ભગવાન છે. આહાહા! સમજાણું કાંઈ?

**શુદ્ધ ધ્યાન વડે સમાહિત (એકાગ્ર, શાંત) કરેલા મનથી...** આહાહા! ભારે શ્લોક. આવો ધર્મ વીતરાગનો હશે? ..... વ્રત પાળવા, પૂજા કરવી, જાત્રા કરવી, દયા પાળવી, અપવાસ કરવા—એવું તો આમાં આવ્યું નહીં કાંઈ. એ તો બધી વિકલ્પની, રાગની મંદતાની વાતું છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા! ડોક્ટર! આવો માર્ગ છે. અનંત તીર્થંકર... આ ગુરુનું સાનિધ્ય કહ્યુંને? અનંત તીર્થંકરો આ જ કહેતા આવ્યા છે, કહે છે. અનંત સંતોએ આ કહ્યું છે. આથી વિરુદ્ધ કહે એ જૈનદર્શન નહીં. સમજાણું કાંઈ? **શુદ્ધ ધ્યાન વડે એકાગ્ર, શાંત કરેલા મનથી**... મન તો .... પરિણતિ છેને નિર્મળ. આનંદસ્વરૂપ તત્ત્વમાં... વળી પાછું કેવો છે ભગવાન આત્મા? આનંદસ્વરૂપ છે એ તો, અતીન્દ્રિય આનંદનું ધામ. આહાહા! જેમાં—આત્મતત્ત્વમાં આનંદથી રેલમછેલ ભરેલું તત્ત્વ છે. આહાહા! હજી સમજમાં લક્ષમાં તો લે વાત કે માર્ગ આ છે. સમજાણું કાંઈ?

**આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો...** ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતસ્વરૂપ આનંદસ્વરૂપ છે, એમાં હું જાતે સ્થિત રહેતો થકો... હું એમાં સ્થિર રહ્યો થકો, **પરમબ્રહ્મમાં**

**લીન થાઉં છું.** પરમબ્રહ્મ નામ ભગવાન આત્મા એમાં લીન થાઉં છું. 'લીન થાઉં છું' એ શુદ્ધ ધ્યાન કહો કે એકાગ્રતા કહો, નિર્મળ સુખકારી ધર્મ કહો—એ બધા વિશેષણ એના છે. આહાહા! સમજાણું કાંઈ? **પરમબ્રહ્મમાં લીન થાઉં છું**. ભાઈ! આ લખાય છે ત્યારે ક્યાં લીન થાઉં છું? એ તો વિકલ્પ છે. લીન જ થાઉં છું, લીન જ છું. (વિકલ્પ) હોય તો એ મને નથી. સમજાણું કાંઈ? પરમાત્મામાં... પરમબ્રહ્મ એટલે પરમ-આત્મા. અહીં હવે લેશે. આનંદસ્વરૂપ તત્ત્વ કહ્યું, પરમબ્રહ્મ કહ્યું, વ્યવહારનો મોહ છોડ્યો કહ્યો, પરંપરાએ ચિત્તને રાગની ધારામાં પરિણમતુ હતું એને છોડ્યું કહ્યું—ઘણું કહ્યું હોં. બધુંય કહ્યું. આહાહા! દિગંબર સંતોની કથની અપૂર્વ છે! પોતાની નહીં .... લગાવે ત્યાં તો. એકેક શ્લોકમાં...

ભાઈ! તું આનંદથી પૂરો છોને પ્રભુ! તને તો આનંદાત્મકતત્ત્વ એમ કહીને બતાવ્યું અહીંયા. તું આનંદથી ભરેલો તત્ત્વ છો. અતીન્દ્રિય આનંદ જે સિદ્ધને છે એવા જ આનંદથી ભરેલું તત્ત્વ તારું છે. આહાહા! આ ચિત્તની પરિણતિ અનાદિથી રાગમાં–શુભરાગાદિમાં જોડાયેલી છે, છોડી દે, અહીં જોડ. અહીં તોડ ને અહીં જોડ. આહાહા! ટૂંકુ ને ટચ. સ્વમાં વસ, પરથી ખસ, ટૂંકું ને ટચ. શાંતિભાઈ!

એક હતા આદિસાગર. ... પણ અહીંનું વાંચન કરે. અહીંના પુસ્તકો બહુ મંગાવતા. ક્ષુલ્લક હતા. એ ગામડામાં કહે આવું ટૂંકુ. અહીંના પુસ્તકોનો ગુજરાતમાં બહુ પ્રચાર કરેલો. આદિસાગર છે ક્ષુલ્લક. ગુજરી ગયા. સ્વમાં વસ, પરથી ખસ, એ ટૂંકું ને ટચ. આહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એમાં વસ, રાગની ધારા પર છે એનાથી ખસ, એ બાર અંગમાં ટૂંકામાં ટચ આ કહેવું છે. સ્વરૂપચંદજી! કહો, સમજાણું કાંઈ? આહાહા! અરેરે! આવો આત્મા! આટલું કહું છું છતાં આટલો કાળ રખડ્યો? ભાઈ! એને હાથ ન આવ્યું. એને સાંભળવાને ન મળ્યું. સાંભળવા મળ્યું હોય તો સ્વસન્મુખની દૃષ્ટિ કરી નહીં. અહીં તો એવો જ જીવ લીધો છે કે જેણે ગુરુ પાસે સાંભળ્યું ને પામે. એ જ લીધો છે અહીં તો. સમજાણું કાંઈ? લ્યો, એ શ્લોક પૂરો થયો. હવે, ૨૩૫.

**निर्वृत्तिन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम् ।**
**सुन्दरान्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम् ॥२३५॥**

આ **जो इंदिये जिणित्ता** (જેવી વાત) છે. બીજી-બીજી ખબર હોયને. વસ્તુને ખ્યાલમાં રાખવા માટે... **શ્લોકાર્થ : ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...** આહાહા! ધર્મ કરનાર પ્રાણીને પાંચ ઇન્દ્રિયો અને વિષયો આદિથી લોલુપતા નિવૃત્ત થઈ છે. આહાહા! શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ. શબ્દમાં તો પછી ભગવાનની વાણી પણ આવી ગઈ હોં. રાડ નાખે બધા. ઇન્દ્રિય લોલુપતા એ. આહાહા! પાંચ ઇન્દ્રિયના વિષયો, જડ-ઇન્દ્રિય અને ભાવેન્દ્રિય–જે ખંડખંડ ઇન્દ્રિય એક-એક વિષયનું કાર્ય કરે—એની પણ લોલુપતા છોડીને... અને તે ઇન્દ્રિયના વિષયો

તે પણ ઇન્દ્રિય જ છે, એની પણ લોલુપતા છોડીને... આહાહા! અહીં તો કહે છે કે લાવને આટલું સાંભળી લઉં એ લોલુપતા છે, એને છોડીને... એમ કહે છે. શાંતિભાઈ! આવો માર્ગ છે ભાઈ! આંખથી, કાનથી જે કાંઈ (જ્ઞાન) થાય છે એના તરફની લોલુપતા છોડીને... ઓહો! ભગવાન આત્મા તો અતીન્દ્રિય છે. સમ્યગ્દર્શનનો વિષય અતીન્દ્રિય આત્મા છે, સમ્યગ્દર્શનનું ધ્યેય અતીન્દ્રિય ભગવાન આત્મા છે, પરમબ્રહ્મસ્વરૂપ પરમાત્મા પોતે છે. આહાહા! ભારે! ઇન્દ્રિય લોલુપતા... બંધ કરાવવું છે પહેલું બધું આખું? હા, બહારથી બધું બંધ કરી દે, કહે છે. પોપટભાઈ! ભારે વાત આવી.

**અને તત્ત્વલોલુપ જેમનું ચિત્ત છે...** અસ્તિ-નાસ્તિ કરી. આહાહા! બે ભાગ. એક તો તત્ત્વ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા, એક બાજુ પાંચ ઇન્દ્રિય અને એના વિષયો. એ બધી લોલપુતા ઇન્દ્રિયની છોડી દઈને, **તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક)**... જે આત્માને અંતર અનુભવવા માટે અંતર.. અંતર.. અતિ ઉત્સુક છે. આહા! બહિર્મુખની લોલુપતા છોડી, અંતર્મુખની ઉત્સુકતાવાળું **જેનું ચિત્ત છે**... આહાહા! દુનિયાને હાથ બહારના ઝાંવા રહ્યા બધા. ભગવાનનો અંતર માર્ગ કેવો છે એ એને સાંભળવા મળ્યો નહીં. ભક્તિ કરો ભગવાનની, જાત્રા કરો બાર મહીને કારતક પૂનમની, શેત્રુંજ્યની કે સમ્મેદશિખરની, જાઓ. કહે છે, સાંભળને! એ તો રાગ છે. અશુભથી બચવા એવો કાળ હોય તો આવે. એ કાંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? શ્રીમદ્ કહે છેને કે દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કંઈક સમજી શકાય છે. જુઓને! એકેક કડી કેવી છે! સમજાણું કાંઈ?

પરમબ્રહ્મ ભગવાન આત્મા છે અંદર. પરમબ્રહ્મ નામ આનંદ, બ્રહ્મ નામ આનંદ. પરમબ્રહ્મ અતીન્દ્રિય આનંદની મૂળ ચીજ એ છે. એનો લોલુપી–અંતર્મુખ થવાનો ઉત્સુક, ઉત્સાહિત... પર તરફની ઉત્સાહ વૃત્તિને છોડી દઈને, અંતરના ઉલ્લસિત વીર્યવાળો એવું જેનું ચિત્ત છે. આહાહા! આમાં એકલું માખણ છે, વાર્તા ને કથા નથી. આટલું વાંચ્યા પછી આ થાય, એ અહીં વાત નથી કરવી. આહાહા! આ તો અહીંયા પરમબ્રહ્મ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના તરફનું ચિત્ત જેનું ઉલ્લસિત, વીર્ય ઉલ્લસિત છે, ઉત્સુક છે (અને) આ બાજુની ચિત્તની પરિણતિ જેણે છોડી દીધી છે. આહાહા! પહેલેથી ધર્મ આવો હશે?

એવા જીવને... આ બાજુની ઇન્દ્રિયની લોલુપતાનો અભાવ કર્યો છે (અને) અતીન્દ્રિય આત્મતત્ત્વ પ્રત્યેનું ચિત્ત જેને ઉલ્લસિત થયું છે. એવા જીવને **તેમને સુંદર-આનંદ ઝરતું...** જેમાં અતીન્દ્રિય આનંદ ટપકે છે એવો આત્મા. પોતે સુંદર આનંદસ્વરૂપ આત્મા, પણ એમાં એકાગ્ર થતાં સુંદર આનંદ ઝરે છે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે... અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન પોતે પરમબ્રહ્મસ્વરૂપ પોતે... આહાહા! અહીં તો કહે છે કે એનો જેણે આદર કર્યો, એ તત્ત્વ જ એવું છે કે (એને) સુંદર આનંદ ઝરે. સમજાણું કાંઈ? આહાહા! કહો, હસમુખભાઈ! ન્યાં તો

પૈસા આડે આ સાંભળવાનું મળે નહીં. આ પૈસા દસ લાખ પેદા કર્યા ને પાંચ લાખ પેદા કર્યા, ફલાણું કર્યું, ઢીકણું કર્યું. ખોટ કરી છે બધી.

ત્યારે કહે, આ આખી વાત નાખી કેમ નથી દેતા? વળી એમ કહે. પણ નાખવું ને... આહા! નાખે કે રાખવાની વાત જ ક્યાં છે? એનામાં ચીજ હતી જ ક્યાં કે નાખી દે? અને રાખી છે ક્યાં કે રાખી દે? માની છે કે આ મારામાં છે. એટલી માન્યતા છે એ માન્યતા છોડવાની છે. આહાહા! આવો માર્ગ ભારે ભાઈ! આ બધા આટલા બધા માર્ગ કેટલા વર્ષોથી ચાલ્યા જાય છે. આ અપવાસ કરવા, દસ કરવા, આઠ કરવા, નકોરડા–પાણી વિનાના કરવા, આવા કરવા ને... એ બધું આમાં કાંઈ આવ્યું નહીં. ભગવાન! એ બધું આવ્યો તારો નાથ. એ તત્વ જ એવું છે. આહાહા!

કહે છે કે જેણે ચિત્તને એના તરફ વાળ્યું એ તત્ત્વ સુંદર-આનંદ ઝરતું તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? સુંદર-આનંદ ઝરે, નિર્વિકલ્પરસ ઝરે છે, કહે છે. ભગવાન નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ છે એની એકાગ્રતાથી એમાં આનંદરસ ઝરે એવું જ એ તત્ત્વ છે. આહાહા! એ ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. જેનું ચિત્ત અંતર ઉલ્લસિત છે, બહારથી લોલુપતા ગઈ છે, એને આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ એને પ્રાપ્ત થાય છે. એને ... પ્રગટે, સિદ્ધપદની પર્યાય પ્રગટ થાય છે અથવા મોક્ષનો માર્ગ એને પ્રગટ થાય છે. આહાહા! એકલા માખણ ભર્યા છે આમાં. પામર થઈને પડ્યો અને પામરની જેવી વાતું બતાવે કે અપવાસ કરો, નિર્જરા થાશે. કાળ જાશે તારો, સાંભળને! નિર્જરા ક્યાંથી થાતો હતો? જ્યાં સુધી આત્મા આનંદ ઝરતો એને અનુભવમાં ન આવે ત્યાં સુધી કર્મ ઝરે ક્યાંથી?

આ નિર્જરાની ઉપર આવ્યું બધું, લ્યો. અપવાસ... કરે તો... જેઠાભાઈને બહુ ખબર હોય. અઠ્ઠમ ઉપર એક પોષો કરે, પોષો શું, પોરસી, તો પચ્ચીસ અપવાસનો લાભ. એમ બોલતા ન્યાં. ગાડું ભર્યું હોય ખડનું-રાડાનું, એમાં એક પૂળો મૂકે તો પણ ઘણું કહેવાય, એમ અઠ્ઠમ કરે ને એક... એ બધી વાતું કરતા હોય. શાંતિભાઈ! આહાહા! એમ અઠ્ઠમ ઉપર એક પોરસી ચડાવેને તો પચ્ચીસ અપવાસનો લાભ. પચ્ચીસ અપવાસનો લાભ ને? ધર્મનો નહીં ને? એ તો બધી લાંઘણું છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, તમે કર્યું હતુંને. કેટલા કર્યા હતા આઠ? દસ .... અટકી ગયા. આહાહા! ... કેટલા ... કર્યા? સુંદર આવા આત્માને... જેણે આ (બહાર) બાજુની દિશા બંધ કરી છે અને અંતર દિશા જેણે ખોલી છે... શાંતિભાઈ! આહાહા! એને અતીન્દ્રિય આનંદનો દરિયો ઝરે છે. એની દશામાં અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ થાય છે, એને આત્માની પરમ-ભક્તિ કહીએ, એને ધર્મ કહીએ, એને મોક્ષનો માર્ગ કહીએ, એને સમકિત-જ્ઞાન ને ચારિત્ર કહીએ. આહાહા! ૨૩૬.

**अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे ।**
**यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे ॥२३६॥**

શાંતિભાઈ! આવાને યતિ કહીએ, બાકી બીજા યતિ નથી, એવું આવે લ્યો. ભાગ્યશાળી છે કે રહી ગયા. આહાહા! દિગંબર મુનિ થવાના હતા. ગૃહસ્થ છે. શાંતિસાગર નામ છે. ગૃહસ્થ માણસ છે, બૈરા છે, છોકરો છે, બાપ છે. દિલ્હી.. દિલ્હી. દિગંબર સાધુ થવાના હતા નગ્ન મુનિ. બૈરાએ રજા આપી દીધી, જાઓ. હવે આ કોઈનું કાંઈ માનશે નહીં. એમાં આ સાહિત્ય મળ્યું. ઓય માળે! ..... બહુ ભોળો જીવ, વૈરાગી. દિગંબર મુનિ થઈ જાઓ. દિગંબર મુનિ કહેવા કોને? એ કહે છે અહીં જુઓ! આહાહા! એ કહે છે અહીં.

**શ્લોકાર્થ : અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે જે યતિઓ યત્ન કરે છે, તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે...** આહાહા! **બીજાઓ નહિ.** અસ્તિ-નાસ્તિ કરી છે બે શબ્દમાં. હવે એનો વિસ્તાર. **અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવના...** અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એની અતિ અપૂર્વ-પૂર્વે નહીં કરેલી... પૂર્વે કરેલી તો બધી દયા-દાન-વ્રતાદિ રાગની ભાવના હતી. એથી **અતિ અપૂર્વ નિજાત્મજનિત...** ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એનાથી જનિત-આત્મસ્વભાવથી ઉત્પન્ન થતી ભાવના એટલે એકાગ્રતા. આહાહા! એનાથી ઉત્પન્ન થતા સુખ માટે-આનંદને માટે... આહાહા! અતીન્દ્રિય આનંદના અનુભવ માટે જે યતિઓ અંતરમાં સ્વરૂપમાં યત્ન કરે છે એને યતિ કહીએ, મુનિ કહીએ. બાકી બધા મુનિ નહીં. એમ આવ્યું જુઓ! છે? આહાહા! પોતે મુનિ છે ..... કરનાર. આહાહા!

**અતિ અપૂર્વ**.. પાછું બે શબ્દ. એકલો અપૂર્વ નહીં. આહાહા! મુનિપણા ...... દશા છેને. **અતિ અપૂર્વ નિજાત્મજનિત...** ભગવાન ચૈતન્ય પ્રભુ અખંડ આનંદનો ભંડાર એમાં જેણે વીણા વગાડી... સમજાણું કાંઈ? અંતર આત્મા આનંદસ્વરૂપની સાથે એકાગ્રતા, તેનાથી ઉત્પન્ન થયેલી એકાગ્રતા-ભાવના, એનાથી ઉત્પન્ન થતું સુખ... એમાં આનંદ ઉત્પન્ન થાય. એને માટે જે યતિઓ... યતિ એટલે જતિ એમ નહીં હોં, સ્વરૂપમાં યત્ન કરે તે યતિ, બાકી બધા.... આહાહા! મુનિએ પણ કામ કર્યું છેને! આહાહા! સાધુ એને કહીએ કે **અતિ અપૂર્વ નિજાત્મજનિત...** આત્માથી, પણ રાગથી-વિકલ્પથી નહીં. એની ભાવનાથી ઉત્પન્ન થતો આનંદ... અતીન્દ્રિય આનંદને માટે જે સંતો યત્ન... યતિઓ અંતર આનંદમાં યત્ન કરે છે, અંતર આનંદમાં ડૂબકી મારે છે... આહાહા!

**તેઓ ખરેખર...** એ જ ખરેખર જીવન્મુક્ત થાય છે. તેને જીવન્મુક્ત દશા કહીએ કાં જીવન્મુક્ત થાય છે. એવા મુનિઓ કેવળજ્ઞાનને પામે છે. આહાહા! ભારે વાત. **તેઓ ખરેખર...** આયુષ્ય દેહનું હોવા છતાં અંતરમાં મુક્ત થાય છે. જો કે સમકિતી પણ રાગ ને શરીરથી મુક્ત જ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માના અંતર સ્વભાવને જેણે પકડ્યો, એ વિભાવ ને શરીરાદિથી તો મુક્ત

જ છે. ગૃહસ્થાશ્રમમાં.... એ બધા છોડી દીધા છે એણે. આહાહા! તેઓ ખરેખર દેહની સ્થિતિ–આયુષ્ય આદિ હોવા છતાં, અંતર આનંદસ્વરૂપની જતનાથી જેણે આનંદને માટે પુરુષાર્થ કર્યો છે, એ જીવતા—શરીરનું આયુષ્ય—હોવા છતાં મુક્ત છે. કહો, ચંદુભાઈ! લ્યો, આ સાધુપણું. આહાહા! આ તો નામેય સાંભળ્યા ન હોય ને થઈ ગયા સાધુ. આહાહા!

મુનિ, પોતે મુનિ–સાધુ છે. જે આત્માના આનંદની ભાવનાથી સુખ માટે યત્ના અંદરમાં કરે તેને સાધુ કહીએ. અહીં એમ નથી કહ્યું કે પંચમહાવ્રત પાળે ને ૨૮ મૂળગુણ પાળે (એ સાધુ). ચંદુભાઈ! એમ કહ્યું? વ્યવહારની તો વાત યાદ કરી નથી આમાં. આહાહા! ધર્મના મારગડા જુદા છે ભાઈ! કહે છે કે આવા ખરેખર જીવતા મુક્ત છે. શરીરે આયુષ્ય હોવા છતાં... શરીરને આયુષ્ય છેને, આત્માને ક્યાં છે? અંદરમાં ચૈતન્યગોળો, શાંતિનો સાગર ઝૂલો ઉછળે છે, કહે છે. **બીજાઓ નહીં** હોં, એમ કહે છે. અનેકાંત કર્યું. બીજા સાધુ નહીં અને બીજા જીવનમુક્ત થાય નહીં. આહાહા! છેલ્લો કળશ ૨૩૭. આ તો સમજાય એવું છે હોં. બહુ એવું કાંઈ (કઠણ નથી). સમજાય એવું છેને? લ્યો, હસમુખભાઈ ખુશી છે. એવું આવે છે. બહુ સાદું છે. માલ ભલે ઊંચો હોય, પણ ભાષા બહુ સાદી છે. આહાહા!

લક્ષને ત્યાં જોડ અંદર, કહે છે. તારા લક્ષ રાગ ને બહારમાં ગયા છે બધા, એ તો બહિરાત્મબુદ્ધિથી ગયા છે. અંતરાત્મબુદ્ધિથી તો અંદર લક્ષ જાય, એમ કહે છે. આહાહા! આવો માર્ગ હશે? આ વીતરાગ કેવળી જિનેશ્વરે કહ્યો હશે? શાંતિભાઈ! અત્યારે તો કહે કે આ ન ખાવું, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, આ કરવું, તે કરવું, આઠમ પાળવું, ચૌદશ-આઠમ પાળવું, છ પરબી પાળવી. એય! બીજ-પાંચમ-આઠમ-અગિયારસ–ચૌદસ-પૂનમ અને અમાસ. આ તો કહે, આખો આત્મા પાળવો. લેને! તારા ક્યાં પાળવા-ફાળવાનું રહ્યું? આહાહા! માર્ગ બહુ અલૌકિક છે ભાઈ! અન્ય માર્ગને જૈનમાર્ગ માનીને બેઠા છે. છે અન્ય માર્ગ, પણ આ જૈનમાર્ગ છે એમ માનીને બેઠા છે. આહાહા! **બીજાઓ નહીં** હોં, કહે છે. આહાહા! એ પામરોના ગજા નહીં ત્યાં, એમ કહે છે. ભગવાન અંતર્મુખતત્ત્વ છે, એમાં અંતર્મુખ વળેલા યતિઓ જ જીવનમુક્ત થાય છે. બહિર્મુખ વળેલા એ સાધુ નહીં અને એની દિગંબર દશા પણ નહીં. આહાહા! કહો, સ્વરૂપચંદજી! આવું સ્વરૂપ છે. ૨૩૭

**अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं**
**संभावयामि तदहं पुनरेकमेकम् ।**
**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थै:**
**मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य ॥२३७॥**

આ બધા આરસપહાણમાં કોતરાવાના છે હોં. હસમુખભાઈએ મહેનત કરી છેને. એમાં આ કોતરાવાના છે. હસમુખભાઈએ મહેનત ઘણી કરી છે. તમારું નહીં, હસમુખભાઈનું. તમે

તો ઉપરથી વાતું કરતા. ઉત્સાહમાં એ હતા. બરાબર થયું.. બરાબર થયું. આહાહા! આ સંચો આવવાનો છેને ત્યાંથી. ભાઈ લેવા ગયા હતા હસમુખભાઈ. આ પરમાગમમાં અક્ષરો કોતરાવાના છેને પોણા ચાર લાખ. ચડી ગયો સંચો? આહાહા!

**अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं**
**संभावयामि तदहं पुनरेकमेकम् ।**
**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः**
**मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य.**

અરે, ભગવાન આત્મા! પરમાત્મતત્ત્વ પ્રભુ પોતે છે. આહાહા! અરિહંત આદિ પરમાત્મા એ તો એના. આ આત્મા પોતે પરમાત્મા પોતાનો છે. આહાહા! **શ્લોકાર્થ** : **પરમાત્મતત્ત્વ દ્વંદ્વમાં રહેલું નથી...** કહે છે, વ્યવહાર વિકલ્પમાં એ છે નહીં—એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, કહે છે કે એ રાગમાં આત્મા નથી. એ રાગમાં આત્મા રહ્યો નથી એમ કહે છે. પંડિતજી! માણસને આકરું લાગે. વ્યવહારના અગ્રેસરો... આ વાત છે. માર્ગ તો એ છે બાપા! ઉદ્ધારના રસ્તા તો આ છે. જન્મ-મરણના દુઃખો... આહાહા!

એ કંચનબેનની રાડું સાંભળીને તો ભાગ્યા. બેનેય ઊભા હતા, હુંય બેઠો જરી. રાડ પાડે ઓ.. મા! પછી તો માફી માગી હોં. ..... કૃપા કરીને.... મારાથી રાડ્યું પડાઈ, માફ કરજો. ..... કો'ક કહેવા આવ્યું હતું. બેનને.... બેનો ઊભા હતા, હું બેઠો હતો. (શ્રોતાઃ ગુરુદેવની હાજરીમાં.....). વાત સાચી. રાડું પાડે ઓ.. મા! એવી પીડા આકરી હતી. ખીલા લોઢાના જાણે. કેન્સર. નેમિદાસભાઈની વહુ કંચન. આહાહા! બંગલા મોટા અઢી-અઢી લાખના. અત્યારનો એક દોઢ લાખનો. ત્રણ બંગલા છે. બંગલો એ કાંઈ મદદ નહીં કરતો હોય? આ રાડ્યું દુઃખમાં.... આહાહા!

પીડા તો, રાગમાં એકતા છે એની છે. શરીરની પીડા નથી. શરીર તો જડ છે. એની પીડા અહીં આત્માને શું હોય? આહાહા! જેણે આત્માને પોતામાં ન વાળતાં, જેણે વિકારમાં વાળ્યો, એ સંસાર ને પીડા ને આ શું ...? જેણે આત્માને સ્વભાવમાં વાળ્યો, એને આનંદ ને શાંતિની જીવન્મુક્તદશા. આહાહા! એણે જીવી જાણ્યું. સમજાય છે કાંઈ? આહાહા! **જે પરમાત્મતત્ત્વ દ્વંદ્વમાં રહેલું નથી...** પરમાત્મતત્ત્વ વ્યવહારમાં રહ્યું નથી એમ કહે છે. વ્યવહારથી તને આત્મા મળે, વ્યવહાર કરો, વ્યવહાર કરો એનાથી તમને આત્મા મળે, નિશ્ચય મળે. સ્વરૂપચંદજી! આહા! ભારે ટૂંકા શબ્દોમાં પણ ઘણું કહ્યું છે હોં. પ્રભુ છે, આત્મતત્ત્વ કોને કહીએ? પુણ્ય-પાપ રાગ એ તો આસ્રવતત્ત્વ છે. શરીર, વાણી, કર્મ અજીવતત્ત્વ છે. ભગવાન પરમાત્મતત્ત્વ છે. એ પરમાત્મતત્ત્વ પોતાના તત્ત્વમાં રહેલું છે. વ્યવહારના વિકલ્પમાં એ

પરમાત્મતત્ત્વ દ્વંદ્વમાં રહેલું નથી. આહા! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એના જોડકામાં એકલો ભગવાન રહ્યો નથી, એ તો અદ્વૈત છે. આહાહા! ભારે વાત!

રહ્યું નથી એટલી વાત કરી, એ તો નાસ્તિથી કરી. છે કેવું? એ તો **અનઘ** છે–અઘ વિનાનું **નિર્દોષ, મળ રહિ**ત છે. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. અબજો રૂપિયાનો હીરો ચળકતો–ચમકતો હોય રૂપી, આ અરૂપી ચમકતો હીરો છે અંદર. આહાહા! **નિર્દોષ, મળ રહિત** છે. આહાહા! વળી **पुनरेकमेकम्** એનો અર્થ કરે છે. **पुनरेकम्**... કેવળ એક છું. **કેવળ એકની હું... કેવળ એકની હું ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું.** આહાહા! વ્યવહારના વિકલ્પની ભાવના કરું છું, રાખું છું, એ હું નહીં. મનસુખભાઈ! **તે કેવળ એકની હું**... મારો પ્રભુ નિર્દોષ સ્વભાવનો ભંડાર એ એકની હું એકાગ્રતા કરું છું. એમાં જ હું ભાવનાને એકાગ્ર કરું છું. વ્યવહારની એકાગ્રતા હું કરતો નથી. આહાહા! ભારે માર્ગ! **કેવળ એકની હું ફરી ફરીને**... આહાહા! ઓલામાં લીધું હતું, રાગ-દ્વેષ પરભાવરૂપે પરિણત... ફરી ફરીને અનાદિનું આમ હતું. હવે 'ફરી ફરીને' અહીં છે. **ફરી ફરીને હું**... મારો નાથ પરમાત્મા પોતે એની હું એકાગ્રતા કરું છું. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૭, મંગળવાર, તા. ૨૬-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૩૭, ગાથા – ૧૪૧, પ્રવચન નં. ૧૫૯**

આ પરમ-ભક્તિ અધિકાર, છેલ્લો કળશ છે. વંચાણો છે, ફરીને. ૨૩૭ કળશ. નિયમસાર (એટલે) નિશ્ચયથી કર્તવ્ય–કરવાલાયક એવી પરિણતિ. શુદ્ધ પરિણતિ અથવા શુદ્ધ વીતરાગ પર્યાય એ નિશ્ચયથી કરવાલાયક છે. એ કહે છે, **શ્લોકાર્થ : જે પરમાત્મતત્ત્વ...** આ આત્મતત્ત્વ કહો કે પરમાત્મતત્ત્વ પોતાનું. પરમ-સ્વરૂપ એવું આત્મતત્ત્વ ત્રિકાળી **એ દ્વંદ્વમાં રહેલું નથી...** એ પુણ્ય-પાપના ભાવમાં કે ભેદમાં રહેલું નથી. પરમાત્મસ્વરૂપ પોતાનું નિત્ય ધ્રુવ અનાદિ-અનંત એવો જે આત્મા, એ પરમાત્મતત્ત્વ **(રાગ-દ્વેષાદિ) દ્વંદ્વમાં** નથી. અને **અનઘ છે (-નિર્દોષ, મળ રહિત)** છે. નિર્મળ, ચૈતન્યહીરો તદ્દન નિર્મળ છે. વસ્તુ–પોતાની ત્રિકાળી ચીજ નિર્મળ છે. **તે કેવળ એકની હું ફરીફરીને સંભાવના કરું છું.** મારું હિત તો આ છે. મારો કેવળ એક એવો જે આત્મા એની એકની જ ફરીફરીને (સંભાવના કરું છું અર્થાત્) એમાં એકાગ્ર થાઉં છું. આહાહા! ત્યાં સુધી તો આવ્યું હતું.

**મુક્તિની સ્પૃહાવાળા...** હું તો મુક્તિનો–પરમાનંદ(રૂપ) પૂર્ણ દશાનો અભિલાષી છું. મારે કોઈ બીજી ચીજ જોઈતી નથી. ધર્મીની વાત છે આ. **મુક્તિની સ્પૃહાવાળા...** મારો પરમાનંદ સ્વભાવ મુક્તપણાને પામે–પરમાનંદ દશા પ્રગટ થાય એવી સ્પૃહાવાળો હું છું, એમ ધર્મી કહે છે. આ તો મુનિ છે. સમજાણું કાંઈ? **ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ...** ભવમાં ક્યાંય સુખ છે નહીં. સ્વર્ગ ને નર્ક એના સુખ પ્રત્યે નિસ્પૃહ છું (એટલે) સ્પૃહા છે નહીં. જુઓ! આ ધર્મી. એનું પરમ આવશ્યક કર્તવ્ય. **મુક્તિની સ્પૃહાવાળા...** એવા ભવના સુખ પ્રત્યે મને નિસ્પૃહતા છે. સુખ છે ક્યાં? ભવમાં ક્યાંય સુખ છે નહીં. આ લોકમાં એવો હું આત્મા, દ્વંદ્વ રહિત નિર્મળ એવા એક આત્માની ભાવના નામ અંતરમાં–વસ્તુસ્વભાવમાં હું એકાગ્ર થાઉં છું, એ એનું પરમ-આવશ્યક કર્તવ્ય છે, ધર્મીનું આ કર્તવ્ય છે.

અરે! **આ લોકમાં પેલા અન્યપદાર્થ સમૂહોથી શું ફળ છે?** મારે મારા સિવાય અન્ય પદાર્થ.. શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી-કુટુંબ-પરિવાર, નાત-જાત ને સગા—એ બધા અન્ય પદાર્થ છે. એવા અન્ય પદાર્થોનો સમૂહ (એટલે મારા) એક સિવાય અન્ય પદાર્થ. **સાર્થે** છેને? **સાર્થે** એટલે અન્ય પદાર્થનો સમૂહ, એની સાથે શું સંબંધ છે? પરપદાર્થની સાથે મારે શું સંબંધ છે? એનાથી શું ફળ છે? આહાહા! કહો, સમજાણું કાંઈ? મારા પદાર્થની સાથે મારે સંબંધ છે એમ કહે છે. આનું નામ ધર્મ. હું એક પરમાત્મતત્ત્વ છું, એ જ હું છું. એમાં એકાગ્ર થવું એ મારું કર્તવ્ય છે, એ મારી ફરજ છે. એ સિવાય ભવના સુખથી નિસ્પૃહવાળા એવા મને અને મુક્તિની સ્પૃહાવાળા... બે થયુંને? મુક્તિની સ્પૃહા અને ભવસુખની નિસ્પૃહા. આહાહા!

અરે! **આ લોકમાં પેલા**... પેલા એટલે મારા સિવાય આ બધાય—શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ ને શાસ્ત્ર. અરે! મારા પદાર્થને બીજા પદાર્થની સાથે (સંબંધ) શું છે? કેમકે મારાથી જે પર છે એ પરમાં પરપણે.. પરપણે રહેલા છે. મારે એની સાથે શું સંબંધ છે? આહાહા! મારે તો મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એમાં એકાગ્ર થાવું, એ મારું કર્તવ્ય છે. ધર્મી આમ જાણે છે લ્યો. હસમુખભાઈ! આહાહા! સમજાણું આમાં? કહે છે, આમાં મારે ને પરને શું સંબંધ છે? આ મકાન ને સ્વાધ્યાયમંદિર ને મંદિરો, લ્યો. પેલા અન્ય પદાર્થ સાથે શું ફળ છે? એનો સંબંધ કરીશ ત્યાં તો વિકાર ને દુઃખરૂપ પરિણામ થશે. આહાહા! આમ (વ્યવહારે) આવશ્યક છે, પણ આમ અનાવશ્યકભાવ છે. દુઃખમય થશે, એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! ક્યાંય સુખ નથી. શરીરમાં નથી, સ્ત્રીમાં નથી, કુટુંબમાં નથી, પૈસામાં નથી. એ તો પર છે.

અહીં તો કહે છે કે દેવ, ગુરુ ને શાસ્ત્ર, સમ્મેદશિખર ને શેત્રુંજય, ત્રણ લોકના નાથનું સમવસરણ ને તીર્થંકર... આહાહા! એવા પેલા બાહ્યપદાર્થના સમૂહ એની સાથે મારે શું ફળ છે? કહો, ભીખાભાઈ! આવું છે આ. આહાહા! મારા સ્વભાવની સાથે સંબંધ, એનું ફળ મુક્તિ છે. પરપદાર્થની સાથે સંબંધમાં શું ફળ છે? દુઃખરૂપ છે. આહાહા! એના ઉપર લક્ષ જાય છે એ રાગ છે અને રાગ છે એ દુઃખ છે. જુઓને! અહીં તો એક ઘા ને બે કટકા. આમાં બે કટકા જ થાયને... આહાહા! જેને ધર્મ કરવો છે, જન્મ-મરણના દુઃખથી મુક્ત થવું છે એવા જીવની વાત છે. બાકી ચાર ગતિમાં રખડે રખડ્યારખડ.. હેરાન.. હેરાન.. દુઃખી છે. હું એક પદાર્થ છું કે નહીં? હું એક આત્મા છું અને છું તો મારો.. મારો સ્વભાવ.. સ્વભાવ છે કે નહીં? સ્વભાવ વિનાનો પદાર્થ હોય?

હું એક અવિનાશી આત્મા છું. તો મારો સ્વભાવ ત્રિકાળ આનંદ, જ્ઞાન, દર્શનનું પરમાત્મતત્ત્વ (છે. એ તો) કહ્યુંને સ્વભાવ? એવા સ્વભાવ સાથે મારે સંબંધ છે. એ પર્યાયનો સંબંધ ન્યાં છે એમ કહે છે. દ્રવ્ય અને ગુણ અવિનાશી ત્રિકાળ હું, એવા મારા તત્ત્વ સાથે મારે સંબંધ છે. એની સાથે હું એકાગ્ર થતાં મારું પરમ-આવશ્યક–જરૂરિયાત મારી પૂરી પડે તો ત્યાં પડે છે. આહાહા! કહો, હસમુખભાઈ! આ રળવાનું... રળવાનું, કહે છે, મારી જરૂરીયાત પૂરી પડતી નથી. અમથો દુઃખી હેરાન થાય છે એમ કહે છે. જરૂરીયાત આટલી છે. છેને? એ મનસુખ! આહાહા! એકેક કળશમાં... આહાહા!

મારે તો મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવ... હું છું ને! સત્તા છે ને! હોવાવાળો હું છું ને! હોવાવાળો હું, એવો હોવાવાળો મારો જ્ઞાન, આનંદ આદિ ત્રિકાળ સ્વભાવ છે. એમાં હું એકાગ્ર થાઉં એ મારી ભક્તિ છે. આહાહા! પરમભક્તિ એને કહીએ. અરે! પરપદાર્થના ઢગલા પડ્યા છે... **સાર્થૈ** કીધુંને? આહાહા! મારે એની સાથે શું સબંધ છે? પરથી નિસ્પૃહ, મુક્તિની

સ્પૃહાવાળો હું છું. **अन्यपदार्थसार्थै...** ‘પેલા’ ક્યાંથી કાઢ્યું? **तैश्च..** આહાહા! એક ને એક બે–બીજા. મારું સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વભાવ મારો છે. મારો આનંદ મારામાં છે. એ આનંદની સાથે એકાગ્ર થવું એ પરમભક્તિ છે. મારે પરપદાર્થની સાથે શું લેવા-દેવા છે? આમાં ફળ શું છે? તારે સુખની સ્પૃહા છે, મુક્તિની સ્પૃહા છે. તો પરપદાર્થની સાથે તને એ સ્પૃહા ક્યાં ફળે છે? આહાહા! એમ કહે છે. ચંદુભાઈ! આહાહા! ભારે ભાઈ આ વાત.

આ તો સમકિતીથી માંડીને બધાની વાત છે. ધર્મ, જે સુખી થવાને પંથે પડ્યો હોય... દુઃખના પંથે તો અનાદિથી છે જ એ. ચાહે તો શેઠાઈ હોય, દેવ હો, એ બધા દુઃખી બિચારા છે. પોપટભાઈ! આહાહા! પરપદાર્થની સાથે સંબંધ રાખીને જરૂરીયાત મારી પૂરી પડે છે (એમ માનનારો) દુઃખી છે. ભ્રમણા, અજ્ઞાનમાં દુઃખી છે. કેમ હશે આમાં? આ બધા પૈસા-બૈસા રળે, લાખ-બે લાખ રળતા હોય તો સુખી લાગે છેને? એય, મહેન્દ્રભાઈ! શું છે આ? આહાહા! અરે, પ્રભુ! અહીં તો કહે છે કે સાંભળ તો ખરો નાથ! તારા રક્ષણ કરવા માટે તને વખત ક્યાં છે? તું કોનું કરવા જાય છે અને કોનાથી તારું ફળ સિદ્ધ થશે? તારે ફળ તો મુક્તિની સ્પૃહા જ છે. સમજાણું કાંઈ? આહા! ભારે વાત કરી હોં.

**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः..** આહાહા! મારા ભગવાન સિવાય મારે બીજા પદાર્થ સાથે શું ફળ છે? શું એમાંથી તારે દરેડો કાઢવો છે? મુક્તિની દશા એમાંથી આવશે નહીં? એનાથી વિરુદ્ધ આવશે એનું કામ શું છે તારે? આહાહા! કહો, સમજાણું આમાં? છોકરા સાથે શું કામ છે? એમ કહે છે. ગુરુને કહે કે શિષ્ય સાથે તારે શું કામ છે? શિષ્યને કહે કે તારે ગુરુ સાથે શું કામ છે? એમ કહે છે. કારણ કે ભિન્ન-ભિન્ન પદાર્થ પોતાની દશારૂપે થઈ રહ્યા છે એમાં તારે શું કામ છે પરની સાથે? આહાહા! આ શરીર સાથે શું કામ છે? એમ કહે છે. શરીર સારું રહે કે ખરાબ રહે, એ કાંઈ તારી જરૂરીયાતવાળી ચીજ નથી. આહાહા! એ તો એને કારણે જેમ રહેવાનું હોય એમ રહે છે. આહાહા! બહુ આ એક-એક કળશમાં મુનિરાજે એકલું દોહન કર્યું છે હોં! એ પરમ-ભક્તિ અધિકાર અહીં પૂરો થયો.

આહીં તો ભક્તિ છે કે નહીં? કે પરદ્રવ્યની સાથે તારે શું સંબંધ છે ભક્તિ કરીને? એમ કહે છે. આહાહા! એય! આ ભાવ આવે શુભ, પણ એનું ફળ કાંઈ મુક્તિ નથી, એમ કહે છે. શાંતિભાઈ! આહાહા! અરે! એની જાતને જાણી નહીં. એનામાં શું શું પડ્યું છે? કેવું નિધાન છે આત્મા? ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ ખજાના ખોલ્યા, એ ખજાનામાં શું શું છે? તારો ખજાનો તારી પાસે છે. ખબર ન મળે. ઝાંવા નાખે અહીંથી ને અહીંથી. અરે! પેલા પદાર્થ... પેલા એટલે જાણે આઘા, એમ. ભાઈ! પેલા એટલે આઘા. પેલા આની સાથે તારે શું કામ છે? આહાહા! એમાંથી તને શું ફળ છે? ભગવાન! તને ફળ શું છે? તારે તો મુક્તિની સ્પૃહા છે. અહીં ક્યાં...?

આહાહા! ગજબ વાત સંતોની કથની સંકેલીને વાત એટલી મૂકે! આહાહા! વનવાસી–જંગલવાસી છેને! વનમાં સિંહની પેઠે ત્રાડું મારીને અંદરમાં પડે છે. આહાહા! વીર્યને સ્ફુરણાથી એકદમ અંદરમાં ઉતારે છે. અરેરે! તારે શું કામ છે? ભાઈ! એ ઓલા રહ્યા બધા પદાર્થો. તારા સિવાય કર્મ, શરીર, વાણી હોય, એને ઘરે–જગત જગતમાં છે. જગત સાથે તારે શું કામ છે? એમ સમકિતી પોતામાં એકાગ્ર થતાં આવી ભાવના કરે છે. કહો, કાંતિભાઈ! આ તો બેસે એવું છે. આમાં કોઈ એવી સંસ્કૃત કે વ્યાકરણ ને (નથી). આહાહા! એ ભગવાન પોતે જ એવો છે, સરળ છે, સીધો છે. આહાહા! એ ભક્તિ અધિકાર પૂરો થયો, પરમ-ભક્તિ. ઓલી વ્યવહાર ભક્તિ દેવ-ગુરુ-શાસ્ત્રની.

છેલ્લે તો એ કહ્યું કે ભાઈ! ઓલા પરપદાર્થ સાથે... તારું ફળ એમાં તો છે નહીં. તારે સુખ જોઈએ છે કે નહીં? પૂર્ણ સુખની સ્પૃહાવાળો છેને? ધર્મી એ જ હોય કે જેને પૂર્ણ આનંદની અભિલાષા હોય છે. એ પૂર્ણાનંદની અભિલાષાવાળો એને પરપદાર્થની સાથે પૂર્ણાનંદ કેમ ફળે? આહાહા! આવી વાત ચોખ્ખી. ચંદુભાઈ! આહાહા! પરમ સત્ય જ આ છે. એમાં એકડાથી માંડીને ગમે તે ગણે, અંદર સમજનારો હોય એ આ રીતે જ સમજી શકે. બીજી કોઈ ચીજ જ નથી ત્યાં. કાલ તો કહ્યું નહોતું? 'હું' સિવાય બીજી ચીજ જ નથીને ત્યાં આહાહા! મારા સિવાય... બીજી ચીજો મારી અપેક્ષાએ તો છે જ નહીં. આહાહા! અરે! મારી અપેક્ષાએ તો મારી જે પર્યાય કહેવાય એ પણ ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? માળો નિર્ણય કરે પર્યાય... (શ્રોતા : નિષેધ કરે છે પોતાનો). નિષેધ કરે છે. આહા! ગજબ વાત છે પદાર્થના કથનની જિનેશ્વરની શૈલી! અમૃતને ઉતાર્યા છે હેઠે. આહાહા!

ભાઈ! હું તો આત્મા છું હોં. આત્મા હું છું ને તે ત્રિકાળી રહેનાર છું. એવા ભગવાનની સાથે મારે સંબંધ છે. સંબંધ કરે છે પર્યાય. આહાહા! મારે એની સાથે સંબંધ છે. એ સંબંધ થાય છે (એટલે) પર્યાય આમ વળેલી તે આમ વળે છે. એનું બીજું કથન કરવું શું? એમ કહે છે. આહાહા! મારે તો મારા તત્ત્વ સાથે સંબંધ છે જે હું અવિનાશી ત્રિકાળ છું. આહાહા! જુઓ! આનું નામ ધર્મબુદ્ધિ, એનું નામ સુખને પંથે પડેલા સુખી જીવ. પંખીઓ ઊડીને જેમ આકાશે જાય, એમ આવા સુખી જીવ સુખની એકાગ્રતાની ભાવનાવાળા ઊડતાં-ઊડતાં મુક્તિમાં જાય. સમજાણું કાંઈ?

આ બધા દુઃખને રસ્તે છે. આહાહા! અરે! ઓલા પદાર્થ... ઓલા ગણ્યા (એટલે) ક્યાંય આઘા.. આઘા. અહીં તો કહે છે કે આગમ ને મૂર્તિ બેય આધાર, ભવિજનને આધાર. આહાહા! શ્વેતામ્બરમાં બહુ બોલે એ. ...... ભવિજનને આધાર, આગમ ને મૂર્તિ. અહીં કહે છે કે આત્માને આધાર આત્મા. પરદ્રવ્યની સાથે મારે શું ફળ છે? મારે ફળ તો આનંદ જોઈએ છે. એ ફળ ન્યાં તો છે જ નહીં એને આધારે–એને આશ્રયે. આહાહા! સંતોની વાતું મોક્ષની વાતું બધી.

નિયમસાર છેને! મોક્ષમાર્ગ કહો. પછી એના પેટા ભેદના નામ જુદા જુદા છે. પરમ-ભક્તિ એ અધિકાર પૂરો થયો. દસમો પૂરો થયો. અગિયારમો (નિશ્ચય પરમાવશ્યક અધિકાર).

**નિશ્ચય પરમાવશ્યક અધિકાર** (એટલે) ખરેખર આત્માને પરમ જરૂરિયાતવાળું કાર્ય, એનો આ અધિકાર. નિશ્ચય-પરમ જરૂરિયાતનું કરવું, એનો આ અધિકાર છે. આહા! ૧૪૧.

**जो ण हवदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं ।**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो ॥ १४१ ॥**

ગજબ વાત છે. આહાહા!

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

**ટીકા : હવે વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...** છેને પહેલું? આહાહા! આ વ્યવહાર સામાયિક, ચોવીસ તીર્થંકરની સ્તુતિ, ગુરુવંદન, સામાયિક, પડિકમણું, પ્રત્યાખ્યાન—એ બધા છ આવશ્યક એ પુણ્યના પરિણામ છે. સમજાણું કાંઈ? સામાયિક, ચોવીસંથો, વંદના, પડિકમણું, કાયોત્સર્ગ ને પચ્ચખાણ—જે છ આવશ્યક કહે છે, એ બધો રાગભાવ છે. આહાહા! વ્યવહાર છ આવશ્યક એનાથી પ્રતિપક્ષ-વિરુદ્ધ **શુદ્ધનિશ્ચય આવશ્યકનો અધિકાર કહેવામાં આવે છે.** વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે એમ કહે છે. કહો! (શ્રોતા : કેટલા ટકા?) સો ટકા. એકલો વ્યવહાર વિકલ્પ સામાયિક, પડિકમણું, ભગવાનની સ્તુતિ, દેવ-ગુરુ વંદન, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ, આ કરવું એવો જે વિકલ્પ છે એ તો રાગ છે. એ તો પુણ્યરાગ છે, એ બંધનનું કારણ છે. સફળ છે બંધન માટે. આહાહા!

અહીં તો પહેલું મથાણું બાંધે (છે જે) લોકોને ગળે ઉતરવું (કઠણ). પંડિતોને પણ કઠણ પડે છે આ અધિકાર. વ્યવહાર આવશ્યકની ક્રિયા એનાથી વિરુદ્ધ તે નિશ્ચયધર્મ છે. વ્યવહારના આચરણની ક્રિયાથી નિશ્ચય-સત્ય આચરણ તદ્દન વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આત્માના આશ્રયે, ભગવાન આત્મા વસ્તુ અસ્તિ-સત્તા એને અવલંબે જે સામાયિક આદિ આવશ્યક થાય, નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન પરિણતિ થાય એ સાચું-નિશ્ચય આવશ્યક છે. એનાથી વિરુદ્ધ વ્યવહારના છ આવશ્યક, એનાથી વિરુદ્ધ આ નિશ્ચય (આવશ્યક). વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે, એમ કહે છે અહીં તો. એને ઠેકાણે કહે કે વ્યવહાર કરતાં નિશ્ચય થાય. આહાહા!

એવા લખાણ આવે ખરાને ઘણે ઠેકાણે કે વ્યવહાર સાધન છે, કારણ છે. એ તો જ્ઞાન કરાવ્યું ભાઈ! સાધન જેને કહે છે એ જ બાધક છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ પ્રભુ આત્મા પોતે, જેમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવો પરમેશ્વરની સંપદાવાળો પ્રભુ છે. એની સન્મુખની અંતરની એક ક્રિયા એ નિશ્ચય આવશ્યક છે,

એ ધર્મની સાચી ક્રિયા છે. એનાથી વિરુદ્ધ છ આવશ્યક દેવ-ગુરુ-શાસ્ત્રને સ્મરણ કરવા, વ્યવહાર સામાયિક કરવો વિગેરે વ્યવહાર આવશ્યક એ પુણ્યબંધનું કારણ છે. આહાહા!

વેપાર ને ધંધાના ભાવ, નોકરીના ભાવ કર્યા હોય... સુમનભાઈનું આવ્યું. એ તો પાપનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? પણ અહીં તો છ આવશ્યક વ્યવહારે જે કહ્યા, એ પણ પુણ્યબંધનનું જ કારણ છે. આત્માના અબંધસ્વભાવનું બિલકુલ કારણ નથી. આહાહા! દિશા બદલાવવી એ મોટી વાત છે. આમ જે છે અનાદિની પરપદાર્થ ઉપરના અવલંબનવાળી વૃત્તિઓ એ બંધનનું કારણ છે, દુઃખરૂપ છે. છ વ્યવહાર આવશ્યક દુઃખરૂપ છે એમ કહે છે. આહાહા! એ **છ વ્યવહાર આવશ્યકોથી**... આવશ્યક તો કહ્યું આરોપથી, વ્યવહારથી. નિશ્ચય આવશ્યક, સ્વના આશ્રયમાં જવું એ એનું નિશ્ચય આવશ્યક કર્મ નામ કાર્ય છે. એનાથી વિરુદ્ધ આ વ્યવહાર બંધના કારણ છે. આહાહા! ગજબ જિનદેવ વીતરાગ પરમાત્મા તીર્થંકરની ઉપશમ રસની ઝરતી વાણી! આહાહા! ભાઈ! તારો આત્મસ્વભાવ તો અકષાયરસના આનંદથી ભરેલો છે. ભાઈ! તું સુખથી ખાલી નથી. આહાહા! કેમ બેસે? બહારમાં ગોથા મારે, અહીંથી મળશે, અહીંથી મળશે.

અહીં તો, છ આવશ્યકમાં બાહ્યદૃષ્ટિ છે કહે છે. બહિર્મુખ પરિણામ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ બહિર્મુખ પરિણામોથી અંતર્મુખ પરિણામો ભિન્ન જાતના છે. આહાહા! એના લક્ષના દોરમાં તો એ વાત લે, લક્ષને તો દોરે ત્યાં. આહાહા! એનો દોર ગયો છે બીજે. સમજાણું કાંઈ? **હવે, વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...** બિલકુલ વિરુધ, શત્રુ એ તો છે, કહે છે. વ્યવહારનો શત્રુ નિશ્ચય. એમ આવ્યું કે નહીં આમાં? ત્યારે ઓલો અશુદ્ધ છે. વ્યવહાર છ આવશ્યક તે અશુદ્ધ વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે. ત્યારે એનાથી વિરુદ્ધ **શુદ્ધનિશ્ચયનો**... ભગવાન આત્મા પોતાના સુખસાગરથી ભરેલો પ્રભુ એના અંતર સન્મુખમાં એકાગ્રતાની ક્રિયા એ નિશ્ચય-આવશ્યક ક્રિયા છે. એ **અધિકાર કહેવામાં આવે છે**. આવું કરવું હોય ત્યારે પછી આ લાદીનું કે દિ' કરવું? કોણ કરે? એ તો પુદ્ગલનું જે સમયે જ્યાં થવાનું પુદ્ગલથી કાર્ય ત્યાં થાય, આત્માને શું સંબંધ છે? આહાહા!

હવે એનો અન્વયાર્થ લઈએ. **અન્વયાર્થ : જે અન્યવશ નથી (-જે જીવ અન્યને વશ નથી)**... ભગવાન આત્મા રાગને વશ નથી, પુણ્યને વશ નથી. આહાહા! **તેને આવશ્યક કર્મ કહે છે**. તેને આવશ્યક–જરૂરિયાતવાળું કાર્ય કહે છે. આહાહા! (**તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે**). તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ એમ ફરમાવે છે કે જેમાં શુભ ને અશુભ રાગનું પરવશપણું નથી અને આત્મા આનંદમૂર્તિને સ્વ-વશ જે પરિણામ છે તે પરિણામને ધર્મીનું જરૂરિયાતવાળું કાર્ય છે એમ વીતરાગ ફરમાવે છે. આહાહા! સમજાણું કાંઈ? **કર્મનો વિનાશ કરનારો યોગ** છે એ તો, કહે છે. આહાહા! નિશ્ચય-આવશ્યક ભગવાન આત્મા મહાસત્તા

ચૈતન્ય મહાપ્રભુ એની અંતરની એકાગ્રતા એ કર્મનો વિનાશ કરનારો યોગ છે. એ કર્મ જે કાર્ય તેને યોગ કહ્યો. આહાહા! એણે જોડાણ કર્યું પોતાના સ્વરૂપ સાથે એ યોગ. વાત પહેલી તો પકડાવી કઠણ. શું કહે છે પણ આ? આવો ધર્મ કઈ જાતનો આ? આ જૈનધર્મ હશે આવો? શાંતિભાઈ! આપણે તો ભઈ આ કંદમૂળ ન ખાવા, ભક્તિ-પૂજા કરવી, હંમેશા સામાયિક, પોષો, ચોવિહાર કરવો, આ કરવું, આ કરવું—એવું તો બધું આમાં કાંઈ આવ્યું નહીં. કહે છે, પણ પરપદાર્થ સાથે તારે શું કામ છે? એ તો આવ્યું. આહાહા!

ઓલા રહ્યા જગત પેલા તે, એમ. આઘા બતાવવું હોયને આઘા. એ તો કહે, અરે! મોક્ષપંથની સાથે શું કામ છે? સમવસરણમાં બિરાજતા તીર્થંકર સાથે પણ તારે શું કામ છે? કારણ કે એમાંથી ફળ શું તને? તારે ફળ તો જોઈએ છે આનંદ. એના ફળમાં—આશ્રયમાં આનંદ તો આવે નહીં. આહાહા! ભારે ઝીણું. ઓલા બધાને લાગે, આવો જૈનધર્મ હશે? આપણા શાસ્ત્રમાં આવું નથી. કોઈ શાસ્ત્રમાં હશે. એટલે હવે ... એમ કરવા માંડ્યા. આ વાત બહાર આવવા માંડી. સાચી વાત આ છે. ત્યારે ઓલા સામા વાડાવાળાના—સંપ્રદાયના શાસ્ત્રમાં એ છે નહી. એ આપણા શાસ્ત્રની વાત નથી. પણ એ સાચી વાત બે ને બે ચાર જેવી છે. એ નથી તો તારા શાસ્ત્ર નથી સાચા. આપણા શાસ્ત્રમાં બીજી વાત છે. આહાહા!

એ કર્મના વિનાશનો યોગ છે. આહાહા! પરમાનંદ પ્રભુ એની અંતરમાં.. અંતરમાં ઊંડે ઊંડે જે તત્ત્વ છે તેમાં જાવું અને તેની એકાગ્રતાની વીતરાગી ક્રિયા, તેને અહીં આવશ્યકરૂપી કાર્ય ને એને યોગ કહે છે. આ યોગીનો યોગ. ધર્મી યોગી છે. ઓલા બાવા-બાવાને કહે એવું નહીં હોં. આહાહા! **તે નિર્વાણનો માર્ગ છે એમ** ભગવાને **કહ્યું છે**, લ્યો. આહાહા!

**ટીકા : અહીં આ ગાથામાં, નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે...** આહાહા! નિરંતર—સદા (અર્થાત્) એક સમયનો પણ આંતરો પડ્યા વિના, ત્રિકાળી ભગવાન ઉપર જ્યાં અંતર દૃષ્ટિ છે, ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે—વસ્તુ ઉપર છે, નિરંતર છે. આહાહા! અહીં કહે છે કે વળી કોઈ વખતે બે ટંક સામાયિક કરવી સવાર ને સાંજ. એ તો વ્યવહાર વિકલ્પની વાત છે. આ તો નિરંતર સામાયિક જેને છે... આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ એની સન્મુખમાં જે દૃષ્ટિ છે એ સદા—નિરંતર જ છે. આહાહા! **નિરંતર સ્વવશને**... નિરંતર ભગવાન આત્માને વશ થયેલો (અને) પુણ્ય ને પાપના રાગથી રહિત થયેલો. આહાહા! સમકિતી—જઘન્ય દરજ્જાનો ધર્મી એ પણ દૃષ્ટિની અપેક્ષાએ પુણ્ય ને પાપને વશ તો નથી. સમજાણું કાંઈ? એ સ્વવશ છે, ભગવાન આનંદસ્વરૂપને વશ છે એ તો.

**નિશ્ચય-પરમ-આવશ્યક કર્મ છે**... એને નિરંતર સ્વને આશ્રિત પરિણતિ વહ્યા કરે છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યક્ આત્માનું ભાન, પૂર્ણસ્વરૂપ આત્મા એનું જ્ઞાન ને ભાન એમાં જે પ્રતીત એ તો નિરંતર છે, કહે છે. એ અપેક્ષાએ તો નિરંતર સમકિતી પણ સ્વવશ જ છે.

આહા! પણ અહીંયા જરી અસ્થિરતાના શુભભાવો થતા એને પણ છોડીને સ્વને વશ થાય શુદ્ધોપયોગ, એમ કહેવું છે. સમજાણું કાંઈ? નિરંતર નામ સદા, સ્વવશને... પોતે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય આનંદ છે એવું જેને અંતર ભાન થઈને એને તાબે રહ્યો છે, એને–સ્વવશને નિરંતર–કાયમી જરૂરિયાતવાળું ધર્મનું કાર્ય સદાય થયા કરે છે. આહાહા! અરે! એ વાતું મળવી મુશ્કેલ છે. આ માર્ગ છે. લોકોને એવું લાગે કે આ બધો વ્યવહાર ઉથાપાઈ જાય છે. તારે તો વ્યવહાર છે જ ક્યાં સમ્યક્ વિના? આ તો સમ્યક્-ભાન થયા પછી પણ જે રાગ હોય એને પણ દૃષ્ટિની અપેક્ષાએ જ્ઞાની વશ છે જ નહીં. અહીં તો, અસ્થિરતાની અપેક્ષાએ પણ એને વશ નથી (એમ કહેવું છે). મુનિની વાત લેવી છેને! આહાહા!

જેને આત્માના આનંદના ઘોલન... ઘોલન શબ્દે વિકલ્પ, ચિંતવન એમ નહીં. આખો આત્મા આનંદમય છે એમ ઘોળાયા કરે અંદર. એવી સ્થિરતાવાળાને નિરંતર સાચા આવશ્યક છે. એને, ખાતા વખતે (ખાતો) એમ દેખાય, એ વખતે આવશ્યક છે એમ કહે છે. સૂતા વખતે એને આવશ્યક છે એમ કહે છે. આહાહા! બોલતા વખતે આવશ્યક છે એમ કહે છે. બોલવા વખતે એટલે બોલવાના કાળે એમ કહ્યુંને? બોલે છે જ ક્યાં આત્મા? આહાહા! એ તો વાણી છે આ તો. માર્ગ–પંથડા ન્યારા છે ભગવાનના. દુનિયાને બહારનું મળ્યું છેને, એને હજી આવું સાંભળતા..... એ ઉપલા દરજ્જાની વાત છે, એમ.એ.ની વાત છે. એમ કરી કાઢી નાખે. બાપા! પહેલા નંબરની જ આ વાત છે, એકડાની આ વાત છે હજી આ. આહાહા! **એમ** અહીંયા **કહ્યું છે** આ ગાથામાં. નિરંતર આત્માને... આત્મા કોને કહીએ? પુણ્ય-પાપ એ આત્મા છે? આત્માને જે વશ છે... આત્મા તો આનંદની, જ્ઞાનની મૂર્તિ તે આત્મા છે, એને વશ છે, એને સાચા આવશ્યક સાધન છે, એને સાચું આવશ્યક કાર્ય છે એમ કહે છે.

**વિધિ અનુસાર...** લ્યો, આ આવી વિધિ. તમારે આવેને વિધિ ને અવિધિ? બહુ આવે શ્વેતામ્બરમાં. વિધિથી કરવું કામ. જે તું વિધિથી કહે છે એ જ અવિધિ છે. અવિધિ..... આવે છેને? આ પણ નાખ્યું છે ક્યાંક હરિભાઈએ. હરિલાલ ભાયાણી. એ ટૂંકામાં ક્યાંક છે ખરું. માર્ગ .... વિધિ-અવિધિ. હરિલાલ ભાયાણી. હશે ક્યાંક. ..... કુંદકુંદાચાર્યનું..... વિધિથી અવિધિ થયું હોય તો આમ, ફલાણું આમ.... અહીં તો કહે છે... હા, વિધિ આવી, તેથી આ જરી.... આ વિધિ બીજી. ઓલી બરાબર ચાંદલા કરીને.... આહાહા! બહુ માર્ગ આકરો પડે. ઊંચે જઈને બેઠા હોયને, એને એમ કહે કે તમે હજી તો નીચે છો. સાતમી ચોપડીની પરીક્ષા આપી હોય ..... કરીને... શેઠીયાના દીકરા હોય, રમતું ગાળી હોય, નાપાસ થાય...... પાસ કરીને ચડાવે. સાચું આવે કોઈ ડીપોથી પરીક્ષા લેવા. આ ચોથી ચોપડીનો ઉત્તર તને આવડતો નથી, બેસાડ્યો કોણે તને સાતમીમાં? આહાહા! ઊંચે ચડીને બેઠા ને અમે સાધુ, અમે આચાર્ય, અમે ઉપાધ્યાય ને

અમે આ. હવે તને હજી સમ્યગ્દર્શન કોને કહેવું એ ખબર નથી ને આ ઊંચે ક્યાંથી ચડી ગયો? કોણે ચડાવા કર્યા?

**વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...** દેખો! શું કહેવા માગે છે? એ પરમ જિનમાર્ગ જે છે વીતરાગમાર્ગ, એનું જે આચરણ એ એની વિધિ. નિશ્ચય એની વિધિ એમ કહે છે. આહાહા! વ્યવહાર આવશ્યકનો વિકલ્પ એ વિધિ નહીં. આહાહા! એને વિધિનો આરોપ દેવાય વ્યવહારે, પણ અણારોપ વિધિ હોય તો. સમજાણું કાંઈ? આહાહા! વિધિ અનુસાર ભગવાને જે કહ્યું, ત્રિલોકનાથ પરમેશ્વર પરમજિન પ્રભુ એનો જે માર્ગ એમાં વીતરાગી પરિણતિ–સ્વને આશ્રયે થતી વિધિ, એને અનુસાર માર્ગના આચરણમાં, નિશ્ચય સ્વભાવના આચરણમાં કુશળ એવો જે જીવ... આહાહા! ભારે વાત ભાઈ!

**પરમજિનમાર્ગના આચરણમાં**... આ આચરણ હોં. વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એમાં અંતર એકાગ્રતા, એનું જે વિધિ અનુસાર આચરણ, એની ગુણસ્થાનની ભૂમિકા પ્રમાણે એની વિધિ–એની રીત એ પ્રમાણે સ્વભાવ તરફનું સ્વસન્મુખનું આચરણ એમાં કુશળ... આહાહા! ભારે વાત. સ્વમાં કેમ જવું એમાં એ કુશળ છે.

**વિધિ અનુસાર**... આહાહા! નિયમસાર તો નિયમસાર છેને! આહાહા! **પરમજિનમાર્ગ**... લ્યો, આ પરમજિનમાર્ગ. વીતરાગ પરમેશ્વરનો કહેલો પરમજિનમાર્ગ એટલે આત્માને આશ્રયે થતી છ આવશ્યકથી વિરુદ્ધની ક્રિયા... વ્યવહાર છ આવશ્યકના વિકલ્પથી વિરુદ્ધની ક્રિયા છે એ વિધિ. આહાહા! સમજાણું કાંઈ? એ અનુસારે... વિધિના લેખ લખ્યા ટળે નહીં, કહે છેને? એ આ વિધિનો કરનારો ભગવાન પોતે જ પરમાત્મસ્વરૂપ, એની સન્મુખની વિધિની ક્રિયા, એવો ભગવાન એને અનુસરીને થતી વિધિ... આહાહા! સમજાણું કાંઈ? પરમમાર્ગના **આચરણમાં કુશળ એવો જે જીવ..** આહાહા! **સદાય અંતર્મુખપણાને લીધે...** ધર્મીની દૃષ્ટિ તો નિરંતર અંતર્મુખ છે. આહાહા! બહિર્મુખ બોલતો, હાલતો, ખાતો-પીતો દેખાય, છતાં એ દૃષ્ટિ તો અંતર્મુખ જ છે. આહાહા! **સદાય અંતર્મુખપણાને લીધે**... સાચો ધર્માત્મા... 'સદા' પહેલું આવ્યું હતુંને? સદા–નિરંતર. અહીં સદા કહ્યું. મથાળું બાંધ્યું છે. '**નિરંતર સ્વવશને આવશ્યક**' એમ કહ્યું છે.

**સદાય અંતર્મુખપણાને લીધે**... આખો ભગવાન પૂર્ણ પ્રભુ એની—અંતઃતત્ત્વની—અંતર્મુખ દૃષ્ટિ. આહાહા! આ કઈ રીતે હશે? ભાઈ! આવું આપણે જૈનધર્મમાં તો સાંભળ્યું નહોતું. એય જાદવજીભાઈ! આ તો છોકરા સામાયિક કરી નાખે ત્રણ-ત્રણ, આઠ-આઠ, દસ-દસ. અમારે વળી ત્રીસ-ત્રીસ થાતી હતી ત્યાં, માસખમણ સામાયિકનું. આહાહા! રાજી-રાજી થઈ જાય. સામાયિક કરી ઓહોહો! હવે આપો કાંઈક બક્ષીસ. આ ફળ ક્યાં હતું ન્યાં? આહાહા! ભગવાન પોતાના સ્વભાવના દોરે ચડ્યો એવી જે અંતર્મુખ થવાની ક્રિયા એને લઈને

એ **અન્યવશ નથી...** એને લીધે તે પરને વશ નથી. આહાહા! ધર્મી તો પુણ્યના વિકલ્પને વશ નથી. આહાહા! વ્યવહારના છ આવશ્યકોનો ભાવ રાગ–વિકલ્પ છે, એને વશ નથી. માર્ગ તે પણ તે માર્ગ છેને! આહાહા! તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરો જે પંથે ગયા, એ પંથ આ છે. સમજાણું કાંઈ?

**અન્યવશ નથી**... જે જીવ અંતર્મુખ છે, જેના પરિણામ અંતર્મુખ છે (અર્થાત્) પરિણામી ત્રિકાળી ભગવાનની સન્મુખ છે... આરે, આરે! ત્રિકાળી શું ને અંતર્મુખ શું આ બધું? અજાણ્યાને ગ્રીક-લેટીન જેવું લાગે. આહા! બાપા! ભાઈ! તારા સુખના, ધર્મના પંથડા નિરાળા છે. **એ અન્યવશ નથી**... એટલેથી ન રાખ્યું હવે. **પરંતુ સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે...** આહાહા! આ અનેકાંત છે. વ્યવહારે પણ કરે, નિશ્ચયે પણ કરે એમ અનેકાંત—એમ નથી આ. આહાહા! વ્યવહારે કરે ત્યાં ખલાસ થઈ ગયું, દૃષ્ટિ વિપરીત થઈ ગઈ. પણ ધર્માત્મા અંતર સ્વભાવને સન્મુખ થયેલો, એને પરવશપણું નથી, પણ સાક્ષાત્ સ્વવશપણું છે. ભગવાન આત્માને આધીન એના પરિણામ વર્તે છે. આહાહા! એને આવશ્યક કર્મ કહેવામાં આવે છે. એને યોગ ને મોક્ષનો માર્ગ એને કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com